
પ્રશ્નવ્યાકરણ

(पण्हावागरणं)



: લેખક :

શાસનદીપક મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી

મહારાજ સાહેબના શિષ્ય

ન્યાય વ્યાકરણ કાવ્યતીર્થ પંન્યાસ

શ્રી પૂર્ણાનંદવિજયજી

(કુમારશ્રમણ)

।। ॐ ह्रीं अर्हं नमः ।।

शास्त्रविशारद, जैनाचार्य, श्री विजयधर्मसूरीश्वराय नमः

प्रश्नव्याकरण

([illegible]सरणं)



-: लेखक :-

शासनदीपक, मुनिराज श्री विद्याविजयजी म.ना शिष्य

न्या. व्या. का. तीर्थ

पंन्यास श्री पूर्णानंदविजयजी (कुमारश्रमण)

પ્રકાશક :–
સંઘવી જગજીવનદાસ કસ્તૂરચંદ શાહ
C/o. શ્રી વિદ્યાવિજયજી ગ્રન્થમાળા
સાઠંબા ૩૮૩ ૩૪૦ (સાબરકાંઠા)

વીર સંવત ૨૫૧૧ વિક્રમ સંવત ૨૦૪૧
ધર્મ સંવત ૬૩ ઇસ્વીસન ૧૯૮૪

દ્રવ્યસહાયક :–
દેવકરણભાઈ મૂલજી ટ્રસ્ટના જ્ઞાનખાતામાંથી
(નકલ ૧૦૦૦)
વરલી સંઘના જૂદા જૂદા ભાગ્યશાળી તરફથી
(નકલ ૧૦૦૦)

મુદ્રક :–
શાહ ગિરધરલાલ કુલચંદ
સાધના મુદ્રણાલય
દાણાપીઠ પાછળ, ભાવનગર.

પ્રત્યક્ષ ચમત્કારી શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાન
(મલાડ – વેસ્ટ)



શેઠ દેવકરણ મૂળજીભાઈ જૈન દેરાસરની પેઢી
(મલાડ – વેસ્ટ)
ના જ્ઞાનખાતામાંથી પ્રકાશિત....

જગત્ પૂજ્ય, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય (સ્વ.) શ્રી



શ્રીમદ્વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબ

(A.M.A.S.B.H.M.A.S.I.H.M.G.O.S.)

જન્મ :	દીક્ષા :	સ્વર્ગગમન :
સં ૧૯૨૪	સં. ૧૯૪૩	સં. ૧૯૭૮
મહુવા(સૌરાષ્ટ્ર)	ભાવનગર	શિવપુરી (મ.પ્ર.)

"जैनीवाणी स्तुति"

जीयात् जीयात् सदा जीयात् जैनीवाणी जगत्त्रये ।
संसारतापदग्धानां जीवानां सौख्यदायिनी ।। १ ।।

महाधीरा च गम्भीरा त्रिलोकीद्रव्यसाधिका ।
वाणी तीर्थकृतां मान्या देवदानवमानवैः ।। २ ।।

अर्हद्वक्त्रप्रसूता या कर्मौघदाहने क्षमा ।
मोहक्रोधशमेमुख्या मोक्षमार्गविधायिका ।। ३ ।।

मन्मतिज्ञानलाभार्थं भाषानुवादगुम्फितम् ।
प्रश्नव्याकरणं पूज्यं पूर्णानन्दं ददातु मे ।। ४ ।।

जैनीवाणी प्रथयतु सुखं माहशेभ्यो जनेभ्यः,
'पूर्णानन्दा' जिनवरमुखे शोभमाना सदैव ।
पापासक्तैर्विनयरहितैः क्रोधमायासुबद्धैः
सेव्या पूज्या नहि भवति या दुर्जनैः सा सतीव ।। ५ ।।

—पंन्यास श्री पूर्णानन्दविजय
(कुमार श्रमण)



પૂ. ગુરૂવર્ય ૧૦૦૮ શ્રી વિદ્યાવિજયજી મ. સાહેબને

સમર્પણ

સંસારની ચોરાશી લાખ શેરીઓમાં રખડનારો
મોહરાજાના સૈનિકોની ઝપટમાં ઝપટાયેલો
માટે જ સર્વથા અનાથ બનેલો એવો હું
શિક્ષિત થવા માટે આપશ્રીના ચરણોમાં દીક્ષિત થયો
અને શિલ્પીના હાથે પડેલો પત્થર
ટાંકણા અને હથોડાનો માર ખાઇને
પૂજ્યતમ આકારને બનવા પામે છે તેમ
હું પણ કંઇક બનવા પામ્યો છું તેથી
આપશ્રીના અનંત ઉપકારોનો લાભ મેળવીને
કૃતકૃત્ય થયેલો એવો હું
આશ્રવ સંવર તત્ત્વના બન્નના સ્વરૂપ
'પ્રશ્નવ્યાકરણ' નામના આગમીય ગ્રન્થને
આપશ્રીના કરકમળોમાં સમર્પણ કરીને
ધન્ય બનવા પામું છું.

સં. ૨૦૪૧
માગસર સુદિ ૧૦
(દીક્ષાનો દિવસ)



લિ. ભવદીય,
-પં. શ્રી પૂર્ણાનંદવિજય
(કુમાર શ્રમણ)



લેખકના
ગુરૂવર્ય
શાસનદીપક
સ્વર્ગસ્થ
મુનિરાજ
શ્રી ૧૦૦૮

શ્રીમદ્ વિદ્યાવિજયજી મહારાજ સાહેબ

સ્વર્ગગમન : સંવત ૨૦૨૧ માગશર વદિ ૧૨, (શિવપુરી–મ. પ્રદેશ)

.... પ્રકાશકીય નિવેદન ....

કેવળ નામ નિક્ષેપે જ સ્થાપિત અમારી સંસ્થા 'આટલી લાંબી હરણ ફાળ' ભરશે તેની કલ્પના અમને કોઇને પણ ન હતી. તેમજ પૂ. પં. **શ્રી પૂર્ણાનંદવિજયજી** મ. સા.ને સ્વપ્નમાં પણ ખ્યાલ ન હતો કે, નાની નાની પુસ્તિકાઓ ઉપરાંત દ્વાદશાંગીમાં સર્વશ્રેષ્ઠ **ભગવતી સૂત્ર**ની તથા માનવ જીવનને સર્વથા હેય અને ઉપાદેય **પ્રશ્નવ્યાકરણ** જેવા દ્વાદશાંગીના બંને અંગોની હું સેવા કરી શકીશ.

પરંતુ સર્વથા નિસ્પૃહ જીવન સાથે કાર્યશીલતા જ માનવ માત્રને ગમે તેવા કઠીન કાર્યોમાં પણ સફળીભૂત બનાવી શકે છે, તે આપણે પ્રત્યક્ષ અનુભવી શકયા છીએ. કાર્યના પ્રારંભમાં જ અમે નિર્ણય કર્યો હતો કે, કેવળ સાહિત્ય સેવા સિવાય આપણે બીજું કંઇ પણ કરવું નથી. શાસનદેવની કૃપાથી મુંબઇના સંઘોએ તેમજ જૂદા જૂદા ભાગ્યશાળીઓએ અમને સહાયક બન્યા અને અમારૂં કામ આગળને આગળ ધપાવતા ગયા છીએ.

પ્રસ્તુત પ્રશ્નવ્યાકરણ ગ્રન્થમાં પણ એક હજાર નકલો મલાડ (વેસ્ટ) શેઠ દેવકરણભાઈ મૂલજીભાઇની પેઢીના જ્ઞાન ખાતામાંથી અને એક હજાર નકલો વરલી સંઘના જૂદા જૂદા ભાગ્યશાળી ગૃહસ્થો તરફથી સહાયતા મળી છે તે માટે બંને સંઘોના અમે આભારી છીએ.

પૂ.પંન્યાસજીશ્રીનો ઉપકાર ભૂલી શકાય તેવો નથી કેમ કે 'સાહિત્યની સેવા અમારા સાવ નાના સંઘને માટે ન કલ્પી શકાય તેવી હકિકત છે. તેમ છતાં પૂ. પં.શ્રીની આજ્ઞાને માન્ય કરીને સમયે સમયે અમારાથી બનતું કર્યું છે અને ભવિષ્યમાં પણ કરીશું. ફરીથી પરમ દયાળુ પરમાત્માને પ્રાર્થીએ છીએ કે અમને આવી સેવા ભવાંતરમા પણ મળતી રહે.

૨૦૪૧ બેસતું વર્ષ — નિવેદક–પ્રકાશક.

લેખકીય નિવેદન

"ભગવતી સૂત્ર સાર સંગ્રહ"ના ચારે ભાગોમાં ભગવતી સૂત્રની પૂર્ણાહુતિ થયા પછી હવે કંઈ પણ લખવાની પ્રવૃત્તિના સંજોગોની પ્રાપ્તિ મને થશે કે નહીં ? તેની મને પણ શંકા જ હતી. કેમ કે સર્વથા નિઃસહાય જીવન, બંને પગોના ઢીંચણમાં દુઃખાવો, ઓપરેશન તેમજ શરીરની અસ્વસ્થતા આદિ કારણોને લઈ હું પણ હતાશ જ હતો. પ્રણ બગાસા આઈ બેસી રહેવામાં કે નિરર્થક વાતોમાં મને મુદ્દલ રસ ન હોવાથી કંઈક લખ્યા વાંચ્યા વિના મારા માટે બીજો ખોરાક નથી જ.

લખવા માટે કયુ સૂત્ર પસંદ કરવું ? તે માટે મારા હિતેચ્છુ વડિલોની જુદી જુદી સલાહ અને પ્રેરણા હતી. છેવટે પ્રશ્નવ્યાકરણ (પણ્હાવાગરણં) ઉપર નજર સ્થિર થઈ જે દ્વાદશાંગીમાં દશમા અંગરૂપે નિર્ણીત છે. અને ફરીથી દ્વાદશાંગીની જ સેવા કરવાનો લાભ મને મળે તેનાથી ચઢિયાતું કર્મ (કાર્ય) બીજું કયુ ? મલાડના ૨૦૩૮ના ચોમાસામાં લખવાના શ્રી ગણેશ થયા અને વરલીના ૨૦૩૯ના ચોમાસામાં લખાણ પૂર્ણ થયું. બંને સંઘોએ આર્થિક ભાર ઉપાડી લીધો. ભાવનગર પ્રેસમાં છપાવવા માટે ગયેલી પ્રેસ કોપીઓ છપાવવા લાગી અને વર્ષભરમાં છપાવીને તૈયાર થયેલા આગમીય ગ્રંથને સંઘના કરકમળમાં મૂકતાં મને ઘણો જ આનંદ થાય છે. કેમ કે સારા અને પવિત્ર કાર્યોમાં પરમ દયાળુ પરમાત્માની અમીદૃષ્ટિ, ગુરૂઓનો આશીર્વાદ, હિતેચ્છુ આચાર્યાદિ ભગવંતોની



શ્રીમત્ પૂર્ણાનન્દવિજયજી મ. સા. (કુમારશ્રમણ)

દીક્ષા : વિ. સં. ૧૯૯૪, માગશર શુદિ ૧૦, કરાંચી (સિન્ધ)

પ્રેમલ પ્રેરણા ઉપરાંત લેખકનો અવિરત પરિશ્રમ, નિસ્પૃહ ભાવના તથા કંઈ પણ સેવા કરી લેવાની તીવ્ર તમન્ના જ સફળતા પ્રાપ્ત કરાવે છે. મારા માટે તો ઉપર પ્રમાણે જ બનવા પામ્યું છે તે માટે મારો આત્મા જ સાક્ષી છે.

ભાષા દોષોને છોડી પ્રસ્તુત આગમીય ગ્રન્થના લખાણમાં કેટલી સફળતા આપવી તેના નિર્ણયમાં વાંચકોની સજ્જનતા જ કામે આવશે. તેમ છતાં પણ મને શ્રદ્ધા છે કે પરસેવો ઉતારી પૂર્ણ થયેલા કાર્યમાં સજ્જનોની ઉદારતા મને સારા માર્કો (Marks) અપાવ્યા વિના ન જ રહે.

સજ્જન શિરોમણી નગીનભાઇ વાવડીકર પાસેથી ગોડીજી જ્ઞાન ભંડારથી પ્રશ્નવ્યાકરણ સૂત્ર મંગાવ્યું અને જોયું. તેમાં સમાસોની બહુલતા, પાંડિત્યપૂર્ણ અલંકારોથી શોભતી ભાષાને જોયા પછી મનમાં પીછે હઠ કરવાની ભાવના થઈ, પણ તેમ કરવાનો મારો સ્વભાવ ન હોવાથી ગ્રન્થને બે-ત્રણ વાર જોયો, વિચાર્યો અને પરમાત્માઓને તથા સ્વર્ગસ્થ ગુરૂદેવોને ભાવવન્દના કરી કાર્યનો પ્રારંભ કર્યો, ધીમે ધીમે આગળ ને આગળ વધતો ગયો. ક્ષયોપશમની મદદ મળવા લાગી અને લેખન કાર્યમાં ઉત્સાહ તેમજ અનેરો આનન્દ આવતો ગયો અને વધતો ગયો. જે લખાયું, જેવું લખાયું, તે મારા માટે ઘણું કહેવાય, તેમ છતાં કહ્યા વિના ન રહેવાય કે આમાંથી પણ વાંચકોને, વ્યાખ્યાનકારોને, પાપભીરૂઓને, વિચારકોને, ચિંતકોને તથા લેખકોને પણ ઘણું ઘણું જાણવાનું મળશે. અને તેમ થયું તો મારા આનન્દને ચાર ચાંદ લાગશે,

ઉત્સાહ દ્વિગુણિત બનશે, જેની મારા જેવા ટૂંક પુંજીઆને ઘણી જ જરૂરત છે.

આત્માને કે પરમાત્માને ઓળખી ગયા હોઇએ તો પણ આત્માને પરમાત્મા બનાવવાનું જેટલું ધારીએ તેટલું સરળ હોતું નથી. કેમ કે શુદ્ધિકરણની પ્રક્રિયા આત્માના જબ્બરદસ્ત પુરૂષાર્થ વિના કોઇકાળે પણ શકય નથી. માટે જ જૈનશાસને હેય અને ઉપાદેય નામે બે તત્ત્વોની પ્રરૂપણા કરી છે. તેમાં પણ હેય એટલે ત્યાગ કરવા યોગ્ય, પ્રાણાતિપાત (હિંસા) મૃષાવાદ (જૂઠ) અદત્તાદાન (ચોરી) મૈથુન (દુરાચાર) અને પરિગ્રહ નામના પાપ તત્ત્વોને, પાપ વિચારોને, પાપ વૃત્તિઓને તથા પ્રવૃત્તિઓને, અવશ્યમેવ એટલે કે જીવનના પ્રારંભકાળથી જ ત્યાગ કરવા માટેનો પ્રયત્ન કરવો જોઇએ. ત્યારપછી ઉપાદેય તત્ત્વો પ્રાણાતિપાત વિરમણ (અહિંસા) મૃષાવાદ વિરમણ (સત્ય) અદત્તાદાન વિરમણ (અચૌર્ય) મૈથુન વિરમણ (બ્રહ્મચર્ય) પરિગ્રહ વિરમણ (સંતોષ) આદિ પાંચ સંવર તત્ત્વોનો સ્વીકાર સારી રીતે અસરકારક બનવા પામશે. અને તેમ થયું તો જીવનનું શુદ્ધિકરણ શતપ્રતિશત સફળ બનશે.

મહારોગોને નાબૂદ કર્યા વિના રસાયન ઔષધ શા કામનું ?

પાંચે આશ્રવ આત્માને માટે ભયંકર રોગ છે. કષ્ટ સાધ્ય રોગ છે તેમને સમાપ્ત કરવા માટે સંવર તત્ત્વની આરાધના સિવાય બીજો એકેય વિકલ્પ નથી, સાધના નથી, મંત્ર નથી.

અધ્યાત્મ માર્ગમાં પરિપૂર્ણતા પ્રાપ્ત કરેલા તીર્થંકર દેવોએ આ કારણે જ સંવરની પહેલા આશ્રવને મૂકયો છે. તેનો આશય એટલો જ કે સૌથી પહેલા આશ્રવ તત્ત્વને સમજો, વિચારો અને યથાશકય–યથાપરિસ્થિતિ તેને જીવનના અણુ-અણુમાંથી દૂર કરવાનો પ્રયત્ન કરો.

અનાદિ કાળના સંસારમાં અનંત કાળચકોને મહા-મોહની ઘોર નિદ્રામાં સર્વથા નિરર્થક બેકાર કર્યા પછી હવે ચરમાવર્તને પ્રાપ્ત કરવાનો અને તેમાંથી પણ આત્માના સહજ ત્રણ મળોનો ખાતમો બોલાવી લીધા પછી અર્ધપુદ્ગલ પરાવર્તમાં આવવાની યોગ્યતા પ્રાપ્ત થતાં જ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રને પામવાનો આ સીધો અને નિઃશંક માર્ગ છે. ત્યાર પછી સંવરની આરાધના જેમ જેમ આગળ વધશે તેમ તેમ આપણો આત્મા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરવા માટે ભાગ્યશાળી બનશે. આ બધાય કારણોને લઇને ઉપાદેય ગ્રંથોમાં સર્વશ્રેષ્ઠ આ પ્રસ્તુત "પ્રશ્નવ્યાકરણ" ગ્રંથ સૌથી પ્રથમ ઉપાદેય છે.

યદ્યપિ આના વિવેચનમાં મેં કયાંય પ્રમાદ કર્યો નથી, મારી યથામતિએ ન્યાય અપાયો છે છતાં "છદ્મસ્થા વિસ્મરણ શીલા" આ ન્યાયે મતિજ્ઞાનાવરણીય કર્મોના કારણે કયાંય ક્ષતિ, અતિશયોક્તિ અથવા મર્યાદાથી બહાર ગયો હોઉં તો 'મિચ્છામિ દુક્કડમ્' દઉં છું.

અત્યારના વ્યવહારમાં આનો એક જ શ્રુતસ્કંધ સ્વીકાર્ય છે. તથાપિ વાંચકોને આશ્રવ અને સંવરનો ખ્યાલ ઝટ આવે

અને સરળતાથી સમજાય તેવા આશયથી જ બે શ્રુતસ્કંધોની કલ્પના મેં કરી છે. અથવા તો પૂજ્ય અભયદેવસૂરિજીએ પોતે જ પુસ્તકાન્તરે બે શ્રુતસ્કંધોની નોંધ લીધી છે, તેથી તેનું અનુકરણ જ મારાથી કરાયું છે.

આવી મંગલમયી પ્રવૃત્તિમાં મને પ્રેરિત કરનારા મારા કલ્યાણ મિત્રસમા સ્વ. મનસુખલાલ તારાચંદ મહેતા–અમરેલી નિવાસી તથા શેઠ ચંદનમલજી નાગોરી છોટી સાદડી–મેવાડ નિવાસી ઉપરાંત મલાડ, વરલી તથા મુંબઈના દરેક ટ્રસ્ટીઓ અને ભાગ્યશાળીઓનો ઉપકાર ભૂલી શકાય તેમ નથી. સાધના મુદ્રણાલય–ભાવનગરને પણ ભૂલાય તેમ નથી.

મારી સહૃદય વિનંતીને માન્ય કરી પરમ પૂ. જૈનાચાર્ય ૧૦૦૮ શ્રી વિજયકીર્તિચંદ્રસૂરીશ્વરજી મ. સાહેબે (લબ્ધિ–લક્ષ્મણ શિશુ) પ્રેસ મેટરને તથા છપાયેલા ફર્માઓને અક્ષરશઃ જોયા પછી ઉપધાન જેવી પ્રવૃત્તિમાં ગળાડુબ હોવા છતાં પણ પ્રસ્તાવના લખી મોકલાવી છે તે માટે તેઓશ્રીનો ઉપકાર માનવો જે ભૂલી જાઉં તો મારા જેવો કૃતઘ્ન બીજો કોણ? મારા માટે બે શબ્દો લખ્યા છે તેમાં તેમની સજ્જનતા, ઉદારતા અને પરોપકારવૃત્તિ સાફ સાફ દેખાઈ આવે છે.

જૈનાચાર્ય શ્રી વિજયસુશીલસૂરીશ્વરજી મ. સા., વિજય-ભુવનરત્નસૂરીશ્વરજી મ. સા., વિજયહેમચન્દ્રસૂરીશ્વરજી મ. સા. અને વિજયરૂચકચન્દ્રસૂરીશ્વરજી મ. સા.ના આશીર્વાદો મેળવ્યા પછી કહીશ કે સારા કાર્યોની કદર કરવાવાળાઓ પણ હતાં, છે અને રહેશે. તે સૌ આચાર્ય ભગવંતો, પદવીધરો,

મુનિરાજો મારા માટે વન્દનીય છે. અને ભાવષ્યમાં તેમની પાસેથી આવી ઉમદા યાચના કરવા માટે હું હકદાર છું.

મને દીક્ષિત શિક્ષિત કરનારા મારા પરમ પૂજ્ય ગુરૂદેવ શાસનદીપક મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ. સા.નો એક જ સંદેશ હતો કે "આગમ સાહિત્યનું મનન, વાંચન અને નિદિધ્યાસન જ ભવાંતરમાં પણ ચારિત્ર મેળવવાનું મુખ્ય કારણ છે."

ક્ષતિ માટે કે નાના મોઢે મોટી વાત થઇ હોય તો ફરીથી માફી માંગતો વિરામ પામું છું.

મલાડ (વેસ્ટ)
૨૦૪૧ બેસતું વર્ષ

લિ. પં. પૂર્ણાનન્દવિજયજી
(કુમારશ્રમણ)



પ્રસ્તાવના

ગ્રન્થ અને ગ્રન્થકાર

શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર–બાર અંગ પૈકી દશમું અંગ છે.

अत्थं भासइ अरहा, सुत्तं गुंथति गणहरा निउणा ।
सासणस्स हियट्ठाए, तओ सुत्तं पवत्तइ ।।

શ્રી તીર્થંકર દેવો પૂર્વના ત્રીજા ભવે વીશ સ્થાનક તપની આરાધના દ્વારા અને "सवि जीव करूं शासन रसी" આવી ઉત્કટ ભાવના દ્વારા તીર્થંકર નામકર્મની નિકાચના કરે છે.

તીર્થંકર નામકર્મ જો કે પૂર્વના ત્રીજા ભવ પહેલા પણ ઘણાને બંધાય છે, છતાં તે બાંધેલું નામકર્મ શ્રી કમલપ્રભ નામના આચાર્યની જેમ તૂટી પણ જાય છે. પણ પૂર્વના ત્રીજા ભવે તીર્થંકર નામકર્મ નિકાચિત બંધાય છે. તેના પરિપાક રૂપે શાસનના હિતાર્થે સર્વ જીવોની કલ્યાણની કામનાએ શાસનની–તીર્થની સ્થાપના કરે છે. શ્રી તીર્થંકર દેવો અર્થથી પ્રરૂપણા કરે છે. તેને શ્રવણ કરીને ગણધર ભગવંતો પોતાની ભાષામાં ગુંથે છે, તેને સૂત્ર કહેવામાં આવે છે.

પ્રત્યેક તીર્થંકરોના પ્રત્યેક ગણધરો અંતર્મુહૂર્તમાં ત્રિપદી શ્રવણ કરી દ્વાદશાંગીની રચના કરે છે. જે તીર્થંકરના જેટલા ગણધરો હોય છે, તેટલી દ્વાદશાંગી રચાય છે.

શ્રી ઋષભદેવ ભગવાનના ૮૪ ગણધરો હતા તો તેમની ૮૪ દ્વાદશાંગી હતી. ભગવાન મહાવીર દેવના અગ્યાર ગણધરો હતા તેથી અગ્યાર દ્વાદશાંગી હતી. સૌની ભાષા ગુંથણી જુદા-જુદા શબ્દોમાં હોય છે. પણ અર્થથી તો એક સરખી હોય છે, તેમાં લેશ માત્ર જુદાઈ કે ભિન્નતા નથી હોતી, પણ મહાવીરસ્વામીના શ્રી અચલ અને અકંપિત તથા શ્રી મેતાર્ય અને શ્રી પ્રભાસ આ બબ્બે ગણધરોની રચના શબ્દથી પણ ભિન્ન ન હતી, એ એક વિશેષતા છે.

ગણધર ભગવંતો પૂર્વે ગણધર નામકર્મ ઉપાર્જીને આવેલા હોય છે, જેથી એમાં એવી ઉત્તમ યોગ્યતા પ્રાપ્ત થાય છે કે પ્રભુનો હસ્ત તેમના મસ્તક પર પડતાં, જેમ ચાવી દ્વારા તાળું ઉઘડે તેમ અંતર્મુહૂર્તમાં તેઓ દ્વાદશાંગીની રચના કરી શકે છે.

શ્રી તીર્થંકર દેવોના જેટલા સાધુઓ હોય છે તેટલા પ્રકીર્ણક યાને પયન્ના હોય છે. જેમ કે ભગવાન મહાવીરના ૧૪,૦૦૦ સાધુઓ હતા તો પયન્ના પણ ચૌદ હજાર હતા. અત્યારે ફક્ત દશ પયન્ના છે.

પરંપરાથી આપણને આજે જે જ્ઞાન મળી રહ્યું છે, મૂળથી તે તીર્થંકર દેવોનું છે એમાં લેશ પણ શંકા નથી. આપણા પિતાએ આપણને ૧૦૦ તોલા સુવર્ણ આપ્યું. વપરાતા વપરાતા દસ તોલા રહી ગયું, પણ એ રહેલું દસ તોલા આપણા પિતાનું જ છે. તેમ ભલે કાળ પ્રભાવે ઘટતું ઘટતું

ઓછું રહ્યું, પણ તે છે તીર્થંકર દેવોએ પ્રરૂપેલું. શાસનમાં ઘાલમેલને સ્થાન નથી, સૂત્ર વિરૂદ્ધ ઉત્સૂત્ર પ્રરૂપણા કરનારને જમાલિની જેમ સંઘ બહાર કરવામાં આવે છે, સડેલું એક પાન બધા પાનને બગાડે છે. એટલે ઉત્સૂત્ર ભાષીને આ શાસનમાં સ્થાન નથી.

દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ધર્મકથાનુયોગ, અને ચરણ-કરણાનુયોગ એમ ચાર વિભાગોમાં બાર અંગો વહેંચાયેલા છે.

પ્રસ્તુત શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર બે શ્રુતસ્કન્ધમાં વિભક્ત થયું છે, પ્રથમ શ્રુતસ્કન્ધમાં પાંચ અધ્યયન છે. તેમાં પ્રાણાતિ-પાત આદિ પાંચ આશ્રવનું વર્ણન કરવામાં આવ્યું છે. જ્યારે દ્વિતીય શ્રુતસ્કન્ધમાં તેના પ્રતિસ્પર્ધી પ્રાણાતિપાત વિરમણ રૂપ પાંચ સંવરનું વર્ણન કરવામાં આવ્યું છે.

જૈનદર્શન એ લોકોત્તર દર્શન છે, ત્યાગપ્રધાન દર્શન છે. ઈત્તર દર્શનો અને જૈન દર્શનમાં આકાશ-પાતાળ જેટલું અંતર છે. જેની સત્યતા જૈનાગમ દ્વારા જાણી શકાય છે. જૈનદર્શનનું હાર્દ આશ્રવ અને સંવર છે, જ્ઞાનીઓ કહે છે કે:-

"आश्रवस्तु सर्वथा हेयः उपादेयस्तु संवरः"

આશ્રવ એ હેય છે, ત્યાજ્ય છે, જ્યારે સંવર એ ઉપાદેય છે-ગ્રાહ્ય છે.

પ્રસ્તુત શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર ગ્રન્થ ઉપરનું વિવેચન વિદ્વાન પંન્યાસજી શ્રી પૂર્ણાનંદવિજયજી ગણિવરે કર્યું છે.

તેમણે એક એક વિષયનું વિષદ સ્પષ્ટીકરણ અને વિવેચન પ્રાસાદિક શૈલીમાં કર્યું છે જે એટલું બધું હૃદયંગમ બન્યું છે કે-વાંચતા આત્મા જ્ઞાન વિભોર બની જાય છે. ગ્રન્થ બાલભોગ્ય અને વિદ્વદ્ભોગ્ય બનવા પામ્યો છે અને રસપ્રદ-રોચક-અસરકારક શૈલીમાં તેની રજૂઆત થઇ છે.

ગ્રન્થના પાને પાને-વાકયે વાકયે અને શબ્દે શબ્દે ભાવ ટપકે છે, વયના પરિપાક રૂપ, વર્ષોના અનુભવના નિચોડ રૂપ સાચે જ લેખક શ્રી પંન્યાસજીએ ચાર ચાંદ લાગે તેવો આ ગ્રન્થ તૈયાર કર્યો છે એમ કહેવું અતિશયોક્તિથી પર છે. રસનું સાતત્ય પૂર્ણ જળવાઈ રહ્યું છે. આ છે સૂત્ર ગ્રન્થ પરનું વિવેચન. ગંભીર અને ગહન હોવા છતાં તેની રજૂઆત સરળ શૈલીમાં થવાથી સૌ કોઇને એકસરખી રીતે ઉપયોગી થઇ પડશે એ હકીકત છે.

પ્રથમ શ્રુતસ્કંધ ૧ થી ૫ અધ્યયનમાં આશ્રવના વિવરણમાં વ્યક્તિ કેવી રીતે કેવા સાધનો દ્વારા શા માટે હિંસા કરે છે એનો સુંદર ચિતાર રજૂ થયો છે. હિંસાના પર્યાયો, ભેદો, સ્વરૂપ અને એનાં વિપાકનો કરૂણ અંજામ વિગેરે વિગતો એવી સરસ ભાવવાહી ભાષામાં રજૂ થઈ છે કે ન પૂછો વાત.

યજ્ઞમાં પ્રાણીનો ધર્મના નામે વધ કરવામાં આવે છે તે ધર્મના નામે ધતીંગ જ કહેવાય. માનવ જેવા માનવ દાનવના કૃત્ય કરતાં પણ અધમ કૃત્ય આચરી નરકના મહેમાન બને છે અને અસંખ્યાતા વર્ષો સુધી ભયંકર યાતનાનો ભોગ બને છે.

ઇતર દર્શનોના શાસ્ત્રો આથી જ વિસંવાદી છે. એક સ્થળે 'મા હિંસ્યાત્ સર્વભૂતાનિ' અને બીજે સ્થળ 'યજ્ઞે વધોઽવધઃ' આમ વિસંવાદના દર્શન થાય છે. જ્યારે જૈન દર્શન એ સંવાદી દર્શન છે, કયાંય પણ વિસંવાદ નહીં મળે.

જૈનદર્શનમાં સ્વરૂપ હિંસા, પરિણામ હિંસા અને અનુબંધ હિંસા એમ હિંસાના પ્રકારો દર્શાવવામાં આવ્યા છે. જેથી હિંસા અને અહિંસાના વાસ્તવિક સ્વરૂપનો ખ્યાલ આવે છે.

અનાદિ કાળથી આત્માને ભવરોગ અને ભાવરોગ લાગુ પડ્યો છે. એનાં પરિણામે આત્મા અનંતની રખડપટ્ટીમાં અટવાઇ રહ્યો છે.

માનવ દ્રવ્યરોગ દૂર કરવા ઊંચો નીચો થાય છે. સર્વસ્વનો ભોગ આપે છે, પણ એને જ્ઞાન-ભાન કે સાન નથી કે દ્રવ્યરોગ એ કોને આભારી છે? દ્રવ્યરોગનું મૂળ કારણ શું? એનું નિદાન જ્ઞાની ભગવંતો સિવાય બીજો કોણ જાણી શકે? જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે દ્રવ્યરોગનું મૂળ કારણ ભાવરોગ અને ભવરોગ છે, જેને આપણે કર્મથી સંબોધીએ છીએ. દ્રવ્યરોગનું મૂળ કારણ ભાવરોગ છે.

માનવ, ફોડા-ફુણસી થતાં ઉપર પાટા પીંડીને લપેટા કરે છે, પણ એને ખબર નથી કે અંદરનો બગાડ લોહી વિકાર જ્યાં સુધી દૂર ન થાય ત્યાં સુધી બહારના ફોડા ફૂણસી દૂર થવાના નથી. બહારના ફોલ્લા-ફોલ્લી ગડ-

ગુમડાં એ અંદરના લોહી વિકાર વગેરેને કારણે છે. માટે લોહી વિકારને દૂર કરવાની દવાની પ્રથમ જરૂર છે. અંદરનો વિકાર દૂર થતાં ઉપરના ફોડા કુણસી તો સ્હેજે દૂર થઇ જશે. તેજ વૈદ્ય હોંશિયાર ગણાય છે કે જે નિદાનને પારખી દવા આપે. નિદાનનું જ્ઞાન થતાં આ રોગ પર કયા ઔષધનો ઉપયોગ કરવો એનું જ્ઞાન થતાં વાર લાગતી નથી. અને એ પ્રમાણે ઔષધનું આસેવન કરતાં રોગ સત્વર દૂર થાય છે.

એટલે પ્રશ્નવ્યાકરણ ગ્રન્થ દ્વારા જ્ઞાની ભગવંતો સંસારનું મૂળ કારણ, મૂળ નિદાન જણાવે છે અને તે આશ્રવ છે. અને સંસારનો અંત આણનાર સંવર છે. આમ આશ્રવ અને સંવરનું વિશિષ્ટ કોટિનું જ્ઞાન જે ગ્રન્થમાં છે તે ગ્રંથ કેવો અને કેટલો ઉપયોગી છે એ કહેવાની જરૂર નથી.

દ્રવ્યહિંસા અને ભાવહિંસાનું સ્વરૂપ દ્રવ્યદયા અને ભાવદયાનું સ્વરૂપ.

" प्रमत्तयोगात् प्राण व्यवरोपण हिंसा "

तत्त्वार्थ सूत्र–अ. ७–८

જૈનદર્શનની આગવી અનોખી શૈલી છે. તમને દુનિયાના પડમાં કયાંય આવી શૈલી નજરે નહીં પડે. માટે જ એને લોકોત્તર શાસન કહેવામાં આવે છે.

માણસ દ્રવ્યદયા માટે કેવો ભોગ આપે છે, કેવું બલિદાન આપે છે. તેમજ તન, મન, અને ધનના ભોગે પણ જીવોને

શિકારી-હિંસક યા કસાઇના સકંજામાંથી છોડાવે છે પણ એ ભાવદયાના સ્વરૂપને જાણતો નથી કે દ્રવ્યદયા અને ભાવદયામાં આસમાન પાતાળ જેટલું અંતર છે. એના સ્વરૂપનું પણ આ ગ્રન્થમાં સુંદર દર્શન થાય છે.

શ્રી પંન્યાસજી મહારાજ

વિદ્વાન પંન્યાસપ્રવર શ્રી પૂર્ણાનંદવિજયજી ગણિવરને ગુરૂ કૃપા કહો કે શારદાની મહેર કહો એના કારણે એમની લેખન કળા સોળે કળાએ પૂર્ણિમાના ચંદ્રની જેમ ખીલી ઉઠી છે. લેખન કળાની સરસ હથરોટી તેમણે હસ્તગત કરી છે. જેથી તેઓ જે કાંઇ લખે છે, તે બધું ખૂબ સુવાચ્ય, સુંદર, સરસ રસપ્રદ અને બોધપ્રદ બને છે.

મને આવા મહાન ગ્રંથની સંશોધન-નિરીક્ષણ કરવાની સુંદર તક આપી કે જેથી મને સહજ સ્વાધ્યાયનો લાભ મળ્યો. નવું જાણવાનું મળ્યું. એમની લેખનકળા કલમનો સુયોગ સાંપડ્યો તેથી મેં અનેરો આનંદ અનુભવ્યો. ગ્રંથ વાંચતા હૈયું હિલોળે ચઢયું અને હૃદય રસતરબોળ બન્યું. આત્મા એકતાર બની જતાં રૂંવાડા બડા થઈ જાય છે, અને પ્રશંસાના બે પુષ્પો ચઢાવવા દીલ અને દિમાગ લલચાય છે.

આવા મહાન ગ્રંથના વિવેચનમાં કેવા એકતાર બનવું પડે છે, કેવો ક્ષયોપશમ અને કેવો પરિશ્રમ કરવો પડે છે તે તો—

विद्वान एव हि जानाति, विद्वज्जन परिश्रमम् ।
नहि वन्ध्या विजानाति, गुर्वीं प्रसववेदनाम् ।।

આવા અમૂલ્ય ગ્રંથનું સંપાદન-વિવરણ અને વિવેચન કરી વિજ્ઞ પંન્યાસજી મહારાજે કેટકેટલા કર્મની નિર્જરા કરી હશે તે તો જ્ઞાની જ જાણી શકે. વિદ્વાન લેખક પંન્યાસ પ્રવરશ્રીને મારા લાખ-લાખ અભિનંદન છે. આવા અનેક ગ્રંથોનું પ્રકાશન કરતા રહો અને નિજ શક્તિનો સદુપયોગ કરો. સાથે સાથે કર્મ નિર્જરા દ્વારા શનૈઃ શનૈઃ ભવની ભાવટ ભાંગી-નિજાનંદની મસ્તીને સદ્ધાય માણો એ જ એક અંતરની અભિલાષા સહ વિરમું છું.

સૌ કોઇ આવા ગ્રંથોના પઠન-પાઠન કરી પાપને પખાલો અને નિજને અજવાળો એ જ એક અંતિમ અભિલાષા.

સં. ૨૦૪૦
આશ્વિન કૃષ્ણા પંચમી
થાણા તીર્થ

શ્રી લબ્ધિ-લક્ષ્મણસૂરિ
ગુરુ ચરણરેણુ
—કીર્તિચંદ્રસૂરિ

પરમ પૂજ્ય આચાર્ય ભગવંતોના
શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રના ગુજરાતી અનુવાદ અંગેના

આશીર્વાદો

શ્રીમદ્ પંન્યાસ પ્રવર શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજના વરદ્ હસ્તે લોકભાષામાં અનુવાદ કરાયેલું મહાન આગમ સૂત્ર પ્રશ્નવ્યાકરણ પ્રકાશિત થવાની તૈયારીમાં છે. પંન્યાસજીનો ક્ષયોપશમ તીવ્ર હોવાથી આવા મહાન આગમ શાસ્ત્રોનું સરળ એવી ગુજરાતી અથવા હિન્દી ભાષામાં અનુવાદ કરીને જેઓનો ક્ષયોપશમ તીવ્ર ન હોય અથવા અર્ધ માગધી ભાષા અને સંસ્કૃત ભાષાનું તીવ્ર જ્ઞાન ન હોય તેવાઓને પણ આગમિક સાહિત્યમાં ચંચુપાત કરાવી દે છે. ખરેખર તેઓશ્રીના જીવનની આ અપૂર્વ સિદ્ધિ છે.

શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર કે જે દશમું અંગ સૂત્ર છે, જેમાં આશ્રવ અને સંવરના વિભાગો પૂજ્ય ગણધર ભગવંતોએ અપૂર્વ રીતે વર્ણવ્યા છે. સાધુ જીવનમાં રાખવા યોગ્ય ધાર્મિક ઉપકરણો તેમજ સાધુ જીવનની રોજિંદી ચર્યા જેમાં અદ્ભૂત શૈલીથી વર્ણવાઈ છે, અહિંસા, સત્ય વગેરે મહાવ્રતોને જેમાં સંવરના વિભાગો તરીકે વર્ણવ્યા છે અને હિંસા, અસત્ય અને ચૌર્યકર્મ વગેરેને જેમાં આશ્રવના સ્થાનો તરીકે વર્ણવ્યા છે, એવા એવા અપૂર્વ રહસ્યો જે સૂત્રમાં સમજાવવામાં આવ્યા છે તેવું મહાન્ શાસ્ત્ર લોક ભાષામાં બહાર પડે છે, તે તે શાસ્ત્રોના અભ્યાસીઓ માટે અત્યંત આનંદનો વિષય બને છે.

સં. ૨૦૪૦
આસો સુદિ ૧૩
મહુવા (સૌરાષ્ટ્ર)

—વિજયભુવનરત્નસૂરિ

आसो शुद १५

स्वस्ति श्री पार्श्वनाथ जिनेन्द्र नमस्कृत्य.
रानीगांवसे लि. विजयसुशीलसूरि आदि....

तत्र विनयादि गुण समलकृत विद्वद्वर्य पंन्यासप्रवर श्री पूर्णानंदविजयजी गणिवरादि योग्य सांवत्सरिक अनुवन्दना-वन्दना।

परमाराध्य श्री देव-गुरु-धर्म के पसाय से यहां आनंद मंगल पूर्वक खुशशाता प्रवर्तमान है। वहां पर भी विशेष-पत्र मिला। समाचार ज्ञात हुए!

मंगल आशीर्वाद—

विद्वद्वर्य पंन्यासप्रवर श्री पूर्णानंदविजयजी गणिवरे पूर्वे 'श्री भगवती सूत्र सार संग्रह' नामक सर्वश्रेष्ठ आगम साहित्य ग्रन्थ का सर्जन कर के प्रकाशित करवाया था।

उस माफिक अभी भी 'श्री प्रज्ञव्याकरण' नामक ग्रंथ विवेचनसे पूर्ण प्रकाशित करवा रहे है।

ऐसे शुभ कार्यो की भूरि अनुमोदना। भविष्यमें भी अपने वरद् हस्ते ऐसे अनेक ग्रन्थोका सर्जन कर के परम-शासन प्रभावना करते रहे।

हमारी ओर से अनुवन्दना और सुखशातापूर्वक मंगल आशीर्वाद।

ज्ञान-ध्यान-संयमादिमें विशेष उद्यम।

रानीगांव (राजस्थान)
२०४० आसो सुदि १५

जैनाचार्य
विजयसुशीलसूरीश्वरजी

શ્રી કેસરિયાજી ઉપધાન તપ સમિતિ
ઠે. કેસરિયાજીનગર, તળેટી પાસે,
પાલીતાણા. અષાડ વદ ૩

તત્ર સદા પઠન-પાઠન લેખનાદિ પરાયણ જ્ઞાનધન પં. શ્રી પૂર્ણાનંદવિજયજી ગણિવર

જોગ અનુવંદના-વંદના. સુખશાતામાં હશો. શાસન-સમ્રાટ્શ્રીજીના પુણ્યપસાયે સુખશાતા વર્તે છે.

તમારો પત્ર મળ્યો, વાંચી આનંદ.

તમો જ્ઞાન-ધ્યાનની પ્રવૃત્તિમાં સદાય અપ્રમત્તપણે પ્રવર્તી રહ્યા છો એ ખૂબ ખૂબ અનુમોદનીય છે.

ભવોભવના સંચિત સુકૃતના ફળસ્વરૂપે મળેલા મોંઘા માનવભવને તે જ સાર્થક કરી શકે છે જે આત્મકલ્યાણના સાચા માર્ગને પામ્યો હોય અને સાચા માર્ગને તે જ પામી શકે છે કે જેણે આર્હંત આગમોનું પઠન-પાઠન-શ્રવણ-ચિંતન આદિ કર્યું હોય. તેના વગર વર્ષોના વર્ષો સુધી કરવામાં આવેલો પ્રબળ પ્રયાસ પણ નિરર્થક નીવડે છે.

માટે આત્મકલ્યાણના ઇચ્છુક આત્માએ આગમોનું પરિશીલન કરવું નિતાન્ત આવશ્યક છે. સાગરમાં સર્વ નદીઓની જેમ શ્રી અરિહંત પરમાત્માનાં આગમોમાં સર્વ દર્શનો સમાય છે.

સમર્થ આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજે ભગવાનની સ્તુતિ કરતાં ગાયું છે કે-

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः ।
नच तासु भवानुदीक्ष्यते, प्रतिभिन्नासु सरित्स्ववोदधिः ।।

હે ભગવન્ ! જગતમાં જેટલા દર્શનો છે, તે બધા દરિયામાં સર્વ નદીઓની જેમ આપનામાં અવતરિત થાય છે. જેમ નદીઓમાં સમુદ્ર દેખાતો નથી તેમ ભિન્ન ભિન્ન એવા તે દર્શનોમાં આપનું દર્શન દેખાતું નથી.

એ આગમોમાં અતિગહન ભાવો સ્વલ્પ મતિવાળા જીવો માટે પણ ગ્રાહ્ય બને તે ખાતર તેનો ભાષામાં અનુવાદ કરવામાં આવે છે. પં. શ્રી પૂર્ણાનંદવિજયજી ગણિવરના વરદહસ્તે સર્વાનુયોગમય પંચમાંગ શ્રી ભગવતી સૂત્રના અનુવાદનું કાર્ય પૂર્ણ થયા પછી 'પ્રશ્નવ્યાકરણ' નામના દશમા અંગસૂત્રના અનુવાદનું કાર્ય થાય છે એ તેના અર્થી આત્માઓ માટે હિતકારી છે. એના વાચન દ્વારા જિનાગમ રહસ્યને પામી ભવ્ય આત્માઓ આશ્રવનો ત્યાગ કરી સંવરનું સેવન કરી શીઘ્ર મુક્તિપદ સાધો એજ અભ્યર્થના.

—વિજયહેમચંદ્રસૂરિ
પાલીતાણા



આસો સુદિ ૧૫
બોટાદ, જૈન ઉપાશ્રય.

તત્ર પંન્યાસ શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ સાહેબ
યોગ્ય વંદનાવલી સાથે જણાવવાનું કે—આપનો કૃપા-પત્ર
મળ્યો, વાંચી આનંદ.

આપ વયોવૃદ્ધ ઉંમરે પણ જૈનશાસનના બળના રૂપ
આગમોનું સાહિત્ય અનેક ભાષામાં બહાર પાડી જે જ્ઞાનભક્તિ
તથા શાસનસેવા કરી રહ્યા છો, તે અનુમોદનીય છે. આવી
સુંદર ભક્તિ કરવા આપ દીર્ઘાયુષી બનો એ જ વડીલો
પ્રત્યે અભ્યર્થના.

—આચાર્ય રૂચકચંદ્રસૂરિની વંદનાવલિ
બોટાદ

શ્રી મલાડ જૈન દેરાસરજીના સ્થાપિત



શેઠશ્રી દેવકરણભાઈ ચૂળજીભાઈ સંઘવી

વંથળી (સૌરાષ્ટ્ર)

卐

વિષયાનુક્રમણિકા

વિષય	પૃષ્ઠ
અભયદેવસૂરીશ્વરજી કૃત મંગલાચરણ	૨
મંગલાચરણ	૮
આ સૂત્રમાં કયા વિષયનું પ્રતિપાદન હશે ?	૯
આગમ	૧૧
હિંસા	૧૪
દ્રવ્યહિંસા અને ભાવહિંસા એટલે શું ?	૧૫
પ્રાણી ઘાતકના ભાવીશ સ્વભાવો કયા કયા ?	૨૨
(હિંસક માનવના સ્વભાવોનું વિસ્તૃત વર્ણન છે)	
હિંસાના બીજા નામો (પર્યાયો) કયા કયા છે ?	૩૨
(હિંસાના ૩૦ પર્યાયો ખૂબ જ મનનીય છે)	
જીવ હિંસાને કરનારા કોણ ?	૫૦
તેઓ કેવા કેવા જીવોની હત્યા કરે છે ?	૫૫
જીવાત્માઓ ત્રણ પ્રકારના છે	૫૫
જીવોને મારવા માટેના કારણો કયા કયા ?	૫૯
માંસ	૬૨
ખાનારને પાપ શા માટે લાગે ?	૬૫
વિકલેન્દ્રિય જીવોની હત્યા શા માટે ?	૬૮
સ્થાવર જીવોની હત્યા	૭૦
પૃથ્વીકાયાદિ જીવોની હત્યા કયા કાર્યોમાં થાય છે ?	૭૩
વનસ્પતિ હત્યાના કારણો	૭૬
આવી હિંસા માનવો શા કારણે કરે છે ?	૭૭
આવું કરવામાં વિશિષ્ટ કારણો કયા કયા ?	૭૮

વિષય	પૃષ્ઠ
પ્રાણી હત્યા કરનારા કોણ કોણ ?	૮૫
જે દેશોમાં હિંસા થાય તે દેશો કયા ?	૮૯
નરક ભૂમિમાં વેદના ત્રણ પ્રકારની છે	૯૨
નારકોના દુઃખોનું વર્ણન	૯૨
પરમાધામીઓનું સ્વરૂપ	૧૦૧
આવા પરમાધામીઓ કયા કર્મે થાય છે ?	૧૦૨
તેમનાથી નારકીઓને અપાતી પીડા	૧૦૪
લડવા માટે તેમની પાસે શસ્ત્રો કયા કયા છે ?	૧૦૮
નારકોને સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી હશે ?	૧૦૯
નરક ગતિનો જીવ તિર્યંચ યોનિમાં આવે છે ?	૧૧૨
તિર્યંચ અવતારના દુઃખો	૧૧૪
તિર્યંચ અવતારની ફળશ્રુતિ	૧૧૭
પશુ પક્ષીઓને નિર્દયતાપૂર્વક મારવાના પ્રકારો	૧૧૮
એકેન્દ્રિય જીવો અને તેમની હત્યા	૧૨૧
એકેન્દ્રિયાદિ જીવોની હત્યાના પ્રકારો	૧૨૩
મૃષાવાદ અને તેના સ્વભાવો	૧૨૭
મૃષાવાદના અર્થને સૂચિત કરનારા ભીન્ન પર્યાયો કેટલા ?	૧૪૪
અસત્ય ભાષા બોલનારા કોણ ?	૧૬૪
અસત્ય બોલવાના પ્રકારો	૧૬૫
ખોટા તર્કો દ્વારા દર્શન શાસ્ત્રીઓ જૂઠ કેવી રીતે બોલે છે ?	૧૬૮
શૂન્યવાદી દર્શનનો મૂળ સિદ્ધાન્ત કયો ?	૧૭૦
શૂન્યવાદનો પ્રતિકાર	૧૭૧
નાસ્તિકવાદી અને વામમાર્ગીઓનું મન્તવ્ય છે કે 'જીવ નથી'	૧૭૨
ઉપરના મતનું નિરસન કઈ રીતે ?	૧૭૫
જૈન મહર્ષિઓ આ વિષયમાં શું માને છે ?	૧૭૭
કર્મો તથા તેના ફળો પણ પ્રત્યક્ષ દેખાય છે	૧૮૧

વિષય	પૃષ્ઠ
માનવ શરીર રોમે રોમમાં જ્યારે...	૧૮૭
તેમની માન્યતાનું ખંડન	૧૮૮
તે દર્શનોમાં સૃષ્ટિ રચના કેવા પ્રકારે છે ?	૧૯૧
તેમના મતની અસત્યતા	૨૦૨
કયા કારણે માનવ મૃષાવાદી બને છે ?	૨૦૩
કર્મોની સત્તા અને તેના ફળો	૨૧૭
સૂત્રાનુસારે મૃષાવાદનું ફળ શું છે ?	૨૧૮
મૃષાવાદનો ઉપસંહાર	૨૨૨
અદત્તાદાન	૨૨૬
અદત્તાદાનનું સ્વરૂપ શું છે ?	૨૩૧
અદત્તાદાન શબ્દના પર્યાયો કેટલા ?	૨૩૭
ચૌર્યકર્મને કરનારા કોણ ? અને તે કેવા હોય છે ?	૨૫૦
ચોરી કરનારાઓ કેવા હોય છે ?	૨૫૬
ચોરી કર્યાનું ફળ શું છે ?	૨૬૦
ચોર કેવી કેવી રીતે ફળ ભોગવશે ?	૨૬૨
ચોરી કરવાના વિશેષ ફળો કયા ?	૨૬૩
ચોરો કેવા હોય છે ? અને શા માટે ચોરી કરે છે ?	૨૬૫
તે ચોરો પરલોકમાં કેવું ફળ ભોગવશે ?	૨૮૦
નરક ભૂમિના દુઃખોનું વર્ણન	૨૮૨
સંસારને સાગરનું રૂપક શા માટે ?	૨૮૬
અબ્રહ્મ (મૈથુન)	૩૦૪
મૈથુનનું સ્વરૂપ શું છે ?	૩૦૬
મૈથુનના પર્યાયો કેટલા ?	૩૨૨
કયા કયા જીવો મૈથુનમાં આસક્તિ રાખે છે ?	૩૪૬
સંસારી જીવો મૈથુનાસક્ત શા માટે થાય છે ?	૩૪૮
મૈથુનાસક્તિમાં આટલી તાકાત શા કારણે ?	૩૫૧

વિષય	પૃષ્ઠ
દેવોમાં વિષયવાસનાની અધિકતા શા માટે ?	૩૫૩
દેવો કયાં રહેતા હશે ?	૩૫૪
ચક્રવર્તીઓના શરીર અને ઋદ્ધિ-સમૃદ્ધિનું વર્ણન	૩૫૫
વાસુદેવો અને બળદેવો પણ અતૃપ્ત જ રહે છે	૩૫૯
વાસુદેવ અને બળદેવની ઋદ્ધિ-સમૃદ્ધિનું વર્ણન	૩૬૦
માંડલિક રાજાઓ પણ અબ્રહ્મ સેવતા હોય છે	૩૬૪
અકર્મ ભૂમિના ભોગ વિલાસો	૩૬૫
યુગલિકોના શરીરનું વર્ણન	૩૬૮
યુગલિકોનું વિશેષ વર્ણન	૩૬૯
તેમ છતાં યુગલિકો સુખી કેમ ?	૩૭૧
યુગલિક સ્ત્રીઓનું વર્ણન	૩૭૪
મૈથુનકર્મી આત્મા કેવા પ્રકારે ફળ મેળવશે ?	૩૭૭
પરિગ્રહનું સ્વરૂપ શું છે ?	૩૮૯
પરિગ્રહના પર્યાયો કયા અને કેટલા	૩૯૭
પરિગ્રહ સેવનારા કોણ કોણ ?	૪૨૧
ચારે નિકાયના દેવોમાં પરિગ્રહનું વર્ણન	૪૨૪
સર્વશ્રેષ્ઠ પરિગ્રહમાં પણ તેમને સંતોષ કેમ નથી ?	૪૨૫
મનુષ્યોના પરિગ્રહનું વર્ણન	૪૨૯
પરિગ્રહની માયાનું મૂળ કારણ શું છે ?	૪૨૯
પાપનો બાપ લોભ શા માટે કહેવાયો ?	૪૩૧
પરિગ્રહનો સ્વભાવ કેવા પ્રકારનો છે ?	૪૩૨
પરિગ્રહમાં પાપોની પરંપરા માટેનું વક્તવ્ય	૪૫૦
પરિગ્રહનું ફળ શું ?	૪૫૮
પાંચે આશ્રવો માટેની અન્તિમ વક્તવ્યતા	૪૫૮

卐 卐 卐

વિષય	પૃષ્ઠ
પ્રથમ સંવર દ્વાર	૪૬૨
અહિંસાનું સ્વરૂપ શું છે ?	૪૬૪
અહિંસાના પર્યાયો	૪૭૪ થી ૫૧૪
(૬૦ પર્યાયોમાં અહિંસાનું વર્ણન મનનીય છે)	
ભગવતી અહિંસાનું માહાત્મ્ય	૫૧૪
ભગવતી અહિંસાના આરાધકો કોણ કોણ ?	૫૧૭
લબ્ધિઓ કેટલી અને કેવી હોય છે ?	૫૨૨
(લબ્ધિઓનું વિસ્તૃત વર્ણન)	
અહિંસા ધર્મને દૃઢ કરવા માટે પાંચ ભાવનાઓ	૫૩૦
બીજું સંવર દ્વાર	૫૩૯
સત્યનું માહાત્મ્ય	૫૪૨
સ્વપર ઘાતક સત્ય પણ ત્યાજ્ય છે	૫૪૩
ત્યારે વ્રતધારીઓ કેવી ભાષા બોલે ?	૫૪૫
સત્ય વચનની રક્ષા માટે પાંચ ભાવનાઓ	૫૪૯
ત્રીજું સંવર દ્વાર	૫૫૪
કયા મુનિઓ આ વ્રતને આરાધી શકતા નથી !	૫૫૬
ત્યારે આ વ્રતના આરાધક કોણ ?	૫૫૮
ચોથું સંવર દ્વાર	૫૬૪
આ બ્રહ્મવ્રત કેવું છે ? તેનું સ્વરૂપ શું છે ?	૫૬૫
બ્રહ્મચર્ય ધર્મની સર્વ શ્રેષ્ઠતા	૫૭૨
બ્રહ્મચર્ય વ્રતની આરાધના જ સર્વ શ્રેષ્ઠ કેવી રીતે ?	૫૭૪
સાધક પરિગ્રહ વિનાનો કયારે થાય ?	૬૦૨–૬૩૬
શ્રેષ્ઠ વૃક્ષથી ઉપમિત પાંચમું સંવર દ્વાર	૬૩૬
નિષ્પરિગ્રહીને માટે સર્વથા અકલ્પનીય શું છે ?	૬૩૭
આન્તરપરિગ્રહ ત્યાગીની આત્મ સમૃદ્ધિ કેવી હોય છે ?	૬૩૯
ગ્રન્થકારનું સમાપ્તિ વચન	૬૪૬
લેખકનું સમાપ્તિ વચન	૬૪૭

પ્રશ્નવ્યાકરણ : શુદ્ધિપત્ર

અશુદ્ધ	શુદ્ધ	પૃષ્ઠ	પંક્તિ
યાચાર્ય	યથાર્થ	૬	૨૨
છદ્મસ્થવસ્થા	છદ્મસ્થતા	૧૧	૧૨
ક્રિયાયૈ	ક્રિયાએ	૧૭	૧૫
વ્યાખ્યાગાં	વ્યાખ્યામાં	૨૧	૨૧
કોપ	કોપને	૨૩	૧૪
તેના	તેવા	૨૫	૧
પ્યાર	પ્યારા	૩૪	૧૨
પણ કે	પણ એક કે	૩૪	૧૫
યાતના	વાતના	૩૯	૧૪
ઈચ્છી	ઈચ્છિત	૪૬	૪
વરત	વિરત	૫૪	૧૬
નિર્યાત	નિયતિ	૬૦	૨૩
તદુર	તદુદર	૮૨	૧
પુણ્યોદય	પુણ્યોદય અને પાપોદય	૯૧	૧૨
સીનમાની	સીનેમાની	૯૯	૧૭
અપ્રમાણક	અપ્રમાણિક	૧૩૦	૧૨
કોઈ કાળ	કોઇ કાળે	૧૩૧	૨૨
વિશ્રાસઘાતી	વિશ્વાસઘાતી	૧૩૭	૧૫
દાંભિ	દંભ	૧૪૭	૧૪
અધમ	અધર્મ	૧૬૧	૩
અપલોપ	અપલાપ	૧૬૪	૬
ઙ્ગોગ	ઉદ્યોગ	૧૬૮	૧
ઉપમમ્ય	ઉપમાન	૧૭૪	૬
સુક્ય	સુક્ક	૧૭૪	૧૧

અશુદ્ધ	શુદ્ધ	પૃષ્ઠ	પંક્તિ
શ્રતિ	શ્રુતિ	૧૭૭	૧
મશ્રણ	મિશ્રણ	૧૮૨	૧
સામેવાળા	સામેવાળાની	૨૦૮	૨૧
શિકારીઓ	શિકારીઓને	૨૧૨	૨
રાહત	રહિત	૨૨૨	૨૧
પોતાતા	પોતાના	૨૩૫	૨૧
ફલોન્મુખી	ફલોન્મુખી	૨૬૦	૧૯
મલિપ	મલિન	૨૬૪	૪
દ્વષ	દ્વેષ	૨૬૪	૧૨
પરિગ્રહાદ	પરિગ્રહાદિ	૩૦૧	૬
તુપ્ત	તૃપ્ત	૩૦૧	૮
પુથ્વી	પૃથ્વી	૩૦૨	૯
ઈન્દ્રિ	ઇન્દ્રિયો	૩૦૪	૧૭
મુઢિ	મૂઢિ	૩૧૦	૧૦
નીયામામાં	ની માયામાં	૩૧૮	૧૩
અથસ્તુ	અર્થસ્તુ	૩૩૧	૫
સંકલ્પ જ	સંકલ્પજ	૩૩૧	૨૦
પ્રપત્	પ્રપતત્	૩૩૬	૨૨
રજ્જન	રઞ્જન	૩૪૨	૨
અસ્રર્થ	અસમર્થ	૩૫૮	૨૨
વધતે	વર્ધતે	૩૬૨	૨૦
બુદ્ધદેવના	બુદ્ધદેવના ક્ષણિકવાદ	૪૦૫	૧૭
અદ્યતે	અર્થ્યતે	૪૧૨	૧૬
કામધર	કામધટ	૪૧૮	૪
ભંધ	બંધ	૪૬૨	૧૪
પ્રત્યક્ષ	પ્રત્યય	૪૭૩	૨૨

અશુદ્ધ	શુદ્ધ	પૃષ્ઠ	પંક્તિ
દ્રોગ્ધુર્વૈ	દ્રોગ્ધુર્વૈ	૪૭૬	૨
શાસ્ત્રીજ્ઞાન	શાસ્ત્રીયજ્ઞાન	૪૭૯	૭
યથા	યયા	૪૮૨	૨
શાસ્ત્રીજ્ઞાતૃ	શાસ્ત્રજ્ઞાતૃ	૪૯૬	૬
પ્રતિરોધ	પ્રતિશોધ	૪૯૪	૧
સત્રસ્તઃ	સંત્રસ્તઃ	૫૦૨	૮
મતિજ્ઞાન	મતિઅજ્ઞાન	૫૦૩	૨૦
વ્યવસાય	અધ્યવસાય	૫૦૭	૧૮
ચરમાવર્તના	ચરમાવર્તમાં	૫૦૭	૧૮
કુટ્યા	કુટ્યાં	૫૦૯	૧૨
ધ્રૌત્યમ્	ધ્રૌવ્યમ્	૫૨૪	૫
અસંયમિત	સંયમિત	૫૨૪	૧૪
દ્વીપમાં	દ્વીપમાં	૫૨૮	૧
સૂક્ષ્મા	સૂક્ષ્મ	૫૨૮	૨૨
કેશશ્મશ્રુ	કેશશ્મશ્રુ	૫૨૯	૧૧
તિપાત	તિપાત વિરમણ	૫૩૧	૧૧
ભૂલ ન	ભૂલ	૫૩૬	૭
પુત્રાન્	પુત્રમ્	૫૪૮	૧૦
મુનિઓ	મુનિઓને	૫૫૬	૨૨
૬૨	૩૨	૫૬૩	૮
બ્રહ્માણિ	બ્રહ્મણિ	૫૭૧	૨૦
અઠ્ઠમયા	અટ્ઠમયા	૬૧૦	૧૭
વમ	મય	૬૧૦	૧૭
બભેચ	બંધચેર	૬૧૨	૬
ભગાડનારી	ભગાડનારી	૬૪૧	૧૮

॥ શાસનપતિ શ્રી મહાવીરસ્વામિને નમઃ ॥
॥ શ્રી સુધર્માસ્વામી ગણધરાય નમો નમઃ ॥
॥ શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરાય નમઃ ॥

શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર

(પ્રથમ શ્રુત સ્કંધ)

રાજસ્થાન પાલી જિલ્લાન્તર્ગત સાદડીના જિનાલયમાં બિરાજમાન શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પરમાત્માને, દાદાગુરૂ, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય, શ્રી વિજયધર્મસૂરીશ્વરજી તથા પૂજ્ય ગુરૂદેવ, શાસનદીપક, મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજને દ્રવ્ય તથા ભાવવન્દન કરીને દ્વાદશાંગીમાં દશમા અંગ સ્વરૂપે પ્રશ્નવ્યાકરણ(**પણહાવાગરણં**)ને વિવેચિત કરવા માટેનો પ્રયત્ન કરૂં છું.

શતક ૧ થી ૪૧ સુધીના શ્રી ભગવતી સૂત્રનું " ભગવતી

સૂત્ર સાર સંગ્રહ" નામે ચાર ભાગોમાં મેં વિવેચન કર્યું છે. તે પ્રમાણે જ આ પ્રસ્તુત આગમની પણ સેવા કરીશ.

આગમ જ્ઞાનના જિજ્ઞાસુ પૂ. સાધુ-સાધ્વીજીઓને તથા આશ્રવ-સંવર તત્ત્વનું સૂક્ષ્મ જ્ઞાન મેળવવાની ભાવનાવાળા શ્રાવક-શ્રાવિકાઓને માટે છેવટે મારા મતિજ્ઞાનના વિકાસ માટે પણ મારો પ્રયત્ન લાભદાયક બનશે.

મૂળ સૂત્રની રચના પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીજીની છે. જ્યારે ટીકાકાર શ્રી અભયદેવસૂરિજી છે.

શ્રી અભયદેવસૂરીશ્વરજી કૃત મંગલાચરણ

દેવાધિદેવ ચરમતિર્થંકર શ્રી મહાવીરસ્વામિને મન-વચન અને કાયાથી નમસ્કાર કરી પ્રશ્નવ્યાકરણ સૂત્ર પર વૃદ્ધ પુરૂષોને અનુસરનારી વ્યાખ્યાને હું કરૂ છું. પ્રસ્તુત આગમ-સૂત્ર ખૂબ જ ગંભીરાર્થથી ભરેલું છે અને અમે અજ્ઞ છીએ, તેમજ હસ્તલિખિત પુસ્તકો પણ ફૂટ છે અર્થાત્ પાઠ ફેરવાળી છે, તેથી વાચકો પોતાના મતિજ્ઞાનથી વિચારીને સૂત્રના મર્મને વિચારવાનું રાખશો. દ્વાદશાંગીમાં આ સૂત્ર દશમું અંગ છે, જેમાં મુષ્ટિ આદિના પ્રશ્નો હતાં અને જવાબો હતાં, પરંતુ અગમ્ય કારણે તે પ્રશ્નોત્તરો હવે આ સૂત્રમાં નથી, પણ પાંચ આશ્રવ અને પાંચ સંવર માટે પૂછાયેલા પ્રશ્નો અને તેના ખુલાસાઓ છે. મતલબ કે-આશ્રવ કોને કહેવાય ? તેના ભેદો-પર્યાયો, સ્વભાવો તથા તેના ફળો શું હોઈ શકે ?

તેવી રીતે સંવર-ધર્મ અને તેના ફળોનું વ્યાકરણ અર્થાત્ સ્પષ્ટીકરણ હોવાથી આ અંગનું નામ પ્રશ્નવ્યાકરણ સ્પષ્ટ છે.

દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીના પાંચમા ગણધર તથા જૈનશાસનના પ્રથમ પટ્ટધર શ્રી સુધર્માસ્વામીએ પોતાના શિષ્યતમ શ્રી જમ્બૂસ્વામીના માટે આ સૂત્રની રચના કરી છે.

પુસ્તકાંતરે આ વાતને આ પ્રમાણે કહી છે. તે કાળે અને તે સમયે ચંપા નામની નગરીમાં કોણિક રાજા રાજ્ય કરતા હતાં, તેને ધારિણી નામે રાણી હતાં. એક દિવસે ચરમ તીર્થંકર ભગવાન મહાવીરસ્વામીના અંતેવાસી સુધર્માસ્વામી જેઓ અગ્યાર ગણધરોમાં દીર્ઘાયુષ્યવાળા હોવાથી જૈન-શાસનના પ્રથમ પટ્ટધર હતાં. જાતિ-કુળ-બળ-રૂપ-વિનય-જ્ઞાન-દર્શન-ચારિત્ર-લજ્જા સમ્પન્ન તથા બાહ્ય અને અભ્યંતર પરિગ્રહમાં લાઘવ સમ્પન્ન હતાં. ઓજસ્વી-તેજસ્વી-વર્ચસ્વી અને યશસ્વી હતાં. ક્રોધ-માન-માયા-લોભ-નિદ્રા-પાંચે ઇન્દ્રિયો, પરિષહોને જીતનારા હતાં. જીવન અને મરણના ભયથી મુક્ત હતાં. તપ ગુણ-નિર્લોભતા-વિદ્યા-મંત્ર-બ્રહ્મચર્ય-વ્રત-નય-નિયમ-સત્ય-જ્ઞાન દર્શન અને ચારિત્રમાં પ્રધાન હતાં. ચતુર્દશપૂર્વના ધારક હતાં. મતિ-શ્રુત-અવધિ અને મનઃપર્યવ જ્ઞાનવાળા હતાં. આવા સુધર્માસ્વામીજી પાંચ સો-અણગાર મુનિઓ સાથે એક ગામથી બીજા ગામે વિહાર કરતાં જ્યાં ચંપાનગરી હતી ત્યાં પધારે છે અને અવગ્રહની યાચના કરીને સંયમ તથા તપથી પોતાના આત્માને ભાવિત કરતાં વિહરે છે. તે કાળે અને તે સમયે આર્ય સુધર્માસ્વામીના

અંતેવાસી આર્ય જંબૂસ્વામી નામના જે કાશ્યપ ગોત્રીય હતાં તથા સાત હાથ શરીર પ્રમાણવાળા અને અત્યંત તેજસ્વી હતાં. પોતાના ગુરુદેવથી વધારે દૂર કે નજદીક નહિ એવા જંબૂસ્વામી સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતાં હતાં. એકદા શ્રદ્ધા-શંકા અને કુતૂહલવાળા થઈને પોતાના આસનથી ઉભા થયા અને જ્યાં પોતાના ગુરુદેવ બિરાજમાન હતા ત્યાં આવે છે. આવીને જમણી બાજુથી ફરતાં ત્રણવાર પ્રદક્ષિણા કરે છે. વંદન અને નમન કરે છે તથા વિનયપૂર્વક બંને હાથ જોડીને આ પ્રમાણે બોલે છે : " સમવસરણમાં બાર પર્ષદાની વચ્ચે બિરાજમાન થઈને શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ 'અનુતરોપપાતિક' નામના નવમા અંગસૂત્રની તથા અર્થની આ પ્રમાણે પ્રરૂપણા કરી છે. " તો હે ગુરુદેવ! નવમા પછી દસમા અંગ તરીકે પ્રસિદ્ધ થયેલા 'પ્રશ્નવ્યાકરણ' સૂત્રનો અર્થ શું છે? તે આપશ્રી મારા પર કૃપા કરીને ફરમાવો, જેથી ક્રમશઃ દ્વાદશાંગીનું જ્ઞાન સંપાદન કરવાની સુલભતા પ્રાપ્ત થાય. આ પ્રમાણેની શિષ્યની વાત સાંભળીને આર્ય સુધર્માસ્વામીએ ફરમાવ્યું કે, હે જમ્બૂ! જ્યારે તમને દ્વાદશાંગી પ્રત્યે શ્રદ્ધા છે તો તમે સાવધાન થઈને સાંભળો. કેમકે આગમજ્ઞાન પ્રાપ્ત કરવામાં મન-વચન અને કાયાની અપ્રમત્ત અવસ્થા જ મુખ્ય કારણ છે. ભગવંતે કહ્યું હતું કે-દસમા અંગ પ્રશ્નવ્યાકરણમાં આશ્રવદ્વાર અને સંવરદ્વાર નામે બે શ્રુતસ્કંધ છે. તેમાં પ્રથમ શ્રુતસ્કંધમાં પાંચ અધ્યયન અને બીજામાં પણ પાંચ અધ્યયનની પ્રરૂપણા કરી છે.

શ્રદ્ધાસમ્પન્ન શ્રી જંબૂસ્વામીએ પૂછયું, "હે ગુરુદેવ! કૃપા કરીને ફરમાવો કે–ભગવંતે આશ્રવ અને સંવર તત્ત્વની વ્યાખ્યા શી રીતે કરી છે?" જવાબમાં સુધર્માસ્વામીજીએ તેની સ્પષ્ટતા કરી છે. આ કારણે જ જંબૂસ્વામીથી પૂછાયેલા પ્રશ્નોનું વ્યાકરણ એટલે સ્પષ્ટીકરણ આ દસમા અંગમાં થયેલું હોવાથી દસમા અંગનું નામ 'પ્રશ્નવ્યાકરણ' યથાર્થ છે.

શાબ્દિક અને આર્થિકરૂપે વ્યાકરણ બે પ્રકારના છે. જે શબ્દોની સિદ્ધિ કરે. જેમકે 'इकोयणचि, इयं स्वरे. इवर्णादेरस्वे स्वरे यवरलम्' ઇત્યાદિ વ્યાકરણો તો છદ્મસ્થો પણ બનાવી શકે છે, પરંતુ તેનાથી માનવતા, દયા, દાન, બ્રહ્મચર્ય, નીતિમત્તા વગેરે આત્મિક ધર્મોની પ્રાપ્તિ પણ થઈ શકે તેમ નથી અને તે વિના ધુરંધર વિદ્વાન પણ અબુદ્ધ છે. આર્થિક વ્યાકરણની વ્યાખ્યા આ પ્રમાણે છે:–

'व्याक्रियते प्रश्नान्तरमुत्तरतयाऽभिधीयते निर्णायकत्वेन यत्तत्तथा व्याकरणम्'

'परप्रश्नितार्थं उत्तररूपे निर्वचने व्याकरणम्'

'पृष्टाऽपृष्टार्थकथने व्याकरणम्'

'यथावस्थित–अर्थप्रज्ञापने व्याकरणम्'

પૂછાયેલા પ્રશ્નોનો નિર્ણયાત્મકરૂપે ઉત્તર જેમાં હોય તે વ્યાકરણ કહેવાય છે.

'धर्मं प्रत्यविज्ञातपरमार्थाः व्याकरण शुष्कतर्कादिषरिज्ञानेन जातावलेपाः पण्डितमानिनोऽपि परमार्थवस्तुतत्त्वानवबोधात् अबुद्धा इति. न च व्याकरणज्ञान मात्रेण सम्यक्त्व व्यतिरेकेण तत्त्वावबोधो भवति । (राजेन्द्रकोष)

ધર્મનો પરમાર્થ જેમને અજ્ઞાત હોય તે શાબ્દિક વ્યાકરણ અથવા શુષ્ક તર્કાદિના જ્ઞાન માત્રથી ઘમંડી બનેલા તથા પોતાની જાતને પંડિત માનનારા પણ દ્રવ્યના પરમાર્થને નહિ જાણેલા હોવાથી તેઓ અબુદ્ધ જ કહેવાય છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના વ્યાકરણ માત્રથી તત્ત્વોનો સમ્યગ્બોધ થતો નથી. તેથી–

'व्याक्रियते जीवादितत्त्वं यस्मिन् तद् व्याकरणम्'

જેમાં જીવ શું ? અજીવ શું ? આશ્રવ અને સંવર શું ? બંધ અને નિર્જરા શું ? અને મોક્ષ શું ? આ તત્ત્વોનું વિશદ સ્પષ્ટીકરણ હોય તે વ્યાકરણ જ માનવમાત્રનું કલ્યાણ કરવામાં સમર્થ છે. આવા તત્ત્વોનું સ્પષ્ટ વ્યાખ્યાન જૈન શાસનમાં જ હોવાના કારણે દેવ–દેવેન્દ્ર–નરેન્દ્ર સૌને માટે તીર્થંકર પરમાત્માઓની દ્વાદશાંગી શ્રધ્ધેય, પૂજ્ય, માનનીય; મનનીય, પઠનીય, વિચારણીય, પાઠનીય અને મનસા, વચસા, કાયેન વંદનીય રહી છે.

અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરનારા જીવાત્માઓ જ્યાં સુધી હેય (સર્વાંશે કે અલ્પાંશે પણ ત્યાગ કરવા લાયક) અને ઉપાદેય (સ્વીકાર કરવા લાયક) તત્ત્વોને યાથાર્થ સમજે

નહિ ત્યાં સુધી તેઓ આત્મકલ્યાણના માર્ગે આવી શકતા નથી. અને તે વિના ઉપર ઉપરથી કુદકા મારવાનો અર્થ શું ? માટે અધ્યાત્મવેત્તાઓએ સૌથી પહેલાં હેયોપાદેય તત્ત્વો જાણવાની ભલામણ કરી છે. કેમકે મકાનના બારી–બારણા ઉઘાડા હોય તો ગમે ત્યાંથી અને ગમે ત્યારે સાવધાન માનવની પણ આંખ ચોરીને કુતરા, બિલાડા. ઉંદરડા કે ચોરના બિનધાસ્ત પ્રવેશને કોઈ પણ રોકી શકે નહિ. તેવી રીતે પાપ કયા કયા ? કેટલા ? તેમની શક્તિ કેટલી ? આત્માના હાડવૈરી કોણ ? દેવદુર્લભ મનુષ્યાવતાર પણ શી રીતે નિષ્ફળ જાય છે ? તે પાપોને રોકવા માટે કયું સાધન ? અત્યારના સમયે મારા માટે આદરણીય શું છે ? સંસારની માયામાં મસ્તાન બનીને ઉપરોક્ત પ્રશ્નોને જો ન ઉકેલી શકયા તો ફરીથી મિથ્યાત્વના ગાઢ અંધકારમાં પ્રવેશ પામ્યા પછી લાખો અવતાર પૂર્ણ કર્યે છતે પણ માનવનો અવતાર કયારે મળશે ? તે આપણા હાથની વાત રહેશે નહિ. આ કારણે જ જીવન સાફલ્ય માટે સમ્યગ્દર્શન મેળવવું, તેને શ્રદ્ધાન્વિત કરવું અને જીવનના અણુઅણુમાં પ્રવેશ કરાવવામાં પ્રયત્ન વિશેષ કરવો. આનાથી બીજો હિતમાર્ગ એકેય નથી. આપણી સદ્બુદ્ધિ પણ એક જ જવાબ આપે છે કે–પાપ માર્ગોને સૌથી પહેલાં સમજવા, છોડવા, છેવટે તેનો સંપર્ક પણ છોડી દેવો, જેથી આત્માનું શુદ્ધિકરણ હાથવેંતમાં રહેશે.

દાન–પુણ્ય, ઈશ્વર દર્શન, સંત–સેવા આદિ કાર્યો પુણ્યને ઉપાર્જન કરાવનારા છે, જે સુવર્ણની બેડી સમાન

હોવાથી જીવાત્માને તેનો ભોગવટો ભવાંતરમાં કરવાનો રહેશે; માટે સૌથી પહેલાં પાપમાર્ગ, પાપભાવ, પાપ પ્રવૃત્તિ અને વૃત્તિની ઓળખાણ અતિ આવશ્યક છે. કેમકે પાપમાર્ગાદિને બંધ કર્યા વિના–ત્યાગ્યા વિના કેવળ પુણ્યના કાર્યોથી આત્મા શુદ્ધ થતો નથી. જેથી પ્રસ્તુત પ્રશ્નવ્યાકરણનો પ્રથમ શ્રુતસ્કંધ આશ્રવને બતાવનાર હોવાથી તેની જાણકારી જરૂરી છે.

મંગળાચરણ

ગોળ–ધાણા, દહિંનું ભોજન અને સૌભાગ્યવંતી નારીના શકુન બાહ્ય મંગળ હોવાથી ફળીભૂત થતાં પણ દેખાયા છે અને સર્વથા નિષ્ફળ જતાં પણ જોવાયા છે, જ્યારે ભાવમંગળ અચૂક ફળદાયી જ બનવા પામે છે, આ કારણે જ પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીજી પ્રસ્તુત ગ્રન્થના આરંભમાં મંગળાચરણ કરવાનું ચૂકતા નથી. તે આ પ્રમાણે :–

ॐ नमो वीतरागाय । नमो अरिहंताणं ।

જે મહાપુરૂષોના રાગ–દ્વેષાદિ સર્વથા નિર્મૂલ થયેલા છે તે વીતરાગ પરમાત્માઓને હું નમસ્કાર કરૂં છું. વૈરાગ્યપૂર્વક દીક્ષિત થઇને ઘોરાતિઘોર તપશ્ચર્યારૂપી અગ્નિમાં જેઓએ કામ ક્રોધ–માયા–લોભાદિ અભ્યંતર શત્રુઓને હણી નાંખ્યા છે, બાળી નાખ્યા છે, સમૂળ ઉખેડી નાખ્યા છે તે અરિહંત પરમાત્માને મારો ભાવ નમસ્કાર છે. ઉપર પ્રમાણેના બંને નમસ્કારોમાં વ્યક્તિ વિશેષનું નામ લીધા વિના પરમાત્મદશા જેમને પ્રાપ્ત કરી હોય તેવા દેવાધિદેવ–સર્વજ્ઞ–તીર્થંકર

પરમાત્માઓને નમન કર્યું છે. 'અરિહંતાણં' શબ્દમાં બહુવચનનો પ્રયોગ એટલા માટે જ કર્યો છે, કે, 'જૈન શાસનમાં પરમાત્મા એક નથી પણ અનંત છે અર્થાત્ જેમણે કર્મોના ક્લેશોને, અવિદ્યાને, અસ્મિતાને તથા રાગ-દ્વેષને નિર્મૂલ કરી કેવળજ્ઞાન અવસ્થા પ્રાપ્ત કરી હોય તે બધાય પરમાત્મા કહેવાય છે. બીજી વાત એ છે કે વ્યક્તિવિશેષ ઉપર તો દ્વેષ-બુદ્ધિ રાખનારા હોઈ શકે છે, જેમકે :-રામચન્દ્રજીનો વૈરી રાવણ, કૃષ્ણનો વૈરી શિશુપાલ, કંસ અને દુર્યોધન આદિ. ગાંધીનો શત્રુ ગોડસે વગેરે હતાં જ્યારે અરિહંત પરમાત્માના શત્રુ કોઈ પણ હોઈ શકે નહિ. તે માટે જૈનશાસને તે તે ગુણો જેમને પ્રાપ્ત થયા છે તે તે બધાય પરમાત્માઓ છે. તેથી ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક જ્ઞાન અને ક્ષાયિક ચારિત્રને પ્રાપ્ત થયેલા પરમાત્માઓને નમસ્કાર સૂચવ્યો છે.

આ સૂત્રમાં કયા વિષયનું પ્રતિપાદન હશે ?

આશ્રવ તથા સંવરનો નિશ્ચય કરાવવાનું પ્રયોજનવાળા અરિહંત પ્રવચનના સારભૂત આ સૂત્રને (આગમને) તીર્થંકર-દેવોએ પ્રકાશિત કર્યું છે, તેને હે જમ્બૂ! હું કહીશ.

સારાંશ :-જે પ્રાણાતિપાતાદિ ક્રિયાઓ દ્વારા કર્મો આવે તે આશ્રવ છે અને આત્મારૂપી તલાવમાં પ્રવેશ પામતાં કર્મોને અર્થાત્ પ્રાણાતિપાતાદિ પાપકર્મોને રોકે તે સંવર છે. તે બંનેના સ્વરૂપાદિક કહીને તે તત્ત્વોની સ્પષ્ટ રૂપની સમજણ આ સૂત્રમાં છે. બજુરનો નિસ્યન્દ (રસ) જેમ આત્માને

તથા ઇન્દ્રિયોને માટે સરસ અને સશક્ત પેય છે, તેમ જૈન-શાસનના પ્રવચનનો સાર જાણવો, તેનું નામ સમ્યક્‌ચારિત્ર છે. જેની આરાધનાથી આશ્રવનો પરિહાર અને સંવરનો સ્વીકાર સુલભ બને છે.

મોહનીય કર્મનો સમૂળ નાશ થયા પછી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મોનો પણ નાશ થાય છે. ત્યાર બાદ તરત જ જીવાત્માને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ ચારે ઘાતીકર્મોનો એકેય અણુ રહેવા પામતો નહિ હોવાથી, વાદળાઓ વિનાનો સૂર્ય નિર્બાધ પ્રકાશિત થઇને જેમ લોકાલોકને પ્રકાશિત કરવા સમર્થ બને છે તેમ કેવળ-જ્ઞાનના માલિક પરમાત્મા–અરિહંતદેવ પણ સમવસરણમાં બિરાજિત થઇને અગણિત માનવોને સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ કરે છે. યદ્યપિ પ્રસ્તુત ગ્રંથનો વિષય ચોવીશમા અંતિમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામીએ સુધર્માસ્વામીને કહ્યો છે, તથાપિ બહુવચનના પ્રયોગથી ભૂત–ભાવિ અને ક્ષેત્રાંતરમાં રહેલા વર્તમાનકાળના તીર્થંકરોનો પણ સમાવેશ થઈ જાય છે, કેમકે આત્મા ઘાતી-કર્મ વિનાનો હોવાથી સૌના કેવળજ્ઞાનમાં રતિ માત્રનો ફરક હોતો નથી. તેથી જે પદાર્થોને કે પર્યાયોના યાથાર્થ્યને ભૂતકાળની ચોવીસીએ કહ્યું હતું તે જ વાત વર્તમાન ચોવીશી અને મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધરસ્વામીજી પણ કહી રહ્યા છે, તેમ છતાં કયાંય પણ વિરોધાભાસ હોતો નથી; જ્યારે કેવળ-જ્ઞાન વિનાના પંડિતો, છદ્મસ્થ હોવાના કારણે એક સ્થળે અહિંસા ધર્મને કહે પછી બીજા સ્થાને યજ્ઞયાગમાં પશુઓને

હોમવાનું પણ કહે છે. યાવત્ બત્રીશ લક્ષણા બાળકને પણ બલી પર ચડાવવાનું ચૂકયા નથી. 'नानृतं ब्रूयात्' આમ કહીને અમુક પ્રસંગે બ્રાહ્મણના જૂઠ વચનને તે ચાહે હાસ્યમાં, સ્ત્રીસહવાસમાં, વિવાહ પ્રસંગમાં અથવા પ્રાણનાશના સમયમાં બોલેલું હોય તેને પાપ માનતા નથી. 'परद्रव्याणि लोष्ठवत्' પારકાનું ધન માટી તુલ્ય છે, તેમ કહીને પણ બ્રાહ્મણને ચોરીનું પાપ લાગતું નથી. તેવી રીતે અનેક બ્રહ્મચારી યુવાનોએ બ્રહ્મચર્યની સાધનાથી સ્વર્ગ મેળવ્યું છે, તેમ કહીને પણ 'अपुत्रस्य गतिर्नास्ति' એટલે કે પુત્રના પિતા બન્યા વિના આપની સદ્ગતિ થતી નથી. ઇત્યાદિક વિરોધાભાસ વચનોથી જાણવાનું સરળ બને છે કે, તેમના કથન કરનારા સર્વજ્ઞ હોઇ શકે નહિ. માટે છદ્મસ્થવસ્થા જેમની નિર્મૂળ થઇ છે તેવા કેવળજ્ઞાનીઓના વચન વિરોધ વિનાના છે. સાધુધર્મની મર્યાદા જે રીતે નિર્ણીત થઈ છે તેમાં કંઇ પણ ફેરફારને સ્થાન છે જ નહિ, તેવી રીતે શ્રાવકધર્મની મર્યાદા પણ સૌને માટે એક સમાન જ છે.

બેશક! તારતમ્યભાવે તેના પાલનમાં બધાય શ્રાવક-શ્રાવિકાઓ સરખા ન રહી શકયા હોય કે ન રહી શકતા હોય તો પણ કાનુન કાયદાઓ તેમના તેમ અકબંધ જ રહેવા પામ્યા છે.

આગમ...

आगम्यन्ते जीवादितत्त्वानि हेयोपादेयानि चेति आगम :

જે શાસ્ત્રવડે જીવ–અજીવ–પાપ–પુણ્ય–આશ્રવ–સંવર–બંધ–નિર્જરા અને મોક્ષ તત્ત્વોનું તથા તેમાં કેટલા હેય છે અને કેટલા ઉપાદેય છે તેનું સમ્યગ્જ્ઞાન થાય તે આગમ કહેવાય છે. તે ત્રણ પ્રકારે છે. આત્માગમ, અનન્તરાગમ અને પરંપરાગમ.

તીર્થંકર પરમાત્માઓ અર્થની દેશના આપે છે તેથી તેમના માટે આત્માગમ છે. કેમ કે–પોતાના કેવળજ્ઞાન અને કેવળદર્શન વડે સંસારમાં અનાદિકાળથી વિદ્યમાન અનન્ત દ્રવ્યોને, અનન્ત પર્યાયોને, અનન્ત જીવોને, તેમનાં કર્મોને, ગતિ–આગતિ આદિને પ્રત્યક્ષ કરનારા હોવાથી તેમને આત્માગમના ભેદમાં ગણ્યા છે. જ્યારે ગણધર ભગવંતો છદ્મસ્થ હોવાથી તીર્થંકરોની વાણીને સમ્યક્ પ્રકારે સાંભળે છે તેથી તેઓ અનન્તરાગમ છે અને જમ્બૂસ્વામી આદિ શિષ્યો પરમ્પરાગમવાળા કહેવાય છે, કેમ કે તેઓ તીર્થંકરોને સાક્ષાત્ સાંભળી શકતા નથી. આમ કહેવાથી ગુરુપર્વક્રમ સૂચિત થાય છે. કેમ કે તીર્થંકરોના વૈરાગ્ય–તપ અને પરહિત ભાવનામાં કચાંય કચાશ નથી તેવી રીતે ગણધરોનો વૈરાગ્ય પણ ઉત્કૃષ્ટ હોય છે અને જમ્બૂસ્વામીના વૈરાગ્ય માટે તો શંકાનું સ્થાન નથી. આમ કહેવાથી પ્રસ્તુત આગમ આપ્ત-પ્રણીત હોવાથી સૌ કોઇને માટે ગ્રાહ્ય બનવા પામે છે.

પ્રથમ શ્રુતસ્કંધમાં કેટલા વિષયો છે? અને તે કયા કયા?

કોઇનાથી પણ અનુત્પાદિત જીવાત્માના એક એક પ્રદેશ પર અનાદિ કાળથી સત્તા જમાવીને રહેલ આશ્રવ તત્ત્વને જિનેશ્વરદેવોએ કહ્યું છે. જે હિંસા, મૃષાવાદ, અદત્ત, અબ્રહ્મ અને પરિગ્રહ રૂપે પાંચ પ્રકારે છે. બીજી રીતે આશ્રવને ૪૨ પ્રકારે કહેવામાં આવ્યું છે, તે આ પ્રમાણે :–

૫–ઇન્દ્રિય. ૪–કષાય, ૫–અવ્રત, ૨૫–ક્રિયા અને ૩–યોગ.
૫ + ૪ + ૫ + ૨૫ + ૩ = ૪૨.

ઇન્દ્રિય એટલે આત્મા જે સાધનોવડે સ્પર્શન, સ્વાદન, ઘ્રાણન, દર્શન અને શ્રવણનું જ્ઞાન કરે તે જ્ઞાનેન્દ્રિયો પાંચ પ્રકારની છે.

સ્પર્શેન્દ્રિય : આનાથી કર્કશ, મૃદુ આદિ સ્પર્શ જ્ઞાન થાય છે.
રસનેન્દ્રિય : આનાથી ખાટું, તીખું, કડવું આદિનું જ્ઞાન થાય છે.
ઘ્રાણેન્દ્રિય : આનાથી દુર્ગંધ અને સુગંધનું જ્ઞાન થાય છે.
ચક્ષુરિન્દ્રિય : આનાથી કાળું–ધોળું આદિ રૂપનું જ્ઞાન થાય છે.
શ્રવણેન્દ્રિય : આનાથી સાંભળવાનું જ્ઞાન થાય છે.

આ પ્રમાણે પાંચે ઇન્દ્રિયોના ૨૩ વિષયોનું ગ્રહણ આત્મા પોતે રાગ–દ્વેષથી પ્રેરાઇને કરે છે.

ક્રોધ, માન, માયા અને લોભ રૂપે કષાય ચાર ભેદે છે.

પ્રાણાતિપાત (હિંસા), મૃષાવાદ (અસત્ય), અદત્તદાન (ચૌર્યકર્મ), અબ્રહ્મ (દુરાચાર–મૈથુન), પરિગ્રહરૂપે અવ્રત પાંચ પ્રકારે છે.

૨૫ ક્રિયાઓ :—કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી, પ્રાણાતિપાતિકી, આરંભિકી, પારિગ્રહિકી, માયા-પ્રત્યયિકી, મિથ્યાદર્શન પ્રત્યયિકી, અપ્રત્યાખ્યાનિકી, દાર્શનિકી, સ્પાર્શનિકી, પ્રાતીત્યિકી, સામંતોપનિપાતિકી, વૈશસ્ત્રિકી, સ્વ-હસ્તિકી, આનયનિકી, વૈદારણિકી, અનાભોગિકી, અનવકાંક્ષા પ્રત્યયિકી, પ્રાયોગિકી, સામુદાયિકી, રાગ પ્રત્યયિકી, દ્વેષ પ્રત્યયિકી અને ઐર્યાપથિકી.

(નવતત્ત્વ પ્રકરણ : ગાથા ૨૨, ૨૩, ૨૪)

મન, વચન અને કાયા નામે ત્રણ યોગ છે.

હિંસા

રાગ–દ્વેષ અને પ્રમાદના કારણે જીવોનું મારણ, પીડન, હનન, ત્રાસન, ભયોત્પાદન આદિ થાય તેને હિંસા કહેવાય છે. કાજલની ડાબલીમાં જેમ કાજલ પૂર્ણરૂપે ભરેલ છે તેવી રીતે સંસારની દશે દિશાઓમાં અનંતાનંત જીવો રહેલા છે, તેથી જે દિશા તરફ જીવાત્માનું હલનચલન થશે ત્યાં જીવહિંસા રહેલી જ છે. જૈનશાસને પ્રમાદજન્ય ગંદી ભાવનાઓ અને કષાયભાવો આદિના કારણે થતી ક્રિયાઓ અને તે દ્વારા થતી જીવહત્યાને જ પ્રાણાતિપાત કહ્યો છે. અન્યથા બીમાર માણસને જીવિતદાન દેવાની ઇચ્છાવાળા ડોક્ટરો થિએટર પર લીધેલા બીમારનું ઓપરેશન કરે છે અને ડોક્ટરની પાકી સાવધાની છતાં પણ તેનું મૃત્યુ થાય છે. બીમાર પુત્રને તેની માવડી બલજબરીથી છેવટે મોઢામાં વેલણ નાખીને પણ કડવી દવા

પીવરાવે છે ઇત્યાદિ પ્રસંગોમાં ડોક્ટર કે માવડીને જીવહત્યા લાગતી નથી. કેમ કે તેમને તેવા હિંસક પરિણામો નથી હોતા. ઘરનો નોકર બાલુડાને હિંચકો દેતા કંઇક અકસ્માત્ થાય અને બાળક મરી જાય તો પણ તેની ફરીયાદ કોર્ટમાં લેવાતી નથી, જ્યારે સામેવાળાને મારવાના ઇરાદે હાથમાં ડંડો લઇને દોડનારા માનવને ભલે તે સામેવાળાને માર્યો પણ ન હોય તો પણ પોલીસ તેને પકડશે અને કારાગૃહમાં નાખશે. આનાથી સૌ કોઈ સમજી શકે છે કે-સંકલ્પપૂર્વક મારવાના ઇરાદે જે કંઈ ક્રિયા થાય તે જીવહિંસા છે.

દ્રવ્યહિંસા અને ભાવહિંસા એટલે શું ?

મન-વચન-કાયાથી, ક્રોધ-માન-માયા અને લોભપૂર્વક જે ક્રિયાઓ કરાય તેનાથી સામેવાળા જીવના હાથ-પગ-નાક-આંખ-કાન અથવા તેવા પ્રકારના જૂઠવચન કલંક, ગાળ, ચોરી, મૈથુન આદિના કારણે સામાવાળાને ધાસલેટ-પેટ્રોલ છાંટીને કે વિષ પ્રયોગથી કે કાંકરીયા તળાવમાં કે જૂહુના દરિયામાં પડીને મરવાનું થાય તે દ્રવ્યહિંસા કહેવાય છે. અને તેવા પ્રકારની ચોરી, તેની મિલકત (થાપણ) પરત ન કરવી અથવા વેચાતાં કે ધીરાણમાં મૂકેલા આભૂષણો કે માલમાં ભેળસેળ કરીને સામેવાળાને દુઃખી-દરિદ્રી, ભૂખે મરતાં કે તેના બાળ-બચ્ચાઓને ભૂખે મરતાં કરવા તે ભાવ હિંસા છે. તેના ચાર ભાંગા (ભેદો) પણ થઈ શકે છે. ૧. પર-દ્રવ્ય હિંસા, ૨. પર-ભાવ હિંસા, ૩. સ્વ-દ્રવ્ય હિંસા અને ૪. સ્વ-ભાવ હિંસા.

પહેલામાં પોતાનાથી અતિરિક્ત જીવોની હિંસા થાય છે.

બીજામાં તેના સુખ-શાંતિ અને સમાધિ સમાપ્ત થાય છે.

ત્રીજા ભાંગામાં ક્રોધ-કષાયથી પોતાના શરીરને હાનિ થાય છે અને ચોથામાં પોતાની અવળચંડાઇ, ગેરવર્તણુંક, પાપી અને સ્વાર્થી ભાવનાના કારણે આપણા દુઃખ, દરિદ્રતા, અસમાધિ, શોક, સંતાપ તથા આર્તધ્યાનમાં આપણે જ કારણ બનીએ છીએ. આ ચારે પ્રકારની જીવહિંસામાં વિષયવાસનાની તીવ્ર ભાવનાવાળા, ક્રોધ કષાયમાં ધમધમતા તથા ઇન્દ્રિયોના ગુલામોનો સમાવેશ થાય છે.

વૈરાગ્ય અને ભાવદયાના માલિક મહાવ્રતધારી મુનિરાજોએ પાપના દ્વારો સર્વથા બંધ કરી દીધેલા હોવાથી કોઈ પણ જીવને મનસા-વચસા અને કાયાથી મારવાની બુદ્ધિ વિનાના હોવાથી જીવહિંસા વિનાના હોય છે. જ્યારે ગૃહસ્થ શ્રાવકોને થોડી માત્રામાં જ વ્રત હોવાથી જેટલી માત્રામાં ઉપયોગવાળા થશે તેટલી માત્રામાં જીવહત્યાનો ત્યાગ તેમના ભાગ્યમાં રહેશે. ત્રસ અને સ્થાવરરૂપે જીવ બે પ્રકારના છે. તેમાંથી સ્થાવર જીવોને (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ) ગૃહસ્થ ત્યાગી શકતો ન હોવાથી ત્રસ જીવોનો (બેઇન્દ્રિય, ત્રીરિન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય) ઘાત ન કરે, તેમ છતાં પણ ગૃહસ્થાશ્રમના નિભાવ માટે હાટ-હવેલી-ખેતી વગેરેના કારણે ત્રસ જીવોની હત્યા થયા વિના

રહેવાની નથી. માટે સંકલ્પ એટલે ઇરાદાપૂર્વક તેમની હત્યા ન કરે, તેમાં પણ અપરાધ કરનારા જીવોને દંડ દીધા વિના ગૃહસ્થાશ્રમી નભી શકે તેમ નથી; માટે ગુંડા, બદમાસ, ચોર, લુંટારા અથવા પુત્ર–પુત્રીઓ અપરાધ કરે તો તેઓ પણ દંડનીય હોવાથી તેમને દંડ દેવો અનિવાર્ય છે. તો પણ સાપ, વિંછુ, વાઘ, વરૂ, બકરા, ઘેટાં, પાડા, માખી, મચ્છર, માકડ, જૂ અપરાધ વિનાના હોવાથી તેઓને મારવા ઠીક નથી. નિરપરાધી જીવોમાં પણ પુત્ર–પુત્રીઓ, નોકર–ચાકરોને સદાચારમાં રાખવા માટે ધમકાવવા પડે કે દંડ દેવો પડે છે, તેથી ગૃહસ્થો સંકલ્પપૂર્વક નિરપરાધી ત્રસ જીવોને ઇર્ષ્યા, વૈર, કલેશ કે ક્રોધમાં આવીને ન મારે.

ઉપર પ્રમાણે અંશથી પણ ગૃહસ્થાશ્રમી, ધીમે ધીમે પોતાની પરિસ્થિતિ જેવી હોય તે પ્રમાણે જીવહિંસા છોડતો જાય છે. સારાંશ કે જીવહત્યા માનસિક પરિણામો પર અવલંબિત છે. માટે જ કહેવાયું છે. "ક્રિયાયૈ કર્મ, પરિણામે બંધ અને ઉપયોગે ધર્મ."

જીવની ઉત્પત્તિ અને સંસાર પરિભ્રમણ માટે જૈન શાસન શું કહે છે?

ખાણમાંથી નીકળેલ સુવર્ણ મિશ્રિત માટી માટે.
મરઘી પહેલા કે ઇંડુ પહેલા તે માટે.
આંબા(કેરી)નું ઝાડ પહેલા કે ગોટલી પહેલા તે માટે.

ઇત્યાદિ કેટલાય પ્રશ્નો સાવ નિરર્થક એટલા માટે છે કે,

જેનો જવાબ કોઇની પાસે નથી હોતો. કેમકે:–ત્રણે લોકના ત્રણે કાળમાં સુવર્ણ અને માટીને મિશ્રિત કરનાર કોઈ નથી. તેમ ઈંડા વિના મરઘી જન્મતી જ નથી તેમ મરઘી પહેલા ઈંડુ હોતું નથી. તેવી રીતે, કેરીનું ઝાડ ન હોય તો ગોટલી ક્યાંથી? અને તે વિના કેરીનું ઝાડ કયાંથી? ભલભલાની મતિને વિતંડાવાદમાં ફસાવી નાખે તેવી આ વાત છે. છતાં પણ સંસારની ત્રણે વસ્તુ સૌની પ્રત્યક્ષ છે. માટે અવળા કુતર્કોના ચકાવે નહિં ફસાયેલો બુદ્ધિશાળી માનવ એક જ જવાબ આપશે કે આ અને આના જેવા બધાય પ્રશ્નો અનાદિકાળના છે, જે કોઇના પ્રયત્ન વિશેષથી પણ ઉત્પાદિત નથી. અથવા તેમાં ફેરફારને પણ અવકાશ નથી.

સંસારમાં પૌદ્ગલિક રજ સૂક્ષ્મ અને સ્થૂળ રૂપે બે પ્રકારની છે, તેમાંથી પોતાના અધ્યવસાય વિશેષ વડે જીવાત્મા આઠ પ્રકારની સૂક્ષ્મ કર્મવર્ગણા(રજ)ને ગ્રહણ કરે છે, અને જેનું ગ્રહણ થાય છે તેનું વિસર્જન પણ તર્કગમ્ય છે. આ ન્યાયે આત્મા સાથે નિકાચિત કે અનિકાચિત રૂપે ચોંટેલા કર્મોને છોડતો આત્મા નવા કર્મોને ગ્રહણ કરતો જાય છે માટે એક જીવની અપેક્ષાથી પ્રવાહથી અને અનેક જીવોની અપેક્ષાએ કર્મો અનાદિના છે.

જેની આદિ છે તેનો અંત પણ નિશ્ચિત હોવાથી પ્રવાહની અપેક્ષાએ કર્મો જ્યારે આત્માને ચોંટે છે તે સમયે તેની આદિ થઈ કહેવાય છે. અને તપસ્યા વિશેષથી તે કર્મોને

બાણી નાખે, બંધેરી નાખે, ત્યારે તેઓનો અંત થાય છે. માટે સિદ્ધ પરમાત્માઓ કર્મોના મેલથી સર્વથા મુક્ત હોવાથી તેમને આશ્રવ માર્ગે અર્થાત્ કર્મોને ઉપાર્જન કરવાના માર્ગે પ્રવૃત્તિ કરવાનો પ્રસંગ જ ઉપસ્થિત થતો નથી. અનાદિ જીવ કર્મોના બંધનમાં બંધાયેલો હોવાથી તેમને ફરી ફરીથી પાપકર્મો પ્રત્યે પ્રત્યાસક્તિ હોય તે સ્વાભાવિક છે. આ કારણે જ પાપકર્મો કરવાનું જીવને ખેંચાણ રહે છે. યદિ સર્વ પ્રથમ જીવને પાપરહિત માનવામાં આવે તો પાપ વિનાના જીવાત્માને આશ્રવમાર્ગે (પ્રાણાતિપાત–હિંસામાર્ગે) જવાની આવશ્યકતા જ કયાંથી રહે? કોઈ પણ પરિશુદ્ધાત્મા પાપપંકમાં લપટાઇને યમદૂતોનો માર ખાવા માટે કબુલ ન જ થાય. તેથી પાપની વાસનાવાળો આત્મા જ પાપનું સેવન કરે છે; તેથી જીવનું અનાદિકાલીન વિશેષણ સાર્થક બને છે.

સંસારની આદિ નથી માટે તેનો અંત પણ નથી. કેમકે સંસારના ઉત્પાદનમાં ઈશ્વરની માયાને કોઇએ પ્રત્યક્ષ કરી નથી તેમ હજારો પ્રયત્ન કર્યે છતે પણ તેનું પ્રત્યક્ષીકરણ શકય નથી. તેમ છતાં સંસાર છે, જીવો છે, તેના કર્મો છે, નરકાદિ ગતિઓ છે, હવામાનના કારણે વાદળાઓ તથા વિજળીઓ છે. જીવો પોતાના જ કરેલા કર્મોના કારણે સુખ–દુઃખ, સંયોગ–વિયોગ, અવનતિ–ઉન્નતિ આદિનો અનુભવ કરે છે, આમાં કર્મોનું પ્રત્યક્ષીકરણ આગમ તથા અનુભવગમ્ય છે.

પ્રસ્તુત આગમના પ્રથમ શ્રુતસ્કંધનો પ્રથમ અધ્યાય પ્રાણાતિપાત નામનો છે. તેને પાંચ પ્રકારે વિસ્તૃત કરવામાં

આવ્યો છે. જેથી સ્થૂળ બુદ્ધિવાળા તથા પૂર્વગ્રહગ્રસિત જીવોને પણ સરળતાથી પ્રાણાતિપાત નામના પાપનો ખ્યાલ આવી શકે. તે આ પ્રમાણે :–

(૧) આશ્રવનું સ્વરૂપ

(૨) તેના જુદા જુદા નામો (પર્યાયો)

(૩) પ્રાણીઓવડે જે કરાય અથવા તે જે રીતે કરાય છે.

(૪) આશ્રવનું ફળ શું ?

(૫) જે પાપી જીવો તે કરે છે.

પ્રાણાતિપાતનો વિષય હોવાથી ઉપરના પાંચ પ્રકારે તેનો નિર્ણય કરવાનો છે, એટલે કે પ્રાણાતિપાતનું સ્વરૂપ–સ્વભાવ કેવો છે ? તેને જુદા જુદા નામોથી શી રીતે ઓળખવો ? જે મણુસો પ્રાણાતિપાત કરે છે અને જે પ્રકારે કરે છે, તેનું ફળ શું છે ? અને પાપના ભરેલા જીવો તેને આચરે છે.

ભેદ અને પર્યાયોવડે કોઈ પણ તત્ત્વની વ્યાખ્યાઓ સમજવામાં અને સાધકોને સમજાવવામાં સરળતા રહેલી હોય છે. તેથી પ્રાણીવધનું સ્વરૂપ શું છે ? તેનો નિશ્ચય કરવો એટલે કે :–એકેન્દ્રિયથી લઇ પંચેન્દ્રિય જીવોની હત્યા કરતી વખતે ઘાતકના શરીરમાં, આંખમાં, કપાળમાં શું શું ફેરફાર થાય છે તેને સ્વરૂપ કહેવાય છે. સ્વરૂપનો અર્થ સ્વભાવ છે. પાંચ મિનિટ પહેલાનો દયાભાવ, ક્રોધ કષાયમાં શા માટે પરિવર્તિત થયો ? દયાભાવના સ્વભાવમાં કયા કારણે ફેરફાર થયો ?

તેનો નિર્ણય કરવાનો રહેશે. યદ્યપિ કેવળી ભગવંત વિના તેની ખબર ન પડે તો પણ રાજસ, તામસ, વૈભાવિક ભાવોની ઉત્પત્તિ ગમે તે કારણે થાય. તે માનવના કપાળ, આંખ આદિને જોવાથી અનુમાન કરવામાં વાર લાગે તેમ નથી. જૈન શાસનનું કથન છે કે, પ્રાણાતિપાત(જીવહિંસા)નો પરિણામી, અત્યાગી, તેમાં રમણ કરનાર, વારંવાર માનસિક જીવનમાં પણ પરદ્રોહનો ભાવ, શરીરની ચેષ્ટા, હલન–ચલન અને બોલવામાં પારકાનું માન ખંડન (અપમાન) કરવાની બુરી આદત. ઇત્યાદિ હિંસ્ર-ભાવના જેના જીવનમાં ઘર કરીને બેઠી હોય તેવા માનવોના સ્વભાવ કોઇ કાળે પણ એક સરખા રહી શકતા નથી. ગમે ત્યારે પણ તેનો સાત્વિક ભાવ જશે અને તામસિક ભાવ આવશે. સ્વભાવ જશે અને પરભાવ આવશે, ધર્મ જશે અને અધર્મ આવશે. તેની માહિતી તેના કપાળ અને હોઠનું ફરકવું, આંખની લાલાશ, હાથ પગમાં ચંચળતા અને બોલવા–ચાલવામાં ફેરફાર થયા વિના રહેવાના નથી. તે ઉપરથી આપણે અનુમાન કરી શકીએ કે, આ ભાઈ સાહેબના મનમાં શું ઘોળાઈ રહ્યું છે. માટે પહેલા પ્રકારમાં હિંસક માનવના સ્વભાવ કેવા હોય છે ? તે કહેશે. એક જ વાતને જૂદા જૂદા નામે કે પર્યાયોવડે કહેવાની વાત જૈનાચાર્યો સિવાય બીજે પ્રાયઃ કરીને જોવાતી નથી. તેથી બીજા પ્રકારમાં હિંસાના પર્યાયો કેટલા અને કેવા છે તેની વિસ્તૃત માહિતી જોવા મળશે. ભેદ વ્યાખ્યાગાં કરણ પ્રકાર અને ફળ ભેદ વડે–એટલે કે–જેઓએ પ્રાણીવધ કર્યો છે અને જે કરી રહ્યાં છે તેમાં કારણનો વિચાર કરવાનું રહેશે.

અને તે પ્રાણીવધનું ફળ શું મળશે? તેનો વિચાર પણ ખૂબ જ વિસ્તારથી કર્યો છે. કેમ કે ફળની જાણકારી થતાં કોમળ માનવોને જીવહિંસા પાપ જ છે તેનું ભાન થશે અને તેમ થતાં જીવહિંસા ધીમે ધીમે તેના જીવનથી અલવિદા લેવા માંડશે. ભગવતીસૂત્રમાં પણ પહેલા કર્મ કરાય છે પછી તેનું વેદન થાય છે. અહીં પણ પહેલા પ્રાણીવધ કરાય છે પછી તેના કડવા ફળો પણ ભોગવવાના રહેશે. આવી રીતે પાંચ આશ્રવોને માટે કહેવાશે, 'હે જમ્બૂ! તું ધ્યાનપૂર્વક સાંભળજે'.

પ્રાણીઘાતકના બાવીશ સ્વભાવો કયા કયા?

જિનેશ્વર ભગવંતોએ નીચે લખ્યા પ્રમાણે પ્રાણવધના બાવીશ સ્વભાવોને કહ્યાં છે. સારાંશ કે–તે સ્વભાવો હિંસા-ભાવના પરિણામથી થાય છે માટે તે બધાયમાં મૂળ કારણ હિંસા જ છે, તે હવે વિસ્તારથી જાણીએ.

૧. પાપ સ્વભાવ :–પ્રાણી વધક, હિંસક, ઘાતક, મારક માનવના પરિણામો, અધ્યવસાયો અને લેશ્યાઓ ઘણી જ બરાબ હોવાથી, તેના દ્વારા થતાં, ઉપાર્જન કરાતાં કર્મો, કર્મ-પ્રકૃતિઓ, પાપનો જ બંધ કરાવનારી હોય છે; માટે જીવ-હિંસા પાપ જ છે. સંક્લિષ્ટ પરિણામોના કારણે જે રીતે પણ તે માનવ બીજા જીવોનું હનન–મારણ અને પીડન કરશે તેનાથી આવનારા ભવોમાં તે પાપ પ્રકૃતિઓ ઉદયમાં આવશે અને તે તે પ્રકારે જ મહા દુઃખોને ભોગવશે; કારણમાં કહેવાયું કે, ગમે તે રીતે પણ આપણા હાથે મરનાર પ્રાણી શાપ દીધા

વિના મરતો નથી. હિંસક માનવનો સ્વભાવ જ બીજા પ્રાણીઓના પ્રાણોને, મશ્કરીમાં, સ્વાર્થમાં, લોભમાં કે ક્રોધમાં આવીને હાનિ પહોંચાડવાનો હોય છે.

૨. ચંડઃ–ક્રોધ–માન–માયા અને લોભ કષાય કહેવાય છે, તેમાં પણ ક્રોધ–કષાય કરતાં માન–અભિમાન, ઘમંડ, મદ આદિ કષાય વધારે ખરાબ છે. તેનાથી પણ માયા વધારે ખરાબ અને લોભ સૌ પાપોનો પિતા છે, બાપ છે. આ કષાયોનો જ્યારે તીવ્ર ઉદય હોય છે ત્યારે તેનાથી પ્રેરાઇને પુરૂષનો પુરૂષાર્થ હિંસક બનતો હોવાથી તે ચંડ કહેવાય છે. એટલે કે હિંસક સ્વભાવ માનવને કષાયાધીન બનાવે છે. મન–વચન અને કાયામાં જ્યારે જ્યારે પરહત્યા, પરદ્રોહ અને પરનિંદાની લહેર આવે છે, ત્યારે ત્યારે માનવનું મસ્તિષ્ક, આંખના ખુણા અને નાકના ટેરવામાં ચંચળતા આવ્યા વિના રહેતી નથી, તેમાં જ્યારે ઉગ્રતા વધે છે ત્યારે માનવ પોતે જ ચંડ બની જાય છે. 'चड्डु कोप' આ ધાતુથી 'चण्डते इति चण्डः' શબ્દ બન્યો છે. 'चण्डस्त्वत्यन्तकोपनः' માટે હિંસક માનવ ચંડસ્વરૂપી હોય છે. ક્રોધ કષાયના મૂળમાં લોભ રહેલો છે 'लोभात् क्रोधः संजायते' જ્યાં લોભ હોય છે ત્યાં નાના મોટા સ્વાર્થને પણ નકારી શકાતો નથી અને સ્વાર્થાંધ બનેલો માનવ પરઘાતક અથવા સ્વઘાતક બન્યા વિના રહેતો નથી. પરઘાતક એટલે બીજા જીવોની રોજી–રોટી, બેટી–વહુનો ઘાતક અને સ્વઘાતક એટલે પોતાના આત્માને કર્મોના ભારથી ખૂબ ખૂબ ભારે કરવો, અથવા જાણીબુઝીને સત્કાર્યોનો ત્યાગ કરી પાપ કાર્યો કરવા.

વ્યવહારનયે પરઘાતકને કસાઈ માનવામાં આવે છે જ્યારે નિશ્ચયદૃષ્ટિ સ્વઘાતકને અતીવ ખરાબ માને છે. 'કસાઈ અને કષાયી' બંને શબ્દોનો અર્થ એક જ છે, કેવળ ભાષાકીય દૃષ્ટિએ જ ફેર છે, સંસ્કૃત ભાષામાં 'કષાયી' શબ્દ છે અને પ્રાકૃત ભાષામાં કષાયીનો કસાઈ રૂપાંતર થાય છે, તેમ છતાં પણ વ્યવહારનયના માનવોએ કસાઇપણું છોડવાનો આગ્રહ કર્યો અને કેવળી ભગવંતોએ કષાયિત્વ છોડવાની ભલામણ કરી છે. સારાંશ કે સ્વઘાતકત્વ મટ્યા વિના પરઘાતકત્વની આદત મટવાની નથી. આ કારણે જ કસાઈ હિંસક છે અને કષાયી મહાહિંસક છે.

૩. **રૌદ્ર** :–હિંસ્ર સ્વભાવના કારણે માનવ જીવનમાં રૌદ્ર નામનો રસ વિશેષ પ્રવર્તિત થઈ જવાના કારણે હિંસક રૌદ્ર-સ્વરૂપી હોય છે. સ્વ કે પરઘાતકમાં આત્માના અધ્યવસાયો–પરિણામો છેવટે વિચારો અને ઉચ્ચારો પણ રૌદ્રસ્વરૂપને ધાર્યા વિના રહેતા નથી. વધારે પડતાં ક્રોધી માનવની લાલ આંખને જોયા પછી સામેવાળાને ભય લાગ્યા વિના રહેતો નથી. તો પછી તેના હાથમાં તલવાર, બંદુક કે છરો હોય તો ગમે તેવાને પણ ભય ઉત્પન્ન થયા વિના રહેતો નથી. બીજાને ભય ઉત્પન્ન કરાવનારના માનસિક અધ્યવસાયો હિંસ્ર જ હોય છે.

૪. **સહસા** :–સહસા એટલે સાહસિક, શૂરવીર નહિં, પરંતુ સાર્થક કે નિરર્થક કાર્યોના ફળાદેશનો વિચાર કર્યા વિના જ ગમે તેવી પ્રવૃત્તિમાં માથું મારનાર સાહસિક કહેવાય છે. આ કાર્ય કરવા જેવું છે? કરવાથી સામેવાળાનું શું

થશે ? ઇત્યાદિ વિવેકબુદ્ધિથી શૂન્ય તેના માનવો હિંસક હોય છે. આવાઓને મારક, ઘાતક, નિંદક, પર-દ્રોહાત્મક, આગળ વાત કરીએ તો "વિવાહની વરસી કરે" તેવા નિંદનીય કાર્યોમાં આ ભાઇસાહેબોને ભાવી કાળના માઠા પરિણામોનો ખ્યાલ હોતો નથી.

૫. **ક્ષુદ્ર** :-આનો અર્થ દ્રોહક અથવા અધમ થાય છે. હિંસક સ્વભાવના કારણે માનવ સ્વપર દ્રોહાત્મક અને અધમ બનતો હોવાથી હિંસક ને ક્ષુદ્ર કહ્યો છે. સ્વ દ્રોહ એટલે પોતાના આત્માનો દ્રોહ કરવો અને પરદ્રોહ એટલે બીજા જીવો સાથે સ્વાર્થમય સંબંધ બાંધેલો હોવાથી તેમને શીશામાં કેવી રીતે ઉતારવા ? એકની પાઘડી બીજા પર કઈ રીતે ફેંકવી ? "ચડ જા બેટા શૂળી પર, ખુદા તેરા ભલા કરે." ઇત્યાદિ પ્રકારે પારકાઓને રોવડાવ્યા વિના, ભૂખે માર્યા વિના, બજારમાંથી તેમની દુકાનના પાટીયા ઉંચા નીચા કર્યા વિના, ભાઈની પત્નીઓને તથા તેમના છોકરા છોકરીઓને ઘર ઘરના ભીખારી બનાવ્યા વિના, તેમને દિવસે ચેન અને રાત્રે નિદ્રા પણ આવતી નથી. અરિહંત પરમાત્માનું શાસન તેવા જીવોને ક્ષુદ્ર કહે છે.

૬. **અનાર્ય** :-પાપકર્મોને રોકવાની સમર્થતા જેમનાં ભાગ્યમાં નથી હોતી તે અનાર્ય છે, જેઓ સદૈવ પાપકર્મોની ઉદીર્ણા કરીને પણ પાપાચરણ, પાપ ભાષા, પાપ વૃત્તિને કર્યા વિના રહેતા નથી.

૭. **નિઘૃણ** :-દેવદુર્લભ માનવાવતાર મેળવ્યા પછી તથા જ્ઞાન-વિજ્ઞાન અને બુદ્ધિશાળી બન્યા પછી, અનપઢ,

અનાર્ય અને બાનદાની વિનાના માનવો જે કાર્ય કરે, ભાષા બોલે, ઇત્યાદિ કાર્યો મારે કરવા જોઇએ ? કે ન જોઇએ ? તેનો વિવેક ન હોવાથી તેમના જીવનમાંથી પાપ જુગુપ્સા, પાપ ભીરૂતા પણ ધીમે ધીમે અદશ્ય થતી જાય છે; પરિણામે ગમે ત્યારે અને ગમે ત્યાં પણ પારકાનું હનન, મારણ, તાડન આદિ કાર્યો કરી શકે છે.

૮. **નૃશંસ-નિસ્સૂક** :-નૃશંસ એટલે દયા વિનાનો અને નિસ્સૂક એટલે લજ્જા વિનાનો. લજ્જા વિનાના માનવોને દયારહિત બનતાં વાર નથી લાગતી, તેવાઓના જીવનમાં ક્રૂરતાનો પ્રવેશ સુલભ બને છે. ફળસ્વરૂપે સર્વથા નિરર્થક કાર્યો કરવામાં-જેવા કે લેવા-દેવા વિના પણ ફળ-ફૂલ તોડવા, ઝાડના પાંદડા, ડાળ, નાની ડાળો વગેરે કાપવી, બેઇન્દ્રિયાદિ જીવોને ચગદવા, પગથી જમીન સાથે ઘસવા, કુતરીના બચ્ચાંઓને લડાવવા, સર્પ-વીંછી આદિ જીવોને પત્થર, ડંડો કે બંદુકની ગોળીથી વિંધી નાખવા વગેરે કાર્યો કરવામાં પણ જેમને લજ્જા નથી તેઓ શું પંચેન્દ્રિયોને, કુટુંબીઓને છેવટે પરસ્ત્રીના મોહમાં આવીને પોતાની ઘરવાળીને પણ હેરાન પરેશાન કર્યા વિના રહી શકવાના છે ? આવાઓના જીવનમાં ધર્મસંજ્ઞા, જ્ઞાનસંજ્ઞાનો અભાવ હોવાથી ગમે ત્યાં પણ હિંસ્રતાનું પ્રદર્શન કર્યા વિના રહેવાના નથી.

૯. **મહાભય** :-અવસર આવ્યે બીજાઓને મારવાની આદતવાળા હિંસક માનવને પણ સામેવાળાથી ભયની પ્રાપ્તિ

થયા વિના રહેતી નથી. જેમ કે-મેં જે સર્પ(સાપ)ને મારી નાખ્યો હતો તે બદલો લેશે તો ? બીજાઓથી મરાવી દીધેલો મારો ભાઈ વ્યંતર, ભૂત, પિશાચ બનીને મને હેરાન-પરેશાન કરશે તો ? આ રીતના ભયો પરહત્યા કરવાવાળાઓના મસ્તિષ્કમાં રેઇસના ઘોડાઓની જેમ દોડતા જ હોય છે.

૧૦. પ્રતિભય :-પ્રત્યેક પ્રાણીઓથી ભયની પ્રાપ્તિના ભણકારા વાગ્યા કરે છે. ઉદાહરણ તરીકે નાગરાજના શત્રુ મોર, નોળીઓ, વાંદરો, મનુષ્યો વગેરે કેટલાય છે. જેઓ સાપને જોઈને માર્યા વિના રહેતા નથી. આવી રીતે ગયા ભવોમાં જેમને મહાહિંસાઓ કરી હોય તેમને આ માનવાવતારમાં પણ ચારે તરફથી ભય-ભય અને ભય બન્યો રહે છે.

૧૧. અતિભય :—લોભાંધ, માયાંધ, કામાંધ અને સ્વાર્થાંધ બનીને જે રીતે બીજા જીવોને માર્યા છે, તેના કારણે તે હિંસકને પણ ઇહલૌકાદિ ભયો સતાવતા જ હોય છે. તેમાં પણ બીજા ભયોને પહોંચી વળવામાં સમર્થ માનવને પણ મરણના ભયથી ધ્રુજારી આવ્યા વિના રહેતી નથી, ચારે તરફથી ભયની ભૂતાવળો જ તેમને દૃષ્ટિગોચર થાય છે. ઘણા જીવોને આપણે પ્રત્યક્ષ કરી રહ્યાં છીએ કે-તેઓ બિચારા લોભાસક્ત બનીને અસંખ્યાતા જીવોને મોતના ઘાટે ઉતારે છે. અને જ્યારે અતિ-ઉગ્ર પાપના ફળો તેમને ભોગવવાનો અવસર આવે છે ત્યારે મરણ પથારીએ રીબાઈ રીબાઈને, છાતી કૂટા કરતાં, આંખોમાંથી પાણી છલકાવતાં, તેમજ ડોકટરોને કાલાવાલા કરતાં કરતાં વિના મોતે મરે છે. વધારામાં વ્યાપાર-

વ્યવહારમાં બીજા જીવો સાથે બાંધેલ વૈરને ભોગવવા માટે દુર્ગતિઓમાં રખડપટ્ટી કરવાની ભાગ્યમાં શેષ રહે છે.

૧૨. ભાવનક :–હિંસક વ્યવહાર, રાજ્ય વિરૂદ્ધ વ્યાપાર અને વૈર વિરોધથી પૂર્ણ જીવનના કારણે સ્વયં ભયગ્રસ્ત બનેલો માનવ ' **स्वयं नष्टः परान् नाशयति** ' આ ન્યાયે બીજાઓને પણ ભય પમાડતો જ હોય છે, જેમ સાપથી ભય પામતો માણસ, સાપના અભાવમાં પણ ' ભયનો માર્યો સાપ સાપ કરીને હજારો માણસોના જીવને અદ્ધર કરી દે છે ઇત્યાદિ કારણોને લઇને ભાવનક (બીજાઓને ભયપ્રદ) અવસ્થા પણ પ્રાણીઘાતકનું સ્વરૂપ છે.

૧૩. ત્રાસ :–આવા માણસો ચારે તરફથી બારી બારણા બંધ થયેલા પોતાના કમરામાં બેઠા બેઠા પણ આકસ્મિક (કારણ વિના) ભય પામીને માથુ ધુણાવે છે, શરીરમાં ધ્રુજારીનો અનુભવ કરે છે અને છેવટે પોતાને મરણાસન્ન અવસ્થામાં લાવી મૂકે છે. અથવા તો બીજાઓને નુકશાનમાં ઉતારીને ત્રાસ દેવો તે ત્રાસ છે. અથવા સ્વયં ત્રસ્ત રહેવું. બીજાઓને ત્રાસિત કરવા, તે ત્રાસ છે. હિંસક માનવોની આ દશા સ્વાભાવિક છે.

૧૪. ઉદ્વેગજનક :–મનમાં સ્વાભાવિક કે આકસ્મિક ઉદ્વેગ બન્યો રહે છે તેથી તેવા માણસો ઘણીવાર લમણે હાથ દઈ કિંકર્ત્તવ્ય મૂઢ જેવા બનીને દિશાશૂન્ય બની જાય છે. જાણે બીજુ કંઈ પણ કરવાનું છે જ નહિ; આવા ખ્યાલાતોના કારણે સશક્ત હોવા છતાં, પારકાઓને સારી બુદ્ધિ દેવાની

શક્તિ હોવા છતાં પણ પોતે પોતાના માટે કંઇ પણ કરી શકતા નથી.

૧૫. અન્યાય :-પ્રાણીઓના પ્રાણઘાતક માનવો સદૈવ ન્યાયભ્રષ્ટ થયેલા હોવાથી તેમની પ્રત્યેક ક્રિયાઓ ન્યાય-નીતિ અને સત્યરહિત હોય છે. માટે હિંસાના કાર્યોમાં મશગુલ બનેલા માનવોની-જીવની નીતિ ન્યાયવાળી હોતી નથી. તેઓ બીજાઓને નીતિની વાતો ભણાવશે પણ પોતે કોરા ધાકોર જેવા જ રહેવા પામે છે.

૧૬. નિરપક્ષ :-તેવા પ્રકારની પ્રવૃત્તિ કરવાથી સામે વાળાઓની આંખ, કાન, જીભ, નાક, શ્વાસોશ્વાસ, પ્રાણ ઉપરાંત તેમની પવિત્ર વૃત્તિઓ અને પ્રવૃત્તિઓનું હનન થશે. આવી વિચારણા સુધા પણ તેમનામાં હોતી નથી, અથવા હિંસકવૃત્તિ તથા પ્રવૃત્તિ કરનારા માનવોમાં પોતાની અને પારકાની પરલોક હિત ભાવના પણ હોતી નથી.

૧૭. નિર્ધર્મ :-મન-વચન અને કાયાથી હિંસક સ્વરૂપી આત્માઓ સમ્યગ્જ્ઞાન તથા ચારિત્રરૂપી ધર્મને મેળવવામાં પણ ઉદાસીન, પ્રમાદી અને આકાંક્ષા વિનાના હોય છે. અહિંસા ધર્મની આરાધના કરવા માટે ખાનદાની મળી છે પણ પોતે અનાર્યોના સંસર્ગમાં આવીને હિંસક માર્ગે-પાપના રસ્તે જવાનું પસંદ કરે છે. પૂર્વના પુણ્યોદયે દૂધ રોટલા ખાઈ શકે તેટલી કમાણી હોવા છતાં પણ અમેરિકાનું સુવર્ણ મારી પાસે આવી જાય તેવી નિરર્થક અને નિષ્ફળ ભાવનાઓમાં જીવનને અસંયમિત જ રાખે છે.

૧૮. નિષ્પિપાસ :–પોતાના વ્યાપાર, વ્યવહાર, ભાષા, રહેણીકરણી, ખાનપાન આદિના કારણે વધ એટલે મરણ પામેલા કે વૈર–વિરોધના કારણે શત્રુરૂપે બનેલા જીવોની સાથે મૈત્રીભાવ પણ સાધી શકાતો નથી. જે ક્રિયાઓ સ્વાર્થાંધ, લોભાંધ, કામાંધ અને મોહાંધ બનીને કરવામાં આવે છે તેનો પ્રતિકાર પ્રાયઃ કરીને હોઈ શકતો નથી; માટે બધાય જીવાત્માઓ સાથે મૈત્રીભાવ સાધવાની પિપાસા પણ તેમનામાં કયાંથી હોય ?

૧૯. નિષ્કરૂણ :–ધર્મની જનેતા 'દયા'નો પ્રયોગ સૌ જીવો માટે કરી શકવાની ક્ષમતા પણ હિંસક માનવોમાં હોઈ શકતી નથી. અર્થાત્ અમુક જીવો પ્રત્યેની દયાને તેઓ જાણી શકતા નથી–સમજી શકતા નથી, તો પછી તેને જીવનમાં ઉતારી દયાદેવીનો આશીર્વાદ મેળવીને માનવ જીવનને સફળ બનાવવાનો ભાવ તેમને કયાંથી આવવાનો હતો ? તેમ છતાં નાક કપાયેલી માવડી જેવી કદરૂપી દયા તેમનામાં કેવળ દેખાવા પૂરતી જ હોય છે.

૨૦. નિરય(નરક) :–આવા હિંસકો–મારકો–ઘાતકોને માટે નરકભૂમિ જ શેષ રહે છે. અર્થાત્ દેવદુર્લભ માનવાવતાર મેળવીને પણ અહિંસા–સંયમ તથા તપોધર્મથી સર્વથા નિરપેક્ષ અને કેવળ સંસારની માયાને–રંગમહેલોને શણગારવામાં હિંસા, દુરાચાર અને ભોગ લાલસામાં જીવન યાપન કરતાં છેવટે તો હતાશ બને છે અને પારકા જીવોની

હત્યાથી બંધાયેલા વૈરને ભોગવવાને માટે નરક તરફ પ્રસ્થાન કરે છે.

૨૧. મોહ મહાભય પ્રકર્ષક :–મોહ એટલે આત્મા–બુદ્ધિ અને મનની મૂઢાવસ્થા. મહાભય એટલે ચારે તરફથી ભયાક્રાંત. આ બંનેમાં પ્રવૃત્તિ કરનાર અને બંનેમાં વધારો કરનાર માનવ મોહમહાભયપ્રકર્ષક કહેવાય છે.

૨૨. મરણ વૈમનસ્ય.—જ્યોતિષીઓ કે સામુદ્રિકો દ્વારા કરેલી મૃત્યુ સંબંધી આગાહીઓને સાંભળ્યા પછી માણસ માત્રને દીનતાની પ્રાપ્તિ થાય તે સ્વાભાવિક છે. ત્યારથી તેને મરણના જ આભાસો થાય છે. જેમકે–' હું મરી જઈશ તો ? મારો રોગ ન મટ્યો તો ? આ મકાનની ભીંત પડી જશે તો ? ભેગા કરેલા મારા ધનનું શું થશે ? ઇત્યાદિક ભાવો તેને સતાવ્યા જ કરે છે. સારાંશ કે સંસારના પ્રત્યેક પ્રસંગથી કે પદાર્થથી તેમને મૃત્યુનો ભય બન્યો રહે છે. હિંસાના આ બાવીશ સ્વરૂપો છે. એટલે કે હિંસક–પરદ્રોહી, માયા–મૃષાવાદી, અસત્યસેવી આદિ જીવોના જુદા જુદા પ્રકારે કેવા સ્વરૂપો–સ્વભાવો બને છે, તે જાણવા માટે જ સૂત્રકારે સૌથી પ્રથમ સ્વરૂપોનું વર્ણન કર્યું છે. જે સર્વથા યથાર્થ છે. કારણ કે, આધ્યાત્મિક જીવન જીવવા માટે હિંસાના સ્વરૂપો હજારો પ્રકારે વિઘ્નકારક હોવાથી તે સર્વથા ત્યાજ્ય છે. જ્યાં હિંસકતા હોય છે ત્યાં આધ્યાત્મિકતા નથી હોતી. અધ્યાત્મ એટલે આત્મામાં રમણ કરવું, થાય છે. જ્યારે હિંસક માનવ

કોઇ કાળે પણ આત્મામાં રમણ કરી શકતો નથી. તેથી હિંસકતા માનસિક હિંસકતા પણ સેવવા લાયક નથી.

હિંસાના બીજા નામો (પર્યાયો) કયા કયા છે ?

આ સૂત્રમાં હિંસા(પ્રાણવધ)ના ૩૦ નામો જૂદા જૂદા પ્રકારે બતાવ્યા છે. જેમનું તાત્પર્ય એક જ છે, કેવળ શબ્દો જ જૂદા છે. સ્થૂલ બુદ્ધિ અથવા અપરિપક્વ બુદ્ધિના શિષ્યોને એક જ અર્થની જૂદી જૂદી રીતે સમજણ આપવાથી, એક યા બીજા પ્રકારે પણ તેમને જ્ઞાનની પ્રાપ્તિની સંભાવના શક્ય બનવા પામે છે, તેમજ અર્થજ્ઞાન પણ દૃઢ બને છે. ગમે તે પ્રકારે પણ આધ્યાત્મિક જીવનની ઇચ્છા ધરાવનારે હિંસાને સમજવી અને ત્યાગવી સર્વથા અનિવાર્ય છે. ભિન્ન ભિન્ન શબ્દો (પર્યાયો) બતલાવીને અર્થજ્ઞાન પ્રાપ્ત કરાવવામાં જૈનાચાર્યોની ભાવદયાલુતા સર્વથા પ્રશંસનીય રહી છે. વ્યવહારમાં પણ આપણે જોઇએ છીએ કે વ્યક્તિ એક જ છે પણ જૂદા જૂદા સમયે જૂદા જૂદા નામોથી તેમને સંબોધીએ છીએ, જેમકે :–વર્ધમાન–મહાવીરસ્વામી, દેવાર્ય–કાશ્યપ, શ્રમણ, ત્રિશલાપુત્ર, તીર્થંકર, જિનેશ્વરદેવ અને દેવાધિદેવ ઇત્યાદિ શબ્દોનો અર્થ (તાત્પર્ય) એક જ છે તેમ વ્યક્તિ પણ એક જ છે. કેવળ વ્યવહારના કારણો અથવા ભક્તિ વિશેષને લઇને જૂદા જૂદા સમયે તેમના નામ ભિન્ન ભિન્ન પડ્યાં છે. તેવી રીતે પ્રાણીઓનો પ્રાણવધ, વધ જ છે; તો પણ નિમ્નલિખિત ૩૦ પ્રકારે તે પ્રાણવધને જૂદા જ શબ્દોથી વ્યવહૃત

કરાયેા છે, જે ગુણ નિષ્પન્ન હેાવાથી પૃથક્ પૃથક્ પ્રકારે પ્રાણ-વધના સત્યાર્થને કહી જાય છે. તે આ પ્રમાણે :-

૧. પ્રાણવધ :-પ્રાણીઓના પ્રાણનેા વધ કરવેા તે પ્રાણવધ છે. " **प्राणाः पृथव्यप्तेजोवायु-वनस्पतयो द्वित्रिचतुः पंचेन्द्रियाश्चेन्द्रियबलोच्छ्वासनिश्वासायुष्क लक्षणो दशविध प्राण धारणात् प्राणा.**" (આ. ૭૯) પગના અંગૂઠાના નીચેના ભાગથી લઈ માથાની ચેાટીના મૂળ સુધીની સ્પર્શેન્દ્રિય કહેવાય છે, જેમાં હાથ-પગ-ઉદર-ઉપસ્થ-અપાન આદિનેા સમાવેશ થઈ જવાથી તેમને પૃથક્ ઇન્દ્રિયેા માનવાની જરૂરત રહેતી નથી. જીભ ઇન્દ્રિય, નાક ઇન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રવણેન્દ્રિય; આ પાંચે ઇન્દ્રિયેા, મન-વચન અને કાયબળ, ઉચ્છ્વાસ-નિશ્વાસ અને આયુષ્ય આ દશ પ્રકારના પ્રાણેા છે. કેમકે જીવ માત્રને પેાતાના પ્રારબ્ધ શુભાશુભ કર્મોને ભેાગ-વવા માટે દશ પ્રાણેા સહાયક કારણ છે. માટે પ્રાણેાને ધારણ કરે તે પ્રાણી છે. '**यत्र यत्र प्राणाः तत्र तत्र प्राणो च, यत्र यत्र प्राणी तत्र तत्र प्राणाः**' જીવ વિનાના બીજા કેાઇમાં પણ દશમાંથી એકેય પ્રાણ હેાતેા નથી તેથી તેને અજીવ (જડ) કહેવાય છે. સ્થાવર અને ત્રસરૂપે પ્રાણી બે પ્રકારના છે. પૃથ્વી, પ્રાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં રહેલા જીવેા સ્થાવર નામકર્મના ઉદયવાળા હેાવાથી સ્થાવર છે. અને બે-ત્રણ-ચાર તથા પાંચ ઇન્દ્રિયેાના જીવેા ત્રસ નામકર્મના કારણે ત્રસ કહેવાય છે. દેવેા-નારકેા, ચાર પગવાળા, બે પગવાળા આદિ ગર્ભજ ઉપપાતજ અને સંમૂર્ચ્છિમ જ જીવેા પંચેન્દ્રિય છે.

આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મન આ પ્રમાણેની છએ પર્યાપ્તિઓને પૂર્ણ કરી મૃત્યુ પામે તે પર્યાપ્તા જીવો છે અને છેલ્લી ત્રણને પૂર્ણ કર્યા વિના જ મરે તે અપર્યાપ્તા છે. પર્યાપ્તિ નામકર્મને લઈ જીવ પર્યાપ્તા બને છે અને અપર્યાપ્તિ નામકર્મના કારણે અપર્યાપ્તા કહેવાય છે.

એકેન્દ્રિય જીવોને દશ પ્રાણમાંથી સ્પર્શેન્દ્રિય, કાયબળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય નામે ચાર પ્રાણ છે. બે ઇન્દ્રિય જીવોને જીભ ઇન્દ્રિય અને વચનબળ. તેઇન્દ્રિય જીવોને ઘ્રાણેન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોને ચક્ષુ વધારે મળવાથી અનુક્રમે ૬-૭-૮ પ્રાણ હોય છે. અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને મન વિનાના ૯ પ્રાણ અને સંજ્ઞી જીવોને મન સાથે દસે દસ પ્રાણ હોય છે. પ્રત્યેક પ્રાણીને પોતાના પ્રાણ અત્યંત પ્યાર હોવાથી કોઈ પણ પ્રાણી કોઇનાથી મરવા માંગતા નથી.

સૂત્રમાં પ્રાણવધ શબ્દ છે, માટે પ્રાણધારી આત્માનો કોઈ પણ કે બધાય પ્રાણોનો વધ કરવો, તાડન કરવું, હનન કરવું, પીડિત કરવું તે પ્રાણવધ કહેવાય છે. જે જીવહત્યાનો પર્યાય શબ્દ છે. કોઈ પણ પ્રાણી પોતાના પ્રાણથી પૃથક્ થવા માંગતો નથી, કેમકે–" सव्वे जीवा वि इच्छन्ति जीवितं.... " પ્રત્યેક જીવાત્મા જીવવાને ઇચ્છે છે. માટે પ્રાણોને હાનિ પહોંચતા તેની જીવનશક્તિને પણ હાનિ પહોંચતી હોવાથી આયુષ્યકર્મ હોય ત્યાં સુધી તે રીબાતો રહે છે અને છેવટે મરણ પામે છે, જેમકે જમીન સાથે પગ ઘસીને ચાલવાની

કુટેવવાળાના પગે અળસીયા, કીડીઓ, મંકોડા વગેરે ચગદાતા તેઓ અધમુઆ તો ત્યાં જ થયા વિના રહેતા નથી અને વધ રે ચગદાઇ ગયા હોય તો મરણ પણ પામે છે. ઊઠતાં, બેસતાં, માખી, મચ્છર આદિને ધક્કે લાગતા તેની પાંખ કપાઈ જતાં તેમને પણ મરણ શરણ થયા વિના છુટકો નથી. ઇત્યાદિ જાણતાં, અજાણતાં, ઇચ્છા કે અનિચ્છાથી અગણિત જીવોના મારકને પ્રાણવધ નામની હિંસા લાગે છે. દશવૈકાલિક ચૂર્ણિમાં 'पाणाणभइवाओ तेहिं पाणेहिं सहविसंजोगकरणं' એટલે કે ખાન, પાન, ઊઠવું, બેસવું, ચાલવું, ફરવું, બોલવું આદિ ક્રિયાઓમાં પ્રમાદવશ બીજા જીવોના પ્રાણની પરવા ન કરવી તે પ્રાણવધ છે.

યદ્યપિ તે ક્રિયાઓ અનિવાર્ય છે તો પણ થોડી કાળજી રાખે, સાવધાનીપૂર્વક રહે, વિવેકોપયોગનો ખપ કરે તો નિરર્થકરૂપે મરાતાં જીવો કે તેના પ્રાણોની રક્ષા સુલભ બની શકે છે. પોતાને પોતાના પ્રાણો જેમ પ્રિય છે તેમ પ્રાણી-માત્રને તેમના પ્રાણો પ્રિય હોવાથી કોઈ પણ જીવને મારવું-ફટકારવું, છેદવું, તોડવું, બાફવું તે માનવ કર્તવ્ય નથી. કેમકે, જીવ હત્યારાને માનવતા સાથે પ્રાયઃ કરી સંબંધ હોતો નથી. પ્રત્યક્ષ જોઇએ છીએ કે-બકરા, ઘેટા, પાડા, મરઘા, સાપ, આદિને મારવાવાળાઓનું લોહી ઉશ્કેરાયેલું હોવાથી વાતે વાતે, ધારિયું, લાકડી કે બંદુકની ગોળી મારતાં તેમને કંપારી પણ આવતી નથી.

૨. ઉન્મૂલના શરીરાત્ :-જોરદાર વાવાઝોડાથી વૃક્ષ જ્યારે મૂળમાંથી ઉખડી પડે છે, ત્યારે તે નિર્જીવ બને છે, એટલે ઝાડના પાંદડે, ફૂળે, ડાળે, મોટી ડાળે, પુષ્પે જે જીવો વ્યાપ્ત થઇને રહ્યાં હતાં તે ઝાડ શરીરનો ત્યાગ કરી બીજા સ્થળે જન્મ ધારણ કરે છે. ઝાડને પડવામાં કાં તો વાવાઝોડું, મૂળમાં પડેલો અગ્નિ, અથવા કુહાડા કે કરવતનો પ્રયોગ જ કારણ હોય છે, અન્યથા ઝાડને પાડી નાખવાની તાકાત કોઇની હોતી નથી. તેવી રીતે જીવને શરીરથી જૂદો પાડવામાં હિંસક માનવોના હિંસાપ્રયોગ મુખ્ય કારણ છે. મડદામાં પ્રાણ પૂરવાની શક્તિ પુરૂષ વિશેષમાં પણ હોતી નથી તો પછી ભાલાથી, ધારિયાથી, ડંડાથી કોઈ પણ જીવના પ્રાણ લેવા તે શું માનવ કર્ત્તવ્ય હોઈ શકશે ? પ્રત્યેક માનવના શરીરપોષણ માટે ધાન્ય, કઠોળ, ભાજીપાલો, મેવા-મિષ્ટાન્ન, દૂધ-પાણી વગેરે પદાર્થો વિદ્યમાન હોય ત્યારે ગાય, ભેંસ, બકરા, મરઘા, તેતર આદિને મારી તેના માંસથી પેટ ભરવું તે શું રાક્ષસીય કર્ત્તવ્ય નથી ? આ કારણે જ વીતરાગ પરમાત્માઓએ કહ્યું કે, સુખી કે દુઃખી કોઈ પણ જીવને મારી નાખવાનો પ્રયોગ કરવો તે અક્ષમ્ય અપરાધ છે.

૩. અવિશ્વાસ :—બીજા જીવોના પ્રાણો સાથે ખેલ ખેલનાર માનવ જીવસૃષ્ટિનો વૈરી હોવાથી તેમના પ્રત્યે કોઇને પણ વિશ્વાસ રહેતો નથી. કેમકે હિંસક માણસની ચાલ, ભાષા, સંકેત તેમજ બીજી બધી પ્રવૃત્તિઓમાં બીજા જીવોને હાનિ પહોંચાડવાનો ભાવ હોવાથી, તેની અસર બીજા જીવો

પર પડતાં વાર લાગતી નથી. માટે જ હિંસકને જોઈને દાણા ચરતાં કબૂતરો પણ ફફડાટ કરતાં ઊડી જાય છે, કૂતરા ભસવા લાગે છે અને બીજા જીવોમાંથી કોઈ કરડવામાં, કોઈ ડંખ મારવામાં અને કોઇક ધારિયાથી મારી નાખવાના પ્રયત્નમાં હોય છે. માટે બીજા જીવોનો ઘાતક અને અવિશ્વાસુ બંને એક જ છે.

૪. **હિંસ્યાવિહિંસા** :–જે જીવો હણાય, મરાય, છેદાય તેમને હિંસ્યા કહેવાય છે. તેવા જીવોનો વિશેષ પ્રકારે એટલે વારંવાર ઘાત કરવો તે હિંસ્યાવિહિંસા છે. જીવાસ્તિકાયને ત્યાગી શેષ દ્રવ્યો અજીવ (જડ) હોવાના કારણે તેમની હત્યાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પણ ચૈતન્ય સ્વરૂપી આત્મા ચાહે ગમે તે શરીરમાં હશે તો પણ કર્મવશ તેમનો શરીરાન્તર હોય છે, માટે જ્યાં સુધી આત્મા શરીરસંયોગી છે ત્યાં સુધી તેમના જીવન–મરણ સ્વાભાવિક છે. કોઈ પણ જીવને જન્મ દેવાનો અધિકાર કોઇની પાસે નથી, તો પછી તેમને મારી નાખવાનો અધિકાર માણસ પાસે કયાંથી ? કોનાથી ? કેવા રીતે આવ્યો ? ગમે તેના શાસ્ત્રો મંત્રિત જીવોને દેવ–દેવીની સામે મારી નાખવાની પરવાનગી આપતા હોય તો તે શાસ્ત્રો દેશ–સમાજ કે વ્યક્તિને માટે પણ શા કામના ? જૂ, માંકડ, લીખ, સર્પ, વિંછી, વાઘ, સિંહ, મરઘા, તેતર આદિ જીવો નિરપરાધી હોવાથી હિંસ્ય (મારવા લાયક) યદિ બનતા હોય તો સૌથી મોટામાં મોટા અપરાધી આપણા માતા–પિતા સિવાય બીજા કોણ ? કેમ કે **અત્યંત** ક્લિષ્ટ (ગંદામાં ગંદા)

અધ્યવસાયોમાં મસ્તાન બનીને જ મૈથુનકર્મ કરાતું હોય છે, તે સમયે મારી ધર્મપત્નિની કુક્ષિમાં કદાચ કોઈ જીવ પડે તે સંત–વૈરાગી–શૂરવીર કે ભક્ત બની સંસારનો ઉદ્ધાર કરે તેવા ભાવ પુરૂષમાં આવવા અત્યંત મુશ્કેલ છે. અને પોતાની કુક્ષિમાં જેમાં ચારે તરફ વિષ્ટા, મલ–મૂત્ર, પિત્ત–કફ, લોહી–ચરબી જેવા અપવિત્ર અને ગંદા સ્થાનમાં–સાવ ગંદા સ્થાનમાં નવ મહિના સુધી સંતાનને ગૂંગળાવી મારનારી માવડી પણ અપરાધી શા માટે નહિ ? તેમ છતાં પણ તેઓ (માતા–પિતા) હિંસ્ય બનતા નથી. તો પછી જૂ–માંકડ આદિને મારવામાં કે તેમને વારંવાર સતાવવામાં પાપ નથી એમ કેમ કહેવાય ? માટેજ પાપ હિંસ્યાવિહિંસા છે. કેમકે હિંસક માનવ પ્રમાદીજ હોય છે, માટે અહિંસક નથી.

૫. અકરણીય :–ન કરવા યોગ્ય વ્યાપાર, વ્યવહાર તથા પ્રવૃત્તિઓ કરનારો માનવ હિંસક હોય છે, અને જે હિંસક છે તે સમાજ, ધર્મ અને પોતાના આત્માના હિત માટે પણ ન કરવાના કાર્યોમાં વિલંબ કરતો નથી. કેમકે તેવાઓને આવું જ્ઞાન હોતું નથી કે દેવદુર્લભ માનવાવતાર મેળવવા માટે મારે ગત ભવોમાં શું શું કરવું પડ્યું છે ? દેવપૂજા, દાન, શિયળ, તપ અને પવિત્ર ભાવોનું સેવન મેં કેટલું કર્યું હતું ? જેના પરિણામે ઉત્કૃષ્ટતમ આ અવતાર હું મેળવી શકયો છું. આવા વિચારો તેમને ન હોવાથી કાર્યાકાર્યનું ભાન, ભક્ષ્યાભક્ષ્યનું જ્ઞાન કયાંથી હોય ? આ કારણે આ પવિત્ર અવતાર પણ હિંસાના કામો કરવામાં પૂર્ણ થાય છે.

૬. **ઘાતના** :–સર્વાંશે નહિ પણ દેશથી ઘાત કરવો તે ઘાતના કહેવાય છે.

૭. **મારણા** :–તલવાર આદિ વડે પ્રાણોનું વિયોજન કરવું તે મારણા કહેવાય છે.

૮. **વહણા** :–લાકડી, ચાબુક આદિ વડે બીજા જીવોને તાડન કરવું તે વહણા (વધ) છે.

૯. **ઉદ્વણા** :–કુતૂહલ, મશ્કરી, ઈર્ષ્યા અથવા પોતાની બરાબ આદતને લઈને બીજા જીવોને ઉપદ્રવ કરવો એટલે કે, મૃત્યુને છોડી બીજા બધા પ્રકારની પીડાઓ, યાતનાઓ, સતામણીઓ, કરવી. સારાંશ કે બીજાઓનું ધન યશ, આભૂષણ, ખેતર, મકાન, પુત્ર, સ્ત્રી આદિનું હરણ કરી સામેવાળાને મરણ સુધીની પીડાઓ પહોંચાડવી તે ઉદ્વણા છે.

૧૦. **તિવાયણ** :–આમાં " તિ અને વાયણા " બે શબ્દ છે. ' તિ 'નો અર્થ ત્રણ અને વાયણાનો અર્થ યાતના–ભૂંસના થાય છે. સામેવાળાના મન, વચન, કાયા અથવા શરીર, ઇન્દ્રિયો અને આયુષ્ય રૂપ પ્રાણોનું હનન કરવું, તેમની શક્તિઓને, માનસિક વિચારોને, પ્રવૃત્તિઓને દબાવી દેવી, તે તિવાયણા કહેવાય છે. અથવા વિશેષ પ્રકારે જીવને પ્રાણોથી છુટો કરવો તે ' તિવાયણા ' છે.

પોતપોતાના પુણ્ય અને પાપના કારણે મેળવેલા શરીર તથા ઇન્દ્રિયો પર સૌ જીવોને અગાધ પ્રેમ–મોહ રહેલો છે તેથી તેમને મરવાની નહિ પણ જીવિત રહેવાની ઇચ્છા રહે

તે મનાય તેવી વાત છે આ કારણે જીવ માત્રને જ્યારે પોતાના માનસિક, વાચિક અને કાયિક બળ પ્રત્યે માયા રહેલી છે ત્યારે તે તેમને લાખો રૂપીયાનું સુવર્ણ, ઝવેરાત આપો કે મર્યા પછી તમારા માટે દેવલોકની અપ્સરાઓ તૈયાર છે તેવા પ્રલોભનોથી તેઓ ભોળવાઈ જાય તેમ નથી, કેમકે–' જીવનાશા ગરીયસી.' સંસારની આવી સ્થિતિ નિયત હોવા છતાં પણ સ્વાર્થવશ કે જીભની લાલસાવશ, અથવા લાખો રૂપીઆની કમાણીના કારણે, નાના–મોટા, ચારપગા કે બેપગા જીવોને મારવા, તથા જંગલના વૃક્ષોને વેચાતા લઈ તેના કોલસા પડાવી તેનો વ્યાપાર કરવો પાપ છે. પોતાના હાથ નીચે કામ કરનારા નોકરોને વિના અપરાધે ધમકાવવા, ગાળો ભાંડવી, નોકરીથી રજા આપવી ઇત્યાદિ જોહુકમીપૂર્વકનું વર્તન, પાપ અને શાપને દેનારૂં હોવાથી મહાપાપ છે.

૧૧. આરંભ સમારંભ :—જે જીવોનો આરંભ (વિનાશ) કરાય તેને આરંભ અર્થાત્ જીવ કહેવાય છે, તેમનો ઉપમર્દ કરવો તે આરંભ સમારંભ છે. અથવા આરંભ એટલે ખેતીવાડી, હાટ–હવેલી આદિના નિર્માણવડે જીવોનો ઉપમર્દ કરવો તે આરંભ સમારંભ છે, અથવા નાના મોટા જીવોને જુદા જુદા પ્રકારે સતાવવા–ત્રાસ દેવો તે આરંભ સમારંભ છે.

૧૨. આયુષ્યોપદ્રવ :-વિષ્ટાના કીડા, ઝાડ માત્રના ડાળ તથા પાંદડા આદિમાં રહેલા જીવોથી લઈને ઘેટા–બકરા, સાપ, વાઘ, મરઘા આદિના અનંત જીવોને પોતાના આયુષ્યનો નાશ ઇચ્છનીય નથી. ભયંકર રોગમાં સપડાઈને રીબાતો

માણસ કે પશુ પણ વિના મોતે મરવા ઇચ્છતો નથી. તેમ છતાં સબળ પ્રાણી નિર્બળને મારતો, સતાવતો, પીડતો, રોવડાવતો અને ત્રાસ દેતો આવ્યો છે, તેથી તેને પ્રાણવધક કહેવાયો છે. બીજા જીવોના આયુષ્યકર્મને ઉપદ્રવિત કરવો, ભેદિત કરવો, ખતમ કરવો, તેને ટૂંકાવી દેવો ઇત્યાદિ પ્રાણવધ જ કહેવાય છે. આપણા શરીર પર કોઈ પત્થર મારે, છરો કે તલવાર મારે, કે ગળું કે આંખ દબાવે તે પીડાકારક હોવાથી આપણને ગમતું નથી. તેવી રીતે બીજા જીવોના આયુષ્યની મશ્કરી કરવી અથવા પગવડે તેમને ચગદવા, હાથથી મારી નાખવા આદિ ક્રિયાઓ કોઈ પણ જીવને ન ગમે તે સ્વાભાવિક છે. પારકાનું ધન–પુત્ર પરિવાર, સ્ત્રી અને છેવટે તેના માનમરતબાને હાનિ પહોંચાડવાથી પણ તે જીવોને મરણ તુલ્ય વેદનાઓ ભોગવવી પડે છે. ફળસ્વરૂપે તેમના આયુષ્ય ટૂંકાઈને અકાળે મૃત્યુને શરણ થાય છે. ક્રૂર અથવા મીઠી મશ્કરીના કારણે પણ બીજા જીવોને મૃત્યુ જેવી પીડાનો અનુભવ થાય છે. જેમની સ્ત્રી કે ધન હરાઈ ગયું છે તેઓને પણ રીબાતા અને નિસાસા નાખતા આપણે જોઈએ છીએ. તેથી જિનેશ્વર દેવોએ ઇન્દ્રિયોના કે કષાયોના ગુલામ બનેલાઓને જીવવધક કહ્યાં છે.

૧૩. મૃત્યુ :-બીજા જીવોને અંશતઃ કે સર્વતઃ મૃત્યુના શરણે પહોંચાડી દેવાવાળા માનવને પ્રાણવધક કહ્યો છે. ફળસ્વરૂપે આવા જીવો ભવભવાંતરમાં પણ ચારે દિશાઓથી ભયગ્રસ્ત બનીને વિના મોતે મરે છે.

૧૪. અસંયમ :—પાંચે ઇન્દ્રિયોના ૨૩ વિષયોને કે ચારે કષાયોને દબાવી દેવાની શક્તિ જેમણે કેળવી નથી તેઓ અસંયમી છે. આવો અસંયમભાવ જ પર જીવ ઘાતક બન્યા વિના રહેતો નથી. તે આ પ્રમાણે : સ્પર્શેન્દ્રિય વશવર્તી આત્મા અમર્યાદિત હોવાથી પોતાની ધર્મપત્નિની જેમ બીજી પરસ્ત્રીઓના સ્પર્શસુખને ચાહનારો હોય છે અને તેમ કરી આજે, કાલે કે પરમ દહાડે પોતાના મહાન ઉપકારી માતા-પિતાનો પણ વિશ્વાસઘાત કરનારો બને છે, તો પછી પારકા જીવોનો વિશ્વસનીય કેવી રીતે બનશે? જીભ ઇન્દ્રિયના ગુલામોને અભક્ષ્ય, અપેય અને અવાચ્ય ભાષા બોલવામાં વિવેક રાખતાં કોઇએ જોયા નથી. તેવી રીતે આંખ કે કાન ઇન્દ્રિયોના ગુલામોને પરમાત્મા સાથે પણ સંધિ નથી થતી તો બીજાઓ સાથે સંધિ કરશે તેમાં ખાત્રી શું? આવી રીતે ક્રોધાન્ધ માનવ કોઇનો જિગર-દોસ્ત બનતો નથી. મદાન્ધ માનવને વડિલો પ્રત્યે પણ અણગમો થતાં અવિનયી બનતાં વાર નથી લાગતી. માયાવી અને લોભી માનવ પણ ગમે ત્યારે ગમે તેનો દ્રોહી બની શકે છે. આ કારણે અરિહંત પરમાત્માઓએ અસંયમભાવ તથા તેવી પ્રવૃત્તિઓ અને ચેષ્ટાઓને પણ પ્રાણાતિપાતનો પર્યાય કહ્યો છે.

૧૫. કટક મર્દન :-કટક એટલે પોતાના તાબામાં રહેલા સશસ્ત્ર સૈનિકોવડે અથવા પોતાના હાથમાં રહેલી લાકડી, છરી, ચપ્પુ, તલવાર કે બંદુક, છેવટે નેતરની સોટીવડે બીજા જીવોને સંતાપવા, પીડિત કરવા, ધમકાવવા કે તેમનું ઉપ-

મર્દન કરવું તે ઉપચારથી પ્રાણવધ જ કહેવાય છે. આપણાથી તાકાતવર પુરૂષના હાથમાં રહેલા શસ્ત્રવડે આપણો જીવ જેમ હથેલીમાં આવી જતાં વાર કરતો નથી તેવી રીતે આપણાથી નિર્બળ માનવો આપણી પાસે રહેલા શસ્ત્રોવડે ભયગ્રસ્ત બન્યા વિના શી રીતે રહેશે ? અને બીજાઓને ગમે તે રીતે પણ ભય આપનાર પોતે નિર્ભય શી રીતે બનશે ? તથા નિર્ભય અવસ્થા પ્રાપ્ત કર્યા વિના સિદ્ધશિલાના સોપાન પર આરૂઢ થવાનો પ્રસંગ કયારે સાંપડશે ?

૧૬. વ્યુપરમણ –જીવોને પોત પોતાના પ્રાણોથી વિયુક્ત એટલે છુટા કરવા તે પણ પ્રાણવધ છે. પ્રત્યેક જીવાત્માને પોતાના પ્રાણો પ્રત્યે અગાધ પ્રેમ હોવાથી જ્યારે જ્યારે પોતાના પ્રાણો પર અતરો દેખાય છે ત્યારે હીરા–મોતી, સોનું, ચાંદિ, હાટ, હવેલી પ્રત્યેની મમતાનો ત્યાગ કરી સૌથી પહેલા પોતાના પ્રાણોને બચાવવાનો પ્રયત્ન કરે છે. આવી સ્થિતિમાં કોઇને પણ પ્રાણ વિયુક્ત કરવો હિતાવહ નથી.

૧૭. પરભવ સંક્રમકારક :–હલન, ચલન, ભાષણ, ઊઠવું, બેસવું, ઊભા રહેવું, લાંબા ટાંગા કરી બેસવું આદિ ઉપયોગશૂન્ય ક્રિયાઓમાં પર જીવોનું હનન, મારણ, તાડન, તર્જન, અર્ધમરણ અને કદાચ મૃત્યુને શરણ થવાનું પણ નિશ્ચિત છે. આ પ્રમાણે બીજા જીવોના ભવાંતર માટે નિમિત્ત બનનાર પોતાના ભવાંતરોને ઓછા કઈ રીતે કરશે ? આ કારણે તીર્થંકર પરમાત્માઓએ કહ્યું કે–ભાગ્યશાલિન્ ! તારે

જો ભવનાં આંટા ઓછા કરવા હોય તો તારા વિવેકહીન, ઉપયોગશૂન્ય, દયાભ્રષ્ટ અને અજ્ઞાનના કારણે પર જીવોને વિદ્યમાન શરીર છોડાવી બીજો અવતાર પ્રાપ્ત કરાવવામાં તું કયારેય નિમિત્ત બનીશ નહિ. સારાંશ કે પરજીવોની મશ્કરી કે હનન કરવા માટે તારું જીવન ઉપયુક્ત કરીશ નહિ.

૧૮. દુર્ગતિ પ્રપાત :- બીજા જીવોનો ઘાતક બનતો માનવ પોતાની જાતને જ નરકગતિ તરફ પ્રસ્થાન કરાવવાનો માર્ગ સરળ બનાવે છે. અથવા દુર્ગતિ પ્રાપ્ત કરાવવામાં જીવહિંસા મુખ્ય કારણ છે. અનાદિ કાળથી આપણો આત્મા મોહમાયાવશ બનીને પરઘાતક, પરદ્રોહક અને પરનિંદક બનતો આવ્યો છે. તે કારણે તે તે પાપ સંસ્કારોનો ત્યાગ કરવો તે જ સાચી વિદ્યા છે. આમ સમજીને ધીમે ધીમે સમ્યક્ચારિત્રને પોતાના જીવનમાં ઉતારે તો પૂર્વભવીય કુસંસ્કારો પોતાની મેળે જ નાશ પામતા જશે. અન્યથા શરીર, મન અને વચનમાં રહેલી હિંસાજન્ય ચંચલતા, દ્વેષનો અંત નહિ આવતાં જીવ માત્રને દુર્ગતિની મુસાફરી જ ભાગ્યમાં રહેશે. કદાચ થોડા ઘણા પુણ્ય કર્મોને લઇ દેવલોકમાં જવાનું થાય, તો પણ ત્યાંય હિંસકભાવોનો ઉદ્ભવ નકારી શકાયો ન હોવાથી તેઓ પોતાનો દેવભવ પૂર્ણ કરીને પાછા દુર્ગતિ તરફ જવા સિવાય વચ્ચે એકેય સદ્ગતિનું સ્ટેશન તેમના ભાગ્યમાં નથી.

૧૯. પાપકોપ :-ભવભવાન્તરમાં સંચિત કરેલી અપુણ્ય કર્મોની પ્રકૃતિ, પ્રવૃત્તિ અને વૃત્તિઓનું પોષણ

કરનાર તથા સન્માર્ગથી ભ્રષ્ટ કરાવી અસત્પ્રવૃત્તિઓમાં રસ લેતો કરાવનાર અથવા માનવ માત્રને કોપ, ક્રોધ, રોષ, નિન્દા, ઇર્ષ્યા, માત્સર્ય, વૈર અને વિરોધ કરાવનાર કોણ? જવાબમાં દેવાધિદેવ પરમાત્માએ કહ્યું કે–જે માનવ હિંસક, સ્વાર્થી અને લોભાન્ધ છે તેના માટે બધાય અસન્માર્ગ ઉદ્‌ઘાટિત જ હોય છે, અર્થાત્ તેઓ પોતાની ક્રોધાદિક વૃત્તિઓને કે પ્રવૃત્તિઓને કયારેય પણ મર્યાદિત કરવા માટે સફળ બની શકતા નથી. 'નિત્યરોષસ્તપસ્વી' આ અનુભવાત્મક વચન જ કહી આપે છે કે–તપસ્વી જીવનમાં પણ યદી તેના આન્તર જીવનમાં ખૂણે–ખાંચરે પણ સ્વાર્થ, લોભ, માન કે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાની તમન્ના હશે તો ગમે તે નિમિત્ત મળતા ગમે તેવો તપસ્વી પણ ક્રોધે ભરાયા વિના રહેવાનો નથી. માટે જ કહેવાયું છે કે 'સ્વાર્થી જીવન જ હિંસક જીવન છે.' કેમકે પોતાના સ્વાર્થોની પૂર્ણાહુતિ ન થતાં ગમે તેને પણ ક્રોધ આવ્યા વિના રહેતો નથી. ક્રોધને કષાય કહેવાનો આશય એટલો જ છે કે તેનો સંસાર ટૂંકો થતો નથી પણ વધવા પામે છે. 'કષાયી અને કસાઈ' આ બંને શબ્દો એક જ અર્થના વાચક છે, કેમકે પ્રાકૃત ભાષામાં 'ષ' અને 'ય'નો લોપ થતાં કસાઈ જ શેષ રહે છે. જે સ્વ અને પરનો ઘાતક હોય છે.

૨૦. પાપલોભ :–પ્રાણ ધારણ કરનારા પ્રાણીઓના પ્રતિ પ્રદેશમાં પુણ્ય વિનાના કર્મોનો ભારો વધારે હોવાના કારણે તેમને પાપમય કાર્યો કરાવવામાં લોભ સબળ કારણ મનાયો છે. વૃદ્ધો પણ કહે છે 'પાપનો બાપ જ લોભ છે'

પછી ચાહે તે પુત્રલોભ, ધનલોભ, માન–પ્રતિષ્ઠાલોભ, પુસ્તક-લોભ, શિષ્યલોભ આદિ હોય તેનાથી પાપોનો જ સંચય થશે. કેમકે અપવાદ સિવાય કોઈ પણ પદાર્થ કોઇને પણ અનાયાસે મળતો નથી, તેથી ઇચ્છીત વસ્તુને મેળવવાને માટે આંતરિક લેશ્યાઓમાં ફેરફાર થયા વિના રહેવાનું નથી.

૨૧. છવિછેદ :–પોતાના શરીરના કોઈ પણ ભાગને કપાવવાનું કે છેદાવવાનું કોઇને પણ ગમતું નથી. પરંતુ લોભ કે શૃંગાર રસના શોખીન બનેલાઓ પોતાના આશ્રિત રહેલા બળદ, ગાય, ઘોડા તેમજ નાની ઉમ્રના બાળકો કે બાલિકાઓના નાક, કાન છેદાવી નાખે છે તે સમયે આપણે સૌ પ્રત્યક્ષ અનુભવીએ છીએ કે તે બાલુડાઓ રોયા વિના રહેતા નથી. બસી (નપુંસક–જનનેન્દ્રિય છેદ) કરતાં બળદોને જોયા પછી બબર પડશે કે આ પાપકર્મ કેટલુ બધું ભયંકર છે. તેથી આ કર્મને પ્રાણઘાતક, દુઃખોત્પાદક કહેવામાં આવ્યું છે. પફ, પાઉડર, લિપસ્ટીક, સ્નો તથા અમુક પ્રકારના સાબુઓમાં પડતી ચરબીને જાનવરોના શરીરમાંથી કઈ રીતે કાઢવામાં આવે છે ? તે જોયા પછી જ આસન્ન ભવ્યતા અને અહિંસા ધર્મનો રાગ હશે તો શરીર પ્રસાધનના તે પદાર્થો સૌથી પહેલા ત્યાગ કરવામાં આવશે. રાગ કે દ્વેષમાં આવીને સ્વકીય અને પરકીય શરીરના પર્યાયોને હાનિ પહોંચાડવી તેમના આત્માને દુઃખ આપવું અથવા કષાય ક્લેશ કરવો કે કરાવવો જીવ વધ જ છે. માટે પ્રયત્નપૂર્વક તેને ત્યાગવાનો પ્રયત્ન કરવો.

૨૨. જીવિતાન્તકરણ :—જીવનધારી પ્રાણીઓના જીવન સાથે ક્રૂર મશ્કરી કરવી, તેમને ભૂખે મરવા જેવી દશા પ્રાપ્ત કરાવવી કે પોતાની વાસનાની જાળમાં ફસાવવા નહિ માંગતી કન્યાઓને કલંકિત કરવા માટે તનતોડ જૂઠા પ્રયાસો કરવા અથવા તેમનો નાશ થાય તેવી ભૂમિકા ઊભી કરવી, અથવા પોતાના આશ્રિતોની વૃત્તિ અને પ્રવૃત્તિ દબાવી દેવી, અથવા તેના આંતરિક જીવનમાં શોક સંતાપ કરાવવો તે વધ છે, હિંસા છે, હત્યા છે. જેને જિનેશ્વરદેવોએ સર્વથા ત્યાજ્ય કહી છે.

૨૩. ભયંકર :—સામેવાળાના ધન, માન, પ્રતિષ્ઠા, યશ, કીર્તિ, પુત્ર, સ્ત્રી, આદિનું હરણ કરવાથી તેમને શોક, સંતાપ આદિની ઊંડી અને ભયંકર વૈતરણીમાં નાખી દેવા, તે અતીવ, ભયંકર પાપ હોવાથી ત્યાજ્ય છે; માટે હિંસાનો પર્યાય છે.

૨૪. ઋણકર :—ઋણ એટલે પાપ કરાવનાર, પાપી ભાષા બોલાવનાર અને પાપ વ્યવહાર કરાવનાર હોવાથી આ હિંસકર્મ છોડવા લાયક છે. ગમે તે નિમિત્તે બીજાઓને દુઃખી બનાવી આપણે પાપલેશ્યાના માલિક બનીએ, અથવા આપણા કારણે બીજા જીવોને પાપકાર્યો કે પાપના ભાવો કરવા પડે તે બંને માર્ગોનો ત્યાગ કર્યા વિના હિંસા નામની રાક્ષસીનું જોર ઓછું થવાનું નથી, તે વિના દયા દેવીની આરાધના બાંઝણી રહેવા પામે તેમાં શું આશ્ચર્ય! સારાંશ કે પંચેન્દ્રિય પશુઓનું અને મનુષ્યોનું હનન, મારણ આદિ કયારેય સત્કાર્ય બની શકે તેમ નથી.

૨૫. વજર્ય :–જીવ માત્રને માટે હિંસકવૃત્તિ, હિંસ-પ્રવૃત્તિ મોટામાં મોટું પાપકર્મ હોવાથી તે પાપનો લેપ, સંબંધ અને નિકાચન વજ્ર જેવું મનાયું છે, અથવા જેમનાં જીવનમાં સદ્‌વિવેકના દીપ પ્રજ્વલિત થયા છે, તેવા પાપભીરૂ આત્માઓને અવશ્યમેવ તજવા લાયક છે. આ કારણે જ વર્જ્યને પ્રાણાતિપાતનો પર્યાય કહેવાયો છે.

આના સ્થાનમાં સાવદ્ય પાઠાન્તર પણ છે. લેશ્યાઓમાં જ્યારે ગંદુ તત્ત્વ પ્રવેશ કરે છે ત્યારે તેમના માલિકોનું જીવન અને ક્રિયાઓ સાવદ્ય જ હોય છે. અવદ્ય એટલે પાપ અને સાવદ્ય એટલે પાપપૂર્ણ, પાપસહિત, પાપમય પ્રવૃત્તિ અને વૃત્તિ.

૨૬. પરિતાપનપૂર્વક આશ્રવ :–આમ તો મૃષા-વાદાદિને પણ આશ્રવ જ કહ્યો છે તો પણ તેમાં પ્રાણવધની ભજના છે અર્થાત્ થાય અને ન પણ થાય. પરંતુ મૂળ સૂત્રમાં પ્રાણવધ સાથે આશ્રવ મૂકયો હોવાથી અહીં દશે પ્રાણોમાંથી કોઈ પણ પ્રાણને હાનિ કરવારૂપ આશ્રવ લેવાનો છે. સારાંશ કે સ્વાર્થવશ, મશ્કરીવશ કામવશ કે કષાયવશ થઈને સામેવાળાના પ્રાણોને હાનિ પમાડવી તે પરિતાપન આશ્રવ કહેવાય છે.

૨૭. વિનાશ :–'નશ્' ધાતુ અદર્શન અર્થમાં હોવાથી શ્વાસોશ્વાસ આદિ દ્વારા પ્રાણીઓના પ્રાણોને સંપૂર્ણ રીતે ખતમ કરવા તે વિનાશ છે.

૨૮. નિર્યાપના :–વિશેષ પ્રકારે પ્રાણીના પ્રાણને ખતમ કરવામાં જે પ્રયોજક હોય તે નિર્યાપના કહેવાય છે.

૨૯. ગુણ વિરાધના :–ગુણ અને ગુણી પરસ્પર દૂધ અને સાકરની જેમ એકાકાર થયેલા હોવાથી નિગોદવર્તી જીવને પણ જ્ઞાનાદિ ગુણો અસ્પષ્ટરૂપે હોય છે. નિગોદ અને એકેન્દ્રિય જીવોમાં તે ગુણો અસ્પષ્ટ છે જ્યારે બે ઇન્દ્રિયાદિ જીવોમાં ક્રમશઃ સ્પષ્ટ થતાં કેવળજ્ઞાનીમાં તેની ચરમસીમા સમાપ્ત થાય છે. આ કારણે જ જે જીવાત્મ ઓની વિરાધના કે હત્યા કરીએ છીએ, તેમનામાં પણ થોડેઘણે અંશે દેશ-વિરતિ, સર્વવિરતિ અથવા ભદ્રકતા, સૌમ્યતા, શીતલતા આદિ ગુણોની ઓછેવત્તે અંશે, દૃશ્ય કે અદૃશ્યરૂપે પણ વિદ્યમાનતા હોય છે; માટે પ્રાણઘાતક માનવ, સામેવાળાની હત્યામાં ભાગી-દાર બનતા તેમાં રહેલ ચારિત્રાદિ ગુણોનો પણ ઘાતક બને છે. અથવા હિંસક, મારક, ઘાતક, નિંદક માનવ, જ્યારે સામે-વાળાની વિરાધનારૂપ હત્યાનો ભાવ કરે છે ત્યારે તેની લેશ્યા-ઓમાં ફેરફાર થતાં અર્થાત્ શુભ લેશ્યાના બદલે અશુભ લેશ્યા આવતાં જ તેટલા સમય પૂરતા પણ તેમાં રહેલ, ઉત્પાદિત કરેલ, ગુરુઓના કે સ્વાધ્યાયના બળે વૃદ્ધિગત થયેલા ચારિત્રાદિ ગુણોની વિરાધના થયા વિના રહેવાની નથી. મતલબ કે સ્વ અને પરના ગુણોનો વિરાધક પ્રાણાતિપાત છે.

ઉપરોક્ત ૨૯ સંખ્યાના પર્યાયો અને આદિ શબ્દથી બીજા પણ શબ્દો જીવ હિંસાના પર્યાયો જ છે. માન્યું કે– આ બધાય પર્યાયોનો ભાવાર્થ લગભગ એક જ છે, તો પણ મરનારની કે મારનારની, નિંદ્યની કે નિંદકની, ઘાત્ય કે ઘાતકની લેશ્યાઓમાં તારતમ્ય હોવાથી, અથવા ભિન્ન ભિન્ન

શબ્દોથી હિંસાકર્મને સમજી શકે તેવા આશયથી પર્યાયો દ્વારા વસ્તુનો નિર્દેષ કરવાની ભાવદયા જૈનાચાર્યોની અકબંધ છે. યદ્યપિ ઉપર બતાવેલા બધાય તથા આદિ શબ્દથી સૂચિત બીજા પણ હિંસાના પર્યાયો છે. તેમ છતાં કેટલાક પર્યાયોમાં લેશ્યાની તીવ્રતા વધારે હોવાથી ભવાંતરમાં અત્યન્ત કડવા ફળો દેનારા હોય છે. જ્યારે કેટલાક પર્યાયો દ્વારા થતાં હિંસાના કાર્યો વ્યવહારમાં અસભ્ય અને અસુન્દર જેવા લાગે છે; જેમ કે "કૂતરાને ડંડો કેમ મારે છે? વિંછી પર પત્થર શા માટે ફેંકે છે? આટલી બધી ગાળો ભાંડવાનું કારણ? માર્ગે ચાલતાં વનસ્પતિને કેમ કાપે છે? પગ ઘસીને ચાલતા શરમ નથી આવતી? નીચે કીડા મંકોડા ચગદાઈ જશે તો? ઇત્યાદિક કાર્યોમાં પ્રાણીઓના પ્રાણોને હાનિ તો પહોંચે જ છે. માટે અહિંસક ભાવ ધરાવનારાઓએ વ્યવહારમાં અસુંદર અને અસભ્ય લાગતી વિરાધનાને પણ છોડી દેવાનો ભાવ રાખવો જોઇએ.


જીવહિંસાને કરનારા કોણ?

પ્રશ્નના જવાબમાં દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીએ ફરમાવ્યું કે સંસારમાં ચેતન અને જડ બે પદાર્થો છે. તેમાંથી જડ સર્વથા ચૈતન્ય રહિત હોવાથી તેને પોતાની સ્વાભાવિકી ગતિ નથી; માટે પત્થર પોતાની મેળે કોઇનું માથું ફોડતો નથી, લાકડી સ્વયં કંઈ પણ કરી શકતી નથી, કુહાડી, તલવાર, ભાલો, બંદુક કે એટમબોંબ પોતાની મેળે કોઇને પણ મારવા માટે પ્રેરક બની શકતા નથી. પરંતુ ત

પદાર્થો જ્યારે ચૈતન્યશક્તિસમ્પન્ન મનુષ્યના હાથમાં આવે છે, ત્યારે સામેવાળાને પોતાનો શત્રુ–નિંદક–ઇર્ષ્યાળુ સમજીને લાકડી આદિને હાથમાં લઈને ઇરાદાપૂર્વક બીજાને ફટકારે છે અને સામેવાળો મરી પણ જાય છે અથવા અધમુઓ થાય, હાથ–પગ–આંખ–નાક આદિ શરીરના અવયવો કપાઈને જૂદા પણ પડે છે. મતલબ કે જડ પદાર્થ સ્વયં ઘાતક નથી પણ ચૈતન્ય જીવ ઘાતક છે.

પૂર્વભવની આરાધના કે વિરાધનાના કારણે માનવ પણ બે જાતના હોય છે, યદ્યપિ શરીરની રચના એક સમાન હોવા છતાં તે શરીરરૂપી ભાડાના મકાનમાં જીવાત્મા બિરાજમાન છે. જે અનાદિ કાળના અનંત ભવોમાં, અનંત જીવો સાથે મૈત્રીભાવ અને શત્રુભાવની કેળવણી લીધેલી હોવાથી સંસ્કારો આ ચાલુ ભવમાં ઉદિત થતાં જ—

સંયત – અસંયત
વિરત – અવિરત
ઉપયોગમય – ઉપયોગ શૂન્ય
અશુભયોગમય – અશુભયોગમય
ઇન્દ્રિય વિજેતા – ઇન્દ્રિય ગુલામ
ધર્મમય – ધર્મરહિત



ઇત્યાદિ બન્ને ભાવોમાં રહેનારા તે તે જીવોની વૃત્તિ અને પ્રવૃત્તિ એક બીજાથી સર્વથા જુદી હોય છે; માટે જ એક જીવ સમતાનો ઉપાસક, બીજો સમતા શબ્દને વિપરીત કરતા તામસ જેવો છે. એક God છે, બીજો Dog છે.

અસંયત–અવિરત માનવોને જાણીએ તે પહેલા સંયત અને વિરત આદિને જાણી લેવા ઠીક રહેશે. જુદા જુદા શાસ્ત્રોમાં તે તે શબ્દોના કરાયેલા અર્થો નીચે પ્રમાણે જાણવા. સંયત, સંયમ અને સંજમ શબ્દોમાં પ્રત્યયો ભિન્ન હોવા છતાં અર્થ એક જ છે.

(૧) संजम-पापोपरमः (ઠાણાંગ–૩૨૩)

જૈન શાસને પાપસ્થાનકો ૧૮ કહ્યાં છે. માટે જે કરવાથી પાપ જ લાગે તે પાપસ્થાનક છે, તેને શાંત કરે, તેના દ્વાર બંધ કરે કે તેમને સર્વથા નિર્મૂલ કરી નાખે તે પાપોપરમ કહેવાય છે. જીવનમાં સૌથી પહેલા પાપોને ઓળખવા, તેમનામાં રહેલી ઘાતક શક્તિને જાણવી અને આત્માને માટે તેમનામાં કેટલી ભયંકરતા છે તે જાણવી અને જ્યારે તેના સેવનનો અવસર આવે ત્યારે તેમને સમ્યક્‌ચારિત્ર વડે દબાવી દેવા, શાંત કરવા તે પાપોપરમ કહેવાય છે, જે સંયમ છે.

(૨) इन्द्रिय नोइन्द्रिय संयमवान् (આચા૦, ૭૫૦)

શરીરધારી જીવ જ્યાં સુધી પાંચે ઇન્દ્રિયોનો ગુલામ હોય છે, ત્યાં સુધી ચારે કષાયોની વિદ્યમાનતા નકારી શકાતી નથી. કષાયવંત આત્માના મન, વચન અને શરીર નામના ત્રણે યોગ દુષ્ટ, દુષ્પ્રયુક્ત હોવાથી તેમને એકેય વ્રત લેવાનું પોષાય તેમ નથી. માટે જે જીવો વ્રતની મર્યાદા વિનાના હોય છે તેઓ પ્રકારાન્તરે પણ હિંસક વૃત્તિને ઉત્પન્ન કરાવનારી પચ્ચીસ ક્રિયાઓથી યુક્ત જ હોય છે. તેથી ઇન્દ્રિય અને

મનના ગુલામોને માટે પાપના દ્વારો સર્વથા અને સર્વદા ઉદ્‌ઘાટિત હોય છે, પરન્તુ વિશિષ્ટતમ પુરૂષાર્થના માલિકો પોતાના અદમ્ય ઉત્સાહ વડે જ્યારે સંયમ તરફ પ્રસ્થાન કરે છે, ત્યારે તેમની ઇન્દ્રિયો અને મન પણ સંયમિત થતાં સર્વાંશે કે અલ્પાંશે પણ પાપદ્વાર બંધ થાય છે.

(૩) પૃથિવ્યાદિ વ્યાપાદન નિવૃત્તઃ સંયમઃ (ઉત્તરા. ૧૧૪)
(૪) સમ્યગુપયુક્તઃ (આચા. ૩૨૨)

જીવ માત્રને જ્ઞાન તથા અજ્ઞાનના વિષયમાં ઉપયોગની *માત્રા તારતમ્યથી વધારે કે ઓછી રહેલી જ* હોય છે. કેમકે " उपयोगवत्त्वंजीवस्यं लक्षणम् " જીવનું લક્ષણ જ ઉપયોગ છે. જ્યાં સુધી જીવને મિથ્યાદર્શન વર્તતું હોય છે, તે સમયે તેનું જ્ઞાન પણ અજ્ઞાનરૂપે હોવાથી તેનો ઉપયોગ અજ્ઞાનમાં હોય છે. માટે જ હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહની માયામાં મન, બુદ્ધિ, ઇન્દ્રિયો અને આત્મા પણ મશગુલ બનીને તે તે પાપના કાર્યોમાંથી છુટકારો મેળવી શકતો નથી. પરંતુ કોઇક શુભ ઘડીએ જ્યારે તેને સમ્યગ્‌દર્શનની જ્યોત પ્રાપ્ત થાય છે ત્યારે તેનું અજ્ઞાન જ્ઞાનરૂપે પરિણત થતાં તે પોતાના જીવનની પ્રત્યેક ક્રિયાઓમાં ઉપયોગવંત થાય છે અને પૃથ્વીકાય, જળકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાયના જીવોના હનન, મારણ, તાડન અને તર્જન-રૂપ હિંસક કાર્યોથી યથાશક્ય પોતાને બચાવી લે છે, આ કારણે જીવમાત્રનું રક્ષણ કરવું સંયમ છે.

संयच्छति स्म सर्वसावद्ययोगेभ्यः सम्यगुपरमतिस्मेति संयतः ।

જેમાં પાપ રહેલ છે તેવા સર્વ સાવદ્ય યોગથી વિરામ લેવો તે સંયત કહેવાય છે. આ શબ્દમાં 'सम्' ઉપસર્ગ-પૂર્વક 'यम्' ધાતુ છે.' જેનો અર્થ 'બંધ કરવું, મોકુફ રાખવું, વિરામ પામવું' થાય છે. અર્થાત્ ભવભવાંતરથી આત્માના પ્રતિપ્રદેશમાં રહેલા પાપમાર્ગોને તપશ્ચર્યારૂપી આગમાં બાળી નાખવા અને નવા પાપોના દ્વાર બંધ કરવા તેનો અવરોધ કરવો કે તેનાથી વિશ્રાંતિ લેવી તે સંયમ છે. 'વિરય'નો અર્થ પણ સ્પષ્ટ છે. ભૂત અને ભવિષ્યકાળમાં બીજા જીવોની વિરાધનાનો ત્યાગ કરવો, યાવત્ મન-વચન અને કાયાથી કોઇની પણ વિરાધનાથી વિરામ લેવો તે વિરતનો અર્થ છે. ઉપર પ્રમાણે સંયમ અને વિરતના ભાવ જેમને પ્રાપ્ત થયા નથી તે અસંયમી અને અવિરતિ જીવોના જીવનમાં પાપમાર્ગો ઉઘાડા હોવાથી તેઓ ગમે ત્યારે પણ નાના મોટા જીવોનો વધ કરી શકે છે.

અનુપશમક :-જેમણે પોતાના જીવનમાં ઉપશમભાવ કેળવવાનો અભ્યાસ કર્યો નથી, તેઓ નિમિત્ત મળતા કે ન મળતા ગમે તે જીવોને મારવાના કે મરાવવાના ભાવવાળા થઇને જીવહિંસાઓ કરે છે. મન-વચન અને કાયાના વ્યાપારોમાં એટલે કે કાયિક-વાચિક અને માનસિક વૃત્તિઓમાં અને પ્રવૃત્તિઓમાં દુષ્ટ તત્ત્વ રહેલું છે, તે જીવાત્માઓ પણ હિંસાપરક હોવાથી જુદા જુદા પ્રકારે ભયંકરમાં ભયંકર જીવ-હિંસાઓને કર્યા વિના રહેતા નથી; માટે પોતાનાથી પર બીજા જીવો પ્રત્યે દ્વેષવાળા જ હોય છે.

તેઓ કેવા કેવા જીવોની હત્યા કરે છે?

આ વાતને સૂત્રકાર સ્વયં કહી રહ્યાં છે.

મહાપુણ્યોદયે મળેલી અને પ્રયત્ન વિશેષથી વધારેલી બુદ્ધિના માલિકો પાસે જ્યારે સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર હોતા નથી, ત્યારે તેમનો અવિવેક ખૂબ જ વધી જાય છે, પરિણામે વિવેકભ્રષ્ટ બુદ્ધિને અસન્માર્ગે, પાપ માર્ગે ગયા વિના બીજો માર્ગ નથી, તેવો જીવોનો સ્વભાવ છે કે–સ્વાર્થ-વશ, માયાવશ, કામવશ કે અજ્ઞાનવશ પોતાના આત્માનો કે વ્યક્તિત્વનો જ ખ્યાલ ન હોવાથી, પર જીવોના તેમની નિર્દય હત્યાના, તેમની સાથે વૈર–વિરોધ વધારવાના તથા નરકગતિના ફળો ભોગવવાના ખ્યાલાતો કયાંથી હોય? આ કારણે તેઓ જુદા જુદા જીવોને હણે છે, મારે છે, કાટે છે અને તે દ્વારા પોતાની જીવિકા ચલાવે છે.

જીવાત્માઓ ત્રણ પ્રકારના છે.

(૧) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ રૂપ સ્થાવર જીવો.

(૨) બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય અને ચતુરિન્દ્રિય રૂપ વિકલેન્દ્રિય જીવો.

(૩) પાંચ ઇન્દ્રિયો જેમને મળી છે તે પંચેન્દ્રિય જીવો.

(૧) જળચર–પાણીમાં ચાલનારા.

(૨) સ્થળચર–પૃથ્વી પર ચાલનારા ચાર પગવાળા અને છાતી કે હાથથી ચાલનારા જીવો.

(૩) ખેચર–આકાશમાં ઉડનારા.

(૪) દેવ–નારક અને મનુષ્યો.

દેવ અને નારકોની દ્રવ્ય હત્યા અશકય છે, અને બીજા પંચેન્દ્રિય જીવોની હત્યા સુલભ છે, માટે સૌથી પહેલા જળચર જીવોને કહે છે.

જળચર જીવો :

પાઠીણ–સમુદ્રમાં થનારા મોટા માછલાઓ.

તિમિ–મોટા કદાવર માછલા, જેમની લંબાઈ, ચોડાઈ મોટી હોય છે.

તિમિંગલ–તિમિ નામના માછલાને પણ ગળી જાય તેવો કદાવર મત્સ્ય તિમિંગલ કહેવાય છે. આ ઉપરાંત બીજા પણ માછલા જાણી લેવા. જૂદી જૂદી જાતના દેડકાઓ, માંસ અને અસ્થિ નામના કાચબાઓ, સૂંડા અને મત્સ્ય મકર નામે મગરમચ્છો, ગ્રાહો, દિલીવેષ્ટક, મંદુક, સીમાકાર, પુલક અને શિશુમાર વગેરે ગ્રાહો છે. આ પ્રમાણે પાણીમાં જન્મનારા, મોટા થનારા બીજા પણ જળચર જીવોને નિર્દયી માણસો મારી નાખે છે.

સ્થળચર જીવો :—પૃથ્વી પર પોતાના પગ મૂકીને ચાલનારા જીવો સ્થળચર કહેવાય છે. તે આ પ્રમાણે :— કુરંગ, હરણ, રૂરૂ વગેરે મૃગજાતિના પશુઓ. સરભ, અષ્ટાપદ– જે હાથી જેવા વિશાળકાયને પણ પોતાની પીઠ પર બેસાડી દે છે. ચમર–ચમરી જાતની ગાય. સંવર, શાબર–જેના

શિંગડામાંથી બીજી અનેક શાખાઓ નીકળે છે તથા તેની ભસ્મ બનીને શાળરક્ષિંગ ભસ્મ તરીકે જાહેર છે. ઉરભ્ર, ઘેટું– જેના વાળની કામળી તથા ઓઘાની દશીઓ બને છે. શશક, સસલું, પ્રશર–જંગલમાં રહે છે અને બે ખરી હોય છે. રોહિત–ચાર પગનો પ્રાણી છે. હય (ઘોડો), ગજ (હાથી), ખર (ગધેડું), કરભ (ઉંટ), ખડ્ગ (ગેંડો) તેના હાડકામાંથી ચૂડા–બંગડી આદિ વસ્તુઓ બને છે. કાળા અને લાલ મોઢાના વાંદરા, ગવય (રોઝ) ગાય જેવું હોય છે. વૃક–જંગલમાં રહે છે અને નખ જોરદાર હોય છે. શિયાળ, કોલ, શુકર (જંગલી ભૂંડ) જે ખતરનાક જાનવર છે. માર્જાર પણ હિંસક હોય છે. કોલ શુકર સામાન્ય શુકર કરતાં મોટું હોય છે. શ્રીકંદલક તથા આવર્ત્ત–તે એક ખરીવાળા આરણ્ય પશુ છે. લોંકડી– તે બહુ જ ચાલાક હોય છે. ગોકર્ણ, મૃગ, હરણ, મહિષ, પાડો, વ્યાઘ્ર (વાઘ), છાગલ (બકરા–બકરી), દ્વીપિકા (તેંદુઆ) તે દ્વીપડા જેવું હોય છે. શૂની–જંગલી કૂતરા, તરક્ષ, અક્ષ અને ભલ્લ (ભાષામાં રીંછ કહેવાય છે). શાર્દૂલ (સિંહ), દ્વીપડો આ બધાય પંચેન્દ્રિય સ્થળચર જીવો છે.

ઉરપરિસર્પ :—સામાન્ય સર્પો અવાજ થતાં ભાગી જાય છે. અજગર તેમનાથી મોટો, ધીમે ચાલનારો અને પોતાના શ્વાસમાં એટલી બધી તાકાત ધરાવે છે કે પાસે રહેલા ચાર પગા જાનવરોને કે બે પગા મનુષ્યોને પણ ખેંચીને પોતાના પેટમાં પધરાવી શકે છે. ગોણસ–ફણા વગરનો સાપ છે, પ્રાયઃ કરી બેમુખી હોય છે. વરાહિ નામના સર્પની

આંખમાં ઝેર હોવાથી જેના પર નજર પડે તેને યમવસ્તી થવાનું રહે છે. મુકુલી નામના સર્પની ફેણનો વિસ્તાર થોડો હોય છે. આશાલિકા સર્પોની અનેક જાતમાંની એક જાત છે, તે ગામ-નગર આદિની નીચે ઉત્પન્ન થાય છે. મહોરગ-વિશાળકાય અને મનુષ્યલોકથી બહાર ઉત્પન્ન થાય છે. ઇત્યાદિ ઉરપરિ સર્પો, છાતીથી ચાલનારા હોય છે અને પંચેન્દ્રિય હોય છે.

ભૂજપરિ સર્પ :-ક્ષીરલ, શરભ અને સેહ (સાહુડી) આ ત્રણે જીવો કાંટાના શરીરવાળા જીવો છે. ગોધા (પાટલા ઘો) જેનાં પગમાં કુદરતી બક્ષીસ હોવાથી, રાતના રખડનારા, ચોર લોકો તેને પોતાની પાસે રાખે છે. અને તેની પૂછે રેશમની દોરી બાંધે છે. ત્યારપછી માળે જવાનું હોય તે ભીંત પર ઘોને ફેંકે છે. ત્યાં તે મજબુત ચોંટી જાય છે. અને તે દોરી દ્વારા ચોરો, વ્યભિચારીઓ, બદમાસો પોતાના લક્ષ્ય સ્થાને પહોંચીને પોતાનું કાર્ય કરે છે. કાળા-ઘોળા, ઘરના, ખેતરના ઉંદર, મોટા ઉંદર, નોળીયા, કાંચીડો, જાહુક, મંગુસ તથા ખીસકોલી, ગરોળી ઇત્યાદિ હાથથી ચાલનારા હોવાથી ભૂજપરિ સર્પ છે.

ખેચર :-કલહંસ. કંકપક્ષી, બગલું, સારસ, આડાપક્ષી, સેટી, કલલ, વંજુલ, પારિપ્લવ, પોપટ, શકુન, દેવચકલી, હંસ, ધાર્તરાષ્ટ્રક, ભાસ, કુલીકોશ, ક્રૌંચ, દગતુંડ, ઢેણી, કાલુક, સૂચીમુખ, કપિલ, પિંગલાક્ષ, કારંડક, ચક્રવાક, કુરર, ગરૂડ, પિંગલ, શુક, મોર, મેના, નંદીમુખ, નંદમાનક, કોરંક,

ભૃંગારક, કોણાલક, ચાતક, તેતર, બટેર, લાવા, કપિંજલક, કબૂતર, પારેવું, ચકલી, ઢિંક, કૂકડો, મેસર, ચકોર, હૃદ, પુંડરિક, કરક, સમડી, બાજ, કાગડા, શ્વેતચ્યાષ, વાગોળ, ચમગાદડ, વિતતપક્ષી, સમુદ્રપક્ષી, ઇત્યાદિ જાનવરો પોતાની પાંખો વડે આકાશમાં ઉડનારા હોવાથી ખેચર કહેવાય છે. આ ઉપરાંત બીજા પણ જળચર, સ્થળચર અને ખેચર જીવો જાણી લેવા તથા બે ઇન્દ્રિય, તે ઇન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવો પણ જાણવા.

જીવ માત્રને પોતપોતાના પ્રાણો પ્રિય હોય છે. એટલે કે ઉપર પ્રમાણેના મુંગા પ્રાણીઓને પણ પોતાની ઇન્દ્રિયો, મન, શ્વાસોશ્વાસ અને આયુષ્ય પ્રત્યે અગાધ પ્રેમ હોવાથી તેઓ મરણ જન્ય દુઃખોથી સદૈવ ભયગ્રસ્ત જ હોય છે. તેથી તે બિચારા મુંગા પ્રાણીઓને મારનારા ખરેખર અધાર્મિક છે.

જીવોને મારવા માટેના કારણો કયા કયા ?

ઉપરના સૂત્રમાં પ્રાણીઓના પ્રાણ વધના પ્રકારોને કહ્યાં હવે પાછળના સૂત્રમાં શાસ્ત્રકાર પોતે તે તે પશુઓને કયા કારણે મારવામાં આવે છે, જેમકે ગાયને મારવામાં આવી તો શા માટે ? કસાઇખાનામાં ગાયોને મારનારા જલ્લાદો (કસાઇઓ), તેના માલિકો, છેવટે સરકારના ઇશારે ચાલનારા ઠેકેદારો, કસાઇખાના ચલાવનારી મ્યુનિસિપાલિટીઓ, ખાનગી સંસ્થાઓ અને તેના પર દેખરેખ રાખનારા ઓફીસરોને નિર્દય રીતે મૂંગા પ્રાણીઓને મારવાનું કયું કારણ ? ગાય

કે બળદને માર્યા પછી તેઓનું ચામડું, માંસ, લોહી, હાડકા, શિંગડા, ચરબી વગેરે પદાર્થો કરોડો રૂપીયાઓનું હુંડિયામણ કમાવીને આપે છે તે આપણે સામયિક પત્રો દ્વારા જાણીએ છીએ. આ પ્રમાણે ગાય આદિ બીજા જાનવરોના મૃત્યુ પછી તેમની કંઈ કંઈ વસ્તુઓ કયા કયા કામમાં આવે છે તે જાણવાનો પ્રયાસ કરીએ.

જીવ માત્રનું શરીર રસ, લોહી, માંસ, મેદ, હાડ, મજ્જા અને શુક્ર, આ સાત ધાતુઓને આધારે ટકી રહ્યું છે. પ્રાણી જે કંઈ ખોરાક ખાય છે તેનું ક્રમશઃ સાતે ધાતુઓમાં પરિણમન થાય છે. જેનાથી પોતાના આયુષ્યકર્મની છેલ્લી સીમા સુધી તેઓ પોતાના પરિવાર સાથે સુખપૂર્વક રહેવા પામે છે. અનિષ્ટ કર્મોના વિપાકરૂપે વિષ્ટાનો કીડો ભલે વિષ્ટામાં રહેતો હોય તો પણ તેને તેમાં જ સુખ છે. આ રીતે બીજા પશુઓ કે પંખીઓને માટે જાણવું.

૮૪ લાખ જીવાયોનિના જીવોમાં મનુષ્ય જ સર્વશ્રેષ્ઠ પ્રાણી છે. પરંતુ તે જ્યારે દુર્બુદ્ધિ, ઇન્દ્રિય ગુલામ, મોહ-માયામાં બેભાન અને બેમર્યાદ બને છે ત્યારે તેની બધી શક્તિઓ, જ્ઞાન-વિજ્ઞાન, ચતુરાઈ-ચાલાકી, વકતૃત્વ, વ્યક્તિત્વ કે કવિત્વ આદિની પંડિતાઈ પણ પરજીવોની હત્યા માટે તથા તેમના સાતે ધાતુઓના વિક્રય દ્વારા લાખોપતિ બનવાના કામે આવે છે. પશુ-પંખીના શરીરના કયા કયા અંગો કયા દેશમાં વધારે ખપશે તે માટે ટપાલ, તાર અને છેવટે દેશ-દેશાન્તરમાં જઇને પણ તે તે વસ્તુઓનો નિયતિ કરવાનો

આગ્રહપૂર્વક વ્યાપાર કરશે. બાનગી કે સરકારી કસાઈખાના-માંથી તે તે વસ્તુઓની ખરીદી કરી પરદેશ મોકલવાની વ્યવસ્થા કરશે. પોતાની મેળે મરેલા જાનવરોના ચામડા નરમ હોતા નથી, માટે જીવતાં ઢોરોને મશીનો દ્વારા મૃત્યુને ઘાટ ઉતરાવીને પણ તેમનું આખું ને આખું ચામડું ઉતારી લેવામાં આવે છે જે નરમ હોય છે. પરદેશના કે દેશના વ્યાપારીઓ તેને ખરીદીને તેમાંથી બ્લાઉઝ, મોજા, ટોપીના કે ઘડીયાળના પટ્ટા, મનીબેગ, ટ્રેન્ડબેગ, બિસ્તર આદિ હજારો પ્રકારમાં તે નરમ ચામડું કામમાં આવે છે; માટે દેવાધિદેવ, પરમાત્માઓએ કહ્યું કે, ચામડાને માટે ગાય, બળદ, વાછરડા વિગેરેની હત્યા થાય છે.

વસાનો અર્થ ચરબી જે પ્રત્યેક જીવોના શરીરમાં ચિક્કણો સફેદ પદાર્થ હોય છે. જીવતાં બળદ, ગાય, પાડા, ભૂંડ, ઘેટા, બકરા આદિ જાનવરોને મશીનથી કે ચારે પગ બાંધી તીક્ષ્ણ શસ્ત્ર વડે તેમને મારી તત્કાળ જ તેમાંથી પ્રયોગ વિશેષ વડે ચરબી કાઢવામાં આવે છે. તેનો પ્રયોગ ઘર વપરાશના ઘી, તેલ, સાબુ, સ્નો, ક્રીમ, પાઉડર, લિપસ્ટીક, ધોવાના તથા ન્હાવાના સાબુઓ આદિ ખાવાના અને શરીર પર વાપરવાના પદાર્થોમાં તેનો ઉપયોગ થાય છે. પાડાના કે ભૂંડની ચામડી જાડી હોવાથી તેમને ચારે પગે દોરડાથી બાંધી ઉંધા લટકા-વવામાં આવે છે અને નીચે જોરદાર અગ્નિ લગાડે છે. તેમના મોઢામાં રબ્બરની નળી નાખી તેનાથી જેમ જેમ જાનવર સેકાતો જાય, રીબાતો જાય તેમ તેમ તેમની ચરબી ડોલમાં

એકત્ર ભેગી થતી જાય છે. ખાવાની કે ઘી વિગેરેમાં પણ તેનો ઉપયોગ નકારી શકાતો નથી.

માંસ :–જીવતા જાનવરોનું માંસ પરદેશમાં જાય છે. તેમાંથી કરોડો રૂપીયાની કમાણી સ્વતંત્ર ભારત દેશના અધિનાયકો કરી રહ્યાં છે. ખેતીપ્રધાન દેશનું અમૂલ્ય પશુધન સમાપ્ત થઈ રહ્યું છે. ઠેકેદારોની આજ્ઞાથી કસાઇઓ તે ચારપગા જાનવરોને મોટા થાંભલા સાથે બાંધે છે. તેમના પગો પણ બાંધી લેવામાં આવે છે, ત્યારપછી યમરાજની જીભ જેવી છરીથી તેમને મોતને ઘાટ ઉતારે છે. મોટા કતલખાનામાં ઢોરોને એક લાઇનમાં બાંધીને મશીનદ્વારા કાપે છે. તે સમયે તેમની આંખો અને જીભ બહાર આવી જાય છે. પરન્તુ અફસોસ છે કે, તે બિચારા સર્વથા મૂંગા પ્રાણીઓની દયા ખાનાર ભારતદેશમાં કોઇપણ માઇનો લાલ હયાત નથી. તેમ અરિહંત પરમાત્માના, વિષ્ણુ ભગવાનના કે શિવના ઉપાસકો પાસે તે પશુઓને બચાવવા માટે રતિમાત્ર સામર્થ્ય નથી, પુત્રવતી દયા નથી, પ્રાણુવાન અહિંસા ધર્મ નથી. જાણે ! તેમના કથિત ધાર્મિક જીવનમાંથી દયાદેવીનું સર્વથા દેવાળું નીકળી ગયું છે. દેશના શાકાહારી ધર્મોના ગુરુઓ ધર્મના પોથાઓની થોથી ચર્ચામાંથી કે પોતાના આડંબરોમાંથી બહાર આવતા નથી, એથી જ જાણવું સરળ બને છે કે– તેમના પોતાના આન્તર જીવનમાંથી અહિંસાદેવીની સ્થાપના મરી પરવારી છે. આ પ્રમાણે કેવળ માંસને માટે લાખો જાનવરો કપાઈ રહ્યાં છે.

મેદ–શરીરની સાત ધાતુઓમાંથી ચોથી ધાતુને મેદ કહેવાય છે. તે માટે કેટલાક જનવરો મારવામાં આવે છે.

યકૃત–પેટની જમણી તરફ માંસની ગ્રંથિરૂપે યકૃત રહેલું છે. અમુક ઔષધોમાં તેનો ઉપયોગ થાય છે.

મગજ–મરાતાં જનવરોના મગજને કાઢી લેવામાં આવે છે. જેનો ઉપયોગ ઔષધોમાં થાય છે.

કાળજું–હૃદયના માંસપિંડને કાળજું કહેવાય છે. અમુક જનવરો જેવાં કે–ઘેટાં, બળદ, ગાય, બકરા, હાથી આદિના કલેજામાંથી જુદી જુદી જાતના વિટામિન્સ બને છે. તેની ગોળીઓ (ટેબલેટસ) બજારમાં જેટલા પ્રમાણમાં જોઇએ તેટલા પ્રમાણમાં મળે છે. જેનો ઉપયોગ ધર્માત્માઓ, ધર્માન્ધો, ધર્મના અધિનાયકોને પણ કર્યા વિના ચાલતું નથી. આંતરડા માટે પણ જનવરો કપાય છે. તેમના શરીરમાંથી પિત્તાશય મેળવવા માટે તેમને ક્રૂરતાપૂર્વક મારે છે.

ફેફસ–શરીરના અમુક અવયવને ફેફસ કહેવાય છે. જેનો ઉપયોગ કયા કયા ઔષધોમાં થતો હશે તે તો કેંસર અને કંકુના ચાંદલા કરવાવાળા ઉદ્યોગપતિઓ જ જાણી શકે છે.

દાંત–ખાસ કરીને હાથીદાંત માટે જંગલમાં રહેનારા હાથીઓને નિર્દયતાપૂર્વક મારી નાખવામાં આવે છે. સૌથી પહેલા વિષયુક્ત બાણોવડે હાથીને ઘાયલ કરે છે અને તે જમીન પર ઢળી પડે છે. શિકારીઓ જાડા ડંડાઓથી હાથીને

મારી મારી અધમુઓ કરે છે. પછી ૫-૧૦ શિકારીઓ ભેગા મળીને બંને દાંત બહાર કાઢે છે. તે સમયની હાથીની રિબામણ ભલભલાને પણ થરથરાવી દેનારી હોય છે. પણ.... હાય રે.... હુંડિયામણ-શ્રીમંતાઈ-સત્તા ! જેના પાપે લાખોપતિ થયેલા શ્રીમંતો આજે પણ ઘી-કેળાં ખાઈ રહ્યાં છે, તીર્થસ્થાનોમાં જઈ લાખોના જમણવાર, ઉપધાન કરાવતાં હશે તે સમયે તેમના હૃદયમાં પોતાના પાપવ્યાપારોનો ખ્યાલ આવતો હશે ? ગોતવા છતાં પણ દયાની દેવીનો વાસ તેમના જીવનમાં હશે ? કેસર કે કંકુના તિલકો પણ તેમને સ્વર્ગની પ્રાપ્તિ કરાવી શકશે ? એકાદ હાથી પોતાની મેળે મરી ગયો હોય તેટલા માત્રથી લાખો અને કરોડોના વ્યાપારો નથી થતાં ત્યારે માનવું જ રહ્યું કે ' दन्तयोर्हन्ति कुञ्जरम् ' હાડકા-મજ્જા (શરીરની છઠ્ઠી ધાતુ જેમાંથી શુક્ર બને છે) નખ, આંખ, કાન, સ્નાયુ (નસ વિશેષ) નાક, નાડી, સિંધડા, દાઢ, પિંછા, વિષ, વાળ આદિની પ્રાપ્તિ માટે તે તે જાનવરોને મારવામાં આવે છે. સારાંશ કે આ પદાર્થોનો ઉપયોગ ઔષધો માટે તાંત્રિક પ્રયોગો માટે તથા વ્યાપારાદિ માટે કરાય છે. જેમ કે લાખો અને કરોડોની સંખ્યામાં, જંગલોમાંથી મહાભયંકર વનવગડામાંથી અજગર, કાળા નાગ, ધોળા નાગ, પકડવામાં આવે છે, જેમાંથી તેની દાઢ, વિષ, ચામડી કાઢી લેવામાં આવે છે. અજગર બહુ જ લાંબા હોય છે. તેમને પકડીને કે પકડાવીને તેમની ચામડી કાઢી લેવામાં આવે છે. જેમાંથી શ્રીમંતોને કે તેમની ધર્મપત્નીઓને પહેરવા માટે વસ્ત્રો આદિ બને છે.

તેમના ઝેર(વિષ)માંથી ઈન્જેક્શનો વગેરે દવાઓનું નિર્માણ થાય છે. તેમની ચામડી (કાંછલી) પરદેશમાં જાય છે અને લાખો કરોડોનું હુંડિયામણ કમાવી આપે છે. મોટી મોટી માછલીઓને ઝાડની ડાળ સાથે બાંધવામાં આવે છે અને કુહાડા કે ધારીયા વડે કાપવામાં આવે છે. અમુક માછલીઓમાંથી તેલ કાઢવામાં આવે છે, જે કોડલીવર ઓઈલ તરીકે વેચાય છે, નાની મોટી માછલીઓને સૂકવવામાં આવે છે, પછી તેનો લોટ (પાવડર) બનાવીને તેનો ઉપયોગ શામાં થાય છે તે જાણવું છે ? તમારા ખાવાના ખોરાકમાં, પીપરમેંટ, ચોકલેટ તથા ઠંડા પીણામાં પણ વપરાય છે.

હજારો, લાખોની સંખ્યામાં કૂકડા, તેતર આદિ પક્ષીઓ, ગાંધી બાબાના દેશના ભરબજારમાં બિનધાસ્ત વેચાઇ રહ્યાં છે. તેને ખરીદનારા માંસાહારીઓ ઘેર લઇ જઇને કાકડીની જેમ તેમની ડોક મરડી નાખે છે, ત્યાર પછી તેમનું ભેટાણું કસાઇખાનાને દ્રવ્ય આપનાર, કસાઇઓને પૈસા ધીરનાર, મોટી હોટલોને ચલાવનાર કે તેમાં મૂકી રોકનારને કરવામાં આવે છે. અથવા હોટલો કે રેસ્ટોરન્ટમાં વેચવામાં આવે છે, જ્યાં સારા પ્રતિષ્ઠિત માનવોના પણ પદાર્પણ થાય છે અને ટેસ્ટપૂર્વક તે વાનગીઓને આરોગે છે. કચા કચા નબીરાઓ, શાહજાદાઓ ત્યાં જતા હશે ? તેની તપાસ માટે કોઈ અદશ્ય શરીર લઈ ત્યાં જાય અને જુએ તો ખબર પડી શકે.

ખાનારને પાપ શા માટે લાગે ?

કદાચ કોઈ શંકા કરે કે અમે એકેય જાનવરને બાંધતા નથી, કાપતા નથી, પકાવતા નથી તો ખાનારને પાપ શા માટે લાગશે? આવી રીતે માંસને રાંધનાર રસોઇઓ (કુકમેન) પણ તર્ક આપી શકે છે કે કસાઈખાનામાંથી હું માંસ લાવતો નથી, કેવળ જેમની નોકરી કરૂં છું તેમની આજ્ઞાથી હું રાંધુ છું, તો મને પાપ લાગવાની શી જરૂર? તેમ જલ્લાદ પણ કહી શકે કે હું તો માત્ર પૈસાનો ચાકર છું, માટે પાપ લાગે તો પણ કસાઈખાના ચલાવનાર, તેમાં પૈસા ધીરનાર કે સરકારને લાગે. ઇત્યાદિ પ્રશ્નો અને તર્કોનો જવાબ આપણે મનુ જેવા મહાપુરૂષની બનાવેલી જગત્પ્રસિદ્ધ મનુસ્મૃતિને જોઈ લઇએ. જે આ પ્રમાણે જવાબ આપે છે:

हन्ता पलस्य विक्रेता, संस्कर्त्ता भक्षकस्तथा ।
क्रेताऽनुमन्ता दाता च, घातका एव यन्मनुः ।।

ભાવાર્થ :—

૧. હન્તા એટલે તીક્ષ્ણ શસ્ત્રવડે પ્રાણીઓને મારનાર.

૨. વિક્રેતા એટલે માંસને વેચનાર.

૩. સંસ્કર્તા એટલે માંસને રાંધનારો રસોઇઓ.

૪. ભક્ષક એટલે માંસ ભોજન કરનાર.

૫. ક્રેતા એટલે માંસને ખરીદનાર અર્થાત્ શેઠની આજ્ઞાથી માંસને વેચાતું લઈ આવનાર.

૬. દાતા એટલે કસાઇખાનામાં, મત્સ્ય ઉદ્યોગ આદિમાં કે માંસાહારની હોટલોમાં પૈસા રોકનાર, ધીરનાર કે પોતાના હસ્તકે રહેલા ટ્રસ્ટોમાંથી લોન લેનાર અથવા સ્વતંત્રરૂપે માંસાહારની હોટલ ચલાવનાર.

૭. અનુમન્તા એટલે પોતે ખાનાર, અતિથિઓને પીરસનાર.

ઉપરોક્ત સાતે પ્રકારના માનવોને મનુ મહારાજ એક જ સમાન ઘાતક માને છે. કેમકે પ્રાણી હત્યામાં કોઈ સાક્ષાત્, કોઈ પરંપરાથી પણ ભાગીદાર બનતાં જ હોય છે. આ વાતનો અનુવાદ કરીને કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજા પોતાના યોગશાસ્ત્રમાં ફરમાવે છે કે :-

" अनुमन्ता विशसिता, निहन्ता क्रयविक्रयी ।
संस्कर्ता चोपहर्ता च, खादकश्चेति घातकाः । "

અનુમન્તા–માંસાહારની અનુમોદના કરનાર.

વિશસિતા–મારેલા જાનવરના અંગોનો વિભાગ કરનાર.

નિહન્તા–જીવોને મારનાર.

તેવી રીતે માંસ લેનાર, વેચનાર, રાંધનાર અને ખાનાર આ બધાય માનવોને જીવહત્યાનું પાપ લાગે જ છે.

જૈન શાસનમાં બેઇન્દ્રિય, ત્રીરિન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોને વિકલેન્દ્રિય કહેવાય છે. ઇન્દ્રિયો પાંચ છે, જેમના દ્વારા આત્માને જ્ઞાન થાય તે ઇન્દ્રિયો છે. પગના અંગૂઠાના

તળીયાથી લઇને માથાના અગ્રભાગ સુધીને સ્પર્શેન્દ્રિય કહેવાય છે. માટે હાથ-પગ, ઉપસ્થ (જનનેન્દ્રિય), ગુદા આદિને જુદી ઇન્દ્રિયો માનવાની જરૂરત જૈન શાસનને માન્ય નથી. કેમકે કર્મેન્દ્રિયોનો સમાવેશ જ્ઞાનેન્દ્રિયોમાં થઈ જાય છે. ઉષ્ણ, શીત, કર્કશ, મુલાયમ આદિનું જ્ઞાન સ્પર્શેન્દ્રિય ઇન્દ્રિય દ્વારા આત્માને થાય છે. બેઇન્દ્રિય જીવોને જીભ વધારે હોવાથી ખાટું, મીઠું, તીખું, કડવું આદિ રસનું જ્ઞાન જીભને આભારી છે. તેઇન્દ્રિય જીવોને નાક વધારે હોવાથી દુર્ગંધ કે સુગંધનું જ્ઞાન તેમને વધારે થાય છે. ચાર ઇન્દ્રિયોવાળા જીવોને આંખ વધારે હોવાથી બીજાઓના રૂપરંગનું જ્ઞાન થાય છે, જ્યારે પંચેન્દ્રિય જીવોને કાન વધારે હોવાથી શ્રવણનું જ્ઞાન થાય છે. આ પ્રમાણેના પાંચે પ્રકારના જીવોમાં પંચેન્દ્રિય જીવો વધારે પુણ્યશાળી હોવાથી તેમની હત્યાને મહાપાતક તરીકે કહેવાઈ છે.

વિકળેન્દ્રિય જીવોની હત્યા શા માટે ?

ચતુરિન્દ્રિય જીવોમાં ભ્રમર, ભ્રમરી અને મધમાખીઓ ઝાડ, પાંદડા, ફળ જ્યાં પુષ્કળ હોય છે તેવા જંગલોમાં વિચરે છે અને તેમનો રસ ચૂસીને તેનો મધપુડો બનાવે છે. તેની રચના તેવા પ્રકારની હોય છે જેને આજના બુદ્ધિશાળી વૈજ્ઞાનિકો પણ બનાવવામાં નિષ્ફળ ગયા છે.

રસથી ભરેલા તે મધપુડામાં હજારોની સંખ્યામાં ભમરા ભમરીઓ અને મધમાખીઓ બેસે છે, ત્યાં તેમના મૂકેલા

ઇંડાઓ પણ લાખોની સંખ્યામાં હોય છે. જ્યારે મધપુડો મધથી પૂરેપૂરો ભરાઈ જાય છે ત્યારે વાઘરી જેવા જંગલી માણસો તેની નીચે ધૂમાડો કરે છે, ત્યારે થોડા ઘણા ભમરાઓ ઉડી જતા હશે. શેષ લાખોની સંખ્યામાં તે ચાર ઇન્દ્રિયના જીવો બેમોતે મરી જાય છે. ત્યાર પછી તે વાઘરીઓ તેમાંથી મધ લઈ લે છે, શેષ બોખાનો મોમ બને છે. મધના રસાન્વેા તે મધને વાઘરીઓ પાસેથી ખરીદે છે અને તેઓ તે રસમાં તરબોળ બને છે.

તેઇન્દ્રિય જીવો જૂ-કીડી વગેરે પોતાની ઉંઘ હરામ ન થાય તે માટે તે જીવોને ડી.ડી.ટી. આદિ રસાયણોથી મારે છે. કીડા વિશેષથી પોતાના વસ્ત્રો રંગે છે. મકાનને લીંપવા માટે શંખ-છીપના ચૂર્ણ વિશેષનો ઉપયોગ કરે છે. તથા છીપોમાંથી કાઢેલ મોતીઓના આભૂષણોથી પોતાનું શરીર શણગારે છે, અને બેઇન્દ્રિય જીવોની હત્યા કરે છે, અથવા રેશમી વસ્ત્ર નિર્માણમાં લાખો કરોડો કીડાઓ મરે છે. હાર-બંગડી આદિ આભૂષણો માટે છીપોને કેવી રીતે ફોડવી, તેના ગર્ભમાંથી મોતી કેવી રીતે કાઢવા તે મોતીના વ્યાપારીઓ જ જાણી શકે છે, તથા અજ્ઞાની, અબુધ માનવો શરીરને હૃષ્ટ-પુષ્ટ, ચહેરાને ચમક-દમક બનાવવા માટે, લોહીમાં તાકાત વધારવા માટે, ફેશનાલીટીમાં નવી ચમક લાવવા માટે જે જે જીવોનો ઉપયોગ દેખાય તે બધું કરવા માટે તે તૈયાર જ હોય છે.

સ્થાવર જીવોની હત્યા :—

સ્થાવર જીવો પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાય ભેદે પાંચ પ્રકારના છે. તેઓનું વર્ણન સૂત્રકાર આ પ્રમાણે કરી રહ્યાં છે :—

(૧) **અત્તાણેઃ**—આ પાંચે પ્રકારના જીવોનો રક્ષક કોઈ નહિ હોવાના કારણે તે બિચારા સર્વથા અને સર્વદા રક્ષા વિનાના છે.

(૨) **અસરણેઃ**—આ જીવોને શરણ દેવાવાળાઓનો સર્વથા અભાવ હોવાથી પુણ્યહીન આ બિચારા જીવો નિઃસહાય છે.

(૩) **અણાહેઃ**—સર્વદા નાથ વિનાના આ જીવો દયાપાત્ર છે.

(૪) **અબંધવે** :—એમનો કોઈ મિત્ર નથી, બાંધવ નથી માટે સહાય વિનાના છે.

(૫) **કમ્મનિગડબંધે** :—મહાભયંકર, નિકાચિત, સ્થિતિ અને રસ કર્મવાળા હોવાથી, આઠે કર્મોની બેડીમાં જકડાયેલા છે, માટે જ તેમનું છેદન-ભેદન થાય, કુહાડા કે છરીથી કપાય, પાંદડા, ડાળ કે ફળો તોડાય, બફાય, કારેલા-કંકોડાની છાલ ઉતારાય, ભીંડા-ગલકાના પેટમાં ચપ્પુથી ચીરો દેવાય, અન્દર મીઠું-મરચું ભરાય, બદબદ કરતાં પાણીમાં બફાય, પત્થરથી પીસાય; કેરી, પપૈયાની ચપ્પુવડે છાલ ઉતારાય, ગેહું-ચણા વગેરે ઘંટીમાં દળાય, આદિ હજારો લાખો પ્રકારની ભયંકર વેદનાઓ તેમને ભોગવ્યા વિના બીજો માર્ગ નથી, તેમ છતાં તેમને અભયદાન દેનાર કોઈ નથી.

(૬) अकुसलपरिणाम मंदबुद्धिजणदुव्विजाणए:-અકુશલ અધ્યવસાયથી ઘેરાયેલા મન્દબુદ્ધિના માલિકોને એકેન્દ્રિયાદિ જીવોની સત્તા(વિદ્યમાનતા)નો ખ્યાલ પણ આવી શકતો નથી. કેમકે-તેમનાં જીવનમાં તત્ત્વ કે અતત્ત્વનો વિવેક જાગૃત હોતો નથી. તેમ બધાય જીવો મારા આત્મતુલ્ય છે તેવી સદ્દબુદ્ધિ હોતી નથી અથવા હિંસા-હત્યા કરવાથી મને તિર્યંચ કે નરક ગતિના દુઃખો ભોગવવા પડશે કે મારો આત્મા તે તે સ્થાનોમાં જન્મ લેશે, તેવા પ્રકારનું સમ્યગ્જ્ઞાન તેમને હોતું નથી, તેથી આ બિચારા હીન-દીન જીવોની રક્ષા માટે તેમને કાળજી કયાંથી હોય ?

(૭) पुढवीमये पुढवीसंसीए :-અબુદ્ધ, અવિવેકી અને હિંસાના પરિણામવાળા જીવોને પૃથ્વીકાયના આશ્રયે રહેનારા અળસીયા, આદિ જીવો કે સાવ બારિક શરીરવાળા સૂક્ષ્મ જીવો જે ત્રસકાયિક છે, તેનો ખ્યાલ તેમને ન આવતો હોવાના કારણે હળવડે, કોદાળાવડે, પાવડાવડે, લોખંડના કે લાકડના ટૂકડાવડે પૃથ્વીકાયનું હનન કરતા તેના પેટાળમાં રહેનારા બીજા ત્રસ જીવોની હત્યાના પણ તેઓ ભાગીદાર બન્યા વિના રહેતાં નથી. અપ્કાય જીવો અને પાણીના આશ્રયે રહેનારા દેડકા, માછલા વગેરે હજારો લાખો ત્રસ જીવોની, અગ્નિકાય અને તેના આશ્રયે રહેનારા ત્રસ જીવોની, વાયુકાય અને તેના આશ્રયે રહેનારા ત્રસ જીવોની હત્યા પણ થાય છે.

વનસ્પતિ-ભાજી, શાક, ફળ, પાંદડા, ડાળ, મોટી ડાળ, મૂળીયા આદિ વનસ્પતિકાયિક જીવોની તથા તેના આશ્રયે

રહેનારા નાના મોટા કીડા, મકોડા, સાપ, કાનખજુરા, ગરોળી, ઉંદરડા તથા ડાળ પર માળા બાંધીને રહેનારા કબુતર, કાગડા, મોર, કોયલ, તેતર, ગીધ તથા તેમના ઇંડા આદિ ત્રસ પંચેન્દ્રિય, ચતુરિન્દ્રિય, ત્રિન્દ્રિય અને દ્વીન્દ્રિયાદિ જીવોની હત્યા અબુધ માનવો નિર્દયરૂપે કરે છે. આ વાતને સૂત્રકાર કહે છે કે–

(૧) तम्मयतज्जोवए :—પૃથ્વીકાયિકોને તથા તેમના આધારે રહેનારા જીવોને.

(૨) तदाहारे–જે જીવોને બીજે કયાંય રક્ષણ મળતું નથી, તેમને તથા પૃથ્વી એટલે માટી આદિ જ જેમનો આહાર છે, મતલબ કે પૃથ્વીમાં રહીને માટી આદિનું ભક્ષણ કરી જે જીવો પોતાનું જીવન જીવે છે.

(૩) तप्परिणयवण्णगधरसफासबोंदिरूवे–

અર્થાત્ પૃથ્વી આદિના વર્ણ–ગંધ–રસ અને સ્પર્શોથી જે જીવોનો સ્વભાવ પરિણત થઈ રહ્યો છે.

(૪) अचक्खुसे :—જે જીવો છદ્મસ્થ માણસોને ચક્ષુ-ગોચર નથી.

(૫) चक्खुसे–અથવા જે જીવો ચક્ષુગોચર છે, તેવા ત્રસ જીવો, જે તડકો, છાંયડો, સુખ અને દુઃખના કારણે એક સ્થાનથી બીજા સ્થાને જાય છે એવા ત્રસનામ કર્મના ઉદય-વતી જીવો.

(૬) असंखए थावरकाए :—સૂક્ષ્મ, બાદર, પ્રત્યેક, સાધારણ શરીરવાળા અસંખ્યાત સ્થાવર જીવોની હત્યા કરે છે.

સૂક્ષ્મ નામકર્મના ઉદયથી સૂક્ષ્મત્વ મળે છે. બાદર નામકર્મના કારણે બાદરત્વ, પ્રત્યેક નામકર્મના કારણે એક શરીરમાં એક જીવવાળા વનસ્પતિકાયિક જીવો, સાધારણ નામકર્મને લઈ એક શરીરમાં અનંત જીવો સાધારણ વનસ્પતિકાયિક જીવો કહેવાય છે. જેમાં આલુ (પોટેટો), કાંદા, લસણ, મૂળા, ગાજર, સકરીયા આદિ વનસ્પતિ સાધારણ છે. આ જીવો એક સાથે જન્મે અને મરે છે.

ઉપર પ્રમાણેના એકેન્દ્રિયાદિ જીવો કે અનંતકાયિક અથવા પ્રત્યેકકાયિક જીવો બિચારા જાણતા પણ નથી કે– આ ઘાતક લોકો અમને મારી નાખશે, છેદી નાખશે, તેમાં મીઠું મરચું નાખશે, બાફી નાખશે આદિ કંઈ પણ જાણતા નથી, કેમકે સ્પષ્ટ જ્ઞાનથી તેઓ રહિત છે.

પૃથ્વીકાયાદિ જીવોની હત્યા કયા કાર્યોમાં થાય છે ?

પોતાનું અને પારકાનું હિત શામાં છે ? આવો વિવેક જેમણે કેળવ્યો નથી, કેળવવા માટેની ચિંતા પણ કરી નથી, તેવા મન્દ બુદ્ધિ બાળ જીવો (વિવેક અને જ્ઞાન વિનાના વૃદ્ધ માણસો પણ) ને જીવહત્યાના પાપો તથા તેના ફળોની જાણકારી ન હોવાના કારણે ભિન્ન ભિન્ન પ્રકારે પૃથ્વીકાયિકાદિ જીવોની હત્યા કરતાં જ હોય છે. તે વાતને સૂત્રકાર વિસ્તૃતરૂપે સમજાવતાં કહે છે કે :–

(૧) ખેતીવાડી કરનારા હળ, કોદાળી, પાવડો તથા ખુરપી વડે પૃથ્વીકાયિક જીવોની તથા તેમાં રહેલી વનસ્પતિ અને તેના આશ્રયે રહેલા ત્રસ જીવોની હત્યા કરે છે.

(૨) પુષ્કરિણી :–પાણી જેના ઉંડા હોય, કમળોથી યુક્ત ચાર ખુણાવાળી વાવડીને પુષ્કરિણી કહેવાય છે.

(૩) વાવ :–જે લાંબા આકારની હોય, પાણી સ્વાદુ અને સ્વચ્છ હોય તેને વાપી–વાવડી કે વાવ કહેવાય છે.

(૪) ખેતર :–હળદ્વારા ખેડાયા પછી, જેમાં અનાજની વાવણી કરવામાં આવે છે તે ખેતર ક્ષેત્ર કહેવાય છે.

(૫) સર :–ખાડો ખોદીને બનાવેલ જળાશયને સર કહેવાય છે.

ભીંત માટે ઇંટો, તથા મૃતકના અગ્નિ સંસ્કાર માટે કાષ્ઠોનો સંચય કરવો તેને ચિતિ કહેવાય છે. તે સ્થાને જે વેદિકા (ચબુતરો) બનાવાય છે તે વેદી છે. કિલ્લાની ચારે બાજુની ખાઇને ખાતિકા કહે છે. પોતાના રહેઠાણ પાસેના બગીચાને આરામ કહેવાય છે. ગામવાસીઓને આમોદપ્રમોદ માટે ગામની બહાર જે સ્થાન છે તે વિહાર છે. મહાપુરૂષોના મરણોત્તરની સ્મૃતિ માટેના સ્તંભને સ્તૂપ કહે છે. ગામની રક્ષા માટે બાંધેલા કિલ્લાને પ્રાકાર કહેવાય છે. શહેરમાં પ્રવેશ કરવા માટેના મુખ્ય દ્વારને ગોપુર કહે છે. મકાનની અગાશીને અટારી કહેવાય. કિલ્લા અને નગરની વચ્ચે એક હાથીની

અવરજવર થાય તે આઠ હાથ પ્રમાણવાળા માર્ગને ચરિકા કહેવાય છે. નદી આદિને ઓળંગવા માટે પત્થર કે લાકડાના પુલને સંક્રમ કહે છે. રાજમહેલને પ્રાસાદ કહે છે. સામાન્ય ઘરને શરણ અને પર્વત પાસે પત્થરના ઘરને લયન કહેવાય છે. દુકાનને હટ્ટ અથવા હાટ કહેવાય છે. યક્ષાદિના ગૃહોને ચૈત્ય કહે છે. ચિત્રોવાળા ઘરને ચિત્રસભા તથા પાણી પીવાના સ્થાનને પરબ કહેવાય છે. યજ્ઞશાળાના મકાનને આયતન, તાપસોના આશ્રમને અવસથ, મકાનની નીચેના ભોંયરાને ભૂમિઘર (તલઘર), તંબુને પટઘર કે મંડપ કહે છે. માટીના વાસણોને ભાંડ તથા સોના ચાંદીના વાસણોને ભાજન તથા ખાંડણિયો અને સાંબેલાને ઉપકરણ કહે છે.

ઉપરોક્ત વસ્તુઓના નિર્માણમાં પૃથ્વીકાયના જીવોની હત્યા ચોક્કસ રહેલી છે. અબુધ માનવો પાપને પાપરૂપે નથી માનતા માટે તેમના નિર્ઘૃણ હૃદય વિનાના પરિણામોના કારણે કર્મોનું બંધન પણ જોરદાર બને છે.

સ્નાન, પાન, ભોજન, વસ્ત્ર ધોવા અને શૌચાદિ કારણો માટે પાણીના જીવોની હત્યા કરે છે.

પોતાના માટે રાંધવું, બીજાઓ પાસે ભોજન બનાવરાવવું, પોતે અગ્નિને સળગાવે, બીજા પાસે સળગાવરાવે, દીવડો પ્રગટાવે, બીજા પાસે દીવો કરાવે ઇત્યાદિ કાર્યોમાં અગ્નિકાયિક જીવોની હત્યા રહેલી છે.

સૂપડાથી વાયરો કરવો, અનાજ વગેરે સાફ કરવું, વાંસની સળીઓ આદિ ઉપકરણથી પંખો કરવો, તાડના પાંદડાઓથી પંખો બનાવવો અથવા મોઢાથી ફૂંક મારી હવા આવી આદિમાં વાયુકાયના જીવો હણાય છે.

વનસ્પતિની હત્યાના કારણે :-

મકાનની સુરક્ષા માટે બારી-બારણા લાકડાના હોય છે જે વનસ્પતિ છે. આ પ્રમાણે અન્યત્ર જાણવું. જીવિકા માટે ધાન્ય, ભાજી અથવા તલવાર માટે મ્યાનને પરિચાર કહે છે. મોદક (લાડવા) આદિમાં ચણા-ગેહું નો લોટ જે વનસ્પતિ-જન્ય છે. ચોખા-રોટલા-દાળ પણ વનસ્પતિ છે. ખાટલો, પલંગ, શય્યા, જે આરામ કરવા માટે હોય છે તે વનસ્પતિથી નિર્મીત છે. લાકડાના પાટ, પાટલા, પાટિયાને ફલક કહે છે. મૂસલ, ખાંડણિયો વગેરે વનસ્પતિની પેદાશ છે. વીણા, દિલરૂબા, તંબુરા આદિ વાર્જિંત્રો તત કહેવાય છે. ઢોલ, તબલા, ઢોલકી આદિ વિતત છે. નાવડું-નાવડીને વહણ કહે છે. ગાડી-ગાડું તથા પાલખીને વાહન કહે છે. ઘર બનાવવામાં બીજા ઉપકરણોને ભંડગ કહે છે. મુખ્ય દ્વાર ઉપર લાકડાની વંદન-માળાને તોરણ કહે છે. બારી પરના છજ્જાને વિટંક કહે છે. યક્ષમંદિરને દેવકુલ કહે છે. બારીને જાલય કહે છે. પગથિયાને અર્ધચંદ્ર કહેવાય, બારીની બહારની બાજુમાં લાકડાનું કે પતરાનું છજ્જુ લગાડવામાં આવે છે તેને નિર્યૂહક કહેવાય છે. પ્રાસાદ ઉપરની શાળા, બેસવા માટે ચોતરો, ઉતરવા માટે નિસરણી, તૃણ વિશેષની બનેલી ચંગેરી, ખૂંટી, મંડપ, માણસો માટે

સભા ભવન, પરબ–તાપસોનો આશ્રમ, સુગંધી દ્રવ્ય, પુષ્પ માળા, ચંદન, સુખડ, વસ્ત્ર, ધૂંસરી, હળ, રથ, પાલખી, વાહન વિશેષ, બે જાનવરોથી ખેંચાતા વાહનો, કિલ્લાપર બેસવા માટેનું ખાસ સ્થાન, આંગળીઓ, યંત્ર, લાકડી, મુસંઢી, શતઘ્ની, તરવાર, કબાટના બારણા આદિ બીજા પણ બધાય વનસ્પતિથી ઉત્પાદિત છે, તેમને અબુધ માનવો જે વિવેકશક્તિ વિનાના છે તેઓ બળ વિનાના અસહાય સ્થાવરોને હણે છે.

આવી હિંસા માનવો શા કારણે કરે છે ?

મનુષ્ય જીવનમાં વ્યવહાર દૃષ્ટિના બધાય ગુણોની પ્રાપ્તિ કદાચ સુલભ બની શકશે, તો પણ વિવેકની પ્રાપ્તિ થવી *અત્યન્ત મુશ્કેલ છે. સદ્‌વિવેક અને અસદ્‌વિવેકરૂપે* તેના બે પ્રકાર છે. અહિં અસત્‌નો અર્થ અભાવ સમજવાનો નથી પણ અસત્‌કાર્યો, પાપકાર્યો, અને અસભ્ય કાર્યોમાં જેની બુદ્ધિનો પ્રવેશ થયો હશે તે અસદ્વિવેક કહેવાય છે. અને તેનાથી વિપરીત સદ્વિવેક છે. વિવેક એટલે સદસત્‌નો, કાર્યાકાર્યનો, ભક્ષ્યાભક્ષ્યનો, પેયાપેયનો પૃથક્‌કરણ કરવું એટલે કે દેવદુર્લભ મનુષ્યાવતાર મેળવીને, જ્ઞાનદાન અને બે અક્ષરનું જ્ઞાન મેળવીને, આટલો જ વિચાર કરે કે–હું આસુરીવૃત્તિ અને પ્રવૃત્તિવાળો બનવા પામું કે દૈવી સંપત્તિવાળો ? આસુરીવૃત્તિનો માલિક બન્યો તો મારી જ્ઞાનદાની અને ઉચ્ચસ્તરીય જ્ઞાન–વિજ્ઞાનની મશ્કરી થઈ તો ? લાખો, કરોડો માનવોનો શાપ મારા માથાપર આવી પડ્યો તો ? મર્યા પછી મારી બધીય ડિગ્રીઓ મને દુર્ગતિમાં લઈ જશે તો ? પ્રાતઃકાળમાં હૈયાપર

હાથ મૂકીને વિચારવાની આદત કેળવીએ તો હૈયામાં રહેલી બુદ્ધિરૂપ જજનું જજમેંટ સાંભળવામાં આવશે કે, ઉપરના માર્ગે જવા કરતાં દૈવી સંપત્તિના માર્ગે જતાં ભલે હું ગરીબ રહું, લુખા રોટલા-ખાઉં, સત્તા કે શ્રીમંતાઈ વિનાનો રહું તો પણ, મારા નિમિત્તે એકેય જીવની હત્યા થાય કે, મરેલા જીવોનું કબ્રસ્તાન મારૂં પેટ બને તે માર્ગે હું કયારેય જઇશ નહિં. પરિણામે સમ્યગ્જ્ઞાનની માત્રા વધશે અને સમ્યક્ચારિત્ર ભાગ્યમાં રહેશે. અન્યથા સદ્વિવેકની પ્રાપ્તિના અભાવમાં અજ્ઞાન, સાશયિક અને વિપરીત જ્ઞાનની માત્રા ક્રમશઃ વધશે, અને પરિણામે તેમની વૃત્તિઓ, અધ્યવસાયો, લેશ્યાઓ અને સ્વભાવોમાં વધારે પડતાં ક્રૂરતાનો પ્રવેશ થતાં કોઇક સમયે ક્રોધમાં આવીને, અભિમાનમાં ધમધમીને, માયામાં લપટાઇને, લોભ રાક્ષસના ચક્રાવે ચઢીને, હાંસી-મશ્કરી, રતિ-અરતિ અને શોક-સંતાપ તથા વૈર-વિરોધમાં આવીને પણ અશરણ, અનાથ અને દયાપાત્ર એકેન્દ્રિયાદિ જીવોની હત્યા કરશે અને ક્રમશઃ તે હિંસ્રકર્મ વધતાં માનવના જીવનને જ પૂર્ણરૂપે હિંસક બનાવવા માટે સમર્થ બનશે.

આવું કરવામાં વિશિષ્ટ કારણો કયા કયા ?

સૂત્રકાર સુધર્માસ્વામીએ તેના પાંચ કારણો પ્રતિપાદિત કર્યાં છે.

(૧) વેદમાં કહેલી ધર્મક્રિયાઓને કરવા માટે.

(૨) જીવન જીવવાને માટે.

(૩) ધર્મને માટે

(૪) ધનને માટે.

(૫) પાંચે ઇન્દ્રિયોના વિષયોને માટે.

ઉપરના પાંચ કારણોને લઈ ત્રસ અને સ્થાવર જીવોની હત્યા અધાર્મિક માનવો કરે છે.

આ વિષયને થોડા વિસ્તારથી જાણીએ :-

(૧) ધર્મક્રિયાને માટે :- સંસારમાં જ્યારે માંસાહાર સીમાતીત વધવા પામ્યો હશે ત્યારે કચા જાનવર કે પંખીનું માંસ ખાવું તેનો વિવેક પણ માંસાહારીઓમાં રહ્યો ન હતો. જ્યારે કોઈ પણ વસ્તુનો વધારે પડતો પ્રચાર થઈ જાય છે ત્યારે તેના માટે કાનુન-કાયદા બનાવવા જરૂરી રહે છે. વેદોમાં અને સ્મૃતિઓમાં આવેલ (વપરાયેલ) યજ્ઞ શબ્દની આડમાં પશુ-પક્ષીઓનું હનન મર્યાદાથી બહાર થઈ જવાથી જ કહેવું પડયું હશે કે :-

" સાક્ષાત્ સ્વયંભૂ, પ્રજાપતિ, બ્રહ્માએ પશુ-પક્ષીઓનું નિર્માણ યજ્ઞને માટે જ કર્યું છે, તેથી યજ્ઞમાં કરાતો પશુ-વધ વધ નથી, હત્યા હત્યા નથી પણ ધર્મ્ય છે. "

" બકરા વગેરે પશુઓ, ગાય-ઘોડા આદિ તિર્યંચો અને કપિંજલ આદિ પક્ષીઓ યજ્ઞમાં હોમાઈ જાય ત્યારે જ તેમની ગતિ સુધરશે. "

" મધુપર્કમાં, યજ્ઞમાં, પિતૃ શ્રાદ્ધમાં પશુઓને તથા પક્ષીઓને મારવા માટે મનુ મહારાજની આજ્ઞા છે. "

" મરી ગયેલા પિતૃઓને જે હવિ દેવામાં આવશે તે યદિ વેદવિધિપૂર્વકની હશે તો મૃત પિતૃઓને જરૂરથી મળશે. "

" તલ, વ્રીહિ, યવ, અડદ, પાણી, મૂળ અને ફળવડે કરાયેલું હવન પિતૃઓને એક મહિના સુધી ખુશ કરે છે. "

" નાની જાતના માછલાઓવડે પિતૃઓ બે મહિના સુધી તૃપ્ત રહે છે. "

" હરિણના માંસવડે ત્રણ મહિના. "

" ઘેટાંના માંસવડે ચાર મહિના. "

" જંગલી કૂકડાના માંસથી પાંચ મહિના. "

" બકરાના માંસથી છ મહિના. "

" પાર્ષત–એણ અને રૂરૂ નામના મૃગ વિશેષના માંસવડે ક્રમશઃ ૭–૮–૯ મહિના સુધી પિતૃઓ તૃપ્ત બને છે. "

" જંગલી શૂકર અને પાડાના માંસથી દસ મહિના સુધી મૃત પિતાઓ ખુશ રહે છે. "

" સસલા અને કાચબાના માંસથી અગિયાર મહિના. "

" વૃદ્ધ બકરાના માંસથી બાર મહિના સુધી ખુશ રહે છે. પાણી પીતા જીભ અને બંને કાન પાણીને સ્પર્શે તે વૃદ્ધ બકરો કહેવાય છે. "

ઉપર પ્રમાણે વેદ અને સ્મૃતિઓમાં જીવોનું બલિદાન, તેમનું હવન વગેરે પ્રતિપાદિત હોવાથી તેમના અનુયાયીઓ આજે પણ જૂદા જૂદા પ્રકારે જીવહત્યા કરે છે.

(૨) **જીવનને માટે** :-જીવનને, શરીરની ચામડીને, ચહેરાને, આંખોને હોઠને, નખને, સુન્દર મનમોહક, તથા બીજાઓ ને પસન્દ પડે તેવી રીતે આકર્ષક બનાવવાને માટે તથા તેને ટકાવવા માટે અથવા તેને દિનપ્રતિદિન વધારવાને માટે, જીવતાં ઢોરોને મારી તેમના મુલાયમ ચામડાથી, ચરબીથી બનેલા પ્રસાધનોથી તથા તેવા પ્રકારના સાબુઓવડે પ્રયત્નશીલ બનીને જીવન પૂર્ણ કરશે.

(૩) **ધર્મને માટે** :-કેટલાક અજ્ઞાની જીવાત્માઓ એમ માનીને બેઠા છે કે-' અમારો ધર્મ જ સારો છે, અમારા વડીલો જે કંઈ કરતાં આવ્યા છે તેમાં ફેરફાર થઈ શકે જ નહિ, વેદોમાં કે સ્મૃતિઓમાં પરમાત્માએ જે કંઇ ભાખ્યું છે તેમાં અસત્યતાની કલ્પના કરવી બેકાર છે, તેમ સમજીને તે અબુધ માણસો, જાતિઓ, કુળો હિતાહિતનો ખ્યાલ કર્યા વિના તેમના શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે કે તેમની ચાલતી આવતી પ્રણાલિકા પ્રમાણે જીવોને દેવ-દેવીની આગળ મારે છે, તેના ચામડા, માંસ, લોહીને જૂદા જૂદા કરે છે, ત્યાર પછી માંસને રાંધીને તેનું ભોજન કરી જીવન પૂર્ણ કરે છે. જેમ કે વેદ-વેદાંત-સ્મૃતિ તથા ઉપનિષદોના પંડિતે કહ્યું કે :-

" विश्वाधारो हि वायुस्तदुपरि कमठस्तत्रशेषस्ततो भूःस्तस्यां कैलासशैलस्तदुपरि भगवान् मस्तके तस्य गङ्गा ।

स्निग्धः पीयूष तुल्यस्तदुरुकुहरे श्रील्लिशोऽकिल्विषोऽस्ति माहात्म्यं तस्य को वा प्रकथयितुमलं भक्षणात् यस्य मुक्तिः ।।

ભાવાર્થ :–સંસારને ધારણ કરનારા વાયુ પર કાચબો, તેના પર શેષનાગ, તેમના પર પૃથ્વી, તેના પર કૈલાસ પર્વત, તેના પર શંકર ભગવાન, તેના મસ્તકે ગંગાનદી, તેના ઉંડાણમાં અમૃત જેવા પાપને હરનારા ' શ્રીલ્લિશ ' નામના માછલાં છે, તેનું માહાત્મ્ય કહેવા માટે કોઈ પણ સમર્થ નથી. કેમ કે " તેમનું ભક્ષણ જ મુક્તિનું કારણ છે." આવી તો અનેક સૂક્તિઓ જ કહી આપે છે કે પરંપરાના માનેલા ધર્મો કેટલા ભયાનક છે.

(૪) ધનને માટે પણ જીવહત્યા થાય છે :– મોટા અને ભયાનક કસાઇખાનાઓમાં રાક્ષસ કરતાંય ભૂંડા મશીનો દ્વારા કપાયેલા લાખો અને કરોડો નાના મોટા જાનવરોના ચામડા, માંસ, લોહી, ચરબી, નખ, હાડકાઓનો પરદેશમાં નિકાસ થાય છે અને કરોડો રૂપીઆનું હુંડિયામણ કમાવાય છે. ભારત દેશની મોટી મોટી હોટલો અને રેસ્ટોરામાં ગમે તે જાનવરનું, પંખીનું જ્યારે જોઇએ ત્યારે તાજું માંસ વેચાય છે. ગાય, બળદ, ભૂંડ કે કુકડા આદિનું માંસ એરકન્ડીશન સ્થાનમાં પેકબંધ થઈ તેનો ક્રય–વિક્રય કરનારી પણ ઘણી દુકાનો છે, સ્ટોરો છે. છેવટે પરદેશ પણ જાય છે. જીવતાં લાખો વાનરો કે બીજા જાનવરોની પણ નિકાસ થાય છે, છેવટે દેડકાના પગોની પણ નિકાસ થાય છે. આ ઉપરાંત પબ્લિકને ખબર પણ ન પડે તે રીતે જૂદી જૂદી જાતના માંસો

પરદેશમાં કે ભારતની હોટલોમાં વેચાય છે. આનો સીધો સાદો નિષ્કર્ષ એટલો જ છે કે ભારત દેશને ખૂબ ખૂબ ધન મળે. પરંતુ અત્યાર સુધીમાં કેટલીય પંચવર્ષીય યોજનાઓ થઈ તો પણ ભારતની ગરીબાઈ કોઈ મટાડી શકયો નથી. ગાંધીબાપાના રાજ્યમાં ગરીબ વધારે ગરીબ અને શ્રીમંત વધારે પડતો એટલે કે શ્રીમંતાઇનું અજીર્ણ થાય તેટલા પ્રમાણમાં શ્રીમંત બન્યો છે.

(૫) પાંચે ઇન્દ્રિયોના વિષયો માટે પણ જીવહત્યા થાય છે :

ઇન્દ્રિયોને ઘોડાઓની ઉપમા આપવામાં આવી છે. ઘોડો પોતાની માલિકીનો હોય, લીલું ઘાસ ખવડાવીને હૃષ્ટ-પુષ્ટ કર્યો હોય, પરંતુ સવારી કરવી હશે તો તેના મોઢામાં લગામ નાખવી અનિવાર્ય છે, અન્યથા જે દશા થાય તેને સૌ કોઈ જાણે છે. તેવી રીતે ઇન્દ્રિયો પણ જાણી લેવી.

કેવળજ્ઞાન તરફ પ્રસ્થાન કરતાં જીવોને સમ્યગ્જ્ઞાનની માત્રા વધારે હોય છે અને તેનાથી વિપરીત અવસ્થામાં મિથ્યાજ્ઞાનની માત્રા બહુ જ વધારે પડતી હોવાથી તેઓનું જીવન ઇન્દ્રિયોને હૃષ્ટ-પુષ્ટ કરવા માટે, વિષયવાસના તથા ભોગવિલાસની શક્તિ વધારવા માટે પણ પ્રાણીજ ઔષધો-કોડલીવર ઓઇલો વિ. સર્વથા અભક્ષ્ય પદાર્થોનું સેવન કરે છે.

આ ઉપરાંત જીવહત્યા માટેના કારણો કયા ?

પુણ્યકર્મોનો ભારો લઇને અવતરેલા ઘણા ભાગ્યશાળીઓ સ્વતંત્ર હોવાથી જીવહત્યા ન કરે, કે તેવા વ્યાપારો ન કરે

તો પણ તેમને વાંધો આવે તેમ નથી. છતાં અજ્ઞાનવશ સંસારના શ્રીમંતોને જોઈ તેઓને પણ ઇચ્છા થાય છે અને જીવઘાત કરવામાં, કરાવવામાં રસ લે છે. અઢળક સંપત્તિ હોવા છતાં પણ માંસાહારની હોટલોમાં પૈસો રોકશે, તેના ભાગીદાર બનશે, તેના શેરો લેશે અને છેવટે મોતીના વ્યાપાર માટે જાપાન આદિ દેશોમાં જઈને અથવા ત્યાંના વ્યાપારીઓ સાથે વ્યાપાર સંબંધ જોડીને લાખો-કરોડોની લાગતમાં મોતીનો વ્યાપાર કરશે. કેટલાકોને પેટ માટે નોકરી તેવાઓને ત્યાં મળેલી હોવાથી તેમની આજ્ઞાથી પણ પરવશ બનીને જીવહત્યા કરે છે. કેટલાક સ્વતંત્ર અને પરતંત્ર બંને રીતે જીવઘાત કરે છે. કેટલાક કારણસર, કેટલાક નિરર્થક કંઈ પણ પ્રયોજન નથી તો પણ તેમની ઘાતક આદતને વશ બનીને જીવહત્યા કરે છે. કેટલાક સ્વાર્થ વશ અને કેટલાક સ્વાર્થ ન હોય તો પણ જીવહત્યા કરે છે.

કેટલાક પારકા જીવોને રીબાવવાં, મારવાં, અધમુઆ કરવામાં તેમને આનન્દ આવતો હોવાથી પણ જીવહત્યાઓ કરે છે. કેટલક દ્વેષમાં, વૈરમાં, બદલો લેવાની વૃત્તિમાં આવીને પણ ન કરવાના કાર્યો કરે છે. મોજ-શોખ માટે પણ એકેન્દ્રિયોથી પંચેન્દ્રિય જીવો સુધીનો ઘાત કરાય છે. ક્રોધાંધ, લોભાંધ બનીને છેવટે માતા-પિતાઓનો પણ ઘાત કરે છે. દ્રવ્ય મેળવવા માટે પણ, તથા જાતિધર્મ, કુળધર્મના હિસાબે પણ જીવહત્યા કરે છે. ઉપર પ્રમાણે જીવહત્યા કરવામાં જૂદા જૂદા કારણો રહેલા છે.

પ્રાણીહત્યા કરનારા કોણ કોણ ?

સૌકરિક–જંગલી શૂકરાદિના શિકાર કરનારા.

મત્સ્યબંધ–તળાવ, નદી, નાળા કે ખાડીઓમાં જાળ નાખી માછલાઓને પકડનારા.

શકુનિક–ગોફણ, બંદુક, પત્થર આદિથી ઝાડ, વિજળીના થાભલે કે મકાન પર બેઠેલા પંખીઓને મારનારા પારધિ લોકો.

વ્યાધ–તીરકામઠા, બંદુક કે શિકારી કૂતરાઓવડે હરિણ, સસલા, રોઝ આદિ જાનવરોને મારનારા.

ક્રૂરકર્મા–ઉપરના ચારે શિકારીઓનું વિશેષણ આપતાં કહે છે કે તેઓ માનસિક, વાચિક, કાયિક, કૌટુંબિક, સામાજિક પાપ ભાવનાવાળા હોવાથી નિર્દોષ મુંગા પ્રાણીઓને મારે છે. અથવા જે જાતિમાં, કુળમાં જન્મ્યા છે તે કારણે પણ તેઓ જીવહત્યારા બને છે.

વાગુરિકા–જંગલમાં જાળ પાથરી તેમાં દાણા નાખે છે જેમાં બિચારા નિર્દોષ હરિણાદિકને ફસાવીને પકડી લે છે.

દ્વીપિકા–વાઘ, સિંહ, દીપડા આદિને લલચાવવા માટે બનાવટી હરિણી કે સાચી હરિણી, પાડા, બળદ, બકરા આદિને ખૂંટે બાંધે છે. શિકારીઓ છુપાઈ જાય છે, જ્યારે વાઘ વગેરે બાંધેલા જાનવરને મારવા માટે આવે છે ત્યારે બંદુકથી તેમને મારી નાખનારા.

તાપા–સમુદ્ર કે મોટા તળાવોમાં રહેનારા મોટા માછલાઓના શિકાર કરવા માટે શિકારીઓ બોટ, નાવડી કે હોડકી દ્વારા ત્યાં જાય છે અને શિકાર કરે છે.

બંસી–એક છેડે લોખંડના આંકડીયાવાળી દોરી બાંધેલી લાકડી તેમાં લોટની ગોળી ભરાવી દે છે પછી તેને પાણીમાં નાંખે છે. લોટની ગોળીના લોભે માછલી ત્યાં આવે છે અને તેનું ભક્ષણ કરતાં જ આંકડી તેના ગળામાં ભરાઈ જતાં તેને મરવા સિવાય બીજો માર્ગ રહેતો નથી.

ચિરલ્લક–જૂદી જૂદી જાતના પક્ષીઓને પકડીને અથવા મારીને કરંડીઆમાં નાખે છે.

તે ઉપરાંત હરિકેશ, ચાંડાલ, તેમના સેવકો, કિરાતો, વ્યાધો તથા મધ લેવા માટે તેમાં રહેલી માખીઓને મારનારા તથા સામાન્ય તળાવ, મોટા તળાવ, વાવ, બાબોચીયા આદિમાં રહેલા માછલાઓને પકડવા માટે સૌથી પહેલા મશીન, કોશ, રેંટ આદિથી તેમાં રહેલા પાણીને બહાર કાઢી લે છે. પછી તેમાં રહેલા જળજંતુઓને પકડનારા, ગામમાં કે શહેરમાં રહેનારા કૂતરાઓને ભંગીઓ પાસે પકડાવીને વિષના લાડવાઓથી તેમને મારનારા–મરાવનારા, રાજતંત્ર કે મ્યુનિસિપાલિટીના અધિનાયકો, અથવા ગામની ગલીના નાકે વિષમિશ્રિત લાડવા મૂકવામાં આવે છે. બિચારા નિઃસહાય જાનવરો બાવાના લોભે ત્યાં આવે છે, બાય છે અને તરફડતાં તરફડતાં મોતના ઘાટે ઉતરે છે. જે જંગલમાં પુષ્કળ ઘાસ હોય છે તેમાં આગ લગાડનારાઓ દ્વારા લાખો કરોડોની સંખ્યામાં રહેલા વનસ્પતિકાયિક જીવો અને તેના આશ્રયે રહેનારા પંચેન્દ્રિય જીવો, કેટલાય સાપોળીયાઓ, હરણીયાઓ આદિ જાનવરો વિના મોતે રીબાતા રીબાતા મરી જાય છે. અથવા

ટ્રેઈન મુસાફરી કરનારા દયા અને વિવેકધર્મ વિનાના માનવો સળગતી બીડીને બુઝવ્યા વિના જ ડબ્બામાંથી ફેંકી દે છે. ફળ સ્વરૂપે ટ્રેઈનના પાટાની આસપાસ રહેલા ઘાસમાં લાગેલી આગમાં કીડીઓ, મંકોડાઓ, ઉધઈ વગેરેના જીવો મરી જાય છે. સૂત્રકાર સુધર્માસ્વામીજી ફરમાવે છે કે–ઉપર લખ્યા પ્રમાણે નિર્દયી, ઘાતકી માણસો વિના પ્રયોજને જીવહત્યા કરનારા હોય છે.

આર્ય અને અનાર્યરૂપે માનવજાત બે પ્રકારની છે. જે જીવાત્માઓએ, અસંખ્યાત કે સંખ્યાત માનવો તથા પશુ કે પક્ષીની સૃષ્ટિ સાથે ગાઢ રાગ અને દ્વેષને લઈ ભયંકરમાં ભયંકર હિંસકવૃત્તિ પૂર્વકનો વ્યવહાર કર્યો હોય, તેઓ પોતાના પાપોને ભોગવવા માટે અનાર્ય દેશ, અનાર્ય જાતિ, અનાર્ય ખાનદાનના માતા–પિતા, કુટુંબ કબીલા ઉપરાંત અનાર્ય ભાષા તથા અનાર્ય આહાર પાણી જે દેશમાં, પ્રદેશમાં કે કુટુંબમાં વર્તતાં હોય તેમને ત્યાં જન્મ લેતા કોઈ અટકાવી શકે તેમ નથી. જ્યાં પૂર્વ ભવીય હિંસાદિ પાપોના ફળરૂપે, પાપી પેટને ભરવા માટે, કુટુંબના પોષણ માટે સખ્ત મજદુરી કરવાની રહે છે જ્યારે તે ન મળે ત્યારે ભૂખે મરીને તથા ઠંડીનાં દિવસોમાં મુજરીપૂર્વક સમય પસાર કરે છે, ભયંકર ગરમીમાં હેરાન પરેશાન થાય છે. બીજા નિર્દોષ વ્યવહાર કે મજદુરી તેમનાં ભાગ્યમાં ન હોવાથી ફરીથી પર જીવોની હત્યા, દુરાચાર, શરાબપાન કે પરસ્ત્રીગમન આદિ પાપાચારો સેવવાની ફરજ પડે છે, ગયા ભવના પાપાચારો

સાથે પુણ્યકર્મ મુદ્દલ ન હોય તેવા માનવો, સ્ત્રિઓ તથા તેમના બાળકોને રાજકર્મચારીઓના ડંડા ખાઈ રીબાતા રીબાતા જીવન પૂર્ણ કરવાનું રહે છે. ગલીએ ગલીએ ભીખ માગવા છતાં વાસી લુખા રોટલાના ટૂકડા, ઠંડી દાળ, ભાત જ તેમના ભાગ્યમાં રહે છે. કયારેક તે પણ પ્રાપ્ત થતાં નથી. કયારેક બિચારા એઠવાડમાં જીવન જીવે છે. કેટલાક હાડહાડમાંથી પરસેવો આવી જાય તેટલી મજદુરી કર્યા છતાં પણ પેટ ભરાય તેટલું પણ મેળવી શકતા નથી. તેમની પૂર્ણ મહિનાની ગર્ભવતી સ્ત્રિઓ, ડોશીઓ તથા નાની ઉંમરના બાળક–બાલિકાઓના ભાગ્યમાં તનતોડ પરિશ્રમ જ શેષ રહે છે. પાપી પેટનો ખાડો પૂરવા માટે બીજો માર્ગ ભાગ્યમાં ન હોવાથી પોતાના શિયળને પણ પાણીના મૂલ્યે લુંટાઈ જવા દેવું પડે છે. કેટલાક જંગલમાં લાકડા લેવા જતાં વાઘ કે દીપડાના ભક્ષ્ય બનીને મૃત્યુને શરણ થાય છે. ઊભે પગે કારખાનાઓમાં મજદુરી કરતા મશીનો દ્વારા હાથ, પગ પણ કપાઇ જાય છે. ઇત્યાદિ પ્રસંગોમાં પૂર્વભવના હિંસાદિના પાપો જોરદાર ઉદયમાં હોવાથી ઉપરના ભાગ્યાત્માઓનો કોઈ બેલી નથી, તેમના પર દયા ખાનાર પણ નથી. કેવળ ભગવાનના ભરોસે જ પોતાના જીવનની નાવડી હંકારી રહ્યાં છે. જોરદાર વરસાદમાં તેમનાં મકાનો ઝુંપડાઓ તણાઈ જતાં તેમને કયાંય ઊભા રહેવાની જમીન પણ મળતી નથી. કદાચ પૂર્વભવના પાપો સાથે પુણ્યકર્મો ઉદયમાં આવે તો પણ હિંસાદિના સંસ્કારોને છોડી શકવાને માટે સમર્થ થઈ શકતા નથી. આપણે પ્રત્યક્ષ જોઈ રહ્યા

છીએ કે તેવા પ્રકારના કસાઇઓ, મારાઓ, ખાટકીઓ, શરાબ વેચનારાઓ, વેશ્યાઓ પણ પૈસે ટકે સુખી અને મોજ-મજાપૂર્વક જીવન જીવી રહ્યાં છે પણ પાપકર્મોને છોડવા માટે તેઓ તૈયાર થઈ શકતા નથી.

જે દેશોમાં હિંસા થાય છે તે દેશો કયા ?

સૂત્રકાર પોતે જ તે તે દેશોના નામ નિર્દેશ કરી રહ્યાં છે. તે આ પ્રમાણે : શકદેશ, યવનજાતિ, શબરદેશના ભીલો જેમની પાસે તીર કામઠા કાયમ રહેતા હોવાથી ગમે ત્યારે પણ પશુ-પંખીને વિંધતા વાર કરતા નથી. બર્બર દેશ, મુરૂંડ દેશ, ભડગ દેશ, તિતિક દેશ, પક્કનિક દેશ, કલક્ષ, ગૌડ, સિંહલ, પારસ (ઇરાન), કૌંચ, આન્ધ્ર, દ્રાવિડ, બિલ્વલ, પુલિંદ, આરોવ, ડોંબ, પોક્કણ, ગાંધાર, બહલી, રોમ, માસ, બકુશ, મલય, ચુંચુક, કોંકણ, કનક, સય, મેદ, પહ્લવણ, માલવ, મધુર, આભાષિક, અનક્ષ, ચીન, લાસિક, ખસ, ખાસિક, નિષ્ઠુર, મહારાષ્ટ્ર, મૌષ્ટિક, આરબ, ડોવિલક, કુહણ, કેકય, હુણ, રોમક, રૂરૂ, મરૂક, ચિલાત આદિ દેશો અનાર્ય હોવાથી ઓછે-વત્તે અંશે પણ હિંસા તથા તજ્જન્ય કાર્યો તેમના નશીબમાં રહેલા છે. તેમાંથી કોઈ કોઈ દેશના રહેવાસીઓ તો સાપ, ઉંદરડા, દેડકા, માંકડ, મંકોડા આદિને પણ ખાધા વિના રહેતા નથી. કેટલાક દેશવાસીઓ મૂળા અને ગાજરની જેમ પશુઓને કે પક્ષીઓને મામુલી અગ્નિમાં સેકીને પણ ખાઈ જાય છે. કેટલાક પંડિતો, મહાપંડિતો, શાસ્ત્રોના જ્ઞાતા અને જનોઇધારક હોવા છતાં ગાય, ભૂંડ,

બળદ, મરઘા, બકરા, ઘેટાં આદિના માંસ તાળીઓ પાડી પાડીને ખાઈ રહ્યાં છે. એક બાજુ વેદના સૂક્તો બોલાઈ રહ્યાં છે, જ્યારે બીજી તરફ ચીભડા અને કાકડીની જેમ જાનવરો કપાઈ રહ્યાં છે. કપાયેલાઓમાં નિમક, મરચું, હિંગ નાખીને વઘારી રહ્યાં છે અને સોના, ચાંદીના વાસણોમાં તેનું ભોજન આરોગાઈ રહ્યું છે. કેટલાક સરસ્વતી પુત્રો કે ધનાઢ્યો બાનગી રૂપે પોતાના ઘરમાં જ જીવોનો ઘાત કરીને ખાનારા હોય છે અને ત્યાર પછી ભારત દેશની કરૂણતા છે કે, તે સરસ્વતી પુત્રો જ સ્ટેજ પર આવી લાઉડ સ્પીકર હાથમાં લઈને અહિંસા દેવીના ગીત ગાતા હોય છે. માટે આવા ભાગ્યશાળીઓ, પાપમતિવાળા, અશુભ લેશ્યાના પરિણામવાળા, પાપ પ્રવૃાતમાં જ રચ્યાં પચ્યાં, તેમાં જ જાગૃત રહેલા, જીવહત્યાના કાર્યોને જ પવિત્ર-અનુષ્ઠાન માનવાવાળા માટે, તેઓ મોટા સમુદ્રોમાં, નદીઓમાં રહેલા ગ્રાહ-નક્ર આદિ મગરોને, નાના-મોટા માછલાઓને, ચાર પગવાળાં પશુઓને, સર્પોને, કબૂતર, તેતર, મોર, આદિ પક્ષીઓને, સાણસીના મુખ જેવા ઢંક, કંક, આદિ પક્ષીઓને, આદિથી બીજા જાનવરોને પણ બાંધીને, વિશ્વાસમાં લઈને મારે છે, પ્રાણથી મુક્ત કરે છે.

આ એક અનુભૂત હકીકત છે કે, ચૈતન્યશક્તિસમ્પન્ન કોઈ પણ જીવ કોઇનાથી પણ મરવા માંગતો નથી, મને મારી નાખો એમ કોઇને પણ કહેતો નથી. તેમ બીજા જીવોને મારી નાખવાનો અધિકાર કોઈ પણ ધર્મના પરમાત્માએ કોઇને પણ આપ્યો હોય તે એકેય પાનામાં જોવાતો નથી.

અને કદાચ જોવાય તો પણ જીવહત્યા કોઈ કાળે પણ ધર્મ હોઈ શકે નહિ તે સર્વથા નિર્વિવાદ સત્ય છે. " सव्वे जीवा वि इच्छन्ति जीविउं...." કીડા, મકોડાથી લઇને ઇન્દ્રો સુધીના જીવો પણ જીવતા રહેવાની ઇચ્છાવાળા છે, મરવું કોઇને પણ પસંદ નથી, તો પછી પર જીવોને મારવારૂપ હત્યાથી તેના કડવા ફળો ભવભવાન્તરમાં ભોગવ્યા વિના શી રીતે ચાલશે ? કેમકે–મરનાર જીવ ભલે પરવશ રહ્યો તો પણ મારનારને શાપ દીધા વિના રહેવાનો નથી, જે આવનારા ભવોમાં ભોગવવાના જ રહેશે.

૮૪, લાખ જીવાયોનિના સંસારમાં સદ્ગતિ અને દુર્ગતિ નામની બે ગતિઓ તમામ ધર્મસૂત્રકારોને મંજુર છે જે પુણ્યોદય વડે મળતાં ભૌતિક પદાર્થો વડે સુખ અને દુઃખથી પરિપૂર્ણ છે. ક્લિષ્ટ, ક્લિષ્ટતર કે ક્લિષ્ટતમ આશયથી જે પાપો, વૈર વિરોધો કર્યા છે તેવા જ ફળો તેને મળવાના રહેશે. જેમકે–અન્યાયપૂર્ણ વ્યાપાર, જૂઠી સાક્ષી, ખોટા દસ્તાવેજો, પરસ્ત્રીગમન, શરાબપાન આદિ અર્થ અને કામ પુરૂષાર્થમાં જીંદગી ખપાવી દેવાવાળાને હજારો–લાખો–કરોડો કે તેના કરતાં પણ વધારે પ્રાણીઓ સાથે અતિ નિકાચિત વૈર–વિરોધના કર્મો બાંધેલા હોવાથી તે કર્મો કયાં ભોગવવા ? માટે તમામ ધર્મશાસ્ત્રકારોએ નરક અને નારકનું વર્ણન કર્યું છે. ભાગવતમાં પણ નરક ગતિના દુઃખોનું વર્ણન કંપારી કરાવે તેવું છે. બીજાએ 'દોઝખ' શબ્દ કહ્યો. શબ્દ જુદા છે, અર્થ એક જ છે કે–નરક ભૂમિઓ સાતની સંખ્યામાં સદૈવ

શાશ્વતી છે અને પરમાધામી નામ અસુરો (યમરાજો) પણ ભયંકર પાપી અને અધમ હોવાથી નારકોને બધી રીતે દુઃખો આપે છે. તિર્યંચ ગતિના જીવો પણ દુઃખપૂર્ણ જીવન પૂર્ણ કરે છે તો પણ તેમની પાસે પુણ્યની માત્રા કંઈક હોવાથી નારકોથી ઓછું દુઃખ તેમને હોય છે, છતાંય બંને દુર્ગતિ તરીકે વર્ણિત છે.

નરક ભૂમિમાં વેદના ત્રણ પ્રકારની છે :-

(૧) ક્ષેત્રજન્ય પીડા, (૨) પારસ્પરિક પીડા,

(૩) અસુરોથી ઉત્પાદિત વેદના.

નરક ભૂમિઓનો સ્પર્શ, ગંધ, રસ અને દર્શન જ અતિ ભયાવહ હોવાથી ક્ષેત્રજન્ય પીડા આમરણાંત ભોગવવાની રહે છે. વિભંગજ્ઞાન કે અવધિજ્ઞાનના માલિક હોવાથી મનુષ્યાદિ ભવોમાં પરસ્પર કરેલા વૈર-વિરોધ, કલહ-કંકાસ, લેવડ-દેવડમાં મનની કચવાટ આદિની સ્મૃતિ થતાં જ તે નારકો એક બીજા પ્રત્યે પોતાના વૈરનો બદલો લેવા માટે પરસ્પર મારપીટ કરતાં જ રહે છે. જ્યારે ભવનપતિના અસુરો-પંદર પ્રકારના પરમાધામીઓ કુતૂહલવશ નારકોને જુદા જુદા પ્રકારે ઘોરાતિઘોર દુઃખો આપે છે. તે સુધર્માસ્વામીજીના શ્રીમુખે સાંભળીએ-વાંચીએ.

નરક અને નારકોના દુઃખોનું વર્ણન :-

મનુષ્યાવતારમાં જીવનના છેલ્લા શ્વાસોશ્વાસ પર્યંત સંસારની માયામાં, કૌટુંબિક માયામાં, મૈથુનકર્મની માયામાં,

લક્ષાધિપતિ કે કરોડાધિપતિ બનવાની માયામાં, જુદી જુદી રીતના અભક્ષ્ય, અનંતકાય માંસ, મદિરા આદિની માયામાં, જૂઠ–પ્રપંચ દ્વારા બીજાઓની છેતરપિંડીની માયામાં, બેહાલ–બેભાન બનેલા જીવાત્માની, માતા–પિતા–ભાઈ–પુત્ર અને પોતાની સ્ત્રીનો દ્રોહ કરવામાં જેમની જીંદગી પૂર્ણ થઈ છે. માટે પાપકર્મોથી ભારે બનેલા જીવો દેવદુર્લભ મનુષ્યાવતારનો છેલ્લો શ્વાસ પૂર્ણ કરી નરક ગતિમાં અવતાર ગ્રહણ કરે છે. તે ભૂમિમાં વજ્ર જેવા ખીલાઓ ચારે તરફ ગાઢેલા હોય છે. અત્યન્ત વિસ્તારવાળી અને બારી બારણા વિનાની છે. રતિમાત્ર પણ જેમાં કોમળતા નથી. માટે કઠોરમાં કઠોર અને ઉંચા, નીચા, ખાડા, ટેકરાવાળી છે અસહ્ય ઉષ્ણતા હોવાથી તે નારકો નિરંતર ગરમીના તાપથી બેહાલ બનેલા હોય છે. કાચા માંસ જેવી દુર્ગંધ મારતી તે ભૂમિ નારકોને માટે અત્યન્ત દુર્ગન્ધમય છે. ઘણી જ બેડોલ, બીભત્સ અને અતિશય ભયને ઉત્પન્ન કરાવનારી તે ભૂમિઓ સદૈવ અદર્શનીય, અસ્પર્શનીય હોવાથી નારકો બિચારા ચારે તરફથી ત્રસ્ત જ હોય છે. હિમ જેવી શીતળ તે ભૂમિઓ નારકોને માટે અસહ્ય છે. કાળા રંગની અને ઉંડી તે ભૂમિઓમાં જન્મતાં જ તેમના રોમાંચ ઉભા થઇ જાય છે. તેમાં પ્રતિકાર વિનાની વ્યાધિઓથી તેમને માથાનો દુઃખાવો આદિ પીડાઓ ઉત્પન્ન કરે છે. ગ્રહ, નક્ષત્ર, તારા આદિનો પ્રકાશ મુદ્દલ ન હોવાથી અંધકારપૂર્ણ તેમાં આયુષ્યના છેલ્લા ક્ષણ સુધી રહેવાનું હોય છે. જ્યાં નજર પડે ત્યાં મેદ, ચરબી, માંસના ટૂકડા, પરૂ તથા લોહીના આબોચીયાથી પૂર્ણ

તે ભૂમિ ચિકણી, લપસણી, હોવાથી નારકોને ચાલતા ભયંકર વેદના ભોગવવી પડે છે. છાણ, ખેરની અગ્નિની જ્વાલાઓથી તે ભૂમિ ગરમ હોય છે. તલવાર, કરવતની ધાર જેવા તેના રસ્તા તીક્ષ્ણ હોવાથી નારકોની રીબામણ તેમના સિવાય બીજા કોઇને શી ખબર પડે? ભયના સમયે કદાચ દોડવાનો સમય આવે તો તેમના મોતીયા જ મરી જાય છે. દશ પ્રકારની વેદનાઓ તેમને સદૈવ ભોગવવી પડે છે, તથા ભયના માર્યા ચારે તરફ પરમાધામીઓને જ જોનારા હોવાથી એકેય શ્વાસ તેમનો સુખરૂપ હોતો નથી. કોઈની પણ રક્ષા કે દયા તેમના ભાગ્યમાં હોતી નથી. મનુષ્યલોકમાં ભેગા કરેલા મોતી, હીરા, સુવર્ણ–ચાંદીના પાટો, નોટોના બંડલોમાંથી કંઇ પણ તેમને કામમાં આવનાર નથી. તેમજ પુત્ર, પૌત્ર, પત્ની, પિતા, માતા, બહેન વગેરેમાંથી એકેય કુટુંબી નરક ભૂમિમાં તેમની દયા ખાનાર મળવાના નથી. સારાંશ કે–મનુષ્ય ભવની માયા આ ભવ પૂરતી જ હોવાથી જ્યારે આયુષ્ય કર્મની બેડી છુટશે ત્યારે અહિંથી એકેયમાં આ પૈસો સાથે આવનાર નથી. એક બજારમાંથી બીજા બજારમાં આવેલા મદારીની નાટક લીલા કે ખેલ તમાશા જુદા જ હોય છે, તેમ જીવાત્માને પણ એક ભવના નાટક પૂર્ણ કરી બીજા ભવમાં જતાં તેનો સંસાર, માતા-પિતા, સ્ત્રી–પુત્ર વગેરે સર્વથા જુદા જ હોય છે. સારાંશ કે એક ભવ સાથે બીજા ભવની લેણદેણીને કંઈ પણ લાગતું વળગતું નથી હોતું.

નરક ગતિમાં પગ મૂકતા નારકી જીવો અન્તર્મુહૂર્તમાં જ પોતાની વૈક્રિય શક્તિવડે શરીરની રચના કરી લે છે. કેમકે

ઉત્કૃષ્ટતમ પાપકર્મો, વૈરકર્મોને ભોગવવા માટે શરીર તથા ઇન્દ્રિયોની અનિવાર્યતા રહેલી જ છે. તેના માધ્યમથી જ ઋણાનુબંધથી મળેલા ભૌતિક સુખોને ભોગવવાને માટે સમર્થ બને છે. નરકમાં જનારા જીવો હિંસા, જૂઠ, ચોરી, દુરાચાર અને પરિગ્રહના કારણે ઉપાર્જિત પાપકર્મોનો ભારો સાથે લઇને નરક ભૂમિમાં આવે છે, તેથી ત્યાં રહેલા પુદ્ગલોનું પરિણમન પણ તેમના માટે દુઃખદાયી જ બને છે. તેમનું શરીર હુંડક સંઘયણવાળું હોવાથી તેમના પ્રત્યેક અંગો અને ઉપાંગોને જોનારને પણ બીભત્સ અને અદર્શનીય લાગતા હોવાથી સામે-વાળો નારક તેમને મારવા માટેના ઉપાયો કરે છે અને હાથમાં જે આવ્યું તેનાથી મારપીટ કરે છે. વૈક્રિય શરીરના માલિક હોવાથી તેમના હાથ–પગ–માથું–આંખ–કાન–નાક કપાઈ જાય છેદાઈ જાય તો પણ તેઓ મરતાં નથી, પણ વિખરાઈ ગયેલ પારો જેમ પાછો પારા ભેગો મળી જાય છે તેમ કપાઈ ગયેલા અંગો પણ ફરીથી શરીર સાથે સંધાઈ જાય છે. કેવળ તે દ્વારા ભયંકરતમ પીડા જ તેમને ભોગવવાની રહે છે. જે તીવ્ર, અનિવાર્ય, પ્રબલ, જેનું પરિમાણ નથી તેવી વિશાળ, પ્રત્યેક અંગોપાંગમાં ત્રાસજનક, હૃદયભેદક, નિષ્ઠુર, અસમાધિ-પ્રદ, શરીરના પ્રત્યેક અંગોમાં વ્યાપક, જોનારને પણ ભયંકર અને પ્રતિકાર વિનાની હોય છે, જેનો ભોગ નારક માત્રને કરવાનો રહે છે.

મહાનિકાચિત પાપકર્મો અને વૈરાનુબંધના કર્મોને ભોગ-વવાનું સ્થાન નરકભૂમિ છે. જીવ માત્રને જન્મ લેવાના ત્રણ પ્રકાર છે.

(૧) દેવો અને નારકોનો જન્મ ઔપપાતિક છે, એટલે કે જ્યાં જન્મ લેવાનો છે ત્યાં દેવશય્યા કે કુંભીપાકમાં પોતાની મેળે જ જન્મ ધારણ કરે છે. અન્તર્મુહૂર્તમાં પર્યાપ્તિઓ પૂર્ણ થયે શરીરધારી બની જાય છે. તેમને માંસ, લોહી, ચરબી, હાડ વગેરે હોતા નથી.

(૨) તીર્થંકર પરમાત્માઓથી લઈ ચક્રવર્તી, વાસુદેવ, સામાન્ય મનુષ્યો અને તિર્યંચોને માતાની કુક્ષિમાં ગર્ભરૂપે અવતરવું પડે છે. જ્યાં માતા-પિતાનું શોણિત અને શુક્રનું ભોજન કરી શરીરાદિ પર્યાપ્ત નામકર્મે શરીર બનાવી દે છે, તે ગર્ભજ કહેવાય છે.

(૩) માતા-પિતાના સંયોગ વિના જ જન્મ લેવાના નિમિત્તો મળતાં જ આ જીવો જન્મે છે તે સંમૂર્ચ્છિમ કહેવાય છે. જે નપુંસક વેદ અને લિંગના માલિક અને મન વિનાના હોય છે.

પ્રસ્તુત પ્રકરણ નરક અને નારકો માટેનું હોવાથી સાતે નરકની સાતે ભૂમિઓમાં જુદા જુદા પ્રસ્તર (પાથડા) હોય છે. તેમાં જૂદા જૂદા નરકાવાસો છે, તેમાં લોખંડના મોટા ઘડા હોય છે. જે મોટા પેટના અને સાંકડા મોઢાના હોય છે. જન્મ લેનારો નારક જીવ પોતપોતાના કુંભીપાક(ઘડા)માં જન્મે છે, તે સમયે પરમાધામી અસુર દેવોનું ૫-૧૦ નું ટોળું ત્યાં આવે છે અને અમુક કુંભીપાકમાં જીવ આવ્યો જાણીને, તાળીઓ પાડતાં, હસતાં, કૂદતાં, ખી-ખી અવાજે

કરતાં પોતાના હાથમાં રહેલા તીક્ષ્ણ ભાલાને કુંભીપાકમાં જોરથી નાખે છે અને ઉકળતાં તેલમાં તળાયેલી પુરી જેમ સળીયાથી વિંધાય છે તેમ નારક જીવ પણ વિંધાઈ જાય છે, ચીસો પાડે છે, અને તે અસુરો તેમને બહાર કાઢે છે. જન્મતાં જ અધમુઆ થયેલા તેમને બહાર કાઢે છે અને લોઢાના વાસણમાં નાંખે છે. ચોખાની જેમ રાંધે છે, ત્યાંથી કાઢીને ઉકળતા તેલની તાવડીમાં માલપુઆ, પુરી કે ભજીયાની જેમ તળે છે, ચણાની જેમ સેકે છે, કાઢાઓની જેમ ઉકાળે છે. ત્યાર પછી તેમના ટૂકડે ટૂકડા કરીને કાગડાઓને બલિદાવે છે, આટલું થયાં પછી પણ તેમનાં વૈક્રિય શરીરો પારાની જેમ પાછા ભેગા થઈ જાય છે. લોખંડના કાંટાવાળા શાલ્મલી (સેમર) વૃક્ષના કાંટાઓ ઉપર તેમને ચલાવવામાં આવે છે, વસ્ત્રની જેમ ફાડી નાંખે છે, કરવત જેવા શસ્ત્રોવડે ચીરવામાં આવે છે, હાથ પાછળ રખાવીને બાંધે છે, લાઠીઓ વડે મારે છે, બળાત્કારે તેમને ગળે બાંધીને ઝાડની ડાળ ઉપર તેમને લટકાવી દે છે, તીક્ષ્ણ શૂલ, ભાલા આદિથી તેમને વીંધવામાં આવે છે, લલચાવીને વિશ્વાસમાં લઈ અતિશય વેદનાજનક સ્થાન પર લઈ જવામાં આવે છે, નવા ઉત્પન્ન થયેલા નારકોને જૂના નારકો બળજબરીથી ગરમાગરમ રેતમાં ચલાવે છે, જ્યારે તેઓ તરસ્યા થાય છે ત્યારે બનાવટી જળાશયો બતાવીને તેમને અહિંથી તહિં દોડાવે છે, તિરસ્કાર કરે છે, "તારા કરેલા પાપોને ભોગવ" એમ કહી તેમને દબદબાવીને વધસ્થાન પર લઈ જાય છે. આ પ્રમાણે નારક જીવો નરક

ગતિમાં પરસ્પર મારકાટ કરીને જીવનયાપન કરે છે. જ્યાં સુધી નરકાયુષ્યની બેડીનો છેલ્લો સમય ન આવે ત્યાં સુધી તેઓ ત્યાંથી બહાર નીકળી શકતા નથી અને ચારે નિકાયના દેવો-દેવેન્દ્રો ભેગા મળીને પણ તેમને બહાર કાઢવા માટે સમર્થ બની શકતા નથી.

મનુષ્યાવતારમાં પાંચે ઇન્દ્રિયોના ત્રેવીસ વિષયોના ભોગવટામાં મદમસ્ત બનીને ક્રોધાંધ, મદાંધ, માયાંધ અને લોભાંધ બની અગણિત માનવો, પશુઓ અને પંખીઓને જેઓએ મોતના ઘાટે ઉતાર્યા છે, માર્યા છે, કાપ્યા-કપાવ્યા છે, રોવડાવ્યા અને ભૂખે માર્યા છે, તેમને ઘરબાર વિનાના કરાવ્યા છે, પુત્ર-પુત્રીઓથી જુદા કરાવ્યા છે, કલેશ-કંકાસમાં ફસાવ્યા છે. આ પ્રમાણે સંખ્યાત-અસંખ્યાત જીવો સાથે વૈરાનુબંધમાં બંધાયેલા જીવો નરક ભૂમિમાં જન્મે છે. વૈરાનુબંધ પરસ્પર હોવાથી તે નારકો એક સમયે ઘાતક-મારક, તો બીજા સમયે ઘાત્ય-માર્ય બનીને આયુષ્યની પૂર્ણાહુતિ સુધી અસહ્ય દુઃખોને ભોગવે છે. ચારે બાજુથી પ્રાપ્ત થતાં ભયના માર્યા તથા ત્યાંની ક્ષેત્રવેદનાઓથી ત્રસ્ત બનીને તેઓ સુખ શોતવા માટે, છાયા શોધવા માટે, ખાવા-પીવા માટે કંઇક વિશ્રામ લેવા માટે તથા પાણીને માટે ભયંકર વનવગડામાં ચારે તરફ દોડધામ કરે છે અને જ્યારે સામેથી બીજા નારક જીવોને આવતાં જુએ છે ત્યારે વિભંગજ્ઞાન દ્વારા ખબર પડતાં જ ઉપર પ્રમાણેની સુખની ઝંખનાને ભૂલીને લડવા-ઝઘડવા લાગી જાય છે. જેમાંથી જેમનું વૈર વધારે તાકાતવાળું હશે તેના

હાથે બીજો નારક શસ્ત્રોવડે, ભાલાઓવડે, છરાવડે, ડંડાવડે મારી મારીને છેવટે હાથ પગ, કાન, આંખ કાપીને દૂર દૂર ફેંકી દે છે અને આગળ વધે છે. સામેથી બીજા નારકો આવે છે અને તેમને મારી કાપીને ફેંકી દે છે. આ પ્રમાણે કોઇક સમયે સામેથી આવતા નારકોનું વૈર જોરદાર હોય, કોઇક સમયે ઓછું હોય. આમ માર ખાતા-ખવડાવતાં, કાપતાં-કપાવાતાં, રોતાં-રોવડાવતાં, હાયપીટ કરતાં-કરાવતાં પરસ્પર અધમુઆ જેવા થઈ જાય છે.

નરકભૂમિમાં પગ મૂકતાં જ પ્રાપ્ત થયેલું વિભંગજ્ઞાન તેમના માટે મારક બને છે, ત્યારે મનુષ્યભવના લેખા જોખા, લેવડ-દેવડના ગોટાળા યાદ આવે છે, અને સામેથી આવતો નારક મારો દુશ્મન હતો, મારી ચાડી ખાતો હતો, મારા પૈસા દબાવી દીધા હતાં, વ્યાજમાં ગોટાળા કરી મારા ઝુંપડા લીલામ કરાવ્યા હતાં. મારી ઘરવાળી બનીને પરપુરૂષ સાથે વિષયભોગ કરતી હતી, તેમ પતિના વેષમાં પરસ્ત્રી સાથે લંપટ બની મને માર મારતો હતો, મારી જેઠાણી મને ગાળો ભાંડતી હતી, સાસુએ મને મારી હતી ઇત્યાદિ બધીય વાતો સીનમાની ફીલ્મની માફક તેમને યાદ આવતાં જ રોષ, ક્રોધના માર્યા તેઓ સામેવાળા નારકને, નારકોને બધીય રીતે એટલે હાથમાં જે શસ્ત્ર આવ્યું તેના વડે મારનારા બનવા પામે છે. આ પ્રમાણે ક્ષેત્રજન્ય વેદના અને પરસ્પરોદીરીત વેદનાઓને ભોગવતાં નારક જીવો નરકમાં દુઃખપૂર્વક સમય પસાર કરે છે.

હાથ-પગમાં પડેલી બેડી સમાન આયુષ્યકર્મની મર્યાદા જેટલા પ્રમાણમાં બાંધી છે તેટલા સમય સુધી તે નારકોને ત્યાં જ રહેવાની ફરજ પડે છે. જૈન સૂત્રકારોએ જઘન્ય અને ઉત્કૃષ્ટ રીતે તેની મર્યાદા સમજાવી છે. જઘન્યથી દશ હજાર વર્ષની મર્યાદા અને ઉત્કૃષ્ટથી આ પ્રમાણે છે.

નરકભૂમિના નામો	જઘન્ય આયુષ્ય	ઉત્કૃષ્ટ આયુષ્ય
નરકભૂમિ ૧ રત્નપ્રભા	૧૦ હજારવર્ષ	૧ સાગરોપમ
નરકભૂમિ ૨ શર્કરાપ્રભા	૧ સાગરોપમ	૩ સાગરોપમ
નરકભૂમિ ૩ વાલુકાપ્રભા	૩ સાગરોપમ	૭ સાગરોપમ
નરકભૂમિ ૪ પંકપ્રભા	૭ સાગરોપમ	૧૦ સાગરોપમ
નરકભૂમિ ૫ ધૂમપ્રભા	૧૦ સાગરોપમ	૧૭ સાગરોપમ
નરકભૂમિ ૬ તમઃપ્રભા	૧૭ સાગરોપમ	૨૨ સાગરોપમ
નરકભૂમિ ૭ તમસ્તમાપ્રભા	૨૨ સાગરોપમ	૩૩ સાગરોપમ

ઉપર પ્રમાણેના જઘન્યમાંથી એક દિવસ પણ ઓછો થતો નથી અને ઉત્કૃષ્ટ આયુષ્યમાં એકેય દિવસ વધતો નથી.

દેવ-નારક અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચો, મનુષ્યો, યુગલિકો, તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો, બલદેવો અને ચરમ શરીરીઓ અનપવર્તનીય આયુષ્યવાળા હોવાથી તેઓ પોતાની આયુષ્ય મર્યાદા પહેલાં કોઈ કાળે અને કોઇનાથી પણ મરતાં નથી.

પરમાધામીઓનું સ્વરૂપ :-

પ્રથમ નરક ભૂમિની ૧,૮૦,૦૦૦ એક લાખ એંશી હજારની જાડાઈમાંથી પ્રારંભમાં એક હજાર યોજન છોડ્યા પછી ભવનપતિદેવોના ભવનો આવે છે, જે દશ ભેદે છે. તેમાં જે અસુરદેવો છે તેમાંથી ૧૫ પ્રકારના અસુરો : અંબ, અંબરીશ, શ્યામ, શબલ, રૂદ્ર, ઉપરૂદ્ર, કાળ, મહાકાળ, અસિ, અસિપત્રવન, કુંભી, વાલુકા, વૈતરણી, ખરસ્વર અને મહાઘોષ નામે પરમાધામી કહેવાય છે. તેઓ ગત ભવોમાં અત્યંત સંક્લિષ્ટ અધ્યવસાયોના કારણે ફરી ફરીથી પાપકર્મો કરવામાં જ રસવાળા હોય છે અને તે ભવ પૂર્ણ કરી અસુર ગતિના પરમાધામી બને છે. નામ પ્રમાણે જ તેમનો સ્વભાવ હોવાથી અત્યંત ખરાબરૂપે અધમ, પાપી, નિર્ઘૃણ, અનંતાનુબંધી કષાયવાળા, દયા વિનાના અને કસાઈ કરતાં પણ વધારે પડતાં ખરાબ (ભૂંડા) હોય છે. મિથ્યાદૃષ્ટિના ઘોર અંધકારમાં ફસાયેલા હોવાથી દયાનો અંશ પણ તેમનામાં હોતો નથી. માટે જ નારકોને દુઃખી અને મરણાસન્ન અવસ્થામાં રહેલા જોઈને તેમને ઘણો જ આનંદ આનંદ થાય છે. આ કારણે સામે દેખાતા નારક જીવોને પોતે મારે છે, પરસ્પર લડાવે છે. આવું તે શા માટે કરે છે ? જવાબમાં જાણવાનું કે તેમને પાપકર્મોને કરવા તથા કરાવવામાં જ તીવ્રતમ રસ હોય છે. દેવગતિના દિવ્ય ભોગો અને પૌદ્ગલિક સુખો મળ્યા છતાં પણ વૈરાનુબંધમાં પૂર્ણરૂપે ફસાયેલા હોવાથી દિવ્ય સુખો ભોગવવા કરતાં તેમને નારક જીવોને સંતાપ દેવામાં ખૂબ જ રસ પડે છે.

મનુષ્યાવતારમાં રહેલા પાપકર્મમાં અભિરુચિવાળા માણસો ગાયોને બળદોને, પાડાઓને, શુકરોને, ઘેટાંઓને, બકરાઓને, કુકડાઓને, મતકોને, તેતરોને, કૂતરાઓને તથા મલ્લો (અખાડાબાજો)ને પરસ્પર લડાવે છે, હારજીત લગાડે છે અને લડતાં લડતાં તે જનવરો લોહીલુહાણ થાય છે, ત્યારે માનવાવતારોના માનવો તાળીઓ પાડીપાડીને હસે છે. મિથ્યાત્વ સંસ્કૃતિમાં ફસાયેલા ભારત દેશના રાજાઓ દશેરાના દિવસે હજારો માનવોની વચ્ચે શરાબ પાઈને મસ્ત બનાવેલા પાડાને ટોળાની વચ્ચે રાખે છે અને હિન્દુ સંસ્કૃતિના રક્ષકો, ગોપ્રતિપાલકો રાજાઓ સૌથી પ્રથમ ભાલો મારે છે, પીડાથી રીબાતો પાડો જે બાજુ જાય છે, રાજાઓને ખુશ કરનારા મંત્રીઓ, શેઠો, કર્મચારીઓ, પંડિતો વગેરે ભાલો મારે છે. આ પ્રમાણે તે મૂંગુ પ્રાણી દશેરા જેવા પવિત્ર દિવસોમાં કે નવરાત્રિમાં, વિના મોતે મરે છે અને રાગ-દ્વેષથી વ્યાપ્ત બનેલા અને અકુશલ કર્મોને કરનારાઓ તાળીઓ ઉપર તાળીઓ પાડીને ખુશી મનાવે છે. તેવી જ રીતે પરમાધામી અસુરદેવો પણ દયાપાત્ર નારકોને જોઇને ખુશીના માર્યા કૂદાકૂદ કરે છે, રૂમાલને ઉચ્ચો ઉડાડે છે અને જોરશોરથી સિંહનાદ કરે છે.

આવા પરમાધામીઓ કયા કર્મે થાય છે?

તેઓ ગતભવોમાં માયાશલ્ય, મિથ્યાત્વશલ્ય અને નિદાનશલ્યમાં મસ્ત બનેલા હોવાથી તીવ્રાતિતીવ્ર કષાયભાવનો ઉદય અને ઉદીરણાવાળા હોય છે. મરતી વખતે પણ પોતાના

કરેલા કે કરાવેલા પાપકર્મોની આલોચના કરતાં નથી. ફળ સ્વરૂપે તેવા જીવો નિકૃષ્ટતમ પાપકર્મોના ઉદયવર્તી હોવાના કારણે પરમાધામી દેવયોનિને મેળવે છે. અકુશલાનુબંધી પુણ્યકર્મોમાં મોટામાં મોટો આ દોષ રહેલો છે કે, પૂર્વભવના પુણ્યોદયથી મેળવેલ સમ્પૂર્ણ સામગ્રી તેમને પાપકર્મો તરફ લઈ જનારી બને છે. આજે પણ આપણે જોઇ શકીએ છીએ કે–અઢળક શ્રીમંતાઈ અને સત્તામાં ચકચૂર બનેલા શ્રીમંતો કેવળ અભક્ષ્ય, અપેય, ભોજન માટે હોટલોમાં જઇને ખુશી મનાવે છે. સીનેમા તથા નાચનારી વેશ્યાઓ કે અભિનેત્રીઓને જોઇ જોઇ ખુશીના માર્યા આખોય દિવસ અને રાત પૂર્ણ કરે છે. ઘરના આંગણે પણ વેશ્યાઓને કે નાચનારી ઢોલણોને પૈસા આપીને પણ નચાવ્યા વિના આરામથી ઉંઘી પણ શકતા નથી. ધર્મનું એકેય અનુષ્ઠાન, સંત સમાગમ, સજ્જન સંગતિ તેમને મુદ્દલ ગમતાં નથી. પોતાની ધર્મપત્ની, માવડી કે પુત્રો પ્રત્યે પણ આરામથી બેસી શકતાં નથી અને ઘરથી બહાર કે ડાક બંગલાઓમાં અથવા મોટી હોટલોમાં કમરા (રૂમ) ભાડે રાખીને પણ શરાબપાન, માંસ ભોજન, વેશ્યા કે પરસ્ત્રીગમન આદિ પાપકાર્યોમાં જ તેમના પુણ્યો, સત્કર્મો, ધોવાઇને સમાપ્ત થઈ જાય છે. ખાખ થાય છે; કેમકે, ગતભવોમાં પુણ્યકર્મોની સાથે બીજા પણ ભયંકર પાપકર્મોને ઉપાર્જિત કરેલા છે.

અકુશલાનુબંધી પુણ્યના કારણે દેવગતિ પ્રાપ્ત પરમાધામીઓ, હિંસક–મહાહિંસક સ્વભાવવાળા હોવાથી નારકોને

પીડા દેવા માટે પોતાને મળેલી વૈક્રિય લબ્ધિ દ્વારા જૂદા જૂદા પ્રકારના અનેક શરીરો બનાવી શકે છે. પાપની પ્રચુરતા હોવાના કારણે તથા નારક જીવો પણ પાપી હોવાથી તે અસુરોના રૂપો અત્યંત ભયાનક, બીહામણા, કાળા રંગના, દાંત બહાર નીકળેલા, માથે શિંગડા, જીભ લબકારા મારતી, હાથમાં તલવાર, બરછી, ભાલા, છરા, ડંડા આદિ શસ્ત્રોને ધારણ કરનારા હોય છે, જેને જોઇને જ નારક જીવોના મોતીયા મરી જાય છે, અને આગળ કે પાછળ કદમ મૂકવાની શક્તિ પણ તેમનામાં રહેતી નથી.

તેમનાથી નારકોને અપાતી પીડાઓ :-

તે યમકાયિક પરમાધામીઓના બીહામણા રૂપને જોઇને ભયના માર્યા ત્રાસ પામેલા તે નારક જીવો આ પ્રકારે કહે છે : 'હે ભાઈ ! હે સ્વામિન્ ! હે બાપલીયા ! હે તાત ! હે વિજેતા ! મહેરબાની કરીને તમે મને મૂકી દો. હું મરી રહ્યો છું, હું સર્વથા નિર્બલ છું, વ્યાધઓથી પીડિત છું, તેથી તમે મારા પ્રત્યે કઠોર અને નિર્દય શા માટે બની રહ્યા છો ? કૃપા કરીને મારા ઉપર શસ્ત્રોનો પ્રહાર કરો નહિ. કમથી કમ એક ક્ષણને માટે મને શ્વાસ લેવા દો, મારા પર દયા કરો, ક્રોધ ન કરો, મને થોડા સમયને માટે વિશ્રામ કરવાનો અવસર આપો, મારા ગળામાં નાખેલ દોરડાને ઢીલો કરો, કાઢી નાખો, મને તરસ જોરદાર સતાવી રહી છે, દયા કરીને પીવા માટે પાણી આપો.' આ પ્રકારે દયાની યાચના કરતાં નારકોના શબ્દો સાંભળીને પરમાધામીઓ રોષના માર્યા કહે છે કે :-

'તમને પાણી પીવું છે! તો અમે તમને સ્વાદુ અને સ્વચ્છ પાણી હમણાં જ આપીએ છીએ' એમ કહીને ઓગળાવેલું સીસાનું ગરમા ગરમ પાણી બળજબરીથી નારકોની અંજલીમાં આપે છે, વિશ્વાસથી હાથ માંડેલા તે નારકો ઉકળતા સીસાનું પાણી જોઇને તેમના પૂરા શરીરમાં કંપારી આવી જાય છે. આંસુ ભરેલી આંખોથી તેઓ કહે છે, 'અમારે પાણી જોઇતું નથી, તરસ શાંત થઈ ગઈ છે.' આ પ્રમાણે કરૂણાજનક શબ્દો બોલે છે અને ભયના માર્યા દશે દિશાઓને જૂએ છે. સર્વથા રક્ષા વિનાના, અનાથ અને દીનદશામાં મૂકાયેલા, ભયથી વ્યાકુળ બને છે. ગભરાઈ ગયેલા હરિણોની જેમ જે બાજુ ભયરહિત માર્ગ દેખાય તે બાજુ ભાગવા માંડે છે. પરંતુ કર્મરાજાની બેડીઓમાં જકડાયેલા જીવાત્માઓ ભાગીને પણ કયાં જવાના હતાં? જોરજુલમથી તેમને સાણસામાં ફસાવીને તથા લોખંડના ડંડાથી નારકોના મુખને પહોળા કરીને તેમાં ગરમાગરમ સીસું રેડી દે છે અને ભયંકર ચીસો નાખતાં તે નારકો જોરશોરથી રોવા મંડે છે. પોતાનું માથું પકડીને રોવે છે, છાતી કુટીને રોવે છે. તેમના કરૂણાજનક શબ્દો સાંભળીને તે અસુરો જોરશોરથી તાળીઓ પાડીને હસે છે. ત્યાર પછી એક પરમાધામી બીજાને કહે છે: ભાગી જતાં આ નારકને પકડો, જોરશોરથી લાતો મારો, ડંડાથી ફટકારો, તલવારથી આના ટૂકડે ટૂકડા કરો, ભાલાથી વિંધી નાખો, તેમની ચામડી ઉતારી નાખો, નાક, કાન, આંખને કાપી નાખો, ફોડી નાખો, આંખના ડોળા બહાર કાઢી લો, તેમના

હાથ પગને મરડી લેા, આ તીક્ષ્ણ શસ્ત્રથી સારી રીતે મારેા, સામેના પત્થર ઉપર તે નારકને જોરથી પછાડી દેા, કૂવા–વાવમાં ડૂબાડી દેા, માથાના વાળ પકડીને કાંટાવાળી જમીન પર ઘસેટી મારેા. ઉપર પ્રમાણેની વાતેા સાંભળતાં જ સર્વથા શૂન્યમસ્તક થયેલા નારકેાને અસુરેા કહે છે કે ‘ જવાબ કેમ આપતાં નથી ? શાની શરમ આવે છે ? અને શરમ આવતી હેાય તેા મનુષ્યાવતારમાં માયાંધ–લેાભાંધ બનીને ઘેારાતિઘેાર પાપકર્મોને કરતાં, શરાબપાનમાં બેભાન બનતાં, મૈથુનકર્મોમાં અલમસ્ત બનતાં, વિશ્વાસઘાત–પ્રપંચ અને શેતાન કર્મોને આચરતાં, વ્યાપારમાં લાખેા–કરેાડેા જીવેાનેા ઘાત કરતાં તમને શરમ નડી નહિ ? તેા હવે પાપેાના ફળેાને ભેાગવતાં ડરેા છેા કેમ ? રડેા છેા કેમ ? ઉપર પ્રમાણેના ચારે દિશાઓમાં પડઘા પાડતાં દેવેાના શબ્દોને સાંભળીને નારકેા ચીચીઆરી પાડતાં ગતભવેાના પાપકર્મોને યાદ કરે છે. તે આ પ્રમાણે :–

(૧) સુલભતાથી મળેલા અરિહંત દેવેાને, પંચ મહાવ્રતધારી ગુરુઓને નમ્યા નથી, વાંદ્યા નથી, તેમનું બહુમાનપૂર્વક વૈયાવચ્ચ કર્યું નથી અને કલબેામાં, હેાટલેામાં રેસ્ટેારામાં જઈ દુરાચારી બન્યા.

(૨) ખાનદાની ધર્મનેા ત્યાગ કરી, ગુંડાઓને પણ શરમાવે તેવા પાપકર્મો, જુગારકર્મો તથા શરાબપાનમાં મસ્ત બનીને પરસ્ત્રીગમનના પાપકર્મોને હોંશે હોંશે આચર્યા.

(૩) સાધુ–સાધ્વીજીઓનેા સહવાસ કરતાં શરમ આવી અને વિચાર–ઉચ્ચાર અને આચારથી ભ્રષ્ટ થયેલા માણસેાનેા સહવાસ કરીને અમે અમારૂં મનુષ્યજીવન પાયમાલ કર્યું છે.

(૪) તલ, મગફળી તથા અનાજ દળવાની મશીનો દ્વારા અગણિત જીવોની હત્યા કરી હતી.

(૫) કોલસાના વ્યાપારમાં, કસાઇઓને પૈસા ધીરવામાં, વેશ્યાઓ સાથે લેવડ-દેવડ કરવામાં પાપ પુણ્યનો ખ્યાલ કર્યો નથી.

(૬) સ્ત્રીઓને શણગારવામાં, પુત્રીઓને ફેશનાલીટીમાં રાખવામાં, પુત્રોને મોજશોખ અને સાતે વ્યસનોના માર્ગ બતાવવામાં, પાપ, અન્યાય અને વિશ્વાસઘાતથી મેળવેલ પૈસાને ફરીથી પાપમાર્ગમાં જ ખર્ચ્યા છે.

ઇત્યાદિ અગણિત પાપકર્મોને સ્મૃતિમાં લાવતાં જ તે નારકો "હવે અમારૂં શું થશે? અમને કોણ બચાવશે? ઇત્યાદિ વિચારોમાં ભયવિહ્વલ બનેલા નારકોને તે પરમાધામીઓ ફરીથી તલવારની ધાર જેવા ઝાડના પાંદડાઓના વનમાં, કાંટાઓથી ભરેલા વગડામાં, તીક્ષ્ણ ધારવાળા પ્રસ્તરોમાં, જમીનમાં ઉભી કરેલી સોયોની ભૂમિમાં, અત્યંત ખારા પાણીથી ભરેલી વાવમાં, કૂવામાં, પીગળેલા સીસા અને કથીરના પાણીવાળી વૈતરણી નદીમાં, લાલ રંગની થયેલી ગરમા ગરમ રેતમાં, ભયંકર આગ જેમાં લાગેલી છે તેવી ગુફાઓમાં, જોવા માત્રથી શરીરમાં ધ્રુજારી આવે તેવા તીક્ષ્ણ કાંટાઓથી વ્યાપ્ત માર્ગમાં તે નારકોને ચલાવવામાં આવે છે અને અતિશય ભારથી ભરેલા રથમાં નારકોને જોડે છે અને ઉપરથી લોખંડના ડંડાઓથી માર મારે છે. બિચારા નારકો એક કદમ પણ ચાલી શકતા નથી.

અને ચાણુક પર ચાણુક તથા લોખંડની કીલવાળી લાકડી તેમના શરીરમાં ઘોંસી દે છે. આ પ્રમાણે પરમાધામીઓથી અતિ ત્રાસને ભોગવતાં નારકો દુઃખોના માર્યા રીબાઈ રહ્યાં છે. થોડા સમયને માટે તે દેવો જ્યારે બીજા માર્ગે ચાલ્યા જાય છે, ત્યારે નારકના જીવો પરસ્પર લડવા માટે તૈયાર થઈ જાય છે. વૈક્રિય લબ્ધિના માલિક હોવાથી પોતાના શરીરનું રૂપાંતર કરી બીજા નારક સાથે લડે છે, ઝગડે છે અને પાપકર્મોનું પ્રાચુર્ય હોવાથી દેખતાં દેખતાં તેઓ લોહીલુહાણ થઈ જાય છે.

લડવા માટે તેમની પાસે શસ્ત્રો કયા કયા છે?

મગદલ (લાકડાની કે લોખંડની મોગર) ભુસંડી, કરવત, ત્રિશુલ, હળ, ગદા, સાંબેલું, ગાડાના પૈડાના આકારવાળું ચક્ર, ભાલો, ગુરજર, લોખંડના કાંટાવાળું શસ્ત્ર, લાકડી, ગોફણ, બરછી, ધણ, ઢાલ, તીક્ષ્ણ ધારની તલવાર, બાણ, વાંસલો, કુહાડો, આદિ ચમકદાર ધારવાળા તથા બીજા પણ શસ્ત્રોવડે તે નારક જીવો પરસ્પર લડે છે, પરમાધામીઓ લડાવે છે અને લડવાવાળાને મદદ કરે છે. તથા પરસ્પર લડીને એક બીજાના ચીરાઈ ગયેલા શરીરના અંગોમાં પરમાધામીઓ ક્ષાર દ્રવ્યો નાખે છે. માટે દીન હીન બનેલા નારકો નરકભૂમિ પર બેભાન બનીને નીચે ઢળી પડે છે. ભૂખ, તરસ, થાક અને મારના કારણે અત્યન્ત વ્યાકુળ બનેલા તેમનાં શરીર, મુખ, આંખના ડોળા વગેરે શરીરના અવયવો સર્વથા અદર્શનીય બની જાય છે. આવી પરિસ્થિતિમાં તે અસુરો દ્વારા વિકુર્વેલા કૂતરા, શિયાળ, કાગડા, બિલાડા, દીપડા, અષ્ટાપદ,

વાઘ, સિંહ, વિચ્છુ, નોળીયા, કાનખજુરા, આદિ કીડાઓ પણ તેમને કોતરી ખાય છે. ડંખ મારે છે. તે સમયે તેમની વેદનાઓ તેમના સિવાય બીજો કોઈ પણ કઇ રીતે જાણી શકશે?

વૈક્રિયલબ્ધિસમ્પન્ન નારકના જીવો, સામેથી, પાછળથી, જમણી કે ડાબી બાજુથી આવનારા બીજા નારકોને જોઇને ભયગ્રસ્ત થાય છે અને પૂર્વ ભવના વૈરકર્મોને યાદ કરે છે, તથા કાગ, વાઘ, સાપ, મોર, ગીધ આદિના રૂપાન્તરો કરીને સામેવાળા શત્રુને પરાસ્ત કરવા માટે કે પોતાની જાતને બચાવવા માટે વિશેષ પ્રયત્ન કરે છે. બંનેમાંથી કોનું વૈર બળવત્તર છે તે ઉપર આધાર રાખે છે. આછા પાતળા વૈરવાળો બિલાડાનું રૂપ લેશે તો સામેવાળા ગાઢ વૈરવાળા હશે અને તેઓ કૂતરા આદિના રૂપ ધારણ કરી બીલાડાને ચૂંથી ચૂંથીને અધમુઓ કરશે. બીજી કલ્પનાઓ અન્યત્ર કરી લેવી.

આ પ્રમાણે પોતાના આયુષ્યકાળ પર્યન્ત આંખના પલકારાના સમય જેટલી પણ સુખશાતા, સમાધિ, આરામ તેમનાં ભાગ્યમાં નથી. કેવળ તીર્થંકર પરમાત્માઓના જન્મ સમયના એક સમય પૂરતું જ અજવાળું ત્યાં થવા પામે છે.

નારકોને સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી હશે?

જવાબમાં જાણવાનું કે, નરકભૂમિમાં રહેતા નારકોને યદિ સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાની હોય, તો ત્રણ કારણોને લઇને થશે, તે આ પ્રમાણે :-

(૧) જાતિસ્મરણ જ્ઞાન :—

ગત ભવોમાં સમ્યગ્ બુદ્ધિથી દેવ–ગુરુ અને ધર્મની આરાધના કરેલી હોવા છતાં તેમાં રહેલી સર્વાંશે કે અલ્પાંશે વિફળતાને જોવાથી તેમને સમ્યક્ત્વની પ્રાપ્તિ થવા માટેની શકયતા છે. નરકભૂમિની તીવ્રાતિતીવ્ર વેદનાઓને ભોગવતાં કદાચિત્ તેમને જાતિસ્મરણ જ્ઞાનની પ્રાપ્તિ થાય અને ગત ભવોમાં આરાધનાની આડમાં કરેલી વિરાધના–આશાતનાના ખ્યાલ આવતાં જ સમ્યક્ત્વની પ્રાપ્તિ સુલભ બને છે. માન્યું કે તેમને વિભંગજ્ઞાન હોવાથી પૂર્વના ૧-૨-૩ ભવો જોઈ શકે છે, તો પણ તે પ્રત્યે વિચારણા ન હોવાથી સમકિતની પ્રાપ્તિ થતી નથી. જ્યારે જાતિસ્મરણમાં તેમનો વિચારપ્રવાહ આ પ્રમાણે થાય છે.

(A) સમજણપૂર્વક સર્વવિરતિ સ્વીકાર્યા પછી ઋદ્ધિ-ગારવ, રસગારવ અને સાતાગારવના ચક્રાવે ચડી એક પછી એક વિરાધના કરતો ગયો. ગૃહસ્થાશ્રમની ઋદ્ધિને છોડી દીધા પછી પણ મુનિવેષમાં ધર્મના નામે કે તેની આડમાં દ્રવ્યો-પાર્જન કરતો ગયો. વધારતો ગયો, બીજાને ત્યાં મૂકતો ગયો. તેમાં કદાચ રકમ સ્વાહા થઈ ગઈ તો આર્તધ્યાન અને રૌદ્ર-ધ્યાનનો માલિક બન્યો. રસગારવને લઈ બીમારી તથા ઇન્દ્રિયોના પોષણ નિમિત્તે જુદી જુદી જાતના મિષ્ટાન્નો, ફરસાણોમાં બેભાન બન્યો, તથા સાતાગારવનો ગુલામ બની શરીરને પંપાળવામાં જ રાત–દિવસ પૂરા કર્યા. પરિણામે ચારિત્રધર્મ પ્રત્યે બેધ્યાન થતો ગયો. પરિણામે વધારે પડતી અસાતાવેદનીય નશીબમાં રહી.

(B) જૈનધર્મની પ્રાપ્તિ થયા પછી પણ શ્રાવકના વેષમાં જૈનત્વની આરાધના થઈ નથી અને અર્થ અને કામ પુરૂષાર્થ પ્રત્યે મોહાંધ બનીને અગણિત પાપોના માર્ગે આગળ વધ્યો.

(C) અરિહંતોની પૂજામાં, મહાપૂજામાં, મહોત્સવોમાં, સામાયિકાદિ વ્રતોમાં અતિચારોનો ખ્યાલ રાખી શક્યો નથી. ફળસ્વરૂપે સિદ્ધ, આચાર્ય, સ્થાપના અને છેવટે પોતાના આત્માની જ વિરાધના વધારતો ગયો.

નરકભૂમિમાં જાતિસ્મરણ જ્ઞાન થતાં ઉપરની કે બીજા પ્રકારે કરેલી વિરાધનાઓની સ્મૃતિ થતાં જ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

(૨) ધર્મશ્રવણથી :-

યદ્યપિ નરકભૂમિમાં ઋષિઓ-મહર્ષિઓ ઔદારિક શરીરે જઈ શકતાં નથી, પરન્તુ પૂર્વભવના ધાર્મિક બન્ધુઓ જે દેવલોકમાં ગયેલા છે, તેઓ બન્ધુ-મિત્ર કે ધર્મસ્નેહને ખ્યાલમાં રાખીને ત્યાં આવે છે અને ધર્મનો બોધ ઉપરાન્ત ગયા ભવની સ્મૃતિ કરાવે છે, તેમ થતાં તે નારકોને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

(૩) વેદનાનુભવઃ-

યદ્યપિ પ્રત્યેક નારકને વેદનાનો અનુભવ સામાન્ય હોય છે, તેમ છતાં અમુક પ્રકારની ક્ષેત્ર વેદના, પારસ્પરિક વેદના, કે સીમાતીત પરમાધામી કૃત વેદનાનો અનુભવ કરતાં નારકને ઉપયોગ મૂકવાની ઈચ્છા થાય છે કે, 'એકસ મારા જીવે

ગત ભવોમાં ભયંકરમાં ભયંકર પાપકર્મો, શરાબપાન, વેશ્યા કે પરસ્ત્રીગમન વગેરે કર્મો કર્યા હશે. તે સિવાય આટલી બધી અસહ્ય વેદના ન થાય, તેમ વિચારતો અને અરિહંત પરમાત્માઓના ધર્મની સુલભતા છતાં પણ સંસારની માયા મને ઘણી જ પ્યારી લાગેલી હતી, તેના કારણે પાપકર્મો કર્યા, વધાર્યા અને છેવટે નરકભૂમિનો અતિથિ બન્યો.' આ પ્રમાણેના વિચારો કરતાં અને સાથો સાથ પાપોની આલોચના કરતાં તેમને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

નરકગતિનો જીવ તિર્યંચ યોનિમાં આવે છે ?

જીવ માત્ર, અધ્યવસાયો, લેશ્યાઓ અને કષાયોને વશવર્તી બની, જેવી રીતના, જેટલા પ્રમાણમાં, કર્મોને બાંધે છે; માટે તેમનો ઉદય પણ તેવી રીતે જ થાય છે. કેટલાક પાપકર્મો, આરંભો, સમારંભો, કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યામાં કરવામાં આવે છે. તેના ફળો પણ અનેક ભવોમાં ભોગવવાનાં રહે છે. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ પણ કહે છે કે–

"હોય વિપાકે દશગણું, એકવાર કીધું કર્મ;
શત સહસ કોડી ગમે રે, તીવ્ર ભાવના મર્મ.
રે પ્રાણી જિનવાણી ધરો ચિત્ત."

ભાવાર્થ:–હિંસકવૃત્તિ, ભાષા, વ્યાપાર, વ્યવહારના કારણે અતીવ ચિકણા બાંધેલા કર્મો કોઈક જીવને સો વાર, હજાર વાર, કરોડ વાર ભોગવવાનો સમય આવે છે. જેમકે અમુક

નિમિત્તને લઈ રામજીભાઇએ, શામજીભાઈ ઉપર ક્રોધ કર્યો. ત્યારપછી યદિ સારી ભાવનાથી તે ક્રોધની શાન્તિ કરવામાં ન આવે તો શામજીભાઈ સાથેનું વૈર વધતું જશે, અને અવસર આવ્યે તેમને મારવાની અણી પર રામજીભાઇ આવી જશે. આ પ્રમાણે ઉત્પન્ન થયેલો ક્રોધ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી ધીમે ધીમે વધતો જશે; પરિણામે આ વૈર કર્મ કેટલાય ભવો સુધી રામજીભાઇને માર ખવડાવ્યા વિના, રોવડાવ્યા વિના છોડે તેમ નથી. દેવાધિદેવ, ભગવાન મહાવીરસ્વામી જ્યારે ૧૮મા ભવે વાસુદેવ હતા ત્યારે 'મારી આજ્ઞા શય્યાપાલકે કેમ તોડી ?' આટલા નજીવા કારણે જ ક્રોધ, કષાયમાં લાલ પીળા થયેલા વાસુદેવે શય્યાપાલકના કાનમાં સીસુ રેડાવી દીધું. પરિણામ શું આવ્યું ? ૮૦ સાગરોપમ જેટલો લાંબો સમય વીત્યા પછી પણ ગોવાળીયાના રૂપમાં અવતરેલા તેને જ્યારે મહાવીરસ્વામીના કાનમાં ખીલા ઠોકયાં પછી જ કેવળ-જ્ઞાનના માલિક બની શકયા હતા. આ પ્રમાણે નારકો પણ નરકગતિમાં ત્રણે પ્રકારની વેદનાઓને પેટ ભરીને ભોગવી લીધા પછી, તિર્યંચગતિને પામવાની તૈયારીવાળા તેઓ પશ્ચાતાપ-પૂર્વક નારકનું શેષ આયુષ્ય પણ દુઃખથી પસાર કરીને, શેષ કર્મોને ભોગવવા માટે તૈર્યંચ બને છે. એટલે કે નરક ગતિમાંથી નીકળીને તિર્યંચ અવતારમાં જન્મ લે છે. બહુ જ થોડા જીવો ત્યાંથી સીધા મનુષ્ય બનતાં હશે. જ્યારે ઘણી સંખ્યાના જીવોને તિર્યંચગતિમાં જ આવવું પડે છે. નરકગતિના દુઃખો ભલે સમાપ્ત થઈ રહ્યા છે તો પણ વિભંગ જ્ઞાનથી તિર્યંચ

અવતારના દુઃખો રૂપી ડુંગરાઓ જ્યારે પ્રત્યક્ષ દેખાઈ રહ્યાં છે, ત્યારે અત્યન્ત દુઃખ સંતપ્ત બનેલા તે નારકોને મનુષ્યભવ યાદ આવતા અને આંખોમાંથી શ્રાવણ ભાદરવો ઠાલવતાં કહે છે કે, " મિથ્યાત્વ, અજ્ઞાન અને મોહ માયામાં મસ્ત બનીને, મહારંભ, મહાપરિગ્રહ, અભક્ષ્ય ખાનપાનમાં ભાન ભૂલીને ન કરવાનાં પાપો, હત્યાઓ, કુકર્મો કર્યાં જેના કારણે આજે હું સર્વથા અનાથ, અશરણ અને દયાપાત્ર બનીને ભોગવી રહ્યો છું. મનુષ્યભવની પ્રાણ પ્યારી ધર્મપત્ની, પરસ્ત્રી, વેશ્યા, પુત્ર, પૌત્ર, માતા, પિતા, ભાઈ, બહેનમાંથી કે તીજોરીમાં ભેગી કરેલી અઢળક સંપત્તિમાંથી એકેય હીરા, મોતી, પોખરાજ, સુવર્ણની કે ચાંદીની પાટો. શણગારેલા રંગ મહેલો, પલંગો મને બચાવવા માટે સમર્થ નથી. જેમના માટે પાપો કર્યા, તે વેગળા રહ્યાં અને મારી શ્રીમંતાઇનો ઉપયોગ, શરાબ-પાનમાં, હોટલોમાં કરી રહ્યા છે. અને તે કમાણીમાંથી ઉપાર્જિત પાપો મારે એકલાને જ ભોગવવા પડે છે.

તિર્યંચ અવતારના દુઃખો :—

અધોલોક, તિચ્છાલોક અને ઉર્ધ્વલોક નામે ત્રણ લોક છે. સાતે નરકની ભૂમિઓ અધોલોકમાં રહેલી છે, જેને પાતાલલોક પણ કહેવાય છે. ઉર્ધ્વલોકમાં દેવયોનિ પ્રાપ્ત દેવો છે અને તિચ્છાલોકમાં દ્વીપો, સમુદ્રો, મનુષ્યો, તિર્યંચો છે, નદી-નાળાં-ઝાડો વગેરે પણ અહીં જ છે. સૂક્ષ્મ જીવોને છોડીને બાકીની બધીય જીવસૃષ્ટિ પ્રાયઃ ફરીને આપણને સૌને પ્રત્યક્ષ છે. આકાર, નામ, રૂપરંગ સૌના જુદા જુદા હોવા છતાં તે

જીવો પોતાનાં કરેલાં કર્મો, દુઃખો અને સુખોને ભોગવતાં પણ આપણને પ્રત્યક્ષ છે. ચેતનાશક્તિ એટલે શરીરમાં હાનિ-વૃદ્ધિ તથા દુઃખના સમયમાં મનુષ્યોની જેમ જેમની આંખોમાંથી પાણી ટપકે, જીભ બહાર આવે, મૃત્યુસ્થાન પર પુરૂષ વિશેષની બળજબરી સિવાય, કોઈ પણ પશુ પંખી જવા ઈચ્છતો નથી. પાંજરામાં પૂરાઈ જવા માંગતો નથી; માટે જ તે ચારપગા પશુઓ અને પાંખવાળા પંખીઓ જીવાત્માઓ કહેવાય છે. કેમકે મનુષ્યોની જેમ તેમના શરીરમાં પણ ઇન્દ્રિયો છે, મન છે અને દુઃખ તથા મૃત્યુથી દૂર ભાગવા માટે ચેતનવંતો આત્મા છે, તેમ માન્યા વિના બીજો માર્ગ નથી. કેવળ તેમના કર્મો ભારી હોવાથી શરીરની રચના એક સમાન નથી. માટે કોઈ ચાર પગા, બે પગા, છ પગા, સો પગા, કોઈ હાથે ચાલનારા, કોઈ છાતીએ ચાલનારા જીવોને આપણે નજરે જોઈ શકીએ છીએ. દેવ અને મનુષ્યો કરતાં તેમના પાપકર્મો વધારે ખરાબ હોવાથી તેઓ બોલી શકતા નથી, પ્રતિકાર કરી શકતા નથી, દોરડામાં બંધાયેલા હોવાથી કોર્ટના દ્વારે જઈ મનુષ્યો પર દાવો માંડી શકતા નથી. ભૂખ-તરસ, ઠંડી-ગરમી ઉપરાંત બીજા પ્રકારના દુઃખો તેમને હેરાન-પરેશાન કરે છે, ડંડાના માર. ગળામાં અને પગમાં દોરડા કે લોઢાની સાંકળ પડેલી હોવાથી તે બિચારા મૂંગા જીવોને રીબાવવાનું અને માનસિક ત્રાસ સહન કરવાનું જ રહે છે. ભયંકર જંગલોમાં તેઓ જન્મે છે, જ્યાં ચારે બાજુથી તેમને મરણભય સતાવતો જ હોય છે.

કેમકે માંસ, લોહી, ચામડી, સિંગડાઓના લેનારા વાઘરી, કોળી, ઠાકરડા વગેરે ઘણા હિંસક સ્વભાવના માણસો તીર-કામઠા, બંદુક અને શિકારી કૂતરાઓને લઇને જંગલમાં રખડતા જ હોય છે. ભયંકર અગ્નિમાં લાલ સુરખ કરેલા દાતરડાવડે ડામનો ભયંકર ત્રાસ, ચાલતાં ચાલતાં ખાડામાં પડી જવાનું, ત્યાં હાડકા તૂટે-ભાંગે તેવા જીવલેણ દર્દો પણ તેમને ભોગવવાના હોય છે, નાકમાં ચામડાની દોરી, કે મોઢામાં લગામ ગમે ત્યારે પણ પડી જવાનો ભય, હળ તથા ગાડામાં ન છુટકે જોડાવું પડે છે. કાન ફડાવવા તથા શરીરના અવયવોને કપાવવાનું પણ તેમના ભાગ્યમાં લખાયેલું છે. ચાબુકની તથા "અગ્રભાગમાં લોખંડની ખીલી નાખેલી લાકડીનો" માર ખાવો પડે છે, ઇત્યાદિ દુઃખોને ભોગવતાં તે તિર્યંચો પોતાનું પરાધીન તથા અરક્ષક જીવન નિરૂપાયે પૂર્ણ કરે છે.

તેમનાં ભાગ્યમાં કૌટુમ્બિક જીવનનો અભાવ હોવાથી, ગાય પોતાના સંતાનને તથા દોરડીથી બંધાયેલો વાછરડો પોતાની માવડીને ટગર ટગર જોઇને આંખોમાંથી આંસુ અને મોઢામાંથી નિસાસા નાખે છે. શોક-સંતાપના માર્યા દુઃખી જીવન પસાર કરે છે. નાક તથા મોઢામાં દોરડા અને લગામ પડેલી હોવાથી તે પશુઓ હેરાન છે, શસ્ત્રભય, અગ્નિભય, તથા વિષભયથી હંમેશા ભયગ્રસ્ત રહે છે. અને અવસર આવ્યે તરફડતાં તરફડતાં મરી પણ જાય છે. ડોક અને સિંગ કારણવશ વાંકા બની જતાં તેમને અસહ્ય પીડા ભોગવવી પડે છે, ચરબી

તથા સેકેલા માંસના લાલચુઓના કારણે અગ્નિમાં રોટલીની માફક રંધાવાનું કે અંગોના ટુકડે ટુકડા કરાવવાનું તેમના ભાગ્યમાં લખાયેલું છે, હળ કે ગાડામાં જોતરાઈ જવાના કારણે પોતાના સાથીદારો સાથેથી છુટા રહેવાનું, અગ્નિમાં તપાવેલા તીખા સળીયાથી વિંધાવાનું, બળજબરીથી કે ઘાસ પાણીના પ્રલોભન આપીને પોતાનું દૂધ બીજાને દોઈ લેવા દેવું પડે છે, ગળામાં લાકડું નખાવવાનું, કાદવ ભરેલા માર્ગથી પસાર થવાનું, પર્વતોથી પડી જવાનું દાવાગ્નિમાં બળી મરવાનું વગેરે દુઃખો તિર્યંચોને ભોગવવા પડે છે.

વિષયવાસના, કષાયભાવનામાં સારી રીતે બગાડી દીધેલા મનુષ્યભવનો ત્યાગ કરી નરક ભૂમિમાં ગયેલો આ જીવાત્મા ત્યાં અસહ્ય, અશ્રાવ્ય યાતનાઓને ભોગવી લીધા પછી તથા નપુંસકવેદ તથા નપુંસક શરીરમાં પલ્યોપમ કે સાગરોપમોની લાંબી યાત્રા પૂર્ણ કરી શેષ રહેલા નિકાચિત કર્મોને તથા તિર્યંચ જીવો સાથે ભોગવિલાસાદિ કર્મો, વધ્ય કે વધક કર્મોને ભોગવવાને માટે તથા કર્કશતમ અસાતાવેદનીય કર્મ તથા કર્મજન્ય દુઃખોને ભોગવવાને માટે તિર્યંચ અવતાર ધારણ કર્યા વિના છુટકો નથી.

તિર્યંચ અવતારની ફળશ્રુતિ :–

પહેલા કહેવાયું છે કે સ્થળચર, જળચર અને ખેચર તિર્યંચો ત્રણ પ્રકારના છે. જે દુર્બુદ્ધિ, અવિવેક અને અજ્ઞાનના માલિકો તથા જીભ ઇન્દ્રિયના ગુલામ માનવોને માટે ભોગ્ય

છે. કેમકે સર્વથા અશરણ, અનાથ અને મૂક, આ ત્રણે પ્રકારના તિર્યંચોના શરીરનું માંસ, લોહી, ચરબી, મજ્જા, ભેજું, કલેજું, યકૃત આદિ દુર્ગંધ, બીભત્સ, અપવિત્ર માટે સર્વથા અખાદ્ય હોવા છતાં પણ શિક્ષિતો, પંડિતો, મહાપંડિતો, માંસાહારી માનવોના ધર્મગુરૂઓ, તેમની સ્ત્રીઓ, વેદ-વેદાંતના જ્ઞાતા, ઉપનિષદોના ઉપનિષદ્(રહસ્ય)ને હૃદયંગમ કરેલા તત્ત્વજ્ઞો, કાલી, મહાકાલી, ચંડિકા આદિ દેવીઓના પરમોપાસકો, તથા રૂદ્રાક્ષમાળા દ્વારા ઇષ્ટદેવોના જાપ કરનારા બુદ્ધિશાળીઓ જ માંસાહારી છે. જેઓએ ગાયના માંસથી લઈ બીજાઓના માંસને પણ છોડ્યા હશે કે કેમ? તે ભગવાન જાણે. તથા ઔષધ (દવા) નિર્માતાઓના કારખાનામાં, લેબોરેટરીમાં, તે તે જાનવરોના લોહી, મજ્જા, કલેજું અને ભેજું વગેરે અમુક અમુક દવાઓની ટેબલેટો (ગોળીઓ)માં ઉપયુક્ત થાય છે. જેનો ઉપભોગ રોગિષ્ટો, ધાર્મિકો, પૂજાપાઠ કરનારાઓ અને સાધુસંતો પણ પ્રસન્નતાપૂર્વક કરે છે. ઔષધ નિર્માતાઓને પૂછવાથી જ ખબર પડશે કે કઈ વિટામિન્સની ગોળીઓમાં કયા જાનવરનું કલેજું, ભેજું, માંસ, ચરબી કામે આવે છે, તથા કયા ઇન્જેકશનમાં કઈ વસ્તુનો વપરાશ થાય છે. તે બધી વાતો સાંભળ્યા પછી દયાળુતા હશે તો રૂંવાડા ઉભા થયા વિના રહેશે નહીં, અન્યથા દયાદેવીનું દેવાળું સમજી લેવાનું રહેશે.

પશુ-પક્ષીઓને નિર્દયતાપૂર્વક મારવાના પ્રકારો :-

પાડા (ભેંસા), શૂકર (ગ્રામ્ય કે વન્ય ભૂંડ) આદિ

જાનવરોનાં શરીરમાં ચરબી વધારે હોવાથી તેમના ચારે પગ બાંધીને, ઉંધા લટકાવીને, નીચે જોરદાર અગ્નિ પેટાવવામાં આવે છે, તેમાં જેમ જેમ જાનવરો સેકાતા જાય તેમ તેમ તેમના શરીરમાંથી ચરબી કાઢવામાં આવે છે; તેનો ઉપયોગ શામાં થાય છે? તે જાણવું છે?.... બાવાનું ઘી (ઘૃત) પિપરમેંટ, ચોકલેટ, બિસ્કુટ આદિ રોજના બવાતાં પદાર્થોમાં તથા ધોવા અને સ્નાનના સાબુઓમાં, સ્નો, પાવડર, ક્રીમ, લિપસ્ટીક આદિમાં તેનો ઉપયોગ થાય છે. ગાય, બળદ આદિને એક લાઈનમાં ઊભા રાખી તેમને લીલા ઘાસની લાલચ આપી વિશ્વાસમાં લીધા પછી, રાક્ષસ કરતાં પણ મહા ભયંકર મશીન તે બિચારા મુંગા પ્રાણીઓની ગરદન પર પડતાં જ પરમાત્માના વિશ્વાસે જીવનારા, જેમનાં શરીરમાં ૩૩ કરોડ દેવોનો વાસ છે. કૃષ્ણ પરમાત્માને પ્રાણ કરતાં પણ પ્યારા છે અને મહાવીરસ્વામીએ જેમનાં પર દયાદૃષ્ટિ દાખવેલી છે, તે પશુઓ તરફડતાં તરફડતાં છેલ્લા શ્વાસની સ્ટેજ પર પહોંચી જાય છે. તે સમયે મશીનદ્વારા તેમના ચામડા ઉતારી લેવામાં આવે છે, કેમકે–જીવતાં ઢોરોના ચામડા નરમ હોવાથી તેનો ઉપયોગ હેન્ડબેગ, ઘડિયાળના કે ટોપીના પટ્ટા, બેડ બિસ્તર, મનીબેગ, ઉપરાંત બ્લાઉઝ, જાકેટ આદિના કામોમાં આવે છે, વધારે પડતાં નરમ ચામડામાં ગર્ભવતી ગાયના વાછરડાનું ચર્મ તથા બુટ ચંપલ આદિમાં પણ આનો ઉપયોગ થાય છે. આ પ્રમાણે જળચર, મગરમચ્છ, મોટા માછલા, નાના માછલા, કાચબા, દેડકા આદિ તથા

બિચારા પંખીઓની નિર્દય હત્યાઓને જોયા પછી કે જાણ્યા પછી કોઇને પણ કહેવાની હિમ્મત થશે કે, આ ભારત દેશ, મહાવીર સ્વામી, કૃષ્ણ મહારાજ, રામચન્દ્ર ભગવાન કે ગાંધી બાપાનો છે કે :–

अन्तर्शाक्ताः बहिर्शैवाः सभामध्ये च वैष्णवाः ।
नानारूपधराः कौलाः विचरन्ति महीतले ।।

આન્તર–હૈયામાં શાક્ત (માંસ, મદિરા, મુદ્રા, મૈથુન અને મત્સ્ય આદિ પાંચ પ્રકારના ભક્તો), બહારની દુનિયામાં 'શિવ, શિવ, હર, હર, મહાદેવ'ના મણકા ગણનારા અને અહિંસાના મેળાવડામાં કે સભ્યોની સભામાં વૈષ્ણવ કહેનારા, આ રૂપે જુદા જુદા વેષોને ધારણ કરનારા કૌલોનો આ દેશ છે.

ચતુરિન્દ્રિય જીવોની હત્યા :–

કર્ણેન્દ્રિય વિનાના જીવો, જેમને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય નામે ચાર ઇન્દ્રિયો છે તે ચતુરિન્દ્રિય જીવ કહેવાય છે.

ભમરા (પીળા, કાળા) ભમરી, મચ્છર, ડાંસ આદિ જીવો જેમની બે લાખ પ્રમાણ જાતિઓ છે, તેમને ડી. ડી. ટી. જેવા જન્તુઘ્ન ઔષધો દ્વારા, મનુષ્ય જાતિના માનવો પોતાની સુખાકારી માટે મારી નાખે છે. મધપુડા જ્યાં હોય ત્યાં વાઘરી વગેરે ધૂમાડાના પ્રયોગથી જેમાં હજારો, લાખો માખીઓ, ભમરા, ભમરીઓ અને તેમના ઇંડાઓને વિના મોતે મર્યા વિના છુટકો નથી.

તેઇન્દ્રિય જીવો :-

કાન અને આંખ વિનાના જીવો તેઇન્દ્રિય જીવો છે. જેમાં માંકણ, જૂ, લીખ, કીડી, ઉદ્દેહી, મંકોડા વગેરેનો સમાવેશ છે. મનુષ્યો પોતાના સુખને માટે ગમે તેવા પ્રયોગથી મારી નાખે છે.

બેઇન્દ્રિય જીવો :-

શંખ, કોડા, કોડી, ગંડોળ, અળસીઆ વગેરે જીવો બેઇન્દ્રિય છે. તેમનું જાતિ પ્રમાણ સાત લાખનું છે, અને વારંવાર જન્મતાં તથા મરતાં રહે છે.

એકેન્દ્રિય જીવો અને તેમની હત્યા :-

નિકૃષ્ટતમ પાપના ઉદયથી એકેન્દ્રિયાવતારની પ્રાપ્તિ થાય છે. પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાયરૂપે તેમના પાંચ ભેદ છે. કાયનો અર્થ શરીર હોવાથી, પૃથ્વી જ જેમનું શરીર છે તે પૃથ્વીકાય કહેવાય છે. કુવા, વાવડી, વર્ષાદ, કરા, હિમ, ઝાકળ અને સમુદ્રોમાં રહેલું પાણી જ જેમનું શરીર છે તે અપ્કાય છે. પ્રાઈમસ, ગેસ, ભઠ્ઠી, સગડી કે વિજળી આદિમાં રહેલ અગ્નિ જે અગ્નિકાયના જીવોનું શરીર છે. મંદ-તેજ અવાજ કરતું વાવાઝોડું તેમજ પંખા આદિથી સંચાલિત વાયુ જ જેમનું શરીર છે તે વાયુકાય છે અને પ્રત્યક્ષ દેખાતા ઝાડ, પાંદડા, ફળ આદિમાં રહેલ વનસ્પતિ જેમનું શરીર છે તે વનસ્પતિકાય કહેવાય છે. આ પાંચે સૂક્ષ્મ અને બાદર બે ભેદે છે. નામકર્મની

પ્રકૃતિમાં સૂક્ષ્મ નામકર્મના ઉદયવર્તી જીવોને સૂક્ષ્મ જાણવાં. જે ચર્મચક્ષુથી સર્વથા અદૃશ્ય છે, તથા અછેદ્ય, અભેદ્ય, અદાહ્ય અને અક્લેદ્ય હોય છે. કેવળ અસંયમી, અવિરતિ, કષાયી અને પ્રમાદી માનવ જ પોતાના માનસિક પાપોના પરિણામથી તેમની હત્યાના નિમિત્ત બને છે. કાજળની ડાબલીમાં ભરેલા કાજળની જેમ પૂર્ણ બ્રહ્માંડમાં પૂર્ણરૂપે આ જીવો વ્યાપ્ત છે. તથા બાદર નામકર્મના ઉદયથી પ્રાપ્ત થયેલું એકેન્દ્રિયત્વ આપણે સૌ જોઈ શકીએ છીએ. આમાં પણ પર્યાપ્ત અને અપર્યાપ્તરૂપે બે ભેદ છે. પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરે તે પર્યાપ્ત અને તે પહેલા મરી જાય તે અપર્યાપ્ત કહેવાય છે, જેમાં નામકર્મ કામ કરી રહ્યું છે. વનસ્પતિકાયના પણ સાધારણ અને પ્રત્યેક બે ભેદ છે. સાધારણ નામકર્મને લઈ સાધારણત્વ અને પ્રત્યેક નામકર્મને લઇ પ્રત્યેક વનસ્પતિનો અવતાર પામે છે. એક જ શરીરમાં અનંત જીવો રહે તે સાધારણ અને એક શરીરમાં એક જ જીવ રહે તેને પ્રત્યેક વનસ્પતિ કહેવાય છે. પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુમાં અવતરેલા જીવો અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળ સુધી ત્યાં જ જન્મ-મરણરૂપે જીવન પૂર્ણ કરે છે, જ્યારે સાધારણ વનસ્પતિમાં ગયેલ જીવોને અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળ પૂર્ણ કરવાનો રહે છે. સર્વથા અનિષ્ટ અને દુઃખ સમુદાયને ભોગવતા વારંવાર ત્યાં જ જન્મ અને મરણ પામે છે. તેમની કાયસ્થિતિ તેવા પ્રકારની નિયત હોવાથી ન કલ્પી શકાય તેટલો લાંબોકાળ ત્યાં પૂર્ણ કરે છે.

દશ કોડાકોડી સાગરોપમની એક ઉત્સર્પિણી અને તેટલા જ કાળની અવસર્પિણી કહેવાય છે. તેમાં એક એક ચોવીસી (તીર્થંકર પરમાત્માઓની ચોવીસી) થાય છે. આ રીતે અસંખ્ય કે અનંત ચોવીસી વીત્યા પછી એકેન્દ્રિય જીવને આગળ વધવાનો અવસર પ્રાપ્ત થાય છે. યદ્યપિ બધાય જીવો ઉત્કૃષ્ટ આયુષ્ય બંધનવાળા હોતા નથી અથવા બધાયને તેવી સ્થિતિવાળા કર્મો બાંધવા જોઇએ તેવો નિયમ નથી.

એકેન્દ્રિયાદિ જીવોની હત્યાના પ્રકારો :–

કોદાળો, પાવડો, લોઢાનો જાડો સળીયો, હળ આદિવડે પૃથ્વી અને વનસ્પતિના જીવોની હત્યા થાય છે. બળતી અગ્નિમાં પાણી નાખવું તેને મર્દન કહે છે. ખાડા આદિ સ્થાને પાણી ભરાઈ ગયું હોય તેને સાવરણી (ઝાડુ) આદિથી બહાર કાઢવું તેને ક્ષોભણ કહેવાય છે. કૂવા, તળાવ, ખાબોચીયા કે ટાંકા–ટાંકી આદિમાં પાણીને રોકી લેવું તેને રોધન કહેવામાં આવે છે. ઇત્યાદિ કાર્યો કરવાથી પાણીકાયના જીવોને દુઃખ થાય છે. અગ્નિ અને વાયુકાયનું હનન સ્વકાય શસ્ત્ર અને પરકાય શસ્ત્રથી થાય છે. છાણની અગ્નિ સાથે કોલસાની અગ્નિનું મિશ્રણ પરસ્પર સ્વકાય શસ્ત્ર હોવાથી બંનેનું હનન થાય છે અને ધૂલ, રાખ તથા પાણી પરકાય શસ્ત્ર છે. વાયુમાં પણ પૂર્વ દિશાના વાયુ માટે પાશ્ચમ દિશાનો વાયુ સ્વકાય શસ્ત્ર છે. અગ્નિવડે પાણી ગરમ કરવું અથવા કાચા પાણીમાં સાબોડી આદિ દ્રવ્યો નાખવા તે પાણીકાયના જીવોની હત્યા છે. આ પ્રમાણેના પ્રસંગોમાં એકેન્દ્રિયાદિ જીવોની હત્યા–મારણ

અને તાડન થાય છે. જે જીવમાત્રને માટે ઇચ્છનીય નથી. સારાંશ કે કોઈ પણ જીવ હરહાલતમાં પણ મરવા માંગતો નથી છતાં પણ પાપકર્મોમાં રત, સંયમ અને વિરતિ વિનાના જીવો સાર્થક કે નિરર્થક પૃથ્વીકાયિકાદિની હત્યા કરતાં જ રહે છે. ફળસ્વરૂપે તેમને એકેન્દ્રિયત્વ પ્રાપ્ત કરી તેવા જ પ્રકારની પીડા ભોગવવાની રહેશે.

વનસ્પતિને કુહાડાથી કાપવામાં આવે છે, તેની ડાળો કપાય છે, વાંસલાથી છેદાય છે, કરવતથી કપાય છે અને ચાટીયા બને છે, સુતાર તેમાં ખીલા ઠોકી પાટ, પાટલા, ખુરશી, ટેબલ વગેરે બનાવે છે. શાકરૂપે જન્મેલી વનસ્પતિને તોડે છે, થાળી કે ચપ્પુની ધારવડે તેમની છાલ ઉતારે છે, નમકના પાણીથી ધોવામાં આવે છે. ત્યાર પછી ભીંડી, કારેલા, કાકડી આદિના પેટમાં ચપ્પુ મારે છે અને ચીરો કરે છે; તેમાં નમક, મરચું વગેરે ભરી ચુલા પર મૂકે છે, પાણીમાં રાંધે છે. રૂને તોડી કપાસીઆ જૂદા કરે છે, રૂનો તાર કરે છે યાવત્ વસ્ત્ર બનાવે છે. ઔષધીને પાણીમાં ઉકાળે છે, પત્થરથી પીસે છે, તેનો કાઢો બનાવે છે. શરીર પર પાણી રેડવામાં આવે છે અને મનુષ્ય તે પાણીને શરીર પર ઘસે છે, સાબુ લગાડે છે, તેના પર બીજું પાણી રેડે છે, સાબુના ક્ષારમાં તે જીવો મરી જાય છે. કેરી, મોસંબી, નારંગીને સંચામાં નાખી તેનો રગેરગમાંથી રસ કાઢે છે, તેમને મસળે છે. ઉપર પ્રમાણે ઇન્દ્રિયોના અને કષાયોના ગુલામો જુદા જુદા પ્રકારે જીવોના ઘાતક બને છે.

પ્રથમ કહેવાઈ ગયું છે તેમ તીવ્રતમ કષાય ભાવોને લઈ બાંધેલા, નિકાચિત કરેલા, ચિરસ્થિતિ અને રસમાં કટુતમતા લાવેલા કર્મોને નરક તથા તિર્યંચ ગતિમાં ભોગવી લીધા પછી પણ શેષ કર્મોને ભોગવવા માટે કદાચ મનુષ્યગતિમાં અવતરી પણ લે; તો પણ તેમના રૂપરંગ કોઈને પણ ન ગમે તેવા કદરૂપા હોય છે. શરીરમાં ખૂંધ, એક પડખે ખોડ, ઠીંગણાપણું, કાને બધિર, આંખે કાણા, હાથે ઠુંઠા, પગે લંગડા, અંગોપાંગ ખોડખાપણવાળા, મૂંગા, તોતડા, આંધળા ઉપરાંત બીજી બિમારીઓ પણ તેમને હોય છે. ટૂંકી આયુષ્ય મર્યાદાવાળા એટલે કે માતાની કુક્ષિમાં મરી જનારા કે બાલ્યકાળમાં મૃત્યુને ભેટનારા કે મશીનથી મરવાવાળા બને છે. શરીરની રચના ખરાબ, હાડકાઓની કમજોરી, પ્રમાણ રહિત શરીર, મોઢા પર ધુંમડા, આંખોની વિકૃતિ, નાકની ખરાબી આદિ તેમના ભાગ્યમાં રહે છે. કદાચ શરીરની સુરૂપતા હશે તો ગરીબાઇના દુઃખો, ઘરના કલેશો, મારપીટ, લડાઈ-ઝઘડા તેમને છોડે તેમ નથી. સારાંશ કે-મનુષ્યાવતારમાં પણ તેઓ સુખનો શ્વાસ લઈ શકે તેમ નથી. માટે આર્તધ્યાન કે રૌદ્રધ્યાનમાં છેલ્લો શ્વાસ પૂર્ણ કરી પાછા દુર્ગતિના માલિક બને છે. આ કારણે જ તીર્થંકર પરમાત્માઓએ પ્રાણવધને ચંડ, રૌદ્ર, ક્ષુદ્ર, સાહસિક, અનાર્ય આદિના વિશેષણોથી વિશેષિત કરીને ફરમાવ્યું કે, હે માનવ ! તું પ્રાણીહત્યાનો ત્યાગ કરજે. આ પ્રમાણે સુધર્માસ્વામીજીએ જંબુસ્વામીને કહ્યું.

।। इत्यलम् ।।

પ્રાણવધ નામનું પ્રથમદ્વાર પૂર્ણ.

શ્રી સર્વજ્ઞાય નમઃ

પ્રથમ સ્કંધ : વર્ગ બીજો

બીજું અધ્યયન

પ્રાણાતિપાત આશ્રવ દ્વારને કહ્યાં પછી મૃષાવાદ નામના બીજા આશ્રવને પાંચ દ્વારમાં કહેવાશે. તે આ પ્રમાણે :–

(૧) મૃષાવાદરૂપ આશ્રવદ્વાર કેવું છે? એટલે કે મૃષાવાદી માનવના સ્વભાવો કેવા અને કેટલા પ્રકારે હોય છે?

(૨) મૃષાવાદના પર્યાયો (જુદા જુદા નામો) કેટલા છે?

(૩) મન્દ–તીવ્ર આદિ પરિણામોને લઈ તેનું સેવન કયાં કયાં કરાય છે?

(૪) મૃષાવાદના ફળો કેવા હોય છે?

(૫) કયા કયા પાપી જીવો મૃષાવાદી હોય છે?

ઉપરના પાંચ પ્રકારે મૃષાવાદનું વિવેચન આ અધ્યાયમાં કરાશે.

મૃષા એટલે મિથ્યા અને વાદ એટલે બોલવું, તેને મૃષાવાદ કહેવાય છે. તેનું આચરણ કરનાર એટલે કે જેમના જીવનના અણુઅણુમાં જૂઠ બોલવું, જેનો જૂઠો વ્યાપાર અને જૂઠો વ્યવહાર હોય છે, તેમની પ્રવૃત્તિ અને વૃત્તિમાં કેવી રીતે કયાં કયાં ફરક પડે છે, ચહેરાના તથા આંખના રંગોમાં

ફેરફાર થવાનું કારણ શું અને બોલવામાં કયાં કયાં થાપ ખાઈ જાય છે, આ બધીય વાતોને સંસારવર્તી જીવાત્માઓના કર્મોને, કર્ત્તવ્યોને, તેમની દ્રવ્ય અને ભાવ પ્રવૃત્તિઓના જ્ઞાતા, કેવળજ્ઞાનના માલિક, શ્રી સુધર્માસ્વામીએ જમ્બૂસ્વામીજીને કહ્યું કે, હે આયુષ્યમાન્! અસત્યવાદી માનવોના સ્વભાવો કેવા હોય છે? તે પરમાત્મા મહાવીરસ્વામીએ જે કહ્યું હતું તે હું તને કહી સંભળાવું છું, તે તું સાવધાન થઇને સાંભળજે.

મૃષાવાદી જીવોના સ્વભાવો :-

(૧) લઘુસ્વક-લઘુ ચપલ ભણિત :-

આ પદમાં લઘુ+સ્વક+લઘુ ચપલ અને ભણિત શબ્દોનો સમાસ છે.

લઘુ શબ્દનો અર્થ નીચ, તુચ્છ અને ગૌરવ રહિત થાય છે, સ્વક અર્થાત્ આત્મા.

સરળાર્થ, નીચ, તુચ્છ, ગૌરવ રહિત હીન માણસો કરતાં પણ વધારે ખરાબ માણસો ચંચલ મનવાળા હોવાથી તેમની જીભેથી બોલાતા શબ્દો પર કોઇને પણ વિશ્વાસ રહેતો નથી. અત્યારે તેવા માણસો શું બોલે છે? અને પાંચ મિનિટ પછી તે જ વાતને કેવી રીતે ફેરવશે? પાંચ માણસોની વચ્ચે બોલવાનું અને ખાનગીમાં બોલવાનું જુદું હોય. તેવા માણસોનું બોલવું-ભસવું તે મૃષાવાદીનો પહેલો સ્વભાવ છે. અથવા જીવનના પ્રારંભમાં માતા પિતાઓના સારા સંસ્કારોને

લઈ જીવન ઉન્નત હોય, પણ ઉમ્રમાં જેમ જેમ જુવાનીના રંગ વધતાં જાય છે, તેમ તેમ વિષય-વિલાસ તથા દ્રવ્ય અને ભાવ પરિગ્રહમાં આત્મા પણ ફસાતો જાય, રંગાતો જાય અને સ્વભાવમાં હીનતા, દીનતા, તુચ્છતા, ગૌરવ હીનતા આદિનો પ્રવેશ થતો જાય છે. ત્યાર પછી તો તેના બોલવામાં, લખવામાં, ઇશારામાં, વિચાર અને આચારોની અવનતિ અને તેનું અવમૂલ્યન થતું જાય છે; માટે આવા માણસોને અસત્યવાદી કહ્યાં છે. ' કોઇક સમયે સાચું બોલવું જોઇએ ', ' સાચામાં સમકિત વસે.... ' આ ટંકશાળી વચનોને વાગોળતો પણ હોય છે. પરંતુ સંસારની માયાનો રંગ તે વાકયોને આચારમાં ઉતરવા દે તેમ નથી.

(૨) ભયંકર :-

" स्वस्मिन् परस्मिन् च भयंकरोतीति भयंकरः "

પોતાના આત્મામાં અને પારકા જીવોમાં ભયને ઉત્પન્ન કરનાર માનવ ભયંકર હોવાથી મૃષાવાદી જ છે. ચોરીના, કાળા-બજારના, વ્યાજવટાવના ગોટાળા તથા ભેળસેળના વ્યાપારના હિસાબ-કિતાબ જૂઠા રાખનારા માનવોને ઉંઘમાં તથા ધાર્મિક સ્થાનોમાં બેઠા હોય તો પણ સરકારી અફસરોના ભયને લઇને તેમના હૃદયના ધબકારા રેસના ઘોડાની જેમ જોરજોરથી ચાલતા જ રહે છે. સંવત્સરી પ્રતિક્રમણના બે કલાક પહેલા જ ઓલ ઇન્ડિયા રેડિઓ બ્રોડકાસ્ટ કરી જાય કે, 'સો સો ની નોટ ચલણમાંથી રદ્દ કરાય છે' ત્યારે પ્રતિક્રમણની દશા જોવા જેવી થયા વિના રહેવાની નથી. મૈથુનકર્મમાં પૂર્ણરૂપે

મસ્ત બનેલી અભયા રાણીએ સુદર્શન શેઠ જેવા શિયળ-સમ્પન્નને પણ ભયમાં લાવી મૂક્યો હતો, ઇત્યાદિ કારણોને લઇને અસત્યવાદી માનવ સ્વ-પરને માટે આજે કે કાલે, સૂતાં કે જાગતાં ભયંકર જ હોય છે.

(૩) દુઃખકર :-વ્રતો અને નિયમો વિનાનો માનવ કે સ્ત્રી લગામ વિનાના કાબુલી ઘોડા જેવા હોવાથી કઈ રીતે, ક્યારે, કયા પ્રસંગે અસત્ય ભાષણ દ્વારા પોતાના વ્યક્તિત્વને, કુટુંબને, સમાજને તથા દેશને પણ દુઃખદાયક બનવા પામશે તે કહેવું કઠણ છે. કેમકે તેમનું જીવન અસત્યના પાયા પર અવલંબિત હોવાથી સ્વાભિમાની નહિ, પણ રોમેરોમમાં મિથ્યાભિમાની જ હોય છે, તેથી ગમે ત્યારે પણ તેવાઓના મુખથી કડવા, કર્કશ, ગંદા, અસભ્ય અને બીજાઓને દોષારોપણ કરનારા શબ્દોની સરસ્વતી સરી પડશે, તેવો અનુભવ કોને થયો નથી ? આ કારણે જ તેવા માણસો ક્યારેય પણ સુખંકર, પ્રિયંકર, શુભંકર, ભદ્રંકર અને અભયંકર હોઈ શકતા નથી, પરંતુ ભયંકર જ હોય છે.

(૪) અજસકર :-યશ અને કીર્તિ મેળવવાની ઝંખનાથી કેટલાક માનવો સંઘની, સમાજની, દેશની પ્રત્યેક કમિટિઓમાં મેમ્બર બનવા માટે પ્રયત્નો કરતાં હોય છે અને થોડી ઘણી જાતમહેનત પણ કરે છે, તો પણ તેઓ યશસ્વી બની શકતા નથી. કેમકે તેમના જીવનમાં પડેલી ગંદી આદતો, ઘાલમેળ કરવાની આવડતો અને પોતાના સાથીદારોને પક્ષમાં લઈ હજારો લાખો રૂપીઆના ગવન (ગાળમેળ) કરવાની

વૃત્તિઓના કારણે તેમનું પ્રચ્છન્ન એટલે સ્વાર્થ સાધવા માટે ગુપ્ત રહેલો કે રાખેલો મૃષાવાદ અને મૃષાવ્યવહાર જ તેમને તથા તેમના પરિશ્રમને કલંકિત બનાવતો હોવાથી તેમના ભાગ્યમાં ઘણું ઘણું કરવા છતાં પણ અપજસ અને અપકીર્તિ જ શેષ રહે છે. મળેલા અપજસના મૂળ કારણમાં પૂર્વ ભવના પુણ્યકર્મની કચાસને ગોતવા જવા કરતાં, વર્તમાન જીવનની મૃષાવાદિતા જ મુખ્ય કારણ છે. તેને તમે જાણો અને ભૂતકાળને રોવા બેસવા કરતાં ચાલુ જીવનના દુર્ગુણોનો હ્રાસ થાય-ક્ષય થાય તેવો પ્રયત્ન જ કરવાનો પ્રારંભ કરવો હિતાવહ છે. માન્યું કે અપયશ નામકર્મના કારણે પણ અપયશ મળે છે, તો પણ આટલું જાણવાનું જ રહેશે કે તે કર્મોને ઉદયમાં લાવવામાં આ ભવના ગંદા કાર્યો, અપ્રમાણુક પ્રવૃત્તિ, મિથ્યાભિમાન આદિની ઉદીરણા જ કારણભૂત છે.

(૫) વૈરકારક :-અસત્ય ભાષણ શા કારણે કરવામાં આવે છે ? જવાબમાં કહેવાયું કે, " कोहा वा लोहा वा भया वा हासा वा " જીવનમાં મિથ્યાત્વનું જોર હોય છે, ત્યારે ક્રોધ, લોભ, ભયોત્પાદક કાર્યો તથા હાસ્ય-મશ્કરી આદિનો ત્યાગ લગભગ અશક્ય છે, તેવી સ્થિતિમાં ક્રોધી, લોભી, ભયગ્રસ્ત અને મશ્કરો માણસ બીજાઓની સાથે વૈર-ઝેર, વિરોધ, લડાઈ-ઝઘડા કર્યા વિના કઈ રીતે રહી શકશે ? આ કારણે જ દેવાધિદેવે કહ્યું કે, અસત્ય ભાષણ, મૃષાવાદના કારણે સગી માવડી કે પત્ની સાથે પણ વૈર બંધાઈ જતું હોય તો બીજા જીવો સાથે તેની મિત્રતા સ્થિર રહેવાની શક્યતા કયાંથી

હોય? કદાચ મૈત્રી બંધાય તો પણ તે સ્વાર્થ પૂરતી જ રહેશે. માટે વૈર-વિરોધનું મૂળ કારણ અસત્ય ભાષણ છે.

(૬) રતિ-અરતિ, રાગ-દ્વેસ-મણ સંક્લેશ વિતરણ :-

સંસારની માયામાં લોભાન્ધ, ક્રોધાન્ધ, કામાન્ધ અને સ્વાર્થાન્ધ બનેલા માનવોના જીવનમાં પ્રાયઃ કરી.

૧. સંયમ, સદાચાર અને પ્રામાણિકતા પ્રત્યે અરતિ (નફરત) હોય છે.

૨. અસંયમ, દુરાચાર, મિથ્યાચાર ઉપરાન્ત પોતાના જીવનમાં કે કુટુમ્બમાં ખાનદાનને ભ્રષ્ટ કરાવનારા દુર્ગુણો પ્રત્યે રતિ (આસક્ત) હોય છે.

૩. આન્તર મનમાં, હૃદયમાં અને બુદ્ધિમાં પણ પૌદ્ગલિક પદાર્થોનો રાગ હોય છે.

૪. અને નહિં ગમતા ભોજન, પાન, સ્પર્શ, દર્શન, શ્રવણ પ્રત્યે દ્વેષ હોય છે.

૫. માનસિક જીવનમાં કયાંય સ્થિરતા હોતી નથી, તેમાં ભાવ મન જૂદી જૂદી જાતના સંક્લેશોમાં રાચતું હોય છે.

ઉપરના પાંચે કારણોના મૂળમાં મૃષાવાદનો ચમત્કાર રહેલો હોય છે. કેમકે-"....માયામાં મિથ્યાત્વરે પ્રાણી...." જીવાત્માને માયા તરફ લઈ જવામાં મિથ્યાત્વ જ મુખ્ય સહાયક છે, જેના કારણે જીવાત્માનાં ગુપ્ત મનમાંથી રતિ-અરતિ-રાગ-દ્વેષ અને મનની સંક્લિષ્ટતા મટતી નથી, ઓછી થતી નથી. તેવી પરિસ્થિતિમાં મૃષાવાદની હાજરી કોઈ કાળે નકારી શકાતી નથી.

(૭) અલિયં :-

અસત્ય ભાષણ-કે વ્યવહાર કરનારો લગભગ નિષ્ફળ બને છે અર્થાત્ તેનો બધોય ક્રિયા કલાપ ફળ વિનાનો રહેશે. તે ચાહે સાક્ષર કે નિરક્ષર હોય, પંડિત કે મહાપંડિત હોય, ભગવાનનો પરમ ભક્ત હોય કે ન હોય, તપસ્વી હોય કે સંયમી હોય પોતાની સાધનામાં શી રીતે સફળ બનશે? તેમનાં શુદ્ધાનુષ્ઠાનોમાં શુદ્ધતાનો અંશ કેવી રીતે ટકવા પામશે? અને ન ટકયો તો તેમના વ્યક્તિત્વ તથા વક્તૃત્વ સંસારને સમ્યગ્જ્ઞાનની બક્ષીસ કઈ રીતે આપશે? આ કારણે જ દેવાધિદેવ પરમાત્મા, મહાવીરસ્વામીએ કહ્યું કે, 'અસત્ય વચન જેમ નિષ્ફળ છે, તેમ તેના માલિકનું જીવન, ભણતર, ગણતર, હુશીઆરી, બહાદુરી અને ચાલાકી પણ નિષ્ફળ હોવાથી ભારરૂપ બનશે. પોતાની રૂપ છટામાં, વાક્ છટામાં, સંસારને ગમે તેટલા ભરમાવી લઇએ તો પણ સામેવાળાને જ્યારે ખબર પડશે, ત્યારે તેમનો વિશ્વાસ આપણા ઉપરથી ખતમ થઈ ગયો હશે માટે અસત્ય ભાષણમાં ઇશ્વરનો આશીર્વાદ કે સાક્ષાત્કાર નથી, પરન્તુ કેવળ આત્મછલના છે.

(૮) નિયડિ-સાતિ-જોગબહુલે :-

નિયડિ=નિકૃતિ એટલે અસત્યમય આચરણ, ભાષણ અને વ્યાપાર દ્વારા હજારો પ્રકારે કરાયેલા દુષ્કર્મો તથા દુરાચારોને છુપાવવા માટે ધમપછાડા કરવા, ફરીથી જૂઠ પ્રપંચ કરવા આદિ પાપોને નિકૃતિ કહેવાય છે. સાતિ અર્થાત્ અવિશ્વાસ

કરવો, વિશ્વાસઘાત કરવો, બીજાઓને ધર્મના બહાને તથા વ્યાપારમાં લાભની લાલસા આપીને તેમની સાથે છેતરપિંડી કરવી તે સાતિ કહેવાય છે. આ બંનેને પોતાના જીવનમાં ઓતપ્રોત કરી માયામૃષાવાદ, કપટ, ધૂર્તતા અને દંભ આદિ દ્વારા વારંવાર બીજાને શીશામાં ઉતારવા આદિ કર્મો અસત્ય જીવનના સ્વભાવ છે, જે સર્વથા ત્યાજ્ય કર્મ છે.

(૯) નીયજણુ નિસેવિયં :—જેઓ જાતિથી, કુળથી, ખાનદાનીથી અને આચાર–વિચાર તથા ઉચ્ચાર આદિ ગુણોથી હીન–કમજોર માનવો છે, તેઓનું જીવન અસત્યપ્રાચુર્ય હોવાથી તેમની ભાષા, વ્યવહાર, વ્યાપાર આદિમાં અસત્યવાદ સ્પષ્ટ દેખાઈ આવે છે. તે દુર્ગુણો જ્યારે મર્યાદાથી બહાર વધી જતાં હોય છે ત્યારે મૃષાવાદ સાથે માયાનું મિશ્રણ થતાં માયામૃષાવાદપૂર્વકનો વ્યવહાર બનતાં જાણીબુઝીને લાભ થાય કે ન થાય પણ બીજાઓને ઠગવામાં તેઓ ઘણા જ હોંશિયાર હોય છે. જે ભાગ્યશાળીઓ જાતિ, કુળ, ધર્મ અને ગુણોથી સમ્પન્ન છે, એટલે કે સંતસમાગમ કે સ્વાધ્યાયબળે પોતાના આચાર–વિચાર અને ઉચ્ચારમાં સ્વચ્છ છે તેમને જૂઠ બોલવાનું કંઈ પણ પ્રયોજન નથી હોતું. પરંતુ જેઓ નાની ઉમરથી જ ગંદા સહવાસ, ગંદી આદત અથવા માતા-પિતાઓના ખોટા સંસ્કારોના કારણે ખાનદાની ધર્મથી નીચે ઉતરે છે ત્યારે સૌથી પહેલાં જૂઠ બોલવાની આદત પડે છે. આ કારણે જ અસત્યવાદી માનવના સ્વભાવમાં નીચતા, ધૃષ્ટતા, ક્રૂરતા અને તુચ્છતાનો પ્રવેશ સુલભ બને છે.

(૧૦) નિસ્સંસં :—નૃશંસ એટલે ક્રૂર–લજ્જા શરમ વિનાના માનવના ભાગ્યમાં અસત્ય બોલવા સિવાય બીજો કયો માર્ગ ? માટે જ આવા માનવો કદાચ પણ વિશ્વસનીય, પ્રશંસનીય, આદરણીય, માનનીય પણ બની શકતા નથી, તો પછી પૂજનીય કેવી રીતે બની શકવાના હતાં ?

દેવદુર્લભ મનુષ્યાવતારમાં, ભલે આપણે નરક ગતિનો ત્યાગ કરીને આવ્યા હોઇએ, કે માતા–પિતા તથા મિત્રોના સંસ્કારો પણ ગમે તેવા પ્રાપ્ત થયા હોય, તો પણ આત્મા યદ્દી પોતાના ભાનમાં, શાનમાં સ્થિર થઇ જાય તો ગમે તેવી ખોટી આદતોને લાત મારી ભગાડી શકે છે. જોઇએ છે કેવળ આત્મવિશ્વાસ, મન અને ઇન્દ્રિયોનું કડકાઇપૂર્વકનું દમન અને શનૈઃ શનૈઃ સંત મહાપુરૂષોનો સહવાસ, ખોટા કર્મોનો કર્તાપણ આત્મા છે અને તેમને સમૂળ નાશ કરી સિદ્ધશિલાને પ્રાપ્ત કરનારો પણ આત્મા જ છે. ચંડકૌશિક નાગરાજનો આત્મા જ્યારે સમજી ગયો અને સંયમ (HIMSELF)ના માર્ગે આવી ગયો ત્યારે આઠમો દેવલોક પ્રાપ્ત કરવામાં પણ વાર લાગી નથી; તો પછી મનુષ્ય ધારે તો શું ન કરી શકે ?

(૧૧) અપચ્ચયકારગં :–અપ્રત્યય એટલે આજે કે કાલે પણ સર્વત્ર અવિશ્વાસ ઉત્પન્ન કરાવનાર મૃષાવાદ છે. સારાંશ કે અસત્યના પાયા પર જીન્દગીની ઈમારત (મકાન) ઉભું કરનારો ગમે તેવો રાજનૈતિક હોય કે ધાર્મિક હોય, કોઇનો કદાચેય પણ વિશ્વાસ પ્રાપ્ત કરી શકતો નથી. ત્યારે " માનવ જીવનની કિંમત શું ? "

આના જવાબમાં મહર્ષિઓએ કહ્યું ‘ અઢળક સોના ચાંદીની પાટો, હીરાઓ, મોતીઓ, તેમજ લાખો કરોડોનો વ્યાપાર કરતો હોય તો પણ યદી તે માનવ પોતાના કુટુમ્બીઓનો, સમાજનો વિશ્વાસ મેળવી ન શકે તો તેનું જીવન કેવળ આર્તધ્યાન કે રૌદ્રધ્યાનમય બનવા પામશે ” અને તેમ થયું તો દુર્ગતિ તરફ જતાં તેને કોઈની શક્તિ પણ રોકી શકે તેમ નથી. અનુભવી આચાર્યદેવોએ તો ત્યાં સુધી સલાહ આપી છે કે માનવ ! ઓ માનવ ! યદી તૂં બુદ્ધિશાળી હો તો મનુષ્ય જીવનમાં જ એક વાતનો નિર્ણય કરી લેજે કે, “ દુર્ગતિદાયક મૃષાવાદનો ત્યાગ કરવો ઠીક છે કે મુક્તિ–સુખ શાંતિ અને સમાધિદાયક સત્યવાદનો ત્યાગ કરવો ઠીક છે. ” “ જં સેયં તં સમાયરે ”....

(૧૨) પરમસાહુગરહણિજ્જં :–ઉત્કૃષ્ટતમ પદને પ્રાપ્ત થયેલા સાધુઓ, મુનિઓ, આચાર્યો, ગણધરો અને તીર્થંકર પરમાત્માઓએ પણ અસત્ય વચનને નિન્દનીય, મહા નિન્દનીય, કહ્યું છે. અનાદિ કાળથી સંસારપરિભ્રમણમાં જીવાત્મા, માયાના મદમાં અંધ બનેલો હોવાથી સમ્યક્ત્વના પ્રકાશને મેળવી શક્યો નથી. પરંતુ સંસારના દુઃખોને અનિચ્છાએ પણ ભોગવતાં જેમ જેમ અકામ નિર્જરા થતી જાય અને સન્માર્ગે આવવાની તૈયારી થાય ત્યારે આ જીવ સમ્યક્ત્વને મેળવવા માટે ભાગ્યશાળી બને છે. એટલે કે માયાના અંધકારમાંથી બહાર નીકળીને સત્યના પ્રકાશમાં પ્રવેશ કરે છે. અને તેમના જીવનમાંથી માયાના પાપો એક પછી એક વિદાય લેવા માંડે

છે અને જેમ જેમ સત્યનો પ્રકાશ તેમને સાંપડતો જાય છે તેમ તેમ તે આત્મા પોતાના મૂળ સ્વભાવમાં આવતો જાય છે, જેને આપણે સમ્યક્ત્વ કહીએ છીએ. આ કારણે જ સમ્યક્ત્વની પ્રાપ્તિનો મૂળ પાયો સત્ય ઉપર રહેલો છે. ત્યાર પછી સત્ય ધર્મની આરાધના ક્રમશઃ આગળ વધતી જાય છે, તેમ તે જીવો કેવળજ્ઞાન મેળવવાના માર્ગે આગળ વધતાં વધતાં તીર્થંકરો, ગણધરો કે સામાન્ય કેવળીઓ બનવા પામે છે. આવા મહાપુરૂષો જ્યારે અસત્ય વચન, અસત્ય વ્યવહાર અને અસત્ય વ્યાપારને પાપ કહે છે, તો પછી ભગવતતત્ત્વ પ્રાપ્ત કરવાની ભાવનાવાળા ભાગ્યશાળીઓએ અત્યંત નિંદનીય અસત્ય ભાષણનું આચરણ કોઈ કાળે પણ કરવું ન જોઈએ. કદાચ આદત પડી ગઈ હોય તો પણ જબરદસ્ત પુરૂષાર્થના બળે તે આદતને શક્તિહીન કરી લેવી જોઈએ. આનાથી અતિરિક્ત કલ્યાણમાર્ગ બીજો નથી.

(૧૩) પરપીડાકારક :–દ્રવ્ય અને ભાવરૂપે પીડા બે પ્રકારની છે. દ્રવ્યપીડા એટલે સામેવાળાને પ્રાયઃ કરીને મૃત્યુતુલ્ય નથી, કદાચ થતી હશે તો સાધ્ય, સુસાધ્ય અને કષ્ટસાધ્ય હોઈને બંને પક્ષે સંપ થતાં વાર લાગતી નથી. પરંતુ ભાવપીડા અસાધ્ય પણ હોય છે અને દુઃસાધ્ય પણ હોય છે.

કોઈ પણ વ્યક્તિ ચાહતી નથી કે મારો લાડકવાયો પુત્ર, પતિ, જમાઇ, શેઠ અસત્યવાદી બને, જૂઠા પ્રપંચ કરનારો બને. માવડી બનવા માટે તૈયાર થયેલી સ્ત્રી હર-હંમેશ પરમાત્માને પ્રાર્થના જ કરતી હોય છે કે, હે પ્રભો!

મારો પુત્ર ગરીબ રહે, અનપઢ રહે, તે મને પરવડશે, પણ અસત્યવાદી, લબાડ, વાતોડિયો અને ગપ્પી બને તેવા પુત્રની માવડી બનવાનો અવસર આપીશ નહિ. તેવી રીતે પોતાનો પતિ જૂઠો, કે જમાઇરાજ કૂડકપટ કે પ્રપંચ કરનાર, કે શેઠ લબાડ, વિશ્વાસઘાતી તથા 'અભી બોલા અભી ફોક' ન હોવો જોઇએ. કેમકે અસત્યવાદી, ગોલમાલ કે પ્રપંચ કરનારા માણસથી કે તેના સહવાસથી પણ ત્રાસ તથા પીડાની બક્ષીસ મળ્યા વિના રહેતી નથી. ઘણીવાર તેવા પુત્રોની માવડીઓ અસહ્ય વેદનાઓને જ્યારે ભોગવે છે, ત્યારે આકાશ તરફ નજર નાખીને એટલું જ કહે છે. હે પ્રભો! 'આવા કુપાત્ર પુત્રોના પનારે મને કયાં પાડી?' પોતાના માતા–પિતાઓના નામે આંસુ સારતી કોઇકની પત્ની કહેતી હોય છે કે "આના કરતાં હું કુંવારી રહી હોત કે દીક્ષા લીધી હોત તો પણ મારૂં હિત થાત; પણ લબાડ, બેશરમ, ક્રૂર, વિશ્વાસઘાતી જેવા પતિને ગોતવામાં મારા માવતરોએ ભૂલ જ ખાધી છે." સારી રીતે દુભાયેલા બાનદાન નોકરો પણ બાનગીમાં કહે છે કે 'મારો શેઠ પાકો ચોર, બદમાસ, લબાડ, હરામખોર, હરામજાદો અને જૂઠો છે. આ પ્રમાણે સંસારના તથ્યને સારી રીતે જાણનારા તીર્થંકર પરમાત્માઓએ અસત્ય ભાષણ કરનારને સદૈવ પારકાઓને માટે પીડાકારક જ માન્યા છે અને સમવસરણમાં બિરાજમાન થઇને ડંકાની ચોટ સાથે ઉદ્‌ઘોષિત કર્યું કે, અસત્ય વ્યવહાર હિંસ્ર કર્મ છે, અસત્ય ભાષણ હિંસા છે "અસત્ય વ્યાપાર હિંસાનો જનક છે."

સુષુપ્ત આત્માને જાગૃત કરવાની ભાવનાવાળો પુણ્યશાળી પુત્ર, પતિ તથા શેઠ પોતાની ખરાબ આદતો, કુટેવોને છોડી સત્ય માર્ગે આવવા માટે ભાગ્યશાળી બની શકે છે. ધીમે ધીમે પ્રયત્ન કરે, સત્યવાદીઓનો સહવાસ કરે, તથા અસત્ય બોલનારાઓનો સહવાસ સર્વથા છોડી દે તો તેના જીવનમાંથી અસત્યને અલવિદા લેતા વાર લાગે તેમ નથી.

(૧૪) પરમકિણ્હલેસ્સસહિયં :–પરમ કૃષ્ણ લેશ્યામય અસત્ય ભાષણ છે.

જેમને આપણે છેતરવા, ઠગવા, શીશામાં ઉતારવા કે તેમની સાથે છળ, પ્રપંચ, કુડ–કપટ કરવા ધારીએ છીએ, તે કામ ધાર્યા પ્રમાણે ઘણું સરળ નથી; કેમકે–સામેવાળો ગમે તેવો ભોળો, ભદ્રિક, અણુસમજ કે ભોટ હોય તો પણ તે કોઇનાથી ઠગાવા માંગતો નથી, તેમ છતાં સંસારના ઘણા માનવો, ધર્મની આડમાં, લોભ કે સ્વાર્થની આડમાં, અથવા ધાર્મિકતા કે વેષની આડમાં ઠગાય પણ છે અને તેમને ઠગનારા પણ છે. આવું કયારે બની શકશે ? સૂક્ષ્મ બુદ્ધિને થોડી કસરત કરાવીએ તો સમજાય તેવી વાત છે કે, સામેવાળાના ભદ્રિકપણાનો ગેરલાભ લેનારના મનમાં અનેક પ્રકારના તર્કો, કુતર્કો, છળ–પ્રપંચ માટેના દાવપેચ, બોલવાની ચાલાકી તેમ સામેવાળાને કઈ રીતે પછાડવો, આવી ભાવના પણ જ્યારે ઉદ્ભવે છે, વધે છે અને કાર્યાન્વિત કરવાનો અવસર આવે છે તે સમયે તે જીવાત્માને

કૃષ્ણલેશ્યા તરફ ગયા વિના છુટકો નથી. સ્વાર્થાન્ધ જીવન, હિંસક હોવાના કારણે બીજાને ઠગવા આદિના કાર્યોમાં તેની લેશ્યાઓ સારી કઈ રીતે રહેવા પામશે ? અને જ્યાં લેશ્યાઓમાં અરાધી કે ગંદુ તત્ત્વ પ્રવેશ કરશે ત્યારે માનવના પરિણામો પણ ઉગ્રતા, વ્યગ્રતા, ક્રૂરતા ક્ષુદ્રતા, દુષ્ટતા આદિમાં પરિવર્તિત થતાં વાર લાગવાની નથી. અને તેમ થયું તો તેનું પ્રસ્થાન દુર્ગતિ તરફ નક્કી સમજી લેવાનું છે. માટે જ તીર્થંકર પરમાત્માઓએ જૂઠ બોલવાવાળાના સ્વભાવમાં કૃષ્ણલેશ્યાને નકારી નથી.

(૧૫) દુર્ગતિ વિનિપાત વિવર્ધનમ્ :–જૈન શાસનમાં પાંચ મોટકા પાપો કહ્યાં છે. તેમાં અસત્ય ભાષણ પરપીડાકર હોવાથી વસ્તુતઃ તે પ્રાણાતિપાત જ છે, છતાં પણ તેને જુદું કરવાનું કારણ આ છે કે–ઉતાવળમાં આવીને વિના વિચાર્યે કંઈ પણ બોલવું, બીજાઓને ખોટા કલંક દેવા, કોઇના ગુપ્ત પાપોને ઉઘાડા કરવા કે બીજાઓ સામે પ્રકાશિત કરવા પાપોપદેશ આપવો અને ખોટા દસ્તાવેજ કરવા; આવા પ્રકારનું અસત્ય વચન મહાપાપ છે. શા માટે મહાપાપ છે ? જવાબમાં કહેવાયું છે કે, "જૂઠા નર પગ ભૂમિ શોધન જળ છંટકાવ કર્યો રે; મોહન મેરો મુગતિ સે જાઈ મલ્યો...." ગંગાસ્નાન કરી પીતામ્બર પહેરેલા ભાનુ નામના મહાપંડિતે, જેના એક હાથમાં ગંદાની ટોપલી અને બીજા હાથમાં પાણીથી ભરેલું તામ્રપાત્ર છે. તેમાંથી પાણીના છાંટા નાખીને બેસનારી ભંગીયણને પૂછયું, તેના જવાબમાં તેણીએ કહ્યું : પંડિતરાજ!

હું જાતિવિશેષના કારણે બીજાઓના સંડાસોને સાફ કરતાં જે પાપ લાગે છે તેના કરતાં જૂઠા બોલનારા વધારે પાપી હોવાથી તેમના રજકણથી અપવિત્ર બનેલી ભૂમિને શુદ્ધ કરવા માટે પાણી છાંટું છું. સમજવું સરળ રહેશે કે અસત્ય ભાષણ મહાપાપ હોવાથી દુર્ગતિને દેનારૂં, તેને વધારનારૂં હોવાથી સર્વથા ત્યાજ્ય છે.

(૧૬) પુનર્ભવ કારણ :-ભગવદ્ વચન છે કે, આ જીવે અનાદિ કાળના સંસારમાં, ૮૪ લાખ યોનિમાંથી એક એક યોનિમાં અનંતીવાર જન્મ અને મરણો કર્યા છે, તો પણ સંસારનો અંત આવ્યો નથી, અને જ્યાં સુધી જૂઠ બોલવાનું બંધ કરવામાં ન આવે ત્યાં સુધી તેનો જન્માન્તર થયા વિના રહેશે નહિ. પ્રત્યેક ભવોમાં જીવ એ જ છે, જે અત્યારે મનુષ્ય શરીર ધારણ કરીને બેઠો છે, તથા પોતપોતાની કરણી અનુસારે તે તે કર્માનુસારે ઋણાનુબંધ ચુકવવા માટે જૂદા જૂદા શરીરો ધારણ કરવા પડે છે. પ્રત્યેક જીવો સાથે રાગાત્મક કે દ્વેષાત્મક સંબંધ બાંધવાને માટે ઘણાં કારણોમાંથી અસત્ય વ્યવહાર પણ મુખ્ય કારણ છે. જીવનભરમાં એક જ વાર જૂઠ બોલવાથી કે સાક્ષી દેવાથી વસુરાજા નરકમાં એટલા માટે ગયો છે કે, તેની સાક્ષીથી હજારો-લાખોની સંખ્યામાં બકરા, ઘેટાં, પાડા આદિ જાનવરો દેવીની સમક્ષ બલિદાને ચડ્યાં છે. તે સમયના સત્યુગની તે હિંસક પ્રથા આજે પણ યથાવત્ ચાલુ છે. અપ્રમાણભૂત માનવના અસત્ય વચનથી પણ ક્લેશ, કંકાસ, લડાઇ આદિના તોફાનો થઈ જતાં હોય છે, તો જેના

પ્રત્યે હજારો–લાખો અને કરોડો માનવો શ્રદ્ધા રાખે છે તેવા પ્રમાણભૂત માનવ જ્યારે જૂઠ બોલે છે અથવા 'નરો વા કુંજરો વા' જેવી નહિ સત્ય કે નહિ જૂઠી ભાષાનો પ્રયોગ કરે છે, ત્યારે સંસારમાં અધર્મ, પાપાચરણ અને મારકાટનું વાતાવરણ જામી જતાં વાર લાગતી નથી. તેમાં પણ જ્યારે આત્મા–પરમાત્મા અને પરલોક માટે જૂઠ બોલવામાં આવે છે ત્યારે આખાય સંસારમાં હિંસાના તાંડવ નૃત્યો, અસત્યની બોલબાલા, ચૌર્યકર્મ તથા મૈથુનકર્મની સીમાતીત વૃદ્ધિ અને પરિગ્રહ નામનો રાક્ષસ પૂર્ણતયા વિસ્તૃત થયા વિના રહેતો નથી. "આત્મા, શરીર–પરિણામી, કર્મોના કારણે પરિણામી, ચૈતન્ય સ્વરૂપી અને દ્રવ્ય નયની અપેક્ષાએ ભવાન્તર કરવાવાળો છે. રૂપ–રંગ–રસ અને સ્પર્શ વિનાનો છે; માટે જ અદૃશ્ય છે, અસ્પૃશ્ય છે." આવા પ્રકારની સ્થિતિ સૌને અનુભવગમ્ય હોવા છતાં પણ 'આત્મા નથી, પરલોક નથી. હશે તો પણ ચોખા કે અંગૂઠાના પ્રમાણ જેટલો હશે. આવા પ્રકારના વચનો સર્વથા અસત્ય હોવાથી કયારેય વિશ્વસનીય બની શકતા નથી. અર્થાન્તર અસત્ય એટલે જે વસ્તુ જેવા રૂપે છે, તેનાથી વિપરીત રૂપે માનવી, બોલવી. જેમકે, હિંસા–મુંગા જીવોની કતલ, શરાબપાન, પરસ્ત્રીગમનમાં પાપ છે, તો પણ તેમાં ધર્મ માનવો અને અહિંસા–સંયમ–તપોધર્મ અને ચારિત્રધર્મ હરહાલતમાં ધર્મ છે, તો પણ તેને અધર્મ માનવો, તથા ગર્હા એટલે બીજા જીવોનો ઘાત થાય, પીડા થાય તેવી ભાષા બોલવી. જેમકે–તું મરી જા, તારી આંખો ફૂટી જાય, તું

ઘરે ઘરે ભીખ માંગજે, ઇત્યાદિ ગર્હા સ્વરૂપમાં અસત્ય ભાષા છે. આ ત્રણે પ્રકારના ભાષા પ્રયોગથી કેટલાય જીવો આત્મા-પરમાત્મા તથા ધર્મ અને સદનુષ્ઠાનોને પણ ઢોંગ-ધતીંગ માનવા લાગી જાય છે. અર્થાન્તર ભાષણથી કેટલાય જીવોને અધર્મના માર્ગે જવાની સુગમતા થશે, ગર્હા પરજીવોની હત્યાનું કારણ બનશે. માટે સંસારને ટૂંકાવવો હોય, જન્મ જરા અને મૃત્યુથી છુટી જવું હોય અને પરમાત્મપદ મેળવવું હોય તો ત્રણે પ્રકારના જૂઠનો ત્યાગ અનિવાર્ય છે.

(૧૭) ચિરપરિચિયં :-પ્રત્યેક માનવને સત્યવાદી બની, યશ-માન અને પ્રતિષ્ઠા મેળવવાની ઇચ્છા અને જૂઠ બોલવાની અનિચ્છા હોવા છતાં પણ આ જીવાત્માને કયું કારણ નડે છે, જેથી તેમ કરી શકતો નથી. જાણવાનું સરળ બને છે કે-જન્મ લેનાર જીવ યદ્યપિ વસ્ત્ર-ભૂષણ વિનાનો જ જન્મે છે. તો પણ પોતાના પૂર્વભવનાં આચરેલા અદૃષ્ટ કર્મોના કુસંસ્કારો અને સુસંસ્કારો લઇને જન્મે છે, ત્યારે જ તો ધાર્મિક માતા-પિતાઓને ત્યાં પાપી જીવો અને પાપી માતા-પિતાઓને ત્યાં ધાર્મિક સંતાનોનો પણ જન્મ થાય છે. કુક્ષિમાં આવનારો જીવ માતાના લોહીના માધ્યમથી પોતાના શરીરની રચના કરે છે અને પિતાના વીર્યમાં પણ કુસંસ્કારો કે સુસંસ્કારો વિદ્યમાન હોવાથી જન્મ લેનારા સંતાનમાં પણ તે સંસ્કારો આવવા જોઇતા હતાં. પરંતુ તેમ પ્રાયઃ કરીને બનતું નથી, કેમકે માતા-પિતાના શુક્રરજની તાકાત કરતા પણ જન્મ લેનારના અદૃષ્ટ કર્મો વધારે જોરદાર હોય છે. આ

કારણે ચરાચર સંસારના જીવોના કર્મોને પ્રત્યક્ષ કરનારા તીર્થંકર પરમાત્માઓએ કહ્યું કે–ઘણા ભવોમાં મિથ્યાત્વ, અવિરતિ અને કષાય આદિના ગાઢ સંસ્કારોને લઈ જન્મ લેનારા જીવને અસત્ય બોલવાના, જૂઠી સાક્ષી દેવાના, ઘાલ-મેલ કરવાના, મિથ્યોપદેશ દેવાના કુસંસ્કારોની પ્રાપ્તિ થવાના કારણે જ સત્યવાદી બનવાની પ્રબળ ભાવના હોવા છતાં પણ તેમ થઈ શકતું નથી અને પ્રસંગ આવ્યે પુનઃ પુનઃ અસત્યના માર્ગે પ્રયાણ કરવાની ફરજ પડે છે. માટે મૃષાવાદના સંસ્કારો અતિ નિકાચિત હોવાના કારણે જૂઠનો ત્યાગ થઈ શકતો નથી અને સત્ય બોલી શકતો નથી. તેમ છતાં તે જીવાત્મા મોક્ષાભિલાષિણી પુરૂષાર્થશક્તિનો વિકાસ કરે, તો ગમે તેવા કુસંસ્કારોનો સમૂળ નાશ કરીને સત્યમાર્ગે પ્રસ્થાન કરવાની શકયતાને જૈનશાસને નકારી નથી.

(૧૮) અનુગતેઃ–કોઇપણ ભવમાં સમ્યગજ્ઞાન કે જ્ઞાનીનો સહવાસ નહિ કરેલો હોવાથી આ ભવમાં પણ મિથ્યાદર્શન અને મિથ્યાજ્ઞાનના ચક્રાવે ચડેલી વ્યક્તિને અસત્ય બોલવાની, બીજાઓની ક્રૂર કે મીઠી મશ્કરી કરવાની, ક્રોધ તથા લોભ કરવાની આદતો એટલી બધી જોરદાર પડેલી હોય છે, જેના કારણે અસત્ય બોલવાનું સરળ બને છે. જીવનમાં જ્યાં સુધી ક્રોધ, લોભ, ભય અને હાસ્યની આદતો પડી છે ત્યાં સુધી અસત્યનો ત્યાગ થતો નથી અને સત્ય આચરિત થતું નથી.

(૧૯) દુરંતં :–મૃષાવાદ એટલે કે વાતે વાતે નિરર્થક જૂઠ બોલવાપણું જીવનાં ઘણા ભવોને બગાડનારો છે, તો

પણ તેનો ત્યાગ કરવો જીવોને માટે પણ દુરંત એટલે દુઃખેથી છોડી શકાય તેવો છે.

આ પ્રમાણે મૃષાવાદીના ૧૯ પ્રકારે સ્વભાવો કહીને હવે તેના પર્યાયોનું વર્ણન કરે છે.

મૃષાવાદના અર્થને સૂચિત કરનારા બીજા પર્યાયો કેટલા ?

આર્ય સુધર્માસ્વામીએ જમ્બૂસ્વામીને કહ્યું કે, મૃષાવાદને સમજવા માટે એટલે કે કયા કયા ગુણ નિષ્પન્ન નામો વડે મૃષાવાદ સૂચિત થાય તે પર્યાયો (નામો) તીસની સંખ્યામાં પરમાત્માએ કહ્યાં છે, તે આ પ્રમાણે :–

(૧) અલિયં :–જે ભાષાને આપણે બોલીએ છીએ તેનું ફળ સર્વથા વિપરીત આવતું હોય તેવી ભાષાને ' અલિક ' કહે છે. પૂર્વના પુણ્યોદયે માનવશરીરમાં મુખની પ્રાપ્તિ થાય છે અને ભાષા પ્રયોગ માટે જીભની પ્રાપ્તિમાં અને તેના ઉપયોગમાં માનવનું પુણ્ય કામ કરે છે. કેમકે :–સાત લાખ પૃથ્વીકાયિકો, સાત લાખ જળકાયિકો, સાત લાખ અગ્નિકાયિકો, સાત લાખ વાયુકાયિકો, દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાયિકો, ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાયિકો, ઉપર પ્રમાણેના બાવનલાખ જીવાયોનિના અનંતાનંત જીવોને કેવળ સ્પર્શેન્દ્રિય હોવાથી જીભ ઇન્દ્રિયની પ્રાપ્તિ તેમના ભાગ્યમાં હોતી નથી.

તેથી ૮૪-૫૨=૩૨ લાખ જીવાયોનિના જીવોને જીભ મળે છે, તેમ છતાં છ લાખ વિકળેન્દ્રિય ૩૨-૬=૨૬ આ પ્રમાણે તેમને જીભ મળી છે પણ તેના ઉપયોગમાં તેમનું ભાગ્ય જોરદાર કામ કરતું ન હોવાથી શેષ ૨૬ લાખ જીવો રહ્યાં, તેમાં પણ ચાર લાખ યોનિ પ્રમાણ નારકો મહાપાપોદયવાળા હોવાથી અને ચાર લાખ દેવો મહા પુણ્યશાળી હોવાથી તેમની જીભ કેવળ ઉપાર્જિત પાપ અને પુણ્યને ભોગવવા સિવાય લગભગ બીજા કામમાં આવતી નથી. ચાર લાખ તિર્યંચ પંચેન્દ્રિય જીવો પણ જીભનો ઉપયોગ કરી શકતા ન હોવાથી ૨૬-૧૨=૧૪ લાખ મનુષ્યો જ જીભનો ઉપયોગ મૈત્રી પ્રસારણ અથવા વૈર પ્રસારણમાં કરવા શક્તિશાળી બને છે. આ કારણે જ મનુષ્યાવતાર દેવદુર્લભ હોવાથી સર્વશ્રેષ્ઠ છે. મનુષ્ય જાતિમાં પણ અનાર્ય દેશ, અનાર્ય કુળ, અનાર્ય ભાષા અને અનાર્ય ધર્મના માલિકો પ્રાયઃ કરી હિંસક હોવાથી કોઈ કાળે પણ સત્ય ભાષા બોલી શકતા નથી અથવા સત્ય અને અસત્યનો નિર્ણય તેમનાં જીવનમાં થયેલો ન હોવાથી સત્ય ભાષા કોને કહેવાય ? કે અસત્ય ભાષા કોને કહેવાય ? તેની મુદ્દલ ખબર તેમને હોતી નથી, અથવા અમે બોલીએ છીએ તે સત્ય ભાષા છે કે અસત્ય તેનો નિર્ણય પણ તેઓ કરી શકતા નથી. માટે મનુષ્યોમાંથી ઉપર કહેલા માનવોની ભાષા અલિક જ હોય છે. કેમકે તેમનું જીવન જ્યારે અલિક હોય તો તેમની ભાષા શા માટે અલિક એટલે નિષ્ફળ ન હોય ? શેષ રહેલા માનવોના જીવનમાં ધર્મ મર્યાદા ન હોય

તો જીવનની છેલ્લી ક્ષણ સુધી પણ હિંસા, જૂઠ ચોરી, મૈથુન અને પરિગ્રહને છોડી શકતા ન હોવાથી તેમનું પણ જીવન નિષ્ફળ છે; માટે તેમની ભાષા પણ અલિક જ રહેવાની છે. આ કારણે અલિક શબ્દ મૃષાવાદનો પર્યાય છે.

જે ભાષાનો પ્રયોગ કરવાથી કરવાવાળાને યશ, પ્રતિષ્ઠા, માન મરતબો પ્રાપ્ત કરાવી ન શકે તે ભાષા ચાહે અલંકારિક હોય, મોટા મોટા વિશેષણવાળી હોય, શ્લેષમય હોય, દ્વિ-અર્થિક હોય તો પણ શા કામની ? વિચારો અને આચારો ગંદા હોય તેવા માણસોની છટાદાર ભાષા કેવળ મનોરંજન સિવાય બીજું શું કરશે ?

(૨) શઠ (सठं) :–મૃષાવાદનો આ બીજો પર્યાય છે. તેનો અર્થ થાય છે લુચ્ચો, સ્વાર્થી, માયાવી, પ્રપંચી. આવા માણસો પોતાના સ્વાર્થને સાધવામાં, બીજાને પોતાની માયા-જાળમાં ફસાવવામાં સફાઈપૂર્વક છટાદાર ભાષાનો પ્રયોગ કરવા-પૂર્વક તેઓ મૃષાવાદ સિવાય બીજી કઈ ભાષા બોલશે ? માટે શઠભાવયુક્ત માનવ મૃષાવાદી છે.

(૩) અનાર્ય (अणज्जं)–જેમનાં જીવનમાં આત્મોન્નતિ, ઉચ્ચસ્તરીય જીવન કે યશ પ્રતિષ્ઠાનો ખ્યાલ નથી તે અનાર્ય કહેવાય છે. જે ચાલતાં ફરતાં ગંદા શબ્દો, અસભ્ય વ્યવહાર અને ગાળી પ્રદાન કર્યા વિના રહેતા નથી. ખાવા–પીવાનું જેમને ભાન નથી, બોલવા–ચાલવામાં વિવેક નથી, મૈથુન સંજ્ઞાના ગુલામ હોવાથી ગમે તે પ્રસંગે ગમે તે સ્થાને તેમને ધર્મ–

અધર્મનો ખ્યાલ નથી, તેવાં અનાર્યો કઈ અને કેવી ભાષા બોલશે ? ખાનદાન, પઢિત, ગ્રેજ્યુએટ અને ઉચ્ચસ્તરીય સ્થાન પર જવાબદારી સંભાળનારા તથા અવસર આવ્યે સૌને ધર્મ અને અધર્મનો ભેદ સમજાવનારા ભાગ્યશાળીઓનું આન્તર્ જીવન યદ્દી અનાર્ય જેવું હશે તો તેમાં અને અનાર્યમાં કયું અંતર ? માટે જ દેવાધિદેવ મહાવીરસ્વામીએ કહ્યું કે–મૃષાવાદ ભાષણ અનાર્યત્વનું ઉત્પાદક હોવાથી અનાર્ય જ છે. કેમકે અનાર્યોના ભેદમાં ભાષાઅનાર્યનો પણ એક ભેદ છે. ફરક હોય તો એટલો જ કે કોઈ પ્રચ્છન્ન અને બીજો પ્રગટ અનાર્ય છે.

(૪) માયામૃષા (मायामोसो)—જે અસત્ય ભાષણ, માયા, પ્રપંચ, ધૂર્તતા તથા છેતરવા પૂર્વકનું હોય તેને માયા-મૃષા કહેવાય છે. એટલે કે કપટપૂર્વક, પોલીટિકલ્સપૂર્વક ખૂબ જ ઠાવકાઈપૂર્વક બોલવું તે માયામૃષા છે. અસત્ય ભાષણ જ મહા પાપ છે, તેમાં જ્યારે માયા, દાંભિ, ગર્વ આદિનું મિશ્રણ કરવામાં આવે ત્યારે તે માયામૃષાવાદ-સાધકનું અધઃપતન કરાવવામાં પૂર્ણ સમર્થ છે.

(૫) અસત્ક—જે વિષયમાં, ચર્ચામાં યદ્દી તત્ત્વની યથાર્થતા ન હોય તેવા ભાષણને અસત્ય ભાષણ કહેવાય છે. આત્મા-પરમાત્મા–લોક આદિ સત્ પદાર્થોને અસત્ કહેવા–માનવા તે અસત્ય છે. માનવ અજ્ઞાનવશ એમ માનીને બેઠો છે કે–‘ સાચી વાતને કહેવામાં કયો વાંધો છે ’ ?, ‘ સામેવાળો માણસ જેવો છે તેવો કહેવામાં બોટું શું છે ’ ? જવાબમાં જાણવાનું કે, ગમે તેવી પ્રત્યક્ષ કરેલી વાતને કહેવાથી સામેવાળાને

આઘાત લાગે તેવી સાચી વાત પણ હિંસક હોવાથી જૂઠ છે. આ કારણે જ શાસ્ત્રોમાં કહેવાયું છે ' અનૃત, કઠોર, ચાડી કરનારી, મલિન, કલુષિત, દુષ્ટ અને પાપી ભાષા તથા સાંભળનારને ભ્રમ કરાવે તેવી ભાષા, હિંસક, ઈર્ષ્યા અને સ્વાર્થ-પૂર્વક બોલાતી ભાષા ગમે તેવી સાચી હશે, તો પણ મહાવીર પ્રભુના શાસને તેને અસત્ય કહેલી હોવાથી બોલવા લાયક નથી.

(૬) કૂડ કપટ અવસ્તુક :–સામેવાળા મિત્રને, શત્રુને કે વિશ્વસ્ત માનવને ઠગવા, છેતરવાં અને ફોસલાવવા માટે, મીઠું–મરચું ભરીને વાત કરવી, તેના પર ખોટા દોષ મૂકવા, કલંક લગાડવા, બીજાની સાચી વાતને ખોટી કરવી, પોતાની ખોટી વાતને સાચી કરવી તથા અવિદ્યમાન તત્ત્વને કે વાતને પ્રગટ કરવી. જેમ કે, સંસારની રચના કરનાર ઈશ્વર છે, તેનું પાલન કરનાર વિષ્ણુ છે અને પ્રલય કરનાર શંકર છે, ઇત્યાદિ ભાષા બોલવી તે કૂડકપટ અવસ્તુક ભાષા પણ અસત્ય છે.

(૭) નિરર્થક અને અપાર્થક :–જેનો ભાવ સર્વથા નિરર્થક છે, સમય વિનાનો છે, કષાયોને ઉદ્દીરિત કરાવનારો છે, સત્યથી વેગળો છે, સીંગ તથા માથા વિનાનો છે, તે બધીય ભાષાઓ અસત્ય છે અને તેનો બોલનારો લેભાગુ અને લબાડ હોવાથી અસત્યભાષી છે.

(૮) વિદ્વેષગર્હણીય :–હૈયામાં વૈર–વિરોધમય ઝેર ભરી રાખીને, દ્વેષ તથા ક્રોધપૂર્વક બોલાતી ભાષાને, મુનિરાજોએ નિન્દનીય ભાષા કહેલી હોવાથી અસત્ય ભાષા છે. ભૂતકાળ

પતી ગયેા છે, તે તમારા માટે કેાઈ કાળે પણ વર્તમાન થવાનેા નથી, તેા પછી, તે સમયની વાતેાને વાગેાળતા રહીને, વ્યક્તિત્વને, સમાજને, કે દેશને ફરીથી તેાફાને ચડાવવું, તેનેા અર્થ એટલેા જ છે કે, પેાતાને તથા બીજાઓને આર્ત-ધ્યાન તથા રૌદ્રધ્યાન તરફ લઈ જવાનું મહાહિંસક કાર્ય સિદ્ધ થશે જે સર્વથા ત્યાજ્ય છે.

(૯) અનૃજુક :–ઋજુનેા અર્થ સરળ થાય છે. તે જેના આત્મામાં કેળવાયેલેા નથી અથવા જે કેળવવા માંગતેા નથી તે માનવ અનૃજુક (વક્ર, વાંકેા–ટેડેા) હેાવાથી તેમની ભાષા પણ વક્ર જ હેાય છે. હૈયામાં કે મન–વચન તથા કાયાના અણુઅણુમાં વક્રતા રહેલી હેાય ત્યાંથી સરળતાની કલ્પના શી રીતે થાય ? અને યેાગવંચકની ક્રિયાઓ પણ વક્ર હેાવાથી તેના ફળેા પણ વૈર–વિરેાધ, કલેશ અને કંકાસપૂર્ણ જ મળવાના છે. જેના શબ્દેામાં, પદેામાં, વાક્યેામાં જ બીજાઓ પર વ્યંગ્ય પ્રકાશિત થતેા હેાય, તેમની ભાષા ગમે તેવી શબ્દાલંકાર કે અર્થાલંકારમય હેાય તેા પણ સ્વપરઘાતક જ રહેવાની છે. શત્રુંજય–સિદ્ધક્ષેત્ર તીર્થને ‘ સિદ્ધાચલ ’ પણ કહીએ છીએ. તે શબ્દ જ કહી રહ્યો છે કે, માનવ ! તારા જીવનમાં હંમેશા “ સિદ્ધા + ચલ ” એટલે તારી બેાલવાની ભાષા ઉપરાન્ત બધીય ક્રિયાઓમાં સીધેા ચાલજે પણ વાંકેા ચાલીશ નહીં. યેાગશાસ્ત્ર પણ કહી રહ્યું છે કે :–

‘ સરળતા મેાક્ષ માર્ગ છે અને વક્રતા નરક માર્ગ. ’
આ બંને માર્ગોમાંથી “ જં સેયં તે સમાયરે ”

(૧૦) કલ્કના :–આ શબ્દનો અર્થ ટીકાકારે પાપ તથા માયા આચરણ કર્યો છે. જે ભાષા બોલવાથી આત્મામાં, મનમાં, મલિનતા આવે તેને કલ્કના કહે છે. 'આપણા શરીરના તંત્રમાં આપણું હૃદય ન્યાયાધીશરૂપે હોવાથી ગમે તે કાર્યના પ્રારંભમાં જ આપણું હૃદય આપણને સૂચિત કરે જ છે કે, આ કામ કરવા જેવું છે, અથવા નથી કરવા જેવું. આ વાત બોલવાથી કષાયની ઉદીરણા સિવાય બીજું ફળ મળવાનું નથી." તેમ છતાં પાપ અને માયાચરણનો પૂજારી ન્યાયાધીશના જજમેંટની પરવા કર્યા વિના પોતાની જીવન નાવડી આડે અવળે માર્ગે હંકારી રહ્યો છે. આ કારણે જ પાપમય અને માયાચરણપૂર્વકની ભાષા હિંસક ભાષા છે.

(૧૧) વંચના :–બીજાને ઠગવાના ઇરાદે તેને અવળે માર્ગે ચડાવવાને માટે બોલાતી ભાષાને વંચના કહે છે, જે સર્વથા અસત્ય હોવાથી ત્યાગવા લાયક છે.

(૧૨) મિથ્યાપશ્ચાત્ કૃત :–જેસલમેરના રેગિસ્તાનમાં, ગ્રીષ્મ ઋતુના દિવસોમાં દૂર દૂર હરિણોને પાણીની ભ્રમણા થાય છે અને તદનુસાર ભટકે છે, પણ થાકયા પાકયા પછી પણ તેમને પાણી મળતું નથી. તે પ્રકારે અસત્યથી પરિપૂર્ણ જીવન જીવતાં માણસો, સામેવાળાને પોતાની જાળમાં ફસાવવા માટે મીઠા વચનો, આગ્રહ અને સોગનપૂર્વકના વચનો બોલીને તેમને પોતાની તરફ આકૃષ્ટ કરી લે છે અને એકવાર તેમને શિશામાં ઉતારી પણ લે છે; પરન્તુ તેમને જ્યારે સચ્ચાઇની ખબર પડે છે, ત્યારે બીજીવાર હજાર સોગન

બાધએ તો પણ તે જાળમાં ફસાવા માટે તૈયાર થતો નથી. માટે જ અષ્ટ પ્રવચન માતાના પાળવાવાળા મુનિરાજોએ આવી ભાષાનો ત્યાગ કર્યો છે અને પોતાના ઉપદેશ દ્વારા ભાવુકોને પણ તેવી ભાષાનો પ્રયોગ ન કરવા સમજણ આપે છે. આ કારણથી આ ભાષા સાવદ્ય, ધોખેબાજ, વંચક હોવાથી ત્યાજ્ય છે.

(૧૩) અતિ–(અવિશ્વાસ) :–એક માણસ પાસે લાખો અને કરોડોનો પરિગ્રહ છે, પરન્તુ તેમના પ્રત્યે કોઇને પણ વિશ્વાસ નથી, તેમ તેના શકુન કે પ્રાતઃકાળમાં તેમનું નામ પણ કોઈ લેવા માંગતા નથી, કેમકે–તેમનું બાહ્ય અને આન્તર જીવન અસત્યપૂર્ણ હોવાથી, તેમજ જીવનનાં એકેય તંત્રમાં સચ્ચાઇ ન હોવાથી, તેમના બોલવા પર, બાનપાન પર, ગૃહસ્થાશ્રમના નીતિ નિયમ પર કોઇનેય, યાવત્ તેમની ભાભી, સાળી, પડોસણ, સહપાઠિનીને પણ વિશ્વાસ હોતો નથી. શાસ્ત્રકારો કહે છે કે, અસત્ય જીવનને લઈ સર્વત્ર અવિશ્વાસુ બનેલો માનવ પોતાના જીવતાં જીવનમાં જ મર્યા બરાબર છે; માટે જ્યાંસુધી બને ત્યાંસુધી સત્ય ભાષણનો જ આગ્રહ રાખવો. તેમ છતાં પાપી પેટને બાતર, માંડેલા ગૃહસ્થાશ્રમને નભાવવા બાતર પણ સૂક્ષ્મ સત્ય ન આચરાય તો પણ સ્થૂલ સત્ય બોલવાનો આગ્રહ જરૂર રાખવો. તે પણ પેટ અને પટારા ન ભરાય ત્યાંસુધી. પરન્તુ ભાગ્યોદયે પેટ અને પટારા ભરાઈ જાય ત્યાર પછી જે માનવ જૂઠ બોલે, જૂઠ આચરે અને સૌની સાથે જૂઠનો વ્યવહાર કરે તેના જેવો કમભાગી બીજો કોણ ? માનવ યદી સહૃદય અને સદ્વિવેકી

હશે તો જંકશન જેવા મનુષ્યાવતારમાં સત્ય ધર્મની પ્રતિષ્ઠા કરશે અને યશસ્વી, તેજસ્વી, ઓજસ્વી અને વર્ચસ્વી બનશે, જેથી સંસારના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અમર થશે.

એક અનુભવી મહાપુરૂષ તો ત્યાંસુધી કહી ગયેા છે કે, 'અમર બનવા માટે આરસ પત્થર ઉપર નામ ખોદાવવાની આવશ્યકતા નથી કે લાખેા રૂપીઆ ખર્ચવાની પણ જરૂરત નથી, પરન્તુ સંસારના હૈયામાં તમારૂં સત્ય જીવન જ તમને અમર બનાવનાર છે. આ બધાય કારણેાને લઈ અવિશ્વાસનું મૌલિક કારણ અસત્ય છે.

(૧૪) ઉત્સૂત્ર :–વિરૂદ્ધ અર્થવાળી ભાષા બેાલવી તે અસત્ય ભાષા છે. પેાતાના દેાષેાને છુપાવવા માટે, વાક્પ્રયેાગ કરવેા તે ઉચ્છન્ન છે, કેમકે :–લેાકમાં નિન્દનીય બને, શાસ્ત્રથી વિરૂદ્ધ કાંઈક બેાલાય અને આચરણ કરવા જેવું ન હેાય તેનું આચરણ કરવામાં આવ્યું હેાય, તેવા પ્રસંગે તે બધીય વાતેાને છુપાવવા માટે માનવ અસત્ય ભાષણ કરીને જ પ્રયત્ન કરતેા હેાય છે. ઉત્સૂત્રનેા અર્થ અપશબ્દ પણ થાય છે, અર્થાત્ ઘરમાં જુવાન ઉમરમાં રહેલી પુત્રીઓ, પુત્રવધૂઓ, નાની ઉમરના બાળકેા અને બાળિકાઓ હેાય, તે સમયે ગંદા શબ્દેા, ગંદી ગાળેા ભાંડવી, જોર જોરથી બરાડા પાડવા તેને અપશબ્દ કહેવાય છે. પેાતાની જાતને સત્યવાદી માનીને બીજાઓને માટે ખરાબ અપમાનજનક શબ્દેા બેાલવામાં અસત્યનેા આશ્રય લીધા વિના ચાલે તેમ નથી. અહિંસા, સંયમ અને તપેાધર્મ ઉત્કૃષ્ટ ધર્મ હેાવાથી તેની વિરૂદ્ધ અપલાપ કરવેા, શાસ્ત્ર

વિરૂદ્ધ બોલવું, અથવા ધાર્મિક અનુષ્ઠાનોમાં જૈનત્વ વિરૂદ્ધ વ્યવહાર કરવો તે ઉત્સૂત્ર છે, જે નિકૃષ્ટતમ પાપ છે.

(૧૫) ઉત્કૂલ :—સંસારને સમુદ્રની અને મનુષ્યાવતારને કિનારાની ઉપમા દેવામાં આવી છે. તમામ શાસ્ત્રકારોએ પણ કહ્યું જ છે ' મોક્ષનું અને સાતમી નરકનું દ્વાર મનુષ્યાવતાર છે.' મહેસાણા જંકશનથી કલોલ, તારંગા, વિજાપુર, ભોયણી, હારિજ, દિલ્હી અને અમદાવાદ, આટલા સ્થાનોમાંથી જ્યાં જવું હોય ત્યાં જઈ શકાય છે. તેવી રીતે મનુષ્યને માટે પણ ચારે ગતિઓના દ્વાર ઉઘાડા જ છે. કયાં જવું છે? તેનો નિર્ણય કરનાર સમ્યગ્‌ધર્મી અને મિથ્યાધર્મી બે પ્રકારનાં માનવો છે, તેમાંથી પ્રથમ માનવ પોતાના ભાગ્ય ભરોસે મળેલા સાધનોમાં સંતોષ માનીને, નવા પાપોના દ્વાર બંધ કરશે અને જુના પાપોને સમ્યક્ ચારિત્રવડે ધોઈ નાખશે. જ્યારે બીજો માનવ તેનાથી વિપરીતરૂપે આચરણ કરશે અને પાપકર્મોનો ભારો બાંધવામાં મશગુલ બનશે. પૂર્વભવના પાપો માથા ઉપર હોય અને આ ભવમાં સદ્‌ગુરુઓનો સહવાસ કર્યો નથી તે કારણે જીવનના પ્રત્યેક ક્ષેત્રોમાં અસત્ય બોલવાનું પાપ જોરદાર બનીને માનવના બધાય સત્કર્મો, સન્માર્ગો તથા સદ્‌બુદ્ધિને પણ ભ્રષ્ટ કરી નાખે છે, તેથી સ્વચ્છંદ ભાષાના પ્રયોગવાળી ઉત્કૂલ ભાષા અસત્ય જ છે.

(૧૬) આર્ત (અહું)—શિકારી, વ્યભિચારી અને લોભાન્ધ માણસોનું જીવન, જાનવરોને, સ્ત્રીઓને અને ગ્રાહકોને

ગોતવામાં અને પોતાની માયાજાળમાં ફસાવવા માટે આર્ત-ધ્યાનમાં જ પૂર્ણ થાય છે. તેવી રીતે જૂઠ બોલવાની આદત-વાળી વ્યક્તિ પણ પોતાની ભૂલો, અપરાધો, પાપો અને ગુનાહિત કાર્યોને છુપાવવા માટે જૂદી જૂદી રીતે આર્ત-ધ્યાનના દાવપેચ રમતો રહેતો હોવાથી અસત્ય ભાષાનો પ્રયોગ કર્યા વિના ચાલતું નથી, અને મરણ સમયે પણ તેવી લેશ્યામાં મરણ પામે છે; માટે મૃષાવાદનો પર્યાય આર્ત શબ્દ છે.

(૧૭) અભ્યાખ્યાન–અસત્ દોષારોપણ :–પૈસો પૈસાને, પુણ્ય પુણ્યને તેવી રીતે પાપ પાપને વધારે છે. જીવનમાં પોષાયેલા પાપકર્મોને કડક હાથે સ્વાધીન કરવા જેટલી શક્તિને જે સાધકે કેળવી નથી, તેમનાં જીવનમાં ચારે બાજુથી પાપના દ્વારો ઉઘડેલા હોવાથી એક પાપ પછી બીજું અને બીજા પછી ત્રીજું યાવત્ અઢારમું પાપ રાહ જોઈને બેઠું છે. પરંતુ ભૂલવું ન જોઈએ કે, બધી જાતના કરેલા, કરાવેલા કે અનુમોદેલા મારા પાપો ઉઘાડા થવા ન પામે, કોઈ જોઈ ન જાય, કોઈ જોઈ ગયો હોય તો તેને કઈ રીતે ખતમ કે બોલતો બંધ કરી દેવો, ઇત્યાદિ માટે અસત્ય પાપનો આશ્રય લીધા વિના બીજો માર્ગ નથી. આ પાપ જીવનના અણુ અણુમાં વ્યાપ્ત હોય ત્યારે શત્રુને દબાવી દેવા માટે, સમાપ્ત કે શક્તિહીન કરવા માટે અભ્યાખ્યાન પાપને આમંત્રણ દીધા વિના છુટકો નથી. અભ્યાખ્યાન એટલે સામેવાળામાં દોષ ન હોય તો પણ બનાવટી દોષોની કલ્પના કરીને પણ તેમને સમાજમાં પ્રસારિત કરવામાં, તેઓ સારી રીતે ઉસ્તાદ હોય

છે. વિવેકાનન્દ સ્વામીજીને કોઇએ પૂછ્યું કે, તમારા ભારતમાં મોટો દોષ કયો ? જવાબમાં તેમણે કહ્યું, તે આ પ્રમાણે " સામેવાળાને માર ખવડાવવો હોય, પીછે હઠ કરાવવી હોય, અથવા તેમની બોલતી બંધ કરાવવી હોય તો, તેમાં વ્યભિચાર પાપની કલ્પના કરીને સમાજમાં પ્રસારિત કરી દેવો " એટલે તેમ થતાં તેનું પાણી ઉતરી જતાં વાર લાગવાની નથી; આ છે અભ્યાખ્યાન દોષની તાકાત. થોડા આગળ વધીએ, આ દોષના માલિકોના મસ્તિષ્ક પ્રવૃતિ વિનાના, કામ ધંધા વિનાના, સ્વાધ્યાયાદિ વિનાના અને પરોપકારાદિ વિનાના હોવાથી, બીજાના જીવનમાં કયા કયા દોષ છે ? તેમની પાસે કોણ કોણ આવે છે, તેઓ પોતે કોની પાસે ઉભા રહી વાતો કરી રહ્યાં છે, ઇત્યાદિ અસદ્‌ભૂત દોષોની કલ્પના કરવામાં જ તેમની જીન્દગી પૂર્ણ થાય છે.

(૧૮) કિલ્બિશ–પ્રાણાતિપાત હેતુત્વાત્ :–પાપી જીવન પોતાની લક્ષ્મણ રેખાનું ઉલ્લંઘન કરવા ન પામે, ત્યાંસુધી જીવાત્માને ખાસ વાંધો આવતો નથી. અન્યથા ખૂબ જ વધી ગયું કે વધારી દીધેલું અસત્યાચરણ માનવને તેવી કક્ષામાં મૂકી દે છે કે, જ્યાંથી પાછું વળવું લગભગ કષ્ટસાધ્ય જ હોય છે. આવી સ્થિતિમાં તેમની માનસિક, વાચિક, કાયિક અને આધ્યાત્મિક શક્તિઓ ઉપર કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, અને કાપોત લેશ્યાના પડછાયા પડ્યા વિના રહેવાના નથી. પરિણામે પ્રાણાતિપાત એટલે કે, પોતાની સામે પડેલાને જે રીતે થાય તે રીતે અધમુઓ, કે હાથ પગ ભાંગી નાખવા કે ગુંડાઓ

પાસે મરાવી દેવો કે મેથીપાક તેવી રીતે બવડાવવો, જેથી તે બાટલા ભેગો જ થઇ જાય, છેવટે યમરાજનો અતિથિ જ બનાવવામાં તેમનામાં દયા રહેતી નથી. આ કારણે જ દેવાધિદેવ ભગવંતે કહ્યું કે, અસત્યાચરણ સામેવાળાના પ્રાણોનો અતિપાત પણ કરાવી શક્વા સમર્થ હોવાથી કિલ્બિશ શબ્દમાં અસત્યનો પર્યાયકત્વ સાર્થક બને છે.

(૧૯) વલય કુટિલત્વાત્ :-સ્ત્રીના હાથમાં બંગડી ગોળ આકારની હોય છે, તેવી રીતે અસત્ય બોલવાની આદત જ્યારે વધી ગઈ હોય છે ત્યારે તે સાધારણ વાતને પણ ઘાલમેલના ચક્રાવે ચડાવશે, અને સંઘ તથા સમાજની કે સ્વામી ભાઈઓની હિતકારિણી, પવિત્ર, સાદી અને સીધી વાતને પણ ચૂંથી મારશે, બીજા દલાલો કે પક્ષાપક્ષી પાસે ચૂંથાવી દેશે. આજે સંઘની, સમાજની કે દેશની ભલાઇની વાતો સફળ બનવા પામતી નથી તે આ ભાગ્યશાળીઓને આભારી છે. બીજા માણસોનો તેજોદ્વેષી બનેલો માણસ પણ ગોળગોળ વાતો કરીને સંઘની બેઠકને બગાડ્યા વિના રહેતો નથી, કેમકે તેજોદ્વેષ, વ્યક્તિદ્વેષ મહાભયંકર પાપ છે; માટે જ તેવા માણસો કાતર જેવું જીવન જીવીને ઇતિહાસના પાને આવી શકતા નથી. માણસની કિંમત પૈસો, રૂપ, બોલવાની છટા કે વકતૃત્વકળા નથી પણ તેનો સ્વભાવ કેવો છે ? તેના પર તેની કિંમત થાય છે, વધે છે અને ઇતિહાસના પાને અમર બને છે. તેજોદ્વેષી માનવ પાસે સર્જનશક્તિ નથી હોતી પણ નાશક શક્તિના અભિશાપે તેમની જીભથી સીધા, સરળ, પવિત્ર

અને સૌનું ભલું કરે તેવા શબ્દો નીકળતા નથી. માટે જ અસત્ય શબ્દનો પર્યાય વલય શબ્દ સાર્થક છે. શબ્દો ભલે જુદા રહ્યાં પણ તેનું ફળ એક જ છે, 'સામેવાળાને કઈ રીતે શીશામાં ઉતારવો.'

(૨૦) ગહન–એક જમાનો હતો કે ભયંકરતમ જંગલમાં પ્રવેશ સરળ હતો, પણ તેમાંથી જીવિત પાર ઉતરવું ભલ-ભલાના છાતીના પાટીઆ બેસાડી દે તેવી વાત હતી. એટલે કે કોઈ વિરલો માણસ જ વનમાંથી કુશળક્ષેમ બહાર નીકળી શકતો હતો. તેવી જ રીતે અસત્યાચરણ, અસત્ય ભાષણ અને અસત્ય વ્યવહાર જ્યારે પણ માનવના જીવનમાં પ્રવેશ કરે છે, તે સમયે તેની અસર દેખાતી ન હોય તો પણ હડકાયા કૂતરાની જેમ તેની અસર જોર કરે છે અને જીવનનો અણુ-અણુ અસત્યમય બને છે, ત્યારે તેને અસત્યના ગહન વન-માંથી બહાર નીકળવું અતીવ કઠણ બને છે. આજે પણ હજારો માણસોને આપણે જોઈ રહ્યાં છીએ કે તેઓ કૂતરાઓને રોટલા નાખશે, કબૂતરોને ચણ આપશે, પણ અસત્ય જીવન, ખોટી સાક્ષી, બીજાઓની વાતોને ચગાવી ચગાવી જાહેર કરવાની આદત, પરપ્રપંચ અને નિરર્થક ગપ્પા મારવાનો શોખ આદિ પાપોમાંથી છુટકારો પામવો તેમના માટે બહુ મુશ્કેલ છે. આવો માણસ ધર્માદા ખાતાનો ટ્રસ્ટી બને કે કથિત ધર્મનો આગ્રહ રાખે તો પણ પોતાની આદતને છોડી શકવા માટે સમર્થ બની શકતો નથી. માટે જ અસત્યનો પર્યાય ગહન શબ્દ બનવા પામે છે.

(૨૧) મન્મનમ્–તોતડા, બોબડા માનવોના શબ્દો જેમ અસ્પષ્ટ હોય છે, તેમ અસત્યવાદીઓની ભાષા, વસ્તુની રજુઆત કયારેય પણ સ્પષ્ટ હોતી નથી. કેમકે અસત્ય નામના રાક્ષસે તેમને તેવી રીતે કન્ટ્રોલમાં કરી લીધા છે જેનાથી તેઓ સરળ ભાષા બોલવા જાય તો પણ બોલી શકતા નથી. ગુણીયલ માણસોની પ્રશંસા કરવા લલચાય તો પણ તેમ કરી શકતા નથી. મનુષ્યાવતાર મેળવીને કંઇક કરવાની ભાવના ખરી, પણ વિવાહની વરસી કરે તેવી તેમની ભાષા ગોળને ગોબર કરી નાખતા વાર લાગતી નથી. નાની ઉમરમાં જ તેમનું જીવન એટલી હદે અવળે માર્ગે ગયેલું છે જેથી ભણી-ગણીને હોંશીઆર થયા પછી પણ ભાષાના પ્રયોગમાં ગોથાં ખાધા વિના રહેતા નથી. આવા માણસો સત્ય તથા પ્રિય ભાષા બોલી શકતા નથી, સાથો સાથ સીધા અને સરળ પણ બની શકતા નથી. ફળ સ્વરૂપે ઘણાઓના શત્રુ બનવા સિવાય તેમના માટે બીજો માર્ગ નથી. આવા માણસોની ખાસ આદત હોય છે કે તેઓ પોતાના પ્રત્યેક પ્રસંગોને છુપાવવા માટે જ પ્રયત્ન કરતાં હોય છે. આ કારણે જ પોતાની માવડી કે ધર્મપત્ની પ્રત્યે પણ સ્પષ્ટ હોઈ શકતા નથી, તો બીજાઓને માટે વાત જ કયાં રહી? પોતાના જીવનની સાથે ઘણાઓના જીવનમાં કલેશ–કંકાસની આગ લગાડવા માટે કઈ વાત કોને કરવી? માવડીને કહેવાની વાત પત્નીને કહેવાથી શો ફાયદો? અને સ્ત્રીને કહેવાની વાત પોતાની માવડી કે બહેનને કરવા ગયા તો તેમાંથી ઉત્પન્ન થતાં અને વધતાં કલેશોને કઈ

રીતે શમાવશો ? બીજો કોણ શમાવી આપશે ? માટે જ અસત્ય અને મન્મનમ્ શબ્દો એક બીજાના પૂરક હોવાથી પર્યાય બને છે.

(૨૨) નૂમં છાદનં :–ડોળના ગમે તેવા સ્વચ્છ પાણીમાં તેલનું એક બુંદ જ પાણીને તેલવાળું કરવા સમર્થ હોય છે. તેવી રીતે પૂર્વના પુણ્યોદયે મળેલા મનુષ્યાવતારમાં, ભૂલે ચૂકે કે મશ્કરીમાં પણ એકાદ પાપનો પ્રવેશ થઈ ગયા પછી તેનો નિયતિ કરવો બચ્ચાઓનો ખેલ નથી. કેમકે મોહમિથ્યાત્વના કારણે પૌદ્ગલિક પદાર્થોમાં અનાદિ કાળથી ડૂબેલા આત્માને પૌદ્ગલિક પાપો તરફ આકર્ષણ થયેલું છે. તેથી નિમિત્ત મળતાં પાપો પ્રત્યે ખેંચાયેલો જીવાત્મા પાપનો સંગ્રહ કરે છે. તેમાં જેમ જેમ વૃદ્ધિ થતી જાય છે, તેમ તેમ તેની ભાવના, વૃત્તિઓ અને પ્રવૃત્તિઓથી બીજા ગુણિયલ માણસોના ગુણોને કઈ રીતે દબાવવા અને તેવા માણસોની ધર્મવૃત્તિને કેવી રીતે સમાપ્ત કરવી અને કરાવવી તેના કાવાદાવામાં જીવન પૂર્ણ થાય છે. ત્યાર પછી તો તેની આદતો જ તેવી પડી જાય છે કે, તમે જેમની પ્રશંસા કરશો, આ ભાઈ તમને ઓલતો બંધ કરીને કહેશે, જોયા-જોયા ! તમારાથી પ્રશંસિત ભાઇને તો હું કયારનોય ઓળખું છું. આટલું કહીને જ અટકી જતાં નથી, પણ તેમની તેમની સરસ્વતી આગળ ચાલશે અને સિદ્ધ કરી દેશે કે, આ ભાઇ જેવો વ્યભિચારી, બદમાશ, ધર્મઢોંગી બીજો કોઇ નથી. આ કારણે જ દેવાધિદેવે કહ્યું, આવી આદતવાળા માનવોના લોહીની બૂંદ બૂંદ અસત્ય પાપથી ઓતપ્રોત હોય છે.

(૨૩) નિકૃતિ :–માયા છાદનાર્થ વચનં–વિપ્રલંભનં વા દેવદુર્લભ માનવાવતારમાં દેવ ગુરુ ધર્મની, દર્શન–જ્ઞાન–ચારિત્રની, ન્યાય–નીતિ પ્રમાણિકતાની અને આચાર-વિચાર તથા ઉચ્ચારના શુદ્ધિકરણની તાલીમ લેવી જોઇતી હતી, તેના સ્થાને પાપ પ્રપંચની, મિથ્યાત્વની, કુડ–કપટની, કોર્ટ–કચેરીની, ખોટા તોલ માપની, દેવ ગુરુ ધર્મની, ઠગાઈની તાલીમ દ્વારા જીવનના છેલ્લા ચરણે આવેલો માનવ પાપોનો પ્રાયશ્ચિત કરવા સમર્થ ન બન્યો પરન્તુ પોતાના માયા પ્રપંચાદિને છુપાવવા મરણ પથારિયે પણ પ્રયત્ન કરે છે. જે જીવનની, ખાનદાનીની, ભણુતર–ગણુતરની કરૂણતા છે. પોતાના ગુણોની શેખી મારવી, તે પણ આત્મોન્નતિમાં બાધક બને છે, તો પછી કરેલા–કરાવેલા અને અનુમોદેલા પાપોને તથા દુષ્કૃત્યોને, ધર્મમાં ખપાવવાનો પ્રયત્ન કરવો આનાથી બીજું મોટું પાપ કયું ? માટે અસત્ય વચન અને વ્યવહારવાળાના જીવનમાં સમ્યગ્-જ્ઞાનનો પ્રકાશ ન હોવાથી, માયાન્ધકારમાં રચ્યો પચ્યો તે પાપનો ભારો લઇ દુર્ગતિ તરફ પ્રસ્થાન કરે છે.

(૨૪) અપ્રત્યય :–આજીવન અસત્ય વ્યવહારમાંથી જેઓ બહાર આવી શકતા નથી, તેમનું જીવનપટ કાળુ થઇ ગયેલું હોવાથી, તેઓ ગમે તેવા સોગન ખાઇને વાતો કરે તો પણ તેમના બોલવા પ્રત્યે કોઇનેય વિશ્વાસ આવતો નથી. ઘરની પત્ની પણ તેમના બોલવા પર વિશ્વાસ રાખી શકતી નથી, તો દુનિયાય મૂર્ખ નથી કે તેમના ઉપર કોઇ વિશ્વાસુ બની જાય. આ કારણે જ અસત્ય અને અવિશ્વાસને ભાઇબંધી છે.

(૨૫) અસમ્મતઃ—ન્યાયજ્ઞૈરનાચરિતઃ

સદ્બુદ્ધિ અને સદ્વિવેકપૂર્વક જે ભાગ્યશાળી ન્યાયી, પ્રમાણિક તથા ધર્મ અને અધર્મ ના ભેદોને જાણી લીધા છે તેવા મહા મુનિઓએ અસત્ય ભાષા અને અસત્ય વ્યવહાર તથા વ્યાપારને ડંકાની ચોટ સાથે નિંદનીય તરીકે જાહેર કર્યો છે. એટલે કે સ્વપ્નમાં પણ તથા શત્રુઓ સાથે કામ પતાવવું હોય તો પણ અસત્યતાનો આશ્રય કોઈ કાળે પણ લેવો ન જોઇએ, કેમકે આનાથી પ્રામાણિકોની પ્રામાણિકતાને ધક્કો લાગ્યા વિના રહેતો નથી, ન્યાયવંતોના ન્યાયમાં શંકા જન્મે છે, બુદ્ધિશાળીઓની બુદ્ધિમાં દુર્બુદ્ધિનો આભાસ થાય છે, ધાર્મિકોની ધાર્મિકતામાં અપયશની પ્રાપ્તિ, પુણ્યશાળીઓના પુણ્યકર્મોમાં દાંભિકતાનો પ્રવેશ થાય છે અને સત્કર્મીઓના સત્કર્મો યશસ્વી નથી બનતાં, તથા દાનેશ્વરીઓના દાનમાં પણ સ્વાર્થાન્ધતા અનુમાનિત થાય છે, ઇત્યાદિ કારણોને લઈ અસત્ય ભાષણને મુનિઓએ નિન્દિત કહ્યું છે.

(૨૬) અસત્યસન્ધત્વમ્ :—બોલાતી ભાષામાં અસત્યનું મિશ્રણ હોય, સત્યની આડમાં મૃષાવાદ છુપાયેલો હોય, સંધા એટલે લીધેલી પ્રતિજ્ઞાઓને પાળવાની દાનત ન હોય, ભાવ પણ ન હોય, પરંતુ અમુક કારણોસર સમાજમાં મિથ્યા પ્રતિષ્ઠાને સ્થાપિત કરવાના આશયે પણ ૫-૨૫ કે ૫૦૦ માણસોની વચ્ચે પ્રતિજ્ઞાઓ લેવી તેમાં પણ આન્તર જીવનમાં રહેલું અસત્યત્વ જ કામ કરી રહ્યું હોય છે. શતપ્રતિશત જાણતાં હોઇએ કે અમુક ભાઇનો વ્યાપાર, વ્યવહાર, જૈનત્વને

કે ગૃહસ્થાશ્રમની મર્યાદાને સર્વથા પ્રતિકૂળ છે, તો પણ તેમના ૫-૨૫ હજાર કે લાખ બે લાખના દાનના પ્રસંગે સંઘમાં તેમનું બહુમાન કરવું, માનપત્ર દેવું, તેમની ભાટ ચારણાઈ કરવી ઇત્યાદિના મૂળમાં પણ અસત્યની ઓલબોલા અસ્પષ્ટરૂપે પણ પોતાનું કામ કરી રહી છે. ધૂળધાણી થયેલી પ્રતિષ્ઠાને પુનઃ સ્થાપીત કરવાના આશયે જે પાળી ન શકાય, કોઇ પાળી ન શકે તેવા પદકો કે આજ્ઞાપત્રો બહાર પાડવા, સામયિકોમાં પ્રકાશિત કરાવવાનું નાટક કોઈ કરતું હોય તેમાં પણ પ્રચ્છન્નરૂપે અસત્ય દાનવનો જ ચમત્કાર રહેલો છે. સારાંશ એટલો જ છે કે મોહરાજાની નાટક લીલાને એટલે કે મોહરાજ આપણા જીવનમાં કઈ રીતે કયાંથી પ્રવેશ કરીને સાધકતાને ભ્રષ્ટ કરશે, તેની માહિતી સારા સારા સાધકને પણ થવામાં વાર લાગે છે. તો પછી મોહરાજાનો લાડકવાયો પુત્ર અસત્ય (મૃષાવાદ) પણ પોતાના પિતાની જેમ સાધકોના આન્તર જીવનને બગાડવા માટે શી રીતે પીછેહઠ કરશે? આવી પરિસ્થિતિ પ્રાપ્ત થાય તે પ્રથમ પોતાની સાધના દ્વારા સાધકત્વને ચમકાવવા માટે નિર્ણય કરવો જોઇતો હતો કે તીર્થંકર પરમાત્માઓએ ફરમાવેલા વ્રતોનો ઉપાસક બનું કે મિથ્યા પ્રતિષ્ઠા નામની રાક્ષસીનો ઉપાસક બનું? આ બંનેમાંથી મારે કોના પક્ષે જવું? આવા નિર્ણયમાં ભૂલ આવેલી હોવાથી સાધકની સાધકતા કપાળ પર તેજ લાવી શકી નથી, વચનસિદ્ધિ પ્રાપ્ત કરાવી શકી નથી, તેજોલેશ્યામાં વૃદ્ધિ કરાવી શકી નથી અને જીવનવ્યવહારમાં પરોપકારિતા, ભાવ-

દયાળુતા આદિ સદ્‌ગુણો આરાધિત થઈ શકયાં નથી. આ કારણે અસત્ય સંધાનની અસત્ય પાપ સાથે ભાઈબંધી અસત્યનો પર્યાય બનવા પામે છે.

(૨૭) વિપક્ષ :–આશ્રવ અને સંવરનું ઉંડાણથી જ્ઞાન કરાવ્યા પછી, આશ્રવનો માર્ગ છોડાવવામાં પૂર્ણ સમર્થ જૈની વાણી કહે છે કે " सच्चं खलु भयवं " સત્યભાષાથી અતિરિક્ત બીજો કોઈ ભગવાન નથી. જેના જીવનમાં સત્યત્વ છે, તે ચોક્કસ ભગવાનનો ભક્ત છે. માનવ માત્ર સત્યવાદી બનવા માટે પ્રયત્નો જરૂર કરે છે, પણ તે માટે મોટામાં મોટો પ્રયત્ન અસત્યનો ત્યાગ જ છે. કેમકે સત્ય અને અસત્યની વચ્ચે બારમો ચંદ્રમા રહેલો છે, તથા ક્રોધ, લોભ, માન, માયા, હાસ્ય અને ભય જ્યાં સુધી જીવનમાં છે ત્યાં સુધી સત્યવાદિતા પ્રાપ્ત થતી નથી.

(૨૮) ઔપધિક–કપટગૃહ :–અસત્ય વદનારો માયામય જ હોવાથી 'જીભે તો જી જી કરે જી.... ' પોતાને ગરજ હોય તો સૌના પગે પડે, દાઢીમાં હાથ નાખે, પરંતુ તેના હૃદયમાં માયાની છુરી હોવાથી ગરજ પત્યા પછી પાકો શત્રુ બનતા વાર લાગતી નથી. કેવળ જીભ જ તેની સાકરના ગાંગડા જેવી હોય છે. પણ 'મુખ મેં રામ ઔર બગલ મેં છુરી; ધોખેબાજ કી યહ નિશાની.... ' જેવા ઘાટ ઘડેલા હોવાથી પોતાનો દાવ આવતાં સામેવાળાનું ગળું કાપતાં પણ વાર કરે તેમ નથી.

(૨૯) ઉપધિઅશુદ્ધં :—ઉપધિનો અર્થ સાવદ્ય છે. પાપવાળા કાર્યો, પાપ ભરેલા મન, કાતર જેવી જીભ જેની હોય છે, માટે સાવદ્ય–પાપોથી તેમનું હૈયું અશુદ્ધ હોવાથી તેઓ સત્યવાદી શી રીતે બનવા પામશે? આ કારણે જ આવા માણસો અસત્યમય હોય છે.

(૩૦) અપલોપ :—સૌની સમક્ષ પાપો કરી રહ્યો છે, તો પણ સફાઈ મારતાં કહેશે કે–'હું આમાં કંઈ પણ જાણતો જ નથી, પરસ્ત્રી પાસે જતો જ નથી, ખોટી સાક્ષી આપતો નથી, પર ધન પત્થર જેવું માનું છું'. ઇત્યાદિ સફેદ જૂઠ બોલવામાં આ ભાઇ પાકો હુશિઆર હોય છે. માટે અપલાપ, અસત્યનો પર્યાય બને છે. ઉપર પ્રમાણે તીસ પર્યાયો અને તેના જેવા બીજાઓ પણ અસત્ય વચન જ છે.

અસત્ય ભાષા બોલનારા કોણ? અને શા કારણે?:—જૂઠ બોલનારા કોણ કોણ? અને કેવા સ્વભાવના, કયા માણસો, કેવા પ્રકારના વ્યાપાર–વ્યવસાય કરનારાઓ જૂઠ બોલે છે, અને કયા પ્રયોજનને લઈ જૂઠ બોલે છે, તથા અજ્ઞાનમાં અંધ બનીને ધર્મ–લોક તથા તત્ત્વના વિષયોમાં કેવા કેવા તર્કો દ્વારા જૂઠ બોલે છે, તેનું વિશદ વિવરણ આ પ્રકરણમાં આપવામાં આવ્યું છે.

મનુષ્યાવતાર પામીને પણ પુણ્યકર્મોને જાણી-સમજી અને આચરી શકયાં નથી, તેમનાં ભાગ્યમાં ખાવા, પીવા, ઊડવા, બેસવા અને બોલવા ચાલવા આદિની પ્રત્યેક ક્રિયાઓમાં

અજ્ઞાન, મિથ્યાત્વ, મોહ માયા હોવાથી અને અજ્ઞાન એ જ મોટામાં મોટું પાપ હોવાથી, તેવા પાપી આત્માઓ કે પાપ-રસિક આત્માઓ, વાતે વાતે મૃષાવાદનો આશ્રય લે છે.

જ્યારે અજ્ઞાનને પાપ સમજી તથા તેમના દ્વારા બંધ કરી દેવાના આશયથી જેઓ મહાવ્રતધારી, ધીરજવંત, ભિક્ષા માત્રથી નિર્વાહ કરનાર વૈકારિક, વૈભાવિક અને પૌદ્ગલિક ભાવોનો સમ્યગ્જ્ઞાનપૂર્વક ત્યાગ કરી, સમભાવમાં સ્થિત થયેલા, તથા પરજીવોને હિંસા-અહિંસા, જૂઠ-સત્ય, ચૌર્યકર્મ અને તેનો ત્યાગ, મૈથુન-બ્રહ્મ, પરિગ્રહ-સંતોષના હાનિલાભ બતાવીને ધર્મનો ઉપદેશ કરનારા મુનિરાજો, તથા સર્વથા પાપનો ત્યાગ નહીં કરી શકનારા, પરન્તુ પાપ, પાપ જ છે, તેમ સમજી તેના ત્યાગની ભાવનાવાળા અને નિરર્થક પાપોને છોડી, દેશવિરતિ ધર્મને સ્વીકારનારા એવા મુનિરાજોને કે શ્રાવકોને અસત્ય બોલવાની આવશ્યકતા રહેતી નથી; માટે તેઓ અસત્યવાદી નથી, તેનાથી અતિરિક્ત જેઓ જૂઠ બોલનારા છે તેમની નામાવળી આગમાનુસાર નીચે પ્રમાણે છે.

અસત્ય બોલવાના પ્રકારો :—

(૧) મન અને ઇંન્દ્રિયોના ગુલામો અસંયત હોવાથી, અસત્ય બોલે છે.

(૨) પાપમાર્ગોથી નિવૃત્ત થયેલા ન હોય તેવા અવિરત માનવોને વાતે વાતે અને મશ્કરીમાં પણ અસત્ય બોલવાનું ફાવી ગયું છે.

(૩) સીમાતીત માયા, પ્રપંચ અને કપટના સેવનથી જેમનાં મન અને આત્મા વક્ર, કડવા તથા તૃષ્ણાતુર થઈ ચંચલ બનેલા છે, તેમને અસત્ય ભાષણ અને જીવન પચી ગયું હોવાથી, તેઓ અવસર આવ્યે લાખોના દાન કરશે, કસાઇખાનાથી ૨-૩ પશુઓને છોડાવી શકશે, પરન્તુ નરક-ગતિને અપાવનાર અસત્યનો ત્યાગ કરી શકતા નથી.

(૪) ક્રોધી, લોભી, ભયગ્રસ્ત અને મજાક-મશ્કરીની આદતવાળાઓ પણ કયારે અસત્ય બોલશે, તેની ખબર તેમને પણ પડતી નથી.

(૫) કોર્ટ કચેરીમાં જઇને બીજાઓને માટે ખોટી સાક્ષી આપનારા, અથવા પોતાના કેસમાં પણ બીજાઓ પાસે ખોટી સાક્ષી અપાવનારાઓ જૂઠ બોલનારા હોય છે.

(૬) બીજાઓના પાપોની, ભૂલોની ખબર રાખનારા અથવા બીજાઓ પાસે રખાવનારા તથા વાતે વાતે યુદ્ધ, દંત-કલેશ, લડાઈ ઝઘડા કરનારાઓ જૂઠ બોલવામાં હોંશિયાર હોય છે.

(૭) રાજાઓનું, રાજ્યનું, ખજાનાનું, કે રાજ્યટેકસ વસુલ કરી તે રકમ પોતાની પાસે રાખનારા બંડ રક્ષકો જૂઠ બોલે છે.

(૮) જુગારમાં હારી ગયેલા જુગારીઓ પણ કહે છે કે-"હજી મારી પાસે ઘણું ધન છે, તેથી આવતી કાલે આપણે ફરીથી રમવાનું રાખીશું." માટે તેમને પણ જૂઠ બોલવાનું કોડે પડ્યું છે.

(૯) બીજાઓના આભૂષણો, તાંબા–પીત્તળના વાસણો આદિને રાખી, વ્યાજે નાણા ધીરનાર પણ અસત્ય બોલ્યા વિના રહેતો નથી.

(૧૦) જૂઠી માયામાં મસ્તાન બનીને, બીજાઓની ખોટી વાતો કરનારા તથા રાડ પાડીને બોલનારાઓ પણ અસત્યવાદી છે.

(૧૧) સ્વર્ગના સુખોનું, નરકના દુઃખોનું વર્ણન કરીને, ધર્મના નામે ધોખાબાજી કરી, બીજાઓ પાસેથી દ્રવ્ય પડાવનારા ધંધાદારી કુલિંગિઓ પણ અસત્ય ભાષણ કરનારા છે.

(૧૨) માયાચારપૂર્વક. જેમકે–" મને સુવર્ણ બનાવતાં આવડે છે, તમારા દસ દસ રૂપીઆની નોટોને હું સો સોની બનાવી શકું છું.' આવી રીતે માયાજાળમાં બીજાઓને ફસાવીને ધન લુંટનારા અસત્યસેવી છે.

(૧૩) ખોટા માપ, ખોટા તોલા અને ત્રાજવા, લેવાની પાંચશેરી જુદી અને દેવાની જુદી. આવી રીતના ધંધા કરનારા યદ્યપિ બહારથી જૂઠા દેખાતા નથી, તો પણ મનના મેલા અને લોભી હોવાના કારણે પ્રપંચ દ્વારા ધન કમાનારાઓને જૂઠ બોલ્યા વિના ચાલતું નથી.

(૧૪) કરિયાણાના, કપડાના, સોના ચાંદીના કે બીજા પ્રકારના વ્યાપાર કરનારા, સેળભેળ કરનારા, સારો નમુનો બતાવીને નકલી માલ દેનારા, અથવા નકલી માલ બનાવનારા

ધોગપતિઓ અસત્ય સેવી છે. તે ઉપરાંત વણકર, સોની, કારીગર, ઠગ, ગુપ્તચર, ખુશામતીયા, કોટવાળ, સેવક, ચાડીઆ, વિચાર્યા વિના બોલનારા, પોતાને તુચ્છ માનનારા કે ઉંચા માનનારા, ઋદ્ધિ આદિથી ગર્વિષ્ઠ બનેલા, અસત્યનો ઉપદેશ કરનારા, આપબડાઈ કરનારા, ઇન્દ્રિયોને વશમાં નહીં રાખનારા, પ્રતિજ્ઞાભ્રષ્ટ એટલે કે સમયની મર્યાદા નહીં રાખનારા, યદ્વાતદ્વા બોલનારા ઇત્યાદિ માનવો જૂઠ બોલનારા હોય છે. આમાંથી કેટલાક આદત પડેલી હોવાથી, વ્યાપારના કારણે, પાપકર્મોના ભારે હોવાથી, પેટ ભરવાના કારણે, કેટલાક પેટ ભરાયા પછી લોભવશ બનીને, વિષયવાસનાથી, મોહથી, યુવાનીના મદથી જૂઠ બોલનારા હોય છે. કેટલાક વ્યવહારમાં સત્યવાદી દેખાય છે, પણ અંતરના મેલા હૈયાના, મેલા મનના હોવાથી તેમની ભાષા છળ–પ્રપંચવાળી હોય છે, સામેવાળો ન સમજે તેવી માયા મૃષાવાદવાળી, પોલીટિકસ વાળી. હોય છે. જ્યારે કેટલાક ધર્મગ્રંથોના દાખલા–દલીલોમાં લોકોને ફસાવનારી ભાષા બોલનારા હોય છે. કેટલાક ધર્મના નામે, ટીલાટપકાના નામે, વેષમર્યાદાના નામે, ક્રિયા-કાંડોના નામે પણ જૂઠ બોલનારા હોય છે.

ખોટા તર્કો દ્વારા દર્શનશાસ્ત્રીઓ જૂઠ કેવી રીતે બોલે છે?

મિથ્યાત્વ મોહનીય કર્મની અસર જ્યારે જોરદાર સતાવતી હોય છે, ત્યારે માનવને પોતાની જાતનો નિર્ણય કરવા જેટલી ક્ષમતા પણ હોતી નથી. તો પછી સર્વથા પરોક્ષ આત્મા,

પરમાત્મા, લોક, અલોકની વ્યવસ્થા, ઉપાર્જિત કર્મોના કારણે અનુભવાતાં સુખ દુઃખો, જીવોને ગત્યન્તર કરવાનું કારણ શું ? ઇત્યાદિ પ્રત્યક્ષ અનુભવાતાં તત્ત્વોનો નિર્ણય કરવામાં તેઓ પગલે પગલે ભૂલ ખાય તે મનાય તેવી વાત છે. જ્યાં સુધી માનવ છદ્મસ્થ છે, પેટભરો છે, લાડી-વાડી અને ગાડીનો માલિક છે. આવી વ્યક્તિ ચાહે તો રાખ ચોળનારી હોય, ધુણી ધખતી હોય, જટા રાખતી હોય, રૂદ્રાક્ષ ફેરવતી હોય, ઈશ્વરના નામે ભાંગ, ગાંજો, ચરસ, અફીણ કે ચલમ પીતી હોય, સંસ્કૃત કે વેદભાષાના વ્યાકરણને કંઠસ્થ કરનારી હોય, કાવ્યોને બનાવી શકતી હોય, તો પણ તેમાં અધુરાપણું હોવાથી સંસારમાં રહેલા પરોક્ષ તત્ત્વોને કોઈ કાળે પણ સારી રીતે કે સત્ય રીતે ન જાણી શકે તે માની શકાય તેવી વાત છે.

પરમાત્મ તત્ત્વને પ્રાપ્ત કરવા માટે સમ્યગ્જ્ઞાનની સૌથી પહેલાં આવશ્યકતા છે, ત્યાર પછી સમ્યગ્દર્શન દ્વારા તે તત્ત્વોને આત્મ સાક્ષાત્કાર કરીને જીવ-અજીવ-આશ્રવ-સંવર-બંધ-નિર્જરા અને મોક્ષ તત્ત્વોનું યાથાર્થ્ય સ્વીકારે છે અને ત્યાર પછી સાક્ષાત્કાર કરેલા તત્ત્વોને પોતાના જીવનમાં સમ્યક્ રીત્યા આચરિત કરે છે, જેથી આશ્રવ તત્ત્વનો ત્યાગ અને સંવરની આરાધનાના માધ્યમથી ભૂતપૂર્વ કર્મોની નિર્જરા થયા પછી સંપૂર્ણ આવરણ રહિત કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતાં પૂર્ણ સંસાર, જીવોની ગતિ-આગતિ, તેના કર્મો આદિને સારી રીતે જોઈ જાણી લીધા પછી સંસારના જીવોને ઉપદેશ કરે છે. માટે જ છદ્મસ્થ અને કેવળીની પ્રરૂપણામાં આકાશ

અને પાતાળનું અંતર હોય છે. યથાર્થવાદી કેવળીની પ્રરૂપિત ભાષામાં કોઇને પણ શંકા રહેતી નથી. તેમનો સ્યાદ્વાદ સિદ્ધાંત જ અકાટ્ય હોવાથી ચાર્વાક દર્શનથી ક્રમશઃ આગળ વધતાં તેમની અસત્યતા પણ સાફ સાફ દેખાઇ આવે છે.

માનવના મુખ દ્વારા જે શબ્દો નીકળે છે, તેટલા જ દર્શનો, ધર્મો, તત્ત્વો અને ક્રિયાકાંડોના નામે મતમતાન્તર થાય છે તે સંસારનો અવિચલ કાયદો છે.

જીવોના મોહકર્મો એક સમાન ન હોવાથી કોઇને મિથ્યાત્વ મોહ શત-પ્રતિશત હોય છે, જ્યારે બીજાઓને એક એક પૈસા જેટલું ઓછું હોવાથી કોઇકને મિથ્યાત્વનો સર્વથા નાશ કે ઉપશમ થાય છે અને સમ્યગ્દર્શનની પ્રાદુર્ભૂતિ થતાં, તેનો જીવનવિકાસ (સમ્યક્ચારિત્ર) વધતાં વધતાં કેવળજ્ઞાનની હદ સુધી પણ લઈ જાય છે.

મોહનીય કર્મનાં, દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય નામે બે ભેદ છે, તેમાં બીજા કરતાં પહેલો અજબગજબની તાકાતવાળો હોવાથી, તેના માલિકને પોતાનો જ ખ્યાલ ન હોવાથી લોક પરલોકનો પણ નિષેધ કરે તે સ્વાભાવિક છે. તે બધાય દર્શનોને સંક્ષેપથી પ્રસ્તુત આગમ પ્રમાણે જ જાણી લઇએ.

શૂન્યવાદી દર્શનનો મૂળ સિદ્ધાન્ત કયો ?

सुण्णंति :—આ દર્શનના ભાગ્યશાળીઓનું કહેવું છે કે, ઉંચી દૃષ્ટિ કરીએ ત્યારે આકાશ દેખાય છે, અને સૌ કોઈ

તેને આકાશ કહે છે. પણ વસ્તુતઃ જે પદાર્થનો કોઈ આકાર નિયત નથી, પ્રમાણિત નથી, તેની વિદ્યમાનતા હોઇ શકે નહીં. આકાશ પણ આકાર વિનાનો હોવાથી શૂન્ય છે. તેવી રીતે જેને તમે સંસાર કહો છો, તેના આકારને કોઈ પણ બતાવી દેવા માટે સમર્થ ન હોવાથી વસ્તુતઃ તે શૂન્ય જ છે, અને જે શૂન્ય હોય તેના માટે તર્કો કરવા પણ બેકાર છે. ' જગતો નાસ્તિત્વં વદિતું શીલં યસ્ય સો નાસ્તિકવાદી ' આવી રીતની માન્યતા શૂન્યવાદીની છે.

શૂન્યવાદનો પ્રતિકાર :—

ઉપર પ્રમાણેના શૂન્યવાદીનો પ્રતિકાર કરતાં કહેવાયું છે કે, સંસાર શૂન્ય નથી, પરન્તુ આબાળગોપાળ સૌની સગી આંખે સાફ સાફ દેખાઈ રહ્યું છે. તેમાં રહેલા અનંતાનંત જીવાત્માઓ તથા શૂન્યવાદીઓનો આત્મા પણ સુખ–દુઃખ, સંયોગ–વિયોગ આદિ દ્વન્દ્વોનો જે અનુભવ કરી રહ્યો છે, તેમ ચાર પગા, આકાશમાં ઉડનારા પશુ પક્ષીઓ, કીડાઓ પણ દુઃખનો પ્રત્યક્ષ કરી રહ્યાં છે, તેમ પ્રતિક્ષણે આપણો આત્મા, કબૂલ કરી રહ્યો છે કે, આ પૃથ્વી છે, તેના પર મોટા મોટા ઝાડો છે, તેના ફળો છે. જેને આપણે ખાઈ રહ્યાં છીએ અને તૃપ્તિનો ઓડકાર લઇએ છીએ આ નદીઓ એક કાળે પાણી વિનાની હતી, આજે ઘોડાપુર દોડી રહી છે. આ શહેરો ગામડાઓ જેમાં જૂદા જૂદા માનવો પોતપોતાના કરેલા પુણ્ય પાપોને ભોગવતાં, રીબાતાં, ભૂખે મરતાં, માલમસાલા

ખાતાં, નગ્ન ફરતાં અમૂલ્ય વસ્ત્રો અને આભૂષણોને પહેરતાં, અને તે દ્વારા સુખ દુઃખને ભોગવતાં પ્રત્યક્ષ છે, તો જેનું અસ્તિત્વ સૌને પ્રત્યક્ષ હોય તેને શૂન્ય કહેવું તે સરાસર મૃષાભાષા છે.

नत्थिगवाइणो वामलोगाई भणंति 'नत्थि जीवो'

નાસ્તિકવાદી અને વામવાદીઓનું મન્તવ્ય છે કે– "જીવ નથી"

આંખેથી જે વસ્તુ દેખાય છે છતાં તે નથી. આમ માનનારા નાસ્તિકવાદી છે અને વિદ્યમાન પદાર્થોને અસત્ રૂપે માનનારા વામવાદી છે. તેઓનું માનવું છે કે-જે સુખ દુઃખનો ભોક્તા હોય, તેવો જીવ નામનો પદાર્થ સંસારમાં નથી. યદિ હોય તો આંખે દેખાતો કેમ નથી? માટે તેની વિદ્યમાનતામાં વિશ્વાસ રાખવો ઠીક નથી સ્પર્શેન્દ્રિય દ્વારા પણ જીવનો કોઇને સ્પર્શ થયો હોય તેમ સાક્ષી દેવા માટે પણ કોઈ તૈયાર નથી. ઘ્રાણેન્દ્રિય (નાક) દ્વારા તેની ગંધ કોઇએ જાણી નથી. રસનેન્દ્રિય (જીભ) દ્વારા નારંગી, મોસંબીના સ્વાદની જેમ જીવનો સ્વાદ કેવો? તે કોઇએ અનુભવ કર્યો નથી. આંખથી શરીરમાં આવતો અને શરીરથી જતો જીવ કોઇને જોવામાં આવ્યો નથી. તેમ કર્ણેન્દ્રિયથી જીવ કઈ ભાષા બોલે છે? તેને કોઇએ સાંભળી નથી. ઇત્યાદિ કારણે પાંચે ઇન્દ્રિયોને જે પ્રત્યક્ષ થઈ શકયો નથી, થઈ શકતો નથી તેમ કરોડો પ્રયત્ન કર્યે પણ પ્રત્યક્ષ થવાનો નથી, તેના

અસ્તિત્વને માનવાનો કોઈ અર્થ નથી. માટે જે પ્રત્યક્ષ નથી તે સાધ્ય બની શકે નહિ. તેમ છતાં તેનામાં સાધ્યની કલ્પના કરશો તો સાધનના અભાવમાં સાધ્યની સિદ્ધિ કરવાની શક્તિ કયાંથી લાવશો ? સાધ્ય અને સાધનની વ્યાપ્તિના ગ્રહણ વિના અનુમાનથી આત્માને સિદ્ધ કરવો અસંભવિત છે. નાની ઉંમરમાં ઘણીવાર જોયું છે કે, જ્યારે જ્યારે રસોડામાં (ચૂલામાં કે ભઠ્ઠીમાં) લાકડા અને અગ્નિનો સંયોગ થાય છે, ત્યારે પહેલાં ધૂમાડો નીકળે છે અને ત્યાર પછી અગ્નિ પ્રજ્વલિત થાય છે. આથી બાળકના મનમાં એક નિર્ણય થાય છે કે "જ્યાં જ્યાં ધૂમ છે, ત્યાં ત્યાં અગ્નિ છે" આવી રીતના વાણીના પ્રયોગને વ્યાપ્તિ કહેવાય છે, અર્થાત સાધ્ય અને સાધનનો અવિનાભાવ સંબંધ તે વ્યાપ્તિ છે. કોઇક સમયે સગડીમાં પણ અગ્નિ દેખાય છે પણ ધૂમાડો દેખાતો નથી. માટે તે બાળક પોતાની મેળે નિર્ણય કરી લે છે કે, જ્યાં ધૂમાડો ત્યાં અગ્નિ હોય તે માનવા લાયક છે, પણ જ્યાં અગ્નિ હોય ત્યાં ધૂમાડો હોય છે અને નથી પણ હોતો. આ નિર્ણય થયા પછી જ કોઇક સમયે જંગલમાંથી પસાર થતાં કોઇક સ્થળે ધૂમાડો દેખાયો અને બાળક પોતાની મેળે જ બોલે છે કે–ત્યાં અગ્નિ જરૂરથી હોવો જોઇએ. આવી સમજુતિને અનુમાન કહેવામાં આવે છે. પણ તમારા આત્માને સિદ્ધ કરવામાં એકેય અનુમાન કામમાં આવી શકે તેમ નથી, કેમકે તેના માટે એકેય સાધન નથી. માટે વ્યાપ્તિ પણ નથી. આ કારણે પ્રત્યક્ષ અને અનુમાનથી આત્માની સિદ્ધિ થઈ શકે તેમ નથી.

ઉપમાન પ્રમાણ પણ આત્માને સિદ્ધ કરવા સમર્થ નથી, કારણ કે તેના જેવો બીજો કોઇ પદાર્થ હોય તો જ તેની ઉપમા દઇ શકાય, જેમકે :–'ગાય જેવું હોય તે રોઝ કહેવાય' આમાં ગાય અને રોઝ બંનેની વિદ્યમાનતા સૌ કોઇને પ્રત્યક્ષ છે, જ્યારે આત્મા જેવો બીજો એકેય પદાર્થ નથી. માટે ઉપમેય નથી તેમ ઉપમન પણ નથી.

આગમ પ્રમાણમાં એક વાક્યતા ન હોવાથી તે દ્વારા આત્માને માનવો તે સોગન ખાઇને કે બબડાવીને વાત મનાવા જેવી છે. ઉપરના બધાય પ્રમાણો જ્યાં કિંચિંત્કર બનતા નથી. માટે :–

'ન જાઇ ઇહ પરેવા લોએ' પરલોકથી જીવ મનુષ્ય-યોનિમાં આવે અને મનુષ્ય મરીને પાછો પરલોકમાં જાય, તે ઠંડા પાણીના ગપ્પા મારવા જેવી વાત છે; કેમકે આત્મા જ્યારે છે જ નહિ, પછી પરલોકની કલ્પના કરીને લોકોને ભરમાવવામાં કયો ફાયદો ?

"ન ચ કિંચિ વિ ફુસઇ પુણ્ણ પાવં"

આવી સ્થિતિમાં પુણ્ય અને પાપોનો સ્પર્શ પણ આત્માને થતો નથી, કેમકે, આત્માની અવિદ્યમાનતામાં કર્મોનો સ્પર્શ એટલે કે, પુણ્ય પાપ રૂપ કર્મોના બંધન થવાની વાતો હાસ્યાસ્પદ જેવી છે.

"નત્થિફલં સુક્ય દુક્કયાણં"

આત્મા નથી, કર્મોનું બંધન નથી, તો પછી તે કર્મોના સુખ દુઃખ રૂપ ફળોને આત્મા કઈ રીતે ભોગવશે ? માટે સંસારમાં કંઈ પણ નથી. સ્વર્ગ, નરક, પુણ્ય, પાપ તથા ભવાન્તર પ્રાપ્તિની કલ્પના સર્વથા મૂઢ માનવોએ જ કરી છે.

ઉપરના મતનું નિરસન કઈ રીતે ?

ઉપર પ્રમાણેના મન્તવ્યધારીઓને પૂછી શકીએ છીએ કે, તમે જ્યારે આત્માને માનતાં જ નથી, તો પછી તમારૂં આ શરીર કોના આધારે ટકવા પામ્યું છે ? તમે પોતે તમારી માતાની કુક્ષિમાં મલ મૂત્રની વચ્ચે નવ મહિના રહ્યાં છો, જન્મ્યા પછી મલમૂત્રમાં આલોટ્યા છો, મોટા થયે પરણ્યાં છો, ભોગવિલાસોની મધુરજનીઓ સારી રીતે માણી છે, ફળ સ્વરૂપે સંતાનોના બાપ બન્યા છો, તેમને ખોળામાં રમાડ્યા છે પછી તમે ભણ્યા ગણ્યા અને પંડિત બન્યા હશો કે ભગવા કપડા પહેરીને વૈરાગી બન્યા હશો. આ બધીય અવસ્થાઓમાં તમારૂં શરીર કયા આધારે ટક્યું ? તેના જવાબમાં તેઓ કહે છે કે,

'पंचमहाभूइयं शरीरं भासंति'

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ નામના પાંચ મહાભૂતો માતાની કુક્ષિમાં જ્યારે ભેગા થાય છે, તેમાંથી એક ચૈતન્યની પ્રાદુર્ભૂતિ થાય છે, જે ખૂબ જ તાકાતવાળો હોવાથી સંસારનો વ્યવહાર ચાલી રહ્યો છે, માટે પાંચ ભૂતોથી અતિરિક્ત આત્માની કલ્પના કરવી સર્વથા નિરર્થક છે. સ્પષ્ટ દેખાય છે

કે પૃથ્વીમાં કઠિન ધર્મ છે, પાણીમાં દ્રવતા, અગ્નિમાં ઉષ્ણતા, વાયુ સદૈવ ચલન સ્વભાવી અને આકાશ સૌને અવકાશ આપે છે. તેથી આ પાંચે ભૂતોનું મિશ્રણ થતાં ચૈતન્ય ગુણ દેખાય છે, જે શરીરાદિનું સંચાલન કરે છે.

'हेवाग जोगजुत्त'-હેવાગ એટલે સ્વભાવના કારણે પાંચ ભૂતોનો સંયોગ અને વિયોગ થયા કરે છે. સંબંધ હોય ત્યાં સુધી ચૈતન્યની ક્રિયાઓ થાય છે અને તેઓનો વિયોગ થતાં ક્રિયાઓ બંધ થાય છે, તેથી આત્મા કે કરેલા કર્મોને કારણે સંસારનું સંચાલન નથી પણ સ્વભાવથી થાય છે.

ઉપરના મતોનું ખંડન :-

નાસ્તિક, વામ અને શૂન્યવાદીઓની વાતો બુદ્ધિની કસોટી પર સાચી ઉતરી શકશે ? વિચાર કરવા જેવો પ્રશ્ન છે, તેમ શ્રુતિ-યુક્તિ અને અનુભૂતિને અનુકૂળ તેનો નિર્ણય કરવા જેવો છે. કેમકે-

(૧) શ્રુતિ (શાસ્ત્રી) અનુભૂતિ(અનુભવ)ને સાથે લીધા વિના કેવળ યુક્તિઓ(તર્કો)થી વિતંડાવાદનો જન્મ થતાં સંસાર અને આપણું જીવન વિષ કરતાં પણ વધારે કડવું ઝેર જેવું થઈ જશે.

(૨) યુક્તિ અને અનુભૂતિ વિના ગમે તેવા શાસ્ત્રોના પાનાઓને "બાબા વાકય પ્રમાણું" માનવા જતાં જીવનમાંથી અહિંસા, સંયમ અને તપોધર્મની વિદાય થયા વિના રહેશે નહિં. પરિણામે કષાયોના કલેશો શેષ રહેવા પામશે.

(૩) તેમ શ્રુતિ અને યુક્તિમાં અનુભૂતિનો અભ્યાસ કરવામાં ન આવે તો મતિજ્ઞાન કુંઠિત થતાં વાર લાગે તેમ નથી.

આ કારણે કોઇ પણ પ્રશ્નનું નિરાકરણ કરવામાં યથાશકય અને યથામતિ શ્રુતિ-યુક્તિ અને અનુભૂતિનો પ્રવેશ થવા દઇએ તો શ્રુતજ્ઞાનનો વિકાસ સર્વાંગીણ થશે, જેથી મૈત્રી-પ્રમોદ અને કારૂણ્યભાવોને આમંત્રણ દેવાની પણ આવશ્યકતા રહેશે નહિ.

સ્પર્ધક અને પ્રતિસ્પર્ધક, વાદી અને પ્રતિવાદી તથા અસ્તિત્વભાષી અને નાસ્તિત્વભાષી સંસારમાં વિદ્યમાન હશે તો જ તત્ત્વના યાથાર્થ્યનો નિર્ણય કરવાની મજા આવશે. આ કારણે જ કોઇએ કહ્યું કે, " ચાર્વાક મતનો પ્રરૂપક જે કોઇ હોય, યદિ તે જન્મ્યો ન હોત તો જીવાત્માના વિષયમાં આટલા બધા તર્કો અને વિતર્કોનો જન્મ પણ થયો ન હોત. " કેમકે ઘણી સંખ્યામાં જીવતત્ત્વને માનવાવાળાઓની વચ્ચે ડંકાની ચોટે ચાર્વાક કહે છે, " પંચ ભૂતાત્મક ચેતના સિવાય જીવના અસ્તિત્વને માનવું ઠીક નથી. "

જૈન મહર્ષિઓ આ વિષયમાં શું માને છે ?

જૈન મહર્ષિઓએ કહ્યું કે, ચાર્વાકની હયાતીમાં પણ પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ અને આકાશના મિશ્રણ કોઇએ કર્યાં નથી, અને કદાચ કર્યા હોય તો તેમાંથી ચેતનશક્તિની ઉત્પત્તિ થઇ હોય તેવો અનુભવ ચાર્વાકને પણ થયો નથી. કેમકે આ પાંચે ભૂતો સર્વથા જડ છે, તો જડમાંથી ચૈતન્યની

ઉત્પત્તિ હોઇ શકે, તે નાનું-અચ્ચુ પણ માની શકે તેમ નથી. આજે વિજ્ઞાનનો જમાનો હોવાથી પ્રત્યેક રાષ્ટ્રે આ અખતરા કરી જોયા છે, પણ પાંચ ભૂતોના બનાવેલા પુતળાઓને કોઇએ એક ઇંચ પણ ચલાવ્યા હોય તેવો ખ્યાલ કોઇને પણ નથી નાનો બાળક પણ જાણે છે કે-આ પાંચે ભૂતો જેમ જીવતાં માણસમાં વિદ્યમાન છે, તેમ મરી ગયેલા માણસમાં પણ વિદ્યમાન છે, છતાં જીવતો માણસ પાંચે ઇન્દ્રિયોના ભોગોને જેમ ભોગવી રહ્યો છે, તેમ મડદું કંઇ પણ કરી શકતો નથી. તેમાંથી એકેય ભૂતની હાનિ નહિ થયેલી હોવા છતાં પણ, પાંચ મિનિટ પહેલા ચાલનારો, જોનારો, બોનારો, સૂંઘનારો અને બીજાની વાતોને સાંભળનારો કોણ હતો ? હવે ક્યાં ગયો ? જેના સદ્ભાવમાં શરીરદ્વારા થતી ક્રિયાઓને સૌ કોઇ નજરે જોઇ શકતા હતાં, હવે તેનું તે શરીર કંઇ પણ કરવાનું તો ઠીક પણ તેને ઢાંકી નાખો, બાળી નાખો તો પણ કોઇ જાતનો પ્રતિકાર કરવા પણ સમર્થ રહ્યો નથી. પાંચે ભૂતોમાંથી એકેયનો વિયોગ થયો નથી, તો પણ શરીર કંઇ કરી શકતું નથી. આવી પરિસ્થિતિમાં પાંચે ભૂતોના સંયોગથી ચેતના-શક્તિની પેદાશ માનવાની ધૃષ્ટતા કરવી, સંસારને હિંસા, જૂઠ, શરાબપાન, પરસ્ત્રીગમન, ચોરી, બદમાસી અને પરિગ્રહની બક્ષીસ આપીને કદરૂપો બનાવનારો બનવા પામશે. માટે શરીરરૂપી ભાડાના મકાનમાં આત્માને પૃથક્ માનવામાં તો કોઇને પણ આપત્તિ આવવાની નથી.

આત્મા ચૈતન્યશક્તિસમ્પન્ન હોવાથી પ્રેરક છે અને શરીર પ્રેર્ય છે. સર્વતંત્રસ્વતંત્ર આત્મા ભોક્તા છે અને

શરીર ભોગ્ય છે અથવા પોતાના પૂર્વભવના કરેલા પુણ્ય-પાપને તથા તેના મિઠા-કડવા ફળોને ભોગવવા માટે સાધન-રૂપે શરીર છે. જે કોઈની શક્તિ વિશેષથી પણ કોઇ કાળે કર્ત્તા બની શકતો નથી. તે આત્માને સુખ-દુઃખ, સંયોગ-વિયોગ, હર્ષ-શોક આદિના અનુભવ દરમ્યાન આપણે પ્રત્યક્ષ અનુભવી રહ્યાં છીએ કે, જન્મતું અને મરતું શરીર જડ-સ્વભાવી હોવાના કારણે, મારા આત્માની પ્રેરણા વિના કંઇ પણ હલન-ચલનની, ખાવા-પીવાની, સૂંઘવા-સાંભળવાની આદિ ક્રિયાઓ કરવા માટે સમર્થ નથી, તેમ ઇન્દ્રિયો પણ જડ હોવાથી આત્માની પ્રેરણા વિના કંઇ પણ કરી શકતી નથી. મન પણ જડ છે, તેથી આત્માની ઇચ્છા વિના કે સંકેત વિના સેકચો પાપડ પણ ભાંગી શકે તેમ નથી. અત્યાર સુધીના એકેય શાસ્ત્રમાં કે કોઇ પંડિત વિશેષની જીભ દ્વારા પણ 'હું શરીર છું, હું ઘર છું, હું વસ્ત્ર છું, ઘડિઆળ છું, આવી રીતના શબ્દોનો પ્રયોગ કોઇએ કર્યો નથી. ચાર્વાકે પણ કર્યો નથી, તેના ચેલા ચાપટોએ પણ કર્યો નથી. પણ આ મારૂં શરીર છે, મારૂં ઘર છે, મારૂં ઘડિયાળ છે, મારી સ્ત્રી છે. આમ સંબંધને બતાવનારા અને સૂચવનારા આત્મા શબ્દનો જ પ્રયોગ કરે છે. આ શરીર મારૂં છે, એટલે કોનું ? મારૂં એટલે પુત્ર કે પત્નીનું નહિ પણ મારા આત્માની માલિકીનું. આવા અને આના જેવા અનુભવ દ્વારા પણ આપણા શરીરમાં આત્માનું પ્રત્યક્ષીકરણ થાય છે, અને જેમ મારા શરીરમાં ચૈતન્ય સ્વરૂપી આત્મા છે તો બીજા અનંતાનંત શરીરોમાં

પણ આત્માને માનવાનો જ રહેશે; અર્થાત્ તે આત્માનું અસ્તિત્વ માન્યા વિના છુટકો નથી. આત્મા અને ઉપયોગનો અવિનાભાવ સંબંધ ત્રિકાળમાં પણ અબાધિત હોવાથી, અનુમાનથી પણ આત્માની સિદ્ધિ નકારી શકાય તેમ નથી. જેમકે....

यत्र यत्र आत्मा तत्र तत्र चैतन्यं उपयोगमत्त्वात् यथात्वमहम् च
यत्र चैतन्यं नास्ति तत्र आत्मा अपि नास्ति यथा पञ्चभूताः ।।

तत्र चैतन्याभावे-आत्मन उत्पत्ति शशश्रृंगवत्,
वन्ध्यापुत्रवत्, आकाश कुसुमवत् दरीद्रश्यते ।

ઉપમાન પ્રમાણનો ઉપયોગ ન કરીએ તો પણ વાંધો આવે તેમ નથી. કેમકે સંસારમાં ઘણા પદાર્થો એવા છે, જેને ઉપમા આપી શકાતી નથી, જેમકે :-અત્યાર સુધીમાં કેટલાય ઘીના ડબા પેટમાં પધરાવ્યા પછી, કોઈ પ્રશ્ન કરે કે, ઘીનો સ્વાદ કેવો ?

આનો જવાબ કોઇની પાસે નથી. કેમકે ઘીના સ્વાદની તુલનામાં આવે તેવો પદાર્થ કોઇને જડે તેમ નથી. રામ-રાવણનું યુદ્ધ કોના જેવું થયું ? આકાશની લંબાઈ ચોડાઈ કેટલી ? છે કોઇની પાસે જવાબ. જ્યારે રૂપી પદાર્થોને પણ ઉપમા નથી જડતી તો પછી અરૂપી (શબ્દ-રસ-ગંધ અને સ્પર્શ વિનાનો) આત્માને માટે ઉપમા ન જડે, તેથી ઘી, યુદ્ધ અને લંબાઇની ઉપમાની જેમ આત્માનો અભાવ માનવા જેટલી ઉતાવળ કરવાથી શો ફાયદો ?

આગમ શ્રુતિ)માં આત્માની સિદ્ધિનું પ્રામાણ્ય જૈન સૂત્રોમાં અકબંધ સચવાયું છે. કેમકે-" आप्तवचनमागमः "

રાગ, દ્વેષ, મોહ, માયા, ક્રોધ, લોભ આદિ વૈકારિક, વૈભાવિક, તામસિક, રાજસિક અને છાદ્મસ્થિક કર્મોનો જેમણે સમૂળ નાશ કર્યો છે, તેમને આપ્તિ કહેવાય છે અને આવી આપ્તિ જેણે પ્રાપ્ત કરી છે તે આપ્ત છે, આવા આપ્ત કેવળજ્ઞાની સિવાય બીજો કોઈ હોઈ શકે તેમ નથી. આ પ્રમાણે શ્રુતિ-યુક્તિ અને અનુભૂતિથી આત્મા સિદ્ધ છે, જે સર્વશક્તિ-સમ્પન્ન છે, કર્મોનો કર્ત્તા છે, ભોક્તા છે, શરીર પરિમાણી છે, પર્યાયોના કારણે પરિણામી છે અને અદૃષ્ટ કર્મોને લઈ ભવાન્તરો કે ગત્યન્તરો કરવાની ફરજ પડે છે.

કર્મો તથા તેના ફળો પણ પ્રત્યક્ષ દેખાય છે :-

આત્માનો મૂળ સ્વભાવ નિરંજન-નિરાકાર-શુદ્ધ-બુદ્ધ ભલે રહ્યો, પરંતુ જ્યાં સુધી તેનો મૂળ સ્વભાવ પ્રગટ ન થાય ત્યાં સુધી તો તેના એક પ્રદેશમાં અનંતાનંત કર્મોની વર્ગણા (ભારો) ચોંટેલી છે, જે પ્રવાહથી અનાદિ કાળની છે. સૌ પ્રથમ આત્મા શુદ્ધ હશે ? આ માન્યતા પણ ખોટી છે. કેમકે સિદ્ધશિલા પ્રાપ્ત કરેલા સિદ્ધાત્માઓ સિવાય સંસારનો એકેય જીવ કયારેય શુદ્ધ હતો નહિં, યદી તે શુદ્ધ જ હોત તો તેને કર્મો લાગવાનો અવકાશ રહેતો જ નથી. ગેહું ના દાણા સેકાઈ ગયા હોવાથી બીજતત્ત્વ નાશ થવાના કારણે આખી દુનિયાના ખેડુતો ભેગા મળીને પણ તેમાં અંકુરોત્પત્તિ કરી શકે તેમ નથી. તેવી રીતે કર્મોના બીજ સર્વથા નિષ્ફળ થયા પછી રાગ દ્વેષની ચિકાશના અભાવે તેમને કર્મોની ધૂળ કેવી રીતે લાગશે ? માટે જ તેમને છોડી. જીવ અને કર્મોનું

મશ્રણ અનાદિ કાળથી સિદ્ધ છે. જૂના કર્મોને લઈ જીવની લેશ્યાઓ-સંસ્કારોમાં પણ ફેરફાર થાય છે અને ફરીથી નવા કર્મોનું બંધન (સ્પર્શ) થાય છે. જેમ કે :—

(૧) કોઇક ભવમાં કર્મો વધારે પ્રમાણમાં ભોગવાય છે અને બંધાય છે થોડા.

(૨) કોઇક ભવમાં બંને થોડા જ હોય છે.

(૩) કોઇક ભવમાં બંધાય છે ઘણા અને નિર્જરાય છે થોડા.

(૪) કોઇક ભવમાં બંધ અને નિર્જરા વધારે હોય છે.

આ બધા કારણે જ કર્મોનો સ્પર્શ (બંધન) જીવને થાય છે, અને જ્યારે બંધન છે તો યથા સમયે તે કર્મોને ભોગવવા માટે સ્વર્ગમાં, નરકમાં, તિર્યંચમાં કે મનુષ્યગતિમાં ભ્રમણ કરવાનું નિર્ણીત જ છે, તથા પરલોકી અર્થાત્ કર્મોના કારણે સંસારમાં ભ્રમણ કરનારો જીવ છે, માટે જ પરલોક પણ હોવો જ જોઇએ. સારાંશ કે પરલોકી (આત્મા) છે તો પરલોક-સંસારની ચારે ગતિઓ પણ છે.

આ પ્રમાણે સંસાર, જીવો, તેના કર્મો અને તેના ભોગવટાઓ સૌને પ્રત્યક્ષ છે, જેમકે :—

(૧) એકજ માતા-પિતાના જોડલા બાળકોમાં પણ ચારિત્ર, પરાક્રમ, જ્ઞાન, વિજ્ઞાન અને વૈરાગ્યમાં આકાશ-પાતાળ જેટલો ફરક દેખાઈ રહ્યો છે.

(૨) બંને ભાઇઓના ખોરાક, રમત ગમતના સાધનો તેમજ પઠનપાઠનની સામગ્રી એક સમાન હોવા છતાં પણ એક ભાઈ કાર્યસિદ્ધિ મેળવે છે જ્યારે બીજો સાવ નિષ્ફળ જાય છે, આ બંને પ્રસંગોમાં કરેલા અને કરાતાં કર્મો સિવાય બીજો કયો હેતુ છે ?

(૩) માતાના ગર્ભમાં જૂદા જૂદા કવલાદિ પ્રકારે નવ મહિના સુધી જીવને ત્યાં રોકી રાખે અને સમયે ગર્ભમાંથી બહાર કાઢે.

આ બધાઓમાં ઇશ્વરનો નહીં પણ કર્મસત્તાનો ચમત્કાર પ્રત્યક્ષ દેખાઇ રહ્યો છે.

આ કારણે જીવો, તેનાં કર્મો અને ભોગવટાઓ પણ છે.

બોદ્ધમત અને તેની અસત્યતા :–

તીર્થંકર પ્રરૂપિત સમ્યક્‌શાસ્ત્રો જેમનાં ભાગ્યમાં નથી, તેઓ તત્ત્વનો નિર્ણય યથાર્થ રૂપે કરી શકતા ન હોવાથી, બુદ્ધદેવની માન્યતામાં પાંચ સ્કંધો પર સંસારનું સંચાલન અવલંબિત છે. તે આ પ્રમાણે :–

રૂપ સ્કંધ, વેદના સ્કંધ, વિજ્ઞાન સ્કંધ, સંજ્ઞા સ્કંધ અને સંસ્કાર સ્કંધ,

પૃથ્વી–પાણી વગેરે તથા રૂપ–રસ વગેરે રૂપ સ્કંધ છે.

સુખ–દુઃખ આદિનો અનુભવ વેદના સ્કંધને આભારી છે.

રૂપ–રસ આદિનું વિજ્ઞાન તે વિજ્ઞાન સ્કંધ છે.

'આ અમુક છે.' ઇત્યાદિ વ્યવહાર સંજ્ઞા સ્કંધને આભારી છે.

પાપ-પુણ્ય રૂપ ધર્મ સમુદાયને સંસ્કાર સ્કંધ કહે છે.

બૌદ્ધ શાસનમાં ઉપર પ્રમાણેના પાંચ સ્કંધોને છોડી આત્મા નામનો પદાર્થ માન્ય નથી. જે મોટામાં મોટી ભ્રમણા છે. કેમકે પોતાના કાર્યોવડે પ્રત્યક્ષ પ્રમાણ, અનુમાન પ્રમાણ અને આગમ પ્રમાણથી આત્મા પ્રત્યક્ષ છે. આવી સ્થિતિમાં આત્મદેવનો અવલાપ કરવો અતિ દુઃસાહસ છે. કારણ કે પાંચે સ્કંધો દ્વારા થતું જ્ઞાન આત્મા સિવાય બીજા કોઇને પણ થઈ શકે તેમ નથી. પાંચે જ્ઞાનેન્દ્રિયોના માધ્યમથી રૂપ વેદના-સુખ-દુઃખના અનુભવો તેમજ ઇહા-અવાય અને ધારણા જ્ઞાનથી સંજ્ઞાઓ અને પૂર્વભવના કરેલા કર્મોના કારણે સંસ્કારોની પ્રાપ્તિ થાય છે. માટે પાંચે સ્કંધોનો જનક આત્માથી અતિરિક્ત બીજો નથી.

"मणं च मणजीविया वयति...."

બૌદ્ધોના ચાર ભેદોમાંથી એક ભેદવાળા 'મન'ને જીવ રૂપે માને છે. તે આમ કહે છે : પાંચ સ્કંધો ઉપરાંત બીજું પણ તત્ત્વ હોવું જોઇએ. જે રૂપાદિનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં ઉપાદાન કારણ હોઈ શકે અને તે મન છે. પરંતુ બધી રીતે વિચાર કરતાં મન જીવરૂપે હોઈ શકે નહિ, કેમકે મન પૌદ્ગલિક છે માટે જડ છે. જૈન શાસનમાં શરીર, ઇન્દ્રિયો, મન અને મતિજ્ઞાનાવરણીય જન્ય દુર્બુદ્ધિ પણ પૌદ્ગલિક

હોવાથી જડ છે, માટે જ તેમની ઉત્પતિ છે, નાશ છે. ત્યારે જ તો ચક્ષુરિન્દ્રિયાવરણીય કર્મના કારણે ચક્ષુનું તેજ સમાપ્ત થયે છતે પણ જોયેલા પદાર્થોની સ્મૃતિ રહે છે. તેથી જ નિરક્ષર પણ સમજી શકે છે કે ચક્ષુરિન્દ્રિયમાં ચૈતન્ય ન હોવાથી તે આત્મા નથી. તેવી જ રીતે વધારે પડતાં શરાબ-પાનના કારણે મન જ્યારે ઘેરાઈ જાય છે ત્યારે તેની વિચાર અને સ્મરણશક્તિ પર જબરદસ્ત પડદો આવી જાય છે. માટે જ મન જીવરૂપ ન હોવાથી જડ છે અને શરીરની સાથે જ સ્મશાનમાં બળીને ખાખ થાય છે. પછી પરલોકમાં જનાર કોણ ? સૂક્ષ્મ મનની કલ્પના કરીએ તો પણ ઠીક નથી, કદાચ ઠીક હોય તો તે નિત્ય છે ? કે ક્ષણિક ? યદિ ક્ષણિક છે તો શરીર સાથે નાશ પામતાં પરલોકમાં જવાવાળો કોણ ? યદિ તેને નિત્ય માનવાની ઉતાવળ કરશો તો તમારા હાથે જ તમારા ક્ષણિકવાદનો મૃત્યુઘંટ વાગી જતાં વાર લાગવાની નથી, માટે આત્મા સર્વતંત્ર સ્વતંત્ર છે. જ્યારે મન જીવને અધીન હોવાથી જીવ પ્રેય છે અને જે પ્રેય હોય તે જડ જ હોય છે.

વાયુ જીવોસિ એવમાહેસુ :-

કેટલાકો વળી વાયુને જીવ માને છે, અને કહે છે કે, વાયુ છે ત્યાં સુધી શ્વાસોશ્વાસ છે, માટે વાયુને જીવ માનવામાં વાંધો નથી. પણ તેમની આ વાત સત્ય નથી. કેમકે મનની જેમ વાયુ (પ્રાણ) પણ જડ હોવાથી, શરીર સાથે જ તેનો પણ નાશ થાય છે. મૃત્યુના સમયે કે મડદાને ગમે તેટલો

ઓકસીજન આપીએ તો પણ તેને જીવિતદાન દેવાની તાકાત વાયુ પાસે નથી.

શરીર, વાયુ, મન અને ઇન્દ્રિયો જડ હોવાના કારણે તેઓ સ્વયં કંઈ પણ કરવા શક્તિ ધરાવતાં નથી. જ્યારે તેમનો અધિષ્ઠાતા ચૈતન્ય સ્વરૂપી આત્મા હોવાથી પોતાના પુણ્ય-પાપને ભોગવવા માટે સ્વયં વિચાર કરે છે, અને તેઓ કાર્યાન્વિત થાય છે.

सरीरं साइयं सनिधनं इहभवे एगे भवे :-

કેટલાક વાદીઓ કહે છે કે, શરીરની ઉત્પત્તિ થતી હોવાથી, તેનો નાશ પણ નિશ્ચિત છે. આ ભવમાં જન્મેલા જીવનો એક ભવ અર્થાત્ ચાલુ ભવ પૂરતો જ ખેલ છે, મરી ગયા પછી નાટકની સમાપ્તિ થઇ જાય છે, તેથી ભવભવાન્તરની કલ્પના, કેવળ કલ્પના જ છે. આના જવાબમાં જૈન શાસને કહ્યું કે, ઉપરના બધાય વચનો સર્વથા કાલ્પનિક હોવાથી અસત્ય છે, કેમકે શરીર સાથે આત્મા પણ મરી જતો હોય તો, સમ્યગ્ જ્ઞાન-દર્શન અને ચારિત્રની આરાધના, દયાદાનની પ્રવૃત્તિનો અર્થ નિરર્થક રહેશે, પણ આવું કયારેય બન્યું નથી, બનતું નથી અને બનશે નહિ. નાસ્તિકવાદીઓનાં ગમે તેવા તર્કો હોય તો પણ, સંસારમાં ગમે ત્યારે પણ અહિંસા સંયમ અને તપોધર્મની આરાધના અને આરાધકો અબાધ રહેવાના જ છે, મહાવ્રતોની સાધના કરવા માટે હજારો જીવો આજે પણ પ્રત્યક્ષ જોવાઈ રહ્યાં છે. વેદ-વેદાન્ત-બૌદ્ધ-ઇસાઈ

અને મુસ્લિમ ધર્મોમાં પણ, ગૃહસ્થાશ્રમથી જુદા પડે તેવા સાધુ સન્તો અને ધર્મગુરુઓ છે, તે બધાય ઓછે વત્તે અંશે આત્માનું ધ્યાન રાખીને જ સત્પ્રવૃત્તિ કરતાં હોય છે.

માનવના શરીરના રોમેરોમમાં જ્યારે :–

(૧) પાપભાવનાઓનું જોર વધી જાય છે ત્યારે.

(૨) પરમાત્માના વિચારો કરવામાં મતિ જ્યારે કુંઠિત બની જાય છે ત્યારે.

(૩) પરવાદીઓના ત્રાસથી કે તિરસ્કારોથી પ્રાપ્ત થયેલી ધૃષ્ટતા જ્યારે બેકાબૂ બની જાય છે ત્યારે ' વિચારશૂન્ય તથા વિવેકશૂન્ય બનીને ધર્મ પ્રત્યે અને ધર્મના પ્રત્યેક અંગો પ્રત્યે તેને ખૂબ જ નફરત આવે છે અને ગાંડા માણસની જેમ યદ્વાતદ્વા બકવાદ કરવામાં જ પોતાની અમૂલ્ય જીંદગાનીને સમાપ્ત કરે છે. ભગવાન મહાવીરસ્વામીની વિદ્યમાનતામાં ૩૬૩ પાખંડીઓના વાગ્યુદ્ધોનું વર્ણન મારાથી વિવેચિત ' ભગવતી સૂત્ર સાર સંગ્રહ ' ના ચોથા ભાગમાંથી જોઈ લેવા ભલામણ છે.

હવે આપણે પ્રસ્તુત સૂત્રાનુસારે તેમના મિથ્યાલાપોને જોવાનો પ્રયાસ કરીએ. તેઓ કહે છે કે :–

"तम्हा...." તે કારણથી અર્થાત્ આત્મા નામનો પદાર્થ વિદ્યમાન ન હોય ત્યારે મડદાને શણગારવાની તુલ્ય દાન પુણ્યાદિ સર્વથા નિષ્ફળ છે. તે આ પ્રમાણે :–

" दाणवयपोसहाणं तवसंजम बंभचेरकल्लाण माईआणं नत्थि फलं.... " ભીંત ન હોય તો ચિત્રામણની કલ્પના શા કામની ? તેવી રીતે આત્માના અભાવમાં દાન, વ્રત, પોષધ, તપશ્ચર્યા, સંયમારાધના, બ્રહ્મચર્યપાલન આદિ ક્રિયાઓનું ફળ કોણ મેળવશે ? કોણ ભોગવશે ? માટે દાનાદિ ક્રિયાઓ નિરર્થક છે. તેવી રીતે

" नविय पाणवहं अलियवयणं आदि नत्थिगवाइणो वामलोगवाई.... " આ આલાવાનો અર્થ આ પ્રમાણે છે :- જીવહત્યા, જૂઠ વચન, ચૌર્યકર્મ, પરદ્વારગમન તથા પરિગ્રહમાં કંઈ પણ પાપ નથી. નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ અને સિદ્ધિગતિ નામની કોઈ વસ્તુ નથી, માતા-પિતા નથી, પુરૂષાર્થ કે પ્રત્યાખ્યાન નથી, કાળ મર્યાદા નથી. અરિહંત, ચક્રવર્તી, બલદેવ કે વાસુદેવ અને ઋષિઓ નથી, ધર્માધર્મનું ફળ થોડું ઘણું પણ નથી. માટે ઇન્દ્રિયોને અનુકૂળ જે પ્રમાણે રહેવાતું હોય તે પ્રમાણે રહો, ખાઓ, પીઓ ને મોજમઝા કરો. આ પ્રમાણે નાસ્તિકવાદીઓ કહે છે.

તેમની માન્યતાનું ખંડન :-

આ વાદીઓ ઉપરની બધી વાતોમાં સ્વભાવને જ મુખ્ય કારણ માનતાં કહે છે કે, સ્વભાવ જ 'જીવ' હોવાથી નરકાદિ ગતિઓની પ્રાપ્તિ સ્વાભાવિકી છે, કર્મજન્ય નથી. કાંટાઓમાં તીક્ષ્ણતા, મયૂરના પાંખોની વિચિત્રતા અને મરઘાઓની વર્ણ વિચિત્રતામાં સ્વભાવથી અતિરિક્ત બીજું એકેય કારણ કોઇને પણ દેખાય છે ? જવાબમાં તેમની મૃષાવાદિતા આ પ્રમાણે જાણવી. તમારો

માનેલો સ્વભાવ, યદ્દી જીવથી જૂદો હોય તો, તે પ્રાણાતિપાતાદિ ક્રિયાઓથી ઉત્પાદિત કર્મ સિવાય બીજો કોઇ હોઈ શકે નહિં. કેમકે કરેલા અને કરાતાં કર્મોના સંસ્કારો જ ભવાન્તર કરવાનું કારણ છે. યદ્દિ તમારો માન્ય સ્વભાવ, જીવથી જૂદો નથી એટલે કે સ્વભાવ અને જીવ એક જ છે, તો જીવની સિદ્ધિને માન્યા વિના છુટકો નથી. કેમકે સ્વભાવ જીવથી જૂદો હોઇ શકતો નથી. કદાચ ભિન્ન માનવામાં આવે, તો નરકાદિ ગતિઓની વિચિત્રતા હેતુ વિનાની માનવી પડશે, પણ સંસારમાં કોઈ પણ વસ્તુ નિર્હેતુક નથી. માટે તૈર્યંચ, મનુષ્ય, નારક અને દેવના અવતારો, પોતાના કરેલા પુણ્ય અને પાપના ફળ સ્વરૂપ છે અને સિદ્ધો, કર્મોનો સમૂળ ક્ષય કરીને સિદ્ધ શિલામાં ગયેલા હોવાથી તેમનો અને શાશ્વતી સિદ્ધ શિલાનો અભાવ માનવો હરહાલતમાં પણ જૂઠ છે.

ઉત્પત્તિ માત્રના જ કારણભૂત બનેલા માતા-પિતામાં કેવળ જન્યજનકભાવ સિવાય બીજા કોઈની કલ્પના ઠીક નથી, કેમકે સચેતનથી જૂ, માંકડાદિની સચેતન ઉત્પત્તિ અને મૂત્ર-મળ આદિ અચેતન વસ્તુઓની ઉત્પત્તિ તેવી રીતે ચીરાતા લાકડાનો ચૂર્ણ (વેર) અચેતન રૂપે જન્મે છે, માટે માતા-પિતામાં જન્યજનકભાવ જ હોવાથી તેમનો ભોગ-વિનાશ કે અપમાનાદિમાં કોઇ જાતનો દોષ દેખાતો નથી.

ઉપર પ્રમાણેની તેમની માન્યતા કેવી રીતે અસત્ય છે તેને જોઇએ....

જન્ય અને જનકત્વ સમાન હોવા છતાં પણ માતા-પિતાઓના ઉપકાર વિશેષને કોઇ પણ સૂત્રકારે, ઋષિઓએ પણ અમાન્ય કર્યો નથી, તેથી તેમનો નાશ કે અપમાન હરહાલતમાં પણ પાપ જ છે. સામાન્ય ઉપકારીનો પણ અપલાપ કરવો અપરાધ છે. તો જે માતા-પિતાના ઉપકારનો બદલો વાળવો પણ અશકય હોય તેનો અપલાપ, મહાપાપ બનવા પામે તે અનપઢ માણસ પણ સમજી શકે તેવી હકીકત છે.

પુરૂષાર્થનો નિષેધ કરીને બધાય પ્રસંગોમાં નિયતિને માનતા તેઓ કહે છે કે, 'નિયતિવશ જે વસ્તુ થવાની હોય તે થાય જ છે,' માનવ ગમે તેવો પુરૂષાર્થ કરે તો પણ ન થવાની વસ્તુ કદિ પણ થતી નથી અને થવાના કાર્યોમાં કોઇનો વિઘ્ન કામે આવતો નથી.

આ પ્રમાણેની તેમની અસત્યતાને બતાવતાં કહે છે કે, સૌને પ્રત્યક્ષ દેખાતા પુરુષાર્થના ચમત્કારનો અપલાપ કરી કેવળ નિયતિને માનવા જતાં તેનું પ્રામાણ્ય રહેશે નહિ. જેમકે ભૂખ લાગી છે તો નિયતિના ભરોસે મોઢામાં કોળિયા આવવાના નથી. પુરૂષાર્થ કર્યા વિના કોઈ પણ વિદ્યાર્થી ઇષ્ટ સિદ્ધિને સાધી શકતો નથી. ખેડુત યદિ મહેનત ન કરે તો ભૂખે મર્યા વિના કોઇને પણ બીજો માર્ગ દેખાતો નથી. પરણેલી સ્ત્રીના ભાગ્યમાં પુત્ર છે પણ પુરૂષાર્થ કરવામાં ન આવે તો ? અને છેવટે નિયતિવાદનો પ્રરૂપક પોતે ભણવા માટે અને વિતંડાવાદથી સંસારને બગાડવા માટે એકાદ પંડિત

પાસે પણ ભણ્યો ગણ્યો તો હશેને? ઇત્યાદિ કારણોને લઈ નિયતિને જ સર્વેસર્વા માનવાની ભૂલ અસત્યને આભારી છે.

પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ) ધર્મનું સાધન નથી, આમ કહેવું તે સર્વથા અસત્યભાષા છે. કેમકે તીર્થંકર પરમાત્માઓએ પ્રત્યાખ્યાનને ધર્મના અંગ તરીકે માન્યું છે અને ઉપદેશ્યું છે. કાળ વિના વૃક્ષોને ફળ, આકાશમાં વિજળીના ચમકારા, ફળોની પરિપક્વતા આદિ થતી જ નથી, માટે કાળ પ્રમાણ છે. આ ભવ સુધીની આયુષ્ય મર્યાદા પૂર્ણ થયે જીવના ભાગ્યમાં મૃત્યુ પણ છે; માટે આયુષ્યકર્મની સિદ્ધિને માન્યા વિના છુટકો નથી. અરિહંતો, ચક્રવર્તીઓ વગેરે મહાપુરૂષો છે, તે વિના શાસ્ત્રોની પરંપરા કયાંથી આવત. માટે તે આગમોના પ્રરૂપકો પણ હોવા જોઇએ. પંચમહાવ્રતધારી, સમિતિ ગુપ્તિના પાલક મુનિરાજો પહેલા પણ હતાં અને આજે પણ સૌને સ્પષ્ટ દેખાઈ રહ્યાં છે. માટે ધર્મ છે, અધર્મ છે અને તેના ફળો પણ છે. ઇન્દ્રિયોના ભોગોમાં અત્યાસક્ત થવું તે નિન્દનીય કાર્ય છે, માટે ત્યાજ્ય છે. આ પ્રમાણે તે વાદીઓની અસત્યતા પ્રત્યક્ષ છે. તેમ છતાં તે મૂઢો, અતીવ મૂઢો અજ્ઞાનના નશામાં સંસારીઓને ઠગી રહ્યાં છે.

તે દર્શનોમાં સૃષ્ટિ રચના કેવા પ્રકારે છે?

સંસારને બનાવનાર કોણ? નાની ઉંમરના બચ્ચાથી લઇને વૃદ્ધ સુધીના માનવોનો આ પ્રશ્ન હોવા છતાં સમ્યગ્ બુદ્ધિ અને સમ્યગ્જ્ઞાનના અભાવે તર્કો–વિતર્કો અને વિતંડાવાદોથી સુષ્ઠુ નિર્ણય મેળવ્યા વિના જ કાળ કવળિત થાય છે.

કેમકે સૃષ્ટિ રચનામાં મતમતાન્તરો પણ અનેક છે. સંપ્રદાયો અને તેના પ્રવર્તકો પણ ઘણા છે, કોઇને પણ કોઈની સાથે મેળ હતો નહિ, તેમ તેમના અભિશાપે ભવિષ્યમાં પણ મેળ જામી શકે તેમ નથી. આધ્યાત્મિક ભારત દેશની કરૂણતા આનાથી બીજી કઈ હોઈ શકે? પૂર્વગ્રહથી ગ્રસ્ત થયેલા તેઓ બીજાઓ સાથે બેસવા માટે પણ તૈયાર નથી, વિચારોની અદલાબદલી કરવા માંગતા નથી, તો પછી તત્ત્વનો નિર્ણય કેવી રીતે કરવાના હતાં? સૌથી પહેલા કયા કયા દર્શનવાદીઓ સંસારની રચનામાં શું કહે છે તે જાણવું અગત્યનું છે.

સૌની નજરે દેખાતાં સંસારને અસત્રૂપે માનનારાઓનું મન્તવ્ય છે કે આ લોકમાં સૌથી પહેલા પૃથ્વી વગેરે પાંચ ભૂતો, તથા મનુષ્ય, તિર્યંચ, દેવ, નારક, પૃથ્વી, અપ્. તેજ, વાયુ અને વનસ્પતિ નામના પદાર્થો હતાં જ નહિ. કેવળ પૂર્ણ લોક જળમય જ હતો, જેમાં ઘણા લાંબા કાળ સુધી ભીંજાઇ ગયેલું અને ફાટી જવાની રાહ જોતું એક ઈંડુ હતું, સમય પાકતાં તે જ્યારે ફાટયું અને લીંબુના ફાડની જેમ બે ટૂકડા થયાં, એક ટૂકડામાંથી પૃથ્વી આદિ બહાર આવ્યા કે ઉત્પન્ન થયાં, જ્યારે બીજામાંથી આકાશની રચના થઈ. પૃથ્વી પરથી મનુષ્યો, દેવો, નારકો તથા તિર્યંચોનો પ્રાદુર્ભાવ થયો અને આકાશથી સુર–અસુર આદિ દેવસૃષ્ટિ થઈ.

આ જ વાતને બીજા મતવાદીઓ આમ કહે છે, "જ્યાં સુધી સંસારની રચના થઈ ન હતી, તે પહેલા પાંચ ભૂતો

હતાં નહિ અને ચેતન જીવસૃષ્ટિ પણ ન હતી. ત્યારે પહેલા શું હતું ? આમ પૂછીએ, ત્યારે તેઓએ કહ્યું કે ' ગાઢતમ અંધકારથી વ્યાપ્ત કેવળ સમુદ્ર હતો, ત્યાં વિષ્ણુ ભગવાન તપ તપતા હતાં. એકદા તેમની નાભીમાંથી કમળ બહાર આવ્યું, જેમાંથી બ્રહ્માજીએ જન્મ લીધો. તેમને આઠની સંખ્યામાં જગન્માતાઓ બનાવી. તેના નામો આ પ્રમાણે છે.

દિતિ, અદિતિ, મનુ, વિનતા, કદ્રુ, સુલસા, સુરભિ અને ઈલા. તેઓમાંથી ક્રમશઃ દૈત્ય, આદિત્ય, મનુષ્ય, સમસ્ત પક્ષી, બધી જાતના સર્પો, નાગ જાતિઓ, ચાર પગા પશુઓ અને ખેતીવાડી માટે બધાય બીજોનો અવતાર થયો છે. આ પ્રમાણે સ્થાવર અને જંગમ સૃષ્ટિની રચના થઇ છે. કેટલાકો પ્રજાપતિને, બીજાઓ ઇશ્વરને જગત્કર્તા માને છે. નૈયાયિકો જગત્કર્તા ઇશ્વરને માને છે.

તર્ક આપતા કહે છે કે સંસાર કાર્ય છે માટે ઈશ્વરને કર્તા રૂપે માનવામાં વાંધો નથી. પરન્તુ આ માન્યતામાં અનૈકાન્તિક દોષ આવે છે, જેમકે તેમના મતમાં તમામનો બનાવનાર ઇશ્વર છે તો પાણીમાં વાર વાર થતાં પરપોટા કોણે બનાવ્યા ? જે પ્રતિ સમયે ઉત્પન્ન થાય છે અને ફૂટે છે, પણ તેના કર્તા રૂપે ઇશ્વરને કોઇએ પણ જોયો હોય તેવી સાક્ષી આપનાર કોઈ નથી અને હજારો પ્રયત્ન કર્યે જોવાશે નહિ. બીજાઓ કહે છે કે ' પાણીમાં, પૃથ્વીમાં, પર્વતના અગ્ર ભાગમાં તથા અગ્નિની જ્વાળાઓમાં વિષ્ણુ છે. સારાંશમાં જગત્ વિષ્ણુમય છે. ઉપરની માન્યતામાં કેવળ વિષ્ણુ સિવાય

બીજો કોઈ નથી ત્યારે ' આ મારી માતા, આ મારા પિતા ' આદિ શબ્દોના વ્યવહારમાં વાંધો આવતાં, પૂરો સંસાર વિષ્ણુમય શી રીતે બનશે ? જન્મદાતા પિતાને તેમના નામથી સંબોધવા કરતાં વિષ્ણુ મારા બાપ, વિષ્ણુ મારી માતા, હું પણ વિષ્ણુ; આવો વ્યવહાર કેમ કોઈ કરતું નથી ? માટે તેમની માન્યતા સત્યરૂપ ન હોવાથી કોઈના પણ મગજમાં ઉતરી શકે તેમ નથી.

કેટલાકો સંસારમાં એક જ આત્માને માને છે અને જગત્‌ને મિથ્યા માને છે. તર્ક આપતા કહે છે કે ' આકાશમાં ચન્દ્રમા એક જ છે પણ પાણીથી ભરેલા વાસણોમાં જૂદો જૂદો દેખાય છે તેવી રીતે પ્રત્યેક પ્રાણીમાં ભૂતાત્મા એક જ છે. એટલે કે શરીરો ભલે જૂદા જૂદા રહ્યાં હોય પણ દરેકમાં આત્મા એક જ છે. પરન્તુ વિચાર કરતાં આવી માન્યતા મૃષાવાદ પૂર્ણ એટલા માટે છે કે પંડિત, મહા પંડિત, મૂર્ખ, બાળ, વૃદ્ધ અને સ્ત્રી આદિ જીવાત્માઓ પોતપોતાના કરેલા ધર્મ અને અધર્મના ફળો જે ભોગવી રહ્યાં છે તેનાથી સાબીત થાય છે, આત્મા એક જ હોઈ શકે નહિ. સુખ-દુઃખ, સંયોગ-વિયોગ આદિ સૌના એક સરખા જ હોય તો એક આત્માની કલ્પના મગજમાં ઉતરી શકે છે, પણ તેવું કોઈ કાળે બન્યું નથી, બનતું નથી અને બનશે પણ નહિ.

બીજા મતાન્તરો આત્માને સ્વતંત્ર માનવા છતાં પણ, તેમાં કર્મોનું કર્તૃત્વ માનતા નથી જ્યારે ભોક્તૃત્વ માને છે. તર્ક આપતાં કહ્યું કે, સ્ફટિકમણી પાસે જે રંગનો પદાર્થ

રહ્યો હોય, તો તેમાં પણ તેવો રંગ દેખાશે, પણ વસ્તુતઃ સ્ફટિક અને રંગ ને કંઈ પણ સંબંધ નથી. તેવી રીતે આત્મા સ્ફટિક જેવો અને પદાર્થોનો ભોગ રંગ જેવો હોવાથી બંનેને લેણ-દેણ નથી. તેમના મતમાં સુકૃત અને દુષ્કૃત કરનાર આત્મા નથી પણ ઇન્દ્રિયો છે. ઉપરની વાતોમાં મૃષાવાદ આ પ્રમાણે જાણવો. જૈન શાસને સંસારી આત્માને કથંચિત્ મૂર્ત અને પરિણામી માન્યો હોવાથી કર્મોનું કર્તૃત્વ અને ભોકતૃત્વ તેમાં બની શકે છે, કેમકે પ્રકૃતિ જડ હોવાથી કોઈ કાળે પણ કર્તૃત્વ અને ભોકતૃત્વ તેમાં સંભવી શકે તેમ નથી. ગમે તેવા પત્થર પર મૂકેલા દહીં આદિ પદાર્થોને પત્થર જડ હોવાથી કચારેય ખાઇ શકતો નથી, જ્યારે જીવતા માણસના શરીર પર દહિં મૂકતાં શરીરમાં રહેલો સર્વશક્તિસમ્પન્ન આત્મા પોતે જ શરીરના રૂંવાટા દ્વારા દહીંનું આસ્વાદન કરી લે છે. અને જીવ વિનાનું મડદું કંઈ પણ કરતું નથી, કેમકે તે જડ છે. આ રીતે પ્રકૃતિ જડ હોવાથી કોઇનું પણ કર્તૃત્વ અને ભોકતૃત્વ સ્વીકારી શકતી નથી. કેવળજ્ઞાન લઈ મુક્તિમાં ગયેલા આત્માઓ અમૂર્ત હોવાથી તેમને કંઈ પણ કરવાનું રહેતું નથી.

આ કારણે આત્મા સર્વથા નિત્ય, નિષ્ક્રિય, નિર્ગુણ અને નિર્લેપ નથી. બેશક ! કથંચિત્ એટલે દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાયોની અપેક્ષાએ અનિત્ય છે, કેમકે પ્રતિસમયે થનારા જૂદા જૂદા પરિણામો પ્રત્યક્ષ દેખાય છે અને અનુભવાય છે. આત્માને સર્વથા નિત્ય માનનારો પોતે એક દિવસ

બાળક અને નિરક્ષર હતો તથા વયપરિણામે (પરિપાકે) તે યુવા-વૃદ્ધ અને સાક્ષર બને છે, તે માટે એકાન્ત નિત્યમાં આ પરિણામો શી રીતે બનવાના હતાં? કર્મોની માયાજાળમાં ફસાયેલો આત્મા પુણ્ય-પાપને ભોગવવામાં સર્વથા નિષ્ક્રિય બન્યો રહે, એ વાતને કોઈ પણ કઈ રીતે સ્વીકારી શકશે? આત્મા એકાન્તે નિર્ગુણ પણ નથી. સંસારમાં પ્રત્યક્ષ અનુભવાય છે કે કેટલાક સાત્ત્વિક માનવો છે, બીજા રાજસિક અને ત્રીજા તામસિકો પણ છે. આ ત્રણેથી રહિત છદ્મસ્થતા (કર્માવરણ) જેની નિર્મૂલ થઈ ગઈ હોય તેવા અરિહંત પરમાત્મા સિવાય બીજો કોઈ નિર્ગુણ નથી. પંચ મહાવ્રતધારી જૈન મુનિઓને છોડી બીજા આત્માઓ નિર્લેપ કઈ રીતે? ગૃહસ્થી હોવાથી સ્ત્રીઓના ભોગવિલાસોમાં, પુત્રોના રક્ષણમાં, ધનની પ્રાપ્તિમાં નિર્લેપતા રહેતી હશે? સર્વથા મૂર્ખ માનવને પણ માનવામાં ન આવે તેવી વાત છે.

જગતના નિર્માણમાં ઉપરના મતમતાંતરો, તેમના શાસ્ત્રોથી જાણી લીધા પછી, આ વિષયમાં જૈન શાસન શું કહે છે? તે જાણવું શેષ રહે છે. સાથો સાથ તેમની સમીક્ષા પણ કરવી સારી છે, તે આ પ્રમાણે :-

પાંચ ભૂતોના મિશ્રણ થયા વિના આત્માની હૈયાતી તમે માનતા નથી, તો પછી, તમારો માનેલો સમુદ્ર ક્યાંથી આવ્યો? ત્યાં ઈંડુ કોણે મૂક્યું? લાંબા કાળ સુધી તેને ત્યાં પડ્યા રહેવાની જરૂર શી હતી? તેને કોઇએ ફોડ્યું કે પોતાની મેળે ફૂટ્યું? એક ટૂકડામાંથી પૃથ્વી નીકળી, તે પહેલા પૃથ્વી

હતી કે નહિ ? બીજા ટૂકડામાંથી આકાશ થયું, પૃથ્વી પરથી મનુષ્યાદિ થયા. તે બધાય કયાંય છુપાઈ ગયા હશે ? કે નવા ઉત્પન્ન થયા ? ગાઢ અંધકારથી વ્યાપ્ત સમુદ્રમાં વિષ્ણુ શા માટે તપ કરતાં હતાં ? કોના માટે તપ કરતા હશે ? તેમની નાભિમાંથી બ્રહ્માજી પ્રગટ થયા અને તેમને આઠ જગન્માતાઓ બનાવી, અને તેમનાથી ચરાચર સંસાર થયો, પણ તે ભોગમાયાઓ પરણેલી હતી ? કે કુંવારીઓ હતી ? પરણેલીને તો તમે માનતા નથી, તો શું તમારા શાસ્ત્રોમાં કુંવારી કન્યાઓ પુત્રને જન્મ દે છે ? પૃથ્વી વગેરે હતી જ નહિ તો પછી વિષ્ણુ, બ્રહ્મા અને પુત્રવતી બનેલી પહેલી કુંવારી જગન્માતાઓ કયાં ઉભા રહ્યાં હશે ? વિષ્ણુએ તપ કર્યું તેનો અર્થ એટલો જ છે કે તે પોતે અધુરા હોવાથી હજી ભગવત્પદ મેળવ્યું નથી, કેમકે ભગવાન તો નિરંજન નિરાકાર હોય છે અર્થાત્ આકાર વિનાના હોવાથી હાથ આદિ તેમને હોય જ નહિ, તો પછી પાંચ ભૂતોને ભેગા કઈ રીતે કર્યા હશે ? તેવી સ્થિતિમાં દિતિ જગન્માતાએ દૈત્યોને, અદિતિએ આદિત્યોને, મનુએ મનુષ્યોને શી રીતે જન્મ આપ્યો હશે ? જગન્માતાઓના જન્મ પહેલા પાંચ ભૂતો હતાં જ નહિ....ત્યારે ચાર પગા–ગાયો, ભેંસો ઉંટો, હાથીઓ તથા મોટા મોટા તોતિંગ આંબલીના ઝાડો, આંબા, વડ અને પીપળાના ઝાડો તે બિચારી જગન્માતાઓની કુક્ષિમાં કઇ રીતે રહ્યાં હશે ? અને જન્મ સમયે તેમની દશા કેવી થઇ હશે ? તે સમયે બ્રહ્માજીને દયા આવી હશે ? ઉપર પ્રમાણેના પ્રશ્નો અને તેના જવાબો બાળચેષ્ટિતને જ સિદ્ધ

કરનારા હોવાથી તેમ જ આ વિષે ઘણું ઘણું લખાયેલું હોવાથી પિષ્ટ પેષણ કરવાની આવશ્યકતા નથી.

ઈશ્વરે સંસાર બનાવ્યો, તેમાં ચાર કારણોમાંથી કયું કારણ ?

(૧) શું પોતાનો સ્વભાવ તેવો હોવાથી ઈશ્વરે સંસારને બનાવ્યો ?

(૨) ક્રીડાઓ કરવાની આદત પડેલી હોવાથી બનાવ્યો ?

(૩) ઈચ્છા થવાના કારણે સંસારને બનાવ્યો ?

(૪) અથવા દયાભાવમાં આવીને સંસારનું નિર્માણ કર્યું ?

સ્વભાવ એટલે જેનો જે સ્વભાવ હોય, તેની ક્રિયાઓ સતત્ થતી રહેતી હોય છે. જેમ અગ્નિમાં દાહશક્તિ સ્વભાવથી છે. તો જ્યાં સુધી અગ્નિના અણુઓ છે ત્યાં સુધી દાહત્વ રહેલું જ હોય છે. આ પ્રમાણે વિષ્ણુએ બ્રહ્માને ઉત્પન્ન કર્યા તો સતત્ તે કાર્ય ચાલુ રહેવું જોઈતું હતું. આવું તો તમે પણ માનતા નથી. માટે કોઈને પણ ઉત્પન્ન કરવાનો સ્વભાવ વિષ્ણુનો હોઇ શકે નહિ. મનમાની ક્રીડાઓ કરવાની આદત ક્ષુદ્રોને હોય છે, તમારા મતે વિષ્ણુ તેવો નથી પણ પરમાત્મા છે, આનંદ સ્વરૂપી છે, માટે ક્રીડાથી સંસારને બનાવે છે, આ વાત પણ માની શકાય તેવી નથી, કેમકે ઈચ્છાઓની ઉત્પત્તિ મોહકર્મને અધીન હોવાથી સકર્મી આત્માઓને જ ઈચ્છા થાય છે જ્યારે પરમાત્મા અકર્મી છે. તેવા નિરંજન-નિરાકાર પરમાત્માને પણ સૃષ્ટિ રચવાની ઈચ્છા થતી હોય

તો માનવું જ રહ્યું કે તેઓ હજી આપણી જેમ સંસારી છે. દયાળુતાથી સંસારની રચના માનીએ તો બધાય જીવો રૂપ-રંગ-વૈભવ તથા ભોગ-ઉપભોગની સામગ્રીથી એક સમાન હોવા જોઈએ; પણ સંસારમાં આવું કયાંય દેખાતું નથી. જેમકે એક રોગી છે, બીજો નિરોગી છે, એકને ત્યાં ઘી-કેળા છે જ્યારે બીજાને ત્યાં લુખા રોટલાના પણ ફાંફાં છે, એકને ત્યાં રૂપવતી, મદવતી અને યૌવનવતી નારી અને બીજાને ત્યાં અણગમતી છે. આ પ્રમાણેની સંસારની વિટંબનાઓ જોયા પછી જગત્કર્તાની દયાળુતા કેવળ મશ્કરી કરાવનારી બને છે. કદાચ જીવાત્માના કરેલા કર્મોના કારણે આવું બને છે, એમ તમે કહેશો તો પણ કર્તૃત્વની ઉપાધિ ઈશ્વરના નામે ચડાવવાની શી આવશ્યકતા ? બ્રહ્માની બનાવેલી આઠ જગન્માતાઓમાંથી મનુ નામની જગદંબાએ મનુષ્યોનું સર્જન કર્યું, તો શું મનુષ્યના શરીરને પહેલા બનાવ્યું હશે ? કે આત્માને ? તમારા મતમાં આત્મા નામનો પદાર્થ પહેલા હતો નહિ, તો અત્યારે કયાંથી આવ્યો પહેલા શુદ્ધ સ્વરૂપમાં હતો ? એમ માનવું પણ ઠીક નથી, કેમકે શરીરની ગંદવેડી માયામાં, દુઃખ-દરિદ્રતા અને વિયોગપૂર્ણ અવસ્થામાં, સ્વતંત્ર અને શુદ્ધ જીવ પોતાની મેળે માતાની નવ મહિનાની ગંદી, બીભત્સ અને જોઈને પણ વમન થાય તેવી કુક્ષિમાં રહેવા માટે પસંદ કરે જ નહિ. ત્યારે બ્રહ્માને કે જોગમાયાને આવા નાટકવેડા કરવાની જરૂર શી પડી ? કદાચ પૂર્વભવના કરેલા કર્મોના કારણે આમ થાય છે તો આવી રીતની તમારી માન્યતા પણ

ઠીક નથી. કેમકે અનાથી તો તમારા મતથી સર્વથા વિરૂદ્ધ આત્માની સિદ્ધિ થયા વિના રહેવાની નથી. કેમકે આત્મા ચૈતન્ય સમ્પન્ન હોવાથી કોઇનાથી પણ ઉત્પાદ્ય નથી અને કોઇનાથી નાશ પામવાનો પણ નથી. તેમ છતાં કર્મોની માયામાં અનાદિ કાળથી ફસાયેલો હોવાથી ભવભ્રમણ કરે છે. કદાચ હઠાગ્રહમાં આવીને તમે કહેવા જશો કે આ વાત તો તમારા જૈનોના આગમની છે, જેને તમે સોગન ખવડાવીને પણ મનાવવાની કોશિષ કરી રહ્યાં છો. જવાબમાં જણાવવાનું કે થોડીવારને માટે તમે અને અમે (જૈનો) શાસ્ત્રોને જૂદા મૂકી દઇએ અને નાની ઉંમરના બાળકને તથા પ્રત્યક્ષ દેખાતા સંસારને જોઈ લઇએ તો આત્માની અને કર્મોની સિદ્ધિ થયા વિના રહેવાની નથી. કેમકે કોઇનું પણ શરીર, રૂપ-રંગ, જ્ઞાન-વિજ્ઞાન અને સ્વભાવ બીજા એકેય જીવ સાથે મેળ ખાતા નથી. એક જ ઝાડના પાંદડા પણ એક સમાન હોતા નથી તો પશુ-પક્ષી અને મનુષ્ય સૃષ્ટિમાં કોઈ આંખે સરખો તો નાકે જૂદો, બીજે કાને જૂદો, ત્રીજે મોઢાની ગોળાઈ-લંબાઇથી જૂદો, કેટલાક હાથે-પગે-આંગળીએ અને છાતીએ જૂદા, તો એકેયનો સ્વભાવ કોઇની સાથે પણ મેળ ખાતો નથી. આ બધીય વસ્તુઓ જોઈ લીધા પછી અને અનુભવ્યા પછી કર્મસત્તાને માન્યા વિના બીજો માર્ગ કયો ?

પંખીઓ પ્રાયઃ કરીને ઇંડા વિના થતાં નથી, તો જગન્માતાએ પહેલા મરઘી બનાવી હશે કે ઇંડું ? કેમકે દુનિયાભરની શક્તિ વિશેષથી પણ ઇંડા વિના મરઘી અને તે

વિના ઈંડુ થતું નથી. ગેહું–ચણા આદિ બીજોને જોયા પછી ખાત્રી થશે કે બીજ અને બીજતત્ત્વ બંને સર્વથા જૂદા છે. ગમે તે પ્રકારે બીજતત્ત્વ (જીવ) નાબૂદ થઈ ગયું હોય તો ગમે તેવા સારા બીજો પણ અંકુરાઓને ઉત્પન્ન કરી શકતા નથી, કેમકે તે સમયે તે બીજ જડ છે જ્યારે બીજતત્ત્વ ચૈતન્ય છે.

તર્કોના ઘોડાઓને ગમે તેમ દોડાવવાથી સમ્યગ્જ્ઞાન થતું નથી અને મિથ્યાજ્ઞાનથી બહાર નીકળાતું નથી. આ કારણે જ ધર્મના નામે, ઇશ્વરના નામે તથા તત્ત્વોના નામે વૈર–વિરોધ, ઝઘડા–મારપીટ કોઈ દિવસે પણ બંધ થયા નથી. જે તર્કો, તર્કશાસ્ત્રો, પ્રત્યક્ષ અનુભવાતા સંસારની સમસ્યાઓને સુલઝાવી શકતા નથી, તે તર્કો પણ શા કામના ? તર્કશાસ્ત્રો પણ શા કામના ? ધર્મો પણ શા કામના ? અને સંપ્રદાયો પણ શા કામના ? તેમજ ધર્મબુદ્ધિથી કરાતાં પણ અધર્મ–દ્વેષ, અને ધર્માન્ધતાને ઉત્પન્ન કરતાં અને પોષતા અનુષ્ઠાનો પણ શા કામના ?

માનવનું મન જ્યારે અધઃપતન તરફ જાય છે, ત્યારે જીવનમાં અણુઅણુમાં તામસિક, રાજસિક, વૈકારિક, વૈભાવિક અને પૌદ્ગલિક ભાવોની વૃદ્ધિ થતાં કોણ રોકી શકશે ? ઋદ્ધિ–સમૃદ્ધિના નશામાં સર્વથા ભોભાન બનેલા, ખાનપાનની મર્યાદાને બે મર્યાદ કરી, રાક્ષસોને ખાવા લાયક માંસ, ઈંડા, શરાબપાન, આસવપાનમાં ગળેડુબ થયેલા તથા શરીરના શૃંગાર, તાકાત, પુષ્ટિ, સુંદરતા અને વીર્યશક્તિના સંવર્ધન,

સંરક્ષણ તથા શીઘ્રપતનને ન ઈચ્છતાં માનવો, જ્યારે પાંચે ઇન્દ્રિયોના ગુલામ, તેમાં અત્યાસક્ત થઈને બેમર્યાદ–બેકરાર, બેઇમાન, બેરહિમ અને બિનદાસ્ત થાય છે ત્યારે તેમનાં જીવનમાં પાપમાર્ગોના દ્વાર ઉઘાડા રહેવા પામે તેમાં શું આશ્ચર્ય ? તે સમયે તેમની માન્યતાઓ કેવી થાય છે, તેને સૂત્રકાર, સૂધર્માસ્વામીજી વાચા આપતાં કહે છે કેઃ ‘ધર્મ, અધર્મ, પુણ્ય, પાપ તેના શુભાશુભ ફળો, સ્વર્ગ નરકમાં જવાનું, વગેરે બધાયમાં માનવ સર્વથા નિરપરાધી છે, કેમકે સંસારમાં જે કંઈ બને છે, તે યદૃચ્છયા, સ્વભાવેન તથા દૈવ પ્રભાવથી જ બને છે. એટલે કે પાપપુ-ણ્યનું આચરણ બુદ્ધિપૂર્વક થતું નથી, પણ યદૃચ્છયા (અકસ્માત્-અતર્કિત) તથા સંસારનો સ્વભાવ જ એવો છે કે જે કંઈ બને છે તે પોતાની મેળે જ બને છે, અને દૈવ પ્રભાવથી જે બનવાનું હોય છે તે તેવી રીતે જ બને છે. હજાર પ્રયત્નો કરવા છતાં જે નથી બનવાનું તે બનતું નથી, બનવાનું મિથ્યા થતું નથી. ઉપરના મન્તવ્યમાં તેઓ આગળ વધીને કહે છે કે, ‘કોઈ પણ કાર્ય કર્મનિષ્પન્ન નથી, પણ નિયતિના કારણે જ બધું બની જાય છે.’

તેમના મતની અસત્યતા :–

ઉપર પ્રમાણેની માન્યતામાં સચ્ચાઇ હોઈ શકશે ? ખૂબ જ ગંભીર વિચારણા માંગે તેવો પ્રશ્ન છે. જીવ માત્રનાં કલ્યાણકામી, ભગવાન શ્રી મહાવીરસ્વામીના જમાનામાં અથવા હૈયાતીમાં, તે સમયનું સામાજિક જીવન કેટલું નીચે ઉતરી

ગયું હશે તેની સાબિતી કરાવે છે. ગુલામી પ્રથા, ધર્મના નામે કરાતી હિંસા આદિના મૂળો સામાજિક જીવનમાં કેટલા જોરદાર બન્યા હશે, તેનો જૈનેતર લેખકોથી પણ આપણે નિર્ણય કરી શકીએ છીએ. ગુલામી પ્રથાના પાપે ભરબજારમાં વેચાતી કન્યાઓને ખરીદનાર ધનવાન અને સત્તાધારી સિવાય બીજો કોણ ? અને જ્યારે આ બંનેના જીવનમાં આ દુરાચાર પાપનો પ્રવેશ થાય છે અને રોમેરોમમાં વધે છે ત્યારે શરાબપાન તેમાં વધારો કરે છે તે માની શકાય તેવી સીધી સાદી વાત છે. આવી પરિસ્થિતિમાં, પંડિતોની સરસ્વતી પણ કયો માર્ગ અપનાવશે ? કેમકે તેઓ ગૃહસ્થાશ્રમી હોવાના કારણે તેમને રોજી અને રોટી ધનવાનો સિવાય બીજો કોણ આપનાર ? આવી સ્થિતિમાં નાસ્તિકવાદ, વામવાદ, અસદ્‌-ભાવવાદ જેવા નિંદનીય વાદો વધે તે હકિકત છે. આ કારણે જ મહાવીરસ્વામીએ કહ્યું કે "હે ગૌતમ ! આ અધ્યાયમાં મૃષા-વાદની બોલબાલા સ્પષ્ટરૂપે દેખાઈ રહી છે."

કયા કારણે માનવ મૃષાવાદી બને છે ?

નારક જીવોને પીડિત, ત્રસ્ત, દુઃખી કરવામાં અને કરાવવામાં પરમાધામીઓને જેટલો રસ હોય છે, તેના કરતાં મેળવેલા દેવસુખોને ભોગવવામાં હોતો નથી. તેવી રીતે દેવદુર્લભ મનુષ્યાવતાર મેળવ્યા પછી પણ જે જીવાત્મા-ઓને નિરર્થક જૂઠ બોલવામાં, કોઇને આળ દેવામાં, કલંકિત કરવામાં, મોતીના પાણી ઉતારવામાં રસ પડે છે, તેનું વર્ણન

સૂત્રકાર સુધર્માસ્વામી જમ્બૂસ્વામીની આગળ કરી રહ્યાં છે. દ્રવ્ય અને ભાવરૂપે રસના બે પ્રકાર છે.

દ્રવ્યરસના પણ બે પ્રકાર છે : શુભ અને અશુભ.

લીંબુ, મોસંબી, કેરી, દૂધ, દહીં, મલાઇ આદિ શુભ રસ.

શરાબ, પરસ્ત્રીગમન, ગંદો ખોરાક, વાસી ખોરાક આદિ અશુભ રસ છે.

તેવી રીતે પરોપકાર, દયા, દાન, શિયળ, તપ આદિ શુભ ભાવ રસ, પરનિંદા, ઇર્ષ્યા, લડાઇ, ઝઘડા, કલેશ, કંકાસ આદિ અશુભ ભાવ રસ છે. શુભ રસની પ્રાપ્તિમાં અને ભોગવટામાં પુણ્યોદય કામ કરે છે, જ્યારે અશુભ રસના ભોગવટામાં પુણ્ય અને પાપ બંને કામ કરી રહ્યાં છે. અશુભ રસની પ્રાપ્તિમાં પુણ્ય ભલે કામ કરી રહ્યું હોય તો પણ તેના ભોગવટામાં પાપવૃત્તિ, પાપપ્રવૃત્તિ, પાપમિત્ર, પાપસહકાર, આદિ કામ કરતાં હોવાના કારણે પુણ્યથી મેળવેલા પદાર્થો પણ પાપોપાર્જન કરવામાં નિમિત્ત બનીને માનવાવતારને સર્વથા બરબાદ કરે છે.

ઘણા પ્રકારે કરેલા પુણ્યોદયનું ફળ માનવાવતાર હોવાથી તેને સુધારવો કે બગાડવો આમાં ક્રમશઃ સદ્બુદ્ધિ અને દુર્બુદ્ધિ કામ કરે છે. દુર્બુદ્ધિનો માલિક ગમે તેવી ખાનદાનીમાં જન્મ્યો હોય, તો પણ અમુક પ્રકારની જૂઠની ભાષા ત્યાગી શકતો નથી. માટે તેઓ જે રીતે મૃષાવાદનું સેવન કરે છે તે કહે છે, દર્શનવાદીઓની અસત્યતા બતાવ્યા પછી બીજાઓ

જે પ્રકારે અસત્ય બોલે છે, તે કોણ કોણ ? જૂઠ બોલવામાં દોષોને ન દેખનારા કે માનનારાઓના ખ્યાલાતોમાં ' અસત્ય બોલવું અધર્મ નથી, કેમકે તે વિના પૈસાવાળા કઈ રીતે થવાય અને તે વિના સમાજમાં, દેશમાં તથા કુટુંબમાં માન-મરતબો કઈ રીતે મળે ? તેથી વ્યવહારને સાચવવા માટે તેઓ નીતિ વિરૂદ્ધ, ધર્મ વિરૂદ્ધ, ખાનદાન વિરૂદ્ધ, કુળપરંપરા વિરૂદ્ધ, બીજાઓને દોષ દેવા રૂપ ભાષણ કરતાં અથવા બીજાઓમાં અસત્ દોષોની કલ્પના કરી પોતાની મરજી મુજબ ગમે તેમ બોલવામાં ભય પામતા નથી, તે આ પ્રમાણે :–

(૧) સામેવાળો ચોર નથી, ચોરી કરી નથી, તો પણ ' આ ચોર છે ' તેવું કહીને સમાજમાં તેને ઉતારી પાડવામાં તેમને ખૂબ જ રસ પડે છે.

(૨) સામેવાળો સ્વભાવથી જ ઉદાસીન એટલે કે, કોઈના ઝઘડામાં પડવાનો સ્વભાવ તેનો નથી. તો પણ " આ ઝઘડાખોર છે, સૌને જૂદા કરાવનાર છે " આવું અસત્ય બોલવામાં તેઓ શૂરા હોય છે.

(૩) સામેવાળો દુરાચારી છે, તેને દુરાચાર કરતા મેં જોયેા છે.

(૪) આ પરસ્ત્રીગામી છે, કેમકે મેં તેને એક દિવસે, અમુક સમયે, અમુક બાઈ સાથે વાતો કરતાં, હસતાં અને પરસ્પર તાળીઓ પાડતાં જોયા હતાં.

(૫) સ્વભાવે સદાચારી માણસને કલંકિત કરવા માટે, સમાજમાં વાતો ફેલાવતાં કહે છે કે ' આ માણસ દેખાવમાં

જ સદાચારી છે' પણ તેને પોતાની ગુરૂપત્ની સાથે વ્યભિચાર કરતાં મેં જોયેા છે.

(૬) સામેવાળાની ફેલાયેલી કીર્તિને તથા યશને સહન કરવાની તાકાત વિનાના મૃષાવાદીઓ કહે છે. 'આ માણસને પોતાની મિત્રપત્ની સાથે વિલાસ કરતાં મેં જોયેા છે' માટે ધાર્મિક નથી પણ પાપી છે, વિશ્વાસુઓ સાથે વિશ્વાસઘાત કરનાર તથા બીજાને ખબર ન પડે તેવા પાપ કાર્યોને ખાનગી રૂપે કરનાર છે.

(૭) સગી બહેનની જે સૌને માટે અગમ્ય હોય છે, તેને પણ સામેવાળેા ભોગવનારેા હોવાથી દેખાવમાં જ ધર્મી છે.

(૮) સામેવાળેા અનેક પાપકાર્યોમાં રચ્યોપચ્યેા હોવાથી દુરાત્મા છે, તથા ભદ્રિક માણસોનેા દ્વેષી છે; માટે નમ્ર નથી, સરળ નથી, પણ સ્નેહ રહિત છે, પરલોકને બગાડનારેા છે, ઇત્યાદિ પ્રકારના માનવેા જેમને પરદોષોને ઉઘાડા કરવાનેા સ્વભાવ છે માટે તે બિચારા ભયંકર કર્મોના બંધનમાં બંધાઈને નરક ગતિના કે તિર્યંચ ગતિના ઘણા અવતારોને કર્યા પછી પણ બીજા પ્રકારે દુઃખોને ભોગવવા માટે પોતાના આત્માને તૈયાર કરે છે.

(૯) આવા માનવોનું મુખ જ તેમનેા શત્રુ બને છે, જે આગળ પાછળનેા અથવા મારા જૂઠા દોષારોપણથી સામેવાળાની કેવી દશા થશે તેની પરવાહ કર્યા વિના અસત્ય ભાષણ કરવામાં જ રાગાન્ધ હોય છે. મુહરિ (મુખરી–મુખારી)

એટલે કે મૂંગા માનવોને જોઈને દયા ખાનાર માનવ નથી જાણતો કે આવું મૂંગાપણું શાથી પ્રાપ્ત થાય છે? શાસ્ત્રકારોએ કહ્યું છે કે–મોઢાના દોષ, જીભના દોષ, તોતડાપણું, બોલતાં થૂંક ઉડે કે પોતાની ભાષા પોતે પણ ન સમજે તેવી અવ્યક્ત ભાષાને બોલનારા માનવો, ગયા ભવમાં બીજાઓને કલંકિત કરનારા કે વિશ્વાસઘાત કરનારા મૃષાવાદિત્વના પાપે જ મૂંગાપણું પ્રાપ્ત કરે છે.

લોભાન્ધ માણસો જૂઠ કેવી રીતે બોલે છે?

ભવભવાન્તરથી ઉપાર્જિત, વર્ધિત અને નિકાચિત, પરિગ્રહ સંજ્ઞા જ્યારે માનવના જીવનમાં જોર કરે છે ત્યારે તેને ધનાન્ધ, લોભાન્ધ બનતાં વાર લાગતી નથી. એટલું જ નહિ પણ તેમનું મન, બુદ્ધિ, શરીર અને પુરૂષાર્થ પણ પારકાના ધનને સ્વાધીન કરવામાં પ્રવૃત્તિવાળા બને છે.

હવે સૂત્રકારના મુખે સાંભળીએ :–

(૧) परस्स अत्थम्मि गढियगिद्धा निक्खेवे अवहरंति.... અર્થાત્ પારકાના ધનમાં અત્યંત આસક્ત થયેલા માનવો પારકાની થાપણને પચાવી પાડે છે અને તેમનામાં અસત્ દોષોની કલ્પના કરીને તેમની સાથે લડી પડતા કહે છે.... "તારો એક પણ પૈસો મારે ત્યાં નથી, તું ખોટી રીતે ગળે પડે છે" ઇત્યાદિ શબ્દોથી થાપણ મૂકનારને બીજાઓની વચ્ચે જૂઠો પાડે છે. આ પ્રમાણે પારકાના ધનને સ્વાધીન કરવા અર્થે ખોટી સાક્ષીઓ આપે છે, બીજાઓને પૈસા આપીને

પણ પોતાના પક્ષની સાક્ષી માંગે છે. છેવટે ભગવાનની, દેવોની, માતા-પિતાની તથા ગીતાજીના કે કલ્પસૂત્રના પણ સોગન ખાવામાં તેમને વાંધો નથી.

(૨) અત્થાલિયં :-લાખો અને કરોડોના ધનની પ્રાપ્તિ જે રીતે પણ થાય તે રીતે જૂઠ બોલશે, મતલબ કે તેમના મસ્તિષ્કમાં પૈસો જ પરમેશ્વર હોવાથી કદાચ ધાર્મિક સંસ્થાના ટ્રસ્ટી બનશે તો પણ ધર્મની, વ્રતની મર્યાદા તોડીને ધર્મસ્થાનમાં પણ પૈસાના પુજારી બનશે.

(૩) કન્નાલિયં :-એટલે પોતાની કન્યાના સગપણ સમયે તેની જાતિ, સ્વભાવ, ગુણ અને બીજી વાતે ખરાબ હોવા છતાં પણ તેની પ્રશંસા અને પારકી કન્યા માટે નિંદાના શબ્દો બોલશે. ઉપચારથી સમસ્ત જીવોના ગુણોને, દોષ રૂપમાં બોલશે. તેમજ બીજા જીવોનો ભવ, ભાવ અને ગૃહસ્થાશ્રમી બગાડીને પણ જૂઠ બોલવાની આદતવાળા તેમ કર્યા વિના રહેતા નથી.

ભૂમિ અર્થાત્ ખેતર, વાડી, જમીન, મકાન સંબંધી જૂઠ બોલશે તથા ગાય, ભેંસ, બળદ આદિ જાનવરોને ખરીદવા હોય કે વેચવા હોય ત્યારે તત્સંબંધી જૂઠને મોટકું જૂઠાણું કહેવાયું છે.

બીજાના જાતિ, રૂપ, શીલ, સ્વભાવ સંબંધી જૂઠ બોલવું. જેમકે સામેવાળા જાતિ (માતૃપક્ષ) કુલ (પિતૃપક્ષ) આદિને હું જાણું છું, તેથી કહું છું કે તેઓ હીન જાતિના, હીન કુળના અને નિન્દનીય સ્વભાવના છે. આવી રીતની અસત્ય

ભાષાઓ, મોક્ષનાશક, પરમાર્થ રહિત, દ્વેષ કરાવનારી, અનર્થમય જ્ઞાનાવરણીયાદિ પાપકર્મોને ઉપાર્જન કરાવનારી, અધર્મમયી, અશ્રવ્ય કોઇને પણ ન ગમે તેવી, સાંભળનારને પણ લજ્જા કરાવે તેવી નિન્દનીય, પરને વધ, બંધન અને ક્લેશ કરાવનારી, જન્મ, જરા અને મૃત્યુને અપાવનારી હોવાથી નરકદાયિની હોય છે.

અસત્યવાદી મનુષ્યો, સામેવાળાઓમાં ગુણો નથી તો પણ પોતાના પક્ષના છે તેથી, તેમને ગુણવાળા કહેવા એટલે કે પોતાના પક્ષકારો નિંદનીય છે તો પણ તેમની બડાઇ કરવી, વિપક્ષીઓના ગુણો નિંદનારી, હિંસા અને પાપપૂર્ણ, જીવ-સૃષ્ટિને હાનિ કરાવનારી, અધર્મજનક હોવાથી તેવી ભાષાને મૂનિઓએ નિંદનીય કહી છે; કેમકે આવી રીતની ભાષા-ભાષીઓના આન્તર જીવનમાં પાપમાર્ગનો ખ્યાલ ન હોવાથી તેઓ જીવનની છેલ્લી ક્ષણ સુધી અધિકરણ ક્રિયાઓમાં રત રહે છે.

આવા પાપારંભી માનવો અજ્ઞાનવશ, સાવદ્ય, પ્રાણઘાતક, નિર્ઘૃંસ પરિણામી, કઠોર અને કર્કશ ભાષાને બોલવાના રસિયા હોવાથી પોતાને સ્વાર્થ ન હોય તો પણ નીચે પ્રમાણેની ભાષા બોલશે....

(૧) एवमेव जंपमाणा महिसे सूकरे य साहेंति घायगाणं....

રોમેરોમમાં જૂઠ જ્યારે વ્યાપ્ત થઈ જાય છે, ત્યારે તેમને બોલવાની મર્યાદા રહેતી નથી, સાર્થક અને નિરર્થક ભાષાનો વિવેક તેમનામાં હોતો નથી. આ કારણે જ પાડા અને સૂવર (જંગલી ભૂંડ) ને મારનારા લોકોને તેઓ કહે છે કે

'અમુક જંગલમાં તમે શીઘ્ર જાઓ જ્યાં પાડાઓ અને શૂકરો ફરી રહ્યાં છે, તેમને તમે મારી નાખો, વીંધી નાખો' વગેરે વગેરે.

(૨) ससपसयरोहिसे य साहेंति वागुराण....

જેઓ જળ લઇ જંગલમાં જાય છે અને પાથરેલી જાળમાં જાનવરોને ફસાવી નાખે છે તેવા વાઘરીઓને કહે છે 'અમુક જંગલમાં સસલા, મૃગો અને રોહિષ નામના મૃગો છે. ત્યાં તમે જાઓ અને તેમને જાળમાં ફસાવી લો, બાંધી લો, પકડો અને મારી નાખો.'

(૩) तित्तिरवट्टकलावे य कपिंजल कवोयगे य साहेंति सउणीणं....

તીરકામઠા, ગોફણ અને બંદુકને ખભા ઉપર લઈ જંગલમાં જનારા પારધીઓને કહે છે કે 'અમુક વનમાં તેતર, બટેર, લાવા, કપિંજલ અને કબુતર પક્ષીઓને ત્યાં જઇ મારી નાખો, બંદુકથી ઉડાવી મારો, ગોફણથી મારી નાખો, બાણથી વીંધી નાખો.'

(૪) झसमगरकच्छभे य साहेंति मच्छियाणं....

તળાવ, જળાશય, નદી અને સમુદ્રમાં જાળ નાખી, જળચરોને મારનારા મચ્છીમારોને કહે છે 'તમે તે તે જળાશયોમાં જાઓ, ત્યાં તમને નાની મોટી માછલીઓ, મોટા મગરો અને કાચબાઓ દેખાશે, જેમને તમે સાવધાનીથી જાળમાં ફસાવી લેજો અને બજારમાં વેચી મારજો.'

(૫) સંખકે ખુલ્લએ ય સાહેંતિ મગરાણં....

નાની નાવડીઓમાં બેસી, પાણીમાં ફરનારા, રહેનારા, ધીવરોને કહે છે–' તે તે સ્થળે શંખ–નાના નાના છીપલા અને કોડીઓ છે, તો તમે ત્યાં જાઓ અને જમણા કે ડાબા શંખોને તથા કોડીઓને લઈ આવો, અને ધ્યાનમાં રાખશો કે જમણા શંખોની કિંમત તમને સારામાં સારી મળશે.'

(૬) અયગર–ગોણસ–મંડલિ–દવ્વીકર–મઉલી ય સાહેંતિ વાલિયાણં....

વ્યાલિક એટલે સાપને પકડનારા મદારિયોને કહે છે કે અમુક પર્વતમાં, ગુફામાં, મકાનમાં અને જંગલમાં મોટા અજગરો, બે મુખના સાપો, ગોનસ (ફેણ વિનાના) મંડલી નામના સાપો, ફેણવાળા સાપો, મઉલી એટલે મોટી ફેણવાળા સાપો પણ છે, માટે ત્યાં જાઓ તેમને પકડો, કરંડિઆમાં બંધ કરો, ઘેર ઘેર ફેરવો, રમાડો અને પૈસા કમાવો.

(૭) ગોહા સેહા ય સલ્લગ સરડએ ય સાહેંતિ લુદ્ધગાણં....

શિકારીઓને તે તે સ્થાનોને બતાવતાં તેઓ કહે છે કે, ' તે તરફના જંગલમાં ગોધા (ગો) જે હાથથી ચાલે છે, સેહ-સીસોલીયા, કૃકલાસ, કાચંડા વગેરે જાનવરો છે. ' તેમ કહીને તે મૃષાવાદીઓ જીવહત્યાના નિમિત્તભૂત બને છે.

(૮) ગયકુલ–વાનરકુલે ય સાહેંતિ પાસિયાણં....

ગમે તે રીતે પાશબંધથી હાથીઓને, વાનરોને પકડનારા પાશિકોને કહે છે કે–હાથીઓ અત્યારે જંગલમાં આવી

ગયા છે, વાનરાઓ પણ ત્યાં કૂદાકૂદ કરે છે. એમ કહીને તે શિકારીઓ તે તે સ્થાનની માહિતી આપે છે.

(૯) सुकबरहिणमयण सालकोइल हंसकुले सारसेय साहेंति पोसगाणं....

પોપટ, મોર, સારિકા, કોયલ, હંસ આદિ વર્ગના બીજા પણ પંખીઓને પકડાવવા માટે બીજાઓને એટલે તેના ઘાતકોને સલાહ આપ્યા કરે છે. તે ઉપરાંત આડોસ-પાડોસ તથા ગામના બીજા ભાઈ બ્હેનોમાં ખોટા અપરાધોની કલ્પના કરી કોટવાળ યા સિપાઈ પાસે ફરિયાદ કરે છે અને માર ખવડાવે છે. ચોરી કરનારાઓને સંકેત કરી બીજાઓના ધન-ધાન્ય, ગાય-ભેંસ, બકરા-ઘેટાંઓની ચોરી કરાવે છે. પોતાના ખાનગી માણસોને બીજા શ્રીમંતોના ઘરની તપાસ કરવાનું કહે છે. ગામના સીમાડે બીજાઓને લુંટનારાઓ, ચોરી કરનારાઓ આદિને કોટવાળ પાસે લઈ જઈ, તેમને ઉઘાડા કરે છે. ગાય, ભેંસ, ઉંટ આદિ રાખનારાઓ અને પાળનારાઓને કહે છે-આ જનવરોને ડામ અપાવી દો, બળદ-ઘોડા વગેરેની બસી કરો, આ ગાયોને દોહતાં કેમ નથી, જવ-ચણા વગેરેનો ખોરાક આપો, મરી ગયેલા વાછરડાવાળી ગાય પાસે બીજો વાછરડો લાવો અને ધવરાવો, દોહતા પહેલાં ગાય ભેંસના પગ બાંધી લો, આ વાછરડાઓ હવે ગાડીમાં જોતવા લાયક થઈ ગયા છે. ખાણીઆઓને પત્થર, મણી, પ્રવાલ વગેરેની ખાણો બતાવે છે. માળીઓને પુષ્પ અને ફળોની માહિતી આપે છે. વનચર ભીલોને મધ અને મધપુડાઓ

લાવવાનું કહે છે અને પૈસા આપીને તમારૂં મધ અમે ખરીદીશું, આમ બાંહેધરી આપે છે. તથા મગફળી, તલને પીલવાની ઘાણી, મશીન, તત્કાળ પ્રાણુને હરે તેવા વિષ તથા સર્પોના વિષને, બીજાઓના ગર્ભને પાડનારા, મૂળકર્મ (ઔષધ), મૂલ નક્ષત્રમાં જન્મનારા બાળકની દોષ શાન્તિ માટે, સ્નાન આદિના પ્રયોગોને તથા મંત્રોને, ગામ–નગરમાં વિક્ષોભ–મંત્રાદિ પ્રયોગને બીજાઓને બતાવનાર, કહેનાર અને પોતે પણ પરપ્રાણુઘાતક પ્રયોગોનો ઉપયોગ કરનાર હોય છે તથા પાપપૂર્ણ નિરર્થક ભાષાવાદીઓ વારંવાર કંઇને કંઈ બોલતા જ હોય છે કે–અમુક સ્થાને ચોરી કરવા જાઓ, અમુક સ્થાનેથી તે સ્ત્રી તથા કન્યાનું હરણ કરો, ગુંડાઓ પાસે તેમને મેથી-પાક ખવડાવો, શ્રીમંતોને ત્યાં ધાડ પાડો, બહારથી ગુંડાઓને બોલાવીને આખા ગામમાં ત્રાસ ફેલાવો, જંગલોમાં આગ લગાડો, તળાવોની પાળ તોડી નાખો, મંત્રતંત્રાદિના પ્રયોગથી ન માને તેમને વશ કરાવો. આ પ્રમાણે મૃષા ભાષાવડે બીજાઓ પાસે ઉપરના કામો કરાવે છે અને પોતે પણ કરે છે. બીજાઓને ભય–મરણ–ક્લેશ અને ઉદ્વેગ કરાવનારી ભાષા વાપરે છે. મલિન અધ્યવસાયો વડે પારકાઓનો ઘાત કરાવનાર રૂપ હિંસાજનક ભાષાને બોલ્યા જ કરે છે.

અકલ્પનીય વિચિત્રતાઓથી પરિપૂર્ણ આ સંસારમાં કેટલાક માનવોએ ભલે માનવ યોનિ પ્રાપ્ત કરી લીધી હશે, પણ પૂર્વભવીય અનાર્ય સંસ્કારોથી તેઓ એટલા બધા ઘેરાઈ ગયેલા હોય છે, જેના કારણે તેમના સ્વભાવમાં બીજાઓને

ખુશ કેવી રીતે કરવા ? અથવા લેવા દેવા વિનાની પારકી ખુશામત કરવામાં જ તેઓ મશગુલ હોય છે. પોતાના જીવનમાં ધાર્મિક સંસ્કારો લઈ શકાય તેટલી અનુકુળતા હોવા છતાં પણ તેમને આમાં રસ હોતો નથી અને જીવનની છેલ્લી ક્ષણ સુધી પણ પાપ, પાપી ભાષા, વિવેક વિનાનું જીવન, અસભ્ય વ્યવહાર, અપમાન સહન કરીને પણ પારકાઓની ભાંજગડ કરવાની ટેવ, આ રીતે મનુષ્યાવતારની કિંમત વિનાના માણસોનું જીવન કેવળ પારકાઓને રાજી રાખવા માટેનું હોવાથી, 'મુખમસ્તિ વક્તવ્યં' મોઢું છે તો બોલવું જોઈએ, તેવા પ્રકારની ઉંધી ગણત્રીના કારણે પરિણામોનો વિચાર કર્યા વિના જ બોલ્યા કરે છે.]

પાપોનો ખ્યાલ કર્યા વિના જ તેઓ કહે છે 'તમે તમારા ઉંટોને, બળદોને તથા રોઝ નામના જાનવરોને સારી રીતે ચલાવવાનું શિખવો, જેથી તમારી કમાઇ વધે, પૈસાદાર થવું હોય તો જુવાનીમાં આવેલા ઘોડા-હાથી-ઘેટાં-કૂકડા આદિને ખરીદો અને બીજાઓ પાસે ખરીદી કરાવો, સમય આવ્યે તેમની કિંમત ઘણી વધી જશે. ચોખાનો ભંડાર ભર્યો છે તો રાંધી-રાંધીને ખાતા કેમ નથી ? ઘરમાં આવેલા મહેમાનોને માંસ વગેરે પીરસતા કેમ નથી ? સાથે શરાબ-મદિરા પણ પીરસો, તેમને પીવડાવો અને તમે પણ પીવો, તમારા નોકરોને આમ બેસાડી કેમ રાખ્યા છે ? તેઓ આળસુના પીર થઈ જાય તે પહેલા તેમને કામ ઉપર કામ ચીંધતા જ રહો. દાસી-દાસ, ભૃત્ય-ભાગીદાર, શિષ્ય-પ્રેષ્ય,

કિંકર અને સ્વજનોને નવરા બેસવા દેશો નહિ, જે મજુરી કરનારા છે તેમને મજુરી જ કરાવો પણ બગાસા આવા દઈને તેમને આળસુના પીર બનાવશો નહિ. વનવગડામાં, ઘાસવાળા ખેતરોમાં આગ લગાડી દેજો જેથી ખેતર ખેડવા લાયક બનશે. તે બાજુના ઢગલાને બાળી નાખો, આ ઝાડો કાપી લો, આકડા બોરડીને મૂળમાંથી કાઢી લો, આ ખેતરમાંથી શેરડીને કપાવી લો, મગફળી તથા તલને ઘાણીમાં નાખીને તેલ કઢાવી લેજો, ગૃહનિર્માણ માટે ઈંટો બનાવવાનો ઓર્ડર અત્યારથી આપી દેજો, ખેતરો ખેડાવી લો, કેમકે વરસાદની તૈયારી છે. આ તરફ માર્ગ સારો બનાવજો, તેને સાફ કરાવજો અને વનમાં કે ખેતરમાં જાઓ ત્યારે ફળ, ફૂલ, પાંદડા, ભાજી, સકરિયા, ગાજર; ધાનાનાં પાન વગેરે લાવતા રહો, તથા તમારા કુટુંબીઓને માટે થોડી થોડી બચત કરતાં રહો, જેથી સાત પેઢીનો કોઈ પણ મેમ્બર ભૂખે મરવા ન પામે.

બેડુત ભાઇઓની વચ્ચે જઇને કહે છે કે-ચોખાની બેતી બરાબર થઈ ગઈ છે, જવ બેતરમાં પાકી ગયા છે માટે કાપણી કરાવી લો, તેમાંથી ઘાસને જૂદો કેમ કરતાં નથી, બળામાં ઢગલા કરો, દાણા છુટા પડી જાય તો ઉપણી લેજો, કેમકે પવન તમને અનુકૂળ છે, પછી કોઠારમાં ભરી દેવામાં પ્રમાદ કરશો નહિ

વહાણમાં બેઠેલા માણસોને તથા પક્ષીઓને મારી નાખો, તોફાનગ્રસ્ત સ્થાનમાં સૈન્યને જવા દો, જેથી તેઓ યુદ્ધ

કરી જય મેળવી શકે. બળદગાડાઓને ચલાવતા કેમ નથી? બીજા વાહનોને પણ પડ્યા કેમ રાખો છો? જનોઇ, વિવાહ અને યજ્ઞાદિ અનુષ્ઠાનો, કરણ, નક્ષત્ર અને તિથિઓ સારી જોઇને કરજો, સારા જોષી પાસે મુહૂર્ત કઢાવશો, નવી આવેલી વહુને આજે સ્નાન કરાવી લો, જેથી સંતતિ પરંપરાની સુલભતા રહેશે. સુવાવડીને પણ આજે સ્નાન કરાવજો, આવા પ્રસંગે લાડવા, બાજા બનાવજો; સાથોસાથ બીજી પણ ખાવા-પીવાની વસ્તુઓ મેળવજો જેથી મહેમાનોને મજા આવશે. સૌભાગ્ય અને દૃષ્ટિ-દોષના નિવારણ માટે રક્ષાપોટલી, દોરાધાગારૂપ કૌતુક ઔષધિ અને મંત્રોથી મંત્રિત જળવડે સ્નાન કરાવો, હોમ કરાવો. ગ્રહણનો દિવસ આવે ત્યારે, પુત્ર-પુત્રીઓ, આત્મીય માણસો, દાસ-દાસીઓ તથા પોતાના સુખને ખોટા સ્વપ્નાઓ આવે ત્યારે મંત્રિત પાણી વડે સ્નાન કરજો, પોતાના મસ્તકના પ્રતિનિધિરૂપે લોટના મસ્તક બનાવો અને મહાકાળી આદિ દેવીઓને બલિદાન આપો. જરૂર પડે તો પશુઓના માથા પણ ચડાવો, જૂદી જૂદી ઔષધિઓ, મદ્યમાંસના ભોજનો, માળાઓ, પુષ્પો, દીપ તથા ધૂપદાનાથી દેવીને પૂજો. ધૂમકેતુ ઉત્પાત-દુઃસ્વપ્ન-અશુભ શુકુન, ક્રૂર ગ્રહોની દશા, ગોચરની અશુદ્ધિ, આદિ અમંગળોને શાંત કરવા માટે હિંસાના માર્ગો સ્વીકારવા જોઇએ, સૌ ભૂખે મરે, નોકરી વિનાના થઈ જાય તો સારૂં જેથી કોઇને દાન આપવું ન પડે. તે દુષ્ટ માણસને તમે માર્યો તે ઠીક કર્યું, તે કુટુંબને તમે પાયમાલ કર્યું, તેમાં કંઇ પણ ખોટું થયું નથી."

ઉપર પ્રમાણેની ભાષાઓને તે અસત્યવાદીઓ નિરર્થક બોલતા જ રહે છે, પરલોકનો ભય તેમને હોતો નથી, કેમકે–અસત્ય બોલવાની ભયંકર કુટેવ તેમને જોરદાર પડેલી છે. જેનો ત્યાગ સમજદાર માણસ પણ કરી શકતો નથી, તો પછી ધર્મકર્મથી વિમુખ, ભાષા સમિતિ વિનાનો માનવ જૂઠ બોલવાની લત કેમ છોડી શકશે ?

કર્મોની સત્તા અને તેના ફળો :–

મન્દ, મન્દતર–મન્દતમ, તીવ્ર–તીવ્રતર અને તીવ્રતમ ભાવે માનસિક–વાચિક અને કાયિક ક્રિયાઓ થાય છે, જે કર્મોનાં બંધનનું મુખ્ય કારણ છે, જે સમયનો પરિપાક થયે, પોતાનું ફળ પણ બતાવવાની શક્તિ–કર્મસત્તા પાસે અનામત છે. બધાય ધર્મોના સૂત્રો, કથાનકોને જોઇ લીધા પછી એક જ વાત જાણવા મળે છે કે કર્મસત્તા સર્વ શક્તિસમ્પન્ન હોવાથી જીવમાત્રની તેના તેવા પ્રકારની સ્થિતિ થઈ જાય છે. અને બીજાઓ દ્વારા તેવા તેવા ફળો તેને ભોગવવાના રહે છે. ઇશ્વર નિરંજન નિરાકાર હોવાથી સંસારના સંચાલનમાં અને જીવોને સુખ દુઃખ દેવામાં સર્વથા અકિંચિત્કર છે. પિપ્પલનું પાનું ખરવામાં, વાદળાઓનું ગમન અને આગમન થવામાં તથા ફળોના પાક આદિમાં હવા મુખ્ય કારણ છે. જીવને ગર્ભમાં આવવું, નવ મહિના રહેવું, ગંદી કુક્ષિમાં દુઃખી થવું, ત્યાંથી બહાર આવવું માવડીનું અમૃતતુલ્ય દૂધ પીવું, મોટા થવું, પરણવું, વૃદ્ધાવસ્થાના દુઃખો ભોગવવા અને છેવટે મરી જવું આદિમાં

જન્મ લેનારાના ઋણાનુબંધન જ કારણ છે. અમુક સમયમાં ગેહું, બીજા સમયમાં બાજરીના વાવેતરમાં કાળદ્રવ્ય કામ કરી રહ્યું છે. ઇત્યાદિ પ્રસંગોમાં કર્મસત્તા જ બળવાન હોવાથી પૂર્વભવમાં જેવા જેવા પ્રકારના કર્મો ઉપાર્જિત કર્યા છે, તેના ફળો પણ તેવા જ અને તેવી રીતે ભોગવવાના મળે છે.

પુરૂષોત્તમ રામચંદ્રજીની ધર્મપત્ની સીતાજીને રાવણ શા માટે ઉપાડી ગયો? રાવણને દુર્બુદ્ધિ શા માટે થઇ? સીતાજી જેવી રૂપવતી બીજી સ્ત્રીઓ ઘણી હતી છતાં સીતાજીને ઉપાડી જવાનું કારણ? રાવણ અને સીતાજીના પ્રારબ્ધ કર્મો કોણે ઘડ્યાં? શા માટે ઘડ્યાં? આ અને આના જેવા બીજા પ્રશ્નોના જવાબો જૈન અને જૈનેતર મહર્ષિઓનાં એક જ છે અને તે પૂર્વોપાર્જિત કર્મો.

બીજા બધાય પાપોમાં અસત્ય ભાષણ, વ્યવહાર, વ્યાપાર પણ મોટું અને સત્તાવાહક પાપ છે, તેનાથી બંધાતા અશુભ કર્મોના ફળો જીવવિશેષને પણ ભોગવ્યા વિના બીજો માર્ગ નથી.

હવે વિસ્તારપૂર્વક તેના ફળો કહેવામાં આવે છે, જેનું પ્રત્યક્ષીકરણ સંસારના જીવાત્માઓ પર દૃષ્ટિપાત કરતાં થઈ જાય છે.

સૂત્રાનુસારે મૃષાવાદનું ફળ શું છે?

અરિહંત પરમાત્માઓએ કહ્યું કે, સંસારવર્તી કેટલાક અજ્ઞાની, મિથ્યાજ્ઞાની અને ભ્રમજ્ઞાની જીવાત્માઓ અસત્ય

બોલવાનું પાપ અને તેના ફળોને (વિપાકને) જાણતાં ન હોવાથી નરક તથા તિર્યંચગતિરૂપ દુર્ગતિમાં પરિભ્રમણ કરનારા હોય છે જ્યાં અસહ્ય, ભયંકર, મોટા અને નિરંતર એટલે લાંબા કાળ સુધીના દુઃખોને ભોગવવાના હોય છે. પૃથ્વી-પાણી-અગ્નિ અને વાયુકાયમાં સંખ્યાત તથા અસંખ્યાત કાળ, વનસ્પતિમાં અનંતકાળ, તિર્યંચમાં પલ્યોપમ અને નરક ગતિમાં સાગરોપમો જેટલો સમય વ્યતીત કરવાનો અનિવાર્ય છે. અસત્ય ભાષણ કરનારો જીવ પોતાના સહવાસમાં આવનારાઓ સાથે વૈર-વિરોધ, કલેશ અને કંકાસપૂર્વકના કર્મોનું બંધન કરતો હોવાથી ભવભવાન્તરમાં પણ ફરી ફરીથી તેવા જ સંસ્કારોની પ્રાપ્તિ તેમને થતી રહે છે, જે ભવપરંપરા વધ્યા વિના રહેતી નથી. ફળસ્વરૂપે દુર્ગતિમાં અથડાતાં, પરમાધામીઓના ડંડા ખાતાં. ફરીથી કોઈક સમયે માનવાવતાર મેળવવાને માટે ભાગ્યશાળી બને તો પણ, પૂર્વભવના અસત્યજનિત પાપોના કારણે પણ સારા ચાન્સોથી તેઓ વંચિત જ રહેવા પામે છે. તે આ પ્રમાણે :-નીચ જાતિ, દરિદ્ર કુળ અને ગરીબોના ઘેર જન્મે છે. કમાણી- નોકરીના અભાવે તેમની દશા સારી હોતી નથી. ત્રણ સાંધે અને તેર તૂટે તેવી દરિદ્રતાના જ તેઓ માલિક હોય છે, માટે આજીવન પરાધીનતા તેમના ભાગ્યમાં લખાયેલી છે. સંપત્તિ-સુખ-સમાધિથી દૂર ને દૂર જ રહે છે, જન્મે ત્યારથી જૂદી જૂદી જાતની બીમારીઓ તેમના ગળે વળગેલી જ હોય છે. રહેવાના મકાનો સાવ ટૂંકા, એન બેટીઓની મર્યાદા પણ ન સચવાય તેવા, અને

ચારે તરફ ગંદકીથી ત્રાસજનક હોય છે. ખાનદાન અને સજ્જન મિત્રો તેમનાં ભાગ્યમાં હોતા નથી. કોઢ, ખણજ, ચામડી તથા લોહીના રોગિષ્ટ હોય છે, તેથી શરીરનો આકાર બેડોળ, ચાલ ખરાબ, બોલવામાં કડવા, લડાઈ-ઝઘડા, વૈર-વિરોધ કરવામાં-વધારવામાં અને તડ ને ફડ કરવામાં અગ્રેસર હોય છે. ભાઈ-ભાંડુઓથી પાકી દુશ્મનાવટ અને પેટ ભરાય તેટલી આમદાની ન હોવાથી રાત-દિવસ, સંસારની ભઠ્ઠીમાં તપાઈ ગયેલા હોય છે. તેમનાં મન, બુદ્ધિ અને ઇન્દ્રિયો પાપ માર્ગે જ જવાની આદતવાળી હોય છે. તેજ, ઓજ, વર્ચસ્વ, યશ વિનાના હોય છે. શરીર અને આત્માના સારા સંસ્કારોથી હીન હોવાથી, તેમના શરીર, શ્વાસ અને વસ્ત્રો પણ દુર્ગન્ધ મારતા હોય છે; તેમના એકેય કાર્યમાં કે બોલવામાં પણ ચેતના દેખાતી નથી. ઉત્સાહ મરી પરવાર્યો હોય છે. એક ઇંચ જેટલો પણ વરસાદ પડે તો સૂવા, ઉઠવા, બેસવા કે રસોઈ બનાવવા માટે એક ઇંચની જમીન પણ તેમની પાસે હોતી નથી. કદાચ આગ લાગે તો સૌથી પહેલા આવા પૂર્વભવના વધારે પડતાં પાપ કર્મીઓના જ ઝુંપડા બળી જતા વાર લાગતી નથી. બાલ બચ્ચા અને સ્ત્રીઓને માટે ખોરાક, વસ્ત્રો અને મૃત્યુના સમયે ઔષધનો અભાવ હોવાથી રીબાતાં રીબાતાં મરવાનું ભાગ્યમાં લખાયેલું છે. દીન-દુઃખી અને અનાથ હોવાથી તેમની ભાષા લુખી-કઠોર અને કર્કશ હોય છે. માટે કયાંય બેસી શકવાની પણ લાયકાતવાળા હોતા નથી. સૌ કોઇના અપમાન અને સીપાહીઓના માર ખાતા જ રહે છે. નિરક્ષર હોવાથી જ્ઞાન-વિજ્ઞાન

સમજણ અને બુદ્ધિ વિનાના જડભરત જેવા હોય છે. મૂંગા અને બહેરા પણ હોય છે. કાળી મજૂરી કરતાં તેમના શરીરના રંગ-રૂપ પણ રીસાઈ ગયેલા હોય છે. આંખો બેડોળ, કપાળ બરાબ અને ચહેરો ન ગમે તેવો હોય છે. જાતિ-કૂળ અને ગોત્ર હીન હોવાથી કચાંય પણ વિશ્વસનીય બનતાં નથી. નીચ અને હલકી જાતના માણસો સાથે જ તેમનું ઉઠવું, બેસવું અને ખાવા-પીવાનું હોવાથી સર્વત્ર નિંદાને પાત્ર બને છે. બીજાઓને ત્યાં જાડુ કાઢવાનું, વાસણ માંજવાનું, લુગડાં ધોવાનું, ગંદી ગલીઓને સાફ કરવાનું, સંડાસ અને બાથરૂમને ધોવાનું આદિ કાર્યો કરવાના તેમના નસીબમાં હોય છે. ધર્મ-મંદિર-સંગીત મંડળી કે સાધુ સંતોના ઓટલા તેમને પ્રાપ્ત થતાં નથી. ધર્મબુદ્ધિથી વિકલ હોવાથી ધર્મની એકેય મર્યાદા તેમના જીવનમાં આવતી નથી. ગત ભવોના પાપોને ભોગવતાં તેઓ રાતને દિવસ નિસાસા નાખતાં અપમાન, નિંદા, તિરસ્કાર આદિની માનસિક યાતનાઓથી તેઓ બહાર આવી શકતાં નથી. ગુરુ, સ્વજન, ભાઈ-ભાંડુ અને મિત્રોથી અનાદરવાળા હોય છે. ગમે ત્યાં અને ગમે તેણે ધાડ પાડી હોય તો પણ સિપાહીઓ તેમને જ સૌથી પહેલાં અટકમાં લઈ લે છે, ત્યાં ડંડા-હંટરના માર બાબા પછી જેલમાં રહેવાનું પણ શકય બને છે. હૃદય અને મન સંતપ્ત રહે છે. મનગમતા ભોજન, પીવાના ઠંડા પાણી, સારા વસ્ત્રો તેમના ભાગ્યમાં કચાંથી હોય? જેને ત્યાં નોકરી કરે છે તે શેઠની, ઓફીસરની, હાજરી ભરવાવાળા જમાદારની ગંદી અને હલકી ભાષા જ સાંભળવાની રહે છે.

ઉપર પ્રમાણેની ભયંકર યાતનાઓ, દુઃખો, સંતાપો પીડાઓ જ તેમના ભાગ્યનો ફળાદેશ છે. પૂર્વભવના મૃષાવાદના દુઃખોથી સંતપ્ત બનેલા તેઓ ફરી ફરીથી જૂઠ બોલના માર્ગે જ જતા હોય છે.

મૃષાવાદનો ઉપસંહાર :-

મૃષાવાદથી આત્મા કેવી રીતે ભારે બને છે અને ચારે ગતિઓમાં ભ્રમણ કરતો કેવાં દુઃખો ભોગવે છે, તે જાણી લીધા પછી હવે આ પ્રકરણનો ઉપસંહાર કરતાં સૂત્રકાર ફરમાવે છે કે–આ અલીક વચન અર્થાત્ જૂઠ બોલવારૂપ અસત્ય ભાષણ આ લોક તથા પરલોકને બગાડનારૂં છે. વર્તમાનમાં જે ભવમાં હોઇએ તેને આ લોક અને મૃત્યુ પામીને જ્યાં જઇએ તે પરલોક છે. મૃષાવાદી જીવ ચાલુ ભવમાં જે દુઃખો અને મર્યા પછી નરકગતિ અને તિર્યંચગતિના દુઃખોને જે રીતે ભોગવે છે તે કહેવાઇ ગઈ વાતને ફરીથી સૂત્રકાર કહી રહ્યાં છે. પાપના ફળોને વારંવાર કહેવાથી, વાંચવાથી, પાપભીરૂતા પ્રાપ્ત થાય છે, જેથી માનવને ખ્યાલ આવે કે 'મૃષાવાદ' જેવું ભયંકર પાપ બીજું નથી. ભોગવાતા સુખોમાં સરવૈયું કાઢતાં પછી, એટલે મૃષાવાદ બોલ્યા તે પછીના કાળમાં, દુઃખોની પરમ્પરા સર્જાતી હોય તો તે સુખો અને તેના ભોગવટા પણ દુઃખોત્પાદક હોવાથી દુઃખ જ છે, માટે મૃષાવાદ સુખ રાહત છે, અને દુઃખોત્પાદક વર્ધક અને પરમ્પરક છે. ચારે તરફથી ભય સંજ્ઞાનો ઉત્પાદક છે. કેમકે–તેવાઓ ચારે તરફ ભયના માર્યા વારંવાર જોયા કરે છે અને

દુઃખના નિસાસા નાખે છે. કર્મોનું ઉપાર્જન વારંવાર થાય છે એટલે કે, જેના કારણે અસત્ય બોલાશે તેના તરફથી શાપ જ મળવાના હોવાથી સાતે પ્રકારના કર્મો પ્રતિ સમયે બંધાતા રહે છે. જેના ભોગ આત્માને ખૂબ જ ભીષણ અને કઠોર લાગે છે. અશાતાવેદનીય કર્મને બંધાવનારો, નિકાચિત કરાવનારો અને ભવાન્તરમાં પણ તેની પ્રાપ્તિ કરાવનારો છે. આખી જીન્દગાનીમાં એક જ વાર કેવળ એક જ પ્રસંગે જૂઠ બોલનાર વસુરાજા નરકગતિના લાંબો કાળ સુધીના દુઃખો ભોગવી રહ્યો છે. તો પછી મિનિટે મિનિટે જૂઠ બોલવાવાળાની શી દશા ? મૃષાવાદી પ્રાયઃ કરી તુચ્છ–નીચ અને ચંચલ સ્વભાવનો હોય છે, સર્વત્ર અપ્રીતિકર, અપકીર્તિકર અને વૈરકારક છે એટલે કે, તેવા માનવો કયાંય પણ પ્રીતીને ટકાવી શકતા નથી; માટે અપકીર્તિ જ તેમના ભાગ્યમાં રહે છે.

ચારે તરફથી રતિ–રાગ–દ્વેષ અને મનને કલેશ દેનાર મૃષાવાદ છે. સફળતાનો નાશ કરે છે, માયા વધારે છે, ગમે તે પ્રયોજનથી બોલાતો મૃષાવાદ બીજાઓને પીડાકારક હોય છે. જે સમયે આત્મા મૃષાવાદનો આશ્રય લે છે, તે સમયે તેમની પરિણતિ (અધ્યવસાયો) પ્રાયઃ કરી હિંસક હોય છે, મલિન હોય છે. માટે ફરી ફરીથી દુર્ગતિને પ્રાપ્ત કરવાની રહે છે. જેના માટે મૃષાવાદ બોલાય છે તે કર્મો સામે વાળો આત્મા જ્યાં સુધી સંસારમાં રહેશે, ત્યાં સુધી ભોગવ્યા વિના છુટકો નથી, તેથી પ્રત્યેક ભવમાં મૃષાવાદનું પાપ જીવાત્માની સાથે જ રહે છે.

ઉપર પ્રમાણેની મૃષાવાદ સંબંધીની વાતો, જ્ઞાતપુત્ર મહાવીરસ્વામીએ બારપર્ષદાની વચ્ચે કરી છે, તે હું સુધર્મા-સ્વામી તને જંબૂકુમારને કહું છું.

જે પુણ્યાત્માઓ તીર્થંકર પદની પ્રાપ્તિ કરે તેનાથી ત્રીજા ભવ પહેલા વીશસ્થાનકોની કે તેમાંથી એકાદ પદની પણ મન, વચન અને કાયાથી આરાધના કરે છે. તે સમયે સંસાર અને સંસારી જીવો પ્રત્યેનું તેમનું વૈરાગ્ય સૌને માટે આદરણીય, પ્રશંસનીય અને શ્રદ્ધેય હોય છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે :-

(૧) સંસારવર્તી જીવો પોતાના જ કરેલા કર્મોના કારણે દુઃખ ભોગવી રહ્યાં છે, રીબાઈ રહ્યાં છે, રોગોથી આક્રાન્ત બનેલા છે, કુટુંબના મેમ્બરોથી ત્રસ્ત છે, માની લીધેલા મિત્રોથી કે શત્રુઓથી ભયગ્રસ્ત છે.

(૨) આ બિચારા અજ્ઞાની જીવો એક કુટુંબમાં રહે છે તો પણ તેમને જીવતાં આવડતું ન હોવાથી કલેશ કંકાસમાં જીંદગી પૂરી કરે છે, મિથ્યાજ્ઞાનથી વાસિત હોવાથી ' મારા કરેલા આ કર્મો જ્યારે ભોગવવા પડશે ત્યારે મારી દશા કેવી થશે ? ' તેવું જ્ઞાન તેમને હોતું નથી.

(૩) આ કારણે હું પોતે જ સંસારના જીવોને સુખ-શાંતિ અને સમાધિ આપનારો થવા પામું, તેવા પવિત્ર, સર્વથા પવિત્ર ભાવનો માલિક બનીને બીજા જીવોને મન-વચન અને કાયાથી તેમને દુઃખ મુક્ત કરનારો બનવા પામું.

(૪) તે માટે કરોડાધિપતિ કે સત્તાધારી ન બનવા પામું. કેમકે સ્વયં રોગગ્રસ્ત માનવ બીજાને રોગમુક્ત, ભયગ્રસ્ત માનવ બીજાને ભયમુક્ત બનાવી શકવા સમર્થ નથી હોતો. પરંતુ સંસારનો ત્યાગી તેમના કરતાં પણ કરોડોગણા સંસારને સુખી બનાવે છે. માટે હું પોતે સંયમ ગ્રહણ કરી ઉત્કૃષ્ટ તપનું આરાધન કરી તેવા પ્રકારની શક્તિને પ્રાપ્ત કરૂં જેથી ઘણા જીવોને સંસારમુક્ત બનાવી શકું.

(૫) ઉપર પ્રમાણેની ભાવદયાથી ઓતપ્રોત બનેલા અને પરજીવોની દયા ખાઈને તપધર્મની આરાધનાથી તીર્થંકરપદ પ્રાપ્ત કરે છે. આ કારણે જે પવિત્રાનુષ્ઠાનોના મૂળમાં જ પવિત્રતમ ભાવ રહેલો હોય તેના ફળો પણ પવિત્ર જ હોય તે સ્વાભાવિક છે.

આ કારણે ત્રીજા ભવે આરાધેલા વીશ સ્થાનકોના બળે ક્ષત્રિયકુળ જેવા પવિત્રોત્તમ રાજવંશી કુળમાં જન્મ લે છે, ભોગ સામગ્રીનો ત્યાગ કરે છે, સંયમ સ્વીકારે છે, તપ કરે છે અને ઘાતીકર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન મેળવે છે. તે સમયે જ તેમને તીર્થંકરપદની પ્રાપ્તિ થતાં દેવેન્દ્રોના, અસુરેન્દ્રોના સ્થિર આસનો પણ કંપી ઉઠે છે. અને તેઓ આવે છે, કેવળજ્ઞાનનો મહોત્સવ કરે છે.

આ પ્રમાણે જેમના જીવનમાં રાગ નથી, દ્વેષ નથી, મોહ નથી, માયા નથી, તેમ તેમના ચિહ્નો પણ નથી, તેવા પરમાત્માઓ જીવ માત્રને ઉપદેશ આપતાં કહે છે કે, 'હે ભાગ્યશાળીઓ! તમે જૂઠ બોલવાનું બંધ કરો, કેમકે તેના જેવું ભયંકર પાપ બીજું નથી.' 卐

મૃષાવાદનો બીજો વર્ગ પૂર્ણ...

ત્રીજો અધ્યાય : ત્રીજો વર્ગ

' અદત્તાદાન '

બીજા અધ્યાયમાં મૃષાવાદ સંબંધીનું વિવેચન કરવામાં આવ્યું છે. હવે ત્રીજા અધ્યાયમાં અદત્તાદાનનું વિવેચન કરવામાં આવશે. કેમકે જેઓ અદત્તાદાની (ચોર) છે, તે લગભગ મૃષાવાદી (જૂઠા બોલા) જ હોય છે, તેથી મૃષાવાદ પછી ક્રમથી અદત્તાદાનનું પ્રકરણ ઉચિત છે.

' દત્ત ' એટલે આપેલું અને ' અદત્ત ' એટલે નહિ આપેલું. નાની કે મોટી, સચિત્ત કે અચિત્ત, વસ્તુનો માલિક જે હોય તેની રજા સિવાય, પૂછયા સિવાય કે તેને અંધારામાં રાખીને લઈ લેવી તેને અદત્તાદાન કહેવાય છે. સારાંશ કે– વસ્ત્ર આભૂષણ, પુસ્તક, મકાન, મકાનની જમીન, ખેતર, સ્ત્રી કે પુત્રી (કન્યા–વિધવા–સધવા) વગેરેના માલિકે નહિ આપેલી હોય તેનું છેતરપીંડીથી, વિશ્વાસઘાતથી ગ્રહણ કરવું, પચાવી લેવું તે અદત્તાદાન છે જેના ચાર પ્રકાર છે. તે આ પ્રમાણે :—

(૧) તીર્થંકર અદત્ત :—જે વ્યવહારમાં, વ્યાપારમાં, બોલવામાં કે રહેણીકરણીમાં તીર્થંકર પરમાત્માઓની આજ્ઞા ન હોય તેવા કાર્યો કરવામાં તીર્થંકર સંબંધી અદત્તાદાન લાગે છે.

(૨) ગુરુ અદત્ત :-પંચ મહાવ્રતધારી ગુરુ ભગવંતોની જેમાં આજ્ઞા નથી અથવા જે કામ કરવામાં તેમનો નિષેધ હોય તેવા કાર્યો કરવા તે ગુરુ અદત્ત કહેવાય છે. જેમકે ગોચરી લાવવાવાળો શિષ્ય કેવળ ગોચરી લાવવાનો અધિકારી છે, પણ ઝોળીનો કે ગોચરીનો માલિક લાવનાર નથી પણ ગુરુ મહારાજ માલિક હોવાથી તેમની આજ્ઞા સિવાય ગોચરીનો ઉપયોગ-ઉપભોગ કે દુરૂપયોગ કરવો તે ગુરુ અદત્ત એટલે કે ગુરુની ચોરી કહેવાય છે.

(૩) સ્વામી અદત્ત :-ઉપાશ્રય, વાડી, મકાન આદિનો જે માલિક હોય તેની આજ્ઞા વિના તેનો ઉપયોગ કરવો તે *સ્વામી અદત્ત કહેવાય છે. જેમકે વિહાર કરતાં કરતાં વાડી* કે બગીચો આવ્યો હોય, તેમાં રહેલા ફળાદિ પદાર્થો વાડીના માલિકના કહેવાય છે, તેથી તેમને પૂછ્યા વિના ઝાડનું એકેય પાંદડું, ફળ, પુષ્પ તોડવા તે ચોરી છે. અથવા જે ઉપાશ્રયમાં રહ્યાં હોઇએ તેમાં રહેલી વસ્તુ જોઇતી હોય તો તેના ટ્રસ્ટી, મુનીમ, છેવટે ચોકીદારને પણ પૂછ્યા વિના લેવી તે સ્વામી અદત્તાદાન છે.

(૪) જીવઅદત્ત :-કોઇની વાડી, બગીચો કે ઘરેમાં બેઠા હોઇએ ત્યારે તેઓ ગમે તે ફળાદિ આપે તેમાં સ્વામીઅદત્ત નથી, પણ તે ફળાદિમાં જે જીવો રહેલા છે તેઓ ખાનારને કહેતા નથી કે તમે મને ચીરી નાખો, મારા પેટમાં ચીરો કરો, મીઠું મરચું ભરો, કે ચૂલા પર ગરમ પાણીમાં મને નાખો, માટે આ જીવ અદત્ત ચોરી કહેવાય છે. કૂવા કે વાવડીનો

માલિક આપણને પાણીની ડોલ ભરીને ભલે આપે, પણ તેમાં રહેલા જીવો પણ મરવા નથી માંગતા હોવાથી તેનો ઉપયોગ જીવ અદત્ત કહેવાય છે.

ઉપર પ્રમાણેની ચારે પ્રકારની ચોરી (અદત્ત)નો ત્યાગ, સમિતિ–ગુપ્તિનો ધારક, ગુરુ આજ્ઞામાં સમર્પિત થયેલો જૈન મુનિ આજે પણ કરી રહ્યો છે. ગમે તેવી ભૂખ લાગી હોય કે તરસ લાગી હોય તો પણ તે કાચા કે પાકા ફળોને તોડતો નથી, તેનો સ્પર્શ પણ કરતો નથી, તેમ વાવડી, નળ–તળાવ આદિના સચિત્ત પાણીનો સ્પર્શ પણ કરતો નથી.

જૈન મુનિથી ઉતરતો બાર વ્રતધારી શ્રાવક હોય છે. યદ્યપિ અદત્તાદાનનો સમ્પૂર્ણ ત્યાગ તેમણે કર્યો હોતો નથી, તો પણ તે પાપ જ છે, તેવી સમજણ રાખીને ઉપરની ચારે પ્રકારની ચોરીનો ત્યાગ તેનાથી થઈ શકતો નથી. તો પણ યથા શકય અને યથા પરિમાણ તેને ત્યાગે છે, ત્યાગવાની ભાવના રાખે છે.

આનાથી ઉતરતાં વ્રત વિનાના સમ્યગ્દૃષ્ટિ જીવો છે, તેઓએ યદ્યપિ સૂક્ષ્મ કે સ્થૂળ અદત્તાદાનનો ત્યાગ કર્યો નથી, પરન્તુ તેમના હૃદય મંદિરમાં સમ્યક્ત્વનો પ્રકાશ થયેલો હોવાથી અદત્તાદાન કોને કહેવાય? તેની સમજણ બરાબર લીધેલી હોવાથી, ગમે ત્યારે પણ ચારિત્ર મોહનીય કર્મ ઢીલું પડશે અને એક દિવસ આવો પણ આવશે કે ચૌર્ય કર્મનો ત્યાગ આસાનીથી કરી લેશે.

તેમનાથી ઉતરતાં માનવો, જે સમ્યગ્દર્શન મેળવી શકયા નથી, તેમને ચૌર્યકર્મ અને અચૌર્ય કર્મ કોને કહેવાય તેનો ખ્યાલ પણ આવી શકે તેમ નથી; માટે તેમના જીવનમાં અદત્તાદાન (ચોરી) ના બધાય માર્ગો ઉઘાડા હોવાથી, ગમે ત્યારે પણ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી પણ ચોરી કરવાની શકયતાને નકારી શકાય તેમ નથી.

દ્રવ્ય ચોરી–એટલેગમે ત્યારે, તેના દ્રવ્યને, તોલથી–માપથી, હિસાબ કિતાબના ગોટાળાથી કે ભેળસેળથી ચોરવાની ભાવના.

ક્ષેત્ર ચોરી–એટલે ગામ, નગર, ઉદ્યાન કે બીજે ગમે ત્યાંથી પણ ચોરી કરવાની ભાવનાને ક્ષેત્ર ચોરી કહેવાય છે.

કાળ ચોરી–એટલે કે, દિવસમાં પણ ચોરી, અને રાતમાં પણ ચોરી કરવાના ખ્યાલાતો હોવાથી ચોરી કરવાની તક મળતાં ચોરી કરશે.

ભાવ ચોરી–અર્થાત્ રાગાત્મક અને દ્વેષાત્મક બનીને પારકાની વસ્તુનું અપહરણ કરશે.

વ્રત વિનાના માનવો ધર્મની મર્યાદાથી બહાર હોવાના કારણે ચૌર્ય કર્મમાં મશગુલ બને છે અને સુખી જીવનને જાણી બુઝી દુઃખી બનાવે છે.

આર્ય સુધર્માસ્વામી, પોતાના શિષ્ય જમ્બૂસ્વામીને કહે છે કે, હે જમ્બૂ! સમવસરણમાં બીરાજમાન થઇને ભાવદયાના

સાગર, તીર્થંકર, અરિહંત, દેવાધિદેવ, શ્રી મહાવીરસ્વામીએ ત્રીજું પાપ અદત્તાદાન જે પ્રમાણે કહ્યું છે, તે હું તને કહી સંભળાવું છું, તો સાવધાન થઈને સાંભળ :–

ચૌર્યકર્મને પાપ તરીકે નહિ જાણનારાઓને આવો વિચાર નથી આવતો કે, ' હું કરી રહ્યો છું તે ચોરી કહેવાય ? અથવા ભ્રમજ્ઞાન કે વિપરીત જ્ઞાનને લઈને પણ–રૌહિણેય ચોરનો પિતા આમ સમજી બેઠો હતો કે ' મારા ખાનદાનમાં જન્મેલાને ચોરી કરવી પાપ નથી પણ ધર્મ છે. અથવા પૂર્વ-ભવના ચૌર્યકર્મ કરવાના કર્મોના પ્રદેશોના ભારથી તેઓને ચોરી કર્યા વિના ચાલતું નહિ હોવાથી આજીવન તે કર્મ કરવામાં જ જીવન પૂર્ણ કરશે. મતલબ કે, ગતભવોમાં ઘણા પ્રકારે ચૌર્યકર્મ આચર્યું તેના સંસ્કારો આ ભવમાં ઉદિત થયા, હવે આ ભવમાં ફરીથી તેવા–કર્મો–પાપો કરશે તો સંસાર કારાગૃહમાંથી કેવી રીતે છુટી શકશે ? અથવા પૂર્વ-ભવના પુણ્યકર્મોના ઉદયથી આ ભવમાં દૂધ રોટલા મળેલા છે તો પણ, મદિરાપાન જેવા મોહકર્મને લઇ વ્યાજ, હિસાબ, લેણદેણ, ભેળસેળ, જૂઠી સાખ, થાપણ મોસો આદિ કરીને પણ ચૌર્યકર્મનું સેવન કરશે. કેમકે ગયા ભવોમાં પુણ્યકર્મોની સાથોસાથ ચૌર્યકર્મના સંસ્કારો પણ ભારોભાર ઉપાર્જન કરેલા છે. આવા માણસો અવસર આવ્યે લાખોના દાન પુણ્ય કરશે, પણ ચોરીના વ્યાપાર છોડી શકે તેમ નથી. તીર્થંકરોની વાણી સાંભળશે, પણ પાપ કર્મોની આદત છોડી શકે નહિ. માટે જાણવાનું સરળ બને છે કે પૂર્વભવના સંસ્કારોના મૂળ કેટલા બધા મજબૂત હોય છે.

અદત્તાદાનનું સ્વરૂપ શું છે ?

સૂત્રના પ્રસ્તુત આલાવામાં ચૌર્યકર્મ કરવાની આદત, જેની નસે નસમાં પડી ગઈ હોય છે તે માણસોના બાહ્ય અને આભ્યંતર સ્વભાવો કેવા હોય છે ? તેનું નિરૂપણ નીચે પ્રમાણે જાણવું.

(૧) હર–એટલે હરણ કરવું. ચોરનું મન હંમેશા પારકાનું ધન પોતાને સ્વાધીન કરવાનું હોવાથી તેઓ આ પ્રમાણે બોલતા રહે છે : 'આનું ધન હરી લો, ખેતર પડાવી લો, આની ડોશી મરી જાય કે તત્કાળ તેનું ઘર કબજે કરી લો, વ્યાજમાં ગોટાળા કરીને પણ તેની થાપણ પચાવી લો' ઇત્યાદિ વિચારો તેમને રાત–દિવસ આવતા હોય છે.

(૨) દહ–પાડોશી ન માને તો કોઇને ખબર પડવા ન પામે તેવી રીતે તેના મકાનમાં કે વાડામાં આગ લગાવી દઇએ, જેથી હતાશ થયેલા તેમની જમીન આપણે પચાવી લઇશું.

(૩) મરણ–સામેવાળો લેવા દેવામાં આપણું કહ્યું ન માને તો તેને ઝેર દઇને કે જંગલમાં લઈ જઈ ધારિયાથી પણ મારી નાખીએ. જેથી તેની મિલ્કત, મકાન, જમીન આપણા કબજે આવી જશે.

(૪) ભય–શસ્ત્રાદિનો ભય બતાવીને પણ સામેવાળાનું ધન હરી લેવું. કેમકે આ માણસને ભય બતાવ્યા વિના ચાલે તેમ નથી.

(૫) કલુષ–સામેવાળાને ત્રણ ભાગીદાર હોય તો બે જણને આપસમાં લડાવી મારવા, તેમનામાં કલેશ વધારી દેવો જેથી તેઓ કંટાળીને પણ જૂદા પડશે. ત્યાર પછી એકને ધાકધમકી આપીને ભયગ્રસ્ત બનાવી લેવાથી તેનો ઉદ્યોગ–ફેકટરી–કંપની–પેઢી–ઓફીસ આપણા કબજામાં આવી જાય.

(૬) तासण–त्रासन....यदि કલેશ–કંકાસ કરાવવાથી આખો લાડવો હાથમાં ન આવે તો બીજી રીતે સામેવાળાને ત્રાસ આપવો. જેમકે હિસાબમાં જાણીબુઝીને ગોટાળાઓ કરી બંનેને કહેવું કે–" આપણી પેઢી, ફેકટરી, કંપની આદિ ખોટમાં જાય છે, માટે કાં તો તમે બંને છુટા થઈ જાઓ, અન્યથા મારી રોકાયેલી મુડીને હું કબજે કરી લઉં છું.' આવી રીતે ત્રાસ ઉત્પન્ન કરીને બીજાઓ સાથે કામ લેવું.

(૭) परसंतगगिज्झि....પારકા ધનમાં આસક્તિ રાખવી અને તે ધનને જે રીતે પણ સ્વાધીન કરી શકાય તેવા મનસુબા કરવાં.

(૮) લોભ–પારકાની અઢળક શ્રીમંતાઇને જોયા પછી રૌદ્રધ્યાન કરવું. અને સમયની કે શ્રીમંતની નબળી કડીને ધ્યાનમાં રાખી અવસર આવ્યે તેના પર 'ઘા' કરવો જેથી તે હંમેશને માટે નબળો પડી જાય.

ઉપર જણાવેલા અને હવે પછી જણાવાશે તેમાં અદત્તાદાનનો ભાવ કામ કરી રહ્યો છે.

(૯) કાળાવસમસંસિયં.... ચોરી કરનારા માણસોને ચોરી કરવાનો સમય રાતનો હોય છે તથા જંગલમાં તેમનો વાસ છે. મતલબ કે અમારા પાપ પકડાઈ ન જાય તે ભયથી તેઓ નિર્જન સ્થાનમાં રાતવાસો કરે છે અને અવસર જોઇને ચોરપગલે ગામમાં આવે છે, તથા નક્કી કરેલા મકાનમાં ખાતર પાડે છે. આ કારણે કહેવાયું છે કે, ચોરીજારી કરનારાઓ રાતભર જાગતા રહે છે અને દિવસે અઘોરીની જેમ ઊંઘે છે.

(૧૦) અત્યંત નિકૃષ્ટતમ પાપોદયના કારણે જે માનવોની વિષયવાસના તૃપ્ત થતી નથી અથવા તેની પૂર્તિ માટે ખોરાક આદિના અભાવને પૂર્ણ કરવા માટે પણ નરક તરફ પ્રસ્થાન કરાવનારી ચોરી કરવાના કામો કરે છે. માટે જ અતૃપ્ત વાસના અદત્તાદાનને પ્રોત્સાહન કરનાર છે નોકરી કરતાં પગાર ટૂંકો હોય, આમદાની ઓછી હોય, સાથોસાથ ઇન્દ્રિયોના ભોગવટાની વાસના પણ તીવ્ર હોય ત્યારે દ્રવ્ય વિના ચાલતું નથી. આ કારણે જ્યાં હાથ લાગે, ફાવટ આવે ત્યાં ચોરી કર્યા વિના છુટકો નથી.

(૧૧) જેની હાથચાલાકી કે વાચાળતા ચૌર્યકર્મમાં કારણ બને છે તેમના ભાગ્યમાં અપજસ જ શેષ રહે છે.

(૧૨) ચોરી કરનારનું માનસિક જીવન અનાર્યત્વને પામેલું હોવાથી તેનો વ્યવહાર પણ અનાર્યસ્વરૂપ બને છે.

(૧૩) પારકા મકાનમાં કયા માર્ગે જવું જેથી તેની માલમતા પણ હાથ લાગી જાય અને કોઇને ખબર પણ પડવા ન પામે. આવા અધ્યવસાયો ચોરના હોય છે.

(૧૪) પારકાની અમુક વસ્તુ ચોરવી છે, તો સામેવાળો જ્યારે બીજા કામમાં હોય ત્યારે તેની મનીબેગ, ઘડિયાળ, ચંપલ, બુટ લઈને પલાયન થઉં

(૧૫) આજે ચોરી કરવા જઉં અને તે માણસ જાગતો હશે તો ? અથવા કોઇના લગ્ન આદિના વરઘોડામાં હજારો માણસો હશે, તેઓ મને જોઈ લેશે તો ? આપત્તિ આવ્યા વિના રહેશે નહિ, તેથી માણસોની અવરજવર ઓછી થયા પછી જવાનું રાખું જેથી મારા પાસા પોબાર પડે.

(૧૬) રાજા આદિની આજ્ઞા કયા માર્ગે જવાની છે અને કયા માર્ગે જવાની નથી તેની તપાસમાં રહેવાના અધ્યવસાયો ચોરના હોય છે.

(૧૭) ચોરી કરવા માટે અત્યારે અમુક ગલીમાં જઉં. કેમકે શરાબપાનના નશામાં ઘરના અને ફળીયાના માણસો ઉંઘી ગયા હશે.

(૧૮) "વ્યાપારાદિનું કામ પતાવીને શ્રીમંતો ૧૦-૧૦ વાગે ઘેર આવે, જમે અને પછી સુવાનું રાખે છે, ત્યારે સહજમાં મધ્યરાત્રિ થઈ જાય છે, તે સમયે તેમને ત્યાં પહોંચી જવું સારૂં" ચોર હંમેશા આવી ગણત્રી કરતો જ હોય છે.

(૧૯) 'અમુકનું ધન હરી લેવું છે, ગજવું સાફ કરવું છે' તેવા વિચારોથી મંત્ર પ્રયોગ-બળ પ્રયોગ, હાથ ચાલાકી, છેવટે સામાવાળાની આંખમાં મરચું નાખીને પણ ચોર પોતાનું કામ કર્યા વિના રહેતો નથી.

(૨૦) ચોરી જારી કરનારાઓનું ભેજું હંમેશા અશાન્ત જ રહેતું હોવાથી તેઓ સભ્ય, સજ્જન અને સાધુ સંતોની પાસે પણ બેસી શકતા નથી.

(૨૧) વારંવાર ચોરીઓ કરવાથી અવસર આવ્યે, ગમે તેવા દુષ્કર્મો કે બીજા પણ પાપાચરણો કરી નાખતાં તેમને વાર લાગતી નથી.

(૨૨) તેમને કોઈના પ્રત્યે દયા પણ હોતી નથી કેમકે જ્યારે ને ત્યારે તેમથી આંખો ચારે તરફ ફરતી હોવાના કારણે, ગમે તેમ કરીને પણ પારકાને લુંટી લેવાની જ તમન્ના-વાળા હોય છે.

(૨૩) રાજપુરુષો તથા પોલિસો પણ તે ચોરોથી સાવધાન રહે છે. અર્થાત્ ચોરી કરનારા માણસો ઉપર તેમની વક્રદૃષ્ટિ પડેલી જ હોય છે.

(૨૪) સાધુ સંતો ચોરોની પાસે રહેતા ભય પામે છે, તો બીજાઓને માટે તેવા માણસો ભયપ્રદ બનવા પામે, તેમાં શું આશ્ચર્ય!

(૨૫) કુટુંબ તથા મિત્ર મંડળમાં પણ તેવા માણસો બેસવાની લાયકાત વિનાના હોય છે.

(૨૬) દ્રવ્યપાપ, ભાવપાપનું પોષણ કરતું હોવાથી ચોરના જીવનમાં ઘણાઓની સાથે રાગ અને ઘણાઓની સાથે દ્વેષ વધવા પામે છે, પોતાતા સાથીદારોને પૈસો, ભોજનપાણી

તથા ચોરેલું ધન સસ્તા ભાવે લેવાના કાર્યોમાં રાગ હોય છે. જ્યારે બાકીના બધાની સાથે દ્વેષ–શત્રુતા–વૈર આદિ વધવા પામે છે. માટે ભયગ્રસ્ત ચોર હંમેશા દુઃખી જ હોય છે.

(૨૭) ચોર, કઇ રીતે ? કોનાથી ? અને કેવા શસ્ત્રોથી મરણ પામશે, તેની ખબર હોતી નથી; કેમકે જેને ત્યાં ચોરી કરવા જાય અને તે માલિક જાગૃત હોય તો લડાઈ ઝઘડા થતાં વાર ન લાગે અને તેમાં કદાચ ચોર મરી પણ જાય છે અથવા ઘાયલ થાય છે.

(૨૮) પોતાના સાથીદારોનો પણ ભય રહેતો હોવાથી, ચોરને બહુ જ સાવધાનીથી રહેવું પડે છે અને કોઇક સમયે સાથીદારોના હાથે પણ મોતના ઘાટે ઉતરવાનો સમય આવી જાય છે.

(૨૯) ચોરેલા માલને વહેંચણી કરતાં પણ પક્ષના માણસો સાથે ઝઘડા અને છેવટે મારામારી પણ થયા વિના રહેતી નથી.

(૩૦) ચોરી કરનારો ઘણા કુટુંબોનો શત્રુ બનતો હોવાથી છેવટે પાપકર્મોનો ભારો જ તેના માથા પર રહે છે અને નરકાદિગતિનો અતિથિ બને છે.

(૩૧) સંસારની માયામાં લોભાન્ધ બની પાપમાર્ગે ગયેલા ચોરને વારંવાર જન્મ ધારણ કર્યા વિના બીજો માર્ગ નથી.

(૩૨) છેવટે આ ચાલુ ભવના ચોરીકર્મના કુસંસ્કારો ભવોભવમાં સાથીદાર બને છે અને પ્રત્યેક ભવમાં તે સંસ્કારોનો પ્રવાહ વધતો જ રહે છે. પરિણામે ચોરનો અંત સમય પણ દુઃખદાયી, દયાપાત્ર અને ઘૃણાજનક જ હોય છે.

ઉપર પ્રમાણે ત્રીજા આશ્રવનું સ્વરૂપ દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું છે. હવે તેના પર્યાયો કહેવામાં આવે છે.

અદત્તાદાન શબ્દના પર્યાયો કેટલા છે ?

પર્યાયો એટલે નામાન્તર, અદત્તાદાનનો અર્થ ચોરી કરવી તે છે, પણ આ અર્થને કયા કયા શબ્દોથી કહેવું ? તે પર્યાયો છે, જેની સંખ્યા ૩૦ ની છે.

૧. **चोरिक्कं**–માલિકની પરવાનગી (રજા) વિના તેમની કોઈ પણ વસ્તુ ચોરવી તે ચોર માણસ જ તેવું કરી શકે છે. જેઓ પૂર્વભવના તેવા જ સંસ્કારો લઈને જન્મ્યા હોય છે, જેથી બીજાનું દ્રવ્ય હરણ કર્યા વિના તેમને બીજા એકેય કામમાં આનન્દ આવતો નથી.

૨. **परहडं**–હાથ–પગ–આંખ કે બોલવાની ચાલાકીવડે બીજા પાસેથી વસ્તુ પડાવી લેવી, અથવા તેમના ભોળપણનો લાભ લઈ, અથવા ધર્મના નામે તેમને વિશ્વાસમાં લઇ તેમનું ધન, વસ્ત્ર, છત્રી, પેન, ઘડિયાળ, ચશ્મા, ચંપલ, મનીબેગ વગેરે પડાવી લેવી તે પરાહૃત કહેવાય છે.

૩. **अदत्त**–તૃણથી લઈ મૂલ્યવાન વસ્તુ, જે કોઇની દીધેલ નથી તે અદત્ત છે.

૪. ક્રૂરિકડં–નિર્દય બનીને બીજાને ધાકધમકી આપવી, કે છરો, લાકડી કે તમંચો બતાવીને તેમનું બધું છીનવી લેવું તે ક્રૂરિકૃત છે.

૫. પરલાભો–પસીનો પાડ્યા વિના પારકાનું દ્રવ્યાદિ, ચોરના હાથમાં આવે છે તેથી તેને પરલાભ કહેવાય છે.

૬. અસંજમો–મન–વચન અને કાયાથી, કષાયવશ બનીને, તીર્થંકરઅદત્ત, ગુરૂઅદત્ત, સ્વામીઅદત્ત અને જીવઅદત્ત લેવું તે અસંજમ છે, સારાંશ કે–નાની કે મોટી, સચિત્ત કે અચિત્ત, ગામમાં કે અરણ્યમાં, જાણીબુઝીને કે મશ્કરીમાં દીધા વિના પૂછ્યા વિના કોઈનું કંઈ પણ લેવું તે અસંયમ જ છે.

૭. પરધણમ્મિ ગેહા–પારકાની કોઈ પણ વસ્તુ ઉપર લાલસા રાખવી, તેને હડપ કરવાની દાનત રાખવી તે પરધન ગૃદ્ધિ કહેવાય છે.

૮. લોલિકં–પરિગ્રહ સંજ્ઞામાં અત્યાસક્ત બની કોઇની પણ વસ્તુ કેવી રીતે ઉપાડી લેવી અથવા તેમાં લાલચુ બનવું તે લોલિક કહેવાય છે.

૯. તક્કરત્તણં–પારકાની વસ્તુ લેવી તે શાહુકારનું કામ નથી પણ ચોરનું કામ છે.

૧૦. અવહારો–દુષ્ટતા, દુર્જનતા અને અસભ્યતાપૂર્વક બીજાનું હરણ કરવું તે.

૧૧. હત્થલહુત્તણં–ચોરી કરવાની આદતવાળાના હાથમાં એટલી બધી ચંચળતા–લાઘવતા અને ચાલાકી હોય છે, જેના કારણે પારકાની વસ્તુ, નોટ (પૈસા), ઘડિયાળ વગેરે એવી હોંશિયારીથી પડાવી લે છે જેની ખબર કોઇને પણ શીઘ્ર પડતી નથી. તે શાહુકારના વેષમાં આપણી પાસે બેસશે, ધર્મકર્મની વાતો કરશે, દેશ–દેશાન્તરોના સમાચારો આપશે, સાથોસાથ બ્લેડથી ગજવું કયારે કાપશે અને તમને રોવડાવી મૂકશે તેની ખબર કદાચ તમને બહુ મોડી પડશે. તે પહેલાં તો ધર્મની વાતો કરનારો કયાંય ગચ્છંતી થઈ ગયો હશે.

૧૨. પાવકમ્મકરણ–ચોરીકર્મ પાપોત્પાદક, પાપવર્ધક અને આવનારા ભવોમાં પાપના ફળોને આપનાર હોવાથી ચોરી કરવી તે પાપકર્મ છે. કેમકે શ્રીમંત માણસને પણ પૈસો પ્રાણસમાન હોવાથી તેને કોઈ ચોરી જાય તે પસંદ ન પડે, તે માનવા જેવી વાત છે. જ્યારે તેને ખબર પડે કે મારી અમુક વસ્તુ ચોરાઈ ગઈ છે, ત્યારે તેને ગોતવા માટે આકાશ પાતાળ એક કરી લે છે. ન મળતાં દુઃખનો પાર રહેતો નથી. કયારેક આઘાતનો પાર રહેતો નથી. કદાચ મરણાસન્ન અવસ્થા પણ પ્રાપ્ત કરાવી શકે છે. માટે ચોરી કરનારો પાપી છે.

૧૩. તેણિક્કં–સ્તેન એટલે ચોરનું કર્મ તે સ્તૈન્ય કહેવાય છે.

૧૪. હરણવિપ્પણાસો–ગમે ત્યારે પણ ચોરી કરનાર માણસ જેને ત્યાંથી ચોરી કરે છે, તેના પ્રાણોને પણ જોખમમ

મૂકી દેતો હોય છે. સાથોસાથ પોતાના થોડા ઘણા સત્કર્મો, પુણ્યકર્મો, ગત ભવોની આરાધનાઓ ઉપરાંત પોતાની ખાનદાની તથા ભણતર ગણતરને પણ નાશ કરનારો બને છે. કેમકે ચોરી કરવાના સમયે અત્યંત સંક્લિષ્ટ પરિણામો થયા વિના રહેતા નથી. તેમાં નિર્દયતા અને ધર્મ રહિતતાનો સથવારો મળતાં જ આ ભવની થોડી ઘણી આરાધના, દાન-પુણ્ય વગેરે તો ખતમ થાય છે અને પૂર્વભવના થોડા ઘણા પુણ્યો શેષ રહ્યાં હોય તે પ ખતમ થાય છે.

૧૫. **आइयणा**–એટલે આદાન–ગ્રહણ કરવું, સભ્યતા, માનવતા, ધાર્મિકતા અને દયાળુતાનો સ્પર્શ, આત્માને થઇ ગયો હોય તો તેના માનસિક જીવનમાં સત્કર્મિતાનો પ્રવેશ થયા વિના રહેતો નથી, જેથી પૌદ્ગલિક વસ્તુઓનો સહવાસ અને તેની છાયા પણ આધ્યાત્મિકતાને બગાડી નાખવા સમર્થ છે, તેનું સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થયા પછી પારકાની પૌદ્ગલિક વસ્તુઓની ચોરી કરવાનો પ્રશ્ન રહેતો નથી; તેમ છતાં બધાય જીવોની આધ્યાત્મિક ભૂમિ એક સમાન ન હોવાના કારણે જે તેવા સત્કાર્યોથી રહિત છે, તેમને જ પારકાની વસ્તુઓનું ગ્રહણ–સ્પર્શન તથા ઉપભોગ કરવાનો ભાવ થાય છે, જે પાપ છે.

૧૬. **लुंपणाघणाणं**–પારકાના દ્રવ્યને પચાવી જવાની ભાવનાથી, અથવા તેને પોતાની પાસે રખાવી લીધા પછી કહેવું કે, "તારૂં દ્રવ્ય મારી પાસે છે જ નહિ. કદાચ મૂક્યું હોય તો સાક્ષી લાવ." ઇત્યાદિ શબ્દોની માયાજાળમાં તેને તેવી

રીતે ફસાવી લેવો, જેથી તે કંઇ પણ કરી શકે નહિ. આ રીતે પારકા ધનનું લુંપણ એટલે કે તેવી રીતે પચાવી લેવું, જેની ખબર કોઇને પડવા પામે નહિ."

૧૭. અપચ્ચઓ-ચૌર્યકર્મ અવિશ્વાસનો જનક હોવાથી ચોરનો કોઈ પણ વિશ્વાસ કરતું નથી. જે જીવનની અસલી કમાણી છે. કરોડો રૂપીઆ મળવા સુલભ છે, પણ વિશ્વાસ-પાત્ર બનવું અત્યન્ત કષ્ટસાધ્ય છે. ગૃહસ્થાશ્રમીમાં પણ એકાદ પૈસાની ધાલમેલ કરનાર હોય કે શાક-ભાજી લાવતાં પણ પૈસાની ધાલમેલ કરવાનો સ્વભાવ હોય, તેવા માણસો, ઘરના મેંબર હોય તો પણ ફેમીલી વ્યવસ્થામાં કચાંય વિશ્વાસ જમાવી શકતા નથી.

૧૮. ઓવીલો-અવપીડ-ચોર, જેના ઘરે ચોરી કરે તેના દ્રવ્ય અને ભાવ પ્રાણોને જેમ પીડા કરનાર હોય છે, તેમ પોતાના આત્માને, સદ્બુદ્ધિને તથા સદ્વિવેકને પણ પીડા કરનાર બને છે. મતલબ કે-જે કાર્યો કરવાથી માનવ પરપીડક બને છે, તે જ કર્મોથી પોતાના આત્માનો પણ પીડક બનવા પામે તે સ્વભાવિક છે. પાપબુદ્ધિ જેમ જેમ વિકસે છે, કે, ઉદ્દીર્ણા કરીને વિકસાવવામાં આવે છે, તેમ તેમ તે આત્મા નિર્ધ્વંસ પરિણામી, કઠોર હૃદયી, મલિન અધ્યવસાયી, કર્કશભાષી, અસદ્ વ્યવહારી, અનાર્ય વ્યાપારી, દુષ્ટ સંસર્ગી બને છે, જેથી તેના કાળા પત્થર જેવા હૃદયમાં ધર્મ અને તેના અનુષ્ઠાનો પણ કેવળ મશ્કરીરૂપથી વધારે કંઈ પણ પ્રાપ્ત કરાવે તેમ નથી. વંદિતુ સૂત્રમાં જ્યારે....તેના હડપ્પએગે....ગાથા બોલાય છે.

ત્યારે તે ગાથાનો ભાવ તેના માટે, તીર્થંકરોની, ગુરુદેવોની અને પવિત્ર ક્રિયાકાંડની મજાક જેવા જ લાગે છે. પાપકર્મોથી ખરડાયેલા તેના મગજમાં અરિહંત પરમાત્માઓ શું કહે છે? અને હું શું કરી રહ્યો છું? તેનો ખ્યાલ પણ આવતો નથી. માટે આવા ક્રિયાકાંડીઓની ક્રિયાઓ પર અનુયોગદ્વાર સૂત્ર પણ ભાવનિક્ષેપની છાપ મારવા તૈયાર નથી.

(૧૯) ओक्खवो–અવક્ષેપ....પાંચ દશ ચોરો ભેગા મળીને લાખોનું ઝવેરાત ભલે લાવે, તો પણ તેઓ તેની કિંમત બરાબર ઉપજાવી શકતા નથી. કેમકે ચોરોને રાજ-સત્તાનો ભય સતાવતો હોવાથી ખુલા બજારમાં વેચી શકાતો નથી. જ્યારે વ્યાપારીઓને ખબર હોય છે કે–'આ ચોર લોકો છે, તેથી તેમને ધમકાવીને, ડરાવીને, ચોરાયેલું આ ઝવેરાત અમુક શેઠનું છે, તેમણે પોલિસ ખાતે અરજી કરી દીધી છે' ઇત્યાદિ આડી અવળી વાતો કરી ચોરો પાસેથી સસ્તા ભાવે કે પાણીના ભાવે તેઓ ખરીદી લે છે, અને ચોર લોકો ડરના માર્યા આપી દે છે. જે કંઈ પૈસા ચોરોના હાથમાં આવે છે તેનાથી તેઓ સારા વસ્ત્રો અને ખોરાક ખરીદી શકતા નથી અને હોટલોમાં, શરાબઘરોમાં, વેશ્યાગમનમાં કે પરસ્ત્રીગમનમાં તે બધાય પૈસા બે ચાર દિવસમાં જ સમાપ્ત થઈ જાય છે. પરિણામે મેલા કપડાં, લુખા રોટલા જ તેમના ભાગ્યમાં રહે છે. પકડાઈ જવાના ભયે તેઓ ૫–૨૫ દિવસ ગ્રામાન્તર કરતાં રખડપટ્ટીમાં સમય પસાર કરે છે. આવી પરિસ્થિતિમાં તેઓ

નથી થતા પત્નીના, પુત્રોના, કુટુંબના કે મિત્રોના. આ કારણે ચોરી કરવી પાપ છે.

(૨૦) **उक्खेवो**–ઉત્ક્ષેપ.... દયાળુ અને સહૃદય ધનવાનોના ઘરે રહેલું ધન સમય આવ્યે દેશ, સમાજ, ધર્મ અને દીનદુઃખીઓ માટે પણ કામમાં આવે છે. આજે પણ આપણે જોઇએ છીએ કે દેશની કટોકટીના સમયે, સુકો કે લીલો દુષ્કાળ પડે ત્યારે, સમાજની સંસ્થા માટે, પાંજરાપોળો માટે, ધર્મ માટે કે બીજા કોઈ પ્રસંગો પર ધનવાનોની તીજોરીમાંથી અઢળક પૈસો જ સૌના કામમાં આવે છે. જ્યારે ચોર, ધાડપાડુ કે લુંટારા માણસ તેમને ત્યાં ખાતર પાડીને ધન ઉપાડી જશે ત્યારે તેવા પ્રસંગો માટે પૈસો કયાંથી આવશે ? કેમકે ચોરોના હાથમાં પૈસો રહેવાનો નથી અને શ્રીમંતોની તીજોરી ખાલી છે, માટે ચોરી કરનારા દેશ, સમાજ, ધર્મ અને ગરીબોના પણ દ્રોહી બને છે, જે મહાપાપ છે.

(૨૧) **विक्खेवो**–વિક્ષેપ....ગત ભવોના મહાપાપોદયે આ ભવમાં પણ તે પ્રારબ્ધ પાપો સાથે જ આવતા હોવાથી, પુણ્યશાળી શ્રીમંતોને પોતાના ધનનું રક્ષણ કરવા માટે જે સાધનો સુલભ બનવા પામે છે, તે પાપકર્મી આત્માઓને દુર્લભતમ હોવાથી, ' ચોરી કરીને લાવેલું ધન મુકવું કયાં ? ' તેની મુંઝવણ તેમને સતાવતી હોય છે, જેમકે–' મારા પાપ ઉઘાડા થઈ જશે તો ? પોલિસોને કોંઇએ કહી દીધું હશે તો ?

મારા સાથીદારોમાંથી કોઇ ફૂટી ગયેા હશે તેા ? ઇત્યાદિ કારણેાથી વિક્ષિપ્ત અને ભયગ્રસ્ત બનેલેા તે ચેાર ઉતાવળમાં ને ઉતાવળમાં ગમે ત્યાં આડેા ઓદીને ધનને દાટી દે છે; પછી જ્યારે ધન લેવા જાય છે, ત્યારે કાં તેા સ્થાન નથી મળતું, કાં તેા ધનના બદલામાં પત્થરાએા મળે છે, મતલબ કે– ચેારેલું ધન ખાઇ શકાતું નથી, દાનમાં આપી શકાતું નથી, બીજાઓને અવડાવી પણ શકાતું નથી, અને જેવું આવે છે તેવું નાશ પામે છે. ત્યારે ચેારી કરનારાઓના માથા પર તેા ચેારીનું પાપ, ચેારી કરતાં કેટલાકેાની સાથે લડાઈ–ઝઘડા, વૈર–વિરેાધ કર્યા તેનું પાપ, મિત્રેા સાથે વિશ્વાસઘાત કર્યાનું પાપ, માનવતાને કલંકિત કર્યાનું પાપ, અને છેવટે આર્તધ્યાન તથા રેાદ્રધ્યાનનું મેાટું પાપ માથાપર લટકતું જ હેાય છે. આ કારણે જ ચેારી કરવી અનન્તર અને પરમ્પરાએ પણ પાપ જ છે.

(૨૨) કૂડઘા–કૂટતા...." એક પાપ, બીજા પાપને આમંત્રણ આપ્યા વિના રહેતું નથી. " આ ન્યાયે, ચેારેલા ધનના પેાટલા બાંધીને સાથીદારેા સાથે વનવગડામાં આવી ગયા પછી, તેના ભાગ કરવામાં કાં તેા હાથની ચાલાકી, તેાલ માપમાં છેતરપિંડી, હિસાબ–કિતાબમાં ગેાટાળા, અને છેવટે કમભાગ્યની ઘડી આવી જાય તેા પરસ્પર ધારિયા, ડંડા કે બંદુકની ગેાળીઓની રમઝટ જામ્યા વિના રહેતી નથી.

(૨૩) કુલમસી–કુલમષી....પેાતાના ખાનદાનીને, કુળ-પરંપરાને પણ કલંક લગાડવાનું કારણ ચેારી છે. જેના પાપે

તેના પિતાઓને, વડિલોને, તેમજ તેમના સંતાનો અને સ્ત્રીઓને પણ બજારમાં નીચું મોઢું રાખીને ચાલવાનો અવસર પ્રાપ્ત થાય છે. ચોરીને લાવેલા ધનથી, સાથીદારો સાથે હોટલોમાં, રેસ્ટોરન્ટમાં, છેવટે વેશ્યાઓના ઘરે જઈ, ચાર ઘડીની ચાંદની જેવી મોજ કરીને પૈસાઓને સ્વાહા કરે છે, ત્યારે ઘરના છોકરાઓ ઘંટી ચાટતા હોય છે, પત્ની રોતી હોય છે, માવડી કલ્પાંત કરતી હોય છે, ઈત્યાદિ પાપોનો ભારો ચોરના માથે જ હોય છે.

(૨૪) કલા-કાંક્ષા....એ ચાર વાર ચોરી કરવામાં ફાવટ આવી જાય છે ત્યાર પછી તો 'તેલ બિંદુ જેમ વિસ્તરે રે....' આ ન્યાયે ચોરી માટેની નવી નવી યોજના ઘડવાની, તે માટે હથિયારો સંગ્રહવાની, કયો સાથીદાર વફાદાર છે અને કયો નાવડીને ડુબાડનારો છે તે માટે તેમની પરીક્ષા કરવાની, કયો શ્રીમંત કમાઈને આવ્યો છે અને કમાણી કયાં રાખી છે તેની તપાસ કરવામાં તે ચોરનું મન, બુદ્ધિ અને ઇન્દ્રિયો તે તે કાર્યોમાં કામે લાગી જાય છે. આ પ્રમાણે ચોરનું મન એકેય ક્ષણ માટે પણ સ્થિર રહેતું નથી. મુંબઈના સટોડિયાની આંગળીઓ પર અંગૂઠો જેમ ફરતો જ હોય છે તેમ તે ચોરનું મન અને ચાલાક આંખો ચારે તરફ ફરતી જ હોય છે.

(૨૫) લાલપ્પણં પત્થણા-લાલપન પ્રાર્થના....

નિંદનીય અને ગર્હિત અર્થમાં 'લપૂ' આદિ ધાતુઓને 'યડ્' પ્રત્યય લગાડવાથી 'લાલપન' શબ્દ બને છે. એટલે

કે સશસ્ત્ર સાથીદારો સાથે ચોરી કરવા ગયો હતો, ત્યાં ધીંગાણા મસ્તી થઈ હતી, બાથંબાથી પણ થઈ તો પણ તે ગૃહસ્થનું ધન ચોરી લાવ્યો છે, તો પણ તે ચોર પોતાની બોલવાની ચાલાકીથી કહેશે કે–પરમાત્માની તથા ૩૩ કરોડ દેવ–દેવીઓની સોગન ખાઇને કહું છું કે હું ચોર નથી, આજે ઘર બહાર નીકળ્યો પણ નથી, મારો કોઈ સાથીદાર પણ નથી. આમ સફેદ જૂઠ બોલીને પણ પોતાની જાતને શાહુકારરૂપે મનાવવાનો ગહ'ણીય પ્રયત્ન કરે છે અથવા તો અધી' રાતે પણ ચોરી કરવા જાય છે ત્યારે ઘરના ઓટલે ઉભો રહી પ્રભુનું સ્મરણ કરતાં કહે છે કે હે પ્રભો! મારી રક્ષા કરજે, અને છેવટે મારી ચોરી કયાંય પ્રગટ ન થવા પામે તેવા સારા શકુનો કરાવજે, તથા આ વખતની ચોરી કરવામાં હું કરોડાધિપતિ બની જાઉં તો હે મારા પ્રભુ! તને સુવર્ણનું મુગટ પહેરાવીશ, ૨૧ નાળીયેરનું તોરણ બાંધી આપીશ ઇત્યાદિ પ્રાર્થના તે કરતો રહે છે ત્યાર પછી ઘરના ઓટલા પરથી ચોરી કરવા માટે પ્રસ્થાન કરે છે.

માટે જ કહેવાયું હશે?

'ગોવિંદ ગોવિંદ સૌ કોઈ કહે, ઠગ ઠાકુર અરૂ ચોર;
વિના પ્રેમ રીઝે નહિ, પ્રેમી નંદકિશોર.'

(૨૬) આસસણાય વસણં–'સો દિવસ સાસુના તો એક દિવસ વહુનો' આ ન્યાયે કોઇક સમયે ચોરી કરનારાઓનો પાપનો ભારો જ્યારે ખૂબ ભરાઇ જાય છે, ત્યારે તે બીજાઓના

હાથે કે પોતાના હાથે પણ મોતના ઘાટે ઉતરીને બે મોતે મરણને શરણ થાય છે. તથા હજારો પ્રકારની આપત્તિઓ તેના માથે ચક્કર મારતી જ હોય છે. એટલે કે એક આપત્તિમાંથી બરાબર છુટકો થયો ન હોય અને બીજી તેના માથા પર અવસરની રાહ જોતી ઉભી જ હોય છે. અને આ પ્રમાણે આપત્તિઓના ડુંગરાઓમાં ફસાયેલા તે ભાઇને એક દિવસે કૂતરાના મોતે મરવાનો અવસર આવે છે. આ રીતે બંનેના મૂળમાં ચૌર્યકર્મનો ચમત્કાર પ્રત્યક્ષ દેખાઈ રહ્યો છે. કેમકે– ચોરીની જ્યારે મર્યાદા ઉલ્લંઘાઈ જાય છે, ત્યારે કોઈ ને કોઈ સવાયા માણસના હાથે મરવાનું થાય છે. અને તેમ ન થયું તો બીજા પ્રકારની કનડગત, અસાધ્ય રોગ રૂપ માનસિક વ્યાધિઓથી તે છુટી શકે તેમ નથી.

(૨૭) **इच्छा–मुच्छा**–પારકાની કોઇ પણ વસ્તુને ઉપાડવાની, છુપાવવાની કે પચાવી લેવાની પ્રબળ ઈચ્છા અને તેને પરત ન કરવામાં રખાતા કાવા–દાવાના મૂળમાં અદત્તાદાનનો ભાવ સ્પષ્ટ દેખાઇ રહ્યો છે.

(૨૮) **तण्हागेही**–ગરોળી જ્યાં સુધી માખીને પકડે નહિ, ત્યાં સુધી તેને ચેન પડતું નથી, તેમ પારકાના ઘરે રહેલી અમુક વસ્તુને જોયા પછી તેને કઈ રીતે ઉપાડવી, ચોરવી, તે માટે તેના માલીકને કેવી રીતે વિશ્વાસમાં લેવો આદિ ક્રિયાઓ માટે અતીવ ઝંખના કરવી, તથા ચોરેલી વસ્તુને નાશ કર્યા વિના કયાં સંતાડવી તે માટેની પ્રપંચ લીલા ચૌર્યકર્મને આભારી છે.

(૨૯) **નિયડિકમ્મ**–ચોરી કરવા માટે છળ, પ્રપંચ, કપટ, ધૂર્તતા, શઠતા, બોલવાની ચાલાકી, ઘાલમેલ કરવાની વૃત્તિ કે છુપાવવાની પ્રવૃત્તિ આદિ જે કંઇ કરવું હોય તે ચોરી કરનારને માટે સહજ અને સ્વાભાવિક તથા સરળ છે.

(૩૦) **અવરોચ્છ**–અપરોક્ષ....

ચોરી કરતા પહેલા, તે ચોરને ચારે તરફ નીચે પ્રમાણે ધ્યાન રાખવું પડે છે.

મને કોઈ જોતું તો ન હોય.
મારી પાછળ કોઈ આવતું તો ન હોય.
આ ઉઘરસ, છીંક વગેરે કયાંથી આવ્યા ?
ઘરધણી જાગતો હશે તો ?

ચોરી કરવાની આદતવાળાને ઉપર પ્રમાણેના બધાય સ્વભાવો જન્મથી જ પડેલા હોય છે.

આર્ય સુધર્માસ્વામીએ કહ્યું કે ઉપર પ્રમાણેના ચૌર્યકર્મમાં પ્રાણાતિપાતાદિ પાપસ્થાનકો ઉપરાંત યુદ્ધ, કલહ અને મિત્રદ્રોહાદિ પાપો રહેલા જ છે, માટે અદત્તાદાન પાપ છે. ઉપર પ્રમાણે ૩૦ સંખ્યક પર્યાયોને વીરવિજયજી મહારાજે બારવ્રતની પૂજાની ચોથી ઢાળમાં લગભગ આ પ્રમાણે મૂકયા છે.

સ્વામીઅદત્ત કદાપિ ન લીજે, ભેદ અઢારે પરિહરિયે રે;
ચિત્ત ચોખે ચોરી નવિ કરીએ,
નવિ કરિએ તો ભવજળ તરિયે રે... ચિત્ત૦

સાત પ્રકારે ચોર કહ્યાં છે,

તૃણ તુષ માત્ર કર ન ધરિયે રે....ચિત્ત૦

રાજદંડ ઉપજે તે ચોરી,

નાઠું પડયું વળી વિસરિયે રે....ચિત્ત૦

કૂડે તોલે કૂડે માપે,

અતિચારે નવિ અતિચરિયે રે....ચિત્ત૦

આ ભવ પરભવ ચોરી કરતાં,

વધ બંધન જીવિત હરિયે રે....ચિત્ત૦

ચોરીનું ધન ન ઠરે ઘરમાં,

ચોર સદા ભૂખે મરિયે રે....ચિત્ત૦

ચોરનો કોઈ ધણી નવિ હોવે,

પાસે બેઠા પણ ડરિયે રે....ચિત્ત૦

પરધન લેતા પ્રાણ જ લીધા,

પંચેન્દ્રિય હત્યા વરિયે રે....ચિત્ત૦

ચારે પ્રકારના અદત્તમાંથી શ્રાવકને કેવળ સ્વામીઅદત્ત ત્યાગવાનો ભાવ રાખવો.

નીચે પ્રમાણે ચોરના સાત પ્રકાર છે :–

(૧) ચોર પોતે, (૨) ચોરી કરનાર, (૩) ચોરીને લાવેલી વસ્તુને વેચી આપનાર, (૪) ચોરને પોતાના ઘરે ભોજન–પાણી ખવડાવનાર, (૫) પૈસા ટકાઓથી તેને સહાયક બનનાર, (૬) ચોરને સલાહ દેનાર તથા ચોરી માટેની ગોઠવણ કરી આપનાર, (૭) ચોરને આશ્રય આપનાર ચાહે તે દલાલ હોય, વ્યાપારી હોય તે સૌને અરિહંતના શાસને ચોર કહ્યાં છે.

ચૌર્યકર્મને કરનાર કોણ ? અને તે કેવા હોય છે ?

પારકાઓનું ધન, મકાન, વસ્ત્ર, ભૂષણ, સ્ત્રી તથા કન્યાને હરણ કરવાના સ્વભાવવાળા.

ચોરી કરવાના કાર્યોમાં નિપુણતા મેળવેલા.

ચોરી કયારે કરવી ? કયારે જવું ? કઈ બાજુ જવું ? કોના ઘરે જવું ? ઇત્યાદિ વાતોના અવસરજ્ઞ હોય છે.

માનસિક બળ તેમનું તેવા પ્રકારનું થઇ ગયું હોય છે, જેથી મરવા કે મારવા પર આવી જતાં વાર કરતાં નથી.

પાપના ભારાથી તેમનો આત્મા તુચ્છ એટલે કાળા પત્થર જેવો થઇ ગયો હોય છે.

ચૌર્યકર્મમાં જ તેમની મહેચ્છા હોવાથી અતિશય લોભાન્ધ હોય છે.

બોલવાની છટા સારી કેળવેલી હોવાથી, પોતે ચોર તરીકે શીઘ્ર ઓળખાતા નથી.

પરસેવો ઉતારી પેટ ભરવાની કળાઓથી સર્વથા અનભિજ્ઞ, આળસુ અને કામના ચોર બની ગયેલાઓને માટે ચોરી કરી પેટ ભરવાનો માર્ગ જ શેષ રહે છે.

મૃત્યુની પરવા કર્યા વિના પણ ચોરી કરવી એ જ તેમનો ખાનદાન ધર્મ છે.

કરજ (ઋણ) ચૂકવવામાં તેઓ સમજતા નથી, એટલે કે ગરજ પડયે શાહુકાર પાસે ખાતું પડાવીને ઋણ લેવામાં શૂરા છે, પણ તે ઋણને ચૂકવવામાં તેઓ સમજતાં નથી.

મિત્રાદિની સગાઇ (મિત્રતા) પણ અવસર આવ્યે છોડી દે છે.

રાજનીતિથી વિપરીત કાર્યો કરવા માટે તેમને ફાવટ આવી ગઇ છે.

મિત્રમંડળીમાં પણ જેના પ્રત્યે શંકા જાય તેને મારી નાખવામાં જ ધર્મ માનેલો હોય છે.

અવસર આવ્યે ગામ-નગરને અગ્નિથી હાનિ કરતાં પણ ચોરને વાર લાગતી નથી.

મુસાફરોને માર્ગમાં, જંગલમાં કે ગમે ત્યાં પણ લુંટી લેનાર છે.

જે મકાનમાં, ચોરી માટે ગયા હોય ત્યાંથી કંઇ પણ ન મળે તો આગ પણ લગાડી દે છે.

હાથચાલાકીથી પારકાને તેના દેખતાં જ ચોરી લે છે.

યાત્રાળુ. મુસાફર અને સાથીદારને લુંટવામાં તેમને પાપ જેવું લાગતું નથી.

ચોરીના ધંધા કરવાથી પ્રાપ્ત થયેલી કુશળતાના કારણે, તેમની આંખ, પારકા ધન-વૈભવ-સ્ત્રી અને પુત્રી પર જ મંડાયેલી હોવાથી, તેના અપહરણ માટેનો સમય જ જોતા હોય છે.

લાંચ–રૂશ્વત, વ્યાજના ગોટાળા આદિ દ્વારા ધન ઉપાર્જિત કરનારા પણ ચોર છે. પોતાની ચાલાકીથી–પારકી સ્ત્રીઓને ઠગવાના ધંધા કરનારા પણ ચોર છે. પારકી બેન–બેટીઓને તથા સારા ઘરની ભોલીભાલી સ્ત્રીઓને મંત્ર–જંત્ર–દોરાધાગા, છેવટે પુત્રાદિનો લોભ દઇને ઠગનાર પણ ચોર છે.

પુરૂષે, સ્ત્રીના કપડા પહેરી, સ્ત્રીઓને ઠગવાની અને સ્ત્રીઓએ પુરૂષ વેશમાં પુરૂષોને ઠગવાના કાર્યો કરવા તે ચૌર્યકર્મ છે. બીજાઓના ઘરમાં કે ભીંતમાં છિદ્ર પાડીને અંદર જવું અને ચોરી કરવી, તથા બીજાઓને વિશ્વાસમાં લઇને તેમના ગજવા કાપવા વગેરે ચોરી છે.

બીજાને મારીને, આંખમાં મરચા નાખીને, વશીકરણ મંત્રથી બીજાને વશ કરીને, પારકાનું ધન ચોરીને, બળાત્કાર એટલે બીજાઓ પર બળજબરીનો પ્રયોગ કરીને, તેમની સાથે લડાઇ કરીને, તથા બીજાઓની ગાયો, ભેંસો, બકરા, ઘેટાં, ઘોડા અને દાસ–દાસીઓને ઉપાડી જનાર ચોર છે.

લેઇટેસ્ટ વેષ પરિધાન, કાંડા ઘડિયાળ, સોનેરી ફ્રેમના ચશ્મા આદિનો પ્રયોગ કરી કોઇને ત્યાં જાય છે, તેમની સાથે અલકમલકની વાતો કરે છે અને ઘરના માલિકને વિશ્વાસમાં લઇ હાથમાં જે આવે તેને ગજવામાં મૂકીને તેવી રીતે ઘરથી વિદાય લેશે જેની ખબર ઘરના માલિકને પણ પડતી નથી. જૈન સૂત્રકાર કહે છે કે ઉપર પ્રમાણેના બધાય ચોર છે.

કેટલાક રાજાઓ વગેરે પણ ચોરી કરનારા હોય છે.

પોતાની સંપત્તિથી અસંતુષ્ટ બનેલા નાના-મોટા રાજાઓ સામેના રાજાનો બળનો, શસ્ત્રો, ગામ-નગરની સુંદર બાંધણી આદિના લોભમાં તેમની સાથે યુદ્ધ કરે છે, હરાવે છે અને તેમનું બધું જ પોતાને સ્વાધીન કરી પ્રસન્ન થાય છે. તેમની પાસે હાથી, ઘોડા, રથ, પદાતિ(પાયદળ)ની ચતુરંગિણી સેના તથા કોઇનાથી ગાંજ્યા ન જાય તેવા પદ્માકાર, શકટ, સૂચી, ચક્ર, સાગર અને ગરૂડની વ્યૂહ રચના કરવામાં હોંશિયાર યોદ્ધાઓ હોય છે. પોતાના દૂતો તથા ગુપ્તચરો દ્વારા સામેવાળાની કમજોરી જાણીને યુદ્ધથી તેમને હરાવી લીધા પછી સત્તાધારીઓ ધનનું હરણ કરે છે. તેઓ શત્રુસૈન્યને તથા રાજાને મારી નાખવામાં અથવા કારાગૃહમાં નાખી પોતાની આજ્ઞા મનાવવામાં કુશળ હોય છે. કદાચ યુદ્ધ રમવું પડે તો પોતે શસ્ત્ર, તીર કામઠા, ભાલા, ગોફણ, તલવાર, બર્છી, ઢાલ આદિથી સજ્જ થઇને રણમેદાનમાં જાય છે. શરીર પર લોખંડનું બખ્તર અને માથા પર લોખંડનો કાંટાળો ટોપ પહેરે છે, સૈન્યને જૂદી જૂદી રીતે વ્યૂહ રચનાનો આદેશ આપે છે, તે સમયે ચારણ ભાટ તેમને રણમેદાનનો મહિમા બતાવે છે, તેમને પાણી ચડાવે છે અને કેશરીયા કરાવે છે અને રાજા યુદ્ધનો આદેશ શંખ, ઢોલ, નગારા અથવા અમુક પ્રકારનો ધ્વજ બતાવીને આપે છે. તે સમયે સૈનિકો પોતપોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરી પોતાના શસ્ત્રોનો ઉપયોગ કરે છે. બંને સૈન્યો મરણીયા બનીને યુદ્ધ રમે છે. જેમાં હાથીઓ, ઘોડાઓ, ઉંટો તથા સૈનિકોનો કચ્ચરઘાણ નીકળે છે, લોહીની નદી વહેવા માંડે છે. આકાશમાં ગીધ, કાગડા,

સમડીઓ, તથા જમીન પર શિયાળીઆઓ, કૂતરાઓ પણ પોતાના ભક્ષ્યને શોધવા માટે આંટા મારતાં થઇ જાય છે. જે નિર્બળ રાજા હોય તેની હાર થાય છે. તેના સૈનિકો ભાગદોડ કરે છે અને વિજયી રાજા, પરાજિત રાજાનો ખજાનો, ઝવેરાત, સુવર્ણ, ચાંદી આદિને પોતાના કબજામાં લે છે અને પોતાનો વિજય વાવટો ફરકાવે છે અને પોતાના સૈનિકોને ગામ લુંટવા માટેની આજ્ઞા આપે છે. પોતાના ભાગ્ય પ્રમાણે જે કંઈ હાથમાં આવે તેને કબજામાં લે છે, જુવાન સ્ત્રીઓ તથા કન્યાઓને પણ છોડતા નથી. પરધનમાં તથા પરસ્ત્રીમાં અત્યન્ત લુબ્ધ બનેલા શક્તિશાળી રાજાઓ યુદ્ધ રમીને પણ બીજાઓને લુંટે છે. આ બધાય કાર્યોમાં પારકાનું ધન પચાવી લેવાની, અદત્તાદાન(ચોરી)ની ભાવના સ્પષ્ટ દેખાઇ આવે છે.

ફરી ફરી ચૌર્યકર્મને કરનારા કેવા ક્રૂર હોય છે, તેની હકીકત હવે જૂદા પ્રકારે કહે છે (એકની એક વાત પુનરૂક્તિ દોષ સ્વીકારીને પણ કહેવાનો આશય એટલો જ છે કે, માનવ માત્ર પોતાના પાપોને, તેના પ્રકારોને, તેના ફળોને, તથા પુણ્યોદયે-માનવ શરીર મેળવીને પાપાસક્ત બની શું શું નથી કરતાં ? તે બતાવવાનો છે. જેથી પાપભીરૂતાની પ્રાપ્તિ થતાં માનવ, બીજા માનવોનો મિત્ર બનવા પામે. કેમકે- બીજા સાથેની મિત્રતાના મૂળમાં શ્રીમંતાઇ, સત્તા, રૂપવત્તા, કે બોલવા-ચાલવાની હોંશિયારી કામ આવતી નથી, પણ પાપ વિનાનું જીવન, ચૌર્યકર્મની ભાવનાનો અભાવ આદિ જ કામ

આવે છે, આવા પ્રકારની મિત્રતા જ ભવભવાંતરમાં પણ કામે આવે છે અને સહાયક બને છે.

તે ચોર લોકો ધન મેળવવા માટે અત્યન્ત લુબ્ધ હોવાથી, સામેવાળાઓના ગામ–જે સ્થાનમાં રહેતાં, પ્રાપ્ત થયેલી બુદ્ધિ અને ગુણોનો ક્રમશઃ હ્રાસ થાય તેને ગામ કહેવાય છે.

આકર–જ્યાં લવણ–પત્થર–સુવર્ણ આદિ દ્રવ્યો જમીનમાંથી નીકળતા હોય તેને આકર કહે છે.

નગર–જ્યાં કોઇ પણ જાતનો રાજ્ય ટેક્ષ લેવાતો નથી તે નગર છે.

ખેટ–જે ગામની ચારે તરફ ધૂળનો કિલ્લો હોય તે ખેટ છે.

કર્ણટ–જેમાં વસતિ બહુ જ થોડી હોય.

મડંબ–જેની આસપાસ બીજા કોઈ ગામ હોતા નથી તે મડંબ કહેવાય છે.

દ્રોણમુખ–જે ગામમાં પ્રવેશ અને નિર્ગમ માટે જળ–સ્થળ બંને માર્ગો હોય,

પત્તન–જ્યાં બધીય વસ્તુઓ સુલભતાથી મળી શકે તે પત્તન છે, શહેર છે.

આશ્રમ–જ્યાં તાપસોનો સમૂહ રહેતો હોય છે.

નિગમ–જ્યાં નિગમો–વ્યાપારીઓ રહે છે.

જનપદ–જેમ રાજસ્થાન, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, ગુજરાત, આદિ દેશોને જનપદ કહેવાય છે.

ઉપર પ્રમાણેના ૧૧ સ્થાનોમાં રહેનારા, શ્રીમંતોને લુંટી લેનારા હોય છે અને અવસર આવ્યે તે સ્થાનોને આગ દ્વારા બાળી પણ નાખે છે.

ચોરી કરનારાઓ કેવા હોય છે ?

(૧) સ્થિર હૃદયા–ચોરી કરવા માટે તેમનું હૃદય સ્થિર અર્થાત્ નિશ્ચલ હોય છે. ચોરી કરવી અમારી ખાનદાનીનો ધર્મ છે, તેમ સમજીને પોતાના ચૌર્યકર્મમાં અડગ હોવાથી, ગમે તેવી પરિસ્થિતિમાં પણ તેઓ ચોરી કરવાનું ચૂકતાં નથી. પૂર્વ ભવના નીચ ગોત્ર અને કર્મ ખાનદાનીના અશુભતમ કર્મોનો ભારો માથા પર લઈને અવતરનારાઓ, મરવા–મારવા તૈયાર રહેશે પણ ચોરી કર્યા વિના રહેવના નથી. સામેવાળાની કોઇ પણ વસ્તુ તેમની નજરમાં આવે તેને હાથ ચાલાકીથી પણ ચોર્યા વિના તેમને ચેન પડતું નથી.

(૨) છિન્નલજ્જા–ચોરી કરવાથી તેમનાં હૃદય જ કાળા પત્થર જેવા થઈ ગયેલા હોવાથી તેમને જાતિ–કુળ, માતા–પિતા કે બીજા કોઇની પણ શરમ નડતી નથી. અર્થાત્ સર્વથા બેશરમ બનેલા હોય છે. કેમકે નીચ કુળમાં જન્મેલાઓમાં પ્રાયઃ કરી લજ્જા હોવાનો સંભવ ઓછો હોય છે.

(૩) બન્દિગ્રહગોગ્રહાશ્ચ–જીંદગીભર જેઓએ પારકાના પૂજા–પાઠ–લગ્ન–હોમ આદિ કાર્યોવડે કંઇક માયા ભેગી કરી હોય તેમને પણ અથવા અવસર આવ્યે તેમની ગાયો–વાછરડાઓ–ભેંસો–ઉંટો આદિને પણ હરણ કરી જાય છે.

ચોરી કરવાવાળાઓને કયારેય ખ્યાલ નથી આવતો કે આ બિચારો બ્રાહ્મણ, બીજાઓના સ્તુતિ–પાઠો કરી પૈસો મેળવે છે, તો તેમને લુંટવાથી મને કયો ફાયદો ? પરંતુ ચોરી કરવાના સ્વભાવવાળાઓને આવો પવિત્ર વિચાર આવતો ન હોવાથી પારકાને લુંટવાનો સ્વભાવ જ તેમનો ધર્મ છે.

(૪) દારૂણમતિ–તેમની બુદ્ધિ અત્યંત દારૂણ, કઠોર, પાપમય, ક્રૂર હોવાથી જીવન જીવવા માટે બીજા સરળ માર્ગો હોવા છતાં પણ તેઓ પોતાના સ્વભાવથી લાચાર હોવાના કારણે સામેવાળાનું કાસળ કાઢીને પણ તેમના ઘરે ચોરી કરવી, આગ લગાડવી, તેમના બાળબચ્ચાંઓને મારીકૂટીને યમના અતિથિ બનાવવામાં તેમને આનંદ આવે છે.

(૫) નિષ્કૃપ–ઘોરાતિઘોર કૃત્યો કરતાં, તેમના મનમાંથી કૃપા–દયા–માનવતા–લગભગ સમાપ્ત થઈ ગયા હોય છે. આ કારણે તેમને વિચાર કરવાનો પણ અવસર રહેતો નથી કે– પૂર્વભવના આચરેલા પાપકર્મોથી આ ભવમાં સર્વથા નિન્દનીય તથા હિંસક કાર્યો કરવા પડે, તેવી જાતિ–કુળમાં હું જન્મ્યો છું અને આ ભવમાં પણ ચોરી કરવાનું ચાલુ રાખીશ તો આવનારા ભવોમાં મારૂં શું થશે ? આવી રીતના વિચારશૂન્ય બનેલા તેઓ થોડી કે ઘણી, સચિત્ત કે અચિત્ત, શહેરમાં કે ગામમાં, ગરીબ કે શ્રીમંત હાથમાં આવે તેમને લુંટ્યા વિના રહેતા નથી.

(૬) સ્વજનઘાતક–આ સંસારમાં ભલા માણસોની જેમ બુરા માણસોના પણ મંડળો રચાઈ ગયા હોય છે. ભલા

માણસો એટલે પરહિતના કાર્યો કરવાવાળાઓના મંડળમાં એકેય ખરાબ તત્ત્વ હોતું નથી, જ્યારે ચોર એટલે પરહિત-નાશક માનવોના મંડળમાં એકેય સારૂં તત્ત્વ હોતું નથી. રચાતા પ્રત્યેક મંડળની વ્યવસ્થા માટે ઘડાયેલા કાયદાઓ પ્રત્યે તેમના મેમ્બરોને માયા પણ હોય છે, જેથી પોતાના કાયદાઓથી વિપરીત ચાલનારા સ્વજનોને પણ મારી નાખતાં ચોરને દયા આવતી નથી. સમજવું સરળ બનશે કે, પાપી માણસ જ પોતાના પાપ પ્રત્યે શંકાશીલ હોવાથી સામેવાળાને શત્રુ માનવાની ઉતાવળ કરતાં વાર લાગતી નથી, તેના કારણે વચ્ચે આવનારા સ્વજનોને પણ યમનું ઘર દેખાડી દે છે.

(૭) ગૃહસન્ધિ–અર્થાત્ પારકાના ઘરોની ભીંત, વાડ, ફાટક આદિને તેવી રીતે તોડી મારે છે, જેથી ગમે ત્યારે પણ તેના ઘરમાં, ખેતરમાં કે વાડીમાં, પ્રવેશ કરી સામેવાળાની ચોરી કરી શકે, અથવા વિશ્વાસુએ તેને ત્યાં ધન, ધાન્ય કે આભૂષણો મૂકયા હોય, તેમાં તેવી રીતે ગોટાળો કરશે જેથી તેની બધીય માલમત્તા ચોરના ગજવામાં આવી શકે. ભેળસેળ, વ્યાજ કે વ્યાપારના ગોટાળાઓ કરીને સામેવાળાનો વિશ્વાસઘાત કરવામાં પણ તેઓ હુશિઆર હોય છે.

ધર્મસંજ્ઞા કે સમ્યગ્જ્ઞાનની સંજ્ઞા મુદ્દલ તેમનામાં ન હોવાના કારણે 'ચોરી કરવી પાપ છે' આ શબ્દો પણ સાંભળવા માટે તેઓ તૈયાર નથી. સારાંશ કે–ચૌર્યકર્મને તેઓ છોડી શકતા નથી. માટે જ આખી જીંદગીમાં ચોરી કરવાના સાધનો, સહાયકો વગેરેને મેળવતાં રહે છે. કોણ શ્રીમંત છે?

માલમત્તા કયાં મૂકે છે ? તિજોરીની ચાવીઓ કયાં રાખે છે ? તેમની ઉંઘ કેવી છે ? મધ્યરાત કયારે થશે ? આવા વિચારોમાં મસ્ત બનીને બપોરે ઉંઘતા હોય છે અને રાતે જાગતા રહે છે. ચોરી કર્યા પછી પકડાઈ જવાના ભયે તેઓ સ્મશાનભૂમિમાં, ટૂટયા ઘરોમાં, અવાવરા પડેલા મકાનોમાં સંતાઇને દિવસો પૂર્ણ કરે છે. સ્મશાનનું વર્ણન કરતાં સૂત્રકાર સુધર્માસ્વામીજી ફરમાવે છે કે–જેમાં મોટા જાડા લાકડાઓ પર મડદાને મૂકી બાળવામાં આવે તે ચિત્તાઓ બળતી–સળગતી દેખાય છે, મડદાઓના લોહી, વાળ, હાડકાઓ આદિ વિખરાયેલા પડ્યાં છે, સારી રીતે નહિ બળેલા મડદાને બહાર ખેંચી કાઢનારા કૂતરાઓ જ્યાં ભમતાં જ હોય છે તથા મડદાના લોહી–માંસ ખાઇને જેમનાં મોઢા ખરડાયેલા છે તેવી ડાકણોથી ભયંકર, ઘુવડોથી ભયાનક, વેતાલો તથા પિશાચો જ્યાં ખડખડ હસી રહ્યાં છે, તેવા સ્મશાનો જ્યાં મરેલા, અર્ધા બળેલા, મડદાઓની દુર્ગંધ આવતી હોય તેવા સ્થાનોમાં ચોરો છુપાઇને રહે છે. વાઘ–વરૂ જેવા જનાવરો હોય તેવા વનવગડાઓમાં ચોરો સંતાઈ સંતાઇને જીવન પૂર્ણ કરે છે. ખાવા–પીવાના ફાંફા, કુટુંબીઓનો વિયોગ, લુખા–સુકા રોટલાઓનું ભોજન, અડધા ભૂખ્યા, છેવટે મડદાના માંસનું કે કંદમૂળાદિનું ભોજન કરી બહુ જ મુશ્કેલીથી જીવન જીવનારા હોય છે. ઘરના પુત્ર પરિવાર સાથે ધરાઇને ભોજન કરી શકતા નથી. તેથી તેમની જીવની અશાંત–પાપમય અને અસ્તવ્યસ્ત જ રહેવા પામે છે. યશ–કીર્તિ વિનાના, તેમનું નામ સાંભળતાં જ બીજાઓને

કંપારી છુટે તેવા, આજે કયા ગામમાં, કોને ત્યાં ધાડ પાડવી તેવા મનસુબાવાળા, ગામની બહાર પોતાની મંડળી સાથે મસલત કરનારા, ઘણાઓના માટે ખતરનાક, શરાબપાનમાં મશગૂલ બનેલા ચોરો હંમેશને માટે ભેજાકાટ જ હોય છે. સતી–સતા તથા સાધુજનોને હસનારા અને મરીને તેઓ નરકના મહેમાન બનવા પામે છે.

ચોરી કર્યાનું ફળ શું છે?

ખેતરમાં નાખેલી કેરીની ગોટલી કે બાવળનું 'બીજ' સમય પાકયે ફળપ્રદ બન્યા વિના રહેતા નથી, તેવી રીતે ગમે તેવા આશયથી કે કારણોથી કરેલા, કરાવેલા અને અનુમોદેલા પાપો પણ પોતાનું ફળ દીધા વિના રહેવાના નથી. જીવમાત્રના જ્યારે જ્યારે અધ્યવસાયો બદલાય છે, તે સમયે રાગ–દ્વેષ, કામવાસના, ક્રોધાદિ કષાય, પ્રમાદ અને અવિરતિના ફળ સ્વરૂપે આત્માના ચિકાસમય પ્રદેશો પર આઠ પ્રકારની કર્મ વર્ગણા ચોંટ્યા વિના રહેતી નથી. તેમાંથી કેટલીક ઉત્કૃષ્ટ રૂપે અને કેટલીક જઘન્ય કે મધ્ય રૂપે હોય છે. માટે અબાધાકાળને છોડી જ્યારે તેમનો પરિપાક થાય છે, ત્યારે આત્માની માનસિક અને વ્યાવહારિક પરિસ્થિતિ પણ તેવા પ્રકારની થવા પામે છે. અને કર્મો ઉદયાવલિકામાં પ્રવેશ કરી ફળોન્મુખી બને છે, ત્યારે તેવાં તેવાં અનિષ્ટ ફળોને ભોગવવાના ભાગ્યમાં રહે છે. માટે જ જૈન શાસન કહે છે કે–કર્મોનો કર્ત્તા અને ભોક્તા જૂદા જૂદા નથી પણ આત્મા પોતે જ છે. કોલસો ખાનાર એક હોય અને કાળું મોઢું બીજાનું થાય તેવું કોઇએ જોયું

નથી, જોવાતું નથી અને જોવાશે પણ નહિ, આ કારણે જ કર્મોનો ભારો માથા પર લઈને ફરનારો આત્મા જ મનુષ્યભવથી ભ્રષ્ટ થઈને નરકાદિ ગતિઓની યાત્રા કરે છે અને જેઓ દેવ-પૂજા, ગુરુ સેવા, સ્વાધ્યાય-સંયમ-દાન અને તપની આરાધના કરે છે, તેઓ મનુષ્યાવતારની માયાનો ત્યાગ કરી દેવલોકને પ્રાપ્ત કરે છે.

બીજા ઘણાં ઘણાં જીવો સાથે વૈર-વિરોધ-ટંટા ફિસાદ કરાવનાર ચૌર્યકર્મ (અદત્તાદાન) હોવાથી તે પાપ જ છે. માટે તેના ફળો પણ ચોરી કરનાર, કરાવનાર, તેનો માલ સંગ્રહનાર, ચોરને મદદ દેનાર, આદિને ભોગવવા પડે છે, જે નાનું બચ્ચું પણ જાણી શકે, તેવી સીધી અને સાદી વાત છે. આવી સ્થિતિમાં 'આત્મા કર્મોનો કર્ત્તા નથી' તેવા સિદ્ધાન્તોને જડી બુદ્ધિવાળા પણ માની શકે તેમ નથી તો પછી સહૃદયોને શી રીતે મનાવાશે ? આત્મા શુદ્ધ-બુદ્ધ-નિરંજન-નિરાકાર છે તે વાત સાચી હોવા છતાં પણ અત્યારે તે બધાય વિશેષણો કેવળ સત્તામાં જ પડેલા છે. તેથી તેને શુદ્ધ-બુદ્ધ કહી શકાય નહિ. આથી જ્ઞાનાવરણીયાદિ કર્મોના કારણે, પાપાચરણની આદતો, કુટેવો, ગંદી ચેષ્ટાઓ મટી શકતી નથી. તેવી રીતે ચારિત્ર મોહનીય કર્મના કારણે પણ પોતાની શુદ્ધિ, પોતે જ કરવા માંગતો નથી. ત્યારે એક ભવમાંથી બીજા અને બીજામાંથી ત્રીજા ભવમાં, છેવટે ચોરાસીના ફેરા કરવાના સર્વથા અનિવાર્ય છે.

ચોર કેવી કેવી રીતે ફળ ભોગવશે?

સૂત્રકાર પોતે જ તે ચોરી કર્યાનું ફળ વિસ્તૃત તથા અનુભવગમ્ય નીચે પ્રમાણે વર્ણન કરે છે. જ્યારે રાજપુરૂષો (સિપાઇઓ)ના હાથે પરધનને ચોરનારાઓ સપડાઈ જાય છે, ત્યારે પોલિસ ચોકી પર લઈ જઇને ડંડે ડંડે મારે છે, દોરડાથી બાંધે છે, કેદખાને નાખે છે, દોરડાથી બાંધીને આખાએ ગામમાં તેમને ફેરવે છે. ત્યાર પછી ગુપ્તચરોને સોંપી દે છે, જેઓ પહેલા તો તેમને મીઠા અને કોમળ શબ્દોથી, પછી ધીમે ધીમે કડક શબ્દોથી, છેવટે કોરડાઓના માર મારે છે. નિર્દય બનેલા કોટવાલો, ફોજદારો તે ચોરોને અત્યંત ગંદા, કડવા, કર્કશ શબ્દોથી ગાળો ભાંડે છે અને ધાકધમકીથી ડરાવે છે. ગળામાંથી પકડીને તેમને ચારે બાજુ ફેરવે છે. તે સમયે ચોર 'ત્રાહિ મામ્ ત્રાહિ મામ્'ની રાડ પાડે છે અને જેલરો તેમને જેલમાં ધકેલી મારે છે. ત્યાં પણ સમયે સમયે ચાબુકોના જોરદાર ફટકાઓ, તડકામાં ઉભા રાખવા તથા તેમના માતા પિતાઓના નામની ભુંડી ગાળો તેમને આવી પડે છે. તેમ છતાં પણ ચોર પોતાનો અપરાધ ન કહે તો તેમના બંને પગોને લાકડાના બનેલા હેડમાં (Cross) નાખીને લોખંડની મજબુત સાંકળોથી બાંધી દે છે, ત્યાં ઘણા લાંબા સમય સુધી એક જ આસને કે મુદ્રામાં તેમને બેસી જવા સિવાય તથા કપાળ પર હાથ મૂકીને ધ્રુસકે ધ્રુસકે રોવા સિવાય બીજો માર્ગ નથી. ત્યાર પછી કોરડાના છેડે ભાર મૂકેલ હોય તેને અથવા ચામડાની કે લોખંડની સાંકળ ચોરના ગળામાં,

હાથમાં હાથકડી, પગમાં બેડી તથા બીજા પ્રકારે પણ હાથ પગ જકડાઈ જાય તેવા બંધને બાંધે છે, જે અત્યંત ત્રાસજનક હોય છે. કમભાગી ચોર લોકો આજે પણ જેલમાં અનુભવ કરી રહ્યાં છે.

ચોરી કરવાના વિશેષ ફળો કયા છે ?

વસ્તુ તત્ત્વને જઘન્ય(સંક્ષેપ)થી અને ઉત્કૃષ્ટ (વિસ્તાર)થી કહેવાની પદ્ધતિ સુધર્માસ્વામી પાસે એટલા માટે હતી કે તેઓ કેવળજ્ઞાનના માલિક હતાં. જઘન્યતમ જ્ઞાન નિગોદવર્તી જીવોને અને ઉત્કૃષ્ટતમ જ્ઞાન કેવળી ભગવંતને હોય છે. તેનો હાડવૈરી કેવળ જ્ઞાનાવરણીય કર્મ છે, તે જ્યારે ઉત્કૃષ્ટતમ તપશ્ચર્યારૂપી અગ્નિમાં બળીને ખાખ થાય છે ત્યારે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. સંસારભરના બધાય જ્ઞાનોની ચરમ સીમા કેવળજ્ઞાનમાં સમાપ્ત થાય છે. માટે તે કેવળ, આવરણ રહિત, ઉત્કૃષ્ટ અને નિરપેક્ષ હોવાથી સંસારનો એકેય ભાવ કેવળજ્ઞાનને માટે અજ્ઞાત નથી. આ કારણે જ કોઈ પણ દ્રવ્યનો પર્યાય, જીવોની ગતિ–આગતિનો અન્તિમ નિર્ણય કેવળી ભગવંતો સિવાય બીજા કોઈની પાસે હોતો નથી.

હે જમ્બૂ! સમવસરણમાં બેસીને અરિહંત પરમાત્મા શ્રી મહાવીરસ્વામી પાસેથી જે મેં સાંભળ્યું તે તને સંભળાવું છું. કે–જેલરો (સિપાઈઓ) તે ચોરોને, જેના દ્વાર ચારે બાજુથી બંધ હોય તેવા લોખંડના પાંજરામાં; ભોંયરામાં તેમને કેદ કરી લે છે. ભયંકર અંધારાવાળા કૂવામાં પટકી દે છે.

કારાગૃહમાં રહેલા લોખંડના કે લાકડાના ખૂંટા સાથે બાંધી દે છે. ગાડાના ચક્ર (પૈડા) સાથે મજબુત બાંધીને જમીન પર તે ચોરને મૂકીને ગાડાને ચલાવતાં તેનું શરીર પણ જમીન પરના કાંકરા અને પત્થરાઓ સાથે ઘસડાતાં ઘસડાતાં લોહી-લુહાણ થઈ જાય છે અને ચીસો પાડવા લાગે છે. ગળે જાડા દોરડા બાંધીને થાંભલા સાથે બાંધે છે. બંને પગે દોરડા બાંધીને ઝાડ પર ઉંધો લટકાવે છે, ગળામાંથી પકડીને ચોરનું માથું ઠેઠ છાતી સુધી મોડી નાખે છે, જેથી ચોરના હાડકા કંપી જાય છે, તેમને વારંવાર ઉઠબેશ કરાવીને હેરાન કરે છે. પાણીથી ભીંજાવેલી ચામડાની દોરડી તેમના માથે તાણીને બાંધે છે. બે પગ (ટાંટીઆ) એટલા બધા પહોળા કરે છે જેથી કોઇકિ સમયે તે ફાટી પણ જાય છે. તેમની સાથળો પર અને ગુદા(મળ માર્ગ)ભાગ પર કાષ્ઠ બાંધી દે છે. તપાવેલા સળી-આઓથી ચોરને ડામ દે છે. તથા ગરમાગરમ સોયો તેમના શરીરના અમુક અમુક ભાગોમાં ઘુસાડી દે છે. લાકડાને છોલી નાખનારા વાંસલાથી તેમના શરીર છોલે છે, તેમના નાક–આંખ કાને મોઢામાં તીખા તમતા મરચાનો પાઉડર નાખવામાં આવે છે. આ પ્રમાણે હજારો પ્રકારની પીડા તેમને આપવામાં આવે છે, તે સિપાઇઓ ચોરની છાતી પર ખૂબ જ વજનદાર લાકડાની ઘોડીને આમ તેમ ફેરવતાં, તેમ ના હાડકા, પાંસળા ટૂટવા લાગે છે. ત્યારપછી તેમની છાતી–પેટ તથા બીજા ભાગ પર લોખંડના ડંડા મારે છે. અને બસ્તિ પ્રદેશ(ગુદા અને લિંગ)ને ખૂબ જ જોરથી ફટકારે છે. તેને નિર્દય રૂપે દબાવે છે, ત્યારે

નારક જીવોની જેમ વેદના ભોગવતા હોય તેમ લાગે છે. ચોરી, ધાડ, લુંટ અને ખુનામરકી દ્વારા મહા પાપને ઉપાર્જન કરેલા ચોરને યમરાજ જેવા સિપાઈઓ લોખંડના, ચામડાના, ધારિયાના ઘા કરી તેમને હેરાન પરેશાન કરવામાં તેમને પરમાધામીઓની જેમ ખૂબ જ મજા આવે છે. સમય બદલાતા ડ્યુટી પર આવેલા બીજા સિપાઈઓ થપ્પડ, મુઠ્ઠી, લાત અને કોરડાઓથી મારે છે, ત્યારે તે બિચારાઓની ચામડી પણ લટકતી થઇ જાય છે. આવી ભયંકર યાતનાઓને ભોગવતાં તેમની લઘુશંકા અને વડીશંકાઓ પણ બુદ્ધદેવના ક્ષણિક વાદની જેમ અદશ્ય થઈ જાય છે.

ચોરો કેવા હોય છે ? અને શા માટે ચોરી કરે છે ?

આર્ય સુધર્મા સ્વામીએ કહ્યું કે, હે જમ્બૂ ! નાની મોટી ચોરી કરવાની આદતવાળા માનવોમાં પૂર્વભવનો પાપોદય અને આ ભવમાં જ્ઞાન તથા વિવેક સંજ્ઞાનો અભાવ હોવાથી મન અને ઇન્દ્રિયોને કોઇ કાળે પણ કાબૂમાં રાખી શકતાં નથી. માટે તેમના ભાગ્યમાં ઇન્દ્રિયોની ગુલામી નકારી શકાય તેમ નથી. દેવદુર્લભ મનુષ્યાવતારમાં સૌથી પ્રથમ અને સૌથી વધારે પાપ ઇન્દ્રિયોના ભોગોનું હોય છે. માનવ શરીર સાથે લાગેલી અથવા પોતાના પુણ્ય અને પાપના ભોગવટા માટે પ્રાપ્ત થયેલી ઇન્દ્રિયો પૌદ્ગલિક હોઇને રસનેન્દ્રિયને ખારા, તીખા, મીઠા, ખાટા પદાર્થોની, સ્પર્શેન્દ્રિયને ઉષ્ણ, શીત, મૃદુ, કર્કશ, ભારી, હળવો આદિ પદાર્થોની, ચક્ષુરિન્દ્રિયને કાળા, ધોળા, લાલ, પીળા રંગોને જોવાની, શ્રવણઇન્દ્રિયને મનગમતા

શબ્દો, ગીતો, ભજનીયાઓને સાંભળવાની તથા નાક ઇન્દ્રિયને સુગંધી વગેરે પદાર્થોનું આકર્ષણ રહે તે માની શકાય તેમ છે, પરંતુ તે તે પદાર્થોની પ્રાપ્તિ સૌને માટે સુલભ હોતી નથી. આવી સ્થિતિમાં માનવોનું મન પારકાની માલમતા, સ્ત્રી, યુવાન પુત્રી આદિ ઉપર ખરાબ બને છે. કર્મ સંજોગે તેની પ્રાપ્તિ થાય તો તેને હમેશાને માટે પોતાની બનાવવા માટે પૈસો, વસ્ત્રો, આભૂષણો કયાંથી લાવવા ? ત્યારે ચોરી કરવા તરફ પ્રસ્થાન કરવાનો નિર્ણય લેવાનો રહે છે.

પરસ્ત્રીઓના અને તેમની રૂડી રૂપાળી કન્યાઓના ભોગ વિલાસોને માટે અત્યંત આસક્ત બનેલો માનવ તેમના મધુર મીઠા ગીતો, તેમની સાથે વાત કરવાના પ્રસંગો, તેમની સાથે હોટલોમાં બેસીને વાતોના તડાકાઓ ઉપરાંત તેમને ભેટણું આપવા માટે રંગ-બેરંગી સાડીઓ, બ્લાઉઝો, ઘડિયાળ, પર્સ, પફ પાઉડર, લીપસ્ટિકની ડબી તથા કાજલની ડબીઓની ખરીદી કર્યા વિના કયો માર્ગ ? પરંતુ પોતાનું મનીબેગ કમજોર હોય ત્યારે બીજાઓની ચોરી કર્યા વિના બીજો ઉપાય કયો ? આ કારણે જ તેમને ચોરીના ધંધામાં ઉતરવાનું રહે છે. તેમનાં જીવનના અણુઅણુમાં મોહકર્મનો નશો બેમર્યાદ હોવાથી તેમાં બેભાન, બેઈમાન અને બેશરમ બનેલા જીવો આનદાની ધર્મનો ત્યાગ કરી ફરી ફરીને મોહકર્મના અન્ધકારમાં અટવાઈ જાય છે. ત્યારે :

પરસેવો ઉતાર્યા વિના પારકાની શ્રીમંતાઇને સ્વાધીન કરશે.

જેની નોકરી કરે છે, ત્યાં નીમકહરામ બનીને ગમે તે રીતે પણ શેઠને ખાડામાં ઉતારી દેશે.

શેઠની ઓફીસમાં બેસીને પણ પોતાનો બાનગી ધંધો કરશે

તથા ઓફીસમાં સાથે કામ કરવાવાળી બહેનની આંખ ચોરશે.

શાક-ભાજીથી લઇને બીજા પણ હિસાબ કિતાબમાં ગોટાળા કરશે.

માલિકને પૂછ્યા વિના ઓફીસની ઘણી વસ્તુઓની ચોરી કરશે.

જે આગળ જઇને મોટી ચોરીઓનું મૂળ કારણ બને છે.

જેનાથી સ્પર્શેન્દ્રિયને ભડકાવવામાં આવે તેવી પરસ્ત્રીઓમાં, કન્યાઓમાં, સહપાઠિનીઓમાં, તેમનું મન લુબ્ધ બને છે ત્યારે ગમે તે નિમિત્ત ઉભું કરીને તેમના સ્પર્શ પ્રત્યે ઝંખના રાખે છે. અને તે કાર્યો પૈસા વિના બનતા નથી. માટે ચોરી કરવાનો રસ્તો જ શેષ રહે છે. પારકાનું ધન કાચા પારા જેવું હોવાથી ચોરી કરીને, ધાડ પાડીને, વિશ્વાસઘાત કરીને, તોલ-માપ કે વ્યાજ વટાવના જૂઠાણાથી મેળવેલા ધનને વાપરવા માટે બીજો માર્ગ પ્રાયઃ કરીને ન હોવાથી પરસ્ત્રીરમણ, શરાબપાન અને જુગાર આદિના વ્યસનો લાગુ પડ્યા વિના રહેતા નથી. માટે જ સૂત્રકાર કહે છે કે-તેવા પ્રકારના વ્યસનોમાં રહેલા જીવોને ચૌર્યકર્મ દ્વારા મેળવેલા ધનને ફરી ફરીથી પાપ માર્ગે નાંખવામાં આવે છે. તેમ છતાં કદાચ પરસ્ત્રીની પ્રાપ્તિ સુલભ

બનવા ન પામે તો તૃષ્ણાના માર્યા તેઓ રાત-દિવસ સંતપ્ત રહે છે, ફાફા મારે છે, દુઃખી બને છે. અતૃપ્ત વાસના જ મહાદુઃખ હોવાથી તેમને શરાબના નશામાં પડ્યા રહેવાનું થાય છે. અથવા પૂર્વભવોના પાપો તથા શાપના કારણે નપુંસકત્વ પ્રાપ્ત થયેલું હોવાથી પણ તેમની વાસના અતૃપ્ત જ રહે છે.

આવી પરિસ્થિતિમાં ફરીથી તેઓ જ્યારે પકડાઈ જાય છે, ત્યાર સિપાઇઓને પણ તેમના પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થયા વિના રહેતી નથી. પરિણામે જોરદાર ફટકા મારે છે, તેમનો વધ કરે છે, મજબુત સાંકળોથી તેમને બાંધે છે અને મૃત્યુ સમીપે પણ લઇ જાય છે. ચોરને પકડ્યા પછી પણ તે સિપાઇઓ તેમના પેટના ઉંડાણમાં ઉતરીને પણ ચોરી સંબંધીની વાતોને મેળવવાનો પ્રયત્ન કરે છે. મિઠા વચનો છેવટે કડવા વચનોથી પણ તેને મનાવે છે અને ન માને તો ૫-૨૫ સિપાઇઓ ભેગા થઇને નેતર ની લાકડીથી, મોટા ડંડાથી, લોખંડ મઢેલી લાકડીઓ પણ મારે છે. જેથી તે બિચારો અધમુઆ જેવો થઈ જાય છે.

જૈન ધર્મ સૂક્ષ્માતિસૂક્ષ્મ હોવાથી કરણ, કરાવણ અને અનુમોદન સરખા ફળવાળો હોય છે. આ કારણે જ ચોરના સાત પ્રકાર પડે છે.

(૧) ચોર-ચોરી કરનાર પોતે જ.

(૨) ચૌરાપક-ચોરી કરનારને બીજી વસ્તુઓ લાવી આપે તે.

(૩) મંત્રી–આગળ પાછળનો વિચાર કર્યા પછી ચોરોને સંમતિ આપે છે, એટલે કે–તમે જાઓ, શકુન સારા છે, તે બાજુના માર્ગે જજો, ઇત્યાદિ.

(૪) ભેદજ્ઞ–આજે અમુક લત્તામાં, અમુક મકાનમાં જજો અને ઘર માલિક સૂતો હોય ત્યારે મકાનની બાજુથી ઉપર ચડજો અને બોલ્યા ચાલ્યા વિના અમુક કબાટમાંથી આભૂષણો ઉઠાવી લેજો.

(૫) કાણુકક્રયી–ચોરેલ માલ–ઝવેરાત આદિને સસ્તા ભાવે લેનાર.

(૬) અન્નદ–પોતાને ઘરે બેસાડીને, ખાવા–પીવાનું આપનાર.

(૭) સ્થાનપ્રદ–થોડા દિવસો માટે ચોરને પોતાના ઘરે સંતાડી દે છે. મતલબ કે, ચોરી કરવી, બીજા પાસે કરાવવી, કરનારને સહાયક બનવું. આ ત્રણે પ્રક્રિયામાં ચૌર્યકર્મના ભાવ સ્પષ્ટ દેખાઇ રહ્યો છે.

બીજી રીતે પણ ચોર અઢાર પ્રકારે હોય છે.

ટીકાકાર શ્રી અભયદેવસૂરિજીએ ચોરોની ૧૮ પ્રકારની સંખ્યા કહી છે.

૧. ભલન–એટલે ચોરી કરનારાઓની જમાત સાથે અંદરખાનેથી મળી જવું, અને બહારથી જૂદા રહેવું, તે ભલન છે. અથવા બહારથી શાહુકાર તરીકે છાપ રાખવી અને

અંદરથી દાણચોરીનો વ્યાપાર જે રીતે વિકાસ પામે તેમ વર્તવું તે ભલન છે.

૨. કુશલ–ચોરી કરવાવાળાઓને તેમના સુખ–દુઃખ માટે પૂછતાં રહેવું કે–તમે ઠીક છો ને? આ વખતે જરા ધ્યાન રાખીને પરદેશનો માલ વધારે લાવજો, તમને પહેલાથી કંઈ જોઇતુ કારવતું હોય તો કહેતા રહેજો. આમ સુખ–દુઃખના ખબર કાઢવા એટલે આડકતરી રીતે ચોરને પ્રોત્સાહન આપવું.

૩. તર્જા-ચોર મંડળીના આગેવાન સાથે અમુક પ્રકારના સંકેતના શબ્દો, ઇસારાઓ, હાથના આંગળાની ચેષ્ટાઓ વગેરે નક્કી કરી લેવા અને સમય આવ્યે ઇસારાથી તે ચોરોને સાવધાન કરી લેવા અથવા ચોરીને લાવેલો માલ કયાં ઉતારવો વગેરેની જાણકારી આપવી.

૪. રાજભાગ–સામેના વ્યાપારી સાથે સંબંધિત થઇને માલનું બીલ ઓછું બનાવવું જેથી રાજભાગ(જકાત)માં ફાયદો થાય. અથવા પાંચ–દસ સગાઓના નામે બીલ બનાવરાવવા જેથી કાયદામાંથી છુટકો થઈ શકે અથવા પેઢી, ઓફીસ, ફેકટરી એક જ હોય પણ તેમાં પાંચ–દસ ખાતા જૂદા જૂદા નામે પડાવવા કે પાડવા જેથી ઇન્કમટેક્ષ, સેલ-ટેક્ષના ઓફીસરોથી બચવાનું સરળ બને ઇત્યાદિ કાર્યોમાં ચોરી છુપાયેલી જ હોય છે.

૫. અવલોકન–ચોરી કરવા ચોર જઇ રહ્યો હોય તે સમયે ખબર હોવા છતાં પણ ઉપેક્ષા કરતાં કહેવું કે 'જા જા આવા

ખોટા ધંધા કરે છે.' આવી ભાષાના મૂળમાં પોતે (બોલનારો) તો ચોર સાથે મળેલો છે, પણ શેઠ કે ઓફીસરને અંધારામાં રાખીને કહે છે કે 'અત્યારે સરકારી માણસોને ખબર પડી ગઈ છે, તેથી આ સમયે ચોરીના માલ પર ધ્યાન રાખવા જેવું નથી.' આમ કહી પોતે પરબારોજ કોઇને ખબર ન પડે તેવી રીતે ચોરનો માલ પોતાને કબજે કરી લે છે. તેનો નફો પોતાના ગજવામાં સરકાવી દે છે. શાસ્ત્રકાર આવા ધંધાને પણ ચોરી કહે છે.

૬. અમાર્ગદર્શન–ચોરોની પાછળ રાજાના આરક્ષકો પડ્યાં હોય, અને આપણે જાણતાં હોઇએ કે ચોરો આ તરફ ચોરી કરવા ગયા છે, પણ તેમને બચાવવા માટે કે આરક્ષકોથી તેમને સુરક્ષિત રાખવા માટે કહેવું કે 'અમે ચોરોને જોયા નથી' અથવા તો અવળી દિશાનું નામ કહેવું જેથી વિપરીત દિશામાં સિપાઇઓ દોડાદોડ કરતાં રહે, તેટલામાં તો ચોરીનું કામ પતાવીને ચોરો પણ સુરક્ષિત સ્થાને પહોંચી ગયા હોય છે. આવી રીતના વચન વ્યવહારના મૂળમાં અદત્તાદાન સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

૭. શય્યા–ચોર લોકો પોતાના સ્થાનથી આવી ગયા હોય, પણ જેના ઘેર ચોરી કરવાની છે તે માલિક હજુ બજારમાં છે, પોતાનો વ્યાપાર પતાવીને ૨–૪ કલાકે ઘેર જશે તેટલા સમય માટે તેમને પોતાના ઘરે, દુકાને, વખારે કે કારખાનામાં સૂવા–ઉઠવા માટે પથારી, બીડીઓ, ચા–પાણી તથા નાસ્તો કરાવે છે જેથી તેટલો સમય આરામથી પસાર થઈ જાય છે.

૮. પદભેગ–ચોરી કરીને ચોરેલી માલમત્તા સાથે ચોરો આવે છે અને રસ્તામાં તેમના પગલાં પડે છે, તેને સિપાઇઓ જાણી ન શકે તે માટે તેમના પગલાં પર ગાય–બળદ આદિ પશુઓને ચલાવવા જેથી સિપાઇઓની દાઢ ગળવા પામે નહિ તથા ચોરોને સિપાઇઓનો ભય બતાવવો જેથી માલમત્તા પોતાને ત્યાં મૂકી જાય, ફેંકી જાય. પાંચ–દસ દિવસે ચોર અને શેઠ માલને તપાસવા ભેગા થાય છે, તે પહેલાં તો શેઠ સાહેબની હાથ ચાલાકીના કારણે ઝવેરાતમાંથી સાચા હીરા, મોતી, સુવર્ણ વગેરેના સ્થાને નકલી હીરા મોતી મૂકાઈ ગયેલા હોય છે. ફળસ્વરૂપે ચોરોના હાથમાં બે ચાર દિવસની ખીચડી કે લુખા રોટલા રહે છે અને પાપનો જોરદાર ભારો માથા પર રહેવા પામે છે.

૯. વિશ્રામ–સમય પસાર કરાવવા માટે અને બવરાવી પીવરાવીને તેમને પાકા વિશ્વાસમાં લેવા માટે પોતાના ઘરે જ તેમને આશ્રય આપવો, તે વિશ્રામ કહેવાય છે. શય્યાના ભેદમાં તેની વ્યવસ્થા બીજે કયાંય કરી શકાય છે, જ્યારે વિશ્રામ તો પોતાના ઘરે જ કરાવવાનો હોય છે.

૧૦. પાદપતન–ધર્મ અને મોક્ષ પુરૂષાર્થનો અંશ પણ જ્યારે જીવનમાં નથી હોતો ત્યારે અર્થ અને કામ પુરૂષાર્થ જ શેષ રહેવા પામે છે. તેનામાં સર્વથા અંધ બનેલા માનવને, કે આંખના પલકારે પરસેવો ઉતાર્યા વિના શ્રીમંત થવાની ભાવનાવાળા માનવને, દેવદર્શન, પૂજા, સંતસમાગમ, જપ–માળા, તપ–ત્યાગ, દાન–શિયળ, પરોપકાર આદિ એકેય

કાર્યમાં રસ મુદ્દલ હોતો નથી અને જ્યાંથી પોતાનો સ્વાર્થ સધાય કે શ્રીમંતાઇમાં વધારો થાય તેવા પ્રોગ્રામોમાં ધર્મપત્નિ, પુત્ર આદિની બિમારીમાં બેદરકાર રહીને પણ સૌથી પહેલા ભાગ લેશે. ગામડાઓમાં જશે, ચોરોને મળશે, તેમને બીડી સિગારેટ પીવડાવશે, હોટલમાં લઇ જશે, ખવરાવીને તેમને પ્રસન્ન કરશે અને છેવટે વિશ્વાસમાં લેવા માટે તેમના પગે હાથ લગાડીને પણ કહેશે કે–' અત્યારે રાજનીતિ અવળા માર્ગે ગયેલી હોવાથી ચોરીના કામમાં ઝંપલાવવા જેવું નથી, સરહદના સિપાઇઓનો તથા આવકવેરાના માણસોનો ભય વધી ગયો છે, તેમ છતાં ભય જેવું દેખાય તો મારી દુકાનના પાછલા માર્ગે આવીને માલના બંડલો ફેંકી જજો, તે માટે મારા પ્રત્યે કોઇ જાતનો અવિશ્વાસ રાખશો નહિ, તમારા માલને મારા માલમાં ભેગો કર્યા પછી, જયપુર–અમદાવાદ–મુંબઈ–લખનઉ કે દિલ્હીના ગુપ્તચરો કદાચ આવશે તો એક ટેબલ પર બેસાડીને શરાબની બોટલો તેમનું સ્વાગત કરશે, તાજ મહેલ હોટલમાં તેમને જમાડીશ, આગતા સ્વાગતામાં ખામી રાખીશ નહિ, જેથી માલને આંચ આવશે નહિ. માટે રતિમાત્ર ચિંતા કર્યા વિના મારૂં માની લેજો. છેવટે ૫–૨૫ ભગવાનના સોગન ખાશે, પોતાને ગળે હાથ લગાડીને વિશ્વાસમાં લેશે. આ બધાય કાર્યોમાં અર્થ અને કામ પુરૂષાર્થમાં કેટલી શક્તિ રહેલી છે તે સાફ દેખાઇ રહ્યું છે.

આસનદાન–ચોર લોકો પ્રસન્ન રહે તે માટે તેઓ જ્યારે બજારમાં આવે ત્યારે તેમને આસન, ખુર્સી, સાદડી, શેતરંજી

વગેરે બેસવા માટે આપવી તે આસનદાન કહેવાય છે. સમજાય તેવી વાત છે કે, અર્થ અને કામનો રસિયો તે બંનેમાં કેટલો બધો જાગૃત રહે છે. અર્થ એટલે–પૈસો કમાવવો, સુરક્ષિત રાખવો, વધારવો, ઘટવા ન દેવો, ચોરની નજર ન પડે તેવા સ્થાને રાખવો, અમુક દ્રવ્ય અને આભૂષણ કયાં સંતાડ્યાં છે તેની માહિતી ઘરના મેંબરોને પણ ન આપવી તે અર્થ પુરૂષાર્થ છે. કામ એટલે–શરીર અને ઇન્દ્રિયો સારી અને શસક્ત રહે, રૂપરંગ વિકસિત થાય, તેમાં વધારો થાય, પફ–પાવડર આદિથી ચહેરાની ચમક-દમક બની રહે, વિજાતીય (પુરૂષને માટે સ્ત્રી અને સ્ત્રીને માટે પુરૂષ)નું આકર્ષણ થાય તે રીતે અપટુડેટ રહેવું ઇત્યાદિ પ્રકારે રહેણી કરણી રાખવી તે કામપુરૂષાર્થ છે. માનવ જ્યારે પોતાનો ધર્મ–દાનદાન, પૂર્વભવીય સત્કર્મો, જ્ઞાન, વિજ્ઞાન આદિને ભૂલી જાય છે, ત્યારે તેને અધર્મ–પાપનો માર્ગ, દાનદાન વિરૂદ્ધ આચરણ રાખવું, સત્કર્મોમાં ઘટાડો કરતાં જવું, જ્ઞાન–વિજ્ઞાનનો–દુરૂપયોગ કરવો. તે ઉપરાંત મહાપુણ્ય કર્મે મળેલી ભરજુવાનીને પ્રારંભ કાળથી જ પાપમાર્ગે વાળવી ઇત્યાદિ કર્મોમાં તેનું મન પ્રસ્થાન કરે છે. તે સમયે મિત્રોનો સથવારો પણ તેવો જ મળી આવે છે, કે મેળવવામાં આવે છે, જેથી તે તે કર્મોને કરવા માટે પૈસાની આવશ્યકતા નકારી શકાય તેમ નથી. આવી સ્થિતિમાં તેઓ ચોરોની સાથે મિત્રતા રાખે અને સમય આવ્યે તેનો સત્કાર કરે તે માનવામાં આવે તેવી હકીકત છે.

અરિહંતોના શાસનની એટલે તેમના પ્રરૂપેલા સ્થૂળ અદત્તાદાન વિરમણવ્રતની અવહેલના કે આંખ મિંચામણા જ્યારે કરવામાં આવે છે ત્યારે જ શાસન વિરૂદ્ધ કાર્યો કરવામાં કેવળ પૈસા-પૈસા અને પૈસાની આમદાની સિવાય બીજું એકેય લક્ષ્ય તેમનું રહેતું નથી. તેને ખબર છે કે સામેવાળો ચોર છે, તેનો વ્યાપાર-ધર્મ કે વ્યવહાર રાજ્ય વિરૂદ્ધ છે તો પણ તેમનાથી બે પૈસાનો ફાયદો થતો હોય તો તેમને સત્કારવા, માનપત્ર દેવું, સમાજ વચ્ચે તેમની બિરૂદાવલી ગાવી વગેરે કાર્યો કરવામાં સાક્ષાત્ અને પરંપરાએ ચૌર્યકર્મની અનુમોદના તથાકારિત દોષો રહેલા હોવાથી જૈન શાસન તેમને ચોર જ કહે છે.

૧૨. ગોપન-અમુક સમયને પસાર કરવા માટે ચોરને છુપાવી દેવામાં આવ્યો હોય, તો પણ બીજાઓને કહેવું કે 'તે ચોર મારે ત્યાં નથી.' વધારામાં કહેવું કે 'હું તો કોલસા કે લાકડાનો વ્યાપારી હોવાથી મારે અને ચોરને શો સંબંધ? ચોર ચોરી કરે તો હીરા બજાર, મોતી બજાર, સુવર્ણ બજાર કે ચાંદી બજારમાં રખડતો હોય છે, મારે ત્યાં શા કારણે આવે?' આમ કહેવું તે ગોપન છે.

૧૩. ખંડખાદન-ચોરી કરીને માલમત્તા સાથે આવેલા ચોરોને મિષ્ટાન્નપાન ખવડાવવા માટે ટી-પાર્ટીઓ ગોઠવવી ઇત્યાદિ કાર્યો ખંડખાદન કહેવાય છે. સારાંશ કે ચોરી કરવાવાળાઓની સાથે જમવા બેસવું તેમાં પણ ચૌર્યકર્મનો દોષ લાગે છે.

૧૪. મોહરાજિક–પૈસો કમાવવાની ધૂનમાં માનવ જ્યારે લોભાન્ધ બને છે, અર્થાત્ પેટ ભરાઈ ગયા પછી પણ પટારાઓને ભરવાનો લોભ જ્યારે રાક્ષસની ઉપમામાં પ્રવેશ કરે છે ત્યારે પોતાના ભણુતર–ગણુતર, ફાંકડી અંગ્રેજી ભાષા, ફારસી ભાષા, સંસ્કૃત–પ્રાકૃત ભાષાના સૂક્તો બોલવાની છટા દ્વારા ચોરોને જૂદી જૂદી રીતની સલાહ આપતો રહે છે. તે આ પ્રમાણે :—

" અત્યારે તે ગામના દરિયા કિનારે સરકારે નાકાબંધી કરી છે અને પોલીસોની ચોકી મજબુત કરાવાઈ છે, માટે તમારો જહાજ માર્ગે વાળી દેજો અને તે બાજુ મારા માણુસોની નાવડીઓ જેના પર અમુક નિશાન છે તેમાં પેક કરેલા બંડલોને ઉતારી દેજો, ઉતાવળથી કામ પતાવજો, પછી મારા માણુસો તે બંડલોને નાવડીમાં છુપાવીને ઉપર માછલા, માંસના ટોપલા તથા મરઘા–બતકાના કરંડીઆ મૂકી દેશે. " ઇત્યાદિ પ્રકારે ચોરને સલાહ સૂચના કરવી.

૧૫. ચોરને હાથ–પગ ધોવા માટે સાબુ અને ગરમ પાણી આપવું તેને પદ્મ કહે છે.

૧૬. ભોજન બનાવવા માટે પ્રાઈમસ, સગડી, ગેસ આપવા તેને અગ્નિદાન કહે છે.

૧૭. પાણી આદિની વ્યવસ્થા કરવી તે ઉદક દાન.

૧૮. અને ચોરીને લાવેલા માલને મેડા ઉપર મુકાવવા માટે દોરડા આપવા.

ઉપર પ્રમાણે ચોરના ૧૮ પ્રકારો બતાવવામાં આવ્યા છે. તેઓ સપડાઈ ન જાય તે માટે જંગલોમાં જીવન પૂર્ણ કરે છે.

કોઈ સમયે તેમના હાથ–પગના આંગળા પણ કપાઈ જાય છે. પાણીના અભાવમાં તરસ્યા રહે છે, પાણી–પાણી કરતાં મરી પણ જાય છે. વસ્ત્રો સાવ ફાટી ગયેલા હોવા છતાં બીજા ખરીદી પણ શકતા નથી. પકડાઈ ગયા પછી રાજા તેને મારી નાખવાનો આદેશ આપે છે. ત્યારે અત્યન્ત કર્કશ અવાજ કરનારા ઢોલ કૂટવામાં આવે છે. કેમકે પ્રત્યેક સંકેતને સૂચવનારા ઢોલ જૂદી જૂદી જાતના હોય છે. ભગવાનની ભક્તિ માટે ઢોલ, રાજ દરબારના સમયનો ઢોલ, રાજા આદિ મોટા માણસોને જગાડવા માટેનો ઢોલ, મહોત્સવાદિનો ઢોલ તથા કોઈને ફાંસી (વધસ્થાન) દેવાની હોય ત્યારનો ઢોલ. આ બધાયમાંથી અત્યારે વધસ્થાન માટેનો ઢોલ વાગતા જ રાજ-કર્મચારીઓ, નગરવાસીઓ પોતપોતાના ઘેરથી બહાર આવે છે અને રાજદ્વારે ભેગા થાય છે, તે બધાય ચોરને પકડીને શૂળી સ્થાને લઈ જવાના ચિહ્ન સ્વરૂપ લાલ કણેરની માળા ગળામાં નાખે છે અને તે સમયના બે વસ્ત્રો પહેરાવે છે. તેને પકડીને લોકો મારે છે, ડંડા ફટકારે છે, ગાળો ભાંડે છે. તે સમયે મરણના ભયથી બિચારો ચોર ત્રસ્ત, દયાપાત્ર અને આખા શરીરે પરસેવાવાળો થઈ જાય છે. આવી સ્થિતિમાં પણ તેના શરીરે ચૂનો ચોપડે છે, રસ્તાની ધૂળથી તેમનું માથું ભરાઈ જાય છે, કૌસુંબી રંગથી તેમના વાળ રંગે છે ત્યારે ચોરો સમજી જાય છે કે હવે અમે મૃત્યુના મુખમાં ધકેલાઈ રહ્યાં છીએ. ત્યારે તેમના મગજ,

આંખો, હૃદય ચક્રની જેમ ફરવા માંડે છે, આંખે અંધારા અને હૃદય ધ્રુજવા લાગે છે. કેમકે જીવ માત્રને પોતાના પ્રાણો પ્રિય હોય છે.

પરમાધામી જેવા પાપી, નિર્દયી, ક્રૂર અને ચંડાલસમા રાજપુરૂષો તે ચોરોને માંસના ટૂકડા બવડાવે છે અને કોરડા મારે છે, હજારો માણસોથી ઘેરાઈ ગયેલા તે બિચારા ઘણા જ દુઃખી બને છે, ગામની વચ્ચેથી તેમને લઈ જવામાં આવે છે. સર્વથા અશરણ, અનાથ, બંધુ, બંધુત્યક્ત હોવાથી તેમના પર કોઇને પણ દયા આવતી નથી અને વધસ્થાને તેમને લાવી મોતના ઘાટે ઉતારે છે.

પારકાઓના ઘરમાં ઘુસી તેમનું દ્રવ્ય, સ્ત્રી, પુત્રી આદિનું હરણ કરનારા ચોરોનું જીવન ભયંકર પાપમય, કિલષ્ટ પરિણામી અને ક્રૂર હોવાથી 'હાથના કર્યા હૈયે વાગ્યા' આ ન્યાયે ચંડાલોના હાથમાં સપડાયેલા તે ચોરો ઢોરમાર બાઇને અધમુઆ થઈ જાય છે, આંખ તથા જીભ બહાર નીકળવાની તૈયારીમાં હોય છે, ધમણની જેમ શ્વાસ નિશ્વાસ લેતાં તેમને મજબુત દોરડાઓથી બાંધીને ઝાડની ડાળીએ ઉંધા લટકાવે છે, પર્વત પરથી ધક્કો મારીને નીચે પટકે છે, તે સમયે પર્વતના અણીયાલા પત્થરોથી તેમની ચામડી, હાડકા વગેરે તૂટી જાય છે, ચામડી છોલાઈ જાય છે. હાથીના પગ નીચે મૂકે છે અને નાળીએરની જેમ હાથી તેમને ચગદી નાખે છે. કુહાડાઓથી તેમના કાન, નાક, આંખ, હોઠ, હાથ,

પગ, જીભ, ડોક, વક્ષસ્થળ અને ગુપ્ત શરીરને કાપી નાખે છે. ગુપ્ત અંગને મૂળમાંથી કાપે છે, દાંત અને દાઢ ઉખેડી મારે છે, જીભ ખેંચી લેવામાં આવે છે. આ પ્રમાણે મારતા-કાટતા તે ચંડાલો ચોરોને શૂળી પર લાવે છે. ત્યાર પછી કેટલાક ચોરોને મારે છે, કેટલાકોને દેશનીકાલ કરે છે, બીજાઓને હાથ પગ કાપીને છોડી મૂકે છે, ત્યારે કેટલાકોને આજીવન કારાવાસમાં મૂકે છે. ત્યાં કોઇની મુલાકાત હોતી નથી. ભૂખ્યા તરસ્યા રહે છે. જેમાં સર્પ, વિચ્છુ, કાનખજુરા, વિષ્ટા, મૂત્ર ભરેલા છે તેવી એક જ કોટડીમાં રાખે છે. ત્યાં ઘણા રોગો તેમને લાગુ પડે છે, ત્યારે માથે હાથ મૂકીને રાડ પાડતાં મરણાસન્ન થાય છે. નખ, કેશ વધી જાય છે, ત્યાં સ્નાનની સગવડ નથી, ઠંડુ પાણી નસીબમાં નથી અને અસહ્ય દુઃખોને ભોગવતાં તેઓ જ્યારે મરી જાય છે. ત્યારે પગે દોરડા બાંધીને મરેલા કૂતરાની જેમ જમીન પર ઘસડતાં લઇ જાય છે અને જંગલમાં ફેંકી દે છે, જ્યાં વરૂ, શિકારી કૂતરા, શિયાળ વગેરે ફોલી ખાય છે.

ચોરો જ્યાં સુધી જીવતા રહે ત્યાં સુધી "अत्युग्रपुण्य-पापानां फलमत्रैव लभ्यते" આ ન્યાયે તેમનાં શરીરમાં ઘણી જાતના અસાધ્ય રોગો, પરૂ, કીડાઓ ઉત્પન્ન થાય છે, જેથી દુર્ગન્ધ મારતું શરીર કોઇ સગાઓની પાસે પણ બેસવા લાયક રહેતું નથી. અને આવા માનવો મરે છે ત્યારે જનતા સુખનો શ્વાસ લેતાં કહેશે કે–

"પાપી–ચોર–અદમાસ–ક્રૂર–નાપાક, બે ઈમાન અને નિર્દય ચોર મરી ગયો તો સારૂ થયું, ગામનો માથાભારે માણસ મર્યો. હવે જનતા સુખેથી જીવી શકશે."

તે ચોરો પરલોકમાં કેવું ફળ ભોગવશે ?

ઠોઠમાં ઠોઠ માણસને પણ સમજમાં આવે એવી હકીકત છે કે, માલિકની રજા વિના તેમની ઘડિયાળ, પેન, ચશ્મા, છત્રી, બુટ, ચંપલ, વસ્ત્ર. પેંટ, પુસ્તક તથા ભેગી કરેલી થોડી ઘણી પૈસા આભૂષણોની માયાને ઘાડ પાડીને, ખુન કરીને, આંખમાં મરચાની ભુકી નાખીને, મેલી વિદ્યાનો પ્રયોગ કરીને, વ્યાપારમાં નફો કરાવવાની લાલચ આપીને, રાજ વિરૂદ્ધ–ધર્મ વિરૂદ્ધ કર્મો કરીને, ચોરી કરનારાઓ પર હજારો–લાખો માણસોના શાપ લાગેલા જ હોય છે, કેમકે લાખો કરોડોની શ્રીમંતાઈવાળાઓ પણ પોતાના ઘરની કોઈ પણ ચીજ ચોરાઈ જાય તેમ ઈચ્છતા નથી. તો પછી ટાંટીયા તોડીને, પરસેવો ઉતારી, બાળ બચ્ચા કે પત્નીનો ૮–૧૦ ઘંટાનો વિયોગ સહન કરીને, કે મહિનાના પગાર પર દૃષ્ટિ રાખીને, ભૂખે-તરસે કે લુખા ભોજન કરીને તથા મહિના સુધી અત્યન્ત દયનીય દશાને ભોગવીને પણ થોડી ઘણી માયા ભેગી કરેલી હોય. જેના પર તેઓની જીન્દગીની આશા રહેલી હતી, તેમાંથી જ્યારે કંઈક ચોરાઈ જાય, ત્યારે તેમના શાપ, દુઃખાર્દ શાપ ચોરી કરનારને લાગ્યા વિના રહેવાના નથી. આવાઓના ઘરમાંથી કંઈક ચોરાઈ ગયા પછી તેમની આન્તરિક દશા, આંખોના આંસુ, ભાવીને માટે શું કરવુ ? તૂટેલ ઝુંપડું

પાછું કેવી રીતે બાંધવું ? સાધનો ક્યાંથી લાવવા ? ભોજનસામગ્રી કે મહિનાનો પગાર ચોરાઇ ગયા પછી મહિના સુધી રોતા ટળવળતાં છોકરાઓને શી રીતે રાજી રાખવા ? તેમના પેટની આગ શી રીતે બુઝવવી ? પોતાના ભાગમાં આવેલી ૨૦–૨૫ હજારની રકમને, ઉલ્ટા સુલ્ટા પાઠો ભણાવીને નાના ભાઇની ભલમનસાઇનો દુરૂપયોગ કરનાર મોટા ભાઇને, કાકાને, બાપને, કે બીજા કોઇને નાનો ભાઈ શ્રાપ દીધા વિના શી રીતે રહેવાનો છે ? આવતી કાલે પુત્રો મોટા થશે, તેમને પરણાવવા પડશે. તે માટે ૨૦–૨૫ તોલાના આભૂષણો કામે આવશે તે આશયથી કોઇને ત્યાં થાપણ મૂકયા પછી યદિ તે શ્રીમંત દાગીના પચાવી મારે ત્યારે વિશ્વાસુ સાથે કરેલા વિશ્વાસઘાતનું પાપ તેમને આવતા ભવે ભોગવ્યા વિના શી રીતે ચાલશે ? ઇત્યાદિ પ્રકારે લુંટાઈ ગયેલા માનવના જીવનની આન્તરદશાને કેવળજ્ઞાની સિવાય બીજો કોઈ જાણી શકે તેમ નથી.

મહાવીરસ્વામી કેવળજ્ઞાની હતાં, તેમની અનન્ય ઉપાસના કરી લીધા પછી આર્ય સુધર્માસ્વામી અને ગૌતમસ્વામી કેવળજ્ઞાનના માલિક બન્યા હતાં. આ કારણે જ અદત્તાદાન એટલે ચોરી કરવામાં આજે કે કાલે પણ કેટલું ભયંકર પાપ બંધાય છે અને ભોગવાય છે, તે વાત તેમણે અનંતાનંત જીવોથી પરિપૂર્ણ આ સંસારમાં જે જીવાત્માઓ અદત્તાદાનનું ફળ ભોગવી રહ્યાં છે અને આજના ચોરો પણ આવતી કાલ કેવા ફળો ભોગવશે તેને પ્રત્યક્ષ કરેલા હોવાથી, પોતાના પ્રિય

શિષ્ય જમ્બૂસ્વામીને સંબોધન કરી કહે છે કે-ચોર લોકોએ પોતાની જીવિતાવસ્થા સુધી તે કર્મોના ફળો ભોગવ્યા પછી નરકગતિ તરફના પ્રસ્થાનને કોઈ રોકી શકે તેમ નથી. લાખો જીવોથી શ્રાપગ્રસ્ત બનેલા જીવો નરકમાં જાય કે યમદૂતો (નરકાનુપૂર્વી) તેમને નરકમાં ધકેલી મારે તેમાં કોઇને શંકા રહેતી નથી. 'जो जस करई वो तस फल चाखा' જે માણશો જેવા પ્રકારની કરણી કરશે તેને તેવા જ ફળો ભોગવવાના રહેશે.

નરકભૂમિના દુઃખોનું વર્ણન :-

તે ભૂમિ સર્વથા અમનોજ્ઞ હોવાથી ત્યાંની એકેય વસ્તુ આંખે ન ગમે તેવી છે, જીભ માટે સ્વાદ યોગ્ય નથી, નાકથી સૂંઘવા લાયક નથી, સ્પર્શેન્દ્રિયથી અસ્પર્શ્ય છે. તથા ત્યાંના જીવોનો એક પણ આર્તનાદ સાંભળવા લાયક નથી, નિરભિરામ (અસુંદર) છે. હજારો મણ સળગાવેલા લાકડાની ગરમી કરતા ત્યાંની ગરમી વિશેષાધિક છે. તથા ઠગલાબંધ બરફમાં જે ઠંડી હોય તેનાથી વધારે ઠંડી ત્યાં છે.

મનુષ્યભવમાં હજારો-લાખો અને કરોડો જીવો સાથે કરેલો વિશ્વાસઘાત, ધૂર્તતા, શેતાની, ક્રૂરતા, કડવી ભાષા, ઠગારાપણું, પરસ્ત્રીઓની ભેઇજજતી, અત્યન્ત પરિગ્રહશીલતાના કારણે પંદર કર્માદાનોના વ્યાપારથી, ઉદ્યોગોથી, દલાલીથી કરેલા સીમાતીત જીવહત્યાના પાપો, અભક્ષ્ય અનંતકાયના

ભક્ષણથી પરમ દયાળુ અરિહંત પરમાત્માના શાસનની બેવફાદારી, શ્રીમંતાઇ કે સત્તાના અભિશાપે મહારાજો કે સાધ્વી મહારાજોની કરેલી અવહેલના આદિના કારણોથી અનંતવર્ગણામાં ઉપાર્જન કરેલ ભયંકરતમ અસાતાવેદનીય કર્મોને ભોગવવા માટે નરકભૂમ સિવાય બીજું સ્થાન કયું ? આ કારણે જ તે ભૂમિઓ દુઃખોની ખાણ સમી છે.

ભાડભુંજાને ત્યાં ચણા સેકવાની ભઠ્ઠીમાં જે રેત હોય છે, તેના કરતા વધારે ગરમ નરકભૂમિઓ છે. જેથી તે બિચારા નારકો ચારે તરફ ઠંડકને ગોતવા પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ તરફ દોડાદોડ કરે છે. લોખંડના અતિ તીક્ષ્ણ બીલા જેવા કાંટા તથા ભીંતોમાં ધારદાર ભાલા ગાડેલા હોય છે. જેથી કયાંય વિશ્રામ લેવા માટેની અનુકૂળતા તેમના ભાગ્યમાં નથી. યત્ર-તત્ર-સર્વત્ર વિષ્ટા, મૂત્ર, પરૂ, લોહી, સડી ગયેલું માંસ, મરી ગયેલા દુર્ગન્ધ મારતા કૂતરા-શિયાળ, કાગ, ઉંદર તથા બીલાડાના કલેવરો પડ્યાં હોય છે જેની દુર્ગન્ધ નારકોને માટે અસહ્ય છે. પરન્તુ નરકભૂમિની આયુષ્યમર્યાદા સુધીમાં પાપોદયના કારણે તેમને મદદ કે આશ્વાસન દેનાર કોઇ નથી. પોલીસોની કાળી ચોકીવાળી જેલમાં રહેલા અપરાધીની માફક નારકો પણ ત્યાંથી બહાર નીકળવા માટે સર્વથા અસમર્થ છે. આથી જ આયુષ્યકર્મને બેડીની ઉપમા સાર્થક બને છે. દેવયોનિ મેળવેલા પરન્તુ અત્યન્ત પાપકર્મી પરમાધામી અસુરો, તેમને સાણસામાં પકડીને, પીગળાવેલા સીસાની વૈતરણીમાં ફેંકે છે,

બહાર કાઢે છે, તરવાર જેવા ધારદાર પાંદડાના ઝાડ પર ચડાવે છે, ત્યાંથી ખેંચીને ભાલા પર લે છે, કુહાડા–વાંસલા, છરા, આદિથી કાકડીની જેમ તેમને ચીરે છે, ઇત્યાદિ વેદનાઓ આપતા પરમાધામીઓ નારક જીવોને જોઇને આમ બોલતા હોય છે.

हण छिन्नह मिन्दहणं दहेति, सद्दे सुणेन्ता परधम्मियाणं ।
ते नारगाओ भयभिन्नसन्ना, कंखन्ति कं नाम दिसं वयामो ।।

(સૂય. ૫–૧)

અર્થાત્-નારકોને જોઈ પરમાધામીઓ પરસ્પર આ પ્રમાણે બોલે છે : આને બાણ, બરછી, તલવાર, કુહાડાથી મારી નાખો, કાપી નાખો, જીવતો રહેવા દેશો નહિ. કેમકે મનુષ્યાવતારમાં દુર્બુદ્ધિવશ મોહમાયામાં મસ્તાન બનીને ચોરીના ધંધા કર્યા છે. ખોટા હિસાબ, વ્યાજના ગોટાળા તથા તોલ માપમાં જૂઠાણું કરીને માયા ભેગી કરી છે. જેના કારણે અસંખ્ય જીવોને મોતને ઘાટે ઉતાર્યા છે, રોવડાવ્યા છે, ભૂખે માર્યા છે તેથી આને મારો. આ બાજુથી આવતા પેલા નારકને છેદી નાખો, ચામડી ઉતારી નાખો, આંખના ડોળા ફોડી નાખો, હાથ પગ કાપી નાખો. કેમકે ૧૫ પ્રકારના કર્માદાનના વ્યાપારમાં અગણિત તલ, મગફળી, ઘેહું, ચણા, મગ આદિના જીવોને દળી નાખ્યા છે, પીસી નાખ્યા છે, તેમના બે ટૂકડા કર્યા છે, ચુલે મૂકીને બાફી દીધા છે. ત્યારે આ ભાઇના કારખાનામાં તેજાબની, સાબુની, સોના-ચાંદી તથા લોખંડ ધાતુને પીગળાવવાની ભઠ્ઠીઓ હતી. માટે આ નારકને છેદી નાખો,

કાપી નાખો, બળતા લાકડાઓમાં કે કોલસામાં નાખીને બાળી નાખો. કેમકે ઠેકાથી જંગલના જંગલ મોલ લઈને ઘણી જાતના લીલા ઝાડ કપાવ્યા છે, તેના કોલસા પડાવ્યા છે, તે દ્વારા મેળવેલા દ્રવ્યથી મેવા મિષ્ટાન્ન ખાઈ કેવળ પોતાના પેટને જ પંપાળ્યુ છે, તેની મોહમાયામાં, પરિગ્રહ લાલસામાં, વિષયવાસનામાં મસ્ત બની જે પ્રકારે જીવહત્યા, ચોરી, બદમાશી કરી પરજીવોને સતાવ્યા છે તેવી રીતે આ નારકને પણ બાળી નાખો. ઉપર પ્રમાણેના પરમાધામીઓના શબ્દો સાંભળતા પણ કંપારી આવે છે, તે બિચારા ધ્રુજે છે, હાડકાઓમાંથી પરસેવો, આંખોમાંથી આંસુની ધાર નીકળે છે. પણ કર્મરાજાની બેડીમાં ફસાયેલા હોવાથી પરમાધામીઓથી શી રીતે બચી શકવાના હતાં ? માટે ભયના માર્યા ચારે બાજુ દોડે છે, પટકાય છે. તેમ છતાં વૈરઝેરના ભરેલા તે નારકો પરસ્પર મારતા–મારતા જાય, એક બીજાને જીવલેણ ફટકો ફટકારતા જાય છે. તેમનું જઘન્ય આયુષ્ય દશ હજાર વર્ષનું છે અને ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમનું હોવાથી તેમને ત્યાં રહેવાનું સર્વથા અનિવાર્ય છે. કેમકે સૌ કરતાં કર્મ-સત્તા અતીવ બળવતી છે.

મનુષ્યાવતારમાં રહીને ચોરી આદિને કરનારા જીવાત્માઓ ઉપર પ્રમાણેની નરકભૂમિની વેદનાઓને ભોગવી ત્યાંથી બહાર આવે છે અને તિર્યંચાવતારને પ્રાપ્ત કરે છે.

કેમકે–

"હોય વિપાકે દશ ગણું, એક વાર કીધું કર્મ;
શત સહસ કોડી ગમે રે, તીવ્ર ભાવના મર્મ.
રે પ્રાણી ! જિનવાણી ધરો ચિત્ત."

જે ક્ષણે પારકાની ચોરી કરવાનો સંકલ્પ કર્યો તે સમયે જ તેના માથા ઉપર દ્રવ્ય અને ભાવહિંસાનું પાપ લાગી જાય છે. માટે એક વાર કરેલું કર્મ દશગણું ભોગવવું પડે છે, અને તે જ કર્મ તીવ્ર ભાવનાએ કરેલું હોય તો સો વાર, હજાર વાર કે કરોડ વાર પણ ભોગવ્યા વિના છૂટકો નથી. આ કારણે જ કર્મોથી ભારે બનેલા જીવો નરક અને તિર્યંચ-ગતિમાં કેટલાય સાગરોપમના સાગરોપમમાં પૂર્ણ કરે છે.

કેટલાય જીવો આપણને પ્રત્યક્ષ છે કે–મોહમાયામાં, કુટુંબ કબીલામાં, પરસ્ત્રીગમન કે શરાબપાનમાં એટલા બધા મસ્તાન બની ગયા હોય છે કે સમય આવ્યે મહાવ્રતધારી, તપસ્વી–ત્યાગી મુનિરાજોના કે સાધ્વીજી મહારાજોના નિંદક બનીને ગંદા શબ્દો પણ બોલી નાખે છે તથા પુણ્ય પાપના વિવેક વિના તેઓ બ્રહ્મચર્ય, સદાચાર, સત્યજીવન આદિ ધર્મોને, સત્કર્મોને માટે યદ્વાતદ્વા બોલીને ભયંકરમાં ભયંકર નપુંસકવેદનું બંધન કરે છે, જેની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમની છે. આ સમય દરમ્યાન તીર્થંકર પરમાત્માઓની બે ચોવીસી થવા છતાં પણ નપુંસકવેદ તથા નપુંસકલિંગને ભોગવનારા જીવો નરકગતિ, સ્થાવર તથા વિકલેન્દ્રિયમાંથી

બહાર આવી શકતા નથી. આટલા લાંબા કાળ સુધી નપુંસક-વેદને ભોગવનારા તે જીવો માનસિક દૃષ્ટિએ પણ ભયંકર દુઃખી જ હોય છે.

તિર્યંચાવતારના દુઃખોનું વર્ણન :-

સૂત્રકાર ફરમાવે છે કે–તિર્યંચગતિના દુઃખો પણ નરક સમાન જ જાણવા. આ પ્રમાણે નરક અને તિર્યંચમાં રખડપટ્ટી કરતાં, એટલે કે–નરકમાંથી તિર્યંચ અને ત્યાંથી પાછા નરકમાં ભમતા લાખો–કરોડો અવતાર પૂરા થઇ જાય છે.

મનુષ્યાવતારમાં ઘોરાતિઘોર જૂઠ–પ્રપંચાદિ કાર્યો કરીને ભેગી કરેલી માયા પર જ્યારે મોહનું આવરણ આવે છે, ત્યારે તે ધનને જમીનમાં, પહાડ પર કે નદી–નાળામાં ખાડો ખોદીને દાટવામાં આવે છે. અને મરતી વખતે તેમાં મૂર્ચ્છા રહેલી હોવાથી 'મારૂં' ધન તથા ઝવેરાત કોઈ ઉપાડી ન જાય, તેવા અધ્યવસાયોમાં મૃત્યુ પામેલો તે માનવી સર્પ, ઉંદર, નોળીયા, વાઘ, વરૂ જેવા હિંસક અવતારો પ્રાપ્ત કરે છે, ત્યાં તેમને એકેય પૈસાનો ઉપભોગ ભાગ્યમાં રહેતો નથી અને બીજા હિંસક જીવોથી બેમોતે મરે છે. ત્યાંથી નીકળીને કોઇક સમયે મનુષ્યાવતાર મેળવવા ભાગ્યશાળી બને છે. પરંતુ કર્મોનો ભારો વજનદાર હોવાથી તેને લઈ નીચ ગોત્ર અને અશુભ નામકર્મના ઉદયથી અનાર્ય, મ્લેચ્છ, શક, યવન આદિ હલકી જાતિઓમાં, કુટુ બોમાં જન્મે છે. કદાચ આર્યભૂમિમાં ઉત્પન્ન થાય તો પણ ચંડાલ, ભંગી, ચમાર આદિ કુળોમાં જન્મે છે. ત્યાં ધર્મ–કર્મના વિવેક,

ખાવા–પીવાની સભ્યતા ન હોવાથી તેમ બોલવા ચાલવામાં અમર્યાદિત હોવાથી તિર્યંચ જનાવરોમાં અને તેમનામાં ખાસ ફરક પડતો નથી. માટે હિંસા, જૂઠ, ચોરી આદિના દુષ્કૃત્યોમાં રચ્યા પચ્યા હોવાથી આઠે કર્મોને ફરી ફરીથી ઉપાર્જન કરે છે અને આવનારા ભવોમાં નરક અને તિર્યંચ અવતારો મેળવે છે. ચોરી કરનારા માનવો પણ જ્ઞાનાવરણીયાદિ કર્મોમાં બંધાઈને ભવચક્રનો વધારો કરે છે.

સંસારને સાગરનું રૂપક શા માટે ?

ચૌર્યકર્મ દ્વારા સીમાતીત પાપાનુબંધી આત્માઓ ચાર ગતિરૂપ સંસારમાં 'પ્લેગ્રાઉન્ડ'ના ફૂટબોલની જેમ રખડપટ્ટી અનિવાર્યરૂપે કરતાં જ હોય છે. તેથી અહિ સૂત્રકાર પોતે મહાકવિની ભાષામાં રૂપકાલંકારથી સંસારને સાગરની સાથે સરખાવવા માંગે છે. જેમ અલંકાર વિનાના માનવનું કે સ્ત્રીનું શરીર શોભતું નથી, તેમ ગદ્ય કે પદ્ય કાવ્ય પણ અલંકાર વિનાનું હશે તો કંઇક નિરસ લાગે છે, તેથી કવિઓ પોતાના કાવ્યને શબ્દાલંકાર કે અર્થાલંકારથી શણગારે છે. ત્યારે સારામાં સારા વ્યાકરણશાસ્ત્રીઓનું વ્યાકરણ જ્ઞાન કેટલું છે ? તેની પરીક્ષા થયા વિના રહેતી નથી.

જેમાં એક સમાન શબ્દો આવે તે શબ્દાલંકાર છે. જેમ કે–

" સમવસરણ બેઠા, લાગે છે જિનજી મિઠ્ઠા,
કરે ગણુપ પઇટ્ઠા, ઇન્દ્ર ચન્દ્રાદિ દિટ્ઠા;
દ્વાદશાંગી વરિટ્ઠા, ગૂંથતા ટાલે રિટ્ઠા,
ભવિજન હોય હિટ્ઠા, દેખી પુણ્યે ગરિટ્ઠા. "

આ કાવ્યમાં બધા સ્થળે 'દ્ર' ભરાઈ બેઠો છે, પણ અર્થ જૂદો જૂદો છે. આ પ્રકારની રચનાને શબ્દાલંકાર કહેવાય છે. અલંકાર એટલા માટે કે આવા કાવ્યો બોલવામાં, સાંભળવામાં અને આલાપમાં પણ મિઠા લાગે છે.

અર્થને શણગારે તેને અર્થાલંકાર કહે છે. જેમ કે :–

विशाललोचनदलं, प्रोद्यत्दन्तांशु केसरम् ।
प्रातर्वीरजिनेन्द्रस्य, मुखपद्मं पुनातु वः ।।

આ કાવ્યમાં વીર પરમાત્માના મુખને 'પદ્મ'ની ઉપમા આપેલી હોવાથી તે અર્થાલંકાર મુખ શબ્દને શોભાવી રહ્યો છે.

આ પ્રમાણે આ પ્રસ્તુત સૂત્રમાં સંસાર કેવો છે ? તે કહેવાનો આશય છે, પણ સીધી સાદી ભાષામાં ન કહેતા, સંસારસમુદ્ર જેવો કઇ રીતે છે ? આ વાતને સુધર્માસ્વામીજી રૂપકાલંકારથી કહી રહ્યાં છે.

મુંબઇના સમુદ્ર(દરિયો)ની વાત કરીએ, ત્યારે ચોપાટી મરીન લાઇન, કોલાબા, વરલી વગેરે સમુદ્રની બાહ્ય પરિધિ કહેવાય છે. કેમકે તેમની પાળ પાસે દરિયાની ગતિ સમાપ્ત થાય છે. તેવી રીતે સંસાર પણ નરક, તિર્યંચ, દેવ અને મનુષ્ય ગતિરૂપ ચાર ગતિઓમાં પૂર્ણ થાય છે. સારાંશ કે, જીવને પોતપોતાના કરેલા કર્મોના કારણે ચારે ગતિઓથી બહાર જવાનું હોતું નથી, કેમકે જીવોની ગતિ-મર્યાદા ચારેમાં સમાઇ જાય છે. દરિયાનું પાણી અત્યારે ચોપાટીની પાળ પાસે છે. તે કદાચ બીજી ક્ષણે મરીન લાઇનની

પાળ પાસે, ત્યાંથી વરલીની પાળ પાસે પણ આવી શકે છે. તેવી રીતે નરકગતિમાં રહેલો જીવ મનુષ્યાવતાર પામીને શેઠ, શાહુકાર, રાજા, મહારાજા બની શકે છે અને ત્યાંથી દેવ પણ બને છે. ત્યાંની મોજમજાનું દેવાળું કાઢીને બીજે ગમે ત્યાં પણ જઈ શકે છે. સારાંશ કે જીવાત્મા ચારે ગતિઓમાં તેવી રીતે જકડાઇ ગયેા છે જેથી બહાર જઈ શકતો નથી.

સાગર એટલે જળનેા અગાધ ખજાનેા, તેવી રીતે સંસારમાં પણ જન્મ, જરા, મૃત્યુથી ઉત્પાદિત મહાભયંકર ક્લેશાદ્રિરૂપ જળ છે. અહિ ક્લેશાદિને જળનું રૂપક આપ્યું છે. જ્યાં સુધી કાર્મણ શરીરની સત્તા છે, ત્યાં સુધી તજજન્ય બીજા શરીરેાનેા સ્વીકાર કરવાનેા જ રહ્યો. શરીરને વૃદ્ધાવસ્થા અને મરણ પણ છે. જન્મવું ભલે ગમતું હેાય, પણ વૃદ્ધાવસ્થા અને મરણથી પ્રત્યેક જીવાત્મા ભય પામ્યા વિના રહેતા નથી અને જ્યાં ભય છે. ત્યાં દુઃખ છે. સારાંશ કે, સંસારસાગરમાં રહેલા દુઃખેાની પરંપરા રૂપ જળ કયારેય ખુટવાનું નથી. આષાઢ, શ્રાવણ મહિનામાં ચેાપાટીની પાળ પર બેઠા હેાઇએ અને અત્યન્ત વેગ સાથે પાણીનું પૂર ઉછળતું હેાય ત્યારે ભલભલા મૂછાળા માનવેાને પણ ભય લાગ્યા વિના રહેતેા નથી. તેવી રીતે "संसारात्मा सदा दुःखी जन्म मरण शोकभाक्" આ ન્યાયે સંસારી આત્મા સદૈવ દુઃખી છે. "पुनरपि जनन पुनरपि मरण पुनरपि जननी जठरे शयनम्" અર્થાત્ કર્મોના ક્લેશોના કારણે જન્મ્યા, વૃદ્ધ થયા, રોગિષ્ટ થયા અને મર્યા.

ફરીથી જન્મ્યા અને મર્યા, ઇત્યાદિ દુઃખોની પરંપરા તેનું નામ છે સંસાર.

હવાના કારણે સમુદ્રમાં જેમ લહેરો આવે છે, તેમ સંસારમાં મનગમતા પદાર્થોનો વિયોગ તથા અણગમતાનો સંયોગ રૂપ લહેરિયો સમયે સમયે સંસારી આત્માને ચંચળ બનાવ્યા વિના રહેતી નથી જે દુઃખ છે.

સમુદ્રમાં સમયે સમયે મોટા મોજા આવે છે, તેમ સંસારમાં જૂદા જૂદા કારણોને લઇ ભિન્ન ભિન્ન પ્રકારે શોક–સંતાપ–માનસિક ચિંતા, કરૂણ વિલાપ, ઘરમાં કચ કચ, દંત ક્લેશ, મોટા અવાજે ઘાટા પાડવા અને વારે વારે બીજાઓના અપમાન, તિરસ્કાર સહન કરવા રૂપ ક્ષીણથી યુક્ત મોજાઓ રહેલા છે. સારાંશ કે–ચોપાટીની પાળ પર બેસી સમુદ્રને જોઇએ તો એક પછી એક મોટા મોજા આવતા જ હોય છે, મતલબ કે તે વિનાનો સમુદ્ર ક્વચિત જ હોય છે. તેમ સેંકડો, હજારો, લાખો તથા કરોડો ભવના ઉપાર્જિત કર્મોના કારણે માનવ જીવનમાં, શોક શમ્યો ન હોય અને સંતાપ બળગે છે, તે સમાપ્ત થાય તે પહેલા ચિંતા નામની ડાકણ ગળું પકડી લે છે. તે જાઉં જાઉં કરે તે પહેલા બીજાઓ સાથે વૈર–વિરોધ જાગી જાય છે, તે શમે તો ત્રીજા સાથે જીભાજોડી તૈયાર છે, આવી રીતે માનવ જીવન સદૈવ ક્ષુબ્ધ જ હોય છે.

પ્રચંડ પવનના ઝકોરે દરિયામાં મોટા મોટા તરંગો આવે છે. જેનાથી નાના–મોટા નાવડાઓ ડૂબી જવાની તૈયારીમાં

જાય છે. મોટી સ્ટીમરો પણ ડામાડોળ થયા વિના રહેતી નથી. તેમ સંસારમાં પણ ચોરી-બદમાશી અને જીવ હત્યાદિના કારણે ઉપાર્જિત કરેલા. વધારેલા અને નિકાચિત કરેલા જ્ઞાનાવરણીયાદિ કર્મોના કારણે જીવાત્માઓને બીજાઓ દ્વારા થતી નિંદાઓ, માનસિક અકથ્ય વેદનાઓ, પીડાઓ, અનાદરો, કઠોર અને કર્કશ વચનો, તિરસ્કાર અને અવહેલના રૂપ કર્મોના ફળ ભોગવવાના હોય છે. તેવી સ્થિતિમાં પંડિત મહાપંડિત-માનવ પણ ક્ષુબ્ધ, કિંકર્તવ્ય મૂઢ થયા વિના રહેતો નથી.

સમુદ્રમાં જેમ મોટા મોટા પાષાણો-ખડકો હોય છે. જેના કારણે નૌકા ચાલક યદિ અણસમજુ છે તો નાવડીને, મુસાફરોને એક્સીડેન્ટમાં લીધા વિના રહેતો નથી, અને સમજુ હશે તો બીજાઓને પૂછી ધાસ્તી અને ધાસ્તી વિનાના માર્ગોની જાણકારી મેળવ્યા પછી જ નાવડીને સમુદ્રમાં લઈ જશે અને મુસાફરોને કુશળક્ષેમ પાર કરશે. તેવી રીતે મનુષ્ય જીવનમાં પણ વારંવાર જન્મ લેવારૂપ મોટા પત્થરાઓ છે, જરા નામના ખડકો છે અને મરણરૂપ મહા પર્વતો છે. કર્મોનો ભારી બનેલો આત્મા સંસારસમુદ્રમાં ગોથા ખાઈ રહ્યો છે. સમ્યગ્જ્ઞાની હશે તો યાત્રાને સફળ બનાવશે અને તેનાથી વિપરીત હશે તો જીવન નાવડીને ડૂબાડીને પોતે પણ ડૂબશે.

સમુદ્રમાં મોટા પાતાળ કળશાઓ છે, જે વાયુના વેગે ચલાયમાન થતા તેમાંનું અગાધ, અકલ્પનીય વારી પ્રવાહ

સમુદ્રમાં ઠલવાતાં ભરતી આવે છે. તેવી રીતે સંસારવર્તી જીવોના જીવનમાં ક્રોધ, માન, માયા અને લોભ નામના ચાર પાતાળ કળશા છે, જે તૃષ્ણારૂપ વાયુથી પૂર્ણ છે. માનવના દુર્ધ્યાનપૂર્ણ ચિત્તના સંકલ્પોથી તૃષ્ણાવાયુ ભડકે છે, તોફાને ચડે છે ત્યારે કષાયરૂપ જળ પ્રવાહ મર્યાદાને તોડીને જીવાત્માને ભારે કર્મી બનાવી લે છે.

લાખો કરોડો ભવ ભવાન્તરરૂપ જળથી સંસારસાગર પૂર્ણ છે.

સમુદ્રનો જેમ અંત નથી તથા કોઈ કાળે પણ તેનો અંત આવી શકે તેમ નથી, તેમ સંસાર પણ અંત વિનાનો છે. કેમકે સમુદ્ર અનાદિ અને અનંત છે, તેમ સંસાર પણ છે. પરંતુ એક જીવની અપેક્ષાએ તો સંસાર અનાદિ અને મોક્ષમાં ગયા પછી સાન્ત છે.

સમુદ્રની યાત્રા જેમ ઉદ્વેગજનક છે, તેમ સ્વકૃત કર્મોના કારણે આધિ-વ્યાધિ અને ઉપાધિને ભોગવનારને માટે સંસાર ઉદ્વેગજનક છે.

સમુદ્રની જેમ સંસાર પણ અપાર છે.

સમુદ્રમાં અગણિત માછલાઓ, મગરમચ્છો છે તેથી તેની યાત્રા કરનારાઓને માટે કોઇક સમયે ભયોત્પાદક બની જાય છે. તેમ મોહ, માયા, અજ્ઞાન, અવિરતિ, પ્રમાદ, કષાય તથા અપ્રત્યાખ્યાનાદિના કારણે ઉપાર્જન કરેલા કર્મોરૂપ મગર-મચ્છો અને તેમની ઉત્તરપ્રકૃતિ રૂપ મહામત્સ્યોના કારણે આ

સંસાર સૌને માટે ભયાનક છે. જેની ભયાનકતા ચક્રવર્તીઓ, વાસુદેવોથી લઇને અદના માનવો પણ પ્રત્યક્ષ કરી રહ્યાં છે મતલબ કે સંસારે સૌ કોઇને રડાવ્યા છે, પણ હસાવ્યા મથી.

અપરિમિત-વિષયવાસનાના કારણે મતિ જેમની મલિપ થઈ ગઈ છે અને પ્રાપ્ત નહિ થયેલા પદાર્થોને મેળવવા માટેની આશા તથા પ્રાપ્ત થયેલા ભોગ્ય અને ઉપભોગ્ય પદાર્થોને ભોગવવા માટેની ઇચ્છારૂપ પિપાસા પાતાલ સદૃશ છે. સમુદ્રના પાતાલનો અન્તઃસ્તળ પામી શકાતું નથી. તેમ આશા-તૃષ્ણા-ભોગ લાલસા પણ જાણવી. વૃદ્ધાવસ્થામાં ભોગ માટેની ઇન્દ્રિયો શિથિલ બનશે, પરંતુ ભોગવાઈ ગયેલી મધુરજનીઓ શિથિલ થતી નથી.

સમુદ્રની જેમ કામ-રતિ, રાગ-દ્વેષ, માનસિક સંકલ્પો-વિકલ્પો, આત્મિક અને આધ્યાત્મિક જીવનને માટે અંધકાર સમાન છે.

મકારમોહ-અતૃપ્ત વાસના અને તે માટે આકાંક્ષારૂપ વમળોમાં સંસારીઓનું જીવન ફસાઈ ગયેલું હોય છે. સમુદ્રમાં પણ મોટા વમળોમાં ફસાયેલી નાવડીઓ છેવટે મોટી સ્ટીમરો પણ ખતમ થઈ જાય છે. (નદીમાં કે સમુદ્રમાં કયાંય મોટો ખાડો હોય ત્યાં પાણી ગોળ ચક્કર ફરતું હોય છે ત્યાં સલામતી માટે ખતરો હોય છે. તેને વમળ કહેવાય છે.) કર્મોના કારણે વ્યાકુળ બનેલા જીવાત્માઓ સંસારની ચારે ગતિઓમાં હેરાન-પરેશાન બનીને જન્મ ધારણ કરે છે.

કર્મજન્ય દુઃખોથી પીડિત થઇને રૂદન, મહારૂદન, છાતીફાટ રૂદન કરવારૂપ મહાવાયુથી પરસ્પર અથડાતા અને ન ગમતા આધિ–વ્યાધિ અને ઉપાધિના દુઃખોરૂપ તરંગોથી સંસાર વ્યાકુલિત બનેલ છે.

ભયંકર રૌદ્ર સ્વરૂપી પાંચ પ્રકારના પ્રમાદરૂપી મહા-મત્સ્યોથી સમુદ્રની જેમ સંસાર પણ વ્યાપ્ત છે.

મિથ્યા જ્ઞાન, વિપરીત જ્ઞાન, સંશય જ્ઞાન, પૂર્વગ્રહગ્રસિત જ્ઞાનરૂપ મોટા માછલાઓ, પાંચે ઇન્દ્રિયોના ૨૩ વિષયોની ભોગ વાસનારૂપ મગરમચ્છો, ન કલ્પી શકાય તેવા આધિ–વ્યાધિ, માતા–પિતા, સ્ત્રી–પુત્ર, પરિવારનો વિયોગરૂપ વડ-વાનલ સમાન સંસારસાગરમાં પોતાના કરેલા પાપોના કારણે જીવ માત્ર ત્રાણ અને શરણ વિનાનો હોવાથી અગણિત માનસિક–વાચિક અને કાયિક દુઃખો ભોગવી રહ્યો છે.

ઋદ્ધિગારવ–રસગારવ અને શાતાગારવરૂપ જળચર જીવોના કારણે જીવાત્મા ભિન્ન ભિન્ન પ્રકારે માનસિક વ્યથા ભોગવે છે અને સમ્યગ્જ્ઞાન ન હોવાના કારણે જ્ઞાનાવરણીયાદિ આઠે કર્મોને ફરી ફરીથી ઉપાર્જન કરી રહ્યો છે. દોરડાથી બંધાયેલા કાષ્ઠના ભારાની જેમ જીવો પણ કર્મના દોરડાથી બંધાયેલા હોવાથી નરક ગતિઓમાં સતત પરિભ્રમણ કરી રહ્યા છે. ખિન્ન અને દુઃખિયારા બનેલા જીવો ઘડિક રતિમાં, ઘડિક અરતિમાં તેમજ સાતે પ્રકારના ભયોથી વ્યાપ્ત છે. શોક–સંતાપથી ઉત્પન્ન થયેલ દૈન્યભાવ તેમને સતાવી રહ્યો છે.

મિથ્યાત્વ, કુગુરુ, કુદેવ અને અસત્કર્મોના ઉપાસનાજન્ય દુઃખોરૂપી મહા પર્વતોથી સંસાર વિષમ બનેલ છે. પ્રવાહરૂપે અનાદિ કાળથી વિસ્તાર પામેલા કર્મોના બંધનથી ઉત્પાદિત ક્લેશરૂપી કીચડથી સંસારસાગર દુસ્તર છે, ચારે ગતિ રૂપ ગોળાકાર વેળાં છે જેમાં ભરતી આવવાથી અને જવાથી જેમ પાણી અહિ તહિ ભટકયા કરે છે, તેવી રીતે જીવાત્માઓ શ્વાસનો પણ વિલંબ કર્યા વિના ભ્રમણ કરી રહ્યા છે. હિંસા-જૂઠ-ચૌર્યકર્મ-મૈથુન અને પરિગ્રહ આ પાંચે પાપોને કરવાં-કરાવવાં અને અનુમોદવાથી પ્રતિ સમયે બંધાતા સાતે કર્મોથી આક્રાન્ત બનેલા જીવો દુઃખરૂપ જળમાં ડૂબંડૂબા થયેલા હોવાથી તેમના માટે સંસારસાગર અલભ્ય તલવાળો છે, જેમકે સમુદ્રનું તળ અદૃશ્ય અગોચર છે, તેમ ભારે કર્મી જીવોને સંસારનો છેડો કયારે આવશે તેની ખબર નથી. માટે જ મન-વચન અને કાયાના રોગ-શોક સંતાપ-દુઃખ-દારિદ્રય-વિયોગ-ચિંતા આદિના દુઃખોથી તેઓ મુક્ત નથી. તેથી ઘડીકમાં સાતા અને ઘડીકમાં અસાતા ભોગવતા જીવન પૂર્ણ કરે છે. અસંયમી જીવો અરક્ષિત હોવાથી આહાર-સંજ્ઞા-ભય સંજ્ઞા-મૈથુન સંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞામાં મસ્તાન બનીને ફરી ફરી સંસારની વૃદ્ધિ કરે છે.

આ રીતે સાગર સદૃશ સંસારમાં પોતાના જ કરેલા પાપો, અપરાધો અને ભૂલોના કારણે જીવો દુઃખી બનવા પામે છે.

ચોરી કરવાવાળાઓની સ્થિતિ કેવી હોય છે ?

કેટલાક ઔષધોને વધારેવાર ઘુંટવાથી સારા બને છે. પીપરને પણ ચોસઠ પહોર સુધી બરલમાં ઘુંટવી પડે છે. ભાંગ જેટલી ઘુંટાશે તેટલા પ્રમાણમાં તેમાં નશાનું પ્રમાણ વધશે. રોટલી બનાવવાના લોટને જેટલો ખુંદવામાં આવશે, રોટલી પણ તેટલી જ નરમ બનવા પામશે. તેવી રીતે પાપકર્મોને સમજાવવા માટે તેની વિનાશકારિણી શક્તિનો ખ્યાલ આપવા માટે તથા ભયગ્રસ્ત બનીને પણ ' પાપ ત્યાગ કરવા યોગ્ય છે. ' તેવી સમજુતી આપવા માટે પણ ભાવદયાના માલિક સુત્રકાર એક જ વાતને વાર'વાર સમજાવવાનો પરિશ્રમ કરે છે.

અદત્તાદાન (ચોરી કરવી) મહાપાપ છે, યદ્યપિ તેનો ખ્યાલ શીઘ્રતાથી નથી આવતો પરન્તુ ખુબજ ચાલાકીથી રહેવા છતાં જીવનમાં અપયશ અપકીર્તિ તેમજ ખાવાપીવામાં ફાફા જોઇએ છીએ ત્યારે આવું કેમ થયું ? આનું કારણ ગોતવાનો પ્રયાસ કરીએ અને તેમ કરીને પણ ચોરી કરવાના આપણા સંસ્કારો બતમ થઇ જાય તો કોઇને પણ વાંધો આવવાનો નથી. હવે સૂત્રાનુસારે ચોરી કરનારા માનવો કેવા અને કેટલા દુઃખી બને છે તે જોઈએ.

ચોરી કરવાના સમયે જેવાં જેવાં પાપકર્મો આચર્યા હોય તેમને તેવી તેવી જાતિઓ, કુળો અને ખાનદાનોમાં જન્મવું પડે છે. જ્યાં નાની ઉમ્રથી જ ચોરી કરવાની આદત પડયાં વિના રહેતી નથી, તેઓ પોતાના બાંધવો માતાપિતાઓ તથા

મિત્રાદિ પરિવારથી દૂધમાં પડેલી માખીની જેમ ફેંકાઈ જાય છે એટલે કે ચોર સૌનો અવિશ્વાસુ બનતો હોવાથી તેના સગાઓ પણ તેને ઘરમાંથી બહાર કાઢી મુકે છે.

આ ચોર છે એવી માહિતી જ્યારે સૌને મળે છે ત્યારે તેના પ્રત્યે રહેલો કે રાખેલો પ્રેમ પણ હાથતાલી દઇને ચાલ્યો જાય છે.

તેમની જાતિ–કુળ અને માતાપિતાઓની ખાનદાની જ તેવી હોય છે જેના કારણે તેમનું નામ અને શકુન પણ લેવા માટે કોઇને ઉત્સાહ હોતો નથી.

પાપકર્મો કરી કરીને તેઓ સર્વથા ઉદ્ધત, ઉદ્દંડ અને શેતાન બની જાય છે.

પોલીસોને પણ શીઘ્રતાથી ખબર ન પડે તેવા ગામડાઓમાં તેઓ ભટકતા હોય છે. કયાંય ઠામ ઠરીને બેસી શકતા નથી. તેમની બોલવાની ભાષાજ તેવા પ્રકારની હોય છે જેથી તેમનો વિશ્વાસ કરી શકાતો નથી. તે કારણે એકવાર ચોરી કર્યા પછી મહિનાઓ અને દિવસો સુધી વન વગડાની પથરાલી જમીન પર સુઇને દિવસો પૂર્ણ કરવાના હોય છે.

તેમ લુખાસુકા રોટલાના ટુકડાઓ જ તેમના ભાગ્યમ રહે છે.

પાપકર્મોમાં જ મસ્ત હોવાથી તેમના શરીર અને મન કયારેય શુધ્ધ અને પવિત્ર હોતા નથી.

શરીર સંઘયણ પણ બેડોલ હોવાથી કોઈને પ્રિય બનતા નથી. તેમનો ચહેરો ક્રૂર; આંખો લાલ અને મગજ સદૈવ ઉશ્કરાયેલું જ હોય છે.

તેમના રૂપરંગ ભયાનક હોવાથી જોવાવાળાને પણ ભયોત્પાદક હોય છે.

તેમના ક્રોધ-માન-માયા અને લોભ અનંતાનુબંધી હોવાથી તેઓ સદૈવ ક્રોધી જ હોય છે. માટે ગમે ત્યારે પણ હાથમાં ધારિયું-બંદુક કે પત્થર લેતા પણ વાર લાગતી નથી. અભિમાની હોવાથી સૌને માટે અણનમ જ રહે છે. માયાવી હોવાથી તેમની ઘરવાળી પણ વિશ્વાસ કરતી નથી અને રાક્ષસ કરતાં પણ નિર્દયી-લોભાંધ અવસ્થા ગમે ત્યારે માતા-પિતા કે પત્નીને પણ બંદુકથી ઉડાવી શકે છે.

કામદેવની માત્રા તેમને જોરદાર સતાવતી હોવાથી ગમે ત્યારે અને ગમે તેને ત્યાં પણ દુરાચાર, વ્યભિચાર છેવટે પુરૂષોને ધમકાવીને પણ સૃષ્ટિવિરૂદ્ધ કર્મ કરવાનું ચૂકતા નથી.

ધર્મ-ધાર્મિકતા કે શ્રુતજ્ઞાન આદિના પવિત્ર શબ્દો પણ તેમના કાનમાં પડી શકતા નથી.

ગમે તેટલી ચોરી કરે અને લાખોની મિલકત ચોરી લાવે તો પણ તેમની દરિદ્રતા કયારેય મટતી નથી.

ચોરેલું ધન જમીનમાં જ દાટેલું રહે છે અને તેમને પારકાના ઘરે નોકરી કર્યા વિના છુટકો નથી.

ભારે કર્મી–પાપાનુબંધી પાપકર્મી હોવાથી સત્ય–સદાચાર અને સભ્યતાથી તેઓ હજારો માઇલ દૂર રહે છે.

દીનાવસ્થા તેમના ભાગ્યમાં લખાયેલી હોવાથી જ્યારે ને ત્યારે પોતાની ગરીબાઇના રોદણા જ રોતા હોય છે.

પારકાના ભોજન પર જ જીવતા હોય છે, કેમકે ચોરીની કમાઈ ખાઈ શકતા નથી અને સારા વસ્ત્રો પણ પહેરી શકતા નથી.

ચોરેલું ધન પોલિસો, લેણદારો કે મિત્રોના હાથે સપડાઈ જાય કે ફસાઈ જાય ત્યારે તેમને ભૂખે મરવાનું જ ભાગ્યમાં રહે છે.

ઘણીવાર મરી–મસાલા, ઘી–તેલ કે દૂધ–દહીં વિનાના ભોજન જ તેમના નસીબમાં લખાયેલા હોય છે.

બીજા માણસોની ઋદ્ધિ–સમૃદ્ધિ–યશ–સન્માન કે ઉજળા વસ્ત્રો જોઇને તેમને ઇર્ષ્યા નામની જીવતી ડાકણ કયારેય છોડતી નથી. સારાંશ કે તેઓ સદૈવ ઇર્ષ્યાળુ હોવાથી પારકાનું ધન ચોરવા સિવાય બીજે કયાંય તેમને રસ હોતો નથી. આવી સ્થિતિમાં જ્યારે બે–ચાર દિવસ ભૂખ્યે મરવાનો સમય આવે છે ત્યારે પોતાના પાપોનો સંતાપ તેમને થાય છે અને તેમનું પાપી જીવનજ તેમનાં દુઃખોમાં વધારો કરે છે, શોકગ્રસ્ત, સંતાપી અને કલેશ પૂર્ણ બનીને પોતાનું જીવન ફરીથી પાપમાર્ગેજ નાખે છે.

અસહાય હોવાથી તેમનું મનોબળ ભાંગી ગયું હોય છે તેથી સારા કાર્યો કરવા માટે સમર્થ બનતા નથી અને નઠારા કામો છોડી શકતા નથી. પરિણામે સૌનો તિરસ્કાર, પરાભવ, અપમાન જ શેષ રહે છે, કોઈ પણ જાતની કળા, જ્ઞાન-વિજ્ઞાન તથા અહિંસાદિ સત્કર્મરહિત હોવાથી જન્મજાત પશુ જેવું જ તેમનું જીવન હોય છે. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહાદ સંજ્ઞાનું જોર તેમનામાં વધારે હોય છે, પરિણામે તે સંજ્ઞાઓથી તુપ્ત થવાની આશાએ, ફરી ફરી નીચ કર્મો કર્યા વિના બીજો માર્ગ નથી.

નિન્દનીય, ગર્હણીય જીવન હોવાથી પ્રાયઃ કરી તેવાઓના મકાનો ગામથી દુર જ હોય છે.

ઇચ્છિત ભોજન, પાણી, મકાન, અમનચમનને તેમની સાથે રીસામણ કરેલા હોવાથી તેઓ સદૈવ નિરાશાનો જ અનુભવ કરે છે, કલ્પેલી વસ્તુ ચોરીમાં ન મળે, બીજી મળે, ઓછી મળે, સસ્તાભાવે વ્યાપારીને દેવી પડે, સંતાડવી પડે અને છેવટે પોતાન ભોગ ઉપભોગમાં ન આવે તે પહેલાજ પોલિસોના હાથે સપડાઈ જાય કે ગમે ત્યારે પણ સપડાઈ જવાનો ભય રહે ત્યારે મુછાળા માનવોના જીવનમાં પણ નિરાશા હતાશા, ઉદાસીનતા લમણે હાથ દઇ આંખોમાંથી પાણી ટપકાવવોનો અવસર આવી જતાં વાર નથી લાગતી, તો પછી તેવા ચોરોને પણ નિરાશા સતાવે તે માનવા જેવી વાત છે. તેમ છતાં આશાના પાશમાં બંધાયેલા હોવાથી આજે, કાલે કે પરમદાહાડે, મહિને કે વર્ષે પણ આશા ફળશે તેવી આશાથી તેઓ જીવિત રહે છે.

ધર્મસંજ્ઞા વિનાના જીવાત્માઓની જેમ તે ચોરો પણ અર્થ અને કામની અભિલાષાથી ગદ્ધામજુરી કરે છે. તો પણ તેમની ઇચ્છા પૂર્ણ થતી નથી. લોકોમાં અર્થ અને કામને સારભુત માનવામાં આવે છે. જેમ કે જેમની પાસે પૈસાઓની માયા છે, તેઓ જ પુરૂષ છે, મિત્રોવાળા છે, બાંધવોથી યુકત છે અને તેઓ પંડિતરૂપે પણ મનાય છે, કેમ કે અત્યારે તે દ્રવ્યસમ્પન્ન છે, સંસારમાં પુથ્વી જમીનની પ્રાપ્તિસાર છે. તેમાં પણ શહેરમાં રહેવું, મહેલાતો મળવી, તેમાં પણ વેંત જાડા ગાદલા મળવા, રૂપવતી તથા અનંગ સર્વસ્વ સ્ત્રીની પ્રાપ્તિ થવી સાર છે. આ પ્રમાણે અર્થ અને કામ સારભૂત મનાયા છે. તો પણ પૂર્વ ભવનીપુણ્ય બેંકમાં બેંક બેલેંસ ન હોય તો તેમને અર્થ અને કામની સુલભતા રહેતી નથી, કદાચ સુલભ બને તો તેમના ભોગો-વિલાસો તેમના માટે દુર્લભતમ બને છે. આ કારણે જ ચોરો નિરાશ રહે છે. માટે તેઓ મન-વચન અને કાયાના પણ દરિદ્ર હોય છે. ચોરેલું ધન, ઉત્તમ ભોજન આદિથી રહિત હોય છે. પાંચે ઇન્દ્રિયોના વિલાસો માણી શકતા નથી, માણતા હોય તો તેમાંથી આનન્દ મેળવી શકતા નથી. આપણે જાણતા હોઇએ છીએ કે, ચોરીના ધંધા રાજ્ય વિરૂદ્ધ કાર્યો, દાણચોરીના ધંધા કરનારાઓ એકાન્તમાં કે બાબાઓની ઝુંપડીમાં સંતાઈ રહે છે. ધર્મપત્ની કયાંય, માવડી બીજે સ્થળે, પુત્રો વળી કયાંય હવા ખાતા રખડતા હોય છે, અને તેમની મોટરો તથા બીજા વાહનો વળી બીજે

કયાંય પડ્યા હોય છે. પકડાઈ જવાના ભયથી મોટરોના રંગો પણ કેટલીયવાર બદલાવવા પડે છે.

'દુઃખી બનવું ગમતું નથી' છતાં પણ તેમને કોઈ સુખી બનાવી શકતું નથી. અથવા કોઈ દયાળુ માનવ તેમને સુખી બનાવવાના પ્રયત્ન કરે તો પણ તે સુખો તેમને હેરાન પરેશાન કર્યા વિના રહેતાં નથી.

ગત ભવોમાં આચરેલી ચોરીના ફળો ઉપર પ્રમાણે ભોગવવા છતાં પણ 'આ ચૌર્યકર્મનાં ફળો છે, તેનું જ્ઞાન તેમને હોતું નથી અને તેવા ધંધા પણ છોડી શકતા નથી. માટે તેઓ દુઃખી છે, મહા દુઃખી છે, રોગી અને મહા રોગી છે. ભયના માર્યા દુઃખી અને પલ્યોપમ કે સાગરોપમોસુધી નરક વેદના તેમના ભાગ્યમાં રહે છે.

જ્ઞાતકુળનન્દન, પરમદયાળુ **શ્રી** મહાવીરસ્વામીએ કહ્યું. મેં પ્રત્યક્ષ સાંભળ્યું તેને હે જમ્બૂ! મેં કહ્યું છે. આ અદત્તાદાન પાપ સ્વ અને પરને મારનાર છે, મનની મલિનતા વધારનાર છે. અકસ્માત્ ભયોની હાજરી પણ રહેલી હોય છે. કષાયોનું મૂળ કારણ છે. અનાદિ કાળથી સેવાયેલું હોવાથી દુસ્ત્યાજ્ય છે.

આ પ્રમાણે તીર્થંકર પરમાત્માએ કહ્યું છે.

પ્રશ્ન વ્યાકરણનું ત્રીજું અદત્તાદાન નામનું અધ્યયન સમાપ્ત કર્યું છે.



બ્રહ્મનિષ્ઠ શ્રી ગૌતમ સ્વામિને નમ :
શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય શ્રી વિજય ધર્મસૂરિ ગુરુદેવાય નમઃ

ચતુર્થ અધ્યાય અબ્રહ્મ (મૈથુન)

પ્રાણાતિપાત, મુષાવાદ અને અદત્તાદાન નામના ત્રણ આશ્રવો પછી અબ્રહ્મ આશ્રવનું વિવરણ કરવામાં આવે છે. કેમકે, જેઓ મનથી, વચનથી કે કાયાથી અબ્રહ્મ(મૈથુન)ના સેવક છે, તેઓ પ્રકારાન્તરે પણ અદત્તાદાનને કરનારા હોય છે. જેમકેઃ-

(૧) કુમારી કન્યા, સહપાઠિની કે શિષ્યાના પિતાની આજ્ઞા મેળવ્યા વિના તેઓની સાથે મનમેલા કરવાથી સ્વામી અદત્ત નામની ચોરીનો દોષ લાગે છે.

(૨) તેમની ઇચ્છાવિના તેમના પર બળાત્કાર કરનારને જીવઅદત્ત લાગે છે.

(૩) ગુરુ કે શિક્ષકની આજ્ઞા મેળવ્યા વિના સહપાઠિની કે વિદ્યાર્થિનીના મનના ચોરનારને ગુરુ અદત્ત નામની ચોરી લાગ્યા વિના રહેતી નથી.

(૪) શબ્દ, રસ, ગંધ, રૂપ અને સ્પર્શરૂપ પાંચે ઇન્દ્રીયોના ભોગોમાં મશગુલ બનવાવાળાને તીર્થંકર અદત્ત લાગ્યા વિના રહેવાનું નથી, કેમકે પરમ દયાલુ તારક

પરમાત્માઓએ ઇન્દ્રીયોના ગુલામ બનવા માટેની આજ્ઞા આપી જ નથી. ઉપરના કારણે અદત્તાદાન પછી અબ્રહ્મ આશ્રવનો ક્રમ યથાર્થ છે. ચોર અસત્યવાદી જ હોય છે. અને તે દ્રવ્ય અને ભાવથી હિંસક હોવાથી પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુનની ક્રમશઃ સ્થાપનામાં કોઇનેય શંકા રહેતી નથી. અરિહંતોનું શાસન તથા શાસનની એક એક ધારા પણ સર્વથા નિઃશંક છે, કેવળ સમજવાનો પ્રયત્ન કરીએ તો મતિજ્ઞાન સૌને માટે સહાયક બન્યા વિના રહેવાનું નથી. પ્રત્યેક અધ્યાયને પાંચ પ્રકારે વિવેચિત કરવાની પ્રતિજ્ઞાવાળા સૂત્રકાર આ અધ્યાયને પણ પૂર્વવત્ ફરમાવી રહ્યાં છે.

(૧) યાદશં–મૈથુનનું સ્વરૂપ શું છે ?

(૨) તેના પર્યાયવાચી શબ્દો કેટલા છે ?

(૩) તેનું સેવન કયારે કરાય છે ?

(૪) તે કર્મનું ફળ શું છે ?

(૫) તેનું આચરણ કરનાર કોણ કોણ ?

ઉપરોકત પાંચે પ્રકારનું વિવેચન વિસ્તારથી કરવાનું કારણ એક જ છે કે, જીવમાત્રને માટે મૈથુન કર્મ દુસ્ત્યા જય છે. કેમકે કેટલાક જીવો કેવળ મનથી, કેવળ વચનથી, કેવળ કાયાથી મૈથુન કર્મી છે, કેટલાક ત્રણે યોગોથી મૈથુન કર્મી છે, જયારે કેટલાક મન–વચનથી, મન–શરીરથી, વચન–શરીરથી મૈથુનકર્મી હોય છે. કારણમાં ફરમાવ્યું કે– પૂર્વભવના કરેલા પ્રારબ્ધ કર્મો તેમજ આ ભવની તેવા

પ્રકારની પરિસ્થિતિ વશ જીવના અધ્યવસાયો (ક્રિયમાણ કર્મો) એક સમાન હોઈ શકતા નથી, તેમ પુરૂષાર્થ, સદ્‌ગુરૂ સમાગમ પણ એક સમાન નથી.

મૈથુનનું સ્વરૂપ શું છે ?

ગણધર શ્રી સુધર્માસ્વામીએ ફરમાવ્યું કે–હે જમ્બૂ ! તીર્થંકર પરમાત્માઓએ અબ્રહ્મ આશ્રવને અકુશળ, અધર્મ અને પાપજનક કહ્યું છે. સ્ત્રી અને પુરૂષ બંને મળીને જે ગંદુ કાર્ય કરે છે તે મૈથુન છે–અબ્રહ્મ છે. જે મન–વચન અને કાયાને, બુદ્ધિ–વિવેક અને સદ્‌વૃત્તિની કુશળતાને બગાડનાર હોવાથી પાપબંધક છે. તીર્થંકરોએ મૈથુનને છોડી બીજા એકેયનો એકાંતે નિષેધ અને આજ્ઞા આપી નથી, જ્યારે મૈથુન કર્મને માટે એકેય અપવાદ દાખવ્યો નથી. કારણ કે રાગ તથા દ્વેષ વિના મૈથુન કર્મ કરાતું નથી. સ્પર્શન, આલિંગન અને ચુંબન આદિમાં રાગ રહેલો છે અને મૈથુનમાં દ્વેષની હાજરી નકારી શકાતી નથી. કારણ કે મૈથુનારૂઢ માનવ પોતાના એકવારના મૈથુનમાં લાખો જીવોનો મારક, ઘાતક અને પીડક બને છે. સ્ત્રીનું અવાચ્ય સ્થાન મૂત્ર અને રક્તમય હોવાથી તેમાં સંમૂર્ચ્છિત્ત જીવોની ઉત્પત્તિ કામસૂત્રકારોએ પણ નકારી નથી. તે ઉપરાંત શુક્ર અને રજના મિશ્રણમાં બે થી નવ લાખ સુધીના સંમૂર્ચ્છિત્ત પંચેન્દ્રિય જીવોની ઉત્પત્તિ અરિહંતોએ કહી છે, માટે જ એકવારના મૈથુનમાં તે જીવોને મર્યા વિના છુટકો નથી અને બીજાઓને મારવાની ક્રિયા દ્વેષ વિના થતી નથી. યદ્યપિ જીવવિચારાદિ

પ્રકરણોનું જ્ઞાન પ્રત્યેક જીવને ન હોવાથી મૈથુનમાં ' હું હિંસા કરૂં છું ' તેવો ખ્યાલ હોતો નથી, માટે જ અજ્ઞાન જેવું મહાપાપ બીજું એકેય નથી. " अन्नाणी किं किं न काही...." અર્થાત્ અજ્ઞાની આત્મા બધાય પાપો કરી શકે છે.

દેવ–મનુષ્ય અને અસુર પ્રમુખ વિશિષ્ટ લોકો પણ મૈથુન કર્મની ઝંખના–તીવ્ર ઝંખના કરતાં જ હોય છે. મતલબ કે, સંસારના અનંત જીવો કરતાં જેમના આત્માએ તપ, ત્યાગ, વિદ્વતા અને ધ્યાન માર્ગે સારામાં સારો વિકાસ સાધી લીધો છે તેઓ પણ કામદેવની ગુલામીથી દૂર રહી શકયા નથી. વિશિષ્ટ પુણ્ય કર્મોના કારણે દેવો પાસે ભૌતિક સુખો મનુષ્યોથી પણ વધારે છે, તેમ દેવો કરતાં મનુષ્યો પાસે આત્મિક વિકાસ વધારે છે, તો પણ મૈથુન કર્મનો સૂક્ષ્મ કે બાદર અભિલાષ તેમને આગળ વધવા દેવામાં જબરદસ્ત અન્તરાય કરનારો છે, અર્થાત્ દેવોના પુણ્યો અને મનુષ્યના ગુણોને સમાપ્ત કરવામાં વિષયવાસનાની લાલસા જ મુખ્ય કારણ છે. સાધારણ માનવો જેમને દેવ તરીકે પૂજે છે તે દેવો પણ કામદેવના બાણોથી ઘાયલ થઇ ગયા છે, જેમ કે મહાદેવ શંકરજીને પાર્વતી નામે રાણી છે. જગતના સર્જન કરનારા અને વૃદ્ધાવસ્થામાં રહેલા બ્રહ્માજીને સાવિત્રી, શંખચક્ર ધરનારા વિષ્ણુ ભગવાનને લક્ષ્મીજી, ઇન્દ્રને શચી (ઇન્દ્રાણી) સૂર્યનારાયણને રત્નાદેવી, ચન્દ્રને દક્ષ પુત્રી, ૩૩ કરોડ દેવોના ગુરૂ બૃહસ્પતિને તારા નામની મહારાણી છે. અગ્નિદેવને સ્વાહા, કામદેવને રતિદેવી અને શ્રાદ્ધદેવતાને

ધૂમોર્ણા નામની રાણીઓ, પટ્ટરાણીઓ છે. આવી સ્થિતિમાં પણ શંકર ભીલડીની પાછળ દોડ્યા છે, બ્રહ્માજી પોતાની પુત્રીની પાછળ, ઇન્દ્ર મહારાજ અહલ્યા નામની તાપસીની પાછળ, સૂર્ય નારાયણ ચાર પગની તિર્યંચ ઘોડીની પાછળ અને ચન્દ્રમા તો પોતાની ગુરૂ પત્નીની પાછળ પાગલ બન્યાની વાતો પુરાણ કહી જાય છે. આવી સ્થિતિમાં તેઓ પરમાત્મા શી રીતે હોઇ શકશે? ગુરૂકુળવાસ વિનાના મનુષ્યો પણ મહાન તપશ્ચર્યાઓ દ્વારા મેળવેલી ખ્યાતિને કામદેવની ઉપાસનાના કારણે નાશ કરી શકયાના હજારો ઉદાહરણો આપણી જીભ ઉપર રમી રહ્યાં છે, તેથી જ વૈરાગ્યવાસિત ભર્તૃહરિને પણ હાથ ઝાટકીને કહેવું પડયું કે–

मत्तेभकुम्भदलने भुवि सन्ति शूराः
केचित्प्रचण्ड मृगराजवधेऽपि दक्षाः।
किन्तु ब्रवीभि बलिनां पुरतः प्रसह्य,
कन्दर्पदर्पदलने विरला मनुष्याः॥

અર્થાત્–હાથીઓના માથા ફાડવાવાળા, પ્રચંડ સિંહને લેટી નાખનારા ઘણા છે. પણ છાતી ઠોકીને કહેવાદો કે તેઓ બધાય ઇન્દ્રિયોના ગુલામ હોઇને કામદેવને જીતી શકયા નથી.

પંક-પનક–પાશ અને જાળની ઉપમાવાળું મૈથુન કર્મ છે.

પંક એટલે મહાનકર્દમ–કાદવમાં ચાલવાવાળા માનવો ગમે તેવો સાવધાન હશે, તો પણ પ્રમાદવશ પગ લપસી પડતાં શરીર અને વસ્ત્રો બગડ્યા વિના રહેતા નથી. કદાચ

કાદવમાંથી બહાર નીકળવું પણ મુશ્કેલ બની જાય છે. આ પ્રમાણે મૈથુનકર્મમાં ફસાઇ જતાં વાર લાગતી નથી, પણ તેમાંથી છૂટકારો મેળવવો કષ્ટસાધ્ય કે અસાધ્ય છે. આત્માને, બુદ્ધિને, જ્ઞાનવિજ્ઞાનને તથા ખાનદાનને કલંકિત કરનાર છે. સત્કર્મ તથા પુણ્ય પવિત્ર માર્ગ પર આવતા જીવાત્માને સદૈવ અવરોધ કરનાર આ પાપ છે.

પનક–પાણીમાં થનારી સેવાળમાં કદાચ ફસાઈ ગયા હોઇએ તો તેમાંથી છુટકારો મેળવવામાં પણ સરળતા નથી, તેવી રીતે મૈથુન પાપ પણ સેવાળ જેવું હોવાથી, તેમાંથી બહાર નીકળવામાં અપવાદ સિવાય સૌને માટે કઠિન છે.

પાશ એટલે બંધન. મજબુત દોરડાથી બંધાઈ ગયા પછી જીવ વિશેષ પણ તેમાંથી બહાર આવી શકતો નથી. તેવી રીતે મૈથુનકર્મની લાલસા પણ જીવાત્માને માટે મહાભયંકર બંધન સ્વરૂપ છે. જાણતાં કે અજાણતાં, દુષ્ટ બુદ્ધિથી કે સરળ બુદ્ધિથી, ઇચ્છાથી કે અનિચ્છાથી મૈથુન-કર્મના માર્ગે પગ મંડાઈ જતા વાર લાગતી નથી, પણ તેને છોડવામાં ભવોના ભવો બગડ્યા વિના, સત્કર્મો નેસ્ત નાબુદ થયા વિના, અને પુણ્યકર્મોથી હાથ ધોઈ નાખ્યા વિના બીજો માર્ગ નથી. જાળમાં પશુ પંખીઓને ફસાઈ જવામાં વાર લાગતી નથી, તેવી રીતે પાંચે ઇન્દ્રિયોની ગુલામીવશ સંસારની રંગીલી માયામાં ફસાઇને પોતાનું જીવન ધુળધાણી કરે છે અથવા વિના મોતે મરે છે. આ કારણે જ મૈથુન, કાદવ સેવાળ, પાશ અને જાળ જેવું છે.

માનવમાત્ર સન્માર્ગમાં, ઇન્દ્રિયોપર પ્રભુત્વ મેળવવામાં, લજ્જાળુતામાં, વિનય-વિવેકમાં ત્યાં સુધીજ સ્થિર રહે છે કે જ્યાં સુધી મદમાતી સ્ત્રીઓની દેહલતા, કટાક્ષ (આંખોની વક્રતા) હાસ્ય પુર્વકના મુખકમળ, કે તેની વિલાસવતી ચાલને જોતો નથી, મતલબ કે પુરૂષને માટે સ્ત્રી અને સ્ત્રીને માટે પુરૂષનું આકર્ષણ થયું હોતું નથી, ત્યાં સુધી પુરૂષ સન્માર્ગે સ્થિર છે.

સ્ત્રી–પુરૂષ નપુંસકવેદ લક્ષણ :

આઠે પ્રકારના મૈથુનાભિલાષમાં મૂળ કારણ વેદકર્મ છે. " वेदयति मुढि करोत्यात्मानमिति वेदः " જેનાથી, અનંત શક્તિસંપન્ન આત્મામાં ચંચલતા, મૂઢતા, વ્યામોહતા ઉપરાન્ત પુરૂષને સ્ત્રીનું અને સ્ત્રીને પુરૂષનું આકર્ષણ થાય તે વેદ કર્મનું કાર્ય છે, તેમાં સ્ત્રી પુરૂષ અને નપુંસકરૂપ માનવ ત્રણ પ્રકારે છે.

પુરૂષના રૂપરંગ, શરીર સૌષ્ટવ, બોલવા ચાલવાની મધુરતા, કેશ અને વેષપરિધાનની મોહકતા જોઈને તેના પ્રત્યે સ્ત્રીને મોહ જાગે તે સ્ત્રીવેદ છે. તેનાથી વિપરીત, સ્ત્રીની મોહકતા પર જે મુગ્ધ થાય, તેના સહવાસની ઝંખના જાગે, ગમે તે ઉપાયે તેને વશ કરવાના પ્રયત્નોનો પ્રારંભ થાય તેમાં પુરૂષવેદ કામ કરી રહ્યો છે, તથા બંને પ્રત્યે જે પોતાનો મોહ કાબુમાં રાખી ન શકે, એટલે કે તે બંનેને સાથે કામ ક્રીડાની તીવ્રતા રહે તેને નપુંસકવેદનો ઉદય

કહેવાય છે. આ પ્રકારે ત્રણે વ્યક્તિઓને મોહકર્મનું ઘેલું લગાડનાર અબ્રહ્મની વાસના છે. તપ, સંયમ અને બ્રહ્મચર્ય-ધર્મનો વિઘ્નકારક મૈથુન છે. આંખોમાં ચંચલતા, બોલવામાં ચાલાકી તથા વેશપરિધાન અને મુખને ભપકાદાર બનાવવાની વૃત્તિ, પરસ્પર સ્નેહની ગાંઠમાં બંધાઈ જવાની તૈયારી તથા બીજાનું આકર્ષણ થાય તેવા પ્રકારની રહેણી-કરણીમાં, મૈથુનની ભાવના નકારી શકાતી નથી. બાહ્ય તથા અભ્યંતર તપ, સંયમી જીવન તથા બ્રહ્મચર્ય જીવનમાં વિઘ્ન કરનાર મૈથુનભાવ છે. સારાંશ કે આત્માની ઉન્નતીમાં મુખ્ય ભાગ ભજવનાર, તપ, સંયમ અને બ્રહ્મચર્યમાં શિથિલતા, બેદરકારી, આલસ્ય અને પ્રમાદને આમંત્રણ દેનાર મૈથુન છે.

આત્માને કેવળજ્ઞાનની ભૂમિકા બતાવનાર સમ્યક્‌ચારિત્ર છે. તેને અર્થાત્ સમ્યક્‌ચારિત્રને ક્રમશઃ વિનાશ કરવામાં, તથા શનૈઃ શનૈઃ મન્દ, મન્દતર અને મન્દતમ બનાવવામાં મૈથુનના સંસ્કારોથી ઉદ્‌ભવેલી વિકથા, કષાયભાવ, અતિ આહાર, ગરિષ્ટ આહાર, શૃંગારપ્રિયતા આદિના કારણોથી ચારિત્રને હાનિ પહોંચે છે. કાયર પુરૂષોથી જેનું સેવન થાય તે મૈથુન કહેવાય છે. જે શરીર, ઇન્દ્રિયો અને મનથી કમજોર હોય, તેવા કાયર પુરૂષોને અહીં લેવાના નથી, કેમ કે તેમના જીવનમાં કયારેય ઉત્તમ કાર્યો માટેનો ઉત્સાહ આવતો નથી, કદાચ આવે તો ટકવાનો નથી, કદાચ ટકે તો તેના સ્વાદુ ફળો મળી શકે તેમ નથી. માટે જે હૃદયથી, આત્માથી અને સમ્યગ્‌જ્ઞાન કે સમ્યક્‌ચારિત્રથી કમજોર હોય,

મુર્દાદિલ હોય તે કાયર પુરૂષો જાણવા, તેમના જીવનમાં ધૈર્યશક્તિનો વિકાસ થયેલો ન હોવાથી પરિષહોને જીતવા માટે તેઓ સમર્થ બની શકવાના નથી. તેથી તેમને પાપ માર્ગે જવાનું સરળ બને છે. મૈથુન માટેની પરિસ્થિતિ પ્રાપ્ત થતાં તેમનાં મનમાં તેવા પ્રકારની ચંચળતા, વિહ્વળતા અને ઉતાવળ આવી જાય છે. જેથી પોતાના મનને, બુદ્ધિને, ઇન્દ્રિયોને અને શરીરને મર્યાદામાં રાખવા જેટલી ક્ષમતા તેમની મરી પરવારે છે. સાથો સાથ ખાનદાનીના ધર્મો, ગુરૂ તથા વડિલોની શરમ, સ્વનારીનો સ્નેહ અને પાપભીરૂતા આદિ જે આદરણીય ગુણો હતાં તે પણ એક પછી એક પલાયન થાય છે અને આજીવન મૈથુનાસક્ત બનીને જીવન પૂર્ણ કરે છે.

જેઓ જીન્દાદિલ છે તેવા સજ્જનો, મહામાનવો, મહાવ્રતધારીઓથી ત્યજાયેલું મૈથુન છે. એટલે કે, તેમનો આત્મવિકાસ સારી રીતે થઈ ગયેલો હોવાથી તેઓ અતીવ નિન્દનીય પાપ કર્મોને સેવતા નથી, તેમનાથી ઉતરતા દેશ-વ્રતધારીઓ, એક પત્નીવ્રતના ચૂસ્ત હિમાયતી બનીને પરસ્ત્રીને માતૃતુલ્ય માનશે. ભણતર–ગણતરનો ફલિતાર્થ એટલો જ છે કે, તે મહાવ્રતધારી અને ગૃહસ્થો, ગૃહસ્થાશ્રમના વ્રતોની મર્યાદામાં આવે. કેમકે ખાનદાન માનવને પરસ્ત્રી, વેશ્યા, શરાબપાન આદિ ગંદા તત્ત્વો શોભાયમાન થતા નથી. માટે જ જેનાથી આત્મા વજનદાર બને, દુર્ગતિની પ્રાપ્તિ થાય તેવા પાપકર્મોનો ત્યાગ કરવો હિતાવહ માર્ગ છે.

મૈથુનકર્મી આત્મા પ્રકારાન્તરે પણ કેટલાય જીવોનો શત્રુ બનતો હોવાથી ઉર્ધ્વલોક, પાતાલલોક અને તિર્યગ્લોકરૂપ સંસારનું પરિભ્રમણ ઘટતું નથી પણ વધવા પામે છે. ક્લિષ્ટ અધ્યવસાયોથી કરાયેલા કેટલાક પાપોનું ફળ સો વાર, હજાર અને લાખો ગણું વધારે હોય છે. એટલે કે વિવેક અને દયા બુદ્ધિ વિનાનું પાપ જે થાય છે, તેની નિકાચના પણ જોરદાર હોવાથી તેમાંથી છુટવું સૌ કોઇને માટે સરળ હોતું નથી.

હજારો પ્રકારે દાન-શિયળ-તપ અને શુભ ભાવનાઓથી પ્રાપ્ત થયેલા મનુષ્યાવતારને મૈથુનરૂપ કીચડમાં ફસાવવું "હીરો વેચીને કાચ ખરીદવા" જેવું છે. કેમકે તેમાં દ્રવ્ય મન રચ્યુંપચ્યું હોય કે ભાવમન (સૂક્ષ્મમન) રચ્યુંપચ્યું હોય, ભોગવેલી રાત્રિઓ કે હવે પછીની રાત્રિઓની થોડી ઘણી સ્મૃતિ પણ રહેતી હોય, ત્યાં સુધી તેના સંસ્કારો ગમે ત્યારે પણ જીવાત્માને દુર્ગતિ તરફ પ્રસ્થાન કરાવી શકશે. આવી સ્થિતિમાં તેનાથી થતાં અગણિત પાપોથી ઘેરાયેલા આત્માને મુક્તિનો માર્ગ મળવો સરળ નથી.

જન્મ-જરા-મરણ-રોગ-શોકાદિનું મૂળ કારણ મૈથુન છે. બોલવામાં, ચર્ચા કરવામાં કે બીજાને શિખામણના બે શબ્દો કહેવામાં માનવમાત્રની ધ્વનિ તથા પ્રતિધ્વનિ એક જ હોય છે અને તે એ કે જીવ માત્રના જન્મ-મરણના ફેરા ઓછા થાય કે હંમેશને માટે તેનાથી છુટી જવાય તે માટે તર્કો-વિતર્કો, દૃદાહરણો અને છેવટે શાસ્ત્રોના પાનાઓની સાક્ષી પણ દેવામાં આવે છે, પણ શાસ્ત્રોની કહાઈ દેવાવાળાઓ

પણ તેમાંથી છટકી શકયા નથી, બલ્કે ખોટી ચર્ચાઓમાં પડીને જીવનને ધૂળધાણી કર્યું છે. આવી સ્થિતિમાં જૈન શાસનના સ્વામીઓએ કાર્ય અને કારણનું તલસ્પર્શી દર્શન અને તેનું પ્રરૂપણ આ પ્રમાણે કરતાં કહ્યું કે જન્મ અને મરણથી સર્વથા મુક્ત થવું આ કાર્ય છે, તો તેનું કારણ પણ હોઈ શકે છે. કયુ કારણ હશે ? આ પ્રસ્તુત જૈનાગમ જ આપણને કારણ બતાવે છે. જ્યાં સુધી જીવનના કોઈ અણુમાં પણ મૈથુન કર્મના સંસ્કાર વિદ્યમાન હોય ત્યાં સુધી તેના જન્મ-મરણ મટવાના નથી. હવે આ વાતને વિસ્તારથી જાણીએ :—

(૧) જન્મ :-અનાદિ કાળના આ સંસારમાં પ્રત્યેક જીવાત્માઓએ અનંતવાર જન્મ લીધા છે, તેમાંથી કેટલાક જન્મો તો એક ક્ષણે જન્મ્યા અને બીજી ક્ષણે મર્યા જેવા થયા છે. જન્મ લેવાનો સર્વથા અનિવાર્ય એટલા માટે છે કે આત્માના એકેક પ્રદેશમાં અનંતાનંત કર્મોની વર્ગણા ચોંટેલી હોવાથી જે સમયે જે જીવાત્માઓની સાથે રાગાત્મક કે દ્વેષાત્મક ઋણાનુબંધનો ભોગવવાના હોય છે, ત્યાં જ જન્મ ધારણ કરવાનું રહે છે. કર્મસત્તા બળવતી હોવાથી જીવ વિશેષને માટે પણ જન્મ લીધા વિના ચાલે તેમ નથી. કેમકે પ્રારબ્ધ કર્મો અવશ્યમેવ ભોગવવા જ પડે છે. માયાનુ બંધન વિચિત્ર હોવાથી આ ભવ પહેલાંના અનંત ભવોની સ્મૃતિ આપણને થતી નથી. તેથી ગતભવોમાં આપણે કોણ હતાં ? મા-બાપ કોણ હતાં ? અને તે ભવની માયા આજે કોણ ભોગવી રહ્યા છે, ઇત્યાદિ વાતોની જાણકારી આપણી પાસે

નથી. માટે આ ભવની માયામાં ભૂતકાળ ભૂલાઈ જવાય છે અને ચાલુ ભવની માયામાં તેવી રીતે લપટાઈ જઈએ છીએ કે જાણે આ પહેલાના ભવો મારા થયા જ નથી. જે ભ્રમજ્ઞાન, માયાજ્ઞાન, મોહજ્ઞાન છે. બીજમાં જ્યાં સુધી બીજતત્ત્વ હોય છે ત્યાં સુધી અંકુરોત્પત્તિમાં કોઇને શંકા રહેતી નથી. તેમ કર્મોની સત્તા (કાર્મણ શરીર) વિદ્યમાન હોય અને જીવને જન્મ લેવો ન પડે તેવું બનતું નથી, દેવોની સહાયતાથી બની શકવાનું નથી. તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો કે બીજા ગમે તે હોય સૌને જન્મ લેવા માટે માતાની કુક્ષિમાં આવવાનું રહે છે, જ્યાં ગંદી કોટડીમાં નવ માસ ઉંધા મસ્તકે પૂર્ણ કરવાના છે. જન્મ લેતી વખતે ત્રાસ અને માનસિક વેદનાનો પાર નથી. ઓપરેશન થીએટર પર ક્લોરોફોર્મના કારણે વિદ્યમાન ચેતના પણ જેમ અસ્પષ્ટ થાય છે, તેમ જન્મ લેતા બચ્ચાની ચેતના અસ્પષ્ટ હોવાથી દુઃખોના અનુભવની ખબર ન પડે તો પણ સુવાવડખાને નજર કરવામાં આવે તો જન્મ લેનાર અને દેનારને દુઃખોનો પાર હોતો નથી. પરન્તુ મદિરાપાન જેવા મોહના નશાંમાં તેની ખબર જીવને પડતી નથી, તો પણ આ સત્ય હકિકતને કોઈનાથી પણ છુપાવી શકાય તેમ નથી. સંસારી જીવને મૈથુન કર્મની લાલસા ઘણી જ બળવતી હોવાથી તેની પાછળ મર્યાદા બહારના મૈથુનના પાપે ઘણા જીવો સાથે વૈરાનુબન્ધ બંધાય છે, જન્મ લેનાર બચ્ચા સાથે પણ રાગ કે દ્વેષ સંબંધથી જોડાયા પછી જ્યાં સુધી તેની જાળમાંથી મુક્ત થવાય નહિ ત્યાં સુધી જન્મો લીધા

વિના શી રીતે ચાલશે ? માટે જ જૈન શાસનની આરાધનામાં "जाइ जरा मरण सोग पणा सण्णस्स...." જન્મ મરણ, જરા અને શોકાદિનો નાશ કરાવવાની તાકાત છે. જ્યારે મૈથુન પાપ તેને વધારનાર હોવાથી જૈનત્વ અને મૈથુન ભાવ એક મ્યાનમાં બે તલવારની જેમ સાથે રહી શકતા નથી, તેથી જ કહેવાયું છે કે જેટલા અંશોમાં ત્યાગ ભાવપૂર્વક મૈથુન કર્મનો ત્યાગ કરાશે, તેટલા અંશમાં તે ભાગ્યશાળીનું મગજ ઠંડુ, આંખોમાં નિર્વિકારિતા, દિલમાં દયા–પ્રેમ અને સમતાનો પ્રવેશ થતાં ધર્મ શું છે ? ઇત્યાદિને સમજવામાં ઉમળકો આવશે.

(૨) મરણ :–નરકના નારકને પણ એટલા માટે મરવું ગમતું નથી કે બીજા નારકો સાથેની મારફાડ કરવાની માયાને છોડી શકાતી નથી. યદ્યપિ તે પાપજ છે અને મહાભયંકર વેદના છે તો પણ પાપનો, પાપ ભાવનાનો, વૈર વિરોધનો તથા મરવા અને મારવાના વિચારોનો ત્યાગ અતીવ દુષ્કર છે. વિષ્ટાનો કીડો પણ વિષ્ટામાંથી છુટો થવા માંગતો નથી, તો મરવાનું શા માટે પસન્દ કરશે ? અને જ્યારે અત્યન્ત દુઃખીયારા જીવો પણ વિના મોતે મરવા માંગતા નથી, તો પછી બકરા, ઘેટાં, પાડા, બળદ, ગાય, સર્પ, વાઘ, રોજ, મૃગ, સસલા, મયૂર, કબૂતર, મરઘા, તેતર અને ચકલા વગેરેને બીજાઓના ધનુષ્યબાણ, બંદુક કે ગોફણથી મરવાનું ન ગમે તે સત્ય હકિકત માન્યા વિના છુટકો નથી. પરંતુ મૈથુન કર્મમાં ગળેડૂબ થયેલાઓ, શરીરની શક્તિને વધારવાના ખ્યાલાતોમાં પર જીવોની હત્યા કરીને–કરાવીને પણ હિંસામાં

કારણભૂત બને છે. જન્મવા કરતાં મરવું વધારે કષ્ટદાયી હોય છે. પણ બાલ્યકાળ અને યુવાકાળમાં મૈથુન દ્વારા મર્યાદાતીત શક્તિનો નાશ કરી પોતાના મૃત્યુને જાણીબુઝીને બગાડનારાઓ રીબાઈ રીબાઈને મરે છે. મૈથુનાસક્ત જીવને પોતાની સ્ત્રીની કુક્ષિમાં રહેલા ગર્ભની હત્યાનો કે જન્મ્યા પછી આંધળા, મગજના બરાબ કે ગાંડપણને પ્રાપ્ત થયેલા સંતાન પ્રત્યે દયા રહેતી નથી. આ પ્રમાણે જે ભાગ્યશાળીઓ બીજા જીવોને મારવાનો માર્ગ ન છોડે તો તેમને પણ આવનારા ભવોમાં બચાવનાર કોઈ પણ મળી શકે તેમ નથી. સામેવાળાની કે પાડોશીની માલ-મિલ્કત ઉપર નજર બગાડીને, માયાજાળમાં ફસાવીને તેને તેવી રીતે પાયમાલ કરવો જેથી તેના બાળ બચ્ચાઓને તથા તેમની પત્નીઓને ભૂખે મરવાના દિવસો જોવા પડે. એક ઝાટકે મારવાવાળાઓ કરતાં બીજાઓને દુઃખી બનાવી રીબાતા રીબાતા મારવા મહાપાપ છે. તેથી જ આવા જીવોનું વારંવાર મૃત્યુ થાય છે.

રોગ :-રોગગ્રસ્ત માનવના જીવનમાં પૂર્વભવીય અસાતા-વેદનીય કર્મના ઉદયનો વિચાર કરવો અસ્થાને નથી. પણ ભૂલવું ન જોઈએ કે એક કર્મના ઉદયમાં બીજા કર્મોનો કે તેમની ઉત્તર પ્રકૃતિઓનો સથવારો (નિમિત્ત કારણો) મળ્યા વિના રહેતો નથી. આયુષ્ય કર્મને છોડી બાકીના સાતેય કર્મો પ્રાયઃ કરી એક સાથે જ બંધાતા હોવાથી માનવના જીવનમાં મોહકર્મ, માયાકર્મ, વેદકર્મ તેમ જ્ઞાનાવરણીયાદિ કર્મોના નિમિત્ત નકારી શકાતા નથી. જેમ કે બાલ્યકાળનો ત્યાગ કરી

યુવાનીના પ્રવેશ સમયે મોહકર્મનો ઉદય થાય છે અને તેની આંખો કોઈ વિજાતીય અને ન મળે તો સજાતીય વ્યક્તિને ગોતવામાં લાગી જાય છે. (પુરૂષને માટે પુરૂષ અને સ્ત્રીને માટે સ્ત્રી સજાતીય છે. વિપરીત વિજાતીય) ત્યાર પછી સહવાસ, આંખમીંચામણા, લેવડ-દેવડની વાતો સાથે સંબંધ ઘનિષ્ઠ થતાં બંને જીવો મૈથુન માટે તૈયાર થાય છે અને વૃદ્ધાવસ્થાના પ્રારંભ સુધી તે કુકર્મો તથા પોતાની સ્ત્રી પ્રત્યેના સુકર્મો દ્વારા પુરૂષ તથા સ્ત્રીની વીર્ય તથા રજશક્તિ મર્યાદાથી વધારે પ્રમાણમાં ખર્ચાઈ જવાના કારણે એક પછી એક સુસાધ્ય, કષ્ટસાધ્ય અને અસાધ્ય રોગો જે અસાતાવેદનીય કર્મનું કાર્ય છે, તેનો પ્રવેશ થાય છે, જેનાથી પીડાતો, રીબાતો અને દયનીયદશા ભોગવતો, લાખના બાર હજાર કરીને, મનુષ્યાવતારને બરબાદ કરે છે. અને અનંત સંસાર નીયામામાં વધારો કરે છે. પુરૂષ અને સ્ત્રીના શરીરમાં રહેલ વીર્ય તથા રજને પાટડાતુલ્ય મનાયા છે. તેનો પ્રાકૃતિક કે અપ્રાકૃતિક મૈથુનદ્વારા વધારે પડતો દુરૂપયોગ, નીચે પ્રમાણેના રોગોને આમંત્રણ આપનાર છે.

कम्प : स्वेद : श्रमो मूर्च्छा भ्रमिग्लानिर्बल क्षय :
राजयक्ष्मादिरोगाश्च, भवेयुर्मैथुनोत्थिता :

કંપ:-હાથ, પગ, મસ્તિષ્ક અને શરીરના બીજાભાગમાં વગર કારણે ધ્રુજારી આવવી તે કંપરોગ.

સ્વેદ :-શ્રમ વિના પણ સીમાતીત પરસેવો.

શ્રમ :-મામુલી કામ કરતાં કે કોઈ સમયે કામ ન કરીએ તો પણ થકાવટ લાગવી.

મૂર્છા :–મોહ થવો, અતિશય વીર્યના નાશના કારણે, માથાની ગ્રન્થિઓ એટલી બધી શિથિલ થઈ ગઇ હોય છે, જેનાથી સારા કે નઠારા પદાર્થો પ્રત્યે પણ મોહની માયા લાગે છે.

ભ્રમિ :–અમુક કામ મેં કર્યું ? ન કર્યું ? ખાધું ? ન ખાધું ? ઇત્યાદિ કાર્યોમાં તેની સ્મરણશક્તિ વોકઆઉટ કરી ગઈ હોય છે.

ગ્લાનિઃ–કમર–સાથળ, પગની પિંડીઓ આદિ અંગોમાંથી તાકાત જાણે નીકળી ગઇ હોય તેમ આખુય શરીર દુઃખતું જ હોય છે.

બળક્ષયઃ–મેવા–મિષ્ટાન્ન, ઘરનું તાજું ઘી, વગેરે ખાવા છતાં પણ શક્તિ વધતી નથી. પરીણામે, તેનું ચાલવું, બેસવું, ઉઠવું આદિ ક્રિયાઓ મડદાલ જેવી બની જાય છે.

તે ઉપરાંત ક્ષય, ભગંદર, બ્લડપ્રેશર, હાર્ટએટેક, ઉધરસ, મોટીઉધરસ, દમ, ડાયાબીટીશ વગેરે અસાધ્ય બીમારીઓ, તથા વા સંબંધીયા–લકવા વગેરેના રોગો લાગુ પડવામાં વીર્ય-શક્તિનો બેમર્યાદ દુરૂપયોગ કારણ છે.

જીવનમાં પ્રવેશ કરેલા કે મોજશોખ અને મશ્કરીમાં તથા નાની ઉંમરમાં દુર્જન, લુચ્ચા, અસભ્ય અને નિન્દનીય આચરણવાળા મિત્રોના કારણે પ્રવેશ કરાવેલા વ્યભિચાર સંબંધીના દુર્ગુણો ભાદરવાના ભીંડાની જેમ દિવસે અને રાત્રે વધતાં જ જાય છે.

(૩) જઇતં કાહિસિ ભાવં જાઓ દિચ્છસિ નારીઓ.... વૃદ્ધિ પમાડેલા દોષોના અભિશાપે આંખને ગમી ગયેલી સ્ત્રી તરફ મનમેળા કરવાનો ભાવ થતા ખાનદાનીની કુળ મર્યાદાને અલવિદા લેવા સિવાય બીજો માર્ગ રહેશે નહિ તથા સ્વ સ્ત્રી પરથી કૂદકો મારી પર સ્ત્રીઓમાં લપટાયેલું મન કયાંય સ્થિર પણ રહેવા પામશે નહિ. પૈસો-રૂપ, બોલવાની છટા દ્વારા પરસ્ત્રી હાથમાં આવશે તો પણ કયારેય તેના પતિ, પિતા કે સાસુને ખબર પડતાં અથવા રાજા પાસે ફરિયાદ થતાં દુરાચારીનું મન અત્યન્ત ભયગ્રસ્ત બનને ન કહ્યી શકાય તેવા પરિણામો અને પશ્ચાત્તાપોનો અનુભવ કરે છે. કદાચ આવું ન થયું તો પણ શંકાશીલ બનેલું મન તોફાને ચડ્યાં વિના રહેવાનું નથી. જેમ કે મારા પાપને આ જાણતો હશે તો? તેના પતિ આદિને ખબર પડી ગઇ હશે તો? મારી સ્ત્રીને પણ ખબર પડી ગઇ હશે તો? આ પ્રમાણે જીવનમાં નહિ નોતરાયેલી વિહ્વળતા, વ્યાકુળતાના માર્યા તેને આવાનું-પીવાનું અને ઘરમાં રહેવાનું પણ દુઃખ-માનસિક વ્યથાને કરનાર બનશે. દુરાચારી બનેલો પોતાના પાપને પોષવા માટે ભગવાનના મંદિરોનો, ધર્મસ્થાનોનો, સ્મશાન કે તૂટાફૂટ્યા મકાનોનો ઉપયોગ કરતાં કૂતરા કરતાં પણ નપાવટ રીતે જીવન જીવતો વિના મોતે મરશે. પરસ્ત્રી સાથેનું મૈથુન ગમે ત્યારે પણ પ્રાણોને આઘાત લગાડતા, મૃત્યુનું કારણ બનશે પરસ્પર વૈર-વિરોધ વધશે અને કોઈક સમયે મારામારી થવાનો પ્રસંગ પણ ઉપસ્થિત થશે. કદાચ પુણ્ય કર્મો સાથીદાર બનવા

પામે તો પણ વ્યભિચારીના જીવનમાં શોક-સંતાપ-મુંઝવણ, ક્લેશના ઉપદ્રવો થશે. આન્તર જીવન કડવા ઝેર જેવું થશે....

વધ-બંધન અને અપયશ આદિને દેનાર મૈથુન છે. રાજાને ખબર પડતાં મૈથુનકર્મી આત્માને ફટકાનો માર ખાવો પડશે. કારાગૃહમાં જશે, સમાજમાં અપયશ, અપકીર્તિ થવાનો પ્રસંગ આવશે.

દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય કર્મને ઉપાર્જન કરાવનાર મૈથુન છે. મૈથુનકર્મની વિરતિ (ત્યાગ) જેમના ભાગ્યમાં નથી હોતી તેઓ તેમાં અત્યન્ત કિલષ્ટ અધ્યવસાયોના માલિક બનતાં ભવાંતરોને માટે દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય કર્મની નિકાચના કરશે. સારાંશ કે મૈથુનકર્મી જેમ ચારિત્ર-મોહનીય કર્મની નિકાચના કરે છે, તેવી રીતે દર્શનમોહ-નીયની પણ નિકાચના (ગાઢ બંધન) કર્યા વિના રહેશે નહિ. શંકાશીલ શિષ્યનું કહેવું છે કે-"તીવ્ર કષાય, મોહકર્મની તીવ્ર પરિણતિ, રાગદ્વેષમય જીવન જીવવાવાળો, ચારિત્રનો ઘાત કરનાર, નોકષાય અને કષાય સ્વરૂપ ચારિત્રમોહનો ઉપાર્જક હોય છે." પણ દર્શનમોહને ઉપાર્જન કરાવનાર એકેય શ્રુતિ નથી. કેમ કે "અરિહંત, સિદ્ધ, ચૈત્ય, તપસ્વી, જૈનાગમ, ગુરૂ, મુનિ અને સંઘનો વિરોધી માનવ દર્શન-મોહનીયનો બંધક છે." આ કથનમાં મૈથુન શબ્દ નથી, જવાબમાં જાણવાનું કે આ શંકા નિર્મૂલ એટલા માટે છે કે સ્વપક્ષ એટલે સાધ્વી, સંઘની મિલકત એટલે મેમ્બર હોવાથી સાધ્વી સાથેનું અબ્રહ્મ સેવન સંઘ પ્રત્યનીક (સંઘદ્રોહ)

કહેવાય છે માટે તે દર્શનમોહનીય બાંધે છે. શાસ્ત્રોમાં પણ કહેવાયું છે કે–સાધ્વી સાથે મૈથુન કરનાર મિથ્યાત્વમોહને બાંધે છે. અન્યથા તે દુર્લભબોધી શી રીતે? ગાથા આ પ્રકારે છે :–

" सेजइ चउत्थभगे, चेइयदव्वे य पवयणुडडाहे ।
रिसिघाए अ चउत्थे, मूलग्गी वोहिलाभस्स ।। "

સારાંશ સ્પષ્ટ છે.

મોહમિથ્યાત્વના કારણે જીવમાત્ર મૈથુનને અનાદિથી સેવતો આવ્યો હોવાથી દુસ્ત્યાજ્ય છે. જીવને તેવા સંસ્કારો પડેલા છે માટે જીવની સાથે જ રહેનાર છે.

આ પ્રમાણે ચોથા અબ્રહ્મ આશ્રવનું સ્વરૂપ કહ્યું છે.

મૈથુનની સ્પષ્ટતાવાળા પર્યાયો કેટલા ? અને કયા કયા ?

પહેલાના ત્રણ આશ્રવની જેમ આ આશ્રવને પણ જૂદા જૂદા શબ્દોથી પરિપુષ્ટ કરે, અર્થાત્ તેની તલસ્પર્શી વ્યાખ્યાઓ સમજાવીને માનવ માત્રને મૈથુનકર્મની ભયંકરતા બતાવી આપે તેને પર્યાય કહેવાય છે. 'आश्रवो भवहेतुः स्यात्' એટલે કે આશ્રવમાર્ગનો આશ્રય લેવો તે ભવપરંપરાને વધારવા જેવું છે. કેમ કે આશ્રવ અને સંવર બંને પ્રતિસ્પર્ધી શબ્દો છે. જેના હૈયામાં આશ્રવની આરાધના હશે ત્યાં સંવરની વિદ્યમાનતા અને સંવરની હાજરીમાં આશ્રવની વિદ્યમાનતા હોઈ

શકે નહિ. કદાચ બંનેની આરાધના સાથે કરવામાં આવશે તો આવનારા ભવોમાં પણ મિશ્રફળ મળ્યા વિના રહેવાનું નથી. સંવરના પરિણામે મનુષ્યાવતાર મળશે પણ મિશ્રિત થયેલા આશ્રવથી નીચ કુળ, કમ ખાનદાન, કદરૂપું શરીર, ખાનપાનની ખરાબી, કમાણીનો અભાવ, રહેઠાણોની મુશ્કેલી, રોગિષ્ટ અને પૌષ્ટિક આહાર વિનાનું શરીર, માયકાંગલા સંતાનો, જ્ઞાન–વિજ્ઞાનનો સર્વથા અભાવ આદિ પરિસ્થિતિઓમાં સંવર–પુણ્યના કારણે મેળવેલા મનુષ્યાવતારને રીબાઈ રીબાઈને આર્ત્તધ્યાનપૂર્વક સમાપ્ત કરવાનો રહેશે. ભારત દેશમાં કરોડો માનવોને ઉપરની સ્થિતિમાં રીબાતા રીબાતા આપણે સૌ જોઈ રહ્યાં છીએ. મધ્યમ વર્ગની સ્થિતિ પણ ખ્યાલ બહાર નથી. કેમ કે તેઓ પણ ત્રણ સાંધે ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિમાં કયારેય સ્વસ્થ થઈ શકે તેમ નથી. ૮૪ લાખ જીવાયોનિમાં કેવળ મનુષ્યાવતાર જ શ્રેષ્ઠતમ છે, તેમ સૌ કોઈ ધર્માચાર્યો એક અવાજે કહી રહ્યાં છે. કેમકે સદ્બુદ્ધિ, સદ્વિવેક, ધર્મ કર્મની સદ્ભાવના, તે માટેની મન–વચન અને કાયાની સ્વસ્થતા મનુષ્યને છોડી બીજે કયાંય નથી. તેથી જ દેવોને પણ દુર્લભ મનુષ્યાવતારને મેળવ્યા પછી તેને બગાડવાનો કે સુધારવાનો ? તેના નિર્ણયમાં પ્રમાદ–આળસ, બેદરકારી, પૂર્વગ્રહિતા, વ્યામોહિતા કે કદાગ્રહતા રાખવી પોસાય તેમ નથી.

પુણ્યના ફળો અને માર્ગોની ચાહના સૌ કોઈને હોય પરંતુ તેમનાથી વિરૂદ્ધ કર્મોનો ત્યાગ જ્યાં સુધી કરવામાં ન

આવે ત્યાં સુધી પુણ્ય માર્ગોની પ્રાપ્તિથી વિશેષ ફાયદો થાય તેમ નથી.

(૧) અહિંસક બનતા પહેલા હિંસાના માર્ગો છોડવાના રહેશે.

(૨) સત્યવાદી બનતા પહેલા મૃષાવાદને સમજવો અને ત્યાગવો નિતાન્ત આવશ્યક છે. મૃષાવાદના ત્યાગ પહેલા ક્રોધ-લોભ-ભય અને હાસ્યને દેશવટો દીધા સિવાય તેનો ત્યાગ અસંભવ છે.

(૩) ચોરી કરવાના માર્ગો, પ્રકારો અને સંકલ્પોના ત્યાગ વિના અચૌર્યવ્રતની આરાધના શી રીતે થશે ?

(૪) બ્રહ્મચર્યનો પાકો શત્રુ મૈથુન છે. માટે તે બંને એક સાથે રહી શકે તેમ નથી માટે આઠ પ્રકારના મૈથુનનો ત્યાગ અતીવ જરૂરી છે. તે પહેલા બ્રહ્મની કલ્પના વાંઝણી રહેશે.

બ્રાહ્મણપુત્ર કાશી જઈને પણ ભણતરનો ભોપો રહે તો તેને 'ઢ' કહેવામાં આવે છે. વાણીયાનો બેટો મુંબઈ આવીને લાખના બાર હજાર કરે તો ગામના માણસો કહેશે કે 'આ ભાઇના બાર વાગી ગયા છે.' મતલબ કે સારામાં સારૂં સ્ટેજ પ્રાપ્ત થઈ ગયું હોય તો તેનો સદુપયોગ કરવામાં ઇશ્વરનો આશીર્વાદ મળશે અને આત્માને પરમાત્મા, જીવને શિવ, નરને નારાયણ, ખુદને ખુદાપદની પ્રાપ્તિ થતાં સંસારના કારાગૃહમાંથી તેનો છુટકારો થશે. વેદ, વેદાન્ત, ઉપનિષદ્, બૌદ્ધ અને જૈનાગમના મતે પણ અનેક ભવોમાં અનેક

જીવોના આશીર્વાદ મેળવેલો ભાગ્યશાળી જ મનુષ્યાવતારને મેળવે છે, અને અનહદ પુણ્યોપાર્જન તથા સત્કર્મોના કારણે જીવન સુખમય બને છે. આ બધી પરિસ્થિતિ જોયા પછી જ આ અવતારમાં અબ્રહ્મ (મૈથુન, દુરાચાર, વ્યભિચાર, પરસ્ત્રી-ગમન, વેશ્યાગમન) આદિના માર્ગે જવા કરતાં બ્રહ્મ એટલે આત્માની ઉપાસના કરવી હિતાવહ માર્ગ છે. કેમ કે તેની ઉપાસના મનુષ્યભવ સિવાય બીજા એકેય ભવમાં બની શકે તેમ નથી. પાપ પ્રચુર નારકો પાપ કર્મોને ભોગવવામાં, પુણ્ય પ્રચુર દેવો ભોગ વિલાસોમાં બેમર્યાદ મસ્ત હોવાથી આત્મોન્નતિનો નકશો તેમની પાસે મુદ્દલ હોતો નથી. તિર્યંચો અવિવેકી હોવાથી બ્રહ્મની સાધના માટે લાયક નથી. જ્યારે મનુષ્યો જ સદ્બુદ્ધિ સમ્પન્ન હોવાથી આત્માનું કલ્યાણ કરી શકે છે. અને જો તેમ ન થયું તો ' દીવો લઈ કુવે પડ્યો ધિક્કાર છે મુજને ખરે... ' આવી સ્થિતિ થયા વિના રહે તેમ નથી. પ્રસ્તુત પ્રકરણ મૈથુન નામે ચોથા આશ્રવનું છે. તેથી તેની વિચારણા સૂત્રાનુસાર કરીએ. જેના ૩૦ સંખ્યાના પર્યાયો ક્રમશઃ નીચે મુજબ છે :–

(૧) અબ્રહ્મ.... જે, જેનાથી, જેમાં બ્રહ્મ નથી, બ્રહ્મની પ્રાપ્તિ નથી અને બ્રહ્મમાં પ્રવેશ નથી, તેને અબ્રહ્મ કહેવાય છે. સાધારણતયા આત્મા, પરમાત્મા, તપ અને આગમ (વેદ) બ્રહ્મ શબ્દથી વાચ્ય બને છે. જે અબ્રહ્મના કારણે આ ચારે અર્થો આવૃત્ત થાય છે તેમાં મુખ્ય કારણ મૈથુન છે. એટલે કે તેના સંસ્કારોને પોષવા, વધારવા, ઉદ્દીર્ણ કરીને

પણ તેમાં મશગૂલ બનવાવાળાને પોતાના આત્માનો ખ્યાલ રહેતો નથી કે કેટલાય ભવોની પુણ્ય કમાઇના કારણે આટલી બધી સામગ્રી પામેલા મારા આત્માનું શું થશે? મારી બાનદાની, મારા ભણતર-ગણતર તેમજ માતા પિતાની ઇજ્જતનું શું થશે? પરમાત્માની ઓળખાણ કરાવવામાં કટ્ટર વિરોધ કરાવનાર મૈથુન છે. આના કારણે આંખોમાં ચંચળતા આવતાં જ તેની આંખો મંદિરમાં કે જ્ઞાનચર્ચામાં બેઠા હોય તો પણ ચારે બાજુ ઘુમતી જ હોય છે. સારાંશ કે પરમાત્મા સાથે તદાકારતા પ્રાપ્ત નહિ થવામાં કારણભૂત આ મૈથુન પાપ છે. 'મારૂં આત્મકલ્યાણ થશે' તેવા આશયથી કરાતા બાહ્ય અને આભ્યન્તર તપનો હાડવૈરી આ પાપ છે. કેમ કે વિષયવાસનાનો માલિક તપસ્વી બની શકતો નથી પણ કષાયી બને છે. મહામહોપાધ્યાય યશોવિજયજી મહારાજ પણ જ્ઞાનસારમાં ફરમાવે છે કે :-

विषयकषायाहार त्यागो यत्र विधीयते ।
उपवास स विज्ञेयः शेषं लाङ्घनकं विदुः ।।

એટલે કે વિષયી અને કષાયી આત્મા તપસ્વી હોઈ શકતો નથી. તથા જૈનાગમના અભ્યાસમાં, થયેલાને ટકાવવામાં, ટકાવેલાને આત્મસાત્ કરવામાં મૈથુન કર્મના સંસ્કારો અવરોધ કરનારા જ બનવા પામે છે. સારાંશ કે વિષયવાસનાના ખ્યાલાતોમાં ગોથાં મારતો સાધક ભાવનિક્ષેપે આત્મા અને પરમાત્માનો જ્ઞાતા હોતો નથી. તપ અને શ્રુતજ્ઞાનનો આરાધક બની શકતો નથી. કેમ કે આત્મામાં રમણતા કરાવવામાં,

અવધૂત બનાવવામાં, દિલ અને દિમાગને ભાવદયાળુ બનાવવામાં બ્રહ્મચર્યધર્મની સાધના જ કામે આવે છે. તે વિનાનો સાધક પૌદ્ગલિક પદાર્થોમાં રચ્યોપચ્યો રહેશે. કેમ કે વિષયી આત્માની ઇન્દ્રિયો સદૈવ ચંચળ હોવાથી જડ ઇન્દ્રિયોને જડ પદાર્થ તરફ પ્રસ્થાન કરવામાં વાર લાગતી નથી. માટે જ અબ્રહ્મ કામનો પર્યાય બને છે.

(૨) મૈથુન.... મૈથુન એટલે યુગલ ભેગા મળીને બંનેનું પુણ્યઘાતક કર્મ મૈથુન કહેવાય છે. કારણ કે મૈથુનકર્મી આત્મા સાધક નહિં પણ ઘાતક હોય છે. અથવા જે અધ્યવસાયોથી કે સંમિશ્રનથી પુરૂષનું વીર્ય અને સ્ત્રીનું રજ ચલાયમાન થાય–પતિત થાય તે મૈથુન કહેવાય છે. ચાહે તો પુરૂષ સ્ત્રીના મિલનમાં થાય કે બે પુરૂષો કે બે સ્ત્રીઓ ભેગા મળીને થાય અથવા અપ્રાકૃતિક અર્થાત્ હાથ, રબ્બર કે પ્લાસ્ટિક સાધનોથી થાય તે મૈથુન છે. મનની ચંચલતાથી લઈ શુક્રપાત કે રજ નિર્ગમન સુધીના કાળમાં કોઇ પણ સાધક કે સાધિકા આત્મા–પરમાત્મા–તપ અને શ્રુતજ્ઞાનના આરાધક બની શકતા નથી.

(૩) ચરંતં.... શબ્દનો સંસ્કૃત ભાષામાં ટીકાકારે 'ચરત્' શબ્દ મૂકયો છે, જેનો અર્થ થાય છે, ત્રણે લોકમાં સર્વત્ર વ્યાપક કામદેવની તાકાતનો ખ્યાલ આવે છે, જેનાથી જ્યોતિષ દેવો, બ્રહ્મલોકના દેવો, વ્યન્તરો, યક્ષો, ઇન્દ્રો, ઇન્દ્રાણીઓ તથા દેવ–દેવીઓ પણ કામદેવની ગુલામી હુકરાવી શકતા નથી. વ્રતધારીઓને છોડી, માનવો, મહામાનવો, પંડિતો, મહાપંડિતો અને આત્મજ્ઞાન વિનાના તાપસો પણ કામની

ઉપાસનામાં રત હોય છે. અન્યથા ઘાસ પાંદડા ખાઈને સ્ત્રીના મુખને પણ ન જોનારા વિશ્વામિત્ર જેવા તાપસો તીલોત્તમા અપ્સરાના બાહુપાશમાં શી રીતે ફસાય?

ઈન્દ્રનું આયુષ્ય સાગરોપમનું અને દેવી ઈન્દ્રાણી, પલ્યોપમના આયુષ્યવાળી એક કરોડ પલ્યોપમને એક કરોડ પલ્યોપમથી ગુણા કરીએ અને આંકડા માંડીએ તો આયુષ્ય દરમ્યાન ઈન્દ્ર ને કેટલી ઇન્દ્રાણીઓ થશે? ત્યારે જ સમજવાનું સરળ બને છે કે, પુણ્યકર્મોમાં મસ્ત બનેલા દેવો અને દેવેન્દ્રોને ભોગ વિલાસો સિવાય બીજો માર્ગ નથી જ. તો એ કામદેવની અતૃપ્તિના કારણે વનસ્પતિમાં ઉત્પન્ન થવાનું રહે છે. તો ટૂંકા આયુષ્યવાળા બિચારા મનુષ્યની શી દશા?

આવા અર્થમાં ચર્ ધાતુની વ્યાખ્યા કરવી હોય તો, આત્મામાં રહેલા-કમાવેલા-ચારિત્રાદિ ગુણોને ખાઇ જાય, બાળી નાખે તે ચરત્ મૈથુનનો પર્યાય સાર્થક બને છે.

(૪) સંસર્ગી.... સ્ત્રી અને પુરૂષનો સંસર્ગ, સહચાર, સમ્મીલન અને તેમાંથી ઉત્પન્ન થયેલા કામના સંસ્કારોને લઇને, માનવનું મન કામદેવના ઝુલણામાં કેવા કેવા હિંચકા ખાય છે, તેનું આબેહુબ વર્ણન ટીકાકારના શબ્દોમાં કરીએ. 'મારી સાથે પ્રેમાલાપ કરનારી પ્રેયસી આવી ગઈ? કેમ ન આવી હોય? સંકેતનો સમય થવા આવ્યો છે માટે હવે આવવી જોઇએ.' આ પ્રમાણે તેની સ્મૃતિ થતાં, સાધક વિહ્વળ થઈ જાય છે. તો પછી, લટકામટકા કરતી, આંખોને નચાવતી,

ઝાંઝરનો ઝણુકાર કરતી અને ખોંખારનો સંકેત કરતી, આવતી પ્રેયસીને જોયા પછી, તો ભગવાન જાણે, તેની દશા કેવી થતી થશે? અથવા આનન્દઘનજી મહારાજના શબ્દો યાદ કરીએ તો.... "આગમ આગમ ધરને હાથે...." હાથમાં રહેલા આગમના પાના તથા સદનુષ્ઠાનો આદિની દશા શું થશે? માટે સાધકની આવી દશા કરાવનાર મૈથુન પાપ છે.

(૫) સેવનાધિકારી... મૈથુનકર્મના આ પર્યાયનું તાત્પર્ય છે કે ચોરી, બદમાશી, હાથ ચાલાકી, જુગાર, બીજાઓને મોતના ઘાટે ઉતારવા, શરાબપાન, વેશ્યાગમન આદિ પાપકાર્યો(પ્રતિસેવનાઓ)માં પ્રેરિત કરનાર મૈથુનજન્ય સંસ્કારો છે. નાની ઉમરથી યદિ આ સંસ્કારોને મર્યાદામાં લેવામાં ન આવે તો ગમે ત્યારે અને ગમે તે નિમિત્તે પણ આ સંસ્કારો ભડકે બળશે અને સાધકને અધ:પતનના માર્ગે લઈ જશે. માનવ જીવનના વ્યાપારાદિ કોઈ પણ ક્ષેત્રમાં ભેળસેળ, ખોટા તોલમાપ, વ્યાજવટાવમાં ગોટાળા આદિ ચૌર્યકર્મથી માનવતા, દયાળુતા, વિવેકતા અને પ્રેમાળ સ્વભાવ સમાપ્ત થઈ જાય છે.

હાથચાલાકી દ્વારા કદાચ તત્કાળ દૂધ રોટલા મળશે પણ જીવનમાં તથા મુખ, જીભ, કાન, આંખમાં પણ ચાલાકીઓની પરંપરા વધ્યા વિના રહેશે નહિ.

જુગારના રસ્તે પડેલા માનવને કૌટુમ્બિક કે વ્યવહારિક મર્યાદાઓ સાથે ખાસ લેણાદેણી રહે તેમ નથી.

પરહત્યા–ચાહે આપણા કારણે કોઇને પણ કેરોસીનથી, કોઇને વિજળીથી, કોઇને ટ્રેઇન નીચે પડતું મૂકીને મરવાનું થાય તો સમજી લેવાનું કે આના જેવું મહાપાપ બીજું નથી.

શરાબપાન–બ્રાનદાની, ભણુતર તેમજ પ્રભુના શપથ લઇને ઉચ્ચાસને બેઠેલાઓને માટે પરમાત્મા, સમાજ, દેશ અને પોતાના વ્યક્તિત્વનો પણ દ્રોહ કરાવ્યા વિના રહેશે નહિ. ઇત્યાદિ નિરર્થક–સર્વથા નિરર્થક દૂષણોના ઉત્પાદનમાં અને વર્ધનમાં પૈસો, પૈસો અને પૈસો કામ કરે છે. આ બધીય વાતોમાં ટીકાકાર અભયદેવસૂરિજી દુર્ગુણોના મૂળ સુધી પહોંચીને આપણને સૌને જાગૃત કરતાં કહે છે કે–પૈસાની લાલસાના અભિશાપે જ માનવ માત્ર બધાય અનર્થોને કરે છે. પરંતુ પૈસો જોઇએ છે શા માટે? પેટ ભરાઈ ગયા પછી પૈસાની આવશ્યકતા શા માટે? જવાબમાં જણાવ્યું કે–જે કુમારી, સધવા, વિધવા, સહપાઠિની, વિદ્યાર્થીની, ભાભી, સાળી, પડોસણ આદિ સ્ત્રીઓ સાથે મનમેલા કર્યા છે, વધાર્યા છે, તેમના પ્રત્યેની અકાટ્ય મોહમાયામાં જકડાયેલા મનુષ્યને તેમની સાથેનો પ્રેમ ટકાવવા માટે ગમે ત્યારે પણ પૈસો જોઇશે. કેમ કે તે વિના પ્રેમ થતો નથી, ટકતો નથી, તેથી સમયે સમયે તેમને ખુશ કરવા માટે હેન્ડવોચ, સોનાની કે હીરાની બંગડી, લેટેસ્ટ ફેશનની પ્લાસ્ટિક બંગડીઓ, કંદોરો, હાર, સાડી, બ્લાઉજ પીસ અને તે ભણુતી હશે તો પુસ્તક નોટ બુક, પેન, બોલપેન, અમુક ડ્રેસ શ્રૃંગાર સાધન, ન્હાવાના સાબુ વગેરે બધુય લાવીને આપવાનું રહેશે. તથા જે જે

વસ્તુઓની ફરમાઇશ કરશે તે હાજર કર્યા વિના પ્રેમી પાસે બીજો માર્ગ નથી. મતલબ કે, આવા ગોરખધંધામાં ઉતારનાર મૈથુન કર્મ છે.

" सर्वेऽनर्था विधियन्ते नरैरर्थैकलाल सैः
अथस्तु प्रार्थ्यते प्रायः प्रेयसी प्रेमकामिभिः " (ટીકાકાર)

આનાથી જાણી શકાય છે કે, શ્રીમંતોની શ્રીમંતાઇ, ધર્મના કાર્યોમાં 'એરણ કી ચોરી કરી, સોય કો દીજે દાન' થોડી જ ખર્ચાતી હોય છે. જ્યારે પોતાના કામ પુરૂષાર્થને માટે ઘણી જ વધારે ખર્ચાય છે.

(૬) સંકલ્પ.... શરીર અને વચનમાં સંકલ્પોની ઉત્પતિ નથી, પણ જેમનું મન ગંદુ અને અધાર્મિક હશે, સ્વાર્થાન્ધ, લોભાન્ધ કે માયાન્ધ હશે, તેમના જીવનમાં સમુદ્રના તરંગોની જેમ સંકલ્પોની પરમ્પરાઓ તોફાન મચાવતી હોય છે. હૈયા પર હાથ મૂકી વિચારવામાં આવે તો અધાર્મિક-સ્વાર્થ, લોભ આદિના ગંદાપણામાં 'જૈનત્વ' કામ કરતું નથી પણ કામુકતા જ કામ કરતી હોય છે. જેમના માનસિક જીવનમાં તેનો વાસ હોય છે, તેને સ્વાર્થ સાધવામાં જૂદા જૂદા સંકલ્પોનું જોર વધારે હોવાથી, શરીર-આંખ-કાન અને મન પણ ચંચલ થયા વિના રહેતા નથી. કેશકારોએ પણ કામને સંકલ્પ જ કહ્યો છે, કેમ કે કામોત્પત્તિના મૂળમાં સંકલ્પ રહેલો છે. કામ અને રામ (પરમાત્મા) ને બારમો ચન્દ્ર હોવાથી, જ્યાં રામનો વાસ છે ત્યાં કામ હોતો નથી અને

જ્યાં કામ છે ત્યાં રામ નથી. જૈન શાસન પણ ધર્મ સ્થાનકોમાં પ્રવેશ કરતાં પહેલા મન-વચન અને કાયાના પાપોને, તેના સંસ્કારોને વોસિરાવી દેવા માટે ત્રણ વાર નિસીહિ કહેવા માટેની આજ્ઞા આપે છે. ગીતા પણ....

"ધ્યાય તો વિષયાન્ પુંસઃ સંગસ્તેષુ-ઉપજાયતે,
સંગાત્ સંજાયતે કામઃ .... "

સારાંશ કે-વિષય વિલાસોમાં જેનું મન રચ્યુ પચ્યું હોય છે તેઓ તેની પ્રાપ્તિ જે માર્ગે થાય, તેનો સંગ કરશે, જેથી કામોત્પત્તિ સરળ બને છે.

ટીકાકારે પણ કહ્યું કે, હે કામ! તારા ગોરખધંધાને હું જાણું છું. કેમ કે તારી ઉત્પત્તિ જ સંકલ્પો દ્વારા થાય છે. પણ સમજી લેજે કે દેવ-દેવેન્દ્રો તથા માનવો કદાચ તારા ચરણોના ગુલામ હશે, પણ હું તો અરિહંત પરમાત્માના ચરણોમાં બેસીને સમિતિ-ગુપ્તિ-બાર અને ચાર ભાવનાઓમાં મસ્ત બનેલો હોવાથી મારા મનમાં તારો વાસ કયાંથી હોય?

(૭) બાબનાપદ્ધાનાં....પ્રસ્તુત પ્રકરણ મૈથુન કર્મ માટેનું હોવાથી 'પદ્ધ'નો અર્થ સંયમસ્થાન કરવામાં આવ્યો છે. કારણ કે સંયમ આત્માનો શક્તિસમ્પન્ન ગુણ હોવાથી તેમાં બાધા કરનાર હૈયાના ખુણામાં ભરાયેલો કામદેવ છે. અનુભવાય છે કે હજારો માણસોના જોરશોરથી થતા અવાજોની વચ્ચે પણ સંયમશીલ સંયમની મસ્તીમાં, ધ્યાનસ્થ યોગી

ધ્યાનની મસ્તીમાં અને પઠનશીલ વિદ્યાર્થી પાઠ ગોખવાની મસ્તીમાંથી ચલાયમાન થતો નથી. જ્યારે ચલાયમાન થનારો સંયમસ્થાનીય હોતો નથી પણ કામદેવનો પુજારી હોય છે. આ કારણે જ કામના પર્યાયરૂપે 'બાધનાપદ' મૂકયો છે, જે સાર્થક છે. પદનો બીજો અર્થ પ્રજા પણ થાય છે. કેમ કે કામુક માનવની ઇન્દ્રિયો કન્ટ્રોલ આઉટ હોવાથી તેની આંખ બીજાની બેન બેટીઓ પર પડેલી હોવાથી કઈ નબળી ક્ષણે તે બાઇઓના સગાઓનો રોષ તે કામુક પર ઉતરશે તે કંઈ પણ કહેવાય તેમ નથી. ફળ સ્વરૂપે દુઃખોની પરંપરા અને રોવાના દિવસો ભાગ્યમાં શેષ રહે છે.

यश्चेहलोकेऽघपरे नराणामुत्पद्यते दुःखमसह्यवेगम् ।
विकाश नीलोत्पल चारुनेत्रा, मुक्त्वास्त्रियस्तत्र न हेतुरन्यः ।।

અર્થાત્–જેનો વેગ અસહ્ય હોય છે, તેવા દુઃખોની ઉત્પત્તિમાં, કમળના પાંદડા જેવી મોટી અને કાજળથી આંજેલી આંખોવાળી સ્ત્રીને છોડીને બીજું કંઇ પણ કારણ નથી. મતલબ કે પુરૂષના મનમાં મદમાતી સ્ત્રીનો અને સ્ત્રીના મનમાં વાંકડીયા વાળવાળો, ચટકેદાર બોલનારો, મરકમરક હસવાવાળો, આંખોને વાંકીચુકી નચાવનારો અને રૂપાળો યુવાન માણસ જ્યારે પ્રવેશ કરે છે ત્યારે સાડા સાતની નહિ પણ જિંદગીના છેલ્લા ક્ષણ સુધીની શનિ મહારાજની પનોતી બેસી જાય છે કહેવાયું પણ છે :–

દ્વાદશમો છાયાસુત બેઠો, જિસ મન પર તરૂણી હોઇ;
રતિ મતિ છતિ સવિ જોઈ હીણા, વળી હોઈ દુર્બળ દેહા.

(૮) દર્પ.... શરીરની મોહકતા અને માદકતા દ્વારા ઉત્પન્ન થયેલી દેહની દૃપ્તતાને દર્પ કહેવાય છે. મતલબ કે મદમાતું શરીર કામવાસનાનું જન્ય પણ છે અને જનક પણ છે. આ કારણે જ શાસ્ત્રકારોએ કહ્યું કે શરીરને પુષ્ટ કરે તેવા પૌષ્ટિક પદાર્થો, મિષ્ટાન્નો અને રસોનું સેવન આત્માર્થીએ કરવું નહિં. કારણ કે તેવા ખોરાકથી શરીરમાં માદકતા વધે છે અને વિકારો ભડકે છે. શુભ નામકર્મથી મળેલું શરીર સૌષ્ઠવ, શાતાવેદનીય કર્મના કારણે મળેલું ભૌતિક પદાર્થોનું આનુકૂલ્ય, યશ નામકર્મથી યશસ્વી જીવન, જ્ઞાન ક્ષયોપશમથી મળેલી બુદ્ધિની વિપુલતા આદિ કારણોથી જીવાત્માને ગર્વની પ્રાપ્તિ થતા વાર લાગતી નથી. માટે જ દેહદૃપ્તતા મૈથુનનો સાર્થક પર્યાય છે. સ્વભાવથી, ગુરૂકુલવાસથી દેહદૃપ્તતા પ્રાપ્ત થતી નથી. માટે તેમના બધાય શુભ કે શુદ્ધાનુષ્ઠાનો સફળ બને છે. જ્યારે દેહદૃપ્તતાના કારણે પ્રાપ્ત થતી વ્યભિચારિતા અનુષ્ઠાનોમાં નિષ્ફળતા કરાવે છે.

(૯) મોહ – મોહનં.... પૂર્વભવના આરાધિત અને નિકાચિત વેદકર્મરૂપ મોહકર્મના ઉદયથી અથવા જ્ઞાનાવરણીય કર્મની તીવ્રતાથી અજ્ઞાન–વિપરીત જ્ઞાન અને ભ્રમજ્ઞાનની ઉત્પત્તિ થતાં, અંધ માણસ સામે પડેલી દૃશ્ય વસ્તુને જેમ જોઈ શકતો નથી, તેમ રાગાન્ધ માણસ પણ વિદ્યમાન અને દૃશ્યમાન પદાર્થનો પરિહાર કરે છે અને અવિદ્યમાનનો સ્વીકાર કરે છે. જેમ કે સ્ત્રીનું શરીર હાડ, માંસ, લોહી, વિષ્ટા અને મૂત્રથી જ પરિપૂર્ણ છે. તો પણ રાગાન્ધ પોતાની માની

લીધેલી પ્રિયતમા-પ્રેયસીના હાડકાના દાંતોને પણ કુન્દ પુષ્પ જેવા માની બેસે છે, નેત્રને નીલકમળ જેવા, મુખને પૂર્ણિમાના ચંદ્ર જેવું, માંસના પિંડ જેવા સ્તનોને પૂર્ણ કળશ જેવા માનીને તેના સ્પર્શમાં સ્વર્ગીય સુખની કલ્પના કરે છે. આ બધાયમાં મોહકર્મની પ્રબલતાજન્ય અજ્ઞાનનું કારણ છે.

(૧૦) મનઃ સંક્ષોભઃ....માનસિક જીવનની ચંચળતા, વ્યગ્રતા, વિહ્વળતા અને ઉદ્વેગતાનું મુખ્ય કારણ કામજન્ય સંસ્કારો છે. મતલબ કે પૂર્વભવમાં બ્રહ્મની આરાધના કરી ન હોય, ઓછી કરી હોય, કાચી કરી હોય કે રોતાં રોતાં કરી હોય ત્યારે જ ચંચલતાઓ માનવતાને ખતમ કરનારી બને છે. જ્યારે બ્રહ્મની આરાધના પૂર્વભવની સારી હશે તો તેનું માનસિક જીવન સંયમના દોરડાથી બંધાયેલું હોવાથી ચંચળતાના બદલે સ્થિરતા, વ્યગ્રતાના બદલે ધીરતા, વિહ્વળતાના બદલે સમચિત્તતા અને ઉદ્વેગના સ્થાને ગંભીરતામય જીવન હશે. કાચી આરાધના હશે તો નાની ઉંમરમાં પણ ચંચળતા જોવા મળશે, અને આગળ જતાં કામદેવનો સથવારો મળતાં જ સ્ટુડન્ટ બોય ગર્લ્સ ફ્રેન્ડની અને સ્ટુડન્ટ ગર્લ્સ બોયફ્રેન્ડની તપાસમાં રહેશે. પછી તો બેશરમ બનીને પણ વિલાસ માટેના પ્રયત્નો ગોતવામાં જ કામદેવની નિશાળનું સ્નાતક પદ પ્રાપ્ત કરવાનું ભાગ્યમાં રહેશે. માટે મનઃસંક્ષોભ કામનો ઉત્પાદક અને ઉત્પાદ્ય પણ કહેવાયો છે. માનવતાનો પાકો દુશ્મન કામ છે અને તેમાંથી ઉત્પન્ન થયેલ ' कामात् क्रोधः संजायते.... ' ક્રોધ પણ છે. જેના જીવનમાં

સંયમ નથી, શરમ નથી, આત્મોન્નતિની તમન્ના નથી તેવાઓના જીવનમાંથી ચંચળતા અને કામવાસના આયુષ્યના છેલ્લા ક્ષણ સુધી પણ હાજર હોવાથી અધોલોકના અતિથિ બનવાનું તેમના નસીબમાં ઘડાયું હોય છે.

(૧૧) અનિગ્રહ.... સમ્યક્‌ચારિત્ર અને જ્ઞાનથી અનિયંત્રિત ઇન્દ્રિયો અને મનનો સ્વામી ગમે ત્યારે પણ કામદેવનો ગુલામ બન્યા વિના રહેવાનો નથી. લગામ વિનાનો ઘોડો અવિશ્વસનીય હોવાથી ગમે ત્યારે પણ પોતાના સવાર (માલિક)ના હાડકાં તોડી નાખે છે, તેમ આત્મ સાધના, તપ આરાધનાનો સ્વામી પણ કામના સંસ્કારોથીયુક્ત હશે તો તેનું પતન થયા વિના રહેતું નથી. શરીરરૂપી રથને ઘોડાની જેમ પાંચે ઇન્દ્રિયો જોડાયેલી છે. તે યદિ સંયમની લગામ વિનાનાં હોય તો આત્મા નામના શેઠને મુક્તિના દ્વાર સુધી કયારે પહોંચાડશે ? માટે જ અનિયંત્રિત મન અને ઇન્દ્રિયો કામદેવને ભડકાવવામાં સહાયક બને છે. ગૃહસ્થને પણ સુખ–શાંતિ અને સમાધિ મેળવવાની ચાહના હોય તો યથાશકય, યથાપરિસ્થિતિ પોતાની ઇન્દ્રિયોને બેકાબુ થવા ન દેવી જોઇએ.

(૧૨) વિગ્રહ.... વિગ્રહનો અર્થ કલેશ–કંકાસ, દંત-યુદ્ધ–ડંડાડંડી યુદ્ધ થતો હોવાથી, કામદેવના ગુલામોના ભાગ્યમાં તેમનું શરણ સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી. આપણે જાણતા હોઇએ કે ન જાણતા હોઇએ, ઇતિહાસના પાને વાત લખાયેલી હોય કે ન હોય, તો પણ સંસારના રાજા–મહારાજાઓના યુદ્ધમાં, દેરાણી–જેઠાણીના દંતકલેશમાં, ભાઇ–

ભાઇઓની લડાઇમાં, ગુપ્તરૂપે પણ કામના નશાનો ચમત્કાર કલ્પવો ખોટું નથી. બંને રાજાઓ દેશનું રક્ષણ કરવાના વ્રતવાળા હોવા છતાં પણ બંનેના વચ્ચે જ્યારે એકાદ સ્ત્રી કે વેશ્યાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે તેમને રણમેદાને ચડતાં કોણ રોકશે ? કેમ કે કામની શક્તિ સર્વતોમુખી હોવાથી આજનો રાગ આવતી કાલે દ્વેષમાં પરિવર્તિત થતાં, યુદ્ધો, દંત કલેશો, વૈર-વિરોધો ભડકયા વિના રહેતા નથી. વિગ્રહ શબ્દના સ્થાને ' વ્યુદ્ગ્રહ ' શબ્દ પણ છે. તેનો અર્થ થાય છે, વિપરીત આગ્રહ. કામદેવની વ્યુહજાળમાં માનવનું મન જ્યારે પૂર્ણ રૂપે ફસાઇ જાય છે, ત્યારે દુઃખમૂલક, દુઃખ-ફલક અને દુઃખપરંપરક કારણો પણ સુખ રૂપે લાગે છે. જેમ કે પગમાં બેડી નાખવી કોઇને ગમતી નથી, પણ કામ-દેવના ઝુલણે હિંચકા ખાતો યુવા માણસ પોતાના જીવનમાં સ્ત્રીરૂપ મહાબેડી નાખીને જીન્દગીભર તેના કારાવાસમાંથી મુક્ત થઇ શકતો નથી. સાકરની ચાસણીમાં લપટાયેલી કડવી દવા થોડા સમય પૂરતી મીઠી લાગે છે, તેવી રીતે મોહકર્મના ચાસણીમાં લપટાયેલા જીવો તેને સુખની ચરમ સીમા માને છે. ગર્ભ ધારણ કરવું, નવ મહિના સુધી ઉદરનો ભાર વહન કરવો, ઇત્યાદિ પ્રસંગમાં દુઃખની કલ્પના કરવાથી જ ખબર પડે છે કે આના જેવું બીજું દુઃખ એકેય નથી. સુવાવડખાને જરા નજર કરશો તો પ્રત્યક્ષ જણાશે કે તે સમયનું દુઃખ, મા વડી સિવાય બીજાને શી રીતે ખબર પડશે ? બિચારી સ્ત્રી તે સમયે મૃત્યુના મુખમાં પ્રવેશે છે અને પરમાત્માના ભરોસે જ સમય

પસાર કરે છે, તપ–જપ અને સમાધિ સુખના કારણે છે, તો પણ કામીને દુઃખ જેવા લાગે છે.

(૧૩) વિઘાત.... વિઘાતનો અર્થ નાશ થાય છે. પ્રસ્તુત પ્રકરણમાં શરમથી, ધરમથી કે કરમથી કે સમાજના ભયથી કંઇક ગુણો ઉપાર્જ્યા હોય તે બધાય કામદેવના નશાના કારણે કાચી ઘડીમાં નાશ પામે છે. લજ્જાને ગુણોની માતા કહી છે. જ્યારે વિષયવાસના ગુણોને નાશ કરનારી જીવતી ડાકણ કરતાં પણ વધારે ખરાબ છે. કેમ કે વિષયાસક્ત માનવની ચતુરાઇ, પંડિતાઇ, હોંશીયારી, માનવતા અને ખાનદાની પણ નાશ પામે છે.

અનુભવી, આત્મલક્ષી આચાર્ય ભગવંતોએ ત્યાં સુધી કહી દીધું છે કે " ચાહે તે સાધક ઉભો ઉભો કાર્યોત્સર્ગ કરતો હોય, કલાકો સુધી મૌન રાખે, લોચ કરે, નગ્ન રહે, તપ કરે, પણ તેના ગુપ્ત મનમાં કામ નામનો ચોર ભરાઇ રહ્યો હશે તો, તે ચાહે સ્વયં બ્રહ્મા હોય તો પણ મને ગમવાનો નથી. " " તે માણસ જ ભણેલો છે, ગણેલો છે, મનનશીલ છે, જાગૃત છે, જે હજારો કષ્ટો પડવા છતાં અથવા રૂપરૂપના અંબાર જેવી મદમાતી સ્ત્રી પ્રાર્થના કરે છતાં પણ અકાર્યમાં, મૈથુનમાં, આંખ મીંચામણામાં લપટાતા નથી."

(૧૪) વિભંગ.... પૂર્વભવની આરાધનાના બળે પ્રાપ્ત થયેલી ક્ષયોપશમની શક્તિના કારણે અથવા ચાલુ ભવમાં ગુરુસેવા, સ્વાધ્યાય અને વાંચનના કારણે પ્રાપ્ત થયેલા ગુણોને વિકસાવવા જોઇતા હતાં પણ કામુકી ભાવનાના કારણે બનાવેલ

રંગીલા જીવનમાં પ્રાપ્ત થયેલા પ્રમાદ આદિના પ્રભાવે ગુણોની આરાધનામાં દિવસે દિવસે મંદતા આવતી ગઇ પ્રમાદ, આલસ્ય અને બેદરકારી વધતી ગઇ, પરિણામે માનસિક જીવનમાં વિરાધકભાવ વધતો ગયો છે.

(૧૫) વિભ્રમ.... ગમે તેવા માણસોના સહવાસથી, અથવા ચારિત્રભ્રષ્ટ થયેલા માનવોના ઘાસલેટીઆ સાહિત્યના વાંચનથી, અથવા આચાર-વિચાર અને ઉચ્ચારભ્રષ્ટ થયેલા માનવોના પડખા સેવવાથી બુદ્ધિ–શ્રદ્ધા અને ઉત્સાહમાં ભ્રમનો પ્રાદુર્ભાવ થાય છે, પરિણામે સર્વથા ત્યાગ કરવા યોગ્ય વિષયોમાં પ્રવૃત્તિ કરે છે. ગંદા તત્ત્વોને, પાપ ભાવનાઓને અપનાવે છે, અથવા જુવાનીના રંગ જેમ જેમ જામતા જાય છે, તેમ તેમ શરીરના અંગેઅંગમાં તામસિક (વિષયવાસનાના ભાવ) અને રાજસિક (ક્રોધ, અવળચંડાઇ, શેતાની) ભાવોનું જોર વધતું જાય છે. પરિણામે ખાનદાનીના અને ધાર્મિક મર્યાદાના સુસંસ્કારો એક પછી એક વિદાય લે છે. માટે જ ગીતામાં કહેવાયું છે કે :–

काम एष क्रोध एष, रजोगुण समुद्भवः ।
महाशनो महापाप्मा, विद्धि एनं हि वैरिणम् ।।

(૧૬) અધર્મ–અચારિત્રરૂપત્વાત્ ..

અબ્રહ્મ (મૈથુન) પાપોની ખાણ છે, અધર્મ છે, અને ચારિત્રધર્મને દેશવટો દેનાર છે. જ્યારે બ્રહ્મની સાધના ધર્મ છે, પરમોત્કૃષ્ટ ધર્મ છે. કેમ કે ' दुर्गतिप्रपतत्प्राणिधारणात् धर्म उच्यते ' દુર્ગતિ તરફ પ્રસ્થાન કરેલા જીવાત્માને સદ્ગતિ તરફ

લાવવામાં પૂર્ણ સમર્થતા ધર્મમાં છે. ' लोगो जत्थ पइट्ठिओ ' જે સ્થાન પર રહીને માનવ માત્ર સ્વસ્થ એટલે પોતાના આત્માના શુભ પરિણામોમાં સ્થિત થાય તે ધર્મ છે. ' धर्मं चरतीति धार्मिकः ' સદ્ધર્મનું આચરણ કરે તે ધાર્મિક છે. આવા પ્રકારનો ધર્મ પ્રાપ્ત થવામાં બ્રહ્મચર્યની ઉપાસના મૌલિક કારણ છે. પરસ્ત્રી(વિધવા-સધવા-કુમારી–સહપાઠિની)નો મન–વચન અને કાયાથી ત્યાગ કરી, સ્વ સ્ત્રી સાથે પણ મર્યાદિત રહે તે આંશિક બ્રહ્મચર્ય કહેવાય છે અને કોઇ પણ જાતની છુટછાટ રાખ્યા વિના પૂર્ણરૂપે બ્રહ્મચર્યની ઉપાસના સમ્પૂર્ણ બ્રહ્મચર્ય કહેવાય છે જે ચારિત્ર સ્વરૂપ છે અને આત્માનું મૂળ સ્વરૂપ છે. અથવા બ્રહ્મચર્ય આત્મા જ છે અને આત્મા બ્રહ્મચર્ય જ છે. તેનાથી વિપરીત અબ્રહ્મની સ્મૃતિ માત્રથી એક પછી એક પાપોનું આવાગમન સરળ બને છે. જે ચારિત્ર મોહનીય કર્મને બાંધવાનું મૂળ કારણ છે.

(૧૭) અશીલતા.... ચારિત્રવર્જિતત્વાત્.

પૂર્વભવના ક્ષાયોપશમિક ભાવોની આરાધનાના બળે આ ભવમાં પ્રાપ્ત થયેલા સમ્યક્ચારિત્રનાં સંસ્કારો જેનાથી ચલાયમાન થાય, ચાલ્યા જાય, અથવા ધીમે ધીમે મંદ પડતાં જાય તેમાં અશીલતા જ કારણભૂત હોય છે. માતાપિતાના શુભ સંસ્કારોથી આપણને સારા તત્ત્વની બક્ષીસ મળી હતી. તે જ્યાં સુધી અબ્રહ્મ સેવનની ભાવનાનો ઉદ્ભવ થતો નથી ત્યાં સુધી ટકે છે અથવા ટકાવી શકાય છે. પરન્તુ જેમ જેમ

ઉંમર વધે છે, શરીરના અંગોપાંગ ખીલવા માંડે છે, તેમ તેમ ચંચળતા વધે છે. સાથે સાથ ગંદા મિત્રો, પડોશીઓ, સહપાઠીઓનો સંસર્ગ પણ વધે છે અને ધીમે ધીમે વડીલોની શરમ, ગુરુઓની શરમ, માવડીની શરમ અને પરમાત્માની પણ શરમ વિદાય લે છે, ફળ સ્વરૂપે ભાવ ચારિત્ર હાથતાળી દઈને ગચ્છંતી થાય છે.

(૧૮) ગ્રામ ધર્મ.... જે માણસને જે વાતનું વ્યસન હોય છે, તેને ગમે ત્યાંથી મેળવવા માટે ફાંફાં મારે છે. મળી જાય તો ખુશીનો માર્યો કૂદાકૂદ કરે છે અન્યથા લમણે હાથ દઈ તેમાં અન્તરાયભૂત થનારને સાતપેઢી સુધીની ગાળો દેવા તૈયાર થઈ જાય છે. કેમ કે પોતાના વ્યસનની પૂર્તિ જ તેમનું જીવન છે, ધર્મ છે. નાનપણથી જ તેમને મિત્રમંડળી તેવા પ્રકારની મળેલી હોવાથી એક પછી એક વ્યસનોની હારમાળા તેમના ગળામાં વરમાળા નાખીને બેઠી છે, તેવી રીતે કામુક માણસ પણ પોતાની ગંદી ભાવનાને પૂર્ણ કરવા માટે અનપઢ, ગમાર અને નીચ જાતિના માનવોના જેવા પ્રયત્નો અને સહવાસ કરીને પણ પોતાનું જીવન પૂર્ણ કરે છે.

(૧૯) રતિ.... જે સમયની મર્યાદામાં કામદેવની મસ્તી જાગે છે, તે સમયે પોતાની પ્રેયસીને કે પોતાના પ્રેમીને ગુપ્ત સ્થાનમાં લઈ જઈને શરીરની ભૂખને પૂર્ણ કરે છે. માટે રતિક્રિયા અબ્રહ્મની પૂર્ણાહુતિ છે.

(૨૦) રાગ... ' रज्यते इति रागः '

इन्द्रियाणां मनसश्च रज्जनमिति रागः જે અબ્રહ્મના સેવનથી, ચિંતનથી, દર્શનથી, આલાપથી, કે સંસર્ગથી ઇન્દ્રિયોને તથા મનને સજાતીય કે વિજાતીય વ્યક્તિનું સેવન, ચિંતન, દર્શન, આલાપ અને સંસર્ગ ગમે તે રાગ છે. અને ઇન્દ્રિયોનો તથા મનનો જે ગુલામ હોય તેવો આત્મા રાગમય બનીને તેમના નચાવ્યે નાચે તેમાં રાગનું કારણ છે. મોહકર્મનો મોટો પુત્ર રાગ છે. જે ભવાભિનન્દી જીવાત્માઓના રોમેરોમમાં રહેલો હોવાથી રાગનું કાર્ય એક જ છે કે તે સ્ત્રી કે પુરૂષ પ્રત્યેનું આકર્ષણ ઉભું કરશે. તેની વેષભૂષા, ભાષણ કે ચેષ્ટાઓ પ્રત્યે ધીમે ધીમે આકર્ષણ વધશે અને બંને જીવો રાગમાં મસ્ત બનીને અબ્રહ્મના સેવન સુધીની મર્યાદામાં પહોંચી જાય છે. આ બધાયમાં ગુપ્તવેષી રાગનો ચમત્કાર નકારી શકાતો નથી. અને જ્યાં સુધી પૌદ્ગલિક રાગની વિદ્યમાનતા રહેશે કે રાખવામાં આવશે ત્યાં સુધી તે જીવ મોક્ષાભિનન્દી પ્રાયઃ થઈ શકે તેમ નથી.

(૨૧) કામભોગમારઃ.... પાંચે જ્ઞાનેન્દ્રિયોના વિષયો સર્વથા જુદા જુદા નિર્ધારિત છે. સ્પર્શેન્દ્રિયથી સ્પર્શનું જ જ્ઞાન થશે, રસનેન્દ્રિયથી રસનું, ઘ્રાણેન્દ્રિયથી સૂંઘવાનું, ચક્ષુથી રૂપનું અને કાનથી સાંભળવાનું જ્ઞાન નિયત છે. ઇન્દ્રિયોના વિષયોને કામભોગ કહેવાય છે. કેમ કે વાસનાની ઉત્પત્તિમાં કામભોગ જ મુખ્ય પાત્ર બને છે. તેમાંથી શબ્દ

અને રૂપ કામ છે, તથા રસ–સ્પર્શ અને ગંધ ભોગ છે. કાન અને આંખ ઇન્દ્રિય અપ્રાપ્યકારી હોવાથી સ્ત્રીના શબ્દ જ કાનને અથડાય છે તેમ તેનું રૂપ દૂર રહેલી આંખ ગ્રહણ કરે છે. પણ સ્ત્રી પોતે કામીના કાનમાં કે આંખમાં પ્રવેશ કરતી નથી. જ્યારે સ્ત્રીનો સંસર્ગ થતાં જ તેના સ્પર્શ–રસ અને ગંધને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય ભોગવે છે. માટે આ ત્રણેને ભોગ કહેવાય છે. આમાં કામ કારણભૂત છે અને ભોગ કાર્ય છે. તે બંનેમાંથી કામવાસનાનો જન્મ થાય છે. તેને માર (मारयति जनान् इति मारः) કામદેવ કહેવાય છે. આ કારણે જ 'કામભોગમાર' ને અબ્રહ્મનો પર્યાય કહ્યો છે અથવા મારનો અર્થ ટીકાકારે મરણ પણ કર્યો હોવાથી કામભોગોનું સેવન આત્માને મારે છે, આર્તધ્યાન–રૌદ્રધ્યાન કરાવીને દુર્ગતિમાં નાંખે છે, જીવાત્માને રોવડાવવાનું, લમણે હાથ દઈ બેસાડવાનું કામ ભોગવિલાસોનું છે અને છેવટે દશવૈકાલિક સૂત્રની નિર્યુક્તિમાં કામની દસ દશામાં છેલ્લી દશા મરણની છે એટલે કે કામનો અતિરેક જ્યારે થાય છે ત્યારે કાંકરીયા તળાવ કે જૂહુનો દરિયો જ શરણભૂત થાય છે. હજારોના મૃત્યુ શાસ્ત્રોમાં કે ન્યૂઝ પેપરોમાં જોવાય છે. અને આવી પરિસ્થિતિ કદાચ ન સર્જાય તો પણ શુક્રનો અર્થ– 'शोचन्त्यस्मिन् पतिते शुक्रम्' શુક્ર પતન થયા પછી તો માણસને લમણે હાથ દઈને જ બેસવાનો વારો આવે છે. માટે જ કામનો નશો ભયંકર છે.

(૨૨) વૈરં.... વૈર હેતુત્વાત્....

કૌટુમ્બિક કે સામાજિક વ્યક્તિઓ સાથે વૈર-વિરોધના પ્રસંગો ઉપસ્થિત કરાવવામાં ઘણા કારણો હોઈ શકે છે, તેમાં પ્રચ્છન્નપણે કામુકી ભાવના પણ કામ કરી રહી છે. કેમ કે બે જીવોની વચ્ચે ખાનગીમાં, ઈચ્છાથી, અનિચ્છાથી, બળજબરીથી કંઈ બન્યું હોય તે વાતને ત્રીજો માણસ ભલે ન પણ જાણે, તો પણ ન કહેવાય, ન સંભળાવાય, તેમાં કંઇને કંઈ ખાનગીમાં બફાઈ ગયેલું હોય છે. માટે સ્વ સ્ત્રીને રોવડાવીને ભૂખે મારીને, પરસ્ત્રીઓના શોખીનોના માથા ઉપર કેટલાય વૈરીઓ ત્રાટકેલા જ હોય છે અને ઘાટ ઘડવા માટે રાહ જોઈ રહ્યાં હોય છે. કદાચ મોતના ઘાટે ન પણ ઉતારે તો પણ વૈરી બનેલા તેઓ તેમને જંપીને બેસવા દે તેમ નથી.

(૨૩) રહસ્યં.... (રહસિ ભવે રહસ્યં)....

અર્થાત્ સંસારના બધાય કાર્યો સૌની પ્રત્યક્ષ અને પ્રકાશમાં કરવાના હોય છે, પણ મૈથુન કાર્ય સર્વથા એકાન્ત અને અંધારામાં કરાતું હોવાથી તેને રહસ્ય કહેવામાં આવ્યું છે. કામભોગના અતિરેકમાં તણાયેલી વ્યક્તિ અથવા પરસ્ત્રી સાથે લપટાયેલ વ્યક્તિ પ્રકાશમાં કે સૌની આંખે પાટા બાંધીને કંઇ પણ કરશે અને વાત પ્રકાશમાં આવશે તો તે ભાઈના કાળા મોઢા થયા વિના, ઇજ્જત આબરૂના કાંકરા થયા વિના, કે શરમના કારણે વિના મોતે મર્યા વિના બીજો માર્ગ એકેય નથી.

(૨૪) ગુહ્યં–ગોપનીયત્વાત્....

નાની ઉંમરના પુત્ર–પુત્રીઓથી પણ આ કાર્ય એટલા માટે છુપાવાય છે કે કદાચ તેઓ કોઇને કહી ન દે. આવા આશયથી જ આ કાર્ય ગોપનીય બને છે. બીજું કારણ એ છે કે તે સમયના ડાઘથી ખરડાયેલા વસ્ત્રો પણ સભા–સોસાયટીમાં પહેરવા લાયક રહેતા નથી. કદાચ ભૂલથી પહેરાઈ ગયું તો તમારા મિત્રો તમને મારશે તો નહિ પણ સૌની વચ્ચે તમારી ઠેઠફજેતી કર્યા વિના નહિ રહે; માટે આ કામ ગોપનીય છે. સ્વસ્ત્રી સાથેનું ધર્મ્ય મૈથુન પણ ગોપનીય બને છે, તો પછી અધર્મ્ય મૈથુનના માલિકો હજાર સોગન ખાઇને પણ પ્રકાશિત કરે તેવી તાકાતવાળા હોતા નથી.

(૨૫) બહુમત (बहूनां मतत्वात्)....

સમ્યગ્દર્શની અને મિથ્યાદર્શની, આ બંને જાતના જીવાત્માઓમાંથી બીજા નંબરના જીવો અનંતગણા વધારે છે. જે મિથ્યાદૃષ્ટિ અને મિથ્યાજ્ઞાની છે તથા સમ્યક્ચારિત્રથી હજારો માઇલ દૂર હોવાથી, મોહમાયાના માર્યા તેઓ મૈથુન કર્મને માને, આચરે તે બનવાજોગ હોવાથી આ કર્મ બહુમત કહેવાય છે. તેથી સમ્યગ્દૃષ્ટિઓને પણ માન્ય છે, તેમ માનવાની ભૂલ કરવાની નથી. કેમ કે તેમનામાં સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો પ્રવેશ થયો હોવાથી હેય(ત્યાગવા-લાયક)ને ત્યાગી દેવામાં અથવા મર્યાદિત કરવામાં વાર લગાડતા નથી. મૈથુનકર્મ પાપ છે તેની સમજણ તેમને

બરાબર હોવાથી તે પ્રપને છોડી દે છે, છોડવા માટે પ્રયત્ન-શીલ બને છે.

(૨૬) બ્રહ્મચર્યવિઘ્ન.... શ્રદ્ધાપૂર્વક ચતુર્વિધ સંઘની હાજરીમાં સ્વીકારેલ બ્રહ્મચર્યની મર્યાદાને મૈથુનકર્મના સંસ્કારો ટકવા દેતા ન હોવાથી લીધેલા વ્રતમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને છેવટે અનાચારમાં પણ તાણી જાય છે.

(૨૭) વ્યાપત્તિ.... સારા સહવાસમાં રહેવા છતાં પણ મનને તોફાને ચડાવનાર આ પાપ છે.

(૨૮) વિરાધના.... વાતે વાતે સારા કાર્યોમાં વિરાધના કરાવે છે.

(૨૯) પ્રસંગ.... મન-બુદ્ધિ અને આત્માને કામભોગો તરફ આકર્ષણ કરાવે છે.

(૩૦) કામગુણ.... કામદેવનું કાર્ય હોવાથી અબ્રહ્મનો પર્યાય સાર્થક બને છે.

ઉપર પ્રમાણે અબ્રહ્મના ૩૦ પર્યાયો કહેવામાં આવ્યા છે.

કયા કયા જીવાત્માઓ મૈથુનકર્મમાં આસક્તિ રાખે છે ?

સિદ્ધ અને સંસારીરૂપે જીવો બે પ્રકારના છે. કર્મોનો સમૂળ નાશ થવાના કારણે સિદ્ધાત્માઓ સંજ્ઞા વિનાના છે. તથા નવ ગ્રૈવેયક અને અનુત્તર વિમાનવાસી દેવોની જેઓએ મનુષ્યભવમાં નિરતિચાર આરાધના કરેલી હોવાથી દબાઇ ગયેલી

સંજ્ઞાવાળા છે. આ બંનેથી અતિરિક્ત બધાય જીવો આહાર–ભય–મૈથુન અને પરિગ્રહ સંજ્ઞાથી સંજ્ઞિત હોવાથી ઓછાવત્તા અંશમાં પણ મૈથુન સંજ્ઞાવાળા હોય છે.

ભવનપતિ, પરમાધામી, વ્યન્તર, વાણવ્યન્તર, તિર્યક્ જૃંભક, જ્યોતિષી, બ્રહ્મલોકવાસી, વૈમાનિક વગેરે ચારે નિકાયના દેવો સંસારી છે.

મોહકર્મવાસિત બુદ્ધિના માલિક હોવાથી મૈથુન કર્મને છોડી શકે તેમ નથી.

અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિક્કુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર નામે ભવનપતિના દસ પ્રકારના દેવો તથા તેમના વિમાનોમાં રહેનારા બીજા લાખોની સંખ્યામાં દેવો મૈથુન સંજ્ઞાવાળા છે.

અણુપન્નિક, પણુપન્નિક, ઋષિવાદિક, ભૂતવાદિક, કંદિત, મહાકંદિત અને પતંગ આઠ પ્રકારના આ વ્યંતરદેવો ઉપરિતન ભાગમાં રહેનારા છે. તથા પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરૂષ, મહોરગ, ગંધર્વ નામે વ્યંતર જાતિના દેવો તથા તેમની સાથે રહેનારા બીજા લાખો દેવો, તેમના ઇન્દ્રો, મૈથુનકર્મથી બંધાયેલા છે.

સૂર્ય–ચન્દ્ર–ગ્રહ–નક્ષત્ર અને તારા નામના જ્યોતિષ દેવો તથા તેમના વિમાનમાં રહેનારા લાખો કરોડો દેવો,

પોત પોતાની દેવીઓ સાથે રમણ કરનારા છે. સૂર્ય અને ચન્દ્ર ઇન્દ્રો છે.

બધાય વિદ્યાધરો, યુગલિકો અને મનુષ્યો વેદકર્મના ઉદયવાળા હોવાથી મૈથુનકર્મને છોડી શકે તેમ નથી. તિર્યંચ પ્રાણીઓમાં કેટલાક પાણીમાં ચાલનારા, કેટલાક પૃથ્વી પર અને કેટલાક આકાશમાં ચાલનારા આમ ત્રણે પ્રકારના તિર્યંચો મૈથુનકર્મી છે. તેમાં સાતે નરકભૂમિના નારકો, પાંચે પ્રકારના સ્થાવરો, વિકલેન્દ્રિયો કેવળ નપુંસકવેદના માલિક હોવાથી નપુંસકલિંગ (શરીર) પ્રાપ્ત કરેલા હોવા છતાં પણ મૈથુનકર્મથી બકાત નથી, તેમને સ્ત્રી કે પુરૂષનું મૈથુન સંબંધીનું શરીર નહિ હોવા છતાં પણ તે નપુંસકોના મન-વચન અને કાયાના અણુઅણુમાં નપુંસકવેદનો તીવ્રોદય વિદ્યમાન હોવાથી તેઓ મૈથુનભાવવાળા છે.

સંસારી જીવો મૈથુનાસક્ત શા માટે થાય છે?

જવાબમાં જણાવવાનું કે અનાજના અમુક દાણાઓમાં અંકુરોત્પત્તિનું મૂળ કારણ તેમાં રહેલા બીજતત્ત્વને આભારી છે. તેવી રીતે અનંત સંસારમાં પરિભ્રમણ કરતાં જીવાત્માના પ્રત્યેક પ્રદેશ પર આઠે કર્મોની અનંત વર્ગણા વળગેલી છે. તેમાં શરાબપાનના નશાને ચરિતાર્થ કરનાર મોહકર્મના અન્તર્ભૂત વેદકર્મ પણ પોતાની સત્તા મજબુત જમાવીને રહેલું છે, જેના કારણે પુરૂષને સ્ત્રી તરફ, સ્ત્રીને પુરૂષ તરફ અને નપુંસકને બંને તરફની માયાના પ્રભાવે એક જીવ બીજા

જીવને માટે આકર્ષણ કરનાર બનવા પામે છે. વેદકર્મ પણ અતિ નિકાચિત, અલ્પ નિકાચિત અને અનિકાચિતરૂપે ત્રણ પ્રકારે છે. ગત ભવોમાં મોહમાયામાં પૂર્ણ મસ્ત બનીને આવનારા ભવોને માટે અતિ નિકાચિતરૂપે બાંધેલ વેદકર્મ તે જીવાત્માનો જેમ જેમ બાલ્યકાળ સમાપ્ત થતો જાય છે, તેમ તેમ ભડકતો જાય છે. અને ભોગના સાધન તરીકે મળેલ પુરૂષને પુરૂષ શરીર, સ્ત્રીને સ્ત્રી શરીર પણ મદદગાર–ભોગક્ષમ અને આકર્ષક બનતાં વેદકર્મને ચારે તરફથી પ્રજ્વલિત કરે છે અને ભોગવિલાસોમાં જ તેનું જીવન સમાપ્ત થાય છે.

અલ્પ નિકાચિત મોહકર્મી આત્મા, ગૃહસ્થાશ્રમમાં રહે છતે પણ તેના ભોગ વિલાસોમાં ખાનદાનીની મર્યાદા, સારી સંતતિ પ્રાપ્ત કરવાની તમન્નાનો પ્રવેશ થશે. સાથો સાથ દાન–શિયળ–તપ અને સાત્ત્વિક ભાવનામાં પણ તેને મસ્તી રહેશે.

જ્યારે અનિકાચિત મોહકર્મી આત્મા એટલે પૂર્વભવમાં સત્કર્મોની સેવનાથી નિયાણા વિના બાંધેલ મનુષ્યાવતારને મેળવેલા માનવો, કદાચ સંસારમાં પ્રવેશ કરશે તો પણ બ્રહ્મચર્ય ધર્મ પ્રત્યે રાગવાળા હોવાથી મૈથુનને પાપ સમજશે અને જેમ બને તેમ કાળા કર્મોને કરાવનારી બધીય રાત્રિઓને અથવા બે–ચાર રાત્રીઓને ખુલ્લી રાખી બીજી રાત્રિઓને સંયમવ્રતની મર્યાદામાં પૂર્ણ કરશે. તેમ કરતાં કદાચ કોઇક સમયે મનમાં તોફાન જાગે તો પણ સત્સ્વાધ્યાય અને સંત સમાગમપૂર્વક આયંબીલ, ઉપવાસ દ્વારા પોતાના મનને સ્વાધીન કરશે. અથવા ગૃહસ્થાશ્રમ ભાગ્યમાં ન હોય તો નાની

ઉંમરથી જ વૈરાગ્ય રાજાની છાવણીમાં પ્રવેશ કરી, પોતાના મન-વચન અને કાયાનો અવરોધ કરી ઉર્ધ્વગતિ તરફ પ્રયાણ કરશે.

સારાંશ કે, બીજા અને ત્રીજા નંબરના ભાગ્યશાળીઓ તો લાખો માણસોમાં બે કે ચાર જ મળશે, જ્યારે પહેલા નંબરના અતિ નિકાચિત વેદકર્મના ઉદયવાળાઓને ખાતાં, પીતાં, ઊઠતાં, બેસતાં પણ વેદકર્મની સતામણી જોરદાર હોવાથી ભડકેલા વેદકર્મને જોરદાર ભડકાવવા માટે રંગમહેલ, પલંગ, મચ્છરદાની, પોષાક, ખાનપાન, સુગંધી દ્રવ્યો તથા કેરોસીન છાંટેલા અગ્નિના ભડકા જેવા નૃત્ય-ગાન, ચિત્રો, નાટકો, નવલકથાઓ ઉપરાંત શરાબપાન, ભાંગ, અફીણની ગોળીઓ (નાઈટ પીલ્સ) તે ઉપર દૂધ, કેસર-બદામ, મલાઈ, માખણ, મીષ્ટાન્નના ભોજનને કયારેય પણ છોડી શકે તેમ નથી. કદાચ કમભાગીને સ્ત્રીની પ્રાપ્તિ સુલભ ન રહે તો પણ પ્રબળ વેગવાળો અતિ નિકાચિત વેદકર્મી, જંગલવાસી, સંન્યાસી કે દ્રવ્યજ્ઞાની બનશે, તો પણ તેની સાધના સફળ બનતી નથી. કદાચ સાધન મળે તો પણ તેમને તે ભોગ-વિલાસોમાંથી શાંતિ મળતી નથી, તૃપ્તી થતી નથી. તેથી જ્યારે જુઓ ત્યારે કામવાસનાના ભૂખ્યા જ હોય છે, પરિણામે વાંદરાની જેમ કૂદકો મારીને બીજાનો સહવાસ કરે તો પણ ભૂખ્યા વરૂની જેમ તેની વિલાસી માયા તેમને રાત-દિવસ ઉજાગરા કરાવતી જ હોય છે. આવા માણસો સદૈવ વ્યાકુલ હોય છે, મોહાસક્ત હોય છે. વિલાસ સિવાય

તેમને બીજે કયાંય બેસવું, બોલવું કે ઊઠવું પણ ગમતું નથી. ઉશ્કેરાયેલું મન હજારો મણ આઇસક્રીમ જાપટી ગયા હોય કે એરકન્ડીશનમાં બેઠા હોય તો પણ ગરમ જ હોય છે. તેમનું મન એકમાં સ્થિર નથી, બીજીમાં ઠરતું નથી, ત્રીજી બહારથી ગમે છે પણ અંદરથી નહિ, ચોથી મદ્રાસમાં, પાંચમી કલકત્તામાં, છઠ્ઠી પૂનામાં, સાતમી વળી કયાંય બગાસાં જ ખાતી હોય છે. આવી રીતે તેમનું જીવન ભૂંડ કરતાં પણ ગયું-વીતેલું હોય છે.

મૈથુનાસક્તિમાં આટલી બધી તાકાત શા કારણે ?

'સર્વ રીતે સંપૂર્ણ ભોગકર્મના સાધનો મને મળે' તેવા નિયાણાપૂર્વક બાંધેલ વેદકર્મની અતિ તીવ્રતાના પ્રતાપે તેવા જીવોની મૈથુનસંજ્ઞા અત્યંત બળવાન હોવાથી તેમનું શરીર, મન અને ઇન્દ્રિયો પણ સર્વથા કન્ટ્રોલ આઉટ થઈ ગયેલી હોય છે. સંજ્ઞા શબ્દના બીજા ઘણા અર્થોની કલ્પના પ્રસ્તુત પ્રકરણમાં અનાવશ્યક હોવાથી અહિ જૈન શાસનની પરિભાષામાં સંજ્ઞાનો અર્થ વાસના જ કરવાનો રહેશે. કેમ કે પૂર્વભવમાં જેવા આશયથી, પાપકર્મની કે પુણ્યકર્મની વાસનામાં પોતાનું શરીર છોડનાર જીવ બીજા ભવે પણ તેવી જ વાસનાવાળો બને છે. આ પ્રમાણે પૂર્વભવની અતિ બળવતી વાસનાને સહાય કરનાર શરીર છે. પણ પરિગ્રહ વિનાના શરીરની સહાયતા શા કામની ? મોટરને પેટ્રોલની જેમ શરીરને પણ માલમસાલા ખાવા મળે તો જ ગાડું

આગળ ચાલશે. માટે મૈથુનકર્મનો સાચો સહાયક પરિગ્રહ છે. કેમકે જેમ જેમ પરિગ્રહ વધતો જાય છે તેમ તેમ દૂધ-મલાઈ-માવા-મિષ્ટાન્ન અને તાજા ફળો ઉપરાંત ઘીમાં તરબોળ થયેલા દાળ-રોટલા વગેરેના કારણે એક સમયનું મડદાલ શરીર તથા તેમાં રહેલ ધાતુઓ તાકાતવાળા બનીને માનવને સ્વપ્નમાં પણ હેરાન પરેશાન કરે છે. પાણીના સ્નાનથી તથા માલીસથી ચામડી નરમ બને છે. તેમ થતાં શરીરની વધેલી કે વધારેલી સુકુમારતા જ માનવને કામાતુર બનાવે છે. જેમ જેમ શ્રીમંતાઈ વધતી જાય છે કે વધારવામાં આવે છે તેમ તેના શરીરમાં ઉપર પ્રમાણેની માદકતા પણ વધે છે. અને આંખોમાં જુદો જ નશો દેખાવા માંડે છે. પરિણામે ઈન્દ્રિયોના ઘોડાઓ જૂદા માર્ગે જ દોડે છે અને ભોગવિલાસોનું સાધન ગોતી લે છે. માલમસાલા ખાતાં પણ શરીરની ભોગશક્તિમાં કમજોરી દેખાય તો ઔષધો માટે, હજારો, લાખો રૂપીયાનો વ્યય કરતાં તેમને વાર લાગતી નથી. ઔષધ અને ખોરાકના બળે મન જ્યારે સર્વથા બેકાબૂ બને છે ત્યારે જેના પર નજર જાય ત્યાં ઈનામ-બક્ષીસ, વસ્ત્ર આભૂષણ, ખાધાખોરાકી વગેરેનો ખર્ચ ઉપાડીને પણ તેને કબજે કરવાના માર્ગનો સ્વીકાર કરે છે. પછી ચાહે તો પર્યુષણ, સંવત્સરી, આયંબીલની ઓળી કે ઉપધાન તપ હોય, મનજીભાઈને ધર્મ સાથે લેણાદેણી તૂટી જાય છે. આ કારણે જ ધર્મસ્થાનોમાં, ગુરૂઓના સહ-વાસમાં, માળા ફેરવવામાં, પણ તેની આંખો સ્થિર રહેતી નથી, મસ્તિષ્ક બીજે કયાંય ગીલી-ડંડા રમતું હોય છે.

ઇશારા અને સંકેત ત્રીજા સ્થાને. આ અને આના જેવી બીજી ચેષ્ટાઓમાં કામોપાસના અને તેની અતિરેકતા કામ કરતી હોય છે.

દેવોમાં વિષયવાસનાની અધિકતા શા માટે ?

દેવગતિ પ્રાપ્ત દેવો તથા દેવીઓની પાસે ઇન્દ્રિયોને તથા મનને પૂર્ણ તૃપ્તિ થાય તેવા ભૌતિકવાદ(પૌદ્ગલિકવાદ)ના સાધનોની ભરમાર હોય છે. માટે જ તેમાંથી ઉત્પન્ન થતી મોહની માયાના કારણે મૈથુનકર્મના સંસ્કારો પ્રબળ વેગથી ઉદયમાં આવ્યા વિના કે તે સાધનોથી કામની ઉદીર્ણા થયા વિના રહેતી નથી. સંસારમાં પણ પ્રત્યક્ષ જોવાય છે કે પરિગ્રહની માત્રા જેની પાસે વધારે હોય છે ત્યાં પાંચે ઇન્દ્રિયોના ૨૩ પ્રકારના ભોગોની લાલસા વધારે હોય છે. જ્યારે દેવોની પાસે તો તેમના પુણ્યો વધારે પ્રબળ હોવાથી તેમને કામવાસના પણ વધારે હોવાથી મહાવ્રત ની કે દેશવિરતિ ધર્મની એકેય ધારા (નિયમ) જીવન સાથે સંબંધિત થવા પામતી નથી. દેવદેવીઓના જીવનમાં મનગમતા શબ્દ, રસ, ગંધ અને સ્પર્શની પ્રાપ્તિ મનુષ્યો કરતાં હજારોગણી વધારે હોવાથી તેઓ પાંચ-દશ મિનિટ માટે પણ ત્યાગ-તપને સ્વીકારવા માટે સમર્થ બનતા નથી. આ કારણે જ જૈન શાસ્ત્રકારોએ ' મોહમોહિતમતિ ' વિશેષણ દેવોને માટે સાર્થક મૂકયો છે. આયુષ્યનો મોટો ભાગ નાચ, ખેલ, તમાસા, સંગીત આદિમાં જ પૂર્ણ થાય છે. પોતાના મૂળ શરીરે કયાંય પણ

નહિ જવામાં વિષયવાસનાની પ્રબળતા જ મુખ્ય કારણ છે. વૈક્રિય શરીરના માલિક હોવાથી દેવભૂમિમાં ઉત્પન્ન થતાં જ વૈક્રિય લબ્ધિવડે મનગમતાં રૂપાંતરોની વિકુર્વણા કરીને પણ પોતાની વાસના પૂર્ણ કરે છે. શરીરમાં હાડ, માંસ, લોહી, વિષ્ટા, મૂત્ર, કફ, પિત્ત વગેરે ગંદા તત્ત્વો ન હોવાથી કપૂરની ગોટી જેવા તેમના મુલાયમ–સુકોમલ શરીરની ભૂખ વાસનાની તૃપ્તિ થયા પછી જ મટે છે. કલ્પવૃક્ષો તમામ પ્રકારની ઉત્તમોત્તમ સાધન સામગ્રી પૂર્ણ કરે છે. તેમના અમૃતમય આહારની આગળ મનુષ્યોની રસઝરતી રસવંતીઓ પણ તેમને મન સાવ નિરસ હોય છે. કલ્પવૃક્ષના સુગંધી પુષ્પો તેમના મનને વારંવાર ઉશ્કેરનારા હોય છે. દેવીઓના–અપ્સરાઓના સંગીતો દેવોને તથા દેવીઓને વારંવાર કામોપાસના માટે સહાયક બને છે. આવી રીતના વિષયવાસનાને ઉત્પન્ન કરાવનારા–ભડકાવનારા વાતાવરણમાં રહેનારા દેવો અને દેવીઓ વાસનામુક્ત શી રીતે બની શકશે ?

દેવો કયાં રહેતા હશે ?

જે જમીન પર આપણે ઉભા છીએ તે સાત નરકભૂમિઓમાંથી પ્રથમ ભૂમિ છે, જે પહેલી નરક કહેવાય છે. તે ૧૦૮૦૦૦૦ એક લાખ એંશી હજારની જાડાઇવાળી છે. તેમાંથી ઉપર નીચે એક એક હજાર યોજન છોડીને શેષના ખરભાગ, પંકભાગ અને જળબહુલ ભાગના ત્રણ વિભાગે છે. તેમાંથી ખરભાગમાં અસુરકુમારોને છોડી શેષ ભવનપતિઓના

મકાનો આવે છે. તેમાં રહેનારા દેવો શોખીન હોવાથી કુમાર શબ્દથી અંકિત હોય છે. અને પંકભાગના સ્થાનોમાં અસુર કુમારો રહે છે. ઉપરના હજાર યોજન જે છોડી દેવાયા હતાં તેમાં ઉપર નીચે ૧૦૦–૧૦૦ યોજન છોડી શેષ ૮૦૦ યોજનમાં વ્યંતર દેવો રહે છે અને ઉપરના ત્યજેલા ૧૦૦ યોજનમાંથી ઉપર નીચેના ૧૦–૧૦ યોજન છોડી શેષ ૮૦ યોજનમાં વાણવ્યંતર દેવો રહે છે. તથા જંગલો, તુટેલ મકાનોમાં, મોટા મોટા ઝાડ ઉપર પણ તે દેવો રહે છે. મેરૂપર્વતની સમતલ ભૂમિથી ૭૯૦ યોજન થી ૯૦૦ યોજન સુધીમાં જ્યોતિષ દેવો રહે છે. તે આ પ્રમાણે : ૭૯૦ યોજન પર તારાના વિમાનો, ત્યાંથી ૧૦ યોજનમાં સૂર્યના વિમાનો, ત્યાંથી ૮૦ યોજનમાં ચંદ્રના વિમાનો, ચાર યોજન નક્ષત્ર અને સોળ યોજનમાં ગ્રહોના વિમાનો છે. ભવનપતિ અને વ્યંતરો પ્રાયઃ, કરી અધોલોકમાં, જ્યોતિષ દેવો તિરછાલોકમાં અને વૈમાનિક દેવો ઉર્ધ્વ લોકમાં છે. ભૌતિકવાદની સીમા સમાપ્ત થયેલી હોવાથી મોહકર્મથી ગ્રસ્ત હોવાના કારણે તે દેવો ભોગ વિલાસી છે. આવી રીતે શ્રીમંતોને પણ જાણવા.

ચક્રવર્તીઓના શરીર અને ઋદ્ધિ-સમૃદ્ધિનું વર્ણન

મનુષ્યાવતાર પામેલાઓમાં ચક્રવર્તીઓ ઉત્કૃષ્ટ પુણ્યશાળીઓ હોય છે, જેનું વર્ણન સૂત્રકાર પોતે જ કરી રહ્યાં છે, તે આ પ્રમાણે :–સુર–અસુર, મનુષ્ય, તિર્યંચ (ગજરત્ન,

અશ્વરત્ન) આદિ પ્રાણીઓ તથા માંડલિક રાજાઓના મિઠ્ઠા-મધુરા શબ્દોમાં અનુરાગવાળા હોય છે, દેવો-ઇન્દ્રો અને મોટા મોટા રાજાઓ દ્વારા સન્માનિત છે. મહર્દ્ધિક દેવોની જેમ સુખશાળી છે. ભરતભૂમિના–પર્વતો, નગરો, નિગમો, જનપદો, શહેરો, દ્રોણમુખો, ખેટો, કર્બટો, મડંબો, દુર્ગો અને પત્તનોથી યુક્ત હોવાથી ચક્રવર્તી અને તેમના શાસનમાં રહેલી પ્રજા પણ આનન્દપૂર્વક રહે છે. એકછત્ર પૃથ્વીના સ્વામી, સમુદ્ર પર્યન્ત ભૂમના ભોક્તા હોવાથી સિંહની જેમ શૂરવીર છે. મનુષ્યોના તથા ખંડીઆ રાજાઓના સ્વામી છે. ઇન્દ્ર સમાન હોવાથી નરેન્દ્ર છે. તાકાતથી પરિપૂર્ણ બળદ જેવા છે. રાજ્ય લક્ષ્મીથી ઘણા જ દેદીપ્યમાન છે. શાન્ત સ્વરૂપી છે. રાજ્ય વંશોના આદિ કર્ત્તા છે. સૂર્ય, ચન્દ્ર, શંખ, શ્રેષ્ઠ ચક્ર, સ્વસ્તિક, પતાકા, જવ, માછલી, કાચબો, શણગારેલો રથ, યોનિ, ભવન, વિમાન, અશ્વ, તોરણ, મુખ્ય દ્વાર, ચન્દ્રકાંતાદિ મણી, નન્દ્યાવર્ત, મુશલ, હળ, કલ્પવૃક્ષ, સિંહ, ભદ્રાસન, આભૂષણ, સ્તંભ, મુગટ, હાર, કુંડલ, હાથી, બળદ, દ્વીપ, મેરૂ, ગરૂડ, ધ્વજા, ઇન્દ્રધ્વજ, દર્પણ, અષ્ટાપદ દર્પણ, ધનુષ્ય-બાણ, નક્ષત્ર, મેઘ, કંદોરો, વીણા, ઘૂંસરી, છાત્ર, પુષ્પમાળા, કમંડળ, કમળ, ઘંટ, નૌકા, સમુદ્ર, મગર, ઝાંઝર, વજ્ર, વ્યંતર દેવ, મોર, હંસ, સારસ, ચકોર, ચામર, વાજીંત્ર, પંખો, લક્ષ્મીઅભિષેક, તલવાર, અંકુશ, કળશ, ભૃંગાર, વર્ધમાનક ઇત્યાદિ ચિન્હોના ધારક ચક્રવર્તી હોય છે. ફરીથી તેઓ કેવા હોય છે તેનું વર્ણન થાકયા વિના સૂત્રકાર કરી

રહ્યા છે. બત્રીસ હજાર મુકુટબંધી રાજાઓ ચક્રવર્તીની પાછળ પાછળ ભમતાં હોય છે. રૂપની ચરમ સીમાને પ્રાપ્ત થયેલી અને ઉત્તમ ખાનદાનમાં જન્મેલી, બોંતેર હજાર સ્ત્રીઓના સ્વામી હોય છે. રક્તની બહુલતાને કારણે તેમનું શરીર લાવણ્યમય હોય છે. કમળનું કેસર, કોરેટ પુષ્પમાળા, ચંપાના પુષ્પ તથા તપાવેલા સુવર્ણની રેખા જેવું તેમનું શરીર છે. મુખ્ય શહેરોમાં બનેલા જુદા જુદા રંગોથી રંગેલા, એણી-પ્રૈણી આદિ હરિણોની રૂંવાટીઓથી બનાવેલા સુંદર, સ્વચ્છ અને જોનારની આંખોને ગમે એવા વસ્ત્રો પહેરનારા હોય છે. ઉત્તમ સુગંધી દ્રવ્યોથી તથા ચંપો-માલતી આદિ અતીવ સુગંધી પુષ્પોવડે તેમના મસ્તિષ્ક શોભતા હોય છે. સુવર્ણના હાર, કડા, બાજુબંધ, મુગટ, કુંડળ આદિ ઉત્તમ આભૂષણોથી શરીર સુશોભિત છે. બધી જાતના હીરા, મોતી, માણેક આદિ મણિઓથી જડિત હાર તેમના ગળાને તથા વક્ષસ્થળને શોભિત કરે છે. જુદા જુદા રંગોવાળી વીંટીઓ પહેરેલી છે. ઉજ્જ્વલ-હૃદયરમ્ય વસ્ત્રો શરીર પર છે. સૂર્ય જેવું તેજ અને મેઘસમાન અવાજ હોય છે. સેનાપતિ, ગાથાપતિ, પુરોહિત, અશ્વ, વર્ધકી, હાથી, સ્ત્રી, ચક્ર, છત્ર, ચર્મ, મણિ, કાકિણી, ખડ્ગ, દંડ આદિ દેવ અધિષ્ઠિત ચૌદ રત્નોથી શોભાયમાન છે. નૈસર્પ, પેડુક, પિંગલ, સર્વરત્ન, મહાપદ્મ, કાલ, મહાકાલ, માણવક, શંખ આદિ નવે નિધાન તેમના ચરણે રહ્યાં હોય છે. પૂરી પૃથ્વિના માલિક છે. હાથી, અશ્વ, રથ, પાયદળરૂપ ચતુરંગિણી સેનાથી યુક્ત

છે. યશ અને કીર્તિ તેમની ફેલાયેલી છે. શારદ ચંદ્ર જેવું મુખ છે. શત્રુમર્દનમાં શૂર છે. છ ખંડાત્મક ભારત દેશના અધિપતિ છે. નરેન્દ્ર છે, નરદેવ છે, ધીર છે, સંગ્રામમાં અજેય છે. બધાય પર્વતો, વનો છેવટે હિમાલય સુધીની પૃથ્વિ તેમના તાબામાં છે. સિંહ સમાન છે. પૂર્વ ભવોમાં આરાધેલી અરિહંત પરમાત્માઓની આચાર સંહિતાથી ઉપાર્જન કરેલી પુણ્યરાશિના સ્વામી છે. બધાય દેશોના રાજાઓની રૂપવતી કન્યાઓ સાથે વિવાહિત થઈ તેમની સાથેની કામકેલીમાં તથા તેમના ઉત્તમોત્તમ શબ્દ, ગંધ, રસ અને સ્પર્શના વિલાસોમાં મશગુલ છે.

ઉપર પ્રમાણેના અનુપમ, અદ્વિતીય, વૈભવ વિલાસોમાં રહેલા ચક્રવર્તીઓ પણ પાંચે ઇન્દ્રિયોના વિષય વિલાસમાં અતૃપ્ત જ રહેવા પામે છે. ફળસ્વરૂપે વિષયોમાં અત્યાસક્ત રહેનારા તેઓ અતૃપ્ત અવસ્થામાં જ મરણને શરણ થાય છે. શાસ્ત્રકાર કહે છે કે–૬૪ હજાર રૂપવતી, મદમાતી, લાવણ્યમયી સ્ત્રીઓ સાથેના ભોગવિલાસોમાં જેમના સેંકડો, હજારો, લાખો, પૂર્વાંગો અને પૂર્વો જેટલા વર્ષો સમાપ્ત થાય છે, છતાં પણ તેમની વાસના ઓછી થતી નથી, તૃપ્ત થતી નથી, મનમાં રહેલી લાલસા શાંત નથી, તો સાધારણ માણસ જેને મનમાન્યા સાધનો મળ્યા નથી, મળ્યા હોય તો ખાવા પીવાના સાધનોની કમી હોય, શરીર અશક્ત અને ભોગને માટે અસમર્થ હોય, રોગગ્રસ્ત હોય તો તેવા પુણ્ય વિનાના અથવા અધુરા પુણ્યના માલિકો શી રીતે તૃપ્ત થશે ?

कामभोगेन कामाशा कदापि नैव शाम्यति ।
इन्धनौघेन दीप्तोऽग्निः शाम्यति किं कदाचन ।।

વાસુદેવો અને બલદેવો પણ અતૃપ્ત જ રહે છે...

ષટ્‌ખંડાધિપતિ અને ત્રિખંડાધિપતિ રૂપે ચક્રવર્તી બે પ્રકારના છે. પહેલા ચક્રવર્તીના રૂપ-રંગ-વૈભવ અને વિલાસોનું વર્ણન કરાઈ ગયું છે, હવે ભરતાર્ધચક્રી, વાસુદેવ અને બલદેવોને માટે સૂત્રકાર પોતે જ વિસ્તારપૂર્વક કહી રહ્યાં છે આ બંને એક જ પિતાના સંતાન હોવાથી ભાઇ ભાઇ છે. વાસુદેવનું પુણ્ય વધારે હોવાથી રાજ્યગાદ્દીના ભોક્તા બને છે. ૧૬-૧૬ હજાર રૂપવતી સ્ત્રીઓના વિલાસોમાં મસ્ત હોય છે. બલદેવો પણ વિષયાસક્ત જ હોય છે. સાથોસાથ સાત્વિક વૃત્તિ અને પ્રવૃત્તિના માલિક હોવાથી વૈરાગ્યવાસી પણ બની શકે છે. ભોગવિલાસોની ચરમ સીમા, તથા તે માટેના અગણિત સાધનો મેળવેલા હોવા છતાં પણ બળતી સગડીમાં પેટ્રોલ નાંખવાથી જેમ સગડી બુઝાતી નથી, પણ વધારે ભડકે છે, અને અવસર આવ્યે ઘરને બાળીને ખાખ કરી નાંખે છે, તેવી રીતે વિષયવાસનાની આગ પણ જેમ જેમ વિલાસો મળે છે, ભોગવાય છે, તેમ તેમ હવે પછી વિલાસો કેવી રીતે ભોગવવાં ? કયાં સ્થાનમાં જઇને ભોગવવા ? કયો ખોરાક-ઔષધ અને શરાબ, અફીણ, ભાંગનો નશો કેવી રીતે કરવો ? કેટલો કરવો ? તેના પર ઘી-દૂધ મિષ્ટાનમાં શું શું લેવું ? સ્નાન પાણી અને સુગંધી પદાર્થોનો ઉપયોગ કેવા સમયે

કઈ રીતે કરવો ? ઘોડાની જેવી તાકાત કરાવી આપે તેવા રસાયણો કયા વૈદ્યરાજ પાસેથી મળશે ? તે રસાયણ–વાજીકરણ ઔષધને, માખણ, મદ્ય કે બીજા અનુપાન સાથે લેવા ? ભોજન પછીના પાનમાં કયો મસાલો નખાવવો ? ઇત્યાદિ વિષયોની વાતો–ચર્ચાઓ સિવાય બીજી એકેય વાત તેમના મગજમાં આવતી નથી. કેમ કે તેમના સાથીદારો પણ તેવા જ હોય છે અથવા પોતાના રંગમાં રંગાઈ જાય તેવા જ મિત્રો બનાવવા પડે છે.

વાસુદેવ તથા બળદેવોની ઋદ્ધિ–સમૃદ્ધિનું વર્ણન : —

પુરૂષોમાં પ્રધાન, મહાબળ એટલે માનસિક શક્તિ અને પરાક્રમ એટલે કાયિક બળ તેમનું અચિંતનીય હોય છે. દેવાધિષ્ઠિત શાર્ઙ્ગ (શાંર્ગ) ધનુષ્યની દોરીને ધનુષ્ય સાથે જોઈન્ટ કરનારા છે. બળવંતોમાં તેમનું બળ સાગર જેવું છે, શત્રુઓને માટે અપરાજિત છે, ધનુષ્ય ધારી છે, વૃષભ સમાન બળવાન છે. વાસુદેવનું નામ કેશવ અને બળદેવનું નામ રામ છે. તથા સમુદ્રવિજય, અક્ષોભ્ય, સ્તિમિત, સાગર, હિમવાન, ચલ, ધરણ, પૂરણ, અભિચંદ્ર તથા વાસુદેવ આદિ દશાર્હોને અને પ્રદ્યુમ્ન, સાંબ, અનિરૂદ્ધ, નિષિધ, ઉલ્મુક, સારણ, ગજ, સુમુખ, કર્મુખ આદિ સાડા ત્રણ કરોડ યાદવ રાજકુમારોને પ્રાણથી પ્યારા છે. બળદેવની માતા રોહિણી તથા કૃષ્ણ વાસુદેવની માતા દેવકીના હૃદયને આનંદ આપનાર

છે. ૧૬ હજાર રાજાઓ વાસુદેવની સેવા કરનાર છે, ૧૬ હજાર સ્ત્રીઓનો સ્વામી છે. તેમને ત્યાં ચંદ્રકાન્તાદિ મણિઓનો, સુવર્ણનો, કર્કેતનાદિ રત્નોનો, મોતીઓનો, મુંગાઓનો, ઉપરાંત નાળીયેર, સોપારી, ધનધાન્ય, ગોળ, સાકર આદિના ભંડારો સદૈવ ભર્યા રહે છે. હાથી-ઘોડા તથા રથોના તેઓ સ્વામી છે ગામ-નગરાદિ હજારો સંખ્યામાં શહેરો, ગામો પર તેમનું પ્રભુત્વ છે. સ્વ અને પરચક્રના ભયથી તેઓ રહિત છે. તેમના શાસનમાં જનતા ખુશ અને ધર્મપરાયણ છે. ધાન્યની ઉત્પત્તિ બરાબર થતી રહે છે. ઉપજાઉ ભૂમિ, નયન-રમ્ય જળાશયો, નદીઓ અને પર્વતોથી તથા નગરની ચારે તરફ નાના મોટા વૃક્ષોના સમૂહથી શોભતા તે નગરોમાં જનતાને હરવા-ફરવાની છુટ હતી. વૈતાઢ્ય પર્વતથી વિભક્ત થયેલા દક્ષિણાર્ધ ભરત લવણસમુદ્રથી વિંટાયેલો હતો, જેમાં વર્ષા, શરદ, હેમંત, શિશિર, વસંત અને ગ્રીષ્મ ઋતુને અનુરૂપ ફળ-ફૂલ-પાન વિ. સમયસર સૌને તૃપ્ત કરતાં હતાં. આવા દક્ષિણાર્ધ ભરતના તેઓ સ્વામી હતા. કીર્તિ અને બળ સદા વૃદ્ધિવાળા હતાં. શત્રુઓ તરફથી થનારા આઘાતથી રહિત હતાં. હજારો શત્રુઓને પરાજય દેવાવાળા હોવાથી તેમના માનમર્દક હતાં. બીજાઓને માટે સદૈવ અમત્સરી એટલે તેમને થતા લાભમાં આનન્દ માનનારાં હતાં. કારણ વિના ક્રોધ કષાયથી દૂર હતા. હાસ્યપૂર્ણ જીવન હોવાથી સાર-પૂર્ણ તથા મધુર ભાષા બોલનારા હતાં. સમીપે રહેવાવાળાઓને માટે વાત્સલ્યભાવ ધરાવનારા હતાં. શરણાગતના રક્ષક હતાં.

હાથ પગની રેખાઓ તથા તલ અને મસા આદિ શુભ ચિહ્નોથી યુક્ત હતાં. શરીરનો ભાર, ઉંચાઇ અને અવયવોથી દેદીપ્યમાન હતાં. સારાંશ કે સમસ્ત લક્ષણોથી શોભતાં, હૃષ્ટપુષ્ટ સુન્દરતમ શરીરવાળા હતાં. પૂર્ણિમાના ચન્દ્રની જેમ સૌમ્યકાર હતાં. પ્રિયદર્શની હતાં. અત્યાચાર કરવાવાળાઓ પ્રત્યે અસહિષ્ણુ હતાં. દુષ્ટોને દંડ તથા સજ્જનોને માન દેવામાં યમ જેવા અને ચન્દ્ર જેવા હતાં. બળદેવની ધ્વજામાં તાલવૃક્ષ અને વિષ્ણુની ધ્વજામાં ગરૂડની નિશાની હતી. અત્યન્ત ગર્વિષ્ઠ બનેલા મૌષ્ટિક નામના મદોન્મત્ત મલ્લને બળદેવે ચપટી વગાડતા જ મૃત્યુને શરણ બનાવી દીધાં હતાં તથા ચાણુરમલ્લને તથા રિષ્ટ નામના બળદ જે કંસ પ્રેરિત હતાં, તેમને પણ મૃત્યુ ધામે પહોંચાડી દીધા હતાં. ગામ, નગર તથા ખેતરોને બધી રીતે હાનિ પહોંચાડનાર સિંહને ત્રિપૃષ્ઠ વાસુદેવે (મહાવીરસ્વામીનો જીવ) ફાડી દીધો હતો. યમુના નદીના ઉંડાણમાં રહીને પોતાના કાતીલ વિષથી સૌને માટે ભયજનક બનેલા કાળીયાનાગનું દમન વાસુદેવે કર્યું હતું. વૈક્રિય લબ્ધિથી મહાવૃક્ષના રૂપને ધારણ કરેલા યમલ તથા અર્જુન નામના વિદ્યાધરોને તથા મહાશકુનિ અને પૂતના નામે રાક્ષસીઓને સમાપ્ત કરી હતી. કંસના દરબારમાં આવતાં ચાણુરમલ્લને મેથીપાક દીધા પછી કંસ રાજાને સિંહાસનથી ખેંચીને તેના મુગટ વડે મારી નાખ્યો હતો. રાજગૃહી નગરીના રાજા જરાસંધને મારનાર વાસુદેવ હતો. દીવ્યમાન છત્રના ધારક અને ચામરોથી સદૈવ વિંજાતા હતાં.

(ચામરોનું વર્ણન પાંડિત્ય ભાષામાં અલંકારોથી યુક્ત અને વિસ્તૃત છે, તેને મૂળ સૂત્ર તથા ટીકાથી જાણવાની મજા આવશે.) તેમના રથો અસ્ખલિત ગતિએ અવરોધ વિના જ ચાલનારા હતાં. હળ, મુસલ અને સુવર્ણના કડા બળદેવના હાથમાં તથા શંખ, ચક્ર, ગદા, શક્તિ અને અજેય તલવાર વાસુદેવના હાથમાં રહેતા હતાં. અત્યંત ભાસ્વર કૌસ્તુભમણિ તથા મુગટ વાસુદેવે ધાર્યા હતાં, રત્ન-જડિત કુંડળોથી તેમના મુખ વિકસ્વર હતાં, કમળ જેવા નયનો હતાં, શ્રીવત્સ તેમના વક્ષસ્થળે શોભતું હતું, બધી ઋતુઓના પુષ્પોની માળા તેમના ગળામાં હતી, પ્રત્યેક અંગો સદ્લક્ષણોવાળા હતાં. વાસુદેવ પીતામ્બર અને બળદેવ નીલામ્બર વસ્ત્રો પહેરતા હોવાથી તેમના શરીરની કાન્તિ દ્વિગુણિત વધી ગઇ હતી. તેજસ્વી, ઓજસ્વી, વર્ચસ્વી અને યશસ્વી હતાં. મોટા મોટા સિંહોને પણ પરાસ્ત કરનારા હતાં. દ્વારકા નગરીની જનતાને માટે અતીવ પ્રિય હતાં. જુદા જુદા દેશના રાજાઓની રૂપવતી-લાવણ્યવતી કન્યાઓ સાથે વિવાહિત હતાં. તેમની સાથે યથેચ્છ વિષય વિલાસો માણવા છતાં પણ તૃપ્તિ થતી નથી-વાસનાની આગ બુઝાતી નથી જેમ જેમ ભોગો ભોગવાય છે તેમ તેમ આવતી કાલના વિલાસો માટે અંખના તીવ્રાતિતીવ્રરૂપે ભડકે બળતી જાય છે. પરિણામે નિદાનગ્રસ્ત વાસુદેવો વિષયવાસના માટેનું આર્તધ્યાન અને તેમાં વિઘ્ન કરનારાઓ પ્રત્યે રૌદ્રધ્યાનમાંથી કયારેય બહાર નીકળી શકતા નથી. પરિણામે જીંદગીના છેલ્લા ક્ષણે પણ

ભોગવેલી રાત્રિઓના વિલાસી સ્વપ્ના જોતાજોતા જ યમ ના અતિથિ બને છે.

માંડલિક રાજાઓ પણ અબ્રહ્મ સેવી હોય છે :-

ચક્રવર્તીઓ, વાસુદેવો અને બળદેવોની ઋદ્ધિ, શરીર સુષ્ઠુતા, પુણ્ય વૈભવ, ભોગ વિલાસો, ભોગશક્તિનું વર્ણન તથા તેમની અતૃપ્ત વાસનાના કારણે મૃત્યુ સુધીનું વર્ણન જાણી લીધા પછી હવે તેમનાથી ઉતરતાં પુણ્યવાળા માંડલિક રાજાઓનું વર્ણન કરવામાં આવે છે. તે આ પ્રમાણે :— ચક્રવર્તીની આજ્ઞા પૂરા ભારતવર્ષ પર હોય છે. જ્યારે માંડલિક રાજા એકાદ દેશના અધિપતિ હોય છે. તેમ છતાં પણ તેમની ઋદ્ધિ–સમૃદ્ધિ તથા સત્તા વગેરે કમ હોતી નથી. તે વાતને સૂત્રકાર પણ કહે છે. તેમની પાસે સેના બહુ મોટી હોય છે. અન્તઃપુરમાં ઘણી રાણીઓ તથા પરિવાર પણ મોટો હોય છે. શાંતિ–પુષ્ટિ કર્મ કરનારા પુરોહિતો, રાજ્યની ચિંતા કરનારા મંત્રીઓ, રક્ષા કરનારા સેનાપતિઓથી યુક્ત તેઓ હોય છે. ધન, ધાન્ય, સુવર્ણ, ચાંદી, હીરા, મોતી, પુખરાજ વગેરેથી યુક્ત હોય છે. રાજ્યઋદ્ધિ બહુ વિશાળ હોય છે. આ પ્રમાણે રાજ્યસત્તાને ભોગવનારા તે રાજાઓનો મોટો સમય રાણીવાસમાં ભોગોને ભોગવવામાં જ પૂર્ણ થાય છે. તો પણ જીન્દગીના અન્ત સુધી તૃપ્તિનો અનુભવ કરી શકતા નથી. ચક્રવર્તી આદિની આયુષ્ય મર્યાદા ઘણી મોટી અને સ્ત્રી પરિવાર પણ મનગમતો મળેલો છતાં

તેમને પણ ભોગવિલાસો તૃપ્ત કરી શકતા નથી; તો ટૂંકા આયુષ્યવાળા રાજાઓ અતૃપ્ત રહેવા પામે તે માની શકાય તેમ છે. માટે પુણ્ય વૈભવથી મેળવેલા દેવદુર્લભ માનવાવતારને ભોગવિલાસના કીચડમાં પૂર્ણ કરે છે અને તૃપ્ત થયા વિના જ મૃત્યુ પામે છે.

જેઓ રાજસત્તા વિનાના ધનિકો તથા રાજકર્મચારીઓ છે, તે પણ પોતાની ઋદ્ધિ–સમૃદ્ધિના અનુસારે ભોગવિલાસોને મેળવવા માટે, મેળવેલાને વધારવા માટે, વધી ગયેલાને ટકાવવા માટે જૂદા જૂદા તરીકા, દાવપેંચ, માયા મૃષાવાદ આદિને અપનાવીને પોતાનું જીવન અતૃપ્ત વાસનામાં જ પૂર્ણ કરે છે. કેમકે–કામવાસનાની આગ જ એટલી બધી જબરદસ્ત હોય છે, કે લાગ્યા પછી બુઝાવવી અશકય હોય છે. કારણ આપતા કહ્યું કે, જેમ જેમ તેના સાધનો મળતા જાય છે અને પેટમાં કેશરીયા દૂધ, મલાઇ, માવો, માખણ, ઘીમાં તરબોળ રોટલી, મનગમતા શાક, રાયતા, ફળ વગેરે જેમ જેમ પડતાં જાય છે, તેમ તેમ કામની આગ વધતી જાય છે, જેમાં પૂર્વભવના પુણ્ય કર્મો, સત્કર્મો બળીને ખાખ થાય છે. ફળ સ્વરૂપે ભોગવેલી રાત્રિઓને કરેલા આંખ મીંચામણાઓને ઠઠા મશ્કરીમાં કરેલી ચેષ્ટાઓને સ્મૃતિમાં લાવતાં લાવતાં જ મૃત્યુને શરણ બને છે.

અકર્મ ભૂમિના ભોગ વિલાસો....

કર્મભૂમિ અને અકર્મભૂમિ રૂપે ભૂમિઓ બે પ્રકારની હોય છે. પહેલી ભૂમિમાં તીર્થંકર પરમાત્માઓ, કેવલીઓ,

ચક્રવર્તીઓ, વાસુદેવો, બળદેવો અને સાત્ત્વિક માંડલિક રાજા-મહારાજાઓ વગેરે જન્મે છે. જ્યારે બીજી અકર્મ-ભૂમિમાં કેવળ ભોગભૂમિ હોવાથી તેમાં જન્મ લેનારા યુગલિકો, યુગલિયાઓ પુણ્ય વૈભવના માલિક હોવા છતાં યૌગિક જીવન રહિત જ હોય છે. એટલે કે, તેમના જીવનમાં ધર્મકર્મની એકેય મર્યાદા હોતી નથી.

જૈન શાસન પ્રમાણે એક લાખ યોજનના જમ્બુદ્વીપમાં ભરત, હૈમવત, હરિ, વિદેહ, રમ્યક્, હૈરણ્યવત અને ઐરાવત નામે સાત ક્ષેત્રો છે તથા તેમને વિભાજિત કરનારા અને લવણસમુદ્રની પૂર્વ દિશાથી પશ્ચિમ દિશા તરફ જનારા હિમવાન્, મહા હિમવાન્, નિષધ, નીલ, રૂકિમ અને શિખરી નામે છ મહા પર્વતો છે. જેમ કે-ભરત અને હૈમવતની વચ્ચે વિશાળકાય હિમવાન્ પર્વત છે. આ રીતે સાતે ક્ષેત્રો માટે કલ્પી લેવું. તેમાં ભરત, ઐરાવત અને મહાવિદેહને કર્મભૂમિ કહેવાય છે. જ્યાં અસિ-મસિ અને કસિનો વ્યવહાર હોવાથી વ્યાપાર, ખેતીવાડી, સુતાર, લુહાર, નાપિત આદિના કાર્યો હોય છે. જ્યારે હૈમવત, હરિ રમ્યક્ અને હૈરણ્યવત આ ચાર ક્ષેત્રો અકર્મભૂમિ કહેવાય છે. માટે ત્યાં અસિ-મસિ અને કસિનો વ્યવહાર હોતો નથી. ધાતકી ખંડ અને પુષ્કરાર્ધ દ્વીપમાં જમ્બુદ્વીપ કરતાં દ્વિગુણિત ક્ષેત્રો હોવાથી ભરતક્ષેત્રમાં-૩, ધાતકી ખંડમાં-૬, પુષ્કરાર્ધ દ્વીપમાં-૬, ૩-૬-૬=૧૫ ક્ષેત્રો મનુષ્યના છે. એટલે કે જ્યાં મનુષ્યધર્મના બધાય વ્યવહારો છે. શેષ યુગલિકોનાં ક્ષેત્ર છે.

ઉત્સર્પિણી અને અવસર્પિણીના નામે કાળચક્ર બે પ્રકારના છે : આયુષ્ય બળ, શરીર, સંસ્થાન અને ધૈર્ય આદિ ઘટતું જાય તે અવસર્પિણી કાળ છે. પ્રત્યેક કાળમાં સુષમા સુષમા, સુષમા, સુષમ દુષમા, દુષમ સુષમા, દુષમા અને દુષમા દુષમા નામે છ-છ આરા હોય છે. તે ક્રમશઃ ચાર કોડાકોડી સાગરોપમનો, ત્રણ, બે અને એક કોડાકોડીમાં ૪૨ હજાર વર્ષ ઓછા તથા પાંચમો આરો અને છઠ્ઠો આરો ૨૧-૨૧ હજાર વર્ષનો હોય છે. ઉત્સર્પિણીમાં વિપરીત ક્રમ જાણવો. આ કાળનો પ્રભાવ ભરત અને ઐરાવત માટે જ જાણવો. પરંતુ મહાવિદેહ ક્ષેત્ર અને મહાવિદેહ ક્ષેત્રમાં મેરૂપર્વતથી ઉત્તર તરફ ઉત્તરકુરૂ તથા દક્ષિણ તરફ દક્ષિણકુરૂ નામે બંને ક્ષેત્રો કર્મભૂમિમાં હોવા છતાં પણ અકર્મભૂમિ છે.

તે અકર્મભૂમિમાં વનનાં વૃક્ષોનો વિસ્તાર ખૂબ હોવાથી ત્યાંના યુગલિકો પાદવિહારી હોય છે. એક સ્થાનથી બીજા સ્થાને જવા માટે વાહન વ્યવસ્થા મુદ્દલ ન હોવાથી તેઓ શરીરના મજબુત બાંધાના તથા પ્રાકૃતિક નિયમોને આધીન જીવન હોવાથી સદૈવ રોગ રહિત, પ્રમાદ રહિત, દુર્ગુણોથી રહિત અને પ્રકૃતિ દ્વારા જે કંઈ ઉત્તમોત્તમ ખાનપાન, વસ્ત્ર આદિ મળે છે, તેમાં જ પૂર્ણ સંતોષી હોવાથી પરિગ્રહ મકાન-હાટ-હવેલી-તીજોરી-કબાટ-તાળા-કુંચીની આવશ્યકતા તેમને નથી. કલ્પવૃક્ષો દ્વારા માનવ વર્ગને અત્યન્ત દુર્લભ, અદર્શનીય, અમૃત જેવા ખોરાક, રંગબેરંગી વસ્ત્રોની પ્રાપ્તિ ઇચ્છા માત્રથી થઇ જાય છે. માટે તેમને વ્યાપાર-રોજગાર-લેવડ-

દેવડ-હિસાબ-કિતાબના ગોટાળા જેવું કંઇ પણ કરવાનું રહેતું નથી. ત્રણ પલ્યોપમનું આયુષ્ય હોવા છતાં જન્મતાં જ સાતમા સપ્તાહે ભરજુવાન બની ભોગ રસિક બને છે. આટલા લાંબા કાળ દરમ્યાન તેમને એક યુગલ (પુત્ર અને પુત્રી) ની પ્રાપ્તિ થાય છે, તેઓ સાથે જન્મે છે. પરસ્પર વૈવાહિક સંબંધથી જોડાય છે અને સાથે જ મરે છે. આ કારણે તેમને બીજા સાથે વૈવાહિક પ્રશ્ન રહેતો નથી. માટે કોઇની સાથે વૈર, દ્વેષ, ક્લેશ, કષાય કે કોઇ પણ જાતની લેવડ-દેવડના ભાવો રહેતા નથી, ઉદ્‌ભવતા નથી. તેથી તે બધાય સુખી છે, શાન્ત છે અને સ્વસ્થ છે. કેવળ અપ્રત્યાખ્યાની કષાયનો ઉદય વર્તતો હોવાથી ત્યાગ, તપ કે દેશવિરતિ તેમના ભાગ્યમાં હોતી નથી.

યુગલિકોના શરીરનું વર્ણન...

વાહન-ગાડી-ઘોડાગાડી આદિનો સર્વથા અભાવ હોવાથી પગે જ ચાલનારા મનુષ્યો કરતાં પણ ઉત્તમ ભોગવિલાસો સેવનારા, તે સમયના સ્વસ્તિકોના ચિન્હોથી યુક્ત, ભોગોપભોગમાં પોતાની શોભા માનનારા, સુન્દરતમ રૂપવંતા, અંગ-પ્રત્યંગોથી હૃષ્ટપુષ્ટ થયેલા, હાથ પગના તળીયા સ્વાભાવિક લાલ અને કોમળ હોય છે, બંને પગો કાચબાની જેમ ઉઠાવદાર અને ઘાટિલા, હાથ પગની આંગળીઓ સીધી, સરળ અને સુન્દર, નખ વચ્ચે ઉન્નત-પાતળા તાંબાના રંગ જેવા કોમળ અને કાન્તિવાળા, પગની બંને ઘુંટણો માંસલ પુષ્ટ

તથા અલક્ષ્ય, બંને જંઘાઓ હરિણી જેવી–કુરૂવિંદ (તૃણ વિશેષ) તથા તકલીની જેમ ગોળ ગોળ અને ઉપર જતાં જાડી, જાનુઓ ગુપ્ત, સાથળો હાથીની સૂંઢ જેવી નીચેથી પાતળી અને ઉપર જાડી, હાથીના જેવા પરાક્રમી અને વિલાસવતી ચાલવાળા હોય છે. તેમનો ગુહ્ય ભાગ (જનનેન્દ્રિય) ઘોડાની જેવી ગુપ્ત, ગુદાનો ભાગ ઘોડાની જેમ મેલ વિનાનો, જાતવંત અશ્વ અને સિંહની કમર કરતાં યુગલિકોની કમર પાતળી હોય છે. દક્ષિણ દિશાના પવનથી ગંગા નદીમાં ઉત્પન્ન થયેલા વમળોની સમાન તથા સૂર્યથી વિકસિત કમળોની જેમ તેમની નાભિ સુન્દર અને ઊંડી હોય છે. તેમનો મધ્ય ભાગ વક્ર અને પાતળો હોય છે. રોમરાજી, સરળ, સપ્રમાણ, સૂક્ષ્મ કાળી–સુંવાળી અને નયનરમ્ય હોય છે કુક્ષિ સુન્દર અને પુષ્ટ છે. માછલાના પેટ જેવું ઉદર છે. પાર્શ્વ ભાગ સારા અને માન પ્રમાણવાળા હોય છે. પાંસળીના હાડકા દેખાતા નથી. છાતીનો ભાગ સુવર્ણની શિલા જેવો પ્રશસ્ત પુષ્ટ અને વિશાળ હોય છે. બબ્બા સ્થૂળ, રમણીય અને પુષ્ટ હોય છે. બંને ભુજાઓ નગરના દ્વારની ભોગળ જેવા ગોળ હોય છે.

યુગલિકોનું વિશેષ વર્ણન :–

તેમની બંને ભુજાઓ નાગરાજ જેવી વિશાળ અને ભોગળ જેવી એટલે કે ઘુંટણ સુધી પહોંચી જાય તેવી લાંબી હોય છે. હાથની હથેળી લાલ–કોમળ–પુષ્ટ અને માંસલ હોય છે. આંગળીઓ છિદ્ર વિનાની પીવર (પુષ્ટ) અને કોમળ છે.

નખ લાલ છે. હાથની રેખાઓ સારી અને સુંવાળી તથા ચન્દ્રાકાર–સૂર્યાકાર–શંખાકાર–ચક્રાકાર, દક્ષિણાવર્ત અને સ્વસ્તિકના આકાર જેવી સ્પષ્ટ અને ફળદાયિની છે. હૃષ્ટ–પુષ્ટ બકરા પાડા–વરાહ–સિંહ–બળદ અને હાથીના સ્કંધ જેવા છે. ડોક ચાર અંગુલની તથા ઉત્તમ શંખ જેવી છે. દાઢી સુન્દર અને શોભનીય છે. હોઠની નીચેનો ભાગ પુષ્ટ, માંસલ, સરસ અને સિંહની દાઢી જેવો વિશાળ છે, નીચેનો હોઠ પરવાળા જેવો લાલ છે. મુખમાં રહેલા દાંતો ચન્દ્ર-શંખ-ગાયનું દૂધ અને પાણીના ફીણ જેવા ઉજળા તથા પૂર્ણ–પોલાણ વિનાના છે. જીભ લાલ છે. નાસિકા ગરૂડ જેવી છે. આંખો વિકસિત કમળ જેવી છે. આંખની ભ્રમર ધનુષ્ય સમાન વક્ર છે. કાન હાથી જેવા, ગાલ પુષ્ટ અને માંસલ છે, લલાટ આઠમના ચન્દ્ર જેવું, મુખ પૂર્ણ ચન્દ્ર જેવું, માથું છત્રની જેમ ગોળ અને ઊંચું છે. કેશાવળી કોમળ અને કાળી છે, શરીરના પ્રત્યેક અંગો સુડોળ–સુસ્પષ્ટ અને દર્શનીય છે. સ્વસ્તિક આદિ લક્ષણોથી યુક્ત છે, બત્રીસ લક્ષણોથી તેમનું શરીર શોભતું છે. સ્વર–હંસ–ક્રૌંચ, દુંદુભી, સિંહ, મેઘધ્વનિ જેવો હોવાથી વચ્ચે કયાંય તૂટતો નથી, વજ્રઋષભ-નારાચ સંઘયણ, સમચતુરસ્ર સંસ્થાનના માલિક છે. રોગ રહિત છે. કબૂતરની જેમ નિર્દોષ આહાર લેનાર છે. પક્ષીની જેમ મેલથી ખરડાયા વિનાનો ગુપ્ત ભાગ છે. જંઘાબળ મજબુત છે. શ્વાસોશ્વાસ કમળ જેવો સુગંધયુક્ત હોય છે. શરીરસ્થ વાયુઓ પણ અનુકુલ છે. તેમ છતાં તે યુગલિયાઓ

ત્રણ પલ્યોપમના લાંબા આયુષ્યવાળા હોવા છતાં પણ કામભોગોથી તૃપ્ત થતાં નથી, માટે અતૃપ્ત અવસ્થામાં જ મરણ પામે છે.

તેમ છતાં યુગલિકો સુખી કેમ ?

ઉપર્યુક્ત વર્ણનમાં યુગલિયાઓના શરીર, રૂપ, રંગ, મજબુતાઇ, તેમજ પગના તળીયાથી માથા સુધીનું ખૂબ જ વિસ્તૃત વર્ણન સુવાચ્ય ભાષામાં કરવામાં આવ્યું છે, પરંતુ તેમની પાસે ઋદ્ધિ કેટલી હતી ? હાટ–હવેલી, વ્યાપાર–રોકડ, સુવર્ણ–ચાંદી, કાચા–પાકા મકાન, બંગલા, બાગ–બગીચા કેટલા હતાં ? આદિનું વર્ણન મૂળ પાઠમાં એકેય અક્ષરથી દેખાતું નથી. જ્યારે ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, માંડલિક રાજા કે ધનવાનોની શ્રીમંતાઇ, સત્તા, તેમના બંગલા, વાહન આદિ સાધનોનું તેમજ તેમના ભોગવિલાસોના વર્ણનમાં પલંગ, ગાદલા, રોશની, ખાનપાન, ઔષધ તથા સ્નાન–પાણીના વર્ણનો ખૂબ જ વિસ્તારથી કરાયેલા છે. તેમ છતાં તે સાધનો ભાડુતી હોવાથી ક્ષણસ્થાયી અને વિજળીના ચમકારા જેવા છે. જ્યારે યુગલિકો પાસે અકૃત્રિમ (સહજ) સાધનો હોવાથી વધારેમાં વધારે સુખી, શાન્ત અને સમાધિ-વાળા છે. જ્યારે આવશ્યક કે અનાવશ્યક પૌદ્ગલિક સાધનોમાં રહેનારા શ્રીમંતો સુખી નથી, રોગરહિત નથી, હસમુખા નથી અને સમાધિથી હજારો માઇલ દૂર છે. માટે માનસિક અને શારીરિક દૃષ્ટિએ વધારે દુઃખી છે, રોગિષ્ટ છે, શોક સંતાપી છે અને આકાશ જેવી આશા તૃષ્ણાને કારણે તેમને

કયાંય સંતોષ ન હોવાથી ચક્રવર્તીઓ–તેમની રાણીઓ છેવટે ધનિકો અને તેમની શેઠાણીઓનું જીવન ન મળ્યાનું દુઃખ, ઓછું મળ્યાનું દુઃખ, વધારે પુત્રો હોય તો પણ દુઃખ, પુત્રીઓ વધારે હોય તો પણ દુઃખ, આ પ્રમાણે તેઓ સુખનો શ્વાસ મેળવી શકતા નથી. જ્યારે યુગલિયાઓ બધીય પીડાઓથી મુક્ત છે. કેમકે તેઓ સદૈવ પ્રકૃતિની ગોદમાં વસેલા છે. માટે શરીરની મજબુતાઇ, સુંદરતા અને પવિત્રતા તેમને પ્રાપ્ત થયેલી છે. બનાવટી પફ–પાઉડર, લિપસ્ટિક, ફેશન તેમજ ઢગલાબંધ વસ્ત્રોના ભરાવાની આવશ્યકતા નથી. મકાન–બંગલા, ફર્નીચર, મોટા મોટા કાચ, સોફા આદિની તેમને મુદ્દલ જરૂર નથી. ખાવાપીવા માટેની જુદી જુદી વાનગીઓ માટે તેમને તોફાન કરવાના નથી, મસ્તી કરવાની નથી, તેમ વેઢમી, ઓસામણ, અડદ, મગ કે તુવેરની દાળ, દહીવડા, બટાકાવડા, ભેળપુરી કે પાતળા પાતળા ફૂલકા, સેવ, પાતળી સેવ, બીકાનેરી સેવ, ભાવનગરની બદામ પુરી, સુરતની ઘારી, બંભાતની સુતરફીણી આદિની ત્યાં મુદ્દલ જરૂર નથી. નાની મોટી ગોદરેજની તીજોરી–કબાટ, વગેરેની આવશ્યકતા એટલા માટે નથી કે ત્યાં પરિગ્રહ નામનો ભૂત બુદ્ધદેવના શૂન્યવાદ જેવો છે. આ કારણોને લઇ ત્યાં કોઇનો કોઇની સાથે સંબંધ નથી, વૈર–વિરોધ નથી. દંત ક્લેશના તોફાનો પણ નથી. માટે સર્વથા સ્વતંત્ર, નિર્દ્વન્દ્વ અને પૌદ્ગલિક વસ્તુઓના સંગ્રહની આશા વિનાના છે. એક જ યુગલ સંતાનની પ્રાપ્તિ થવાનાં કારણે તેમના શરીરમાં કયાંય ફીકાશ, બીમારી, કમરનો

દુઃખાવો, ડાયાબીટિસ(મિઠ્ઠી પેશાબ), દમ, ઉધરસ, મોટી ઉધરસ, ક્ષય, હાર્ટ ટ્રબલ, થાક, બ્લડપ્રેસર, શરીરની સ્થૂલતા, હાડકાનો દુઃખાવો જેવા અસાધ્ય, કષ્ટ-સાધ્ય રોગોથી તેઓ દૂર છે. આનાથી વિપરીત જ્યાં સંતાનોની ભરમાર છે, તેની ઝંખના છે, તે માટે ગમે તેવા ઔષધો, નશાની દવાઓના ઉપભોગ-પૂર્વક મનની ગંદી ભાવના અને સ્વાર્થી ભાવનાઓથી જેમના જીવનમાં મૈથુનકર્મની લાલસા છે, તીવ્ર લાલસા છે, તેવા સ્ત્રી અને પુરૂષોને જ બધીય જાતની વ્યાધિઓ છે અને તેમની દવાદારૂ કરાવવામાં આર્તધ્યાન છે. જ્યારે યુગલિઆઓ તેનાથી સર્વથા મુક્ત છે. મૃત્યુ સમયે પણ તેમને વ્યાધિ નથી, પીડા નથી. કેવળ યુગલમાં એકને છીંક અને બીજાને બગાસુ આવતાં જ તથા પોતાની પાછળ એક યુગલને મૂકી મૃત્યુ પામે છે અને નિયમા એટલે કોઇની રોકટોક વિના દેવલોકના માલિક બને છે.

જ્યારે રાજા-મહારાજા, કરોડાધિપતિઓ, તેમની શેઠાણીઓ, લક્ષાધિપતિઓ, જેઓ શ્રીમંતાઈ અને સત્તાના ઘમંડના નશામાં પોતાની મૂંછ પર લીંબુ લટકાવીને ગર્વ લે છે, તેઓને માટે સાતમી નરકનું દ્વાર પણ ઉઘાડું જ છે. ચક્રવર્તીઓ યદિ સમજદારી અને જ્ઞાનપૂર્વક મૈથુન-લાલસાનો ત્યાગ કરી, શ્રમણધર્મનો સ્વીકાર કરે તો મોક્ષ કે દેવગતિ નિયમા છે, અન્યથા નરક તેમના ભાગ્યમાં શેષ રહે છે.

યુગલિયાઓ માટે ઉપરના કારણોને લઇને કદાચ કોઇ અનુમાન લગાવે કે યુગલિક પુરૂષો પાસે જ્યારે કંઈ

નથી તો મનમાની સ્ત્રીઓ પણ તેમને નહિ મળતી હોય, કદાચ મળતી હશે તો પુરૂષોને પસંદ નહિ પડતી હોય ઇત્યાદિ વિચારો ભ્રમજનક છે. કેમકે શ્રીમંતોનું મૈથુનકર્મ અપ્રાકૃતિક એટલા માટે છે કે તેને પ્રાપ્ત કરવા માટે અને શરીરમાં શક્તિનો સંચાર કરવા માટે મૈથુનકર્મમય બની અત્યંત નિકૃષ્ટ, અભક્ષ્ય અને અપેય ખાનપાન, સિનેમાના ગંદા ચિત્રો તથા કથાનકો તથા પોતાના રંગમહેલોને કામુકી ભાવનાથી તેવા પ્રકારે શણગારી લીધા પછી ઉત્પન્ન થયેલી કામવાસનાને સંતોષવી પડે છે. તેમાં અધ્યવસાયોની ખરાબીને નકારી શકાય તેમ નથી. જ્યારે યુગલિયાઓનું જીવન પ્રાકૃતિક હોવાથી ગંદી ભાવના વિનાનું છે.

હવે તેમની સ્ત્રીઓ કેવી હશે? તેનું વર્ણન કેવળ-જ્ઞાનના માલિક, ચરાચર સંસારને પ્રત્યક્ષ કરનારા સુધર્મા-સ્વામી વિસ્તારપૂર્વક કરે છે.

યુગલિક સ્ત્રીઓનું વર્ણન :-

અનંતાનુબંધી કષાયના અભાવમાં સમ્યક્ત્વની કે ઔપચારિક વ્રતોની કલ્પના કરીએ તો પણ વાંધો નથી અને જીવવિશેષને લઇને કરીએ તો પણ વાંધો નથી, છતાં પણ તેવા જીવો ભદ્રિક પરિણામી, સ્વચ્છ હૃદયી, પાપની ઘૃણા અને સંતોષી હોઈ શકે છે, તેમાં મતભેદને અવકાશ નથી. સાથો સાથ વધારે જાણવું હોય તો અનંતાનુબંધી કષાયના માલિકો પ્રાયઃ કરી સમ્યક્ત્વશીલ નથી હોતા માટે તેમનાં જીવનમાં

વ્રતોની મર્યાદા, પાપ ભીરૂતા, સ્વચ્છતા, આંખોની નિર્વિકારિતા આદિ ઉમદા તત્ત્વો નથી હોતાં તેમ માનવામાં કોઇને પણ બાધ આવવાનો નથી. યુગલિક પુરૂષ અને સ્ત્રીના જીવનમાં અનંતાનુબંધી કષાયો ઉપશમિત હોવાના કારણે જ તેઓ દુર્ગતિમાં કયારેય જતા નથી પણ દેવગતિમાં જાય છે. આ કારણે જ યુગલિક સ્ત્રીઓ ઘણી જ શાન્ત અને દેખાવમાં સૌમ્યાકારની હોય છે. તેમના અંગો સુંદરતમ અને ઘાટિલા, કયારેય થાક ન લાગે તેવા મજબુત પગોવાળી, આંગળીઓ સરળ, કોમળ અને પુષ્ટ છે. નખો મધ્યમાં ઉન્નત, પાતળા અને લાલરંગી છે. બંને જંઘા ગોળ, રોમ વિનાની અને સુંવાળી તથા શીતળ હોવાથી સર્વપ્રિય બનવા પામે છે. ઢીંચણ (ઘુંટણ) સુડોળ, પ્રમાણસર અને ગૂઢ હોય છે. સાથળો કેળવૃક્ષના સ્તંભ જેવી, સુન્દરાકાર અને ઘાવ આદિના નિશાન વિનાની ગોળ અને હાથીના સૂંઢ જેવી હોય છે. કમર પાતળી, સુંવાળી અને મુષ્ટિ ગ્રાહ્ય હોય છે. નિતંબ પ્રદેશ (કુલા) વિશાળ, માંસલ, પુષ્ટ અને શિથિલતા વિનાનો છે. ઉદર વજ્ર જેવું સુન્દર, મધ્યમાં પાતળું તથા સત્ લક્ષણોથી લક્ષિત છે, મતલબ કે તેમનું પેટ પાતળુ છે, પેટ પર રહેલી ત્રણ રેખા (ત્રિવલી)થી સુશોભિત તેમનું પેટ છે. ત્યાં રહેલી રોમરાજી સરળ, સરખી, ઘન, પાતળી, કાળા રંગની, સુંવાળી અને પ્રશસ્ય છે. નાભી (ડુંટી) ગંગા નદીમાં રહેલ વમળ જેવી વિકસિત અને કમળની જેમ ગંભીર હોય છે. ઉદરની બંને બાજુની કુક્ષિઓ એક સમાન, પ્રશસ્ત પુષ્ટ અને સુન્દર છે.

પીઠના તથા છાતીના હાડકા અદૃશ્ય છે. બંને સ્તનો ગોળાકાર, ઉન્નત, સુવર્ણ કળશ જેવા, ઉંચાઈમાં એક સમાન કઠણ અને નીચેની તરફ ઝુકેલા ન હતાં, સ્તનનો અગ્ર ભાગ (ડિંટી-દૂધનું સ્થાન) મનને ગમી જાય તથા શ્યામ મુખવાળો હતો. સર્પની જેમ ક્રમશઃ પાતળી થતી બંને ભૂજાઓ ગાયના પૂંછની જેમ ગોળ હતી તથા ઘુંટણ સુધી દીર્ઘ હતી. હાથની આંગળીઓ ગોળ હતી. પંજો માંસલ હતો. હાથની રેખાઓ સારી અને સ્પષ્ટ હતી. સૂર્ય રેખા, ચન્દ્ર-શંખ-ચક્ર-સ્વસ્તિક આદિ રેખાઓથી સુશોભિત હતી. નાભીની નીચેનો ભાગ પુષ્ટ અને ભરાવદાર હતો. શંખ જેવી ગ્રીવા દાઢીની નીચેનો ભાગ માંસલ, નીચેનો હોઠ દાડમના પુષ્પ જેવો લાલ, પુષ્ટ અને સહજ સુન્દર હતો, ઉપરનો હોઠ પણ સુન્દર હતો. તેમના દાંતો કુંદ પુષ્પ જેવા, દહીં જેવા, ગાયના દૂધ જેવા ઉજળા હતાં. જીભ લાલ અને સુકુમાર હતી. તેમની નાસિકા કરેણુની કળી જેવી અકુટિલ અને ઉન્નત હતી, બંને આંખો કમળ-પદ્મની પાંખડી જેવી નિર્મળ, ઉજ્જવળ અને મનોહર હતી. બંને કાન સરસ અને શ્રવણશક્તિ ઘણી સારી હતી. ચાર આંગળ વિસ્તૃત લલાટ છે. શરદ્ પૂર્ણિમા જેવું મુખ છે. છત્રની સમાન ઉન્નત મસ્તક છે. માથાના વાળ કાળા ભ્રમર અને આષાઢી વાદળા જેવા કાળા તથા પાતળા અને લાંબા છે. વાણી કોયલ જેવી, ચાલ હંસ જેવી, સૌને પ્રિય લાગતી હતી. તેમના શરીરમાં કયારેય પણ કરચલીઓ પડતી નથી, વાળ સફેદ થતાં નથી, શરીરમાં ખોડ ખાંપણ નથી, વિરૂપતા મુદ્દલ

નથી, વ્યાધિ નથી, બાધા નથી. તેમ વૈધવ્ય દોષથી હજારો માઇલ દૂર છે. મનુષ્યો કરતાં ઉંચાઇ કંઈક ઓછી હોય છે. વેષભૂષા અત્યંત શૃંગારપૂર્ણ હોય છે. તેમનાં સ્તનો, જંઘાઓ, સાથળો, મુખ, હાથ, પગ અને આંખો અત્યંત સારી અને સૌને દર્શનીય હોય છે. તેમનામાં લાવણ્ય, રૂપ, યૌવન અને જીવનતત્ત્વના ગુણો અસાધારણ અને સાહજિક છે. શરીરની વિશિષ્ટ સુંદરતાને લાવણ્ય કહેવાય છે. જે સમસ્ત અવયવોની સુંદરતામાં વધારો કરનાર છે. નંદનવનમાં ફરનારી અપ્સરાઓ જેવી, ઉતરકુરૂની ભૂમિમાં ઉત્પન્ન થયેલી તે યુગલિક સ્ત્રીઓ જાણે મનુષ્યરૂપિણી અપ્સરાઓ છે. તેમનાં સૌન્દર્ય, દેહયષ્ટિ, ચાલ, ભાષા અને વેષભૂષા અત્યદ્ભુત છે, જોવા લાયક છે. અભૂતપૂર્વ રૂપ છે. ત્રણ પલ્યોપમની આયુષ્ય મર્યાદાવાળી છે.

આ રીતની સૌન્દર્ય સમ્પન્ન તે સ્ત્રીઓ જીંદગીના છેલ્લા ક્ષણપર્યંત કામભોગોમાં મસ્ત રહેવા છતાં પણ તૃપ્ત થતી નથી, સંતોષ મેળવી શકતી નથી, શરીરની ભૂખ પૂર્ણ થઈ શકતી નથી અને કામવાસનાની ભાવનામાં જ મૃત્યુ પામી દેવલોકવાસિની બનવા પામે છે. સારાંશ કે સર્વથા સ્વતંત્ર કામવિલાસોના માલિક યુગલિઓ પણ મૈથુનકર્મથી તૃપ્ત થતાં નથી.

મૈથુનકર્મી આત્મા કેવા પ્રકારના ફળો મેળવશે ?

મૈથુનકર્મનું સ્વરૂપ, પર્યાયો આદિને કહ્યાં પછી આર્ય સુધર્માસ્વામીજી જમ્બૂસ્વામીને કહે છે કે, હે જમ્બૂ ! સમવસરણમાં બિરાજમાન થઇને પરમાત્મા શ્રી મહાવીરસ્વામીએ

"અબ્રહ્મ(મૈથુન)નું સેવન કઈ કઈ રીતે કરાય છે અને તેના ફળો કેટલા ભયંકર હોય છે." મૈથુનકર્મ, મૈથુનસંજ્ઞા, વિષય-વિલાસની ઉન્મતતા અને તે માટે કરેલા મર્યાદાભંગના કડવા, મહા કડવા ફળોનું વિવરણ હવે હું તને કહી સંભળાવું છું, તે ધ્યાન દઈને સાંભળજે.

(૧) મેહુણસન્ના સંપગિદ્ધા :-

આ સામુહિક પદમાં મૈથુન, સંજ્ઞા અને સંપ્રગૃદ્ધા, ત્રણ શબ્દો છે. તેનો અર્થ મૈથુનકર્મની સંજ્ઞામાં અત્યંત આસક્ત થાય છે. મૈથુનની વ્યાખ્યા કરાઈ ગઈ છે. જેને ખણુજ (ખાજ, ખુજલી)ની ઉપમા દેવામાં આવી છે. શરીરનો પરસેવો અને પાણીના વિકારથી માનવના ગુપ્તાંગમાં કે હાથના આંગળા-ઓમાં ખણુજ થાય છે. તેની ખણુજ એટલી બધી મીઠી હોય છે કે તે માનવ છેવટે લાકડાના ટૂકડાથી કે લોખંડના ટૂકડાથી ખણવા માંડે છે ત્યારે તેને બહુ જ ગમતી હોય છે. પરન્તુ તેમાંથી જ્યારે લોહી નીકળે છે, ત્યારે તેની બળતરા ઘણીવાર અસહ્ય બને છે. તેવી રીતે "મિઠો લાગે રે તે ધૂરે, પરિણામે અતિ ક્રૂર." મૈથુનકર્મ ભોગવતા જ સારા લાગે છે. પણ તે સમયના આત્માના અને મનના અતિશય ક્લિષ્ટ પરિણામો અને તેનાથી ઉત્પન્ન થતાં હિંસાદિ ક્રૂર પરિણામો જ્યારે ભોગવવાનો અવસર આવશે ત્યારે આત્માની થતી દશાને કેવળી ભગવંતો સિવાય બીજો કોઈ જાણી શકે તેમ નથી. તે કારણે આ કર્મને પાપ કહ્યું છે, જે સર્વથા કે અલ્પાંશે પણ ત્યાજ્ય છે. અન્યથા તેની સંજ્ઞા (વાસના) આત્માના

પ્રદેશો સાથે ચોલ મજીઠીયા રંગ જેવી લાગી ગઇ તો તે સર્વથા દુઃસાધ્ય બનતાં માનવના સત્કર્મોને બગાડ્યા વિના રહેશે નહિ. માટે જ આહાર–ભય–મૈથુન અને પરિગ્રહમા જકડાયેલો જીવાત્મા, જેમ બીલાડીના મુખમાંથી કબૂતરનો બચાવ અશકય છે તેમ જીવાત્માને પણ અનંત ભવોની રખડપટ્ટીમાં યમરાજનો માર ખાવાનું, રીબાતાં રીબાતાં જન્મવાનું, મોટા થવાનું અને મરવાનું જ ભાગ્યમાં રહેવા પામશે. ચારે સંજ્ઞામાંથી મૈથુનસંજ્ઞા એટલા માટે ભયંકરતમ છે, તેમાં ફસાયેલો જીવ આહારસંજ્ઞાને આમંત્રણ દેતાં જૂદી જૂદી જાતના મિષ્ટાન્નો, રસાયણો તથા તેને પચાવવા માટે અભક્ષ્ય પેયોનો ગુલામ બનશે, અને તે ખર્ચને પહોંચવા માટે પરિગ્રહ સંજ્ઞા જીવતી ડાકણની જેમ મોઢું ખોલીને તૈયાર જ બેઠેલી હોવાથી ખોટા તોલ–માપ–વ્યાજના ગોટાળા–સેળભેળ–દાણચોરી આદિમાં ફસાઇને પરિગ્રહ વધારવા માટે ધમપછાડા કરશે અને ત્યાર પછી રાજાઓ દ્વારા, ચોરો દ્વારા કે અગ્નિ દ્વારા શકય બનનારી ભયસંજ્ઞામાંથી કોઇનો પણ છુટકારો શી રીતે થશે ? માટે જ કેવળી ભગવંતોએ કહ્યું કે, દેવદુર્લભ માનવ અવતારમાં તપ, ત્યાગ અને સંયમાદિ ભાવોથી મૈથુનસંજ્ઞાને ન દબાવી શકયા તો તે ભવાન્તરમાં પણ નડ્યાં વિના રહેવાની નથી. ફળ સ્વરૂપે જીવાત્માની મૈથુનસંજ્ઞામાં અત્યાસક્તિ મૈથુને મૈથુને વધતી જ જાય છે. અને મોહ–માયા તથા અજ્ઞાનાન્ધકારમાં ફસાઇ ગયા પછી, પુરૂષાર્થથી ઉપાર્જન કરેલા વિનય–વિવેક, સત્ સંસ્કારો અને પુણ્યકર્મોથી હાથ ધોઈ નાખ્યા વિના બીજો માર્ગ નથી.

(૨) સત્થેહિં હણંતિ એકમેક્કં :-

પોતાની મૈથુન સંજ્ઞાની પૂર્તિ થવાના સમયે વિઘ્નો કરનારને હાથમાં આવેલા ગમે તે શસ્ત્રોથી માર્યા વિના રહેતો નથી. કારણ કે લોહીની બુંદબુંદમાં વાસિત થયેલી મૈથુન-સંજ્ઞામાં ઓતપ્રોત થયેલો આત્મા તે સમયે સદ્‌બુદ્ધિ દેનાર વડિલ, ગુરુ કે મિત્રને પણ પાકો દુશ્મન સમજનાર બીજાને માર્યા વિના શી રીતે રહેશે ?

(૩) વિસયવિસસ્સ ઉદીરણસુ અવરે પરદારેહિં રમંતિ :-

ગંદુ સાહિત્ય, મિત્ર, કથા, સહવાસી, ચિત્રો આદિના અભિશાપે મૈથુનભાવ જેમ જેમ ભડકે છે તેમ તેમ સ્ત્રીઓને, તેમની વેષભૂષાને, શૃંગારને, મેકઅપને તથા ચાલને જોઇ જોઇ અતિ મૂઢ, વિવેક પતિત તે માનવ તે સ્ત્રીઓને સ્વવશ કરવાના પ્રયત્નો આદરે છે અને ઘણીવાર બને છે તેમ પરસ્ત્રીઓના હાથે, વિષપ્રયોગથી, શસ્ત્રપ્રયોગથી કે બીજા કોઇ પ્રયોગથી તે ભાઇને વિના મોતે મૃત્યુનો ઘાટ જોવો પડે છે અથવા બીજા ગુંડાઓ દ્વારા તે સ્ત્રી તેને મારવાનું કારણ બને છે અથવા સ્ત્રીનું શરીર શિકાર હોવાથી તેને વશ કરનારો જ્યારે જાણી લે છે કે મારા શિકાર પર તે ભાઇ ડોળા રાખી રહ્યો છે ત્યારે તેના હાથે પણ મેથીપાક ખાધા વિના બીજો માર્ગ નથી. ઇતિહાસના પાના જ સાક્ષી આપે છે કે કેટલીક વાર મેથીપાક જ મોતનું કારણ બને છે.

(૪) વિસુનિયા ઘણનાસં સયણવિપ્પણાસં પાઉણંતિ :-

પરસ્ત્રીને વારંવાર જોવી, તેની સાથે વાર્તાલાપ કરવો, મશ્કરી કરવી, હસવું તથા છેવટે ભોગવિલાસ કરવાના ઇરાદા રાખનારા કેટલાક માનવો જગતની બત્રીસીએ ચડ્યા વિના રહેતા નથી. તો પણ " લખણ ન બદલે લાખા.... " આજે શિકાર પાંજરામાં નથી આવ્યો, તો કાલે આવશે, અથવા પરમ દહાડે તો મારી જૂજમાં સમાઈ ગઇ સમજજોને. આવા ખ્યાલાતોમાં ને ખ્યાલાતોમાં તેની પાછળ હજારો-લાખો રૂપીઆ સાથે પોતાની, પોતાના ખાનદાનની ઇજ્જત-આબરૂનો પણ વ્યય કરી દે છે. આમ જૂઠ-પ્રપંચ, કાળાબજાર અને દાણચોરી આદિના પાપથી કમાયેલું દ્રવ્ય પરસ્ત્રીગમનના મહા-પાપમાં હોમાઈ ગયા પછી પોતાના માથા પર ડબલ પાપનો ભારો ન છુટકે સ્વીકારી લે છે. કરેલ-કરાવેલ અને અનુમોદેલ એક પાપથી પણ છુટકારો મેળવતાં કેટલાક ભવો બગડી જતા હોય તો ડબલ પાપોને ભોગવતાં તેની દશા કેવી થશે ? ગમે તે કારણે પડેલી આદતો એટલી બધી ખતરનાક હોય છે, જેના પરિણામે ઘરમાં રહેનારી તેની ભાભીઓ, સાળીઓ, સહપાઠિનીઓ કે શિષ્યાઓ પણ તે લંપટને છોડી દે છે. પેઢી દર પેઢીથી ચાલતી આવતી શ્રીમંતાઇમાં ઘાટો આવવાના બે કારણો છે. એક તો ખાનદાનીમાં ગુપ્ત વ્યભિચાર અને બીજુ દંત કલેશ-જીભા જોડી. આ બે દોષોના કારણે જ માનવને શ્રીમંતાઈ, સત્તા કે ઇજ્જતથી હાથ ધોવાનો અવસર

આવે છે. મૈથુનકર્મમાં સંતપ્ત થયેલાઓ પોતાના પિતાની મિલ્કતનો પણ ચપટી વગાડતાં નાશ કરે છે અને પોતાના સ્વજનોને પણ મારી નાખે છે. પશુ અને પક્ષીઓમાં પણ આ દુષ્કૃત્યનું પરિણામ આપણે સૌ જોઇએ છીએ કે બકરી, ગાય, હરિણી, ઘોડી, હાથિણી, વાંદરી કે ભેંસ એક જ હોય છે ત્યારે તેને સ્વવશ કરવા માટે બે બકરા, બે સાંઢ, બે હરિણ, બે ઘોડા, બે હાથી, બે વાંદરા અને બે પાડા કે કૂતરા આપસમાં ખુનખાર યુદ્ધ કરીને તથા બીજાને મારીને પોતાની પ્રેમીકાને પોતાના કબજે કરે છે. સારાંશ કે જાનવરો પણ પોતાની પ્રેમિકા સાથે બીજો પશુ મૈથુન કરતો હોય તો તેને માર્યા વિના રહેતો નથી. પંખીઓમાં પણ આ યુદ્ધ જોવાય છે. તો પછી માનવ જેવો માનવ પોતાની સ્ત્રી સાથે બીજા માનવને શી રીતે સહન કરશે? અથવા સ્ત્રીને કે પુત્રીને પ્રલોભન દઇને ફસાવનાર પ્રત્યે શી રીતે સહિષ્ણુ બનશે? આજે આખાય સંસારમાં કે કુટુમ્બમાં ઘર કલેશોના મૂળ કારણમાં આ પાપ સંસ્કારો જ કામ કરી રહ્યાં છે. ગત ભવોમાં કે આ ચાલુ ભવમાં પરસ્ત્રીગમનનો ત્યાગ નહિ કરનાર માનવના પાપ સંસ્કારોને કોણ દબાવી શકશે? આ કારણે જ પરસ્ત્રીના ત્યાગ વિનાના માનવો મૈથુનમાં આસક્ત રાખનારા હોવાથી આખાય સંસારના શત્રુ બને છે. તો પછી મિત્રો, સગા ભાઇઓ, સાહુઓ કે પાડોશીઓનો શત્રુ બને તેમાં શું આશ્ચર્ય?

(૫) સમયધમ્મે ગણેય ભિદંતિ :-

પરસ્ત્રી પ્રત્યેના પ્યાર-મોહ-ચેષ્ટા અને વાસના આદિના કારણે માનવના આન્તરિક જીવનમાં તેવા પ્રકારનો મોહ-પ્રમાદ અને તેની પૂરતી ન થાય તો કષાયભાવોનો પ્રવેશ થતાં જ ભૂતકાળમાં લીધેલી સત્કાર્યો માટેની પ્રતિજ્ઞાઓ ધીમે ધીમે શિથિલ બનતી જાય છે. સિદ્ધાન્તોની શ્રદ્ધા ઘટવા માંડે છે. ગુરુઓનું તથા વડિલોનું બહુમાન પલાયન થતું જાય છે. શ્રુતધર્મ તથા ચારિત્ર પરની શ્રદ્ધેય ભાવના ડગમગ થાય છે અને એક દિવસ એવો પણ આવી જાય છે કે જે ગણમાં, ટોળામાં, મંડળમાં કે સમુદાયમાં હોઇએ તેના કાયદાઓને પણ તોડીને એકના બે ટૂકડા કરાવી દેવાય છે.

(૬) ધમ્મગુણરયા ય બમયારી ખણેણ ચરિત્તાઓ ઉલ્લોટતિ :-

સદ્‌ગુરુઓના સેવનથી, ઉત્તમોત્તમ સ્વાધ્યાયથી પ્રાપ્ત થયેલ પુરૂષાર્થબળથી, પૂર્વના પુણ્યોદયે પ્રાપ્ત થયેલા ધાર્મિક ભાવોથી, મર્યાદિત કે પૂર્ણરૂપે થયેલી બ્રહ્મચર્યની ભાવનાઓથી, પ્રાપ્ત થયેલા અને ટકાવી રાખેલા ચારિત્રપર્યાયો પણ ઉદીર્ણા કરીને ઉદયમાં લાવેલા મૈથુનપાપના કારણે એક જ ક્ષણમાં નાશ પામે છે. આ સૂત્રથી આપણે મૈથુન અને મૈથુનસંજ્ઞાનો તફાવત સમજી શકીએ છીએ કે મૈથુનનો પૂર્ણવિરામ છઠ્ઠે ગુણસ્થાનકે પગ મૂકતાં જ થઇ જાય છે. કેમ કે સાધુતા, મુનિતા કે સમિતિ-ગુપ્તિ ધર્મને મૈથુનભાવ સાથે હાડવૈર છે. તેમ છતાં પણ મિથ્યાત્વના અણુઓ હજી સત્તામાં પડેલા હોવાથી મૈથુનસંજ્ઞા, પુરૂષવેદ કે સ્ત્રીવેદની

સત્તા પણ નકારી શકાય તેમ નથી. જે નવમા ગુણસ્થાનકે બિરાજમાન ચારિત્રધારીને ચલાયમાન કરવા માટે સમર્થ હોય છે, કેમ કે આ સ્થાને મૈથુનનો વિરામ છે પણ મૈથુન-સંજ્ઞાનો વિરામ નથી. માટે તેનો ઉદય થતાં જ તે સાધકનું આન્તરિક જીવન સર્વથા કમજોર બનશે. પરિણામે એક પછી એક મોહરાજાના સૈનિકોની છાવણીમાં સપડાઇ ગયા પછી તે સાધક ભ્રષ્ટ થયા વિના રહેતો નથી.

(૭) सुव्वया जसमंतो :-

વ્રતોની આરાધના દ્વારા યશસ્વી અને કીર્તિ સમ્પન્ન સાધકોને પણ સ્ત્રીઓના સહવાસે અથવા વ્રતધારિણી, યશસ્વિની સાધ્વીજી મહારાજોને પણ પુરૂષોના સહવાસે તેમના યશ અને કીર્તિમાં કાલિમા અને ઝાંખપ લાગ્યા વિના રહેવાની નથી.

(૮) परदाराओ जे अविरया दुराराहगा भवंति :-

પરદારા અર્થાત્ લગ્ન સમયે પંચોની સાક્ષીએ જે સ્ત્રી સાથે હસ્તમેળાપ થયા હોય તેને છોડી બાકીની બધીય પર-સ્ત્રી કહેવાય છે. જેમાં વિધવા, કન્યા, સાળી, ભાભી, સહ-પાઠિની, વિદ્યાર્થિની છેવટે વેશ્યાગમન પણ જાણી લેવું. યદ્યપિ વેશ્યાનો માલિક કોઇ પણ ન હોવા છતાં માણસનું મન વાંદરા જેવું ચંચલ હોવાથી જે વેશ્યાગામી છે તેને પરસ્ત્રીગમન કરતાં કેટલી વાર? જે પરસ્ત્રીગામી છે તેને કન્યા કુમારીને ફોસલાવતાં કે સાળી તથા ભાભીની સાથે સંબંધ બાંધતા કેટલી વાર? અને આ પ્રમાણે લંગોટ છુટી રાખ્યા પછી સાથે ભણવાવાળી કે પોતાની પાસે ભણવાવાળીને

માયાજાળમાં ફસાવતા તેને પાપ લાગતું નથી. આ પ્રમાણે એક પગથિયાથી નીચે પડતાં તેને ઠેઠ નીચે આવતા પણ વાર લાગતી નથી. આ રીતે સદાચાર–સત્ય–સંયમ–એક પત્નીવ્રતથી મશ્કરીમાં પણ યદિ નીચે ઉતરવાનું થયું તો તે માનવ પાસે દુર્ગુણોનો બજાનો જ શેષ રહેવા પામશે. આ કારણે જ પરસ્ત્રીગામી પુરૂષ પરમ્પરાએ પણ પાપમાર્ગોનો શિકાર બની પોતાના આત્માને કચાંયનો પણ રહેવા દેશે નહિ, તથા શેરડીમાંથી રસ નીકળી જતા જેમ તેની દશા થાય છે તેમ શરીરમાં ભયંકર, અસાધ્ય, કષ્ટસાધ્ય રોગોની ઉત્પત્તિ થતાં મૃત્યુશય્યા બગડ્યા વિના રહેવાની નથી. ફળ સ્વરૂપે આરાધક બનવાના બદલે વિરાધક બનવાનો અવસર આવશે અને દુર્ગતિનું ભાજન બનશે.

(૯) કેઇ પરસ્સદારં ગવેસમાણા નરએ ગચ્છંતિ :–

વિષયવાસનામાં સર્વથા અંધ બનેલા કેટલાક જ્યારે પકડાઇ જાય છે ત્યારે તેમના ભાગ્યમાં સ્ત્રીના સગાઓ, બીજાઓ તથા પોલીસો પણ દોરડાથી, ડંડાથી કે લોખંડના સળીયાથી મારી મારીને અધમુઆ કરી દે છે. આવા જીવો મરીને નરકના અતિથિ બને છે.

કામદેવના નશામાં અંધ બનેલા ત્રણ ખંડના રાજા લંકાધિપતિ રાવણે સીતાનું અપહરણ કર્યું અને રામ–લક્ષ્મણના હાથે વિના મોતે મરીને નારક બન્યો.

ધાતકી ખંડનો રાજા પદ્મનાભ દ્રૌપદી પર કામાન્ધ બન્યો

અને તેનું અપહરણ કર્યું. નૃસિંહનો અવતાર લઈ કૃષ્ણ મહારાજાએ તેને મૃત્યુની કોટિમાં પહોંચાડી દીધો.

સુગ્રીવ રાજાની તારા રાણીને માટે સાહસગતિ વિદ્યાધરે બહુરૂપી વિદ્યા સાધી અને બનાવટી સુગ્રીવનું રૂપ લઈને આવ્યો. બંને સુગ્રીવો ખૂબ લડ્યાં, છેવટે રામચંદ્રજીના હાથે બનાવટી સુગ્રીવ માર્યો ગયો.

રક્તાસુભદ્રા, કૃષ્ણની બહેન હતી. અર્જુન પર આસક્ત થઈ અને છેવટે ધમસાણ યુદ્ધ ખેલાયું.

આ પ્રમાણે સુવર્ણગુટિકા, કાંચના, અહલ્લિકા, રોહિણી આદિ સ્ત્રીઓના કારણે યુદ્ધો ખેલાયા છે, જેમાં અગણિત માનવો માર્યા ગયા છે.

પરસ્ત્રીના કારણે ભૂતકાળમાં અને આજે પણ વૈર, વિરોધ, લડાઈ, મારફાડનો અભાવ નથી.

મૈથુનાસક્ત માનવોના બંને ભવ બગડી જાય છે. મહા મોહાન્ધ બની નરકમાં જાય છે. ત્યાંથી ત્રસ, સ્થાવર, સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત અવસ્થાના દુઃખો ભોગવે છે. ત્યાંથી નીકળીને અંડજ (ઈંડામાંથી ઉત્પન્ન થતાં જીવો), પોતજ (હાથી વગેરે), જરાયુજ (માનવ વગેરે), રસજ (પાકી ગયેલા ફળોમાં), પરસેવાથી (જૂ, લીખ વગેરે), સંમૂર્ચ્છિમ (દેડકા વગેરે), ઉદ્ભેજ (તીડ વગેરે), ઔપપાતિક (દેવ અને નારક)માં ઉત્પન્ન થાય છે, મરણ પામે છે. આ પ્રકારે લાંબા

કે ટૂંકા આયુષ્યની મર્યાદામાં અનાદિ અનંત ચાર ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરતાં પ્રત્યેક ભવોમાં યમરાજનો માર ખાતા રહે છે.

અબ્રહ્મનું ફળ ફરમાવતાં સૂત્રકાર કહે છે કે પ્રત્યેક ભવોમાં સુખ થોડું અને દુઃખ વધારે ભોગવવાનું, વધ, બંધન, જન્મ–મરણ આદિ મહા ભયમાંથી છુટી શકાતું નથી. કર્મનું બંધન, સ્થિતિ અને રસની તીવ્રતા વધારે રહે છે. તેનું ફળ અતીવ દારૂણ છે. દસ પ્રકારની ક્ષેત્ર વેદનાને ઉત્પન્ન કરતું હોવાથી કર્કશ છે. અસાતાવેદનીય કર્મનો બંધનો છે.

આ પ્રમાણે જ્ઞાતકુલ નંદન, ત્રિશલા પુત્ર, ભગવાન મહાવીરસ્વામીએ સમવસરણમાં બિરાજમાન થઈને બાર પર્ષદાની વચ્ચે જે કહ્યું હતું તે તને સંભળાવી રહ્યો છું.

ચોથું આશ્રવદ્વાર પૂર્ણ.

પાંચમું અધ્યયન : પરિગ્રહ

સૂત્ર રચયિતા શ્રી સુધર્માસ્વામીએ ચોથા અધ્યાયમાં અબ્રહ્મનું વિસ્તૃત વર્ણન કર્યા પછી પાંચમો અધ્યાય ફરમાવતાં કહે છે કે 'હે આયુષ્યમાન્ જમ્બૂ! અબ્રહ્મના સેવન માટે ખાનપાન, વસ્ત્ર, આભૂષણાદિની આવશ્યકતા અનિવાર્ય હોવાથી આ અધ્યાયમાં પરિગ્રહની ચર્ચા તને સંભળાવીશ. આશ્રવોની સંખ્યા પાંચની જ હોવાથી પરિગ્રહને છેલ્લા નંબરમાં મૂકવામાં આવ્યો છે. જે ગ્રહણ કરાય અને જેના પ્રત્યે મૂર્ચ્છાભાવ, મમત્વભાવ ઉત્પન્ન થાય તેને પરિગ્રહ કહેવાય છે. આનાથી જૈન મુનિરાજોને વસ્ત્રપાત્રાદિ, ધર્મોપકરણ, ધર્મારાધના માટે નિમિત્તભૂત હોવાથી, તેમને તે ઉપકરણો પ્રત્યે મૂર્ચ્છાનો અભાવ હોવાથી તેને પરિગ્રહ માનવાની ભૂલ કોઇએ કરવી નહિ. કેમકે શાસ્ત્રોમાં 'मुच्छा परिग्गहो वुत्तो' એટલે કે મૂર્ચ્છાને પરિગ્રહ કહેવામાં આવ્યું છે.

આત્માને ચારે તરફથી મૂર્ચ્છિત બનાવે તેને પરિગ્રહ એટલા માટે કહેવાય છે કે, આકાશમાં ભ્રમણ કરતાં નવે ગ્રહોને શાન્ત કરવા સરળ છે, પણ પરિગ્રહ નામના ગ્રહને વશ કરવો અતીવ કઠણ છે. માટે જ તેને મહા-વૃક્ષની ઉપમા દેવામાં આવી છે, જે આગળના વિશેષણોથી

તે કેટલીબધી સાર્થક છે તેનો ખ્યાલ આવશે. વૃક્ષને મૂળ–થડ–મોટી શાખા–નાની ડાળ, પાંદડા–પુષ્પ અને ફળો હોય છે. તેવી રીતે પરિગ્રહરૂપી વૃક્ષમાં પણ તે બધાય સંબંધોને શાસ્ત્રકાર પોતે જ ઘટાવી રહ્યાં છે.

પરિગ્રહનું સ્વરૂપ શું છે ?

ભવભવાન્તરમા ઉપાર્જિત કરેલી, પોષેલી, વધારેલી પરિગ્રહસંજ્ઞાના કારણે ચારે ગતિઓના જીવાત્માઓને જૂદી જૂદી વસ્તુઓને જોવાની, ખરીદવાની, સંગ્રહ કરવાની અને તે તે વસ્તુઓ પ્રત્યે માયા વધારવાનો ભાવ અનાદિ કાળનો છે. તે વસ્તુ કઈ કઈ ? જેના પ્રત્યે જીવાત્માઓને આકર્ષણ થાય છે, તે બતાવવા સારૂ કહે છે :–

જૂદા જૂદા પ્રકારના રંગબેરંગી ચન્દ્રકાન્તમણિઓ, સુવર્ણ–ચાંદી અને તેના જૂદા જૂદા ઘડાયેલા હાર–કંદોરા, બંગડી, ઝાંઝર, બટન, કડા, કુંડળ, કર્કતન–પરવાળા આદિ રત્નો. સુગન્ધી ગુલાબ, કેવડો, હીના આદિ અત્તરો. પુત્ર–પુત્રીઓને ખોળામાં રમાડતી ધર્મપત્નીઓ, પૌત્ર–પૌત્રી–ભાણેજ વગેરે પરિજનો. દાસ–દાસી, ઘરનું જૂદુ જૂદુ કામ કરનારા કારીગરો, ટાંટીયા તોડીને કામ કરનારા ચાકરો, હાથી–ઘોડા–ગાય–ભેંસ–ઉંટ–ગધેડા–બકરા–બકરી–ઘેટા, પાલખી–ગાડું–રથ–મોટર–સાઇકલ–સ્કૂટર–સ્યંદન (ઉત્તમ રથ), પલંગ, ગાદલા, રજાઈ, મચ્છરદાની, ટેબલ, ખુરશી, સોફા, આસન વગેરે ઘરમાં વપરાતુ રાચરચીલું. સુવર્ણ મહોરો

આદિ ધન, ખાવા માટે ચોખા (કેશરીયા ભાત, ખીર કે દૂધ-પાક માટે), મગ (ગરમાગરમ વડા ખાવા માટે), અડદ (ઢોકળા ખાવા માટે), ચોળા (દહીંવડાના ટેસ્ટ માટે), વાલ (રસ પુરીનો ટેસ્ટ માણવા માટે), મેંદો (પાણી પુરી, ખાજા, ઘેવર આદિની મજા લુટવા માટે) આદિ ધાન્ય, દૂધ (મલાઇ, બાસુદ્દી અને 'ચા' દેવીની આરાધના માટે) આદિ જૂદા જૂદા પ્રકારના ભોજનીયા જમવા માટે, રંગ બે રંગી વસ્ત્રો, ધાબળા, ઈટાલીયન રગ ઓઢવા માટે, અજબગજના સુગન્ધી દ્રવ્યો ગુલાબ-મોગરા-કુંદ-જાઇ-કેતકી અને કેવડાના પુષ્પો તથા તેની માળાઓ, ભોજન કરવા માટે થાળી, દૂધપાક કે ઓસામણના સ્વાદ માટે વાટકા-વાટકી, ઠંડા પાણીને પેટમાં પધરાવવા માટે ગ્લાસ-પ્યાલા વગેરે. મકાનમાં હવા તથા બે ઘડી બેસીને શહેરને જોવા માટે ઝરૂખા, બારીઓ અને અટારીઓની સગવડ, લેટેસ્ટ બંગલાઓ-ફ્લેટો ઇત્યાદિ પદાર્થોના ઉપભોગ માટે પરિગ્રહ વધારવાં જીવ માત્રને લાલસા, આકાંક્ષા, ઝંખના, ચાહના વગેરે રહે છે. તથા તે માટે પર્વતોમાં, નગરોમાં, શહેરોમાં, નિગમોમાં, દેશ પરદેશોમાં, બેડોમાં, ભીલ-મેણા, વાગરા, કસાઈ અને ગણિકાઓના સ્થાનોમાં, મડંબોમાં, બેડુતોના બેતરોમાં, પરિભ્રમણ કરી, સ્વપર ચક્રથી ભય રહિત ભૂમિ તથા ચક્રવર્તીપદ પ્રાપ્ત થયા પહેલા માંડલિક રાજા તરીકે અને તે પદની પ્રાપ્તિ પછી એક છત્ર ભૂમિ કબજે કરવા માટે છ ખંડનાં અપરિમિત ભોગ કરવા છતાં તથા પ્રાપ્ત ન થયેલી વસ્તુને રણસંગ્રામમાં

હજારો માનવોને, પશુઓને મૃત્યુના મુખમાં ધકેલી દેવાની અભિલાષાથી પણ સર્વથા અતૃપ્ત રહેનારા ચક્રવર્તી આદિ રાજાઓના જીવનની અતૃપ્ત વાસનાના શાપે પ્રાપ્ત થનારી દુર્ગતિ જ પરિગ્રહરૂપી વૃક્ષનું મૂળ છે. સારાંશ કે આર્ય સુધર્મા-સ્વામી પરિગ્રહને વૃક્ષની ઉપમા આપતાં સમજાવે છે કે આશા અને તૃષ્ણા આકાશ સમાન હોવાથી તેનો અંત કયારેય આવવાનો નથી, કેમકે લોભ સમુદ્ર સમાન અગાધ હોવાથી પૂરા સંસારના શહેનશાહ, પ્રધાનમંત્રી બની જઇએ કે કરોડો–અબજોની કિંમતના દ્રવ્યોની પ્રાપ્તિ થઇ જાય તો પણ–

" જો દસ વીસ પચાસ ભયે,
શત હોઈ હજાર તો લાખ મંગેગી;
કોટિ અરબ ખરબ અસંખ્ય,
ધરાપતિ હોને કી ચાહ જગેગી.
સ્વર્ગ પાતાલકા રાજ્ય કરૂં,
તૃષ્ણા અતિહિ આગ લગેગી;
' સુંદર ' એક સંતોષ વિના શઠ !
તેરી તો ભૂખ કભી ન ભગેગી. "

આવી પરિસ્થિતિમાં ભોગોપભોગ મેળવવાના દ્રવ્યો મેળવવાની ઝંખના કરવી, તેના માટે રાત–દિવસના ઉજાગરા કરી દોડા-દોડ કરવી, મેળવ્યાને સુરક્ષિત રાખવાની વ્યવસ્થા કરવી, તેને વધારવામાં લોહીનું પાણી કરવું ઇત્યાદિ કારણોથી તે તે વસ્તુઓ પરનો અસંતોષ ભાવ જ પરિગ્રહરૂપી વૃક્ષનું મૂળ છે.

જેના મૂળીયા ખૂબ જ મજબુત હોય છે. જે ગમે તેવા વાવાઝોડાથી પણ પડતાં નથી. માટે આત્મદ્રવ્યનો ખ્યાલ કર્યા વિના પૌદ્ગલિક સાધનોની અતૃપ્તિ જ પરિગ્રહ વૃક્ષનું મૂળ બને છે. ત્યારે તે જીવાત્માની પરિગ્રહસંજ્ઞા જીવતી રાક્ષસીની જેમ બેહદ વકરીને માનવનું પતન–સર્વથા પતન કરે તેમાં આશ્ચર્ય શું ?

(૨) लोभ कलि कसाय महक्खंधो....

વૃક્ષને મોટી મોટી શાખાઓ હોવાથી તેના દ્વારા વૃક્ષના જીવનને ખૂબ ટેકો મળે છે. આંબલી, વડ, પીપળ, બાવળ, આંબા, રાયણ અને લીમડાં આદિ મોટા મોટા વૃક્ષો હજારો વર્ષથી શાખાઓના બળે જ અડિખમ ઉભા રહેલા જોવાય છે. તેમ પરિગ્રહરૂપી વૃક્ષની લોભ, કલિ (ક્લેશ), ક્રોધ–માન–માયારૂપ કષાયો જ મોટી ડાળો છે, જે ધીમે ધીમે આત્માને ભાન ભૂલાવતા જાય છે, મોહ–માયાનું નાટક દેખાડતા જાય છે, અથવા લોભાદિના કારણે પરિગ્રહનો ભાવ જીવતો જાગતો જ રહે છે. ભવપરંપરાથી ઉપાર્જિત પરિગ્રહસંજ્ઞાને સાથે જ લઈને જન્મેલો માનવ જેમ જેમ મોટો થાય છે અને સંસાર પર દૃષ્ટિપાત કરે છે તેમ તેમ તે સંજ્ઞામાંથી લોભ નામનો રાક્ષસ–મહારાક્ષસ જન્મ લે છે અને જેમ જેમ "लाभे लोभो वधते" ભૌતિક પદાર્થો મેળવવા માટેના કાવાદાવા, છળ–પ્રપંચ, ચોરી–છીનાળવામાં ફાવટ આવતી જાય છે, તેમ તેમ આખા સંસારનું ધન પોતાની તિજોરીમાં લાવવા માટેની

આશા–તૃષ્ણા નામની જીવતી ડાકણો, ચન્તરીઓ, રાક્ષસીઓ માનવને સુખની નિદ્રા લેવા દેતી નથી, જ્યાં પોતાના સ્વાર્થમાં કચાંયથી વાંધો આવતો દેખાય, ત્યાં બોલ ચાલ, જીભાજોડી, ગાળાગાળી, ડંડાડંડી અને છેવટે સામેવાળાને ગુંડાઓ દ્વારા મોતના ઘાટે પણ ઉતારી દેવામાં પરિગ્રહના માલિક કે ગુલામને પાપ લાગતું નથી. આ કારણે જ લોભ, કલહ અને કષાયો પરિગ્રહવૃક્ષની શાખા સમાન છે.

(૩) चिंता सय निचियविउलसाली :-

પરિગ્રહ જેમ જેમ વધતો જાય છે, તેમ તેમ સંરક્ષણની તથા બીજા પ્રકારે પણ તેને વધારવાની, ફાવટ આવતી હોય તો તેના માટે ખોટા ખરા ધમપછાડા કરવાની ચિંતાઓ પણ સમુદ્રના તરંગોની જેમ વધતી જાય છે, જેમ કે આ કપડું બરાબર નથી, રંગ ગમતો નથી, દરજીએ સિલાઈ બરાબર કરી નથી. આ દાળ, રોટલી, ભાત આજે બરાબર બન્યા લાગતા નથી, આમાં મસાલો ઓછો છે, ઇત્યાદિ સેંકડો ચિંતાઓના જાળામાં તેને ફસાઈ જવા સિવાય બીજો માર્ગ નથી. માટે જ ચાલુ વિષયમાં પરિગ્રહને સાખાઓની ઉપમા દેવામાં આવી છે. ઝાડને જેમ શાખાઓ હોય છે તેમ પરિગ્રહધારી કયારેય નિશ્ચિંત થઈ શકતો નથી, ખાઇ શકતો નથી, ઊંઘી શકતો નથી, પોતાના વડિલો સાથે બોલતાં પણ તેના મગજમાં હજારો ચિંતાઓ રેસના ઘોડાઓની જેમ કૂદકા મારતી હોય છે, જેમ કે અત્યારે દુબઈનું પ્લેન આવી

ગયું હશે ? ડ્રાઇવર મોટર તૈયાર કર, મારે સ્ટેશને જવું પડશે. હીરાના પડિકાઓ લઇને મુનીમજી ફોરેનમાં ગયા કે નહિ ? આ રીતે ગમે ત્યારે જુઓ તે પરિગ્રહધારી લમણે હાથ દઇને બેઠો હોય છે, જે આર્તધ્યાનનું મૂળ કારણ છે.

(૪) गारवपविरल्लियग्गविडवो :-

પરિગ્રહની મસ્તીનો નશો ચડેલો માનવ જ્યારે જુઓ ત્યારે ઋદ્ધિગારવ, રસગારવ અને સાતાગારવના ખ્યાલાતોમાંથી બહાર આવી શકતો નથી. હીરા-મોતી, સોનું-ચાંદી-આભૂષણોના કબાટ અને તિજોરીઓ જોઈ જોઈ પોતાની ઋદ્ધિ માટે ગૌરવ લેતો હોય છે. મનગમતા-મીઠા-તીખા, ખાટા-ખારા, તળેલા ભોજનીયાના રસોમાં તેમને એટલો બધો મોહ-હોય છે કે ચોવીસે કલાક ખાવાના પદાર્થોનું વર્ણન તેમની જીભ પરથી બ્રોડકાસ્ટ થયા વિના રહેતું નથી.

પોતાના શરીરની, તેને રૂપાળું બનાવવાની તથા સશક્ત રહેવા પામે તેવા રસો અને રસાયણોની ચિંતામાં જ જીંદગી બની જાય છે. માટે પરિગ્રહરૂપી વૃક્ષને માટે ત્રણે ગારવો શાખારૂપ છે.

(૫) नियडितया पत्तपल्लवधरो....

સ્વાર્થાન્ધ, માયાન્ધ બનીને જૂદા જૂદા પ્રકારે કરેલા માયા મૃષાવાદ, છળ પ્રપંચરૂપ નિકૃતિ અર્થાત્ માયાચારી જ પરિગ્રહરૂપ વૃક્ષના પાંદડા, છાલ અને અંકુરા છે. સારાંશ કે

ગુપ્ત કે અગુપ્ત, થોડી કે વધારે, કંઇ પણ ન્યાય નીતિની મર્યાદા તોડ્યા વિના ભાવમાં, હિસાબમાં, વ્યાજમાં, તોલ-માપમાં, ભાવોની ફેર બદલીમાં કે સેળભેળમાં અથવા ભગવાનનાં, દેવ-દેવીના કે માતા-પિતાના સોગન ખાઈને માયામૃષાવાદ-પૂર્વક વિશ્વાસુઓની સાથે વિશ્વાસઘાત કર્યા વિના પૈસો, મોટર, બંગલો કે ફેશનાલિટીના ભરપુર સાધનો મળી શકતા નથી. "પૂર્વભવના પુણ્યથી સંપતિ મળે છે" આ તર્ક વજુદ વિનાનો એટલા માટે છે કે-જે માનવને પોતાના પુણ્યો પર વિશ્વાસ જ હોય તો તેમને છલ પ્રપંચાદિ કરવાની જરૂરત રહેતી નથી, પણ જોવામાં, અનુભવવામાં તેનાથી વિપરીત આવે છે. માટે પૈસો માયાચારી વિના મળતો નથી જે પરિગ્રહરૂપી વૃક્ષની છાલ, પાંદડા અને અંકુરા સમાન છે.

(૬) જસ્સ પુપ્ફફલં કામભોગા....

પરિગ્રહને તથા કામદેવને ઘનિષ્ઠ મિત્રતા રહેલી હોવાથી જેમ જેમ પરિગ્રહ વધવા માંડે છે, તેમ તેમ ઘરની ગાય-ભેંસોના દૂધ, માવા, મલાઇ અને ઘીમાં તરબોળ રોટલા-રોટલી, ચટકેદાર ફરસાણો, અત્યંત ઠંડા અને ઇન્દ્રિયોમાં તરાવટ લાવે તેવા શરબત આદિ પેયોથી તેમના પેટ ભરાતા જાય છે અને ઇન્દ્રિયોના ઘોડાઓ સશક્ત બનતા મરી ગયેલો કે મરવાની અણી પર આવેલો કામદેવ ફરીથી જાગૃત થતાં માનવ કામભોગોમાં બેભાન, બેમર્યાદ અને બેકરાર બને છે. આ કારણે જ જૈન સૂત્રકારો પરિગ્રહરૂપ વૃક્ષના પુષ્પો અને ફળોને કામભોગો સાથે સરખાવે છે, જે સાર્થક છે.

(૭) આયાસ વિસૂરણા કલહ કંપિયગસિહરો....

પરિગ્રહ વધારવાના શોખીનોને શરીર, વચન તથા મનનો પરિશ્રમ ખૂબ જ કરવાનો હોય છે. જેમકે આજે મુંબઇ, કાલે દિલ્હી, પરમ દહાડે ફોરેન (પાશ્ચાત્ય દેશો), ત્યાંથી કલકત્તા, મદ્રાસ. વળી કોઇક સમયે ૫-૨૫ હજારનો ઘાટો દેખાય કે લાખો રૂપીઆની કમાણી દેખાવવા માંડે ત્યારે નાકોડાના ભેરૂજી, વાલકેશ્વર કે નરોડાની પદ્માવતી અને છેવટે વાસક્ષેપથી માથું ભરાવ્યા વિના રહેતા નથી. વિસૂરણા એટલે માનસીક પીડા, જેમ કે નોકર-મુનીમ કે ભાગીદાર ફરી જશે તો ? આવકવેરાના ઇન્સ્પેક્ટરોને માહિતી આપી દેશે તો ? ગામડાના ઘરમાં દાટેલું અઢળક ધન કોઈ જોઇ ગયું હશે તો ? વકીલ કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જ ચાડી ખાઇ જશે તો ? આવા કારણે ચિન્તાતુર થયેલાઓ ઘણીવાર છુપાઇને ફરતાં હોય છે. કલહ એટલે જીભાજોડી-શંકાના પુલ પર ચડેલા પરિગ્રહધારીઓને ગમે તેની સાથે પણ કલહ કર્યા વિના ચાલતું નથી. ઇત્યાદિ પ્રસંગોથી પરિગ્રહરૂપી વૃક્ષના અગ્રભાગો સદૈવ કંપતા જ રહેતા હોય છે. વૃક્ષ જેમ સ્થિર નથી, તેમ પૈસાવાળાઓ પણ ધ્રુજતા જ રહે છે.

રાજાઓ, કર્મચારીઓ, અને ધનિકોને પરિગ્રહની માયા ખૂબ જ હોય છે. તેથી મોક્ષમાર્ગ પર આવવા માટે તેમનો વધારેલો પરિગ્રહ જ રૂકાવટ કરે છે.

卐 પરિગ્રહનું સ્વરૂપ સમાપ્ત થયું 卐

પરિગ્રહના પર્યાયો કયા અને કેટલા ?

પ્રાણાતિપાત (હિંસા), મૃષાવાદ (જૂઠ), અદત્તાદાન (ચોરી), અબ્રહ્મ (મૈથુન), આશ્રવોના જેમ ૩૦-૩૦ પર્યાયો બતાવવામાં આવ્યા છે, તેવી રીતે પરિગ્રહ આશ્રવને પણ ૩૦ પર્યાયો વિદ્યમાન છે. યદ્યપિ બધાય પર્યાયોનો ભાવ-તાત્પર્ય એક જ છે. તો પણ સંઘમાં રહેલા સાધકોનું મતિજ્ઞાન સ્થૂળ, સૂક્ષ્મ, આદિનું તારતામ્ય ધરાવતું હોવાથી કોઈને એક શબ્દથી જ તત્વજ્ઞાન થઈ જાય છે જ્યારે બીજાને જૂદા જૂદા પ્રકારે સમજાવવું પડે છે, અને ગુરુઓની પણ ફરજ છે કે દીક્ષિત શિષ્યને શિક્ષિત કરવા માટે તે જે રીતે સમજે તે પ્રમાણે સમજાવવાનો પ્રયત્ન કરે, પરિશ્રમ કરે. માટે આ પ્રસ્તુત પ્રકરણના પણ ૩૦ સંખ્યાના પર્યાયોને નીચે પ્રમાણે ક્રમશઃ વર્ણવવામાં આવ્યા છે.

(૧) પરિગ્રહ :-ચારે બાજુથી આત્માને ઘેરાવામાં લઈને મુંઝવી નાખે, ફસાવી મારે અને કર્મોની વર્ગણાઓથી ખૂબ જ વજનદાર બનાવીને દુર્ગતિમાં પટકાવી મારે તેને પરિગ્રહ કહેવામાં આવે છે. તે દ્રવ્ય અને ભાવ, અથવા બાહ્ય અને આભ્યન્તર રૂપે બે પ્રકારનો છે. ચૈતન્ય સ્વરૂપી આત્માથી સર્વથા પૃથક્ એટલે કે જેના વિના આત્માને તલ માત્ર પણ હાનિમાં ઉતરવાનું રહેતું નથી.

જે પર શબ્દથી ઓળખાય છે અને જે પર છે, તે બધાય પૌદ્ગલિક જ હોય છે. માન્યું કે જ્યાં સુધી આત્મા છદ્મસ્થ છે, ત્યાં સુધી પુદ્ગલોનો સહવાસ છુટી શકવાનો નથી. તો

પણ સહવાસ અને આત્મીયતા બંને જૂદા હોવાથી સભાન અને જાગૃત આત્મા પુદ્ગલોના સહવાસે રહેશે. તો પણ તેની સાથે આત્મીયતાના સંબંધથી સંબંધિત ન હોવાના કારણે ગમે ત્યારે પણ તે પુદ્ગલોને, તેના મોહને, માયાને ત્યાગી શકવા માટે કે અભ્યાસપૂર્વક ધીમે ધીમે પણ તેનો ત્યાગ કરવા માટે સમર્થ હોય છે, તથા ઘનિષ્ટતા એટલે આત્માને પુદ્ગલો સાથેની આત્મીયતા બંધાઈ ગઇ હશે, તો મધના વાટકામાં પડેલી માખીની જેમ આત્માની પણ તેવી જ દશા થયા વિના રહેવાની નથી. બાહ્ય કે દ્રવ્ય પરિગ્રહમાં ખાનપાન, વસ્ત્ર, મકાન, પશુ, દાસદાસી, પુત્ર પરિવાર આદિનો સમાવેશ થાય છે. જ્યારે આભ્યન્તર કે ભાવપરિગ્રહ ૧૪ પ્રકારના છે, જે કર્મજન્ય પણ છે અને કર્મજનક પણ છે. એટલે કે ભૂતકાળના કર્મોનો વિપાક (ફળ) અને ભાવિને માટે કર્મોનો ભારો ઉત્પન્ન કરાવનાર છે. મિથ્યાત્વ, ત્રણ વેદ, ચાર કષાય, હાસ્યષટ્ક રૂપે આભ્યન્તર પરિગ્રહ ૧૪ ભેદ છે. જેને કંઇક વિસ્તારથી જાણવાનો પ્રયાસ કરીએ.

(૧) મિથ્યાત્વ :-જે આત્માનો ગુણ નથી પણ પર્યાય છે અનન્તાનુબન્ધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન રૂપે કષાયના ચાર ભેદ છે. તેમાંથી ગમે તે કારણે ઉત્પન્ન થયેલા ક્રોધ-માન-માયા અને લોભનો નશો ઘણા વર્ષો સુધી છેવટે જીન્દગીની છેલ્લી ક્ષણ સુધી પણ ઉતરવા ન પામે તે અનન્તાનુબંધી કષાય કહેવાય છે, અને જ્યાં સુધી આનું જોર ઘટવા ન પામે ત્યાં સુધી મિથ્યાદર્શન પણ હટવાને માટે

ઇન્કાર કરે છે. જે આત્માનો ભયંકર રોગ–અઘાય પાપોનું મૂળ અને અન્ધકાર સમાન હોવાથી આત્માને પોતાનું મૂળ સ્વરૂપ ખ્યાલમાં આવતું નથી. માટે હિંસા–જૂઠ–ચોરી–મૈથુન–પરિગ્રહ જે પાપ જ છે તેને પણ ધર્મ માને છે. અસભ્ય–અસત્ય અને દુરાચારી જીવનને પણ સભ્ય–સત્ય અને સદાચારી માને છે. ભોગવિલાસોમાં પૂર્ણ મસ્ત હોવા છતાં પણ પોતાને ત્યાગી–તપસ્વી માને છે. આ બધાય મિથ્યાત્વના ફળો છે, જેને છોડવા માટે ભાવના નથી, શ્રદ્ધા નથી, પુરૂષાર્થ નથી. માટે તેવાઓનું આખુય જીવન આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમય રહે છે. 'આત્માની સાથે અનાદિકાળનો સહવાસી હોવાથી પરિગ્રહ છે.'

ત્રણ વેદ :–આઠે કર્મોમાં અત્યંત સશક્ત મોહકર્માન્તર્ગત વેદકર્મ છે, જેના કારણે મૈથુનકર્મની લાલસાનો પ્રાદુર્ભાવ થાય છે. જૈન શાસન સંસારના સંચાલનમાં તથા માનવની સારી–નરસી બુદ્ધિમાં કર્મસત્તાનું જ પ્રાધાન્ય માને છે. બેશક! પુરૂષવેદને પુરૂષલિંગનું, સ્ત્રીવેદને સ્ત્રીલિંગનું અને નપુંસકવેદને નપુંસકલિંગનું સાહચર્ય હોવું જરૂરી છે જે કર્મજન્ય છે. પરંતુ ઇશ્વરનું સૃજન નથી. અનાદિ કાળથી બેમર્યાદ બનેલું આ વેદકર્મ જિનેશ્વરદેવની આજ્ઞાપૂર્વક વ્રતધારી બન્યા પછી જ કંઇક મર્યાદામાં આવે, ત્યાર પછી મૈથુન સમયના ક્લિષ્ટ, નિર્ઘૃંસ તથા અશુભ લેશ્યામાં ફેરફાર થતાં તેવા કર્મોમાં રહેલી અત્યાસક્તિ ઘણી જ ઓછી થતાં મૈથુનકર્તાને કષાયોની સદ્ભાવના લગભગ નથી રહેતી. અન્યથા જેમના જીવન

વ્રતમય નથી તેમની મૈથુન માટેની અત્યાસક્તિ અશુભ અને અશુદ્ધ લેશ્યાઓ પાંચ પચીસ મિનિટના વિયોગમાં પણ હદ વગરના ધમપછાડા આદિના કારણે અનંતાનુબંધી કષાયોના ભાવ આવ્યા વિના રહેતા નથી. આ કારણે વેદકર્મને આભ્યન્તર પરિગ્રહમાં સમાવેશ કર્યો છે. દેશવ્રતધારીને પણ વેદનો ઉદય હોય છે પણ તેમાં અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની કષાયો હોવાથી તેનો પ્રતિકાર સુલભ બને છે. મહાવ્રતધારીને આ કર્મ ઉપશમિત હોય છે.

છ હાસ્યષટ્ક :–હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સા. આ છ કર્મો પણ મોહકર્માન્તર્ગત છે અને નોકષાયના નામે પ્રસિદ્ધ છે. ઘણા માણસો ભદ્રિક, સરળ, સાત્વિક, ધાર્મિક અનુષ્ઠાનોમાં શ્રદ્ધાવંત હોવા છતાં પણ તેમના જીવનમાં ગુપ્તપણે રહેલી મશ્કરી(હાસ્ય)ની આદત એટલી જબરદસ્ત હોય છે જેના પાપે કે અભિશાપે આખા સમાજને ક્લેશ–કંકાસની હોળીની બક્ષીસ દેનારી બની જાય છે. પોતાના અંગત સ્વાર્થના કારણે ન કરવાની મીઠી મશ્કરી કરવાની આદત તેમનામાં અન્વેડ હોય છે, માટે આવી આદતવાળા માનવો બહારથી ઉજળા હોવા છતાં આન્તર પરિગ્રહના માલિક બને છે. રતિ–અરતિના કારણે પણ બહારની દુનિયાનું નુકસાન થાય કે ન થાય, તો પણ પોતાનું આન્તર જીવન મલિન જ રહેવા પામે છે. તેઓ કદાચ આયંબીલ કે એકાસણા પણ કરી શકશે તો પણ ખાવા–પીવાની વસ્તુઓ પરની રતિ–અરતિ ત્યાગી શકતાં નથી.

ભય–શોક અને જુગુપ્સાના માર્યા માનવો કેવા સમયે પોતાના આત્માને સર્વથા મલિન બનાવીને અનન્ત સંસારી બનાવશે તેની ખબર તેમને મુદ્દલ પડતી નથી.

આવી રીતે કષાયોના માલિકો પાસે યદ્દિ 'મિચ્છામિ દુક્કડં' દેવાની આદત નથી હોતી તો તેમના આન્તર જીવનની મલિનતા કેવી રીતે વિશ્વાસઘાત કરશે તે કેવળીભગવંત જાણે.

(૨) સંચય :–ધન–ધાન્યાદ્દિ રાશિઓનું સમૂહીકરણ કરવું તે સંચય છે. પરિગ્રહશીલ માનવોને પોતાની પાસે રહેલી માલમત્તા તથા ધન, ધાન્ય પર એટલી બધી મૂર્ચ્છા હોય છે કે ઘડીકમાં નોટોની થોકડીઓ, બીજી ક્ષણે આભૂષણો, ત્રીજી ક્ષણે ગેંહુના ઢગલા, મગના ઢગલા અને વસ્ત્રોના ઢગલા જોઇ જોઇ આનંદ્દિત થાય છે, અને તેને વધારવામાં જ રસ હોય છે. ઘણા માણસોને, શ્રીમંતોને આપણે જાણીએ છીએ કે તેમને ઘરના કામકાજમાં જ એટલી બધી મસ્તી હોય છે કે દ્દિવસના ૨૪ કલાક પણ તેમના માટે ઓછા પડે છે.

(૩) ચય :–ઘણા માનવોને પરિગ્રહ સંજ્ઞાના કારણે એવો ભ્રમ થયો હોય છે કે, 'સંઘર્યો સાપ પણ કામ આવશે' પણ મર્યો સાપ કોઇને પણ લાભદાયક બન્યો હોય તો આજે સૌ કોઇ તેમ કરવા માટે તૈયાર છે. લાખો કરોડો કથાઓમાંથી બાઈ ચાન્સ એકાદ કથા ગમે તે આશયે મળી જાય તો તે સિદ્ધાન્તનું સ્વરૂપ ધારણ કરતી નથી. કેમ કે કથાઓના જોરે

સિદ્ધાન્ત બનતો નથી પણ તે તો સર્વ તંત્ર-સ્વતંત્ર હોય છે. પરન્તુ પરિગ્રહના અંધકારમાં અટવાયેલાઓ પોતાની પરિગ્રહ સંજ્ઞાના ગુલામ હોવાથી સંગ્રહશીલતા છોડી શકતા નથી. માટે ચય, પરિગ્રહનો પર્યાય બનવા પામે છે જે સાર્થક છે.

(૪) ઉપચય :- પુણ્ય પાપની તરતમતાના કારણે ધીમે ધીમે કે ઝપાટાબંધ શ્રીમંત થયેલાઓને કમાયેલા ધનમાં, બંગલાઓમાં, મોટરોમાં વૃદ્ધિ કરવાની ભાવના થાય તે ઉપચય છે.

(૫) નિધાન :-મારૂં ધન-આભૂષણ-રોકડ નાણું ચોર ચોરી જશે તો ? તેવી શંકાથી જમીનમાં ખાડો ખોદીને દાટી દેવાની પ્રવૃત્તિ કરવાની ભાવના તેમને હાડોહાડ વ્યાપી જાય છે. તેથી ચોરોની બીકના માર્યા તેઓ આજે ઘરના એક ખૂણામાં તે ધનને દાટે છે. ૨-૪ દિવસ પછી દાટેલા ધનને ફરીથી જોઇ જાય છે, ગણી જાય છે અને બીજા સ્થળે તેને દાટે છે. આમ પરિગ્રહસંજ્ઞાના દોરડામાં સારી રીતે બંધાયેલો માનવ ધન સંતાડવામાં, કોઇને ત્યાં જમા મૂકવામાં, બેંક બેલેન્સમાં તથા કઇ બેંકમાં કેટલું ધન મૂકયું છે, તેની ખબર ઘરના મેમ્બરોને પણ પડવા દેતા નથી.

(૬) સંભાર:-કોઠાર વગેરેમાં ભરી રાખેલા અને સમયે સમયે વધારી દીધેલા અનાજની, રોકડ નાણાંની કે આભૂષણોની બીજી રીતે કેવી વ્યવસ્થા કરવી, તે માટે પરિગ્રહશીલ માનવ સદૈવ આર્તધ્યાનમય જ રહેવા પામે છે. તેના કારણે ઘરમાં લાવેલા અને રાખી મૂકેલા ફળો, શાક-ભાજીઓ સડવાની

તૈયારીમાં હોય તો પણ પરિગ્રહની માયાના શાપે, નોકર-ચાકરોને કે પુત્રવધુઓને પણ આપવાની ઇચ્છા થતી નથી. સારાંશ કે ફેંકી દેશે પણ ઘરના મેમ્બરોને ખાવા દેશે નહિ. માટે સંભારને પરિગ્રહનો પર્યાય કહ્યો છે.

(૭) સંકર :-વ્યાપાર આદિમાં વધેલુ સુવર્ણ કે ચાંદી વગેરે કયાં મૂકવા ? તે માટે હજારો પ્રકારના સંકલ્પો-વિકલ્પો કર્યા પછી, પહેલાના આભૂષણોને ગળાવી વધારાનું સોનું તેમાં ઉમેરી નાખે છે, અથવા વધી ગયેલા સોનાને પીગળાવીને બીજા પ્રકારના ઘાટ ઘડાવે છે. જેથી સિપાઇઓ પણ ભૂલ ખાઈ શકે છે, અથવા તેમ કરી પાંચમું વ્રત પાળ્યાનો પણ સંતોષ અને ચોરી કરવાની આદત ટકી રહી તેનો પણ સંતોષ.

(૮) એવમાચાર :-ભૂતકાળના અનેક ભવોમાં ભોગવેલા દુર્ગતિના દુઃખોને તથા કરાતાં પાપોના કારણે ભાવિકાળના બગડી જનારા અવતારોમાં જે દુઃખો ભોગવાશે, તે બંનેને ભૂલી જઇ કેવળ વર્તમાનકાળમાં ગમે તે રીતે પણ દ્રવ્યોપાર્જનમાં જેમની મતિ ચક્કર ખાઇ રહી છે, તેઓ લોહી-માંસ-માછલી આદિ અનાર્ય વ્યાપારો કરીને પણ ધન ભેગું કરવામાં ભાન ભૂલ્યા હોવાથી તેમના રોમે રોમમાં ધનની માયા સિવાય બીજું એકેય સત્કર્મ હોતું નથી, અથવા " ધનોપાર્જન જ અમારો આચાર છે " તેવું તેમના મનમાં વસેલું હોવાથી દ્રવ્યની વૃદ્ધિ કર્યા વિના સંસારમાં કે સમાજમાં જીવવું નકામું છે, કેમ કે ઇજ્જત-આબરૂ, માન-સત્કાર,

વગેરે પૈસો હોય તો જ મળે છે અને તેના વિના જીવન જીવ્યાનું ફળ શું ? આવા વિચારોથી પ્રેરાઇને પણ તેઓ પૈસાની કમાણીને જ ધર્મ માની બેઠા હોય છે.

(૯) પિંડ :–પરિગ્રહને જ ધર્મ માનીને જીવનયાપન કરનારાઓ ધન–ધાન્યથી પોતાનું ઘર ભર્યા ભાદરવા જેવું રહેવા પામે તેવા ખ્યાલાતોથી પ્રેરાઇને ભૌતિક પદાર્થોનો વધારો કરવા માટે પ્રયત્નશીલ બને છે. વર્ષભર ચાલી શકે તેટલી માયામાં તેમને કયારેય સંતોષ હોતો નથી. માટે જ પ્રત્યેક પ્રસંગોના વસ્ત્રો, બમીસ, પેઇન્ટ, ધોતીયા, બુશ-શર્ટ, સાડી વગેરે જુદા જુદા બાનપાનમાં બધી જાતના અનાજો, મસાલાઓ, સરબતોના શિશાઓ, ચૂર્ણોની બોટલો, પાનના કરંડીયાઓ, મેવા–મિષ્ટાન્નના ભરેલા પેકેટો વગેરેથી ઘર ભરી દીધા પછી તેમના ભોગવટામાં તેમનું મન સરકી જતાં તેના વિચારો તેમને સતાવશે. આમ આખી જીંદગી પરિગ્રહની પાછળ દિવાનો બનીને પૂર્ણ કરશે તો પણ માયાના ભોગવટા તેમના અધુરા રહેતા મૃત્યુ સમયે પણ સંસારની માયાના આર્તધ્યાનમાં બેલ બતમ કરશે.

(૧૦) દ્રવ્યસાર :–પરિગ્રહસંજ્ઞાના કીડા બનેલા માનવો કહેશે કે ધર્મ અને તેના ફળો કોણે જોયા છે ? પૂજા–પાઠ, સામાયિકો કરવાથી આકાશમાંથી પૈસો પડતો કોઇએ જોયો છે ? તપશ્ચર્યાઓ કરીને પેટના કીડાઓને ભૂખે મારવામાં કેવી દયા ? આવી રીતના વિપરીત જ્ઞાનના માલિકો ધન–ધાન્ય, રંગબેરંગી વસ્ત્રો, જુદા જુદા ભોજનો, ઝાંઝરના ઝણકારે

ચાલતી પુત્રવધુઓથી ભર્યું ભર્યું ઘરનું વાતાવરણ, વેવાઈ–વેવાણ આદિ કુટુંબીઓનું વારંવાર આવાગમન અને તેમનો કરેલો સત્કાર જ ધર્મ છે, માટે તપ–ત્યાગ–પૌષધ–સામાયિક વગેરે વૃદ્ધાવસ્થામાં કરીશું. મુનિ મહારાજો તો કહેતા રહે, તેમને ગૃહસ્થોના વ્યવહારની શી ખબર પડે? આમ બોલતા જાય અને માનવાવતારમાં કેવળ પૈસો પૈસો પૈસો જ સાર છે.... તે સિવાય બધું'ય નકામું.... માટે જ પરિગ્રહી આત્મા ભૌતિકવાદને જ જીવનનો સાર સમજી જીવન પૂર્ણ કરે છે.

(૧૧) મહેચ્છા :—ઇચ્છા, આશા, તૃષ્ણા, આ ત્રણે શબ્દોનો અર્થ એક જ છે. મોટા મોટા જહાજોની મુસાફરી કરતાં પણ સમુદ્રનો કિનારો પ્રાપ્ત થાય છે. કદાચ ભરદરિયે તૂટી જાય તો પણ એકાદ લાકડાનું પાટિયું હાથમાં આવતાં લાંબા કાળે પણ દરિયાની યાત્રાનો અન્ત આવે છે, અથવા દેવની પ્રસન્નતા દ્વારા પણ અઢીદ્વીપની યાત્રા મિનિટોમાં પૂર્ણ કરી શકાય છે. તો પણ આકાશ જેવી અનંત આશા–તૃષ્ણા અને ઇચ્છાનો પાર આવી શકતો નથી. કેમ કે તેની માયા આટલી બધી ચિકાશવાળી અને દુર્નિવાર છે કે, બુદ્ધદેવના સંતાનોની જેમ એક પછી એક સંતાનોની હારમાળા વળગેલી હોય છે, તેવી રીતે જીવનની એકાદ ઇચ્છાની પૂર્તિ થાય કે ન થાય તે પહેલા તો બીજી આશાનો જન્મ થઈ જાય છે. આ ક્રમ જીન્દગીના છેલ્લા ક્ષણ સુધી પણ મટવા પામતો નથી. માટે જ તીર્થંકરોની આજ્ઞા જીવ માત્રને માટે કલ્યાણકારી એટલા માટે બનવા પામે છે કે સંસાર કારાગૃહથી મુક્તિને

ચાહનારો જીવાત્મા સમજદારીપૂર્વક ખાવાની, પીવાની, રહેવાની, ઓઢવા–પહેરવાની, વ્યાપાર–રોજગારની કંટ્રોલ આઉટ થયેલી ઇચ્છાઓને ત્યાગ કરવાનો ભાવપુરૂષાર્થ કરતો જાય છે, વધારતો જાય છે અને મનજીભાઇને ફટકારતો જાય છે. તે માટેના નવા નવા નિયમોને કડકાઇપૂર્વક પાળતો જાય છે. આ પ્રમાણે ઇચ્છાઓને ત્યાગ કરેલા કે ત્યાગ કરવા માટે પ્રયત્નશીલ બનેલા જીવાત્માને છોડી બીજા સૌ કોઇના માટે આશા–તૃષ્ણાનો ત્યાગ અતીવ દુષ્કર હોય છે.

(૧૨) પ્રતિબંધ :–ઘણીવાર અમુક ભાગ્યશાળીઓને, સ્વ તથા પરનું, ચેતન અથવા જડનું જ્ઞાન થયેલું હોય છે. તેની ચર્ચા કરીને પણ તેઓએ ખ્યાતિ મેળવી લીધેલી હોય છે તથા અધ્યાત્મ શાસ્ત્રોનું પઠન–પાઠન પણ તેમની જીહ્વાગ્રે બિરાજમાન હોય છે. તો પણ પોતાના જીવનના અણુઅણુમાં ઘર જમાવીને બેઠેલી પરદ્રવ્યોની આસક્તિનો ત્યાગ, પોતાના જીવનને માટે કરી શકતા નથી. ફળસ્વરૂપે અભક્ષ્ય–અનંતકાય, રાત્રિભોજન આદિનો વ્યવહાર તેમના જીવનમાં જ્યારે સંભળાય છે, અનુભવાય છે અને જોવાય છે, ત્યારે પરિગ્રહસંજ્ઞાનું જોર કેટલું બધું વ્યાપક છે તેનો ખ્યાલ આવ્યા વિના રહેતો નથી. માટે જ પરદ્રવ્યોની આસક્તિરૂપ પ્રતિબંધ પરિગ્રહનો પર્યાય બનવા પામે છે.

(૧૩) લોભાત્મા :–લોભ જ આત્મા (સ્વરૂપ) છે જેનો તે પરિગ્રહ કેટલો બધો કદાવર છે કે મધના વાટકામાં પડેલી માખી જેમ બહાર નીકળી શકતી નથી, કદાચ નીકળવાનો

પ્રયાસ કરે તો આગળથી નીકળે અને પાછળથી ફસાય છે, અથવા પાછળથી નીકળે તો આગળથી ફસાઈ ગયા વિના છુટકો નથી, તેવી રીતે લોભાત્મા પણ વ્યાપાર રોજગારમાં ખૂબ ખૂબ ફસાઈ ગયા પછી કે મન-વચન અને કાયાથી પૂર્ણરૂપે કંટાળી ગયા પછી પણ થોડીવારને માટે સ્મશાન વૈરાગ્ય જેવું લાગે તો પણ હળદરના રંગ જેવો તે વૈરાગ્ય કયારેય ટકતો હશે ? તેવી રીતે લોહીની બુંદબુંદમાં પ્રવેશેલો પરિગ્રહનો ભાવ-મમતા કે આસક્તિ ફરીવાર સતાવ્યા વિના રહેતી નથી. માટે લોભાત્મા કયારેય પરમાત્મા, સ્વભાવાત્મા કે જ્ઞાનાત્મા બની શકતો નથી. માટે જ પરિગ્રહનો પર્યાય યથાર્થ છે

(૧૪) મહાર્તિ :-કોઇને પણ ન કહી શકાય, ન સહી શકાય તેવા પ્રકારની માનસિક, શારીરિક કે કૌટુમ્બિક પીડાઓ પરિગ્રહવંતને ભોગવવાની અનિચ્છા છતાં પણ તે પીડાઓ અનિવાર્યરૂપે ભોગવવી જ પડે છે. કેમ કે પરિગ્રહમાં અત્યંત આસક્ત માનવો તેમાંથી છુટકારો મેળવી શકે તેવી સ્થિતિમાં હોતા નથી. વૈરાગ્ય અને પરિગ્રહને બારમો ચંદ્રમા હોવાથી જયાં પરિગ્રહ છે ત્યાં વૈરાગ્યની ઉત્પત્તિ, વૃદ્ધિ પણ થાય તેમ નથી. રૂઠેલા આકાશસ્થ ગ્રહો કદાચ એક એક શક્તિને જ દબાવી દેતા હશે, પણ પરિગ્રહરૂપી મહાગ્રહ જીવાત્માની બધીય શક્તિઓ, પુણ્યકર્મો તથા સત્કર્મોને પણ બતમ કર્યા વિના રહેતો નથી. તેવાઓ માટે દ્રવ્યોપાર્જન તથા તેનું રક્ષણ જ તેમનું મુખ્ય લક્ષ્ય બને છે, અને તેની

આરાધનામાં જ જીવન પૂર્ણ થાય છે. આ કારણે જ તેના ઉપાર્જનથી, રક્ષણથી, વ્યયથી કે નાશ થવાથી ભયંકરમાં ભયંકર વેદનાઓને ભોગવતાં માનવો રૌદ્રધ્યાનના સ્ટેજ પર આરૂઢ થઈને દુર્ગતિના મહેમાન બનવા પામે છે.

(૧૫) ઉપકરણ :-આન્તર જીવનમાં પરિગ્રહ પ્રત્યેની માયા બંધાયેલી હોવાથી માનવો ઘર, દુકાન, શરીર, વસ્ત્ર-પરિધાન, ખાનપાનને જુદા જુદા પ્રકારે સુંદર બનાવવામાં અને તે તે પદાર્થોને મેળવવામાં જે જે ઉપકરણો હોય તેને મેળવવાને માટે આકાશ-પાતાળ એક કરે છે. ઉપકરણ એટલે સાધન. યદ્યપિ અહિંસા અને સંયમની પુષ્ટિ માટે પણ સાધકને ધર્મોપકરણ સ્વીકારવાના જ રહે છે, માટે તે અર્થમાં પણ ઉપકરણ શબ્દ વપરાયો છે. પણ અહિં પરિગ્રહ સંબંધીનો પ્રપંચ ચર્ચાઈ રહ્યો હોવાથી જૂદા જૂદા પ્રકારની સામગ્રી એકત્ર કરવી તે ઉપકરણ છે.

(૧૬) સંરક્ષણ :-જીવનમાં ધર્મ-ધાર્મિકતા અને સમ્યગ્જ્ઞાન ન હોવાના કારણે અથવા પરિગ્રહસંજ્ઞાનો ઉદય-કાળ જોરદાર હોવાથી ધર્મ અને જ્ઞાન મેળવવાની પરિસ્થિતિ હોવા છતાં પણ તેના પ્રત્યે આંખ મિંચામણા કરતો માનવ પરિગ્રહસંજ્ઞાનો ઉપાસક બને છે અને તે માટે મેળવેલા ભૌતિકવાદના સાધનોની સુરક્ષા માટે તથા પોતાના શરીર અને કુટુમ્બને મનગમતા ભોજન, વસ્ત્રો, આભૂષણોની બક્ષીસ દેવા માટે તનતોડ પ્રયત્ન કરવામાં દિવસો, રાત્રિઓ, મહિનાઓ,

વર્ષો અને જીન્દગીનો છેલ્લો શ્વાસ પૂર્ણ કરી પરિગ્રહના ભારથી વજનદાર બનેલો આત્મા ચાલુ તથા પરભવના સત્કર્મોને ખતમ કરે છે અને દુર્ગતિ તરફ પ્રસ્થાન કરે છે.

(૧૭) ભાર :–ભાર એટલે વજન–જહાજ, મોટર, બળદ ગાડી કે સાઇકલ પર મર્યાદાથી બહાર ભાર લાદવામાં કોઇક સમયે તે જહાજ વગેરેને જળ સમાધિ લેવાનો, ગાડાને તૂટી જવાનો ભય નકારી શકાતો નથી. તેવી રીતે પરિગ્રહને ભાર કહેવાનો આશય એટલો જ છે કે, ગજા ઉપરનો પરિગ્રહ મેળવવાને માટે પ્રત્યક્ષ કે પરોક્ષ કરેલા હિંસાના કાર્યો, જૂઠા વચનો, ચોરીના ધંધા અને મૈથુન આદિના અતિ નિકાચિત કર્મોના ભારે આત્મા એટલો બધો વજનદાર બનવા પામે છે, જેનાથી તેને અધોલોક (નરક) તરફ જવા સિવાય બીજો માર્ગ રહેતો નથી. કેમ કે થોડા કે ઘણા વાયરામાં હળવા કાગળો, રૂ કે તૃણ વગેરેને આકાશમાં ઉડતાં જોવાય છે, પણ વજનદાર પત્થર ઇંટ આદિને આકાશમાં ઉડતાં કોઇએ જોયા નથી, તેમ ત્યાગ–તપ આદિ સત્કર્મોથી આત્મા હળવો થાય છે અને ઉર્ધ્વલોકને પ્રાપ્ત કરે છે. જ્યારે પરિગ્રહના ભારથી વજનદાર બનેલા આત્માને નરક કે તિર્યંચગતિ તરફ જતાં કોઇ રોકી શકે તેમ નથી. આ હેતુથી પરિગ્રહને ભાર કહ્યો છે જે યથાર્થ છે. મામુલી પરિગ્રહી પણ પોતાના આત્માના હિતને માટે ઘડી અર્ધઘડીનો સમય પણ મેળવી શકતો નથી, તો પછી સીમાતીત પરિગ્રહને ધર્મ માટે સમય કયાંથી મળશે? દાળ, રોટી જેટલી આમદાનીમાં

તે ભાગ્યશાળી પ્રભુપૂજા, ગુરુસેવા કે થોડું ઘણું દાન પુણ્ય પણ કરતો હોય છે. પણ જેમ જેમ વ્યાપાર વધતો જાય તેમ તેમ ધાર્મિક અનુષ્ઠાનો પર એક પછી એક ચોકડી મૂકાતી જાય છે. અને એકવાર ચોકડી મૂકાઇ ગયા પછી સંસારની માયામાં તેઓ એવી રીતે લપટાઈ ગયા હોય છે કે વારે-તહેવારે પણ ધર્મ કૃત્યોથી તેમને હાથ ધોઈ નાખવા પડે છે. હોટલ, રેસ્ટોરન્ટ, સિનેમા, તાસપાના (ગંજીફા-પ્લેઇંગ કાર્ડ), રમી, ટેલીવિઝન, ક્લબ, ગપ્પાસપ્પા માટે તેઓ ગમે ત્યારે પણ તૈયાર હોય છે, પણ ધર્મના અનુષ્ઠાનોમાં પરિગ્રહના પાપે તેમને મુદ્દલ રસ હોતો નથી, આવતો નથી તો પછી વધવાનો રસ જ કયાં રહે. વ્યવહાર પૂરતા કરાતાં દાન પુણ્યમાં પણ તેમની ગણત્રી પોતાને વધારે લાભ મેળવવા માટેની જ હોય છે. જેમ કે પાંચ-દસ લાખનું ટ્રસ્ટ પોતાના કબજે આવતું હોય તો આગેવાની લઇને પણ પાંચ-દસ હજાર ટીપમાં મંડાવી લેશે.

(૧૮) સંપાતોપાયક :-પરિગ્રહને વધારવાની ઇચ્છાથી, ગમે તેવા જૂઠા પ્રપંચ-કાવાદાવારૂપ પાપોનું ઉત્પાદન કરાવવામાં સમર્થ બને છે. એટલે કે પૈસો મેળવવામાં હાથની, બોલવાની કે લખવાની ચાલાકીનો ઉપયોગ કર્યા વિના લક્ષ્મીદેવી મળતી નથી, વધતી નથી અને સુરક્ષિત રહેતી નથી. માટે અનર્થોની પરંપરારૂપ નિકાચિત પાપોનું ઉત્પાદન કરાવનાર પરિગ્રહ છે, માટે તેના પર્યાયરૂપે સંપાતોપાયક શબ્દ સાર્થક બને છે. માત્ર વ્યાપાર દ્વારા વૃદ્ધિ પામતા

પરિગ્રહમાં પાપોનો સંપાત (પ્રાપ્તિ) અવશ્ય હોય છે. કેમકે શાલિભદ્રજી, ધન્નાજી કે વસ્તુપાલ, તેજપાલ જેટલું પુણ્ય બીજાઓનું ક્યાંથી હોય ? માટે જ જૂઠના માર્ગો અપનાવવાની ફરજ પડે છે, અથવા પરમ દયાળુ, જીવ માત્રના તારક તીર્થંકર દેવોના ચીંધેલા પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ, અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ અને પરિગ્રહ વિરમણ જેવા પવિત્રતમ ધર્મોમાંથી 'વિરમણ' શબ્દને દેશવટો દેવાની ફરજ પડે છે. કેમકે તે તીર્થંકરોનો અનુયાયી નથી પણ પરિગ્રહનો અનુયાયી છે.

(૧૯) કલહ કરંડ :–કરંડનો અર્થ કરંડીઓ, પેટી, મંજુષા, તિજોરી વગેરે થાય છે. પરિગ્રહીને પોતાના પરિગ્રહના વર્ધન માટે, રક્ષણ માટે, પુત્રતુલ્ય પોતાના નાના ભાઇઓથી લઇને બીજા કેટલાયની સાથે કલહ, વૈર, વિરોધ, જીભાજોડી છેવટે ડંડાડંડી પણ કરવાની ફરજ પડે છે. જે વ્યાપારમાં પાંચ પચીસ હજારનો, લાખ બે લાખનો કે પાંચ પચ્ચીસ લાખનો ફાયદો નજરે પડતો હોય, ત્યારે હીરા–મોતી, સુવર્ણની લગડી કે દાણચોરીના ઘડીયાળો વગેરેને ખરીદવા માટે બીજાઓ સાથે કલહ કર્યા વિના છુટકો નથી. જે કોઇક સમયે જીભાજોડીમાં જ પૂર્ણ થાય છે, ત્યારે કોઇક સમયે સામેવાળા પ્રતિસ્પર્ધિને ગૂંડાઓ પાસેથી મેથીપાક પણ ખવડાવવો પડે કે સરકાર પાસે ફરિયાદ કરી પોતે પણ ન ખાય તેમ ભાઇઓને પણ ખાવા ન દે તેવી સ્થિતિ સર્જવા માટેનું મૂળ કારણ પરિગ્રહ છે, અને તેનું કાર્ય કલહ છે.

(૨૦) પ્રવિસ્તાર :–જ્યાં સુધી હૃદયમંદિરમાં સર્વથા નિષ્પરિગ્રહી અરિહંત પરમાત્માઓની પ્રતિષ્ઠા કરવામાં આવતી નથી, ત્યાં સુધી પરિગ્રહ નામનો શૈતાન હૃદયમાંથી ખસતો નથી, આ કારણે જ પરિગ્રહધારી ગૃહસ્થને તેની માયા રહે અને તદનુસાર પ્રવૃત્તિ કરે તે સ્વાભાવિક છે. તેમાં જ્યારે પૂર્વ-ભવનું પુણ્ય સાથીદાર બને ત્યારે લોભ નામના રાક્ષસને ભડકતા વાર લાગતી નથી. ફળ સ્વરૂપે કોઈ પણ જાતનાં અનાચાર સેવ્યા વિના કુટુમ્બ કે વ્યવહારનું પાલન સુલભ બનેલું હોવા છતાં પણ, વ્યાપારમાં બે ગુણી–ચાર ગુણી વૃદ્ધિ કરવાના સંકલ્પો થશે અને દેશના ખૂણે ખૂણે હુન્નર ઉદ્યોગો, કારખાનાઓ, ઓફીસો, પેઢીઓનો વિસ્તાર કરતો જશે અને એક દિવસે નોટોના બંડલોને ગણતાં, સુવર્ણ–ચાંદી–હીરા–મોતીના આભૂષણોને નીરખતાં, પુત્ર પરિવારને ટગર ટગર જોતાં ચોપડાઓમાં નફાની રકમને જીભ પર ફેરવતાં ફેરવતાં હૃદયની ગતિ બંધ પડી જતાં મનુષ્યાવતારમાંથી ભ્રષ્ટ થઈ તથા સાથે કંઈ પણ લીધા વિના મરીને નરક, ઉંદરડા, સાપ, નોળીઆ, દીપડા આદિ કનિષ્ટતમ અવતારને ધારણ કરે છે.

(૨૧) અનર્થ :–" અશ્યતે ઇતિ અર્થ " માનવ માત્ર જીંદગીના છેલ્લા ક્ષણ સુધી સુખ–શાંતિ અને સમાધિની સાથે સાથ મળેલી કે મેળવેલી મિલ્કતની આબાદીને જ ઈચ્છતો હોય છે. પરન્તુ કેટલાક વ્યાપારો–વ્યવહારો કે તેના માટે રખાતાં ઉત્સાહો આવા ખતરનાક બને છે, જેના લીધે

માનવની શાંતિ ખોવાઇ જાય છે, સુખ હજારો માઇલ દૂર જાય છે અને સમાધિના બદલે મન–વચન અને કાયામાં અસમાધિ નામની રાક્ષસી હાજર થઈને, માનવ માત્રને રોવડાવે છે, રીબાવે છે, છાતીકુટા કરાવે છે, ઉત્તમ ધાન્યની હાજરી છતાં ભૂખે મારે છે, ભર્યા–ભાદર્યા ઘરમાં પણ અતડાપણું કરાવે છે. આ પ્રમાણે પરિગ્રહના લોભમાં તણાઇને જાણીબુઝીને વેચાતી લીધેલી અનર્થોની પરંપરામાં તે જીવ તેવી રીતે સપડાઈ જાય છે જેમાંથી બહાર નીકળવું અત્યંત મુશ્કેલ બને છે, અને જેની અર્થના–પ્રાર્થના નથી કરાતી તેવા દુઃખોના અનર્થો ભોગવવા માટેનું મૂળ કારણ પરિગ્રહ છે.

(૨૨) સંસ્તવ :–શાસ્ત્રકારોનું કથન છે કે, હે જીવ! તારે સુખી બનવું હોય તો "**सजोगमूला जीवेण पत्तादुःख परम्परा**' જેનાથી દુઃખોની પરંપરાનો ઉદ્ભવ થાય, વર્ધન થાય તેવા સહવાસો પણ છોડી દે જે. અર્થાત્ જીવ સાથેનો, જીવો સાથેનો નિરર્થક, નિષ્ફળક, સ્વાર્થી કે માયાવી સંબંધ બાંધીશ નહિ. કેમ કે તેમની સાથેનો સંબંધ જ આજે નહિ તો આવતી કાલે પણ દુઃખદાયક બન્યા વિના રહેતો નથી. તેમ છતાં પણ ઋણાનુબંધમાં ફસાયેલા જીવોને બીજા માણસો સાથે વ્યાપાર સંબંધો કે વિવાહ સંબંધો બાંધ્યા વિના ચાલતું નથી. તેમાં મૂળ કારણ પરિગ્રહ મેળવવાનો, વધારવાનો, તેમ જુદી જુદી જાતનો લાભ ખાટવાનો મોહ રહેલો જ હોય છે. કેમ કે સ્વાર્થ વિના સંબંધ બંધાતો નથી. આ પ્રમાણે બાંધેલો સંબંધ અને તેના કારણે જુદા જુદા જીવો

સાથેનો હૃદ્ વિનાનો થયેલો પરિચય છેવટે તો દુઃખનું કારણ જ બને છે. 'ઓળખાણ તો રત્નોની ખાણ છે' આ વચન પરિગ્રહધારીઓનું હોવાથી ત્યાજ્ય છે. કારણ કે પરિગ્રહગ્રસ્ત માનવને બીજાઓ સાથે વધી ગયેલો પરિચય જ આંખોમાંથી પાણી કઢાવનાર બને છે. પરિગ્રહ સાર્થક અને નિરર્થકરૂપે બે પ્રકારનો છે. તેમાંથી નિરર્થક પરિગ્રહ સર્વથા બેમર્યાદ હોવાથી તેના માલિકને બેરહેમ, બેકાબુ, બેદરકાર, બેઈમાન, બેકદર ઉપરાંત આત્માની શક્તિઓના માટે બેપરવાહ બનાવીને, તેના જીવનને, યશને, ભણતર–ગણતરને, ચતુરાઇ–ચાલાકીને, ધાર્મિક અભ્યાસને તથા આનદાનીના ધર્મોને પણ અત્રવિદા અપાવનાર બનવા પામે છે. જ્યારે સાર્થક પરિગ્રહ અનિવાર્ય હોવાથી આત્મા યદિ જાગૃત બને એટલે કે રાગ–દ્વેષના ગાઢ અંધકારમાં કે સંસારના ખોટા વ્યવહારોમાં ફસાયા વિના તેટલો જ વ્યવસાય કરશે જેનાથી વર્ષ ભરનો ખર્ચ સુખપૂર્વક નીકળી શકે. તેમાંથી પણ પોતાના માટે ભોજન–શાકભાજી, વસ્ત્રો તેમજ કામચલાઉ આભૂષણોની મર્યાદા બાંધશે. જેથી ઘણા જીવો સાથેનો પરિચય બાંધવાનો અવસર આવશે નહિ. કદાચ આવશે તો તેમાં સ્વાર્થવૃત્તિને પ્રવેશ કરવા દેશે નહિ. કદાચ તેનો પ્રવેશ થવા પામશે તો પણ તેમાં નિર્ધ્વંસ પરિણામ, કુબુદ્ધિ, અવિવેક આદિના પ્રવેશને પોતાની વ્રતમર્યાદા દ્વારા રોકી લેશે, જ્યારે નિરર્થક પરિગ્રહીને માટે ભાવવ્રતોની મર્યાદા હોતી નથી.

(૨૩) અગુપ્તિ :–અનાદિ કાળથી અનન્ત ભવોમાં મોહ–માયાના કારણે આ જીવાત્માએ, ધર્મોના અનુષ્ઠાનો,

મર્યાદાઓ, આજ્ઞાઓ અને તેની આચાર સંહિતાઓને ઠોકરે મારી છે. પરન્તુ પાપના વ્યાપારો, ભાષાઓ, ભોજન, વૈર-વિરોધ, ઝઘડા કે જીભાજોડી આદિને ઠોકર મારવા જેટલી આત્મિક શક્તિ કયારેય પણ કેળવી શકયો નથી. કેમ કે જીવના પ્રતિ પ્રદેશે પરિગ્રહની સંજ્ઞા પોતાની સત્તા જમાવીને બેઠી છે, તેના મૂળમાં મૈથુનસંજ્ઞા જોર કરી રહી છે તથા આહારસંજ્ઞા જીવતી ડાકણની જેમ મોઢું વિકસાવીને સર્વતંત્ર સ્વતંત્ર બની છે, ત્યારે માનવના બધાય ધર્મ-વ્યવહાર અને સભ્યતાનું દેવાળું કઢાવનારી ભય સંજ્ઞા બિનદાસ્ત થઈને માનવને ન કરવાના કાર્યો કરાવે તેમાં શું આશ્ચર્ય ? માટે અભિમન્યુના કોઠાની જેમ ચારે સંજ્ઞાના ચક્રાવે ચઢનાર માનવ અપવાદ સિવાય 'હાર્યો જુગારી બમણું રમે' આ ન્યાયથી આશા તૃષ્ણાનો માર્યો તે સંજ્ઞાઓનો વધારે પડતો માલિક બની પોતાના જીવનને સર્વથા બરબાદ કરશે. માટે જ જૈન શાસન કહે છે કે 'પરિગ્રહી આત્માની તૃષ્ણાઓ કયારેય મરતી નથી. કાબુમા આવતી નથી. તેની સ્થિતિમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન જ ભાગ્યમાં શેષ રહે તેમાં શું આશ્ચર્ય ?'

(૨૪) આયાસ :-આનો અર્થ ખેદ-મુંઝવણ-કિંકર્તવ્ય મૂઢતા અને પરિશ્રમ થાય છે. પરિગ્રહમાં અત્યન્ત આસક્ત બનેલો માનવ, સંસારના જૂઠા વ્યવહારને સાચવવા માટે, નાકનું ટેરવું બીજાઓ કરતાં ઉંચુ રાખવા માટે કે મારી મૂંછનો વાળ નીચો ન થાય તે માટે ચોવીસે કલાક તનતોડ પરિશ્રમ કરે છે, ફૂકાનેથી ઘેર, અને ઘરેથી ફૂકાન સિવાય

બીજા એકેયની તેને ધૂન હોતી નથી. પૈસો–પૈસો અને પૈસો, તે સિવાય બીજું એકેય સંગીત તેને આવડતું નથી, જૂઠ–પ્રપંચને છોડી તેના જીવનમાં એકેય ધર્મ હોતો નથી. આવી પરિસ્થિતિમાં ઘરે, ઓફીસે, રસોડે અને છેવટે સંડાસમાં પણ ટેલીફોનની માયામાં મસ્તાન બનીને હાડતોડ પરિશ્રમ કરે છે. કયારેક નિષ્ફળતા મળે છે ત્યારે લમણે હાથ દઈ મુંઝવણ અને ખેદનો અનુભવ કરતો કિંકર્ત્તવ્ય મૂઢ બનીને પથારીમાં પડ્યો પડ્યો કે ફોનના ભૂંગળાને કાન પર રાખીને આંખોમાંથી પાણી ટપકાવવાનો અવસર આવી જાય છે. ફોરેનથી આવેલા માલની લેવડ–દેવડ કરવામાં, તોલમાપ કરવામાં, બેંકમાં પૈસા ભરવાના સમયમાં કે વલણના દિવસોમાં મંદિર, ઉપાશ્રય, સંત સમાગમ કે ધાર્મિક અનુષ્ઠાનોને લાત મારીને Let go કરીને સવારથી સાંજ સુધી દોડધામ કરે છે. બીજાઓની દાઢીમાં હાથ નાખે છે અને તેમાં પણ નિષ્ફળતા દેખાય ત્યારે પ્રાણપ્યારી ધર્મપત્ની પર પોતાની દાઝ કાઢે છે. માવડીને ગાળો ભાંડે છે, છોકરાઓને મારપીટ કરે છે અને કદાચ આમાં પણ નિષ્ફળતા મળે ત્યારે ધુંઆ-પુંઆ થયેલા તે ભાઇ સાહેબ ઘરના આંગણે જોરશોરથી બકવાદ કરે છે, રોષમાં આવીને ઘરની કિંમતી વસ્તુઓની તોડફોડ કરે છે, બહાર ફેંકે છે અને પોતાના રોષને શાન્ત કરે છે. આમ થાકયો પાકયો શાન્ત થવાનો અવસર આવશે તે પહેલાં તો તોડફોડ કરીને હજારો–લાખો રૂપીઆની હાનિનો બીજો ચાંદલો ભાગ્યમાં લખાશે. માટે જ માનસિક

ખેદ, વાચિક ખેદ અને શારીરિક ખેદ થવામાં પરિગ્રહ જ મૂળ કારણ બને છે. તેથી સર્વથા નિષ્પરિગ્રહી અરિહંત પરમાત્માઓએ પરિગ્રહને પાપ તરીકે સંબોધ્યો છે.

(૨૫) અવિયોગ :—પરિગ્રહમાં અત્યાસક્ત માણસ અવસર આવ્યે પોતાની સ્ત્રીનો કે પુત્રપરિવારનો વિયોગ સહન કરી શકે છે. પરંતુ પોતાના ઉપાર્જન કરેલા ધનનો—શ્રીમંતાઇનો વિયોગ તેના માટે અસહ્ય હોય છે. તેમ છતાં કોઇક સમયે ૫—૨૫ હજાર ખર્ચવા પડે તો પણ 'એરણ કી ચોરી કરી સોયનું દીજે દાન' આ ન્યાયે ધર્માનુષ્ઠાનો પણ તેમને પ્રસન્નતા પ્રાપ્ત કરાવી શકે નહિ. કેમ કે તેમાં પણ 'પાંચ પૈસા ઓછા ખર્ચાય તો સારૂં' તેવી દાનત હોવાથી જે કંઈ કરવું પડી રહ્યું છે તેમાં કંજુસાઈ કર્યા વિના તે રહેતો નથી. કેમ કે આ ભાઈ સાહેબ અરિહંતોની ગુલામીને પસંદ નથી કરતો પણ પૈસાની ગુલામીને પસંદ કરે છે. ધન પ્રત્યેની આસક્તિના કારણે તેના વિયોગને નહિ ઇચ્છતો માનવ જીંદગીના છેલ્લા ક્ષણ સુધી પણ ઝીંદાદિલ, મર્દ બની શકતો નથી પણ હૈયાનો મુડદાલ, મુર્દાદિલ અને નામર્દ બનીને પોતાની જાતને દુર્ગતિનો મહેમાન બનાવે છે. આ કારણે અવિયોગ પરિગ્રહનો પર્યાય બનવા પામે છે જે યથાર્થ છે.

(૨૬) અમુક્તિ :—મુક્તિ એટલે સંતોષ કે પરિગ્રહ પરિમાણ. પણ તેવો સંતોષ કે પરિગ્રહ પરિમાણ ન આવે તે અમુક્તિ એટલે લોભ કહેવાય છે. સારાંશ કે લોભનો કીડો બનેલો તે માણસ સ્વપ્નમાં પણ સંતોષી બનતો નથી. તે

વિના તેને સુખી બનાવવા માટે દુનિયાભરનો એકેય મંત્ર-જંત્ર-તંત્ર, વાસક્ષેપ, જમણા શંખ, એકાક્ષી નાળીયેર, હાથા જોડી, શ્રૃંગાલ સિંધી, આકડાના ગણપતિ, છેવટે ચિંતામણી રત્ન, કામધેનુ, કે કામધર પણ કામમાં આવે તેમ નથી. તેવી અવસ્થામાં તે ભાઈ સાહેબ બહારથી ગમે તેટલા આઈસક્રીમ, બરફના ઠંડા સરબતો, પીણાઓ, છેવટે એરકન્ડીશન પણ તેમને સુખી-શાંત બનાવી શકે તેમ નથી. કેમ કે અતિશય લોભાન્ધ બનેલાનું મસ્તિષ્ક હંમેશા ગરમ જ રહેવા પામે છે ત્યારે એરકન્ડીશન બિચારૂં શું કરી શકશે? પરિગ્રહસંજ્ઞા અને મૈથુનસંજ્ઞા બંને સહિયર (બેનપણી) હોવાથી મૈથુનને પુષ્ટ કરવા માટે શરીરને પુષ્ટ બનાવશે. તે માટે વૈદ્ય અને હકીમોનો ગુલામ બનીને છેવટે પારદપ્રયોગ એટલે કે અમુક વનસ્પતિ સાથે પારાનું મિશ્રણ કરીને આખા શરીરે તેનો લેપ કરશે, માલિશ કરશે, સુવર્ણભંગ અને હજારપુટી અભ્રકનું સેવન કરશે. તેના પર દૂધ-મલાઈ-બાસુદ્દી ખાશે અને ઘીમાં તરબોળ થયેલી લાપસી, હલવો ઘેવર ખાશે. છેવટે રાજસ્થાનના દાલબાટા ખાશે. આ બધાયમાં હજારો રૂપીયાઓનો વ્યય કર્યા વિના રહેશે નહિ. આવી સ્થિતિમાં જેની શ્રીમંતાઈ આવા પાપકાર્યોમાં ખર્ચાઈ જતી હોય તે બિચારા ધર્મધ્યાનમાં, મુનિઓની સેવામાં, કે સીદાતા સ્વામી ભાઇઓને મદદ કરવામાં પૈસો કયાંથી ખર્ચ કરશે?

(૨૭) તૃષ્ણા :-ગઇ કાલે લુખા રોટલાનો પણ અભાવ હતો. આજે બે ચાર પેઢી સુધી ન ખુટે તેટલી માયા ભેગી

થયા પછી પણ તેમનો લોભ થંભાતો નથી. કેમ કે લોભની દાસી તૃષ્ણા છે અને જેમ જેમ લાભ થતો જાય તેમ તેમ લોભ રાક્ષસના તોફાનો વધતા જાય છે. માટે જ સૂત્રકાર કહે છે કે પરિગ્રહનો પર્યાય તૃષ્ણા હોવાથી આકાશનો અન્ત આવી શકશે તો પણ આશા–તૃષ્ણાનો અંત કયારેય આવી શકતો નથી. આના મૂળમાં મોહકર્મ કામ કરી રહ્યું છે, જેને શરાબના નશાની ઉપમા દેવામાં આવી છે. નશોજ માનવને ગમે તેવા વિચારો કરવાનો હક્ક છે. તેમ આશા–તૃષ્ણાના ભગતરામોને શું ખાવું ? કેટલું ખાવું ? શું બોલવું ? આવી ભાષા બોલાય કે ન બોલાય ? ઇત્યાદિની વિચારણા કરવા જેટલી પણ ક્ષમતા તેમની પાસે હોતી નથી.

(૨૮) અનર્થક :–માણસ માત્રને અનર્થો કરવાની ઇચ્છા હોતી નથી, પણ સમ્યગ્જ્ઞાનના અભાવમાં તેનું હૈયું–મન–બુદ્ધિ–ઇન્દ્રિયો અને શરીર મર્યાદાતીત થયેલા હોવાથી અનિચ્છા છતાં પણ વિષય કષાયમાં ફસાઈ જવાના પ્રસંગો ઉપસ્થિત થતાં તેના પોષણને માટે બીજા ગમે તેવા અનર્થો કરવા પડે તો પણ તેમને આંચકો લાગતો નથી. સારાંશ કે પાપભીરૂતા પ્રાપ્ત ન થવા દેવામાં પરિગ્રહસંજ્ઞા મુખ્ય કારણભૂત છે, માટે ઢગલા બંધ અનર્થોનો સર્જક પરિગ્રહ છે જે લોભ સાથે જન્ય અને જનક સંબંધ ધરાવે છે. લોભના પણ કેટલાય પ્રકારો છે. જેમ કે :–

કોઇને પુત્રનો લોભ છે.

કોઇને વિષય વાસનાનો લોભ છે.

કોઇને મહિલાઓના ટોળામાં બેસવાનો લોભ છે.

કોઇને મિથ્યા પ્રતિષ્ઠાનો લોભ છે.

કોઇને પુસ્તક પાનાનો લોભ છે.

ત્યારે કોઇને ધન વધારવાનો લોભ છે.

ઇત્યાદિ લોભના પ્રકારો અનર્થ પરમ્પરા સિવાય બીજું કયું ફળ આપશે? મનલળ કે પરિગ્રહસંજ્ઞાના અભિશાપે લોભાંધ બનેલો માનવ અનર્થો તરફ જ પ્રસ્થાન કરશે.

(૨૯) આસક્તિ :–મનમાં જ્યારે ગંદુ તત્ત્વ કામ કરી રહ્યું હોય ત્યારે તેને તે તે ગંદા ભાવોના પોષણ માટેની આસક્તિ વધ્યા વિના રહેવાની નથી. અને તે બધીય આસક્તિઓને પૂર્ણ કરવા માટે પરિગ્રહનો વધારો કર્યા વિના ચાલતું નથી અને જેમ જેમ તેમાં વધારો થાય છે તેમ તેમ તેની પાંચે ઇન્દ્રિયોના ત્રેવીસ વિષયોને ભોગવવા માટેના આસક્તિ–લાલસા–વાસના–ઇચ્છા વગેરેને વધવાનો ચાન્સ મળતાં તે સાધક મનુષ્યાવતારને સફળ કરવાના માર્ગે જઇ શકતો નથી, પણ લાખો–કરોડો–ભવો સુધી ફરીથી મનુષ્યાવતાર ન મળે તે માટેના આસક્તિપૂર્વકના કારણે કરાયેલા પાપોથી વજનદાર બનીને દુર્ગતિ તરફ જવા માટેની તૈયારી કરે છે. માટે જ આસક્તિને પરિગ્રહનો પર્યાય કહ્યો છે.

(૩૦) અસંતોષ :–એટલે કે જીવાત્માને કયાંય પણ સંતોષની પ્રાપ્તિ ન થવામાં કારણ શું? ઘણા માનવોને જોઇએ છીએ કે ખાઈ રહ્યાં છે તો પણ ખાવામાં સંતોષ

નથી. જાણે એકાદ ભજીયું, કચોરી કે કેળાવડા કે દહિંવડા વધારે પીરસાય તો સારૂં. મનગમતા વસ્ત્રો છે પણ જૂદા જૂદા પર્વોના જૂદા જૂદા જોઇએ. જેમ કે બેસતાં પર્યુંસણની સાડી, સ્વપ્ન ઉતરે ત્યારે જૂદી, સંવત્સરીની જૂદી, પારણાની જૂદી, વરઘોડાની જૂદી, લગ્ન ગાળાની જૂદી, રસોઈની જૂદી, ઘર કામની જૂદી, ટીપાર્ટી માટેની જૂદી અને ચોપાટી પર ફરવા જઇએ ત્યારે જૂદી સાડી અને છેવટે મરેલા માણસના બેસણા માટે જઇએ ત્યારે ચાર આંગળની કાળી પટીવાળી સાડી જૂદી. આટલો બધો ઠઠારો ઘરમાં હોય તો પણ સંતોષ નથી, અને જ્યારે જુઓ ત્યારે કહેવાશે કે ' મારી પાસે કંઈ નથી ' ઈત્યાદિક પ્રસંગોને જોયા પછી, જાણવાનું સરળ બને છે કે અસંતોષ માણસ માત્રને માટે કેટલો બધો ભયંકર રોગ છે. માટે પરિગ્રહના પર્યાયોમાં અસંતોષનો નંબર છેલ્લો છે.

卐 " પરિગ્રહના પર્યાયોનું પ્રકરણ સમાપ્ત " 卐

પરિગ્રહ સેવનાર કોણ કોણ ?

આ પ્રસ્તુત પ્રકરણમાં પરિગ્રહના માલિકો કોણ કોણ હોય છે, જે આમાં અત્યાસક્ત બનીને પરિગ્રહ કેવી રીતે અપનાવે છે, તેનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. જ્યાં સુધી છદ્મસ્થ છે ત્યાં સુધી પરિગ્રહધારી રહેવાનો છે. બેશક ! કેટલાક :–

બાહ્ય અને આભ્યન્તર રૂપે બંને પ્રકારના પરિગ્રહધારી છે.

બાહ્ય પરિગ્રહી હોય, તો પણ આભ્યંતર નથી હોતાં. જેમ કે વ્રતધારી ભાગ્યશાળીઓ.

બાહ્ય પરિગ્રહી નથી પણ આભ્યન્તર પરિગ્રહી હોય છે, જેમ કે પુણ્ય વિનાના ભીખ માંગા અથવા પશુ-પક્ષીઓ.

બંને પ્રકારે નથી, જેમ કે સિદ્ધાત્મા.

લોભ અને પરિગ્રહસંજ્ઞાથી ગ્રસિત થયેલાઓ "આ મારૂં-આ મારૂં" આમ પ્રત્યેક પદાર્થ પર મમત્વ (મારાપણું)ને ધારણ કરતાં ચારે નિકાયના દેવોને પરિગ્રહ પ્રત્યે રૂચિ હોવાથી વિવિધ પ્રકારે તેને વધારવાની બુદ્ધિવાળા હોવાથી જુદા જુદા પ્રકારે તેની વૃદ્ધિ કરતાં રહે છે.

કયા કયા દેવો પરિગ્રહના મમત્વવાળા હોય છે?

અસુર, નાગ, સુપર્ણ, વિદ્યુત્, અગ્નિ, દ્વીપ, ઉદધિ, દિક્, વાયુ, અને સ્તનિતકુમાર નામે ભવનપતિના દસ ભેદના દેવો.

આઠ પ્રકારના વ્યંતર દેવો, વાણવ્યંતર દેવો, તિર્યગ્-જૃંભક દેવો જે વ્યંતર દેવોના ભેદો છે.

ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા, પાંચ પ્રકારના જ્યોતિષ દેવો. તેમાં ગુરૂ, ચંદ્ર, સૂર્ય, શુક્ર, શનિ, રાહુ, ધુમકેતુ, બુધ અને મંગળ દેવો ગ્રહ જાતિના છે. તે સિવાય નેપ્ચ્યુન, હર્ષલ અને કેતુ વગેરે ગ્રહો સારી રીતે તપાવેલા સુવર્ણની જેમ ચમકદાર અને જન્મ લેનારને શુભ અથવા અશુભ ફળોને સૂચવનારા છે. તથા પોતપોતાના સમય પ્રમાણે

મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ અને મીન રાશિઓમાં ક્રમશઃ પરિભ્રમણ કરે છે. કેમ કે તેમનો સ્વભાવ જ ગતિશીલ હોવાથી એક રાશિમાં પડ્યાં રહેતાં નથી. અભિજિત્ સાથે અઠ્ઠાવીસ નક્ષત્રો છે, જેમના સંસ્થાનો વિવિધ પ્રકારે છે. આ બધાય જ્યોતિષી-દેવો સદૈવ ભ્રમણ કરે છે અને મનુષ્ય લોકમાં રહે છે. જ્યારે તેનાથી બહારના જ્યોતિષ દેવો સ્થિર છે, એટલે જ્યાં છે ત્યાંથી ચલાયમાન થતાં નથી. કેટલાય યોજનની ઉંચાઇવાળા મેરૂપર્વતની ચારે તરફ ભ્રમણ કરે છે. સમય, ઘડી, દિવસ, માસ, વર્ષ આદિના વ્યવહારનો આધાર સૂર્ય–ચંદ્રને આધીન છે. ત્યાર પછી બાર પ્રકારના વૈમાનિક દેવોના વિમાનો છે, જે ઉર્ધ્વલોકવાસી કહેવાય છે. કલ્પોપન્ન હોવાથી તીર્થંકર પરમાત્માઓની સેવામાં, તેમના કલ્યાણકોમાં, અતિશય શ્રદ્ધાપૂર્વક આવે છે અને ભક્તિભાવે આરાધના કરે છે. તેમના નામો–સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક, મહાશુક્ર, સહસ્સાર, આનત, પ્રાણત, આરણ અને અચ્યુત છે, પોતપોતાના કલ્પવર વિમાનોમાં રહેતા હોવાથી કલ્પોપન્ન કહેવાય છે.

ત્યાંથી ઉચ્ચા અને ગ્રીવા સ્થાને રહેનારા નવ પ્રકારના ગ્રૈવેયક દેવો તથા પાંચ અનુત્તર દેવો, મહર્દ્ધિક એટલે મોટી ઋદ્ધિવાળા અને સર્વ દેવોમાં શ્રેષ્ઠ મનાય છે, જે કલ્પાતીત કહેવાય છે.

માટે તીર્થંકર દેવોના કલ્યાણકોમાં આવવાનું રહેતું નથી. તેથી એમ સમજવાનું નથી કે તીર્થંકરો કરતાં કલ્પાતીત દેવો મોટા હોય છે, પરન્તુ તેઓનું અવધિજ્ઞાન એટલું બધું વિશદ હોય છે કે પોતાના વિમાનોમાં બેઠાં બેઠાં જ સમીપમાં વિહરમાન તીર્થંકરોને મનથી પ્રશ્ન પૂછે છે અને સમાધાન મેળવી લે છે.

ચારે નિકાયના દેવોમાં પરિગ્રહનું વર્ણન :-

માનવાવતારમાં કરેલી-કરાવેલી આરાધના-વિરાધનાના કારણે, તરતમભાવે મળેલા ભવનો, વનો, વાહનો, યાનો, વિમાનો, શયનો, આસનો વગેરે ભોગ્ય સામગ્રીના સાધનો, મનુષ્ય લોકના વાસીઓ કરતાં ઘણા પ્રકારે શ્રેષ્ઠ, સ્વચ્છ, સૂક્ષ્મ, મુલાયમ અને ઇન્દ્રિયોના પોષક હોય છે.

જૂદા જૂદા રંગે રંગાયેલાં વસ્ત્રો ઘણા જ કિંમતી હોય છે. સંભળાય છે કે પરમાત્મા મહાવીરસ્વામીના બંભા પર પડેલા દેવદૂષ્યોના બંને ટૂકડાઓને સાંધનાર દરજી અને બ્રાહ્મણ પણ આજીવન શ્રીમંત બની ગયા હતાં. નયનરમ્ય અને મનોહારી આભૂષણો, ચન્દ્રકાન્ત તથા સૂર્યકાન્ત આદિ જૂદા જૂદા રંગોના મણિઓથી શોભતાં તેમનાં પાત્રો (વાસણો) દેવોની ઇચ્છાને અનુકુળ, વિવિધ પ્રકારના રૂપાન્તરો કરવામાં અપ્રમત્ત અપ્સરાઓનો સમૂહ તેમની પાસે કાયમ રહે છે, જેના પર દેવોને ઘણીજ માયા રહે છે. તથા દ્વીપો, સમુદ્રો, દિશાઓ, વિદિશાઓ, ચૈત્યવૃક્ષો, બીજા પણ ઉત્તમોત્તમ વૃક્ષો,

પર્વતો, ગામો, નગરો, બાગબગીચાઓ, ઉપવનો, પુષ્પો તથા ફળોથી લદાયેલા વૃક્ષો, અને વનો, જંગલો, કૂવા, વાવડી, તળાવો, કમળોથી પૂર્ણ જળાશયો, દેવસ્થાનો, સભાસ્થાનો, પરબો ઇત્યાદિક સ્થાનો પર દેવોને અતીવ માયા હોવાનું કારણ એક જ છે કે, તેઓ સીમાતીત શોભીન, સુગન્ધી પદાર્થોના ઉપભોક્તા, મનગમતા શોખ કરનારા, મજા માટે તે તે સ્થાનોમાં જનારા-ફરનારા હોય છે. ત્યાં મનગમતી કામક્રીડા, હાસ્ય, કુતૂહલ, ખેલ-કૂદ, તમાશા કરવાની તેમને ઘણી જ મઝા પડે છે. ઘરે બધાય સાધનો હોવા છતાં શ્રીમંતો જેમ હરવા ફરવા જાય છે અને મનને પ્રફુલ્લ કરે છે તેમ દેવોને પણ પોતાના વિમાનો, ગાદલાઓ, રજાઈઓ, ધૂપદાની, સુગંધી દીવાઓ વગેરે સાધનો હોવા છતાં પણ તે દેવો એક જ સ્થાનમાં રતિક્રીડા કરનારા નથી, માટે મળેલી સામગ્રીઓનો ભોગ જુદા જુદા સ્થાનોમાં જઇને કરે છે.

સર્વશ્રેષ્ઠ પરિગ્રહમાં પણ તેમને સંતોષ કેમ નથી થતો ?

જીવ માત્રના માનસિક વિચારો, સંકલ્પો અને તદનુસાર કાર્યોને પ્રત્યક્ષ કરવા માટે તીર્થંકર પરમાત્માઓ સિવાય બીજા કોઇની પાસે ક્ષમતા હોતી નથી. જેમ કે આપણા જેવાઓને માટે દેવો જ્યારે પ્રત્યક્ષ જ નથી તો તેઓ પોતાના વિમાનોમાં કેવી રીતે રહેતા હશે ? શું કરતા હશે ? તેમના કામવિલાસો કેવા, કયારે અને કયા સ્થાને હોતા હશે ? ઇત્યાદિ વાતોને છદ્મસ્થ માણસ કેવી રીતે પ્રત્યક્ષ કરવાનો હતો ? કેમકે આ બધાય જ્ઞાતવ્ય તત્ત્વો છાદ્મસ્થિકજ્ઞાનના

નથી પણ ક્ષાયિકજ્ઞાન(કેવળજ્ઞાન)ના છે. અને તેવું જ્ઞાન કેવળજ્ઞાની સિવાય બીજે કયાંય હોતું નથી. માટે અપ્રતિહત જ્ઞાનદર્શનવડે માનવોના માનસિક ભાવોને યથાર્થ જાણી શકવાની અને પ્રરૂપણા કરવાની શક્તિ કેવળીઓ પાસે જ હોય છે. તેથી જ યથાર્થવાદી પરમાત્માએ ફરમાવ્યું કે- મનુષ્ય લોકના ચક્રવર્તીઓ કરતાં પણ સારામાં સારા પરિ- ગ્રહના માલિકો, બધાય ઇન્દ્રો, દેવો અને દેવીઓ પણ પોતાના પરિગ્રહથી સંતોષ મેળવી શકતા નથી. ગમે ત્યારે પણ તેના ભોગવટાની ઇચ્છાઓ તેમને થાય છે અને મન- માન્યા ભોગવટાઓ કરે છે પણ સંતોષ પામી શકતાં નથી, વાસનાઓની તૃપ્તિ પણ તેમને થતી નથી. પરંતુ બળતી સગડીમાં નાખેલા કોલસાઓથી જેમ અગ્નિ ભડકે છે તેમ તેમની ઇચ્છાઓ પણ જુદા જુદા રૂપે થાય છે અને ભોગવે છે પણ સંતોષને આત્મિક જીવન સાથે સંબંધ હોવાથી આત્મામાં જ્યારે કામવાસના ભડકે બળતી હોય, આંખોમાં વિકાર હોય, સ્પર્શ સુખ માણવાની તમન્ના હોય, ત્યારે સંતોષ શી રીતે મળશે ? કોણ આપશે ? માટે વૈક્રિય લબ્ધિવડે ગમે તે પદાર્થ ગમે ત્યારે મેળવી શકે છે, પણ સંતોષ તત્ત્વની પ્રાપ્તિ તેમના ભાગ્યમાં હોતી નથી જે મનનો અને શરીરનો ભૂખ્યો છે, તે માણસ સર્વશ્રેષ્ઠ ભોગવિલાસો માણવા છતાં પણ ભૂખ્યો જ રહેવાનો છે. માટે તેમને શરીર શૃંગાર, વસ્ત્ર પરિધાનની માયાના રંગનો અંત આવતો જ નથી. માટે દેવોને લોભીયા કહ્યાં છે.

તેમના પરિગ્રહના ક્ષેત્રો કયા કયા ?

પોતાના મોજશોખને પૂર્ણ કરવા માટે દેવો તથા દેવીઓ કયા કયા સ્થાને જઈ પોતાની વાસનાઓને પૂરી કરે છે, તેનું વર્ણન કરતાં સુધર્માસ્વામીએ કહ્યું કે–હિમવાન આદિ વર્ષધર પર્વતો, ઇષુકાર પર્વતો, ધાતકી ખંડ તથા પુષ્કરાવર્તદ્વીપની મર્યાદા બતાવતાં દક્ષિણથી ઉત્તર સુધીની લંબાઈવાળા પર્વતો, શબ્દાપતિ, વિકટાપતિ, ગંધાપતિ તથા માલ્યવાન નામના ગોળ વૈતાઢ્ય પર્વતો, જમ્બૂદ્વીપથી અગ્યારમા કુંડલ નામના દ્વીપ મધ્યે કુંડલક પર્વતો, જમ્બૂદ્વીપથી તેરમા રૂચકવર પર્વતના મધ્યમાં મંડલાકાર પર્વતો, માનુષોતર પર્વતો, મનુષ્ય ક્ષેત્રની મર્યાદા કરનારા માંડલાકાર પર્વતો, કાળોદધિ નામના બીજા સમુદ્રમાં, લવણ સમુદ્રમાં, ગંગા આદિ મહા નદીઓમાં, પદ્મ–મહાપદ્મ આદિ મહા હદોમાં, જમ્બૂદ્વીપથી આઠમા નંદીશ્વરદ્વીપની ચારે વિદિશાઓમાં રહેલ ઝાલરના આકારસમા કાળા રંગના ચાર અંજન પર્વતોમાં, તથા ચારે દિશાઓમાં સ્થિત દધિમુખ પર્વતોમાં, સોળ સંખ્યામાં રહેલ પુષ્કરણીઓના મધ્ય ભાગમાં, સોળ શ્વેત પર્વતોમાં, તેમાં અવપાત પર્વતોમાં, એટલે કે દેવો જ્યારે મનુષ્યલોકમાં આવે છે ત્યારે પહેલા આ પર્વતો પર ઉતરે છે અને ત્યાર પછી મનુષ્યલોકમાં આવે છે જે તિગિચ્છકૂટ પર્વતો કહેવાય છે. કાંચન પર્વતોમાં, ઉત્તર કુરૂ અને દેવકુરૂની વચ્ચે પાંચ પાંચ હદોના પ્રત્યેકના બંને ખૂણા પર રહેલા પર્વતોમાં, ચિત્ર–વિચિત્ર નામક પર્વતોમાં, જે નિષધ

નામના વર્ષધરની પાસે તથા સીતોદા નદીના કિનારા પર છે. નીલવર્ષધરની પાસે આવેલ તથા સીતોદા નદીના કિનારે યમક નામના પર્વતોમાં, ગોસ્તૂભ આદિ પર્વતોમાં દેવો આવે છે– દેવીઓ આવે છે, સ્નાન અને જળક્રીડા કરે છે, પુષ્પો તોડે છે, એકબીજાને માળા પહેરાવે છે, વસ્ત્ર પરિધાન કરે છે, હસે છે, ફરે છે, મોજમજા કરે છે અને કામક્રીડાથી થાકી ગયા પછી આરામ કરી સમય પસાર કરે છે. સાથોસાથ પોતાનાથી મોટી ઋદ્ધિવાળા દેવોના ભભકાદાર વસ્ત્રો, આભૂષણો, મણિઓ, વીંટીઓ, વિમાનો, પગની મોજડીઓ અને તેમની દેવીઓને જોઇ જોઇ તેમના મનમાં બળતરા, ઇર્ષ્યા, દ્વેષ આદિની આગ લાગે છે અને અવસર આવ્યે હાથ ચાલાકી પણ વાપરી લે છે, તથા મનુષ્ય ભવમાં કરેલી દેવ–ગુરૂ અને ધર્મની આરાધનામાં સેવાઈ ગયેલા પ્રમાદ, આળસ, નિદ્રા, બેદરકારી અને શ્રદ્ધાની ખામીનો ખ્યાલ આવતાં આખોમાંથી પાણી પણ ટપકી પડે છે. ઉપર પ્રમાણે દેવો પાસે અગણિત ભૌતિકવાદ હોવા છતાં પણ તેમને તૃપ્તિ નથી, સંતોષ નથી. માટે સમ્યગ્દૃષ્ટિ વિનાના દેવો તેવી સ્થિતિમાં જ આયુષ્ય પૂર્ણ કરી ફરીથી અનંત સંસારની મુસાફરી કરે છે.

સારાંશ કે–પોતપોતાની પરિગ્રહની માયાને ઇતિશ્રી માની તેમાં મસ્ત બને છે, ફળ સ્વરૂપે દુઃખી બને છે. કેમ કે દેવો પણ સંસારના મુસાફરો હોવાથી તેમના આત્માના પ્રતિપ્રદેશોમાં ચારે સંજ્ઞાની સત્તા રહેલી છે.

મનુષ્યોના પરિગ્રહનું વર્ણન :-

અકર્મ ભૂમિમાં થયેલા યૌગલિક-યુગલિયા અને કર્મ-ભૂમિમાં થયેલા વિદ્યાધરો અને મનુષ્યો રૂપે મનુષ્યના બે ભેદ છે. તેમાંથી કર્મભૂમિના મનુષ્યો જે છ ખંડ પૃથ્વીના ભોક્તા ચક્રવર્તીઓ, ત્રણખંડના ભોક્તા વાસુદેવો, બલદેવો, પ્રતિવાસુદેવો અને :-

માંડલિકો :-જેમની પાસે મંત્રી, પુરોહિત, બન્નેનો અને ચતુરંગિણી સેના હોય તે નાના મોટા દેશના રાજા-મહારાજાઓ.

ઇશ્વરા :-તેમના મોટા યુવરાજ પુત્રને ઇશ્વર કહેવાય છે.

તલવરા :-સેનાપતિ, શેઠ, ઇભ્ય (ઘણા ધનવાળા) પુરોહિત, રાજકુમાર, દંડ નાયક, ગણનાયક, માંડલિક, સાર્થ-વાહ, કૌટુમ્બિક અમાત્ય આદિ બીજા માનવો પણ જેમની પાસે પરિગ્રહની માયા છે, અને દિન પ્રતિદિન તેમાં વધારો કરવાની લાલસાવાળા છે.

પરિગ્રહની માયાનું મૂળ કારણ શું છે?

સમ્પૂર્ણ મનુષ્યલોકમાં મહાવ્રતધારી મુનિરાજો પરિગ્રહ-સંજ્ઞા અને લોભસંજ્ઞાથી હજારો માઈલ દૂર છે, અને સમ્યગ્-જ્ઞાન દ્વારા સ્વીકારેલા દેશવિરતિ-અણુવ્રતધારી શ્રાવક, નિરર્થક પાપબંધન થાય તેવા પરિગ્રહનો ત્યાગી હોવાથી કેવળ અનિવાર્ય-રૂપે અલ્પ પરિગ્રહનો જ ધારક છે. આ બંનેને છોડી જેઓ વ્રત વિનાના છે, તે બધાય પરિગ્રહ નામના મહાગ્રહથી પૂર્ણરૂપે ગ્રસ્ત છે. તેઓ નથી તો પરિગ્રહની માયા

છોડી શકતા કે નથી તેની મર્યાદા કરી શકતા. કેમકે :- "तं च पुण परिग्गह ममायंति लोभघस्था" એટલે કે, સમસ્ત પ્રાણીઓ લોભ નામના રાક્ષસથી ઘેરાયેલા હોઇને સવારથી શયનાવસ્થા સુધી 'મારૂં મારૂં' કરતાં રહે છે. આના કારણે માનવ પ્રત્યેક પદાર્થને ઇચ્છે છે, ગ્રહણ કરે છે, એકના ડબલ કરે છે, સુરક્ષિત રાખે છે, તેમાં પ્રેરણા આપે છે. જેથી માનવની બુદ્ધિ મુંઝાઇ જાય છે. તેની સાથે જ્યારે જ્ઞાનાવરણીય કે મતિજ્ઞાનાવરણીય કર્મનું મિશ્રણ થાય છે ત્યારે પરિગ્રહ વિના ફેશનેબલ, હાટ, બંગલા અને વ્યાપાર દ્વારા લાખો-કરોડોને કમાવ્યા વિના શી રીતે ચાલે ? અને શરાબપાન જેવું મોહકર્મ સાથીદાર બને છે ત્યારે એક પણ ધર્મવાકયને સાંભળ્યા કે શ્રદ્ધામાં ઉતાર્યા વિના 'પરિગ્રહ'ને જ ધર્મ માનતાં કહે છે કે, 'વ્યાપારમાં સાચા ખોટા, વ્યાજના ગોટાળા કે તોલ માપમાં ન્યાય જોવા બેસીએ તો શ્રીમંત બનવાનો સમય કયારેય પણ આવે જ નહિં. વ્યાખ્યાનની પાટ પરથી આચાર્ય ભગવંતોને કહેવાનો ધર્મ છે અને આપણને સાંભળવાનો, બાકી તો ભાઈ, મહારાજોની વાતો માનીએ તો વગર પાણીએ હજામત થઇ જાય તેમ છે.' આવા કારણોને લઇ પરિગ્રહ-ધારીના જીવનમાં હિંસા, જૂઠ, ચોરી અને મૈથુન પાપોનું તથા હદ બહાર થયેલા કષાયોનું પ્રાબલ્ય આદિ પાપો એક પછી એક આવતાં જ રહે છે. ઘણીવાર તે પાપોના ભાવો, જ્યારે અત્યુગ્ર બને છે ત્યારે તેને પૈસા કમાવવાની ધૂન સિવાય બીજા એકેય કાર્યમાં રસ હોતો નથી.

પાપનો બાપ લોભ શા માટે કહેવાયો ?

પાપના ઉત્પાદનમાં, વર્ધનમાં, લોભ મૌલિક કારણ હોવાથી, પાપનો બાપ (Father) લોભ કહેવાય છે. સંસારના ઇતિહાસમાંથી, આપણા તથા પાડોશીઓના જીવન વ્યવહારમાંથી થયેલો અનુભવ જ સાક્ષી આપી રહ્યો છે કે નાની ઉંમરનો સત્ય પ્રતિજ્ઞા, ધર્મનો સંસ્કારી, માતા પિતાનો પૂજક, ભક્તામરનો ગાયક, અતિચાર સૂત્રનો પાઠક, આવતી કાલે પ્રતિજ્ઞા ભ્રષ્ટ, ધર્મનો નાશક, માતા પિતાનો મારક શી રીતે બનતો હશે ? અને બનવાનું કારણ શું ?

(૧) રાજ્ય લોભના કારણે કોણિકે પોતાના બાપને કારાગૃહમાં નાખ્યો હતો. આ વાતને તમે જાણો છો ?

(૨) વિષય લોભમાં આંધળી, ૧૪ સ્વપ્ન સૂચિત પુત્રની માતા બનેલી ચુલિણીએ પોતાના ચક્રવર્તી બ્રહ્મદત્ત પુત્રને લાખના ઘરમાં ધકેલી દીધાની વાત તમે સાંભળી નથી ?

(૩) પોતાની ધર્મપત્નીને દેવતાઈ હાર પહેરાવીને સર્વાંગ સુંદર બનાવવામાં વિષયાન્ધ કોણિકે પોતાના નાના (માતાના પિતા) ચેડા મહારાજા સાથે યુદ્ધ રમીને ૧ કરોડ એંશી લાખ માનવોની હત્યાનું પાપ પોતાના માથે લીધેલી વાતને તમે કયારેય ગુરૂ મહારાજ પાસેથી સાંભળી છે ?

(૪) રાજ્ય વિસ્તારના ઇચ્છુક, ચક્રવર્તી પદનો લોભી ભરત રાજાએ પોતાના પ્રાણ પ્યારા બાહુબલી ભાઇને મારવા માટે ચક્રનો ઉપયોગ કરવામાં લોભ સિવાય બીજું કારણ શું ?

ઇત્યાદિ અગણિત દાખલાઓને જોયા પછી "**लोभं परिग्गहो जिणवरेहिं भणिओ**" જિનેશ્વર પરમાત્માઓએ તે સૌમાં લોભ પરિગ્રહને મૂળ કારણરૂપે કહ્યો છે. નટરાજ તરીકે પ્રસિદ્ધિ પામેલા લોભના રૂપાંતરો નીચે પ્રકારે જાણવા :– પુત્રનો લોભ, ધનનો લોભ, સત્તાનો લોભ, પરસ્ત્રીનો લોભ, વિષયવાસનાનો લોભ, શરીરને શણગારવાનો લોભ, પોઝીશનનો લોભ, પુત્ર પરિવારની માયાનો લોભ, આદિ રૂપે નટરાજના વેષો જુદા જુદા છે.

પરિગ્રહનો સ્વભાવ કેવા પ્રકારનો છે ?

પરિગ્રહની માયા અને તેનાથી બંધાયેલા ઋણાનુબંધનોનો ત્યાગ એટલો બધો કઠણ છે, જેના કારણે તેનો સ્વભાવ કહેવાઇ ગયો છે, છતાં ફરીથી. સૂત્રકાર શ્રી સુધર્માસ્વામીજી પરિગ્રહની ભયંકરતાને બતાવવા માટે ઉદાર બન્યા છે, જેથી હડહડતા કલિયુગ (હુંડીઅવસર્પિણીના પાંચમા આરાની વિશમી શતાબ્દિ)માં જન્મેલા આપણા જેવાઓને મતિજ્ઞાનાવરણીય અને મોહકર્મના ઉદયમાં પણ કંઇક જ્ઞાનસંજ્ઞા પ્રાપ્ત થાય અને પરિગ્રહની માયાને ધીમે ધીમે છોડવાનો વિશેષ પુરૂષાર્થ કરીએ, આના સિવાય બીજું કારણ શું હોઈ શકે ? કેમ કે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ અત્યંત દુર્લભ કહી છે. વિદ્વાની પ્રાપ્તિમાં ઉદરંભરિત્વ કે સ્વાર્થ પણ કારણ હોઈ શકે, જ્યારે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિમાં કેવળ આત્માને પરમાત્મા બનાવવાની ભાવના જ હોય છે. વિદ્યા પ્રાપ્તિની સુલભતા તો સૂત્રકાર

પોતે જ આગળ કહેવાના છે. તેથી અત્યારે સમ્યગ્જ્ઞાનના હાડવૈરી પરિગ્રહના સ્વભાવોને ક્રમશઃ જાણીએ.

(૧) અનન્ત :–પરિગ્રહના કીડા સ્વરૂપ માનવોને, પરિગ્રહ વધારવા માટે જ મનુષ્યાવતાર મળ્યો હોય તે કારણે તેમના અહોરાત્રી, મહિનાઓ, વર્ષો અને છેવટે જીવનનું સમાપન ' હાય મારો પૈસો ' કરતાં કરતાં ધન, સુવર્ણ–હીરા તથા શણગારેલા મકાનોને રોતાં રોતાં, મરણને શરણ થાય છે. સમુદ્રને પાર કરવા માટે જહાજ છે, ભારત ખંડની પરિક્રમા કરવા માટે વૈક્રિય શક્તિ છે, પણ પરિગ્રહને પાર કરવા માટે કોઇની પાસે કંઇ પણ સાધન નથી. માટે તેને અનન્ત કહ્યો છે. ખાવા માટે બે રોટલી, પહેરવા માટે બે વસ્ત્ર અને રહેવા માટે મકાનની એક કોટડી (રૂમ) અનાયાસે મળી ગયા પછી પણ પરિગ્રહસંજ્ઞાના કારણે તેમાં તેને સંતોષ જ નથી. પરિગ્રહ વધારવા માટે હજારો પ્રકારના મનસુબાઓ રૂપ આર્તધ્યાનના માલિક બનેલાઓ જીવનનો અંત લાવશે પણ પરિગ્રહનો અન્ત કયારેય પણ લાવી શકવાના નથી હજારો–લાખો અને કરોડો મળ્યા તો પણ પરિગ્રહનો અંત દેખાતો નથી. છેવટે ચક્રવર્તિત્વ, ઈન્દ્રત્વ, વાસુદેવત્વ તથા શરીરના રૂપની પરમ સીમા, શૂરવીરતાની અજોડતા અને સૌભાગ્યની પૂર્ણાહુતિ પોતાના ભાગ્યે થઇ ગઇ હોય તો પણ પરિગ્રહ વધારવાની પૂર્ણાહુતિ થતી નથી અર્થાત્ અમર્યાદિત થયેલા પરિગ્રહને મર્યાદિત કરવા જેટલી શક્તિ પણ આત્મામાં રહેતી નથી.

(૨) અશરણ :-માનવ માત્રનું જન્મવું અને મરવું સર્વથા નિર્ણીત થયેલી હકિકત છે, તેમાંથી એક સેકંડ પણ આઘી પાછી કરવાની તાકાત ઇન્દ્રો વગેરે ૩૩ કરોડ દેવોની પણ નથી. જન્મ લેવામાં પૂર્વભવીય ઋણાનુબંધનો, રાગદ્વેષના કારણે એક કરજદાર અને બીજો લેણદાર તથા એક મારવું, ઘાત્ય અને બીજો મારક તથા ઘાતક આદિના સંબંધો નિકાચિત થયેલા હોવાથી, જન્મ કયાં લેવો ? તે તેના હાથની વાત રહેતી નથી, પરન્તુ મરણ-મૃત્યુને માટે તેવું નથી. સદ્બુદ્ધિ અને વિવેકદ્વારા નક્કી જ કરી લેવાય કે, મારે મૃત્યુ બગાડવું નથી. તો રોતાં રોતાં આવેલો માનવ હસતાં અને હસાવતાં પણ જઇ શકે છે. અન્યથા રોતાં રોતાં તો જવાનું છે જ. પરિગ્રહનું પાપ જ એટલું બધું મોટું છે કે, તેના માલિક પર હજારો લાખો માનવોના શાપ-રોષ અને મલિન ભાવો રહેલા જ હોય છે, કેમ કે ગમે તેમાં અને ગમે તે રીતે ગોટાળા કર્યા વિના, કેટલાઓને દુઃખી બનાવ્યા વિના, રોવડાવ્યા વિના શ્રીમંત થવાતું નથી, કેમ કે હીરા-મોતી-સુવર્ણ કે લાખો-કરોડો રૂપીઆના નોટોના બંડલો આકાશમાંથી કે વર્ષાદના પાણીમાંથી પડતાં નથી. અત્યંત ગરીબ ૧૦૦ માનવોના ઝુંપડા તોડ્યા વિના કે તોડાવ્યા વિના આલિશાન બંગલા બનતા નથી. વ્યાજ, હિસાબ કે તોલમાપમાં ખોટા કર્મો કર્યા વિના કોઇના પણ ઘરમાં સનલાઇટ સાબુ, મલમલના વસ્ત્રો, હીરામોતીના દાગીના, મોવા મિષ્ટાન્નના ભોજનીયા, તેને પચાવવા માટે ચૂર્ણની ગોળીઓ અને છેવટે કાનમાં રાખવા

માટે હીના, ગુલાબ, ચંપા, કેવડા કે બીજા કોઈ અત્તરો નળમાંથી ટપકતા નથી. આ પ્રમાણે વધારી દીધેલા પરિગ્રહમાં મોટામાં મોટું દૂષણ હોય તો એક જ છે કે તેના માલિકને હજારો પ્રકારની આપત્તિઓ, વિપત્તિઓરૂપે ભયસંજ્ઞા લાગુ પડ્યા વિના રહેતી નથી. જેમાંથી ડાયાબિટિસ, હાર્ટએટેક, બ્લડપ્રેશર, કેન્સર, ટી.બી. આદિના સર્વથા અસાધ્ય રોગો લાગુ પડે છે. આ કારણે ઘસાઈ ગયેલું શરીર, કમજોર થયેલું મસ્તિષ્ક, પરવારી જવા આવેલું પુણ્યકર્મ જ્યારે એક દિવસે વિશ્વાસઘાત કરશે, તેવા સમયે મૃત્યુ પામનારા માણસને શરણ દેવાવાળો કોણ ? કેમ કે સગાઓ જેમાં પુત્રો, પિતા અને ધર્મપત્ની મુખ્ય છે, તેઓએ આજ સુધી કોઇને પણ મરતાં બચાવ્યાનું એકેય ઉદાહરણ હજારો કૂલલાઇટમાં તપાસવા છતાં પણ મળવાનું નથી. તો આપણને બચાવનાર કોણ ? અને જો કોઇ ન હોય તો પરિગ્રહના પાપમાર્ગે જીંદગીને ખપાવી દેવી તેના કરતાં તેને મર્યાદામાં કરવા જેવો બીજો માર્ગ નથી. આ કારણે જ સૂત્રકારોએ કહ્યું ' પરિગ્રહ કોઇને પણ શરણ આપવા માટે સમર્થ નથી. ' યમરાજ કોઇની રિશ્વત લેતો નથી, શરમ રાખતો નથી. માળવા, ગુજરાત, અમેરિકા, છેવટે વિમાનમાં, બસમાં કે પોતાની અમેરિકન કારમાં બેઠો હોય તો પણ શરમ વિનાનો યમરાજ તમને ગમે ત્યાંથી ઉપાડ્યા વિના રહેવાનો નથી.

(૩) દુરન્ત :–બુદ્ધિશાળી અને વિવેકી આત્માની નાની કે મોટી પ્રવૃત્તિ પણ સારા પરિણામ દેનારી હોય છે.

કેમ કે તેઓને પોતાના ભાગ્ય પર અતૂટ વિશ્વાસ હોવાથી કયાંય પણ અવળો માર્ગ સ્વીકારતા નથી, વ્યવહાર પૂરતું ધન મેળવવામાં કયાંય અનીતિ–પ્રપંચ થવા ન પામે તેનો ખ્યાલ રાખે છે, છેવટે પોતાના કટ્ટર દુશ્મનને પણ ખોટી સલાહ આપતાં નથી. સર્વથા નિર્ણીત તથ્ય છે કે ભાગ્યની દાળરોટી કે દૂધરોટીમાં રતિમાત્ર ફરક પડતો નથી. પરન્તુ ધર્મ કે સિદ્ધાન્તની પરવા કર્યા વિના જેઓ પોતાના ભાગ્યનો વિશ્વાસ ખોઈ નાખે છે, તેમને પરમાત્મા પર પણ વિશ્વાસ હોઈ શકતો નથી. તે કારણે દુર્બુદ્ધિ વશ બનેલા તે માનવો પરિગ્રહ એટલે પૈસો વગેરે વધારવાના અવળે રસ્તે જાય છે, જેનું પરિણામ (રીઝલ્ટ) હંમેશા દુરન્ત એટલે બતરનાક જ આવે છે. હજારો શ્રીમંતમાંથી એકાદને અપવાદ રૂપે છોડીને બાકીના ધનવંતો મૃત્યુના સમયમાં હાયપીટ કરતાં, રોગમાં પીડાતાં અને પોતાની ભેગી કરેલી માયાને ટગર ટગર જોતાં જ આંખ બંધ કરી લે છે અને દુર્ગતિના અતિથિ બને છે.

(૪) અધ્રુવ :–હજારો લાખો માનવોની શ્રદ્ધાંજલીઓ અને અર્ઘ્યોથી સત્કાર પામેલા સૂર્યનારાયણનો ઉદયકાળ પણ સ્થિર રહી શકતો નથી. પરિણામે પોતાની ઉદયાવસ્થા દરમ્યાનમાં પોતાના જાતભાઈ ચન્દ્ર, તારા, ગ્રહ અને નક્ષત્ર આદિને સર્વથા તેજોહીન કરનાર સૂર્યને અસ્તાચલ પર જતાં કોઈ જોવા માટે પણ તૈયાર નથી. તેવી રીતે પરિગ્રહનો ઉદય પણ જાણવો. આપણે પ્રત્યક્ષ જાણીએ છીએ કે, શ્રીમંતાઈ દરમ્યાન પોતાના ભાઈના પુત્રોને, ભાભીઓને, ફઈબા કે કાકા

કાકીને કે ગરીબોના ઘેર રહેલી પોતાની ભગિનીઓને પણ બાર મહિનાના રોટલા નહિ આપનાર શ્રીમંતોને લક્ષ્મીદેવી જ્યારે હાથતાળી આપીને રવાના થઈ છે, તેમને મુંબઇન બજારમાંથી ગુમાવી દીધેલા મોટલાઓ કે દુકાનો કે પેઢીઓ ફરીથી પ્રાપ્ત થઇ નથી. ઇત્યાદિ કારણોને લઇ સૂત્રકારે કહ્યું કે પરિગ્રહ સૌને માટે નાશવંત છે. આધિ-વ્યાધિ, અસંતોષ અને અવિશ્વાસને આપનાર છે. માટે જ એક કવિએ કહ્યું કે-કાન પર બેઠેલી તારી કલમ તારા કાનમાં નીચે પ્રમાણે કહી રહી છે.

(૧) સાધુસંત અને મુનિરાજોને હંમેશા ન્યાય નીતિથી પવિત્ર થયેલું દાન આપજે.

(૨) શત્રુઓ પર હંમેશા ઉપકાર કરજે અને તેમની ભૂલોને ભૂલી જજે.

(૩) બંધુ-કૌટુમ્બિક, પાડોશી અને કેમીલીના મેંબરો સાથે સજ્જનતા-સભ્યતા અને ધર્મ્ય વ્યવહાર કરજે.

(૪) તારૂં પોતાનું હિતકાર્ય કયારેય ભૂલીશ નહિ. મતલબ કે કલાક બે કલાક તારા આત્માની ભલાઇ થાય તેવા ધાર્મિક કાર્યો કરજે.

(૫) તારા માલિક, શેઠ, ઓફીસર સાથે લુચ્ચાઇ, બેઇમાની કરીશ નહિ.

ઇત્યાદિ કાર્યો તૂં બરાબર કરજે, સતત કરજે, અન્યથા મૃત્યુના સમયે તારૂં મોઢું મારા જેવું કાળું થઇ જશે. કલમ

કહે છે કે-ચપ્પુથી મારૂં નાક કપાયેલું અને શાહીથી કાળું છે તેમ તારૂં થવા ન પામે તે ધ્યાનમાં લઇને પરિગ્રહને મર્યાદામાં લેવાનો ભાવ રાખજે, તથા જેમ જેમ ભેળા વાળ થતા જાય તેમ તેમ સંસારની માયાને, ઉપાધિને, વ્યાપાર રોજગારને છોડતો જજે.

(૫) અનિત્ય :-આજ સુધીના ઇતિહાસને જોયા પછી ખ્યાલ આવશે કે પરિગ્રહની માયા કોઇની પાસે પણ સ્થિર રહી નથી. જબરદસ્ત પુણ્યકર્મનો ઉદય વર્તતો હોય તો બે ચાર પેઢી, કોઇને એક પેઢી, કોઇને પાંચ પચ્ચીસ વર્ષ, અને ચોમાસાના દેડકા જેવા શ્રીમંતો એવા પણ છે. કયારે શ્રીમંત થયા ? કયારે ચમકયાં ? અને કયારે ' મેલ કરવત્યા કરવત આખરે મોચીડાનો મોચીડો ' ની જેમ પાછી નોકરી કરવાની જ ભાગ્યમાં રહે છે. સટ્ટા બજારમાં તેજી મંદી રમનારા, ફ્રીચરના આંકડા લગાડનારા, રેસના ઘોડા દોડાવનારા, કે તાસપાનાથી રમી રમનારા હજારો માણસોને જોઇએ છીએ કે, આજે તેમના બાલબચ્ચા અને પત્નીઓ રોતાં રોતાં દિવસો પૂરા કરી રહ્યાં છે. કારણમાં સૂત્રકારોએ કહ્યું કે લક્ષ્મીદેવીના પગે ભમરો હોવાથી કયારેય અને કોઇને ત્યાં પણ સ્થિર રહેતી નથી. લક્ષ્મીની માયા કયારે સમેટાઈ જશે તેની ખબર પડવાની નથી માટે સદૈવ અનિત્યરૂપને ધારણ કરતો પરિગ્રહ એટલે ધન-ભૂષણ વગેરેને ખાડો ખોદીને દાટવામાં કે બેંક બેલેંસને વધારવામાં પૈસાનો ઉપયોગ કરી પાપમાં પડવું તેના કરતાં દીન-દુઃખીઓની સેવામાં, જાતિ ભાઇઓમાં,

સાધુ મુનિરાજોની સેવામાં, ધનનો ઉપયોગ આવતા ભવને માટે પણ કલ્યાણકારી રહેશે. અન્યથા પરિગ્રહની માયામાં મર્યા તો આવનારા ભવમાં ઉંદરડા, બીલાડા, નોળીયા, સર્પ, કૂતરા, શિયાળીયા, કે વ્યન્તર જેવા હલકા દેવ થયા વિના બીજો માર્ગ નથી.

(૬) અશાશ્વત :—આ ચાલુ ભવમાં પુણ્યકર્મિતા અર્થાત્ દાન-પુણ્ય, સાધુ-સાધ્વીઓની સેવા, જિન મંદિરોમાં જિન-પૂજા નિમિત્તે દૂધ, ઘી, સાકર, અગરબત્તી, વસ્ત્ર આદિ પૂજાના સાધનોથી ઉપાર્જિત થતું નવું પુણ્ય બાંધવાનું ભાગ્યમાં ન રહ્યું, સાથોસાથ હુન્નર પુણ્યોની વચ્ચે જ્યારે પાપકર્મની રેખા ઉદયમાં આવશે, ત્યારે બેંક બેલેન્સને પણ ચવાઈ જતાં વાર લાગશે નહિ. તેવા સમયે લોભો કરેલો પરિગ્રહ તમને આર્તધ્યાનમાં ફસાવ્યા વિના રહેશે નહિ. માટે જ સૂત્રકારોએ કહ્યું કે, " મળેલો કે મેળવેલો પરિગ્રહ કોઇને માટે પણ શાશ્વત એટલે કે જીવનની છેલ્લી ઘડી સુધી ટકી રહેશે તેનો વિશ્વાસ રાખવો તે દીવો લઇને કૂવામાં પડવા જેવું છે. " માટે પછીથી પસ્તાવું પડે અને ફરીથી લક્ષ્મી મેળવવા માટે ધમપછાડા કરવા પડે, ગાંતો પાસેથી દોરાધાગા, જમણા શંખ કે વાસક્ષેપ લેવા માટે રખડપટ્ટી કરવી પડે તેના કરતાં શ્રીમંતાઇની વિદ્યમાનતામાં જ તેનો ઉપયોગ દાન-પુણ્યમા કરી લેવો શ્રેયસ્કર છે, કેમકે :—

૧. લક્ષ્મી યદિ તારાથી કમાયેલી હોય તો તે તારી પુત્રીરૂપી હોવાથી તેનો ઉપયોગ પાપમાર્ગે, પરસ્ત્રીગમનના

માર્ગે, શરાબપાનના માર્ગે કે હોટલોમાં કે બજારમાં પાઉંભાજી, સટ્ટા કે શેર બજારમાં દહીંવડા, બટાટાવડા કે પાણીપુરી ખાવામાં કરવો તે પોતાની પુત્રીને કસાઇવાડે દેવા જેવું રહેશે. માટે તેનો ઉપયોગ ગરીબોની સેવામાં, મુનિ તથા સાધ્વીની વૈયાવચ્ચમાં, તેમને ભણાવવા માટે પંડિતોના પગારમાં, સીદાતા સ્વામી ભાઇઓને દાલ-રોટી, વસ્ત્ર, ઔષધ દેવામાં કરી લેવો, આનું નામ જ આત્મકલ્યાણ છે, મહાવિદેહક્ષેત્રમાં જવાનો માર્ગ છે. કેમ કે તમારી કમાયેલી લક્ષ્મી તમારી પુત્રી છે.

૨. યદિ તમારા વડિલોની કમાયેલી લક્ષ્મી તમને મળી છે તો તે પિતાની પુત્રી બહેન કહેવાય. આ ન્યાયે લક્ષ્મી તમારી બહેન બને છે અને સગી બહેનને પાપમાર્ગે લઈ જવી તેના જેવું પાપ બીજું કયું ?

૩. અને બીજાઓની લક્ષ્મી તમને મળી હશે તો તે તમારા માટે પરસ્ત્રી જેવી હોવાથી તેનો ઉપયોગ સાધુ-સાધ્વીઓ પર આંખ મિંચામણા કરીને, ઘરના ફ્લેટ બંધ કર્યા પછી સાલમપાક, બદામપાક, માવા મિષ્ટાન્ન ખાવાના રાખ્યા તો પરસ્ત્રીગમન જેવું પાપ લાગ્યા વિના રહેશે નહિ. આ કારણે ગમે ત્યાંથી તમને મળેલી લક્ષ્મીના સદુપયોગ સિવાય બીજો માર્ગ નથી. કેમ કે અશાશ્વતી લક્ષ્મી કયાં સુધી ટકવાની હતી ? તેથી તે જાય તે પહેલા ઉપયોગ કરી લેવો.

(૭) પાપકર્મમૂલક :-સંત સેવા, સદ્‌ગુરૂઓનો પરિચય, સહવાસ કે તેમની સેવા (વૈયાવચ્ચ) જેમના ભાગ્યમાં નથી

રહેતી ત્યારે પૂર્વભવના પુણ્યને સમાપ્ત થતાં વાર પણ લાગતી નથી. ફળસ્વરૂપે નવા નવા જ્ઞાનાવરણીયાદિ પાપકર્મો બંધાતા જશે માટે સૂત્રકારે કહ્યું કે, પરિગ્રહરૂપ મોટા પાપના કારણે પ્રતિસમયે સાત કે આઠ કર્મોનું બંધન જીવમાત્ર કરી રહ્યો છે. જેમકે :—

૧. પરિગ્રહમાં મસ્તાન બની સમ્યગ્જ્ઞાનને મેળવવાને માટે ઉદાસીન, પ્રમાદી, બેપરવા બનતો માણસ જ્ઞાનાવરણીય કર્મને બાંધ્યા વિના રહેતો નથી.

૨. ધનને મેળવવા માટે ચારે દિશાઓમાં ધમપછાડા કરતો માનવ ચાલવામાં, બોલવામાં, દોડધામ કરવામાં કે બોલવા આદિના વ્યવહારમાં સર્વથા બેદરકાર રહેનારા ઘણા નાના મોટા જીવોની તથા તેમની ઇન્દ્રિયોનો ઘાત કરશે. શરાબના નશામાં અઘોરીની જેમ ઉંઘતો રહેશે. ફળસ્વરૂપે દર્શનાવરણીય કર્મને બાંધ્યા વિના રહેશે નહિ.

૩. અહિંસા, સંયમ તથા તપોધર્મને ઢોંગ માનીને કે બેદરકાર રહી હિંસા, દુરાચાર અને ભોગ લાલસામાં ફસાયા તો અસાતાવેદનીય કર્મને બાંધ્યા વિના શી રીતે રહેવાશે ?

૪. પરિગ્રહની અત્યાસક્તિમાં દાનદાન, ધાર્મિક સંસ્કાર કે સભ્ય વ્યવહારનો ત્યાગ કરી દેવાશે તો ૭૦ કોડાકોડી સાગરોપમનું મોહકર્મ તમારો પડછાયો છોડશે નહિ અને તીર્થંકર પરમાત્માઓની સાત-સાત ચોવીશીઓ થયા પછી જ તમારો પાલવ છોડશે, તથા મોહકર્મની લપસણી માયામાં ફરી

ફરીથી પાપકર્મોને બાંધતા ગયા અને 'ન કરે નારાયણ....' ના હિસાબે વનસ્પતિકાયમાં પહોંચી ગયા તો અનંત ચોવીસીઓ થયે છતે પણ મનુષ્યાવતાર મેળવવામાં દુનિયાભરના જ્યોતિષી મહારાજો પાસે આંટા મારી મારીને થાકી જશો તો પણ તમારો નંબર લાગશે નહિ.

૫-૬-૭. મોહાન્ધ અને લોભાન્ધ જીવો આઠે પ્રકારના મદસ્થાનોના માલિક બની પરજીવોની હત્યા, તેમની નિંદા, પોતાની આપ બડાઇ, બીજાઓના ગુણોની અવહેલના, પોતાના પાપોને છુપાવવા વગેરે કાર્યો કરવાથી આવતા ભવને માટે ટૂંકું આયુષ્ય, અશુભ નામકર્મ અને નીચ ગોત્રનું ઉપાર્જન કરશે.

૮. અને છેવટે શરાબપાનના નશા જેવો મોહકર્મ તમને પોતાના પંજામાં સપડાવી મારશે ત્યારે બીજાઓના ભોગમાં, ઉપભોગમાં, પરાક્રમમાં, લાભમાં અને દાનમાં ઇર્ષ્યાવશ અંતરાય કર્યા વિના તમારાથી રહેવાશે નહિ, જે નિકાચિત અંતરાય કર્મનો બંધ કહેવાય છે.

(૮) અવકરણીય :-જ્ઞાનચક્ષુથી જીવોના કર્મોને ગતિ-આગતિઓને પ્રત્યક્ષ કરનારા, દયાના અવતાર, તીર્થંકર પરમાત્માઓએ પરિગ્રહની માયાને તથા તેના પ્રત્યેની અત્યાસક્તિથી ઉદ્ભવેલી મૂઢતાને સર્વથા ત્યાગ કરવા કહેલું છે, કેમ કે પરિગ્રહની આરાધનામાં ભવભવાન્તરના ઉપાર્જન કરેલા પુણ્યકર્મોને નાશ કરવાની શક્તિ સૌને અનુભવમાં આવે તેવી છે. માટે સત્પુરૂષાર્થ બળે જીનાગમના શ્રવણથી બુદ્ધિરૂપ ચક્ષુ

યદિ રંગાઇ ગયા હોય તો પરિગ્રહને છોડી દેવાનો જ ભાવ રાખવો શ્રેષ્ઠ છે, અથવા તેનું પરિમાણ (મર્યાદા) એટલે કે પ્રત્યેક પદાર્થોના ભોગવટાની મર્યાદા કરી લેવી જોઇએ. જેથી નિરર્થક પાપો "વિના ખાધા, વિના ભોગવ્યા, ફોગટ કર્મ બંધાય" નો અવરોધ થશે.

(૬) સ્વ અને પરનો વધઃ-બંધન અને ચિત્તમાં મલિન ભાવ કરાવનાર પરિગ્રહ છે. આથી દેવો પણ પોતાના વૈભવ વિલાસોમાં બેકરાર બને છે, ત્યારે તેમનેય સંસારના ૮૪ લાખ ચક્કર જ નશીબમાં લખાયા હોય છે, જે ભૂખ-પ્યાસ-ઠંડી-ગરમી-વિયોગ-વૈર-ક્લેશ આદિ દુઃખોનું ઘર છે.

પરિગ્રહ મેળવવાને માટે જૂદા જૂદા પ્રકારો કયાં ?

સૂત્રકાર પોતે જ પરિગ્રહની પ્રાપ્તિ અને વૃદ્ધિ માટે માનવો કેવા કેવા ધંધાઓ કરે છે, તેની વિસ્તૃત વ્યાખ્યા દ્વારા સમજુતી આપતાં કહે છે કે યદ્યપિ ગૃહસ્થાશ્રમીને પરિગ્રહ અનિવાર્ય હોવાથી વ્યાપાર રોજગાર કરવાની ફરજ પડે છે. અન્યથા સ્વજનો તથા કુટુમ્બનો નિર્વાહ અશકય હોવાથી સંસાર કડવો ઝેર બનશે, જે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનું કારણ છે. તેથી તેનાથી બચવાને અર્થે કંઇક કરવું પડે તો અલ્પ અપરાધ અને અનિવાર્ય હોવાથી ધર્મ સૂત્રકારો તેનો નિષેધ કરતાં નથી, પરન્તુ જે રોજગાર-શિલ્પ-વિદ્યા-મંત્ર-તંત્ર-ઉદ્યોગ-ફેકટરી આદિ વ્યાપારોમાં લોભગ્રસ્ત બની વધારે પડતાં આરંભ સમારંભ કરવા પડે, તે ત્યાજ્ય છે. તે કયા કયા ?

(૧) શિલ્પશતં શિક્ષેત્....

ગમે તે રીતે પણ ખૂબ ખૂબ પૈસાદાર થવા માટે જુદા જુદા પંડિતો, માસ્ટરો પાસેથી સેંકડો પ્રકારના શિલ્પો જેવા કે– કુંભાર કળા, નાપિત કળા, સુથાર અને દરજી કળા, જુગાર કળા, કલબોમાં જવાની કળા, અંગ્રેજી બોલવાની–લખવાની કળા, વક્તૃત્વ કળા આદિ બીજી કેટલીય કળાઓ શિખવાનો આશય એટલો જ છે કે તે કાર્યોથી, ધંધાઓથી, છેવટે ફોરેન જવાથી પણ મને પૈસો મળે. યદ્યપિ કળાઓ શિખવી ખોટું નથી, પણ તેને હસ્તગત કર્યા પછી તેમાં સદોષતા, લોભાન્ધતા, સ્વાર્થાન્ધતા કે માયા–પ્રપંચ દ્વારા બીજાઓને શીશામાં ઉતારી પોતાના પટારા ભરવાની વૃત્તિથી માનવતા ખતમ થયા વિના રહેવાની નથી.

(૨) સુવિउणाओ.... बावत्तरि कलाओ....

શિક્ષા પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાઓમાં સારામાં સારી હોંશિયારી પ્રાપ્ત કરાવે તેવી જૂદી જૂદી ભાષાઓ, લિપિઓ, અનુવાદો કરવાની કે ટાઇપ કરવાની કળાઓ, પક્ષીઓની ભાષા, તેમનાં રૂદનનું જ્ઞાન, ગણિતમાં જોડ, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારમાં હસ્તલઘુતા તથા બીજી જાતના પણ ગણિત, પુરૂષોની ૭૨ કળાઓ, બગીચા, ઉદ્યાન, મકાન આદિ બનાવવાની કળા, છળ–પ્રપંચ તથા બોલવાની ચતુરાઇની કળા, કોની સામે? કયા સમયે? કેવો વાકયપ્રયોગ કરવો તેની કળા વિગેરે શિખે છે. તેનો બધાયનો સાર એટલો જ છે કે

જેમાં જે રીતે ફાવ્યું તે રીતે કામ કરી પોતાના પરિગ્રહને વધારવાની ઈચ્છાને શાંત કરે છે–પૂર્ણ કરે છે. આમાં પણ એટલું જ જાણવાનું કે આ કળાઓથી પોતાનો સ્વાર્થ ભલે સાધે પણ બીજાઓનું શોષણ, અપમાન, અન્યાય, છેતરપિંડી, વકતા, તુચ્છતા કે અવળેમાર્ગે તેનો ઉપયોગ ન કરે. અન્યથા ખૂબ પરિશ્રમ કરીને શિખેલી કળાઓ આત્મિક જીવનનું અધઃપતન પણ કરાવી શકે છે જે માનવીય જીવનને માટે શાપ છે.

(૩) રઇજણણે.... મહિલાગુણે....

જેથી કામના સંસ્કારો જાગે, વધે અને આંખ, કાન, જીભ તથા સ્પર્શેન્દ્રિય મદમાતી (શેતાન) બને તેવા પ્રકારે સ્ત્રીઓની ૬૪ કળાઓ શિખીને તથા તેમાં હોંશિયારી બતાવી તે સ્ત્રીઓ તથા કન્યાઓની સાથે નૃત્ય કરવા, રાસ રમવા, દાંડીયારાસ લેવા, ગરબા ગાવા વગેરે કાર્યોથી તત્કાળમાં પૈસા મળશે, પરિગ્રહ વધશે, સાથેસાથ આત્મિક, માનસિક અને બૌદ્ધિક જીવનનું દેવાળું નીકળ્યા વિના રહેશે નહિ. કળાઓની પણ જ્યારે મર્યાદા ઉલ્લંઘી જવાય છે, ત્યારે અમે તેવી વેષભૂષા, મેઈકઅપ, અભિનયો, શરીરનો મરોડ, પગના પાયલ કે હાથની ચૂડીમાંથી નીકળતો કર્ણપ્રિય શબ્દ, તબલા વાદન, દિલરૂબા કે વીણા વાદન આદિ નૃત્યોના પ્રકારોથી સંસારના યુવા માણસોને કે યુવતિઓને આકૃષ્ટ કરીએ તો પણ તેમને શૃંગારરસની બક્ષીસ મળવા દ્વારા દેશના યુવાનોનું, શૃંગારપ્રિય શ્રીમંતોનું, સર્વતોમુખી થતું અધઃપતન શી રીતે રોકી શકાશે ? પરિણામે હજારો–લાખો યુવાનો

તથા યુવતિઓને મર્યાદા ભ્રષ્ટતા, શિયળ ભ્રષ્ટતા, વિવેક ભ્રષ્ટતા, તથા ખાનદાની ભ્રષ્ટતા જ ભાગ્યમાં રહેવા પામશે. આંખોથી દેખાતી, આત્માથી અનુભવાતી ઉપર પ્રમાણેની સત્ય હકીકતોની પરવા પરિગ્રહના શોખીનોને હોતી નથી.

જે દેશની રાજ્યસત્તા કે ઉદ્યોગપતિઓ કેવળ પૈસો કમાવાના ઈરાદાથી જ સિનેમા, નાટકશાળા, નૃત્યશાળા, કલબો, જુગારખાના, વેશ્યાઘરો કે રેડિયાઓ તથા ટેલીવિઝનો, છેવટે પાંચે ઇન્દ્રિયોમાં વિકૃતિની પ્રાદુર્ભૂતિ થાય તેવી હોટલો ચલાવશે તે દેશ કયારેય ઉન્નત થાય તેમ નથી. તથા તેવા શ્રીમંતોની શ્રીમંતાઇમાં પરમાત્માનો પ્યાર મળી શકે તેમ નથી.

દ્રવ્ય મેળવવાની ઈચ્છાવાળા ગમે તે રીતે પણ છેવટે હજારો શ્રીમંતો, મિનિસ્ટરો, રાજકર્મચારીઓ તથા યુવાનોની વચ્ચે સર્વથા નગ્ન રીતે પણ નૃત્ય કરવા તૈયાર થશે. આજના ગાંધી બાબાના રાજ્યમાં પણ ભરજુવાનીમાં પ્રવેશ કરેલી, રૂપાળી મદમાતી સ્ત્રીઓના નગ્ન નૃત્યો અમુક હોટલોમાં, કલબોમાં તથા તેવા પ્રકારના પ્રાઇવેટ સ્થાનોમાં જોવા મળશે, સાંભળવા મળશે.

અસિ–મસિ અને કસિ તથા વાણિજ્યમાં જૂદી જૂદી ચાલાકીઓ કરવાનું પ્રયોજન કેવળ પરિગ્રહની માયા જ છે.

અર્થશાસ્ત્રી, કૌટિલ્યશાસ્ત્રીના માધ્યમથી ચોપડા કઈ રીતે લખવા, અમુક રકમને કયા ખાતે નાખવી ? અથવા ચોપડામાં

નાખ્યા વિના જ તેનું ગોપન કઈ રીતે કરવું ? એ જાતના ચોપડા કઈ રીતે લખવા ? વકીલો તથા ચાર્ટર્ડ એકાઉન્ટરોને ખુશ કરી તેમની સલાહ પ્રમાણે કાળા બજારના લાખો-કરોડો રૂપીઆને ઉજળા કઈ રીતે કરવા ઇત્યાદિ શિક્ષણ મેળવવાના આશયમાં પરિગ્રહની ઓલબોલા સાફ સાફ દેખાઈ રહી છે. કેવી રીતે શ્રીમંત થવાય તે માટે અર્થશાસ્ત્ર શિખશે જેથી કાયદાઓમાંથી છટકી જવાની કળા મેળવી શકાય. ધનુષ્ય, બાણ, તલવાર આદિને બનાવવા માટેની તથા તેનો ઉપયોગ કઈ રીતે કરવો ? તેનું શિક્ષણ મેળવશે. બીજાની સ્ત્રીઓને, કન્યાઓને, વિધવાઓને તથા પોતાનો સ્વાર્થ જેનાથી સધાય તેવાઓને વશ કઈ રીતે કરવા ? તે માટેના શાસ્ત્રો, મંત્રો, તંત્રો શિખશે. તાંત્રિક પ્રયોગો જેવા કે-કાળી બાવની ખોપરી, બીલાડીની જાર, ઘુવડના નખ, કાગડાની વિષ્ટા, ધતૂરાના બી વગેરે સાધનો, જે બીજાઓને વશ, ગાંડા, પાગલ તથા તેમના ઘરમાં ઝઘડા, તોફાન કરાવવા માટે ઉપયોગમાં આવે છે, તેનો અભ્યાસ કરશે. સંખ્યાત-અસંખ્યાત જીવોનો ઘાત થાય તેવા સાબુ-સોડા, તેજાબ, સ્પીરીટ, શરાબ કે તેના જેવા બીજા સાધનો અથવા જૂદા જૂદા પ્રકારની ફેકટરીઓ, ઉપરાન્ત શેરડી, તલ, મગફળી, કપાસીયા, સરસવ વગેરે પીલવાની ઘાણીઓ આયાત કરીને કે વેચાતી લઇને તેનાથી લાખો રૂપીઆનો પરિગ્રહ વધારશે. ઇત્યાદિક પાપજનક વ્યાપારોમાં મસ્તાન બનીને તે પરિગ્રહી પોતાના જીવનને કલુષિત બનાવશે. મશીન દ્વારા જીવતા પશુઓના ઉતારેલા નરમ ચામડા,

હાથીદાંત, સાપ આદિ જનવરોની હત્યા દ્વારા તેમજ દેડકા, મોર, ઉંદરડા, વાંદરા વગેરેની હત્યા કરાવીને પૈસા મેળવશે. સારાંશ કે નિર્દોષ અને નિર્ધ્વંસ પરિણામ વિના હજારો વ્યાપારો વિદ્યમાન છતાં પરિગ્રહની માયાને જ ધર્મ માનનારાઓ જીવહત્યા કરીને-કરાવીને પણ શ્રીમંત બનશે. પાંચ રૂપીઆની આમદાની થતી હોય તો ગમે તેવું જૂઠ વચન, જૂઠી સાક્ષી કે પરમાત્માના સોગન ખાઈને પણ જીવન યાપન કરનારાઓ પરિગ્રહના જ ગુલામ હોય છે. માટે એક બાજુ અરિહંત પરમાત્માઓની આજ્ઞા હોય અને બીજી તરફ જૂઠ બોલીને માયા મળતી હોય તો તેઓ પરમાત્માને અભરાઇએ મૂકી બિનધાસ્ત જૂઠ બોલશે. ગ્રાહકોને સારો માલ બતાવશે અને દેતી વખતે ઓછા કેરેટના આભૂષણો, પાણી વિનાના બનાવટી હીરાઓ અને કલચર મોતીઓ આપતા તેમને કોઈ જાતનું પાપ લાગતું નથી.

વધી ગયેલા કે વધારી દીધેલા પરિગ્રહના કારણે ઘી-દૂધ-મસાલાનો ખોરાક વધતાં કામની જાગૃતિ અને મનની ચંચલતા વધશે. ફળસ્વરૂપે વૃદ્ધાવસ્થાના પ્રથમ ચરણે જ શરીર અને મનને અધ્યાત્મરંગની ભાવના દેવી હતી તેના બદલે શૃંગારરસ તરફ ઢળી જવાનો પ્રયાસ કરશે અને યમરાજના દૂત જેવા સફેદ વાળ થયા પછી પણ જુવાનીને આમંત્રણ આપશે. બળતી સગડીમાં નાખેલા કોલસાની જેમ ભોગની લાલસાથી મન બેકાબૂ બનવા પામે છે ત્યારે પરસ્ત્રી તરફ મન જશે, તેની પ્રાપ્તિ ન થાય અથવા એક પરસ્ત્રી કરતાં બીજીને

રંગીલી તથા મદમાતી જોશે ત્યારે તેને મેળવવા માટે ફાંફાં મારશે. છેવટે અતૃપ્ત રહેતા તેનો આત્મા, બુદ્ધિ અને ઇન્દ્રિયોની વાસના મરણ અવસ્થામાં પણ આર્તધ્યાનથી મુક્ત બનવા દે તેમ નથી.

ગરોળીનું ધ્યાન માખી પર કેન્દ્રિત બનતાં તેને દાઢમાં લીધા વિના જેમ ચેન પડતું નથી, તેવી રીતે પરિગ્રહને વધારવાની દાનતવાળો માનવ પરદ્રવ્ય એટલે પારકાના ધન પ્રત્યે પોતાની આંખના ડોળા લગાવીને જ બેઠો હોય છે. સામેવાળાની નબળી કડી હાથમાં આવતાં જ તેનું ધન, ઓફીસ, પેઢી, ફેકટરી ગમે તે ઉપાયે પણ પોતાના કબજે કર્યા વિના રહેતો નથી.

ભાઇ-ભાઇઓમાં, પિતા-પુત્રમાં, દેરાણી-જેઠાણીમાં પરસ્પર કલહ, જીભાજોડી, દંતકલેશ, વૈર-વિરોધ અને છેવટે કોર્ટ-કચેરીના પગથિયે ચડાવનાર પરિગ્રહ છે.

કુટુમ્બીઓ, પાડોશીઓ કે બીજાઓનું અપમાન, તિરસ્કાર કરાવનાર પરિગ્રહ છે. કેમ કે બીજી બધીય ગરમી કરતાં પૈસાની ગરમી ૧૦૮ ડિગ્રીની છે, અથવા દસ બોટલ શરાબપાન જેટલી મનાય છે. તેથી તેમનું મસ્તિષ્ક (હેડ ઓફીસ) ચોવીસે કલાક ગરમ રહેવા પામે છે. ફળસ્વરૂપે સ્વપ્નમાં પણ બીજાઓને ગાળો ભાંડ્યા વિના રહેતા નથી. આ કારણે જ કહેવાયું હશે કે, " ભૂલેચૂકે પણ સટોડીયા, ફીચરીયા, તેજી-મંદીવાળા, કામવાસનાના કીડા કે પરિગ્રહ ગ્રહથી પૂર્ણરૂપે ગ્રસ્ત

થયેલાઓની પડખે સુવાનું રાખશો નહિ. અન્યથા તમારી રાત બગડ્યા વિના રહેવાની નથી."

જૂદી જૂદી જાતની ઈચ્છાઓ, વ્યાપારની મોટી યોજનાઓ, તેમ ભોગવિલાસમાં પૂર્ણ તૃપ્ત થવાય તેવી દવાઓ, ગોળીઓ (નાઇટ પીલ્સ) અથવા કાયાકલ્પની પાપેચ્છાથી સદૈવ અતૃપ્ત રહેવામાં પરિગ્રહનો પ્રચ્છન્ન ચમત્કાર રહેલો હોય છે.

અપ્રાપ્ત દ્રવ્યને પ્રાપ્ત કરવાની તૃષ્ણા, પ્રાપ્તમાં આસક્તિ, વધારે પડતી આસક્તિ પરિગ્રહનું કાર્ય છે.

લક્ષાધિપતિ, કરોડાધિપતિ થવાના ખ્યાલાતોમાં જેમનો આત્મા બેકાબૂ (કંટ્રોલ આઉટ) થયેલો હોય છે, તેમનું મન ક્રોધમાં, માનમાં, માયામાં અને લોભમાં જ ફસાયેલું હોવાથી, એક તરફ પરમાત્માની વિશાળ મૂર્તિ, સોનાની જપમાળા, પૂજનસામગ્રી, શરીર પર ધારણ કરેલા અમૂલ્ય વસ્ત્રો, હીરાની વીંટીઓ અને બીજી તરફ અત્યન્ત મલિન ભાવના, કાવાદાવાની સાથોસાથ અરિહંત પરમાત્માઓએ પ્રરૂપેલ ધર્મથી સર્વથા વિરૂદ્ધ પાપકાર્યો કરવાનું પણ તેઓ ચૂકતા નથી.

પરિગ્રહમાં પાપોની પરંપરા માટેનું વક્તવ્ય....

છેવટે કેવળી ભગવંતોએ ફરમાવ્યું કે–"परिग्गहे चेव इच्छंति...." વૈકારિક, વૈભાવિક, પૌદ્ગલિક, તામસિક, રાજસિકભાવોની ઉત્પત્તિ અને તેમની પરમ્પરા પરિગ્રહના કારણે થાય છે અને વધે છે. જન્મેલું બચ્ચું નાદાન હોવા છતાં પણ વિકૃત થવા માંગતુ નથી, પોતાની નિર્દોષતા છોડવા માંગતુ

નથી તેમજ કોઇની સાથે વૈર-વિરોધ કે ક્લેશ પણ કરવામાં સમજતું નથી, પરન્તુ આપણા સૌનો અનુભવ કહી રહ્યો છે કે, તે બચ્ચાને જેમ જેમ પરિગ્રહની માયા અથવા કુસંસ્કારી માતા, ફઇબાના કુસંસ્કારોના કારણે પ્રાપ્ત થયેલી માયા અથવા આચાર-વિચાર અને ઉચ્ચારથી ભ્રષ્ટ થયેલા લંગોટિયા બાળમિત્રોના પાપ સહવાસની માયા વળગે છે અથવા લગાડવામાં આવે છે, તેમ તેમ તે જાતકોમાં બરાબતત્ત્વ-ગંદુતત્ત્વ પ્રવેશ કરે છે અને તેમ થવામાં પરિગ્રહ મૌલિક કારણ છે. પરિગ્રહ શબ્દ એક જ છે પણ તેની માયા અજબ ગજબની છે, જેમ કે :-

(૧) પુત્ર પ્રાપ્તિનો મોહ તે પુત્ર પરિગ્રહ.

(૨) સ્ત્રી પ્રાપ્તિનો મોહ તે સ્ત્રી પરિગ્રહ.

(૩) કામવાસનાનો મોહ તે કામ પરિગ્રહ.

(૪) ધન-આભૂષણ અને મકાનની માયા તે દ્રવ્ય પરિગ્રહ.

(૫) વિષયવાસનાને જાગૃત કરવાનો મોહ તે વાસના પરિગ્રહ.

(૬) તિજોરીમાં કે બેંકમાં સંગ્રહાયેલું ધન તે ભાવ-પરિગ્રહ.

(૭) ટેસ્ટફુલ ખોરાક ખાવાનો મોહ તે ભોજન પરિગ્રહ.

(૮) અભક્ષ્ય, અનંતકાય અને ૧૫ કર્માદાન વ્યાપારનો મોહ તે પાપ પરિગ્રહ.

ઇત્યાદિ હજારો પ્રકારના પરિગ્રહમાં ગળાડૂબ થયેલા જીવાત્માઓને અઢળક સંપત્તિ પણ સુખ-શાન્તિ અને સમાધિ

આપી શકતા નથી. કેમકે જૈન શાસને હિંસાના એક જ પાપમાં ૧૮ પાપોને પ્રકારાન્તરે કહ્યાં છે. તેમ પરિગ્રહ નામના પાપમાં પણ તે પાપોને ભેગા થતાં કોણ રોકી શકશે? અથવા પરિગ્રહ એ પ્રાણાતિપાત જ છે. કેમકે આમાં દ્રવ્યહિંસા અને ભાવહિંસાનો ઇનકાર થઈ શકતો નથી.

પરિગ્રહમાં કયા પાપોનો સમાવેશ થશે?

પરિગ્રહ નામના આશ્રવને ખૂબ જ ઉંડાણથી સમજાવવા માટે ભાવદયાના માલિક સુધર્માસ્વામીજી કહે છે કે, હે જમ્બૂ! અરિહંત પરમાત્માઓએ પરિગ્રહને પાપ, કાળો નાગ, કડવું તુંબડું, વિશ્વાસઘાતક આદિ વિશેષણોથી વિશેષિત કર્યો છે. કેમકે આના કારણે જ માણસ માત્ર સરળના સ્થાને વક્ર, કોમળના સ્થાને કઠણ, ધાર્મિકના બદલે અધાર્મિક અને પ્રેમીના બદલે દ્રોહી બનતાં વાર કરતો નથી. સાથોસાથ આત્મિક-અનિવૃત્તિકરણ (પુરૂષાર્થ વિશેષ)ના કારણે મેળવેલ સમ્યક્ત્વને પણ મિથ્યાત્વમાં રૂપાન્તર કરતાં વાર લગાડતો નથી; માટે આત્મિક જીવનને દૂષિત કરાવનાર પરિગ્રહના કારણે તે તે દોષો આવે છે, જેમકે :-

(૧) ત્રણ શલ્ય :-શલ્યનો અર્થ કાંટો થાય છે. શરીરના કોઈ પણ ભાગમાં રહેલ કાંટો દુઃખદાયી જ હોય છે, તેમ આત્મિકતાને સમાપ્ત કરાવનાર માયાશલ્ય, નિદાનશલ્ય અને મિથ્યાત્વશલ્ય-આ ત્રણ કાંટા છે. પરિગ્રહમાં ત્રણે શલ્યો તરતમભાવે પ્રવેશ પામ્યા વિના રહેવાના નથી, જેમ કે પૈસાવાળાઓને તમે પૂછો 'તમારી પાસે માયા કેટલી છે?'

પણ મને વિશ્વાસ છે કે તમને સાચો જવાબ કયારેય નહિ આપે. કેમ કે પરિગ્રહમાંથી અવિશ્વાસ અને અસંતોષ નામના ભયંકરમાં ભયંકર માનસિક રોગો ઉત્પન્ન થવાથી તેમને કોઇના પ્રતિ વિશ્વાસ હોતો નથી. બીજા કોઈ પૈસાવાળાને પૂછો તો કહેશે કે, દાલ–રોટી જેટલું મેળવ્યું છે, પણ તેટલાથી શું થાય? હજી અમેરિકાનું સોનું, ઓસ્ટ્રેલીયાની માલમત્તા, મારી તિજોરીમાં આવે તેવા વાસનિક્ષેપ કરનારા મુનિ ભગવંતને અથવા કયાંયથી જમણો શંખ, એકાક્ષી નાળીયેર મળી આવે તેની તપાસમાં છું. સ્વર્ગલોકના વિમાનો જેવા બંગલાઓ, પલંગો, અત્તરની વાવડીઓ અને કપૂરની ગોટી જેવી દેવીઓ મને મળે, તેવા મંત્રોની, જંત્રોની તથા તાંત્રિકોની શોધમાં છું. છેવટે આવતાં ભવમાં પણ મળે, તે માટે ભગવાનને હીરાનો હાર, સુવર્ણ આદિ ઝવેરાતનો મુગટ પહેરાવી દીધો છે. આ પ્રમાણે પરિગ્રહ વધારવાની ધૂનમાં અતિચારો અને અનાચારોનો ખ્યાલ નહિ રહેવામાં મિથ્યાત્વશલ્ય સિવાય બીજું કયું કારણ? મતલબ કે ત્રણે શલ્યો ત્યાં નકારી શકાતા નથી.

(૨) ત્રણ દંડ:–ઘોરાતિ ઘોર ધુમ્મસમાં આંખોનું તેજ જેમ મંદુ પડે છે, તેમ પરિગ્રહના ઘોર અન્ધકારમાં જ્ઞાનદાનના કે નાની ઉંમરમાં મેળવેલા ધાર્મિક અભ્યાસના સંસ્કારો પણ ચલાયમાન થતાં, મન–વચન અને કાયાનું સમ્પૂર્ણ તંત્ર અશુભ અને અશુદ્ધ બન્યા વિના રહેતું નથી. મતલબ કે મનદંડ, વચનદંડ અને કાયદંડનું મૂળ કારણ પરિગ્રહ છે. જેની માયામાં અટવાઈ ગયેલા આત્માને સામાયિક

કરતાં કે પરમાત્માની સામે એકાગ્ર થવામાં ઘણા ઘણા પરિગ્રહના જાળા વચમાં આવે છે.

(૩) ત્રણ ગારવ :–અભિમાન–માન–ગર્વ–ઘમંડ, અહંકાર આદિની ઉત્પત્તિ જેનાથી થાય તેને ગારવ કહેવાય છે, જે ઋદ્ધિગારવ, સાતાગારવ અને રસગારવ રૂપે ત્રણ પ્રકારના છે. પરિગ્રહની માયામાં ફલેટનું દ્વાર બંધ કરી જ્યારે તિજોરીમાંથી દ્રવ્ય બહાર કાઢે છે, ગણે છે અને ગોઠવે છે, ત્યારે તેમને પોતાની ઋદ્ધિ–સમૃદ્ધિનો મદ પૂરે પૂરો ચડેલો હોય છે. જેમકે આ હીરા–પન્ના–પુખરાજ–મોતી વગેરેના પડિકા ફોરેન જઈશ ત્યારે સાથે લેતો જઈશ. ત્યાં મનમાની આમદાની થશે. નોટોના બંડલો જ્યારે ગણતા હોય છે ત્યારે એકાદ નોટની ભૂલ ન થાય તે માટે ૨–૩ વાર ગણતાં પણ તેમને સ્વપ્નમાંય આઠમ–ચતુર્દશીનું પ્રતિક્રમણ યાદ આવે તેમ નથી. જે પ્રકારના ખાનપાન કે વસ્ત્ર પરિધાનથી પોતાના શરીરની સુકુમારતા પોષાય, ચહેરાની ચમકદમક વધે, પાવડર–વસ્ત્રો પર સેંટ કે અત્તરની સુગંધ, પાનમાં તેવા પ્રકારના ઘટક દ્રવ્યોનું મિશ્રણ, દેશ–પરદેશથી સાબુ, સેંટ વિગેરેની ખરીદી આદિ દ્રવ્યોમાં સાતાગારવ કામ કરે છે. આ કારણે જ તેમને સામાયિક કે પૂજાના વેષ ગમતા નથી. ઉપાશ્રયમાં રહેલા મચ્છરોનો માર સહન થતો નથી. કેમ કે ત્રણે ગારવો પરિગ્રહથી પોષાયેલા હોવાથી તેમના શરીર, ઇન્દ્રિયો, બુદ્ધિ તથા મનમાં એક પછી એક અથવા ત્રણે સાથે રેસના ઘોડાઓની જેમ દોડધામ કરતાં જ હોય છે.

પક્ખીસૂત્રમાં પણ કહેવાયું છે કે, " अभिगमेण वा पमाएण, रागदोसपडिबद्धयाए, बालयाए, मोहयाए, मेदयाए, त्तिगारव-गरुयाए, चउक्कसाओवगएण परिग्गहो गहिओ वा...."

(૪) ચાર કષાય :—ધાર્મિક મર્યાદાઓને દેશવટો આપ્યા પછી આત્મિક અને વ્યવહારિક જીવનમાં કેવળ પરિગ્રહની માયા જ શેષ રહેવા પામે છે. જેમાંથી લોભ નામનો દુષ્પૂરણીય રાક્ષસ ઉત્પન્ન થયા વિના રહેવાનો નથી અને लोभात् क्रोधः प्रजायते.... લોભમાંથી ક્રોધ નામનો ભૂત ભડકયા વિના રહેતો નથી અને વાતે વાતે ક્રોધી બનનારા ભાગ્યશાળીઓ અહંકાર, ઘમંડ અને અભિમાનના પૂતળા હોય છે. કેમકે આઠે પ્રકારના મદના સ્વામીને પોતાનો મદ ઘવાતો હોય તો ક્રોધનો પારો ચડ્યા વિના રહેતો નથી તથા માન-રૂપી અજગર સાથે માયા નામની નાગણી ન હોય તેવું બને તેમ નથી. જેમનું જીવન આધ્યાત્મિકતાને મેળવી શકયું નથી, તેઓ પરિગ્રહને આમંત્રણ આપ્યા વિના રહી શકવાના નથી ત્યારે ભાગ્યમાં અનંતાનુબંધી કષાયોની હાજરીને કોણ રોકી શકવાનો હતો ? ફળ સ્વરૂપે " अनन्तान् भवान् अनुबध्नन्ति इति अनन्तानुबन्धिनः कषायाः " પોતાની ઉક્તિને સત્યાર્થ કર્યા વિના શી રીતે રહેશે ? અને આમ થયું તો મિથ્યાત્વનું ઘર કેટલું દૂર ?

(૫) ચાર સંજ્ઞા :—આહારસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા અને ભયસંજ્ઞા નામની ચારે સહિયરો પરસ્પર ચોલમજીઠિયા રંગમાં રંગાયેલી હોવાથી સાધકને કયાંયનો

રહેવા દેશે નહિ. કદાચ કોઈ એક જ સંજ્ઞાનો માલિક હોય તો પણ તેના જીવનના એકાદ ખૂણામાં ગુપ્ત કે અગુપ્તરૂપે પણ બાકીની ત્રણ સંજ્ઞાની હાજરી નકારી શકાય તેમ નથી. કદાચ કોઈને દ્રવ્યરૂપે નહિ તો ભાવરૂપે પણ ખરી. જેમ કે આહારસંજ્ઞાના ગુલામને શબ્દ, રસ, ગન્ધ અને સ્પર્શના ભોગવટાનો અતિરેક થતાં ભાવમૈથુનસંજ્ઞા પણ ઘેરાવો ઘાલ્યા વિના રહેશે નહિ. કેમ કે દૂધ–મલાઈ અને મિષ્ટાન્નો ખાવાવાળા વૃદ્ધ માણસને પણ મરી ગયેલો કામ ફરીથી જાગૃત થયા વિના રહેવાનો નથી. કદાચ વયપરિપાકને લઈ આવેલી અશક્તિના કારણે પુરૂષની પુરૂષશક્તિ કે સ્ત્રીની સ્ત્રીશક્તિ મરી પરવારેલી હોય તો પણ ભોગવેલી મધુરજનીઓની સ્મૃતિઓથી છુટકારો મેળવવામાં યોગીઓ–મહાયોગીઓ પણ અપવાદ સિવાય નિષ્ફળ ગયા છે માટે કહેવાયું છે કે:–

" પાલા પત્તિ ખાય જો, તાકો સતાવે કામ;
દૂધ-દહિં–મલાઇ ચાટે, તાકી જાણે શ્રી રામ. "

એટલે કે લુખા–સુખા ખાનારાઓ પણ કામદેવની જેલમાંથી મુક્ત નથી તો માલ મસાલા ખાવાવાળાઓની દશા કેવળી સિવાય બીજો કોણ જાણે ? આવા પ્રકારની મૈથુનશક્તિની પૂર્તિ પરિગ્રહ વિના શી રીતે થશે ? અને ત્રણેના અતિરેકમાં ભયસંજ્ઞા વળગ્યા વિના રહેવાની નથી. જીવતી જાગતી એક ડાકણ પણ વળગતાં માનવને બપોરે આકાશના તારા દેખાવા માંડે છે, તો જેઓ ચારેય સંજ્ઞારૂપ ડાકણોના ચક્કરમાં ફસાયા હશે તેની દશા શી થશે ?

(૬) કામગુણ એટલે પાંચે ઇન્દ્રિયોના ૨૩ વિષયો, પરિગ્રહવંતને વળગ્યા વિના રહેતાં નથી. એટલે કે પરિગ્રહનો ગુલામ, પાંચે ઇન્દ્રિયોના વિષયોને ગમે ત્યાંથી કે ગમે તે રીતે પણ મેળવવાને માટે રાત દિવસ એક કર્યા વિના રહેવાનો નથી.

(૭) પરિગ્રહીના ઇન્દ્રિય રૂપ ઘોડાઓ હંમેશા તોફાને ચડેલા હોય છે. અનુભવમાં પણ આવે તેવી વાત છે કે– ચાલીસ વર્ષની ઉંમર સુધી પરિગ્રહના અભાવે હાડ માંસ સૂકાઈ ગયેલા, હોઠ ફીકા પડેલા, ચહેરો ધોયેલા ચોખા જેવો ફીકો અને આંખ ઉંડી થઇ ગયેલી હોય પણ કદાચ ત્યાર પછીના દિવસોમાં પરિગ્રહનો સથવારો મળી જાય તો માણસને પાછો સશક્ત થતાં વાર લાગતી નથી. માટે જ સૂત્રકાર કહે છે કે, પરિગ્રહની હાજરીમાં ઇન્દ્રિયોનો વેગ ઠંડો પડતો નથી.

(૮) પૈસાવાળાના ગુપ્ત કે અગુપ્ત શત્રુઓ ઘણા હોવાથી તેમની લેશ્યા અપવાદ સિવાય અપ્રશસ્ત જ રહેવા પામે છે. એટલે કે કૃષ્ણ–નીલ અને કાપોત લેશ્યાના તેઓ માલિક બને છે, જે દુર્ગતિદાયક છે.

ઇત્યાદિક વૈભાવિક કે ઔદયિક ભાવોના મૂળમાં પરિગ્રહની સત્તા જોરદાર હોય છે. જેના કારણે ચક્રવર્તીઓ, વાસુદેવો અને બળદેવો પણ અતૃપ્ત રહ્યા હોય તો તેમનાથી ઉતરતાં પુણ્યવંતોની શી દશા ? છેવટે કેવળી ભગવંતોએ કહ્યું કે– પરિગ્રહનું પાપ સાધકને માટે દોરડાનું બંધન છે, લોખંડની બેડી જેવું છે, જેમાંથી છુટી શકાતું નથી.

સૂક્ષ્મ નામકર્મના કારણે સૂક્ષ્મત્વને મેળવેલા જીવાત્માઓને પણ સંજ્ઞારૂપે પરિગ્રહ નકારી શકાતો નથી માટે તેમને પણ આઠે પ્રકારના કર્મોનું બંધન સંજ્ઞાઓને આભારી છે. માટે શરીરની સત્તામાં નિગોદવર્તી જીવોથી લઈ ઈન્દ્ર સુધીના જીવો પણ પરિગ્રહના માલિક છે.

પરિગ્રહનું ફળ શું ?

પરિગ્રહમાં મસ્તાન બનેલા જીવોનો આવનારો ભવ નષ્ટ થયેલો જાણવો. અજ્ઞાનથી યુક્ત થઈ તેમની જ્ઞાન દશા આચ્છાદિત હોય છે, ચારે ગતિમાં ભ્રમણ કરે છે, પુનઃ પુનઃ કર્મોનું બંધન કરે છે, ભોગવે છે અને ફરીથી કર્મોને બાંધતાં સ્થાવર–ત્રસ, પર્યાપ્તા–અપર્યાપ્તા, પશુ–પક્ષીઓના અવતારો ગ્રહણ કરે છે. પરિગ્રહમાં સુખ–થોડું અને દુઃખોની પરમ્પરા વધારે હોવાથી આવનારા ભવો પણ બગડ્યા વિના રહેતા નથી. દેવલોકમાં પણ સુખેથી રહેવા દેતો નથી, કેમ કે તેના સંસ્કારોના ત્યાં પણ ઉદય થતાં બીજા દેવોની વધારે ઋદ્ધિ–સમૃદ્ધિ આદિને જોઇને ઇર્ષ્યા આદિમાં દેવો પણ દુઃખને જ અનુભવે છે. દુર્ગતિઓમાં પલ્યોપમ, સાગરોપમ સુધીની આયુષ્ય મર્યાદા દુઃખપૂર્વક પૂર્ણ કરે છે.

પાંચે આશ્રવો માટે આન્તમ વક્તવ્યતા...

આ પ્રમાણે હે જમ્બૂ ! મોહ માયામાં ફસાયેલા માનવો પોતાના જીવનની છેલ્લી ક્ષણ સુધી પણ ૧–હિંસા(પ્રાણાતિપાત), ૨–જૂઠ (મૃષાવાદ), ૩–ચોરી (અદત્તાદાન), ૪–મૈથુન (અબ્રહ્મ)

અને ૫–પરિગ્રહ, આ પાંચે આશ્રવોનું સેવન કરીને કર્મરજને ઉપાર્જન કરશે. જેથી તેઓનું ચારે ગતિઓનું પર્યટન વધવા પામે છે. (૧)

દેવ દુર્લભ મનુષ્યાવતારને મેળવ્યા પછી, જેઓ શ્રુત ચારિત્ર રૂપ ધર્મને સાંભળતા નથી અને સાંભળ્યા પછી આચરતાં નથી. અર્થાત્ શ્રુત ચારિત્રધર્મની આરાધના કરવાના સમયે પ્રમાદ કરે છે, તેઓ પાંચે પ્રકારના મોટા પાપો (આશ્રવો) ના સેવન દ્વારા પૂર્વના પુણ્યને સમાપ્ત કરી નવા પાપોને ઉપાર્જન કરનારા બને છે, જેથી હીન પુણ્ય બનેલા તેઓ નરકાદિ દુર્ગતિઓમાં અનન્ત ભવો સુધી રખડનારા બનશે, કેમ કે હૃદય મંદિરમાં કાંતો આરાધના રહેશે, કાંતો વિરાધના રહેશે. યદિ આરાધના ન કરી શકયા તો પગલે પગલે, શ્વાસોશ્વાસમાં વિરાધના જ ભાગ્યમાં રહેતાં ચાતુર્ગતિક સંસાર તમને છોડી શકશે નહિ. એટલે કે પ્લેગ્રાઉન્ડના ફૂટબોલની જેમ સંસારની ગતિરૂપ શેરીઓમાં રખડપટ્ટી કરતાં કરતાં હેરાન–પરેશાન થયા વિના રહેવાના નથી. (૨)

મિથ્યાત્વના ગાઢ અંધકારમાં રહેલા જીવાત્માઓને ઘણી ઘણી રીતે સમજાવવા છતાં પણ તેઓ શુદ્ધ, પવિત્ર, સર્વથા નિર્દોષ માર્ગે આવવા માટેનું સમ્યગ્જ્ઞાન સાંભળી શકતા નથી, તેને આચરણમાં ઉતારી શકતા નથી. માટે ફરી ફરી નિકાચિત પાપોને ઉપાર્જન કરતાં હોય છે. (૩)

ઉદરમાં રહેલા વિષને કાઢવા માટે જેઓ ઔષધ પીતા નથી, તેમ ભારે કર્મી જીવો પોતાના ભાવપરંપરાના પાપ

કર્મોને આત્મ પ્રદેશથી ખસેડવા માટે જિન વચનરૂપી હિતકર ઔષધ પી શકતા નથી. (૪)

ઉપરના કારણે ભવ પરંપરાને ટૂંકી કરવી હોય તો પાંચે આશ્રવોનો ત્યાગ કરવો સર્વથા અનિવાર્ય છે. ત્યાર પછી જ તેઓ કર્મરજથી મુક્ત થઈને અનંત સુખોનું ધામ, દુઃખના અણુ માત્રથી પણ મુક્ત, સિદ્ધશિલા, મુક્તિ-મોક્ષ મેળવવા માટે ભાગ્યશાળી બનશે.

પરંતુ તેની શકયતા ત્યારે જ બનવા પામશે જ્યારે પાંચે આશ્રવોને ભગાડવા માટે-દેશવટો દેવા માટે પાંચ પ્રકારના સંવરધર્મનો આશ્રય લેવામાં આવશે. તે વિના દુનિયાના એકેય મંત્ર-તંત્ર કે જંત્રની શક્તિ કામ આવે તેમ નથી. અથવા પોતાના પાપોને ધોવા માટે બીજા માણસનો સથવારો પણ કામ આવે તેમ નથી. માટે સમ્યગ્ બુદ્ધિથી ઉપર પ્રમાણે જાણીને સર્વથા અથવા યથાશકય, યથાપરિસ્થિતિ તે પાપોના દ્વાર અલ્પાંશે પણ બંધ કરવા અને જાણીબુઝીને, મશ્કરીમાં, કુતૂહલમાં પણ પાપના માર્ગે જવાનું બંધ કરવું તેનાથી બીજો હિતાવહ માર્ગ નથી.

卐 પંચમ આશ્રવ દ્વાર સમાપ્ત 卐

સમાપ્તિ વચન

સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રના અઠંગ અભ્યાસી, પાલક અને પ્રચારક, મહા હિંસક દેશોમાં લાખો કરોડો મૂક પ્રાણીઓને અભયદાન દેનારા, દુરાચારપૂર્ણ ખાનદાનોને સત્ય અને સદાચાર ધર્મની લ્હાણી કરનારા તથા ભોગલાલસુઓને તપોધર્મની સમજુતિ દેનારા, જગદ્વિખ્યાત, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય, સ્વ. ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી (કાશીવાળા) મ. સા.ના અનેકાનેક શિષ્યોમાં, ચમકતા શુક્રના તારા જેવા, શાસનદીપક, વક્તૃત્વ શક્તિ ધારક, સાતિશય પ્રભાવશાળી, સ્વ. મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજના શિષ્ય, ન્યાય–વ્યાકરણ, કાવ્યતીર્થ, યોગોદ્વહનપૂર્વક પંન્યાસપદ ધારક, ચાર ભાગોમાં ભગવતીસૂત્ર સાર સંગ્રહના લેખક, નાના મોટા બીજા પુસ્તકોના રચયિતા, ગણિવર્ય શ્રી પૂર્ણાનંદવિજયજીએ (કુમાર શ્રમણે) પોતાના મતિજ્ઞાનના વિકાસ માટે તથા ભવ પરંપરાના વળગેલા આશ્રવમાર્ગોના સંસ્કારોને નાબૂદ કરવા અર્થે દ્વાદશાંગીમાં સર્વ પ્રથમ ઉપાદેય, દસમા અંગ તરીકે પ્રખ્યાત શ્રી પ્રશ્નવ્યાકરણ (पण्हावागरणं) ને પોતાની યથા-મતિએ વિવેચિત કર્યું છે.

" शुभं भुयात् सर्वेषां जीवानाम्,
जीवाः सर्वे आश्रवरहिता भवन्तु "

卐

દ્વિતીય શ્રુત સ્કંધ

પ્રથમ સંવર દ્વાર...

શ્રી શ્રુતદેવીને નમસ્કાર તથા પૂજ્ય ગુરૂદેવોનું સ્મરણ કરી પ્રશ્ન વ્યાકરણના બીજા શ્રુત સ્કંધનું વિવરણ લખવાનો પ્રયાસ કરીશ. દ્વાદશાંગીમાં દસમાં અંગ શ્રી પ્રશ્નવ્યાકરણ (पण्हावागरणं) ના પાંચે અધ્યાયોમાં ક્રમશઃ પાંચે આશ્રવોનું વિશદ વર્ણન કર્યા પછી ક્રમ પ્રાપ્ત બીજા શ્રુત સ્કંધના પાંચે અધ્યાયોમાં સંવરધર્મની વ્યાખ્યા આપવામાં આવી છે.

સુધર્માસ્વામીએ કહ્યું હે જમ્બૂ! સમવસરણમાં બિરાજમાન થઈને પરમાત્મા મહાવીરસ્વામી પાસેથી વ્યવધાન વિના સાંભળેલું સંવરતત્ત્વ હું તને કહીશ, જે જીવ માત્રને દુઃખ-મુક્ત કરાવવામાં પૂર્ણ સમર્થ છે. કેવળજ્ઞાન મેળવવાની ઇચ્છાવાળા પ્રત્યેક ભાગ્યશાળીને સંવરતત્ત્વની આરાધના સર્વથા અનિવાર્ય છે, તે વિના આશ્રવનો નિરોધ બની શકતો નથી. પાપોના દ્વાર ઉઘાડા રાખવા તે આશ્રવ છે અને બંધ કરવા તે સંવર છે. આત્મા અને પરમાત્મા ઉપર શ્રદ્ધા રાખીને આ બંને તત્ત્વની તલસ્પર્શી વ્યાખ્યાઓને યદિ હૃદયંગમ કરી લેવામાં આવે તો પણ તે સાધક શનૈઃ શનૈઃ પોતાનું કલ્યાણ સાધી શકે છે. અહિંસા (પ્રાણાતિપાત વિરમણ), સત્ય (મૃષાવાદ વિરમણ), અચૌર્ય (અદત્તાદાન વિરમણ), બ્રહ્મચર્ય (મૈથુન વિરમણ), સંતોષ (પરિગ્રહ વિરમણ), આ પાંચે સંવરોનું અનુક્રમે વર્ણન કરવામાં આવશે.

અત્યન્ત નમ્રભાવે સુધર્માસ્વામીજી ફરમાવે છે કે, આ સંવરધર્મોનું પ્રતિપાદન અને પાલન તીર્થંકર પરમાત્માઓએ કરેલું હોવાથી હું પણ તદનુસાર જ કહીશ. અનન્ત સંસાર અનાદિકાળથી છે, જે કોઈનાથી પણ ઉત્પાદ્ય નથી. અનંત કર્મો પણ અનાદિકાળના છે. અનન્તાનન્ત જીવો પણ અનાદિકાળના છે. તેવી રીતે સંવરધર્મ પણ અનાદિકાળનો છે. કેમ કે નરક ભૂમિઓ જ્યારે અનાદિ કાળની છે તો મોક્ષ–મુક્તિ અને કેવળજ્ઞાન પણ અનાદિકાળથી વિદ્યમાન તત્ત્વો છે. કયારેય પણ તેનો વિચ્છેદ થયો નથી, થતો નથી અને થશે પણ નહિ. પાણીથી ભરેલા તળાવને ખાલી કરવા માટે બે માર્ગ છે. જ્યાંથી નવું પાણી આવે છે તે માર્ગ સર્વથા બંધ કરવો અને રેંટ–કોશ કે મશીન દ્વારા જૂનું પાણી બહાર કાઢી લેવું, આ બે સિવાય ત્રીજો માર્ગ એકેય નથી. જ્યાં સુધી નવા પાણીનો માર્ગ બંધ ન થાય ત્યાંસુધી તળાવને ખાલી કરવાનો પ્રયત્ન સફળ થાય તેમ નથી. તેવી રીતે જીવરૂપી તળાવમાં ભવભવાન્તરોના, સાગરોપમો પહેલાના કે કોડાકોડી સાગરોપમો પહેલાના કરેલા કર્મોરૂપી પાણી ભરેલું છે. માટે સંવરધર્મથી સૌથી પહેલા નવા આવનારા–બંધાતા કર્મોને રોકી લેવા અને તપધર્મથી જૂના પાપોને નિર્જરિત કરવા, આનાથી બીજો મુક્તિમાર્ગ નથી. સંસારરૂપી કારાગૃહમાંથી મુક્ત થયેલા અનંત જીવાત્માઓને માટે આ જ માર્ગ હતો અને ભવિષ્યમાં પણ મુક્તિ મેળવનારા ભાગ્યશાળીઓને સંવરધર્મ સ્વીકાર્યા વિના છુટકો નથી. તેમાં સૌથી પહેલા અહિંસા નામે

સંવર છે. અર્થાત્ પાંચ સંખ્યાના સંવરોમાં સૌથી પહેલો સંવર અહિંસા નામે છે.

અહિંસાનું સ્વરૂપ શું છે?

(૧) તસથાવરસવ્વભૂયખેમકરી....

ત્રસ અને સ્થાવરરૂપે સંસારી જીવો બે પ્રકારના છે. એક સ્થાનથી બીજા સ્થાને જવાવાળા બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો ત્રસ છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાયના જીવો સ્થાવર છે. આ બંને પ્રકારના જીવો પર્યાપ્ત, અપર્યાપ્ત, સૂક્ષ્મ અને બાદર પ્રકારના છે. સ્પષ્ટ કે અસ્પષ્ટ ચૈતન્યશક્તિ સમ્પન્ન હોવાથી સંયોગ-સુખ-શાન્તિને ચાહનારા છે. તથા વિયોગ - દુઃખ - મરણ - શોક-સંતાપાદિને ચાહનારા નથી. આ કારણે જ અહિંસાધર્મ સમ્પન્ન મુનિરાજો તે જીવોને અભયદાન દેનારા છે. તેથી અહિંસાધર્મ ત્રસ અને સ્થાવર જીવોનું ક્ષેમ કરનાર છે.

આંખથી દેખાતા પશુ-પક્ષીઓ પર દયા અને અહિંસા કરનારા મહાત્મા બુદ્ધદેવ આદિના ઉદાહરણો વિદ્યમાન છે. પરંતુ સ્થાવર અને વિકલેન્દ્રિય (૨-૩-૪ ઇન્દ્રિયોવાળા) જીવો પણ છે જ, જેમાં કેટલાક પ્રત્યક્ષ છે અને કેટલાક પરોક્ષ છે, માટે તેમની પણ હત્યા ન થવા પામે તે માટે પ્રાણાતિપાત વિરમણવ્રત સ્વીકાર્યા વિના છુટકો નથી. અન્યથા તે જીવો પર દયા અને અહિંસા અશક્ય બનતાં અહિંસાદેવીની આરાધના અધુરી અને વાંઝણી રહેશે. માનસિક જીવનમાં

સૌ જીવોની રક્ષા કરવાની ભાવનાને દયા કહેવાય છે અને ગમે તેવા સંજોગોમાં પણ પોતાના હાથથી–પગથી, બોલવા–ચાલવાથી, ખાવા–પીવાથી, સૂવા–ઉઠવાથી કે બેસવા–ઉભા રહેવાથી એકેય જીવની હત્યા ન કરવી તેને અહિંસા કહેવાય છે. આ કારણે જ ત્રસ અને સ્થાવર જીવોનું હિત કરનારી અહિંસા છે.

તળાવ–કુવા કે નળના પાણીથી સ્નાન કરનાર પાણીના જીવોનો ઘાતક છે.

પુષ્પમાળા પહેરનાર વનસ્પતિ જીવોનો મારક છે.

મોટરોમાં બેસીને ફરનારા વાયુકાય અને ત્રસ જીવોના નાશક છે.

હાથે રસોઇપાણી કરીને માલ–મસાલા ખાનારા પૃથ્વી, પાણી–અગ્નિ–વાયુ વનસ્પતિ અને ત્રસ જીવોના શત્રુ છે.

માટે જ સર્વાંગીણ અહિંસાધર્મની આરાધના મહાવ્રતધારીઓ વિના અશકય છે.

(૨) **महव्वयाइं**

શ્રાવકધર્મના અણુવ્રતોની અપેક્ષાથી જે મોટા વ્રતો છે, તેને મહાવ્રત કહેવાય છે. જેમાં હિંસાદિ પાંચે પાપોનો મન–વચન અને કાયાથી, કરણ–કરાવણ અને અનુમોદનથી પણ ત્યાગ કરવાનો રહે છે. માટે અહિંસાધર્મની આરાધના મહાવ્રત સ્વરૂપ છે, અથવા મહાવ્રતોની માતા અહિંસા છે. માવડી વિના પુત્રની પ્રાપ્તિ સર્વથા અશકય છે, તેમ અહિંસામાતાની આરાધના વિના મહાવ્રતોની રક્ષા, વૃદ્ધિ સર્વથા અશકય છે.

(૩) લોગ હિય સવ્વયાઇં

અહિંસા નામનો સંવરધર્મ ત્રસ અને સ્થાવર યોનીમાં રહેલા જીવોનું હિત કરાવનાર સદ્‌વ્રત છે. માટે મહાવ્રતધારી મુનિરાજો અને સાધ્વીજી મ. પોતાના સંવર ધર્મ વડે જીવ માત્રનું રક્ષણ કરનારા છે.

(૪) સુયસાગરદે સિયાઇં

અહિંસાધર્મને શ્રુતસાગર દેશિત (અરિહંત પ્રરૂપિત જૈનાગમ દેશિત) કહેવાનો આશય એટલો જ છે, કે સાધક જેમ જેમ આ ધર્મની આરાધના કરશે, તેમ તેમ ગંભીર-તાદિ ગુણોનો વિકાસ કરતાં આત્મધર્મમાં રમણ કરનારો બનવા પામે છે. કેમકે હિંસાદિ દોષોની વિદ્યમાનતામાં ગંભીરતા, દક્ષતા, વિનય, વિવેક, મૃદુતા, કુશળતા, દયાળુતા આદિ ગુણો કેવળ સ્વાર્થ પૂરતા જ હોય છે, અને સ્વાર્થી જીવન હિંસક છે.

(૫) તવસંજમમહવ્વયાઇં

અહિંસાની આરાધના દ્વારા બાહ્ય અને આભ્યન્તર તપ તથા ૧૭ પ્રકારના સંયમની આરાધના કરવા રૂપ મહાવ્રતોની સાધનામાં આત્માને અભૂતપૂર્વ આનન્દ આવશે. આમ કરતાં સંયમથી નવા પાપોના દ્વાર બંધ થશે અને તપ જૂના પાપોનું નિકંદન કરાવી આત્માને નિર્જરાના માર્ગે મૂકશે. પાંચ આશ્રવો, પાંચ ઇન્દ્રિયો, ચાર કષાયો અને ત્રણ દંડ, આ ૧૭ પ્રકારે નવા પાપોનું ઉપાર્જન થાય છે. માટે મહાવ્રતોની

આરાધના દ્વારા તે પાપમાર્ગો પર સંયમની મર્યાદા આવતાં જ તે પાપો પોતાની મેળે બંધ થયા વિના રહેશે નહિ. માટે સંયમથી નવા પાપો રોકાય છે અને " तपसा निर्जरा च " આ સૂત્રથી કર્મરૂપી કાષ્ઠોને બાળી નાખવાનું કામ તપ કરશે. માટે જ અહિંસાધર્મને તપ તથા સંયમનું મૌલિક કારણ માનવામાં આવ્યું છે.

(૬) सीलगुणवरव्वयाइं....

શીલનો અર્થ સ્વભાવ થાય છે. આત્માનો સ્વભાવ કયો? ક્રોધ-વૈર-વિરોધ, હિંસા-જૂઠ આદિ આત્માનાં સ્વાભાવિક ગુણો નથી, પરન્તુ વૈભાવિક એટલે કૃષ્ણાદિક લેશ્યાના માધ્યમથી પરિશ્રમપૂર્વક આમંત્રિત પર્યાયો (ગુણો) છે. જ્યારે ચિત્તની સમાધિ-વિનય-વિવેક આદિ ગુણો સ્વાભાવિક, સાહજિક એટલા માટે છે કે, તેની પ્રાપ્તિ માટે આત્માને કંઈ પણ પરિશ્રમ કરવો પડતો નથી. " **स्वधर्मे निधनं श्रेयः पर धर्मो भयावहः** " ગીતા વચનનું તાત્પર્ય એટલું જ છે કે, અહિંસા-સંયમ-અને તપોધર્મરૂપ સ્વધર્મ એટલે આત્માના સાહજિક ગુણોમાં મરવું પણ સારૂં છે. પણ જીભની લાલસાએ પર જીવોની હત્યાથી જ પ્રાપ્ત થતા માંસનું ભોજન, શરાબ પાન, પરસ્ત્રીગમન વગેરે પરધર્મ હોવાથી તેમાં મરવું તે આત્માને માટે ભયંકર છે. આ કારણે જ દેવાધિદેવ-મહાવીર-સ્વામી પ્રભુએ કહ્યું કે, અહિંસાધર્મની આરાધનામાં જ જીવાત્માને સદ્‌ગુણોની પ્રાપ્તિ થાય છે.

(૭) સચ્ચજ્જવવયાઇં....

જીવનના અણુ અણુમાં અહિંસાધર્મની આરાધના વિના સત્ય (મૃષાવાદનો ત્યાગ) અને આર્જવ એટલે હૃદયની કઠોરતા, કર્કશતા અને માયા પ્રપંચાદિનો ત્યાગ કોઈ કાળે પણ શકય નથી. અથવા સત્ય અને સરળતાના આધારે જ સંવરધર્મની આરાધના થાય છે. આપણો અનુભવ પણ કહે છે, દુર્ગુણોના ત્યાગ વિના ખેંચી તાણીને લાવેલા ગુણોથી માયારૂપ સ્વાર્થની સાધના થશે. પરન્તુ આત્માની સાધના કયારેય નહિ થાય. આ કારણે જ અહિંસાધર્મની આરાધના થતાં આત્માના ક્લિષ્ટ-પાપમય પરિણામોનો નાશ થશે અને સદ્ગુણોની સુલભતા અને તેની સ્થિરતા થવા પામશે.

(૮) નરગતિરિયમણુયદેવાઇ વિવજ્જગાઇં....

ગમે તેવો અનપઢ માણસ પણ જન્મ-જરા-મરણ-શોક-વિયોગ આદિના દુઃખોથી પૂર્ણ ચાતુર્ગતિક સંસારનો અંત (નાશ) કરી કેવળજ્ઞાન-મુક્તિ-મોક્ષની જ ઝંખના કરતો હોય છે, પરંતુ સમ્યગ્જ્ઞાનના અભાવમાં સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ અત્યંત દુર્લભતમ હોવાથી મોક્ષની ઝંખના સ-ફળીભૂત બનવા પામતી નથી. વિપરીત જ્ઞાન(અજ્ઞાન)ના કારણે કેટલાક જીવો ભૌતિકવાદની પૂર્ણ પ્રાપ્તિ જયાં થાય છે, તેવા દેવ-લોકને જ મોક્ષ માનીને બેઠા છે. પરંતુ તેમને તેવો ખ્યાલ નથી હોતો કે ભૌતિક સુખો ગમે તેટલા મળ્યા હોય તો પણ તે નશ્વર હોવાથી " क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति " આ ન્યાયે પુનઃ સંસારની ૮૪ લાખની શેરીઓમાં રખડપટ્ટી જ

ભાગ્યમાં લખાયેલી હોય છે. જ્યારે આધ્યાત્મિકસુખ સદૈવ શાશ્વત હોવાથી તેનો અંત કયારેય થવાનો નથી. હિંસા આદિ કાર્યોથી બીજા જીવો સાથે વૈર બંધાયા વિના અને દાન-પુણ્યથી બીજાઓ સાથે મિત્રતા બંધાયા વિના રહેતી નથી. તથા આ પણ એક તથ્ય છે કે-રાગ કે દ્વેષથી જે જીવો સાથે બંધાયા હોઇએ ત્યારે તેમનાથી મુક્ત થયા વિના આધ્યાત્મિકજીવની પ્રાપ્તિ અશકય હોવાથી અહિંસાધર્મની પૂર્ણ આરાધનાની શકયતા બની શકવાની નથી. આવી સ્થિતિમાં જૈન શાસન ફરમાવે છે કે, " અહિંસારૂપ સંવરધર્મની આરાધનાના બળે જ માનવમાત્ર કે જીવમાત્ર નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિરૂપ સંસારનો અંત કરવા સમર્થ બનવા પામે છે. "

(૯) सव्वजिणसासणग्गइं....

લૌકિક અને લોકોત્તરરૂપે યોગીઓ બે પ્રકારના હોય છે. પહેલામાં મિથ્યાત્વી અને સમ્યકૃત્વીના બે ભેદ છે. મિથ્યાત્વી યોગી પોતે આત્મજ્ઞાન વિનાના હોવાથી તે વિદ્વાંત હોઈ શકે પણ જ્ઞાનવંત હોતા નથી. જ્યારે સમ્યકૃત્વી યોગીઓ છદ્મસ્થ હોવાથી તેઓ જ્ઞાનાવરણીયાદિ કર્મોથી આવૃત્ત હોવાથી સંસારવર્તી જીવોના કર્મો, તેનું બંધન અને મોચનનું જ્ઞાન સમ્યકૃપ્રકારે કરી શકતા નથી. આ કારણે મુક્તિનું સત્ય-સ્વરૂપ અને તેની પ્રાપ્તિનું મૂળ કારણ તેઓ જાણી શકતા નથી. જ્યારે લોકોત્તર યોગીઓનો છાદ્મસ્થિક ઘાતીકર્મોનો સમૂળ નાશ થયેલો હોવાથી તેમનો આત્મા સ્ફટિક જેવો

નિર્મળ હોય છે. માટે જીવમાત્રની ગતિઓ, આ ગતિઓ તેમના કર્મોને યથાર્થરૂપે જાણી શકે છે. તેથી અત્યાર સુધીના ભૂતકાળમાં જેટલા જિનેશ્વરો થયા છે અને ભાવિકાળમાં થશે તે બધાય સંવરધર્મનોજ ઉપદેશ આપે છે, આપ્યો છે અને આપશે. કેમ કે તે વિના કોઇપણ જીવ સંસારની યાત્રાને ટૂંકાવી શકતો નથી. માટે તે ધર્મ સર્વથા, સર્વદા ગ્રાહ્ય છે. એક જ ચિનગારી જેમ હજારો મણ કાષ્ટોને ભસ્મીભૂત કરી શકે છે, તેમ અહિંસા નામનો સંવરધર્મ હજારો ભવોના કર્મોનો વિનાશ કરે છે, ભવોની પરમ્પરાને નામૂદ કરે છે, સેંકડો-હજારો પ્રકારના દુઃખોનો નાશ કરે છે અને તેટલા પ્રમાણમાં વધારે સુખ-શાંતિ અને સ્વસ્થતા આપે છે.

મન-વચન અને કાયાના કાયર માણસો, જેમના દિલ અને દિમાગ મિથ્યાજ્ઞાનથી પૂર્ણ છે, મડદાલ મનના છે, સંસારની મોહમાયાના નશામાં બેભાન બનેલા છે, પૂર્વગ્રહના કારણે સમ્યગ્ વિચારણા જેમની સમાપ્ત થઈ ગઇ છે અથવા કુગુરૂઓના સહવાસથી હિંસા-જૂઠ આદિના પાપોમાં ગળાડુબ થયેલા છે તેવા મૂર્દાદિલ માનવો અહિંસાધર્મની વ્યાખ્યા પણ સમજી શકતા નથી. તો તેને આચરણમાં લાવવાની વાત જ કયાં રહી ? તેનાથી વિપરીત આત્માઓ, જે સદ્વિચાર અને સદ્બુદ્ધિમાં રમતા હોય તેવા જીન્દાદિલ-વાળા જ અહિંસાની આરાધના કરી શકે છે. મોક્ષને દેનાર અહિંસા છે. છેવટે સ્વર્ગ પણ આપે છે. આ પ્રમાણે ભગ-વાન મહાવીર સ્વામીએ અહિંસાદિને સંવર કહ્યાં છે.

પાંચે સંવરોમાં પહેલી અહિંસા કહેવામાં આવી છે, જે દેવ અને મનુષ્યોને માટે દ્વીપ સમાન છે. દ્વીપ અને દ્વીપ શબ્દોનો પ્રાકૃતમાં 'દ્વીવ' શબ્દ બને છે. સમુદ્રની વચ્ચે પાણીની સપાટીથી જે જમીન ઉંચી હોય તે દ્વીપ કહેવાય છે. ભરદરિયે નાના-મોટા વહાણો તૂટી જવાથી તેના મુસાફરોને એક બાજુ જળસમાધિનો ભય, બીજી તરફ મોટા મગર મચ્છો અને માછલાઓનો ભય, ત્રીજી તરફ સમુદ્રના મોટા તરંગોથી શરીરના ગાત્રો ભાંગવાનો ભય હોવાથી અત્યન્ત એટલે ચારે તરફથી દીન-દુઃખી અને હતાશ બનેલા માનવોને જેમ દ્વીપ આશ્રય આપે છે, તેવી રીતે સંસારસાગરમાં અધવચ્ચે ફસાયેલા, હજારો પ્રકારના આધિ-વ્યાધિ-શોક-સંતાપ અને વિયોગ આદિ શ્વાપદોથી પગે પગે પીડીત થયેલા, ઘડીકમાં સ્વજનોનો સંયોગ, ઘડીમાં વિયોગરૂપ દ્વન્દ્વના તરંગોથી બેહાલ બનેલા માનવોને માટે અહિંસા ભગવતીની આરાધના જ કામિયાબ નીવડે છે, માટે તેને દ્વીપની ઉપમા આપવામાં આવી છે. તથા ભયંકર અન્ધકારને લઇ જેમની આંખો કામ કરતી નથી તેમને યદિ દીપનો પ્રકાશ મળી આવે તો તેઓ પદાર્થને જોઇ શકે છે. તેવી રીતે હેયોપાદેયમાં વિવેકહીન બનેલા માનવોને માટે અહિંસા દ્વીપની ગરજ સારે છે. કેમકે જીવનમાં જેમ જેમ તેની આરાધના થતી જાય છે તેમ તેમ જ્ઞાનાવરણીયાદિ કર્મોનો મહાન્ધકાર પણ વિલીન થતો જાય છે. પરિણામે અતિવિશુદ્ધ મતિજ્ઞાન એટલે સદ્બુદ્ધિના વૈભવથી આત્મા પ્રકાશમાન થતાં અજ્ઞાનરૂપી અન્ધકાર ટકી શકતો નથી.

માનવના જીવનમાં ઘણીવાર ન કલ્પેલી આપત્તિઓના પહાડો ચારેબાજુથી તેવી રીતે આવે છે જેનાથી સંસારનો એકેય માનવ કે અઢળક સંપત્તિ પણ તેમને રક્ષણ આપી શકતી નથી. તે સમયે મનસા-વચસા અને કાયાથી અહિંસા-ધર્મની સાધના જ તેનું રક્ષણ કરવા સમર્થ બને છે. માટે જ તેનું શરણ સ્વીકારનાર માણસને દેવ-દાનવ, અસુર, ભૂત, પ્રેત, વ્યન્તરાદિનો તથા હિંસક પ્રાણીઓનો પણ ભય રહેતો નથી. સંસારના ક્લેશોથી કંટાળી ગયેલા માણસોને આજે, કાલે, કે પરમ દહાડે પણ અહિંસા ધર્મનો આશ્રય લીધા વિના ચાલે તેમ નથી. અહિંસાના અભાવમાં ભાડુતી રૂપે પ્રાપ્ત કરેલા ગુણો પણ કદાચ તેના સાધકને હાથ તાળી આપી ઉંધે માર્ગે ચડાવી શકે છે. કેમ કે હિંસક માનવના ગુણો વિજળીના ચમકારા જેવા અશાશ્વત હોય છે, જ્યારે અહિંસક માણસ સ્વયં સદ્ગુણોનો ભંડાર જ છે.

હવે સૂત્રકાર પોતાની પદ્ધતિ પ્રમાણે અહિંસાના પર્યાયોને બતાવે છે. તેનું તાત્પર્ય એટલું જ છે કે અહિંસા-તત્વના જિજ્ઞાસુઓની જિજ્ઞાસા, તથા જ્ઞાનેચ્છુની જ્ઞાનેચ્છાને પૂર્ણ કરવા માટે જ પર્યાયોનું જ્ઞાન પર્યાપ્ત છે. અહિ ૬૦ ની સંખ્યામાં પર્યાયો બતાવ્યા છે, જે પ્રકારાન્તરે અહિંસા શબ્દને જ પુષ્ટ કરનારા છે. અથવા શાબ્દિક કે આત્મિક જ્ઞાન મેળવવાને માટે પર્યાયોનું જ્ઞાન આવશ્યક છે, તેને ક્રમશઃ જાણવાનો પ્રયાસ કરીએ.

(૧) નિર્વાણ :-નિર્વાણ એટલે મોક્ષ-મુક્તિ, અત્યાર સુધી કારાવાસ(જેલ)માં રહેલો માણસ પોતાની અવધિ પૂર્ણ થયા પછી જ્યારે ત્યાંથી છુટે છે ત્યારે આપણે કહીએ છીએ કે " જેલમાંથી તેની મુક્તિ થઈ" આજ પ્રમાણે અનાદિકાળથી કર્મરાજાની બેડીમાં જકડાયેલા જીવાત્માઓ સંસારરૂપી જેલમાં ફસાઈ રહ્યાં છે. તેનાથી મુક્ત થવાને માટે પ્રયત્નો કરે છે, પરન્તુ સમ્યગ્જ્ઞાનના અભાવમાં તેના બધાય પ્રયત્નો કારગત નીવડતા નથી. પરન્તુ પ્રત્યેક ભવોમાં અથડાતો જીવ જ્યારે સમ્યગ્દર્શનના પ્રકાશમાં પોતાના આત્માને બરાબર ઓળખી લે છે, ત્યાર પછી સમ્યગ્ જ્ઞાનના પ્રકાશમાં જે જે પ્રયત્નો કરશે તે બધાય મુક્તિના કારણ બનવા પામશે. બધાય પ્રયત્નોમાં અહિંસાની આરાધના જ સફળ-સરળ અને નિર્વ્યાજ પ્રયત્ન હોવાથી જે કોઈ ભાગ્યશાળી પોતાની શક્તિ અને પરિસ્થિતિ પ્રમાણે જેટલા અંશોમાં અહિંસાધર્મને ઓળખશે, આરાધશે તેમ તેમ મુક્તિની મંઝિલ તરફ તેની આગેકૂચ વધતી જશે અને એક દિવસ મુક્તિવાસી બનીને 'નમો સિદ્ધાણં' પદનો ભોક્તા બનશે માટે નિર્વાણ પામવાનું મૌલિક કારણ અહિંસાધર્મની આરાધના છે.

(૨) નિર્વૃતિઃ-નિવૃતિ એટલે સ્વાસ્થ્ય. 'स्वस्मिन्-आत्मनि तिष्ठतीति स्वस्थस्तस्य भावः स्वास्थ्यम्....' અહિ 'સ્વ' નો અર્થ શરીર નહિ પણ આત્મા છે. તેમાં રમણ કરવું તે સ્વસ્થ છે. તેને ભાવઅર્થમાં પ્રત્યક્ષ લગાડવાથી સ્વાસ્થ્ય શબ્દ બને છે. સારાંશ કે આત્મામાં સ્થૈર્ય પ્રાપ્ત કરવું, કર્યું હોય તો

ટકાવવું, ટકાવ્યું હોય તો પ્રતિ સમયે તેને વધારવું. પરન્તુ પ્રશ્ન એ થાય છે કે, આવું સ્વાસ્થ્ય પ્રાપ્ત શાથી થશે? જવાબમાં જણાવવાનું કે અત્યાર સુધી આપણો આત્મા અસ્વસ્થ હતો. એટલે કે બાહ્યાત્મા બનીને પૌદ્ગલિક પદાર્થોમાં અર્થાત્ કર્મોથી ઉપાર્જિત કરેલી માયામાં સ્થિર થયેલ હોવાથી પોતાનું સ્વાસ્થ્ય મેળવી શકવા સમર્થ બની શકયો નથી, પરન્તુ જ્યારે અહિંસાની આરાધના કરતાં કરતાં અન્તરાત્મા બને છે ત્યારે તેનું લક્ષ્ય પરમાત્મા બનવા પ્રત્યે હોવાથી ધીમે ધીમે સ્વસ્થતા વધતાં એક દિવસ એવો પણ આવી જશે ત્યારે અહિંસાની પૂર્ણ આરાધના કરવા માટે સમર્થ બનેલો આત્મા પોતાનું સ્વાસ્થ્ય પૂર્ણ રૂપે પ્રાપ્ત કરશે.

(૩) સમાધિ :-આનો અર્થ ટીકાકારે સમતા કર્યો છે. વૈકારિક, વૈભાવિક, ઔદયિક અને તામસિક જીવો પ્રત્યે જ્યારે પણ આપણા આત્મામાં સમતાભાવ આવે તો સમજવું કે આધ્યાત્મિક શ્રેણિમાં આપણે આગળ વધી રહ્યાં છીએ. આવા ભાવને ઉત્પન્ન કરવા માટે જૈન શાસને ચાર ભાવનામાં 'ઉપેક્ષા'ભાવનો સમાવેશ એટલા માટે જ કર્યો છે કે પોતાના મિત્રો, પુત્રો, પત્નીઓ પ્રત્યે જે સમતા સધાય છે તેમાં વૈરાગ્યની નહિ પણ મોહની માયા કામ કરી રહી હોય છે. જ્યારે શત્રુઓ, ગાળો ભાંડનારા, કામીઓ અને ક્રોધીઓ પ્રત્યે સમતાભાવ કેળવવામાં નામ-સ્થાપના અને દ્રવ્ય અધ્યાત્મ કામે નથી આવતો, પણ ભાવઅધ્યાત્મની જ આવશ્યકતા રહેલી છે. આવી પરિસ્થિતિને પ્રાપ્ત કરવામાં અહિંસાની

આરાધના અનિવાર્ય છે. માટે સમાધિને અહિંસાનો પર્યાય કહેવામાં આવ્યો છે. એટલે કે અહિંસક માણસ જ સમાધિ સમ્પન્ન હોય છે. પરમદયાળુ પરમાત્મા પાસે 'समाहिवरं बोहिलाभं च' સમાધિની યાચના ઔપચારિક છે. જ્યારે તાત્ત્વિક દૃષ્ટિએ અહિંસક બન્યા વિના સમાધિ પ્રાપ્ત થતી નથી.

(૪) શાન્તિ :–સાક્ષર કે નિરક્ષર, ગૃહસ્થ કે મુનિ, સ્ત્રી કે પુરૂષ સૌ કોઈ શાન્તિ મેળવવાને માટે જ પ્રયત્ન કરતાં હોય છે. પરંતુ આપણો અનુભવ કહે છે કે કરોડાધિપતિ કે અબજાધિપતિઓએ તથા સત્તાધારીઓએ પણ શાન્તિ મેળવી નથી, પણ એક બીજાની સાથે દુશ્મનીના દાવપેચ રમતાં બેડાલ મર્યા છે. યુવાવસ્થાના મદાન્ધો પણ ભોગવિલાસના ક્રીડા બનીને રીબાતા મર્યા છે. પંડિતાઇના વિદ્વાન્ધો શ્લોકોની રચના કરતાં અને ધર્મવાદની ઉંધી વેતરણમાં સંસારને રાગ–દ્વેષની બક્ષીસ આપી માનવતાનો દ્રોહ કરતાં યમરાજના અતિથિ બન્યા છે. ઉપર પ્રમાણેની ભૌતિકવાદની સેવના–ઉપાસનામાં આજ સુધી કોઇએ પણ શાન્તિ મેળવી નથી. એરકન્ડીશનમાં બેસીને તથા આઇસક્રીમ, કોલ્ડ્રીંક વોટર તથા મગજને તુષ્ટપુષ્ટ રાખવા બદામ, પિસ્તા, અંજીર, કાજુ તથા મિષ્ટાન્નોને ખાનારાઓ પણ પોતાના મસ્તિષ્કમાં શાન્તિ મેળવી શકયા નથી. આવી પરિસ્થિતિમાં જૈન શાસન કહે છે, ભૌતિકવાદ, પૌદ્ગલિકવાદ સ્વયં વિજળીના ચમકારાની જેમ અશાશ્વત હોવાથી તેના સેવનમાંથી ચિરશાન્તિ શી રીતે મેળવી શકાશે ? માટે અહિંસાની સાધના જ મન–વચન અને કાયામાં શાન્તિનું

સર્જન કરશે. પરદ્રોહી આત્મા ભયગ્રસ્ત હોય છે, શાન્ત હોતો નથી. "द्रोग्धुर्नैपरतो भयम्" હિંસકજીવન પરદ્રોહી બન્યા વિના રહેતું નથી. માટે અહિંસા ભગવતીની ઉપાસના જ શ્રેયસ્કર છે.

(૫) કીર્તિ :–મુનિરાજોની તથા સાધ્વીજી મહારાજોની સેવામાં એક પૈસો પણ ન ખર્ચનારા કેટલાક ભાગ્યશાળીઓ ફોગટની કીર્તિ મેળવવાને માટે મુંબઈ સમાચાર આદિમાં ફોટાઓ છપાવવાને માટે હજારો રૂપીઆઓના ચેક ફાડી નાખનારા હોય છે, તો પણ તેઓ વસ્તુપાળ, તેજપાળ, અનુપમાદેવી, જગડૂશાહ, ભામાશાહની માફક ચિરસ્થાયિની કીર્તિ મેળવી શકયા નથી, પરંતુ લાખો માણસોની મજાકનું કારણ બને છે. જ્યારે અહિંસાની આરાધના કરનારાઓ ભાવદયાળુ બનેલા હોવાથી ગુપ્તદાન વડે પોતાના સ્વામીભાઇ, જાતભાઇ આદિને સદ્ધર કરે છે, ત્યારે તેમની કીર્તિ પોતાની મેળે દેશના ખૂણે ખૂણે ફેલાઈ ગઈ હોય છે અને ગામડાંની બહેનો પણ પોતાના રાસડાઓમાં તેમની કીર્તિની ગાથાઓ ગાતી હોય છે.

(૬) કાન્તિ :–હિંસક, જૂઠા, ચોર, બદમાશ માણસો કયારેય પ્રસન્નતાનો અનુભવ કરી શકતા નથી. હાસ્યશીલતા (Laughing Life) તેમના ભાગ્યમાંથી રીસામણા કરીને ભાગી જાય છે અને રોદનશીલતા (Crying Life) મરણ પથારી સુધી પણ સાથીદાર બને છે. માટે જ જૈન સૂત્રકારોએ કહ્યું કે, જીવનમાં પ્રસન્નતા મેળવવી હોય, જીવન ભર્યા ભાદરવા

જેવું રાખવું હોય તો સૌથી પ્રથમ અહિંસક બનવા માટે જ પ્રયત્ન કરજો. કેમકે તેઓ કોઇની હત્યામાં ભાગ લેતા નથી, જૂઠ બોલતા નથી, ચોરી કરતા નથી, પરસ્ત્રીને ફોસલાવતા નથી, ગપ્પીદાસ બનતા નથી અને કોઇના દ્રોહમાં ઉભા રહેતા નથી. માટે જ તેમના જીવનમાં કાન્તિ–પ્રસન્નતા સ્પષ્ટ દેખાશે.

(૭) રતિ :–રતિ એટલે આનંદ. મન–વચન–કાયા અને કુટુમ્બમાં સુખ-સમૃદ્ધિપૂર્વક આનંદની પ્રાપ્તિ થાય તે માટે પ્રત્યેક ધર્મનો પ્રત્યેક ઇન્સાન પરમાત્માને પ્રાર્થના કરતો જ હોય છે પરંતુ તે કોને કોને ફળીભૂત થઇ તેના આંકડા નકારાત્મક જવાબ આપે છે. આવી સ્થિતિમાં સમજવું જોઇએ કે ઇશ્વર અને અહિંસાધર્મ બંને જૂદા જૂદા તત્વો છે. અહિંસામય માનવ જ્યારે ઇશ્વરને ભજતો–સ્તવતો કે પૂજતો હોય ત્યારે તેના ચહેરામાં, મનમાં અને આત્મામાં સાત્વિક આનન્દની લહેર ઉપસી આવ્યા વિના રહેતી નથી. જ્યારે હિંસક માણસના જીવનમાં તામસિક, બનાવટી અને બીજાઓને દેખાડવા પૂરતો જ આનન્દ આવે છે, જેના કારણે માનવ પોતે જ પોતાની માનવતાની ક્રૂર મશ્કરી કરનારો બની જાય છે. ઇશ્વર પૂર્ણ અહિંસક હોવાથી તેમના ભક્તોને પણ અહિંસક બન્યા વિના બીજો માર્ગ નથી. તે વિના તેમની ભક્તિ ફળદાયિની શી રીતે બનશે ? તામસિક આનન્દના અન્તસ્તલમાં મારકત્વ, ઘાતકત્વ, હિંસકત્વ, તાડકત્વ, નિન્દકત્વ આદિ મોહરાજાના સુભટોનું રાજ્ય નકારી શકાતું નથી. જ્યારે સાત્વિક આનન્દમાં સંસારની પ્રત્યેક જાતિનાં અને

ધર્મોના પ્રત્યેક માનવ સાથે મૈત્રીભાવ, પ્રમોદભાવ, કારૂણ્યભાવ અને ઉપેક્ષાભાવ વર્તતો હોય છે. આ કારણે જ જૈન શાસને ફરમાવ્યું છે કે અન્તરાત્માનો તેવા પ્રકારનો આનન્દ મેળવવા માટે જૈની અહિંસાની બાળપોથી ભણવાની રહેશે.

(૮) વિરતિ :–વિપરીત અર્થમાં 'વિ' ઉપસર્ગપૂર્વક રમણ કરવાના અર્થમાં 'રમ્' ધાતુથી વિરતિ શબ્દ બન્યો છે. અનાદિકાળથી મોહ અને મિથ્યાત્વના સંસ્કારોને લઇ જીવમાત્ર હિંસાદિ પાપોમાં રમણ કરતો રહ્યો છે. તેમાં જ તેને કાગળના ફૂલ જેવો બનાવટી આનન્દ મળતો રહ્યો છે. પરિણામે સંસારની યાત્રાને ટૂંકાવી શકયો નથી અને દુઃખોના ડુંગરાઓથી બચી શકવા સમર્થ પણ બન્યો નથી. તેમ છતાં દરેક ભવ એક સમાન અને એક જ વિચારના મળતા નથી. માટે કોઇક ભવમાં આ જીવને વિચાર ઉદ્‌ભવશે કે 'સુખના સાધનો ઘણા ભેગા કર્યા પણ સુખને મેળવી શકયો નથી અને દુઃખ ઘટયું નથી.' સાથોસાથ સદ્‌બુદ્ધિ અને સદ્વિવેકનું મિશ્રણ કદાચ થઈ જાય તો જરૂર તેની સમજમાં આવશે કે 'મારા પોતાના પાપોને લઇને જ હું દુઃખી છું, મારા અપરાધો, ભૂલો જ મને માર ખવરાવી રહ્યાં છે, તો જીવનમાં પડેલા કે વધારેલા પાંચે પાપોના સંસ્કારોને જ છોડી દઉં તો?' આવી વિચારધારાને જ જૈન શાસને વિરતિ કહી છે. એટલે કે પાપોના દ્વાર બંધ કરવા તે વિરતિ છે. પાંચે પાપોમાંથી સૌથી મોટું પાપ હિંસા છે. તેથી તેના ત્યાગ માટે કમર બાંધીને તે તૈયાર થશે. આ કારણે જ અહિંસાના પર્યાયોમાં વિરતિ સાર્થક છે.

(૯) શ્રુતાંગ :–ઉત્તમ સ્વાધ્યાય, સંતસમાગમ, મુનિરાજોનો સહવાસ અને વ્યાખ્યાન શ્રવણથી સમ્યગ્જ્ઞાન (શ્રુત) મેળવેલ ભાગ્યશાળી જરૂર વિચારશે કે, જે મુનિ ભગવંતોને હું ત્રિકાળ વન્દના કરૂં છું, તેઓશ્રી જે કંઈ કહેતા હશે તે મારા માટે યથાર્થ છે. તેથી તેનો સ્વીકાર કરવો, એ જ મારો ધર્મ છે. આ રીતે અહિંસાધર્મની આરાધનામાં શ્રુતજ્ઞાન–શાસ્ત્રીજ્ઞાન જ અંગ એટલે કારણ છે. તેથી શ્રુતાંગ પણ અહિંસા ભગવતીનો પર્યાય બને છે, જે સત્યાર્થ છે.

(૧૦) તૃપ્તિઃ–અહિંસાનો પર્યાયવાચક તૃપ્તિ શબ્દ કહેવાનો આશય એટલો જ છે, કે સંસારના વિષચક્રમાં મોહ–માયા અને સ્વાર્થના કારણે આપણી ફઈબા કે માવડી પણ આપણાથી તૃપ્તિ મેળવે, તેટલો સાવ ટૂંકો અર્થ લેવાનો કે તેની ખુશી મનાવવાની ઉતાવળ કરવા કરતાં, સંસારમાં પરિભ્રમણ કરતાં સર્વથા અશરણ, અનાથ, અને નિઃસહાય એકેન્દ્રિયાદી જીવસૃષ્ટિ તથા પંચેન્દ્રિય માનવસૃષ્ટિમાં રહેલા અને આપણા પ્રત્યે અહિતભાવ રાખનારા માનવો પણ આપણને જોઈને અર્થાત્ આપણા હાથમાં રહેલા શસ્ત્રાદિને જોઇને પણ ક્રુજે નહિ, ડરે નહિ અને ભયમુકત બની જાય, તેવા પ્રકારનો અહિંસાસંવરધર્મ જ્યારે પ્રાપ્ત થશે અથવા તે જીવો આપણું ભાવદયાળુ, ક્ષમાપ્રધાન, સમતામય જીવન જોઇને પુર્ણ તૃપ્ત થશે તેને તૃપ્તિ કહેવાય છે. મતલબ કે અહિંસક માણસ જ તૃપ્તિ મેળવી શકે છે અને બીજાઓને પણ તૃપ્તિનું દાન આપી શકે છે.

(૧૧) દયા :– દયાને અહિંસાનો પર્યાય કહેવાથી જ સમજાય છે કે, દયા આન્તરિક છે અને અહિંસા શારીરિક છે. દયા ધર્મ છે અને અહિંસા ક્રિયા છે. જીવનમાં દયા હોય અને અહિંસા ન હોય. જેમકે દુકાનની સામે એક માણસને એકસીડન્ટ નડયો છે અને તરફડે છે, તેને જોઈને મનમાં દયા આવે છે અને દુકાન પરથી ઉભા થઈ તેને હોસ્પીટલ લઈ જવાનો વિચાર આવે, તે દયાદેવીને આભારી છે. પરંતુ જ્યારે ખબર પડે કે આ માણસ ઢેઢ છે, ચમાર છે, ત્યારે તે દયા-ધર્મ પર જાતિ અને કુળના મદનો પડદો પડતા જ તેનો સ્પર્શ કે મોટરની સગવડ કરવા માટે તૈયારી ન હોય તો અહિંસાધર્મની રક્ષા શી રીતે થશે ? મતલબ કે અહિંસા વિના દયા વાંઝણી જ રહેવા પામશે. દીન-દુઃખીઓના ઉદ્ધાર માટે ફંડ ફાળામાં પાંચ હજાર લખાવ્યા તે અહિંસા છે. જ્યારે બીજી તરફ વ્યાજ વટાવના રોજગારના પાપે ૨–૪ ગરીબોના ઝુંપડાઓ લીલામ કરાવ્યા અને તેના બાળબચ્ચાઓને ઘરઘરના ભીખારી બનાવ્યા, આવી સ્થિતીમાં દયાદેવી ખોડ-ખાપણવાળી વિકલાંગ બની જશે, તથા દયા વિનાની અહિંસા પણ વિચારકોને માટે મશ્કરી, ઢોંગ કે સ્વાર્થ સાધવા પૂરતી સિદ્ધ થશે.

દયા પણ નથી અને અહિંસા પણ નથી તે ત્રીજો ભાંગો જાણવો અને તે બંનેની વિદ્યમાનતા વ્રતધારી સિવાય બીજે કયાંય રહેવા પામતી નથી.

(૧૨) વિમુકિત :–જૈન શાસનમાં ષટ્સ્થાનક હાનિવૃદ્ધિને લઈને સંયમના અસંખ્યાત સ્થાનો માન્ય છે. અહિંસા પણ

સંયમ હોવાથી તેના પણ તેટલા જ સ્થાનક હોય તે સ્વાભાવિક છે. જેથી એક પૈસાથી લઈને કોઇનામાં ૧૦-૨૦-૫૦-૯૯ પૈસા જેટલી અને છેવટે પૂર્ણ અહિંસા એટલે શત પ્રતિ શત પણ હોઇ શકે છે, જેમ કે એક માણસે કેવળ કુતરાઓને રોટલા અને કબુતરોને દાણા નાખવા જેટલી જ અહિંસાની મર્યાદા સ્વીકારેલી હોવાથી જીવતા માનવને, પેટના ભુખ્યા માનવને, પોતાના જાતભાઇ કે સ્વામીભાઇને પાંચ પૈસા પણ આપી શકતો નથી. બીનદાસ્ત થઇ રોકડે રોકડી મનાઈ કરશે અને અવસર આવ્યે બે સરસ્વતી (ગાળ) પણ સંભળાવી દેશે. જ્યારે દ્રવ્ય અને ભાવ દયાળુ માણસના મનમાં ખાતા પીતા-ઉઠતા બેસતાં છેવટે નિદ્રામાં પણ એક જ વિચાર થાય છે કે ચરાચર સંસારને, કોઈપણ પશુને, પક્ષીને કે અપરાધી માણસને પણ બંધ કે વધસ્થાને જવા દઈશ નહીં. કદાચ ગયો હોય તો મારી શ્રીમંતાઈની પરવા કર્યા વિના તે જીવોને બંધનમાંથી, કારાવાસમાંથી કે વધસ્થાનેથી (કસાઈ ખાનેથી) છોડાવીને પછી જ આરામ કરીશ. જ્યારે ત્રીજો ભાગ્યશાળી કબૂતર, કૂતરા, દીનદુઃખી માનવજાતને બચાવવા માટે પ્રયત્નશીલ બનશે. અને જેટલા અંશમાં બનશે તેટલા પ્રમાણમાં ગરીબોનો બેલી બનશે. અનાથ બાલુડાઓને દત્તક લઈને તેમને જીવતદાન આપશે. રોગિષ્ટોને માટે ઔષધદાનમાં લાખો રૂપીઆ ખર્ચશે. છેવટે મુનિઓને કે સાધ્વીજી મહારાજોને જ્ઞાન દેવા માટે અને સંયમમાં સ્થિર કરવા માટે પોતાનાથી બનશે તેટલુ કરીજ છુટશે. માટે કૂતરા,

ક્ષુદ્ર જંતુઓની અહિંસા કરતાં વિમુક્તિ એટલે "विमुच्यते प्राणी सकल बन्धनेभ्यो यथा सा विमुक्तिः" થી ઉત્પન્ન થનારી અહિંસા ઘણા પ્રકારે ઉંચી છે.

(૧૩) ક્ષાન્તિ :–જૈન શાસનમાં દયાના આઠ ભેદ કહ્યાં છે. તેમાંથી દ્રવ્ય અને ભાવદયાની વાત કરીએ તો બીજા જીવોના હિતનો વિચાર કરવો તે દ્રવ્યદયા છે. જ્યારે પોતાના આત્માને અધઃપતનમાંથી બચાવવો તથા પ્રતિસમય આત્માનો વિકાસ થાય તેવા વિચારો કરવા તે ભાવદયાને આભારી છે. પહેલી દયાના માલિકો ઘણા મળી આવશે, જ્યારે બંને પ્રકારની દ્રવ્ય તથા ભાવદયાની આરાધના કરનારાઓ આંગળીના ટેરવે ગણાય તેટલા જ ભાગ્યશાળીઓ મળશે. દ્રવ્યદયાને ભાવદયા સાથે સંબંધ હોય છે કે નથી પણ હોતો, જ્યારે ભાવદયાના માલિકને દ્રવ્યદયા નકારી શકાતી નથી. અનાદિકાળથી મારો આત્મા અનંત ભવોમાં દુઃખોની પરંપરા ભોગવી રહ્યો છે તો તેમાંથી મારો છુટકારો કેવી રીતે થાય ? ક્રોધ કષાય અને વિષયવાસનાના ભાવો મારાથી કેવી રીતે વિદાય લે ? આવા પ્રકારની અહિંસાના મૂળમાં ક્ષાન્તિ–ક્ષમાની હાજરી પણ આવશ્યક મનાય છે કેમકે ક્ષાન્તિનો અર્થ જ આત્મદમન થાય છે. માટે શાસ્ત્રકારોએ કહ્યું કે, ક્ષાન્તિ–ક્ષમા–તિતિક્ષાધર્મ બધીય દયાઓનું મૂળ શ્રોત હોવાથી આત્માનું શમન, ઇન્દ્રિયોનું દમન, મનનું મારણ, કષાયભાવોના વેગનું હનન સુલભ રહેશે. 'अप्पा चेव दमेयव्वो' આ મૂળ મંત્ર જૈન શાસનનું છે.

(૧૪) સમ્યક્ત્વારાધના :–સમ્યક્ત્વની શુદ્ધ આરાધનાના મૂળમાં અહિંસાધર્મ રહેલો હોય છે. તે આ પ્રમાણે : યથા પ્રવૃત્તિ, અપૂર્વ અને અનિવૃત્ત કારણોવડે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ જીવાત્માને થાય છે. તે સમયે આત્મામાં અભૂતપૂર્વ પ્રકાશ આવતાં જ તેની પાસે જે કંઈ જ્ઞાન હતું તે સમ્યગ્જ્ઞાનમાં પરિણત થઈ જાય છે અને જ્ઞાનનું ફળ ચારિત્ર છે, જેની આરાધના અહિંસા વિના શકય નથી. આરાધના માટે સ્વીકારેલો અહિંસાધર્મ યદિ અતિચારોની મર્યાદાઓને ન ઉલ્લંઘે તો સૂકા વસ્ત્ર પર લાગેલી ધૂળની જેમ તેનું શુદ્ધિકરણ સુલભ બને છે. અન્યથા અતિચારોનું 'મિચ્છામિ દુક્કડમ્' ન દેવાયું તો ઢગલાબંધ લાગેલા અતિચારો કદાચ અનાચારમાં પ્રવેશ કરી શકે છે અને ભૂલેચૂકે એક વાર આ જીવ પ્રમાદાદિના કારણે અનાચારમાં ગયો તો તેની પણ માયા બંધાશે. જે કદાચ અનંતાનુબંધી કષાયોનું પણ કારણ બનતાં પ્રાપ્ત થયેલું સમ્યગ્દર્શન વિદાય લેતા વાર કરશે નહિ. માટે જેટલી મર્યાદામાં વ્રતો લીધા હોય તેને પ્રમાદ વિના શ્રદ્ધાપૂર્વક પાળવા, જેથી સમ્યગ્બોધીને આંચકો લાગશે નહિ, માટે અહિંસા જ સમ્યક્ત્વની આરાધના છે. શ્રાવક–શ્રાવિકાઓને પણ પ્રતિક્રમણ કરવાનું ફરજીયાત વિધાન એટલા માટે જ છે કે, જેથી પ્રમાદ વશ લાગેલા અતિચારોની માફી માગી લેવાની શકયતા રહે.

(૧૫) મહુતી :–જૈન ધર્મની આરાધના માટે કરાતાં સિદ્ધચક્રાદિ મહાપૂજનો, શાંતિસ્નાત્રો, સામાયિકો, પૌષધો,

માળાઓ તેમજ પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનોની આરાધના કરવાનો આશય કેવળ એક જ છે કે, અનાદિકાળથી વળગેલા પ્રાણાતિપાતાદિ પાપોનો સર્વથા ક્ષય થાય અથવા મર્યાદામાં આવે, જેથી અહિંસાધર્મ ફલે ફૂલે, શાસ્ત્ર વચન પણ છે કે–

'एक्क चिय एत्थ वयं निद्दिट्ठं जिणवरेहिं सव्वेहिं।
पाणातिवाय विरमण मवसेसा तस्स रक्खट्ठा ।।'

અર્થાત્–સર્વે તીર્થંકરોએ પ્રાણાતિપાત વિરમણ નામનું એક જ વ્રત ઉપદેશ્યું છે. બાકીના જે વ્રતો છે તે કેવળ તેની રક્ષા માટે છે. આ કારણે જ સર્વત્ર વિશ્વાસ કરાવનારી ભગવતી અહિંસા સર્વે ધર્મોમાં સર્વશ્રેષ્ઠ અને અદ્વિતીય છે. માટે જ તેને મહતી કહેવામાં આવે છે.

(૧૬) બોધી :–અનાદિકાળથી ભ્રમણ કરતાં જીવને મનુષ્યભવ પણ અનંતીવાર પ્રાપ્ત થયા છે. જેમાં કોઇને કોઈ ધર્મ–દેવ અને ગુરૂનો સ્વીકાર પણ કર્યો હશે! પછી ચાહે તે માંસાહાર, શરાબપાન, પરસ્ત્રી કે વેશ્યાગમન કે મનસ્વીરૂપે હરવા ફરવાનો ધર્મ હોય કે ગંગા–જમુના–સરસ્વતી કે બીજા કોઈ હૃદ તળાવના પાણીમાં ડુબકી મારવાનો હોય, ગળામાં બ્રહ્મા–વિષ્ણુ–મહેશની જનોઈ પહેરવાનો હોય, વેદ વેદાંતના અભ્યાસ પછી પણ હિંસા–શિકાર–મૈથુન કે પરિગ્રહનો હોય, ગાયમાં ૩૩ કરોડ દેવોનો અવતાર માન્યા પછી પણ ગોમાંસનું ભોજન કરવાનું હોય, અથવા પોતાની પ્રિયાઓને સ્વાનુકૂળ બનાવવા માટે નૃત્ય કરનારા દેવ હોય,

તેવો ઉપદેશ કરનારા ગુરૂ હોય. ઉપર પ્રમાણે પ્રત્યેક ભવમાં, પ્રત્યેક જીવાત્માએ ધર્મ-દેવ તથા ગુરૂને સ્વીકારેલા અને આચરેલા હોવા છતાં પણ હજી સુધી જીવોનું પરિભ્રમણ મટયું નથી. વૈર-વિરોધ-કષાયોની માત્રા ઓછી થઈ નથી. આમ થવાનું કારણ તપાસીએ તો ચોક્કસ જણાઇ આવશે કે અહિંસા શબ્દની આડમાં પાપ, પ્રપંચ, વ્યભિચાર આદિ દુષ્કૃત્યોનું જ સેવન થયું છે. પરંતુ શુદ્ધભાવે પાપદ્વારોને બંધ કરાવનારી અહિંસાની પ્રાપ્તિ થઈ નથી. તે વિના વિષય કષાયો શાન્ત પડ્યા નથી. માટે આત્માના પ્રદેશો પર પાપોના પોટલાઓની સંખ્યા વધતી ગઇ, આત્મા વજનદાર બનતો ગયો, પરિણામે આત્મદર્શન, સમ્યક્ત્વ, સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી હજારો માઇલ દૂર રહ્યો. આવી સ્થિતિમાં જે જીવ પોતાના સ્વરૂપને જ ઓળખી શકતો નથી તે પુણ્ય અને પાપના મૂળીયા શી રીતે ઓળખશે ? માટે જ સૂત્રકારે કહ્યું કે, જીવનમાં આચરણ કરાતી નિરર્થક-સાવ નિરર્થક જીવહિંસાનો સદંતર બંધ કર્યા વિના અને સાર્થક એટલે સર્વથા અનિવાર્ય હિંસાને પણ મર્યાદિત-સંયમિત કર્યા વિના ધાર્મિકતા પ્રાપ્ત થતી નથી, તેથી આત્માનો મૂળ ધર્મ અહિંસા છે. તેને જીવનમાં ઉતાર્યા પછી જ બોધી એટલે સમ્યક્ત્વની પ્રાપ્તિ સુલભ બનશે.

(૧૭) બુદ્ધિ :-વાદ - વિવાદ - તર્ક - વિતર્કથી બીજા જીવોને પરાસ્ત કરવા માટે વપરાતી બુદ્ધિમાં વિતંડાવાદનો પ્રવેશ થતાં માનવની શક્તિઓ સામેવાળાને દુઃખી બનાવવામાં

સર્વત્ર વૈર-વિરોધની ભાવનાને ભડકાવવામાં, બીજા પક્ષને અપમાનિત કરવામાં, કામે લાગશે. પરિણામે સ્વ અને પરને માટે તે માનવ, માનવ તરીકે રહેતો નથી. માટે કહેવાયું છે કે, ચાહે તે ૭૨ કળાઓને જાણતો હોય, પણ "ધર્મ કળાથી સર્વથા અનભિજ્ઞ માણસ શાસ્ત્રોનો જ્ઞાતા હશે પંડિત હશે તો પણ અપંડિત છે." અહિં ધર્મ એટલે અહિંસા ધર્મ લેવાનો છે. કેમ કે અહિંસક માણસ જ બીજાના દુઃખોને જાણશે તથા યથાશકય તેના દુઃખોનું નિવારણ કરવામાં પોતાની બુદ્ધિનો ઉપયોગ કરશે. પોતાના માનસિક જીવનમાં રાગ દ્વેષને પણ સ્થાન ન આપવું તે અહિંસા છે. આવું જીવન સ્વાર્થી માનવના ભાગ્યમાં હોતું નથી. કેમ કે તેને વિતંડાવાદમાં રસ છે. તેથી રાગ-દ્વેષને કર્યા વિના, વધાર્યા વિના અને તેમાં ઓતપ્રોત થયા વિના બીજે કયાંય તેને આનન્દ આવતો નથી. માટે જ તેમની બુદ્ધિમાં સરળતા હોતી નથી. જ્યારે અહિંસક માણસની બુદ્ધિમાં મારક તત્ત્વ હોતું નથી.

(૧૮) ધૃતિ :-અહિંસામય જીવન બન્યા વિના ચિત્તનું ચાંચલ્ય મટતું નથી. માટે જ તેવા જીવોમાં ધૈર્યનો અભાવ હોવાથી વીરતા, આત્મિક બહાદુરી એટલે બીજાના અપરાધોને માફ કરવાની શક્તિ વિશેષ તેમનામાં હોતી નથી. કેમ કે આત્મિક ગુણો પૌદ્ગલિક પદાર્થોથી ઉત્પન્ન નથી થતાં પણ સંવરધર્મની આરાધના જેમ જેમ વધે છે, તેમ તેમ એક પછી એક તે ગુણો આવતા જાય છે, વિકસિત થતા જાય છે. પરિણામે જીવન અહિંસક દિશામાં આગળ વધતું જાય છે.

સાથેાસાથ ચિત્તમાં, બુદ્ધિમાં અને આત્મામાં દૃઢતા પણ વધે છે, જે આદરણીય ગુણ છે.

(૧૯) સમૃદ્ધિ :–પૌદ્ગલિક પદાર્થોના બેમર્યાદ ભોગ-વિલાસો દ્વારા બક્ષીસમાં મળેલા દુઃખ, રોગ, સંતાપ અને આર્તધ્યાનમય બનેલા જીવનમાં આનંદની લહેર પ્રાપ્ત કરાવ-નારને સમૃદ્ધિ કહેવાય છે, જે ક્ષણવિનાશિની અને ચિર-સ્થાયિનીરૂપે બે પ્રકારની છે. હિંસક, દુરાચારી અને તામસિક બનેલા દુર્યોધન, રાવણ, શૂર્પણખા, ધવળશેઠ, મમ્મણ શેઠની સમૃદ્ધિ પાપોત્પાદક, વર્ધક અને પરંપરાના ભવોમાં દુઃખ-દાયિની બને છે. જ્યારે અહિંસક, એકપત્ની વ્રત, સદાચારી અને સત્યવાદી રાજા રામ, પાંડવ, સીતા, દમયંતી, નળ, દ્રૌપદી, શાલિભદ્ર, ધન્નાજી, વસ્તુપાળ, તેજપાળ, અનુપમાદેવી, જગડુશાહ અને ભામાશાહની સમૃદ્ધિ ચિરસ્થાયિની હોવાથી તેમની ભવપરંપરા પણ યશસ્વિની બનવા પામી છે. જે કેવળજ્ઞાનના માર્ગે કૂચ કરાવનારી બને છે.

(૨૦) રિદ્ધિ :–સામાન્યરૂપે રિદ્ધિનો અર્થ લક્ષ્મી થાય છે, જે સામાન્ય અને વિશેષરૂપે બે પ્રકારની છે. પહેલી લક્ષ્મી પૂર્વના પૂણ્યથી મળે છે. પરંતુ તેને ઉપાર્જન કરવામાં ચોરી, બદમાશી, જૂઠ, પ્રપંચ, હિંસાથી ગોટાળા વગેરે કરવાના હોય છે, છતાં પણ પુણ્યકર્મોની હાજરી હોય ત્યાં સુધી વીજળીના ચમકારાની જેમ માણસને બહારથી શણગારી આપશે, પણ આ શણગાર જ્યારે વિશ્વાસઘાતક બનશે ત્યારે તેના માલિકોને રોતાં, રીબાતાં અને છાતી કુટા કરતાં મરવાના

દિવસો જોવા પડે છે. મૂંછ પર લીંબુને રાખનારા તીસમારખાં પણ ગયાં, ડોકટરો, વકીલો, મિનીસ્ટરો અને સત્તાધારીઓ પણ રોતાં, રીબાતાં ગયાં, જેમનું નામ કયાંય લેવામાં આવતું નથી. જ્યારે બીજા પ્રકારની લક્ષ્મીના મૂળમાં મોક્ષાભિલાષી, ધર્મ્ય, પુરૂષાર્થ કામ કરતો હોવાથી તે આત્માને શણગારશે. જેથી પોતાની અનંત શક્તિઓ તરફ આત્મા આગળ વધશે તથા પોતાની ભાષાથી, વ્યવહારથી, રહેણી-કરણીથી સંસારને અમૃતફળો આપ્યા પછી હંમેશને માટે સ્તુત્ય, વંદનીય, શ્રદ્ધેય અને પૂજનીય બનીને અમરપદ પ્રાપ્ત કરશે.

આવી સ્થિતિ અહિંસાધર્મની નિરતિચાર આરાધના દ્વારા જ પ્રાપ્ત થાય છે.

શરીર જડ છે, આત્મા ચૈતન્ય છે. જડના સ્વભાવો, કાર્યો અને ફળો પણ જડ હોય છે. ત્યારે ચૈતન્ય તેનાથી વિપરીત હોય છે. શરીર નાશવંત છે અને આત્મા શાશ્વત છે. શરીરને જાતિ-સમાજ અને રૂપ રંગ તથા નામ છે. આત્માને જાતિ નથી, સમાજ નથી, રૂપ-રંગ કે નામ નથી. તેમ છતાં અનાદિકાળથી જડ કર્મોની માયાપાશમાં ફસાયેલો હોવાથી જેલર જેમ ચોરને પોતાની ઇચ્છા પ્રમાણે ભમાવે છે, મારે છે, જુદા જુદા સ્થળે રહેઠાણ આપે છે, તેમ કર્મ-રાજા પણ આત્માને ભમાવે છે, મારે છે અને જુદી જુદી ગતિઓમાં પટકીને રીબાવે છે. આવી સ્થિતિમાં મનુષ્યભવ પ્રાપ્ત વ્યક્તિઓને જ નિર્ણય કરવાનો છે કે, બાહ્ય લક્ષ્મીની આરાધના કરવાથી કેવળ મારો બાહ્ય વ્યવહાર સચવાશે, જે

છેવટે અર્થાત્ મૃત્યુ પછીના સમયે તો શરીર તેની માયા, તેના કુટુમ્બીઓ, સંગ્રહ કરેલી ધન રાશિ આદિમાંથી આત્માના એકેય સહાયક બનવાના નથી. માટે જે લક્ષ્મી, કાયા, સગાઓ મારા છે જ નહિ તો પછી અનાદિકાળના ભવોની જેમ આ મોંઘેરો મનુષ્યભવ બગાડવાથી મારો આત્મા સદંતર ખોટમાં જ રહેવા પામશે. માટે અહિંસાધર્મની નિરતિચાર સેવના કરી મારી આત્મિકલક્ષ્મીને તે રીતે સદ્ધર બનાવું, જેથી ૨-૪ ભવોમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી 'નમો સિદ્ધાણં' પદનો ભોક્તા બનું. અહિંસાનો પર્યાય રિદ્ધિ-શબ્દ મૂકીને સૌ કોઇને જાગૃતિ આપતાં જૈન સૂત્રકાર કહે છે કે-હે આત્મન્! બાહ્ય વ્યવહાર કરતાં પણ આત્મિક વ્યવહાર લાખ વાર શ્રેષ્ઠ છે. કરોડાધિપતિ શ્રીમંત કે સત્તાધારી કરતાં પણ આજનો દીક્ષિત મુનિ શ્રેષ્ઠ છે. રૂડા રૂપાળા દુરાચારી માણસ કરતાં કાળા રંગના બેડોળ મુનિ હજારવાર ઉંચા છે. હીરાના આભૂષણો પહેરનારી શ્રીમંત સ્ત્રી કરતાં શિયળવતી સાધ્વી કરોડોવાર શ્રેષ્ઠ છે.

છેવટે આચાર્ય ભગવંતોએ કહ્યું કે 'બાહ્ય લક્ષ્મી યદિ પુણ્યાધીન હોય તેવી તને શ્રદ્ધા છે તો તેને પ્રાપ્ત કરવા માટે ખોટા તોલ, માપ, વ્યાજવટા અને હિસાબના ગોટાળા, ઘાલમેલ તેમજ પ્રપંચ કરીને પૂર્વના પૂણ્યને બગાડી નાખવાથી કયો ફાયદો? પુણ્ય વેચીને પાપ ખરીદવાનો કયો અર્થ?

(૨૧) વૃદ્ધિ :-અહિંસાધર્મની આરાધના મન-વચન અને કાયાથી હોય તો તીર્થંકર આદિ પદોની પ્રાપ્તિ પણ દુર્લભ નથી,

(૨૨) સ્થિતિ :–મોક્ષની પ્રાપ્તિ સાદિ એટલે આદિવાળી છે. અને ત્યાં અનન્ત કાળ સુધીની સ્થિરતા હોવાથી અનન્ત કહેવાય છે. મતલબ કે સિદ્ધશિલાની પ્રાપ્તિ થયા પછી ત્યાંથી ફરીવાર સંસારમાં આવવાનો નિષેધ જૈન શાસનને માન્ય છે. કેમ કે નિરંજન, નિરાકાર, દેવાધિદેવ અરિહંત પરમાત્માઓને ફરીથી અવતારો લેવાના હોતા નથી.

(૨૩) પુષ્ટિ :–પૂર્વભવના ઉપાર્જિત કરેલા અને સહાયક બનેલા પુણ્યકર્મો આ ભવમાં પૂરેપૂરા બવાઈ જાય તે પહેલાં જૈન ધર્મની આરાધના દ્વારા પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરી લેવું એ જ કલ્યાણકારી માર્ગ છે. કેમ કે પૂર્વભવનું પુણ્ય હોય અને ફરીથી તેમાં વૃદ્ધિ થાય અને આપણે પુણ્યાનુબંધી પુણ્યના માલિક બનવા પામીએ તેવી કમાણીને છોડી બીજી કમાણી શા કામની ? આ કારણે જ જૈન શાસને પુણ્ય પુષ્ટિનો નિષેધ કર્યો નથી. કદાચ કોઈ કહે ' જૈનધર્મ કર્મોની નિર્જરાને માટે છે. ' વાત સાચી હોવા છતાં પણ વિચારવાનું રહેશે કે, જ્યાં સુધી જીવાત્મા પાપકર્મોનો ત્યાગ કરવા જેટલી ક્ષમતા મેળવી શકતો નથી તે સમય દરમ્યાન પુણ્ય કર્મોનો પણ ત્યાગ કરવાથી આવતા ભવમાં જીવની કઈ દશા થશે ? ઉચ્ચ કુળ, જાતિ, શરીરની સુંદરતા, ઇન્દ્રિયોની પટુતા તેમ સંઘયણ બળ આદિ પુણ્યાધીન હોવાથી તેનો નિષેધ કરવો હિતાવહ નથી. સંઘયણ બળ વિના કર્મોનો સમૂળ નાશ પણ કઈ રીતે થશે ? પુણ્ય કર્મોના અભાવમાં કે તેની વૃદ્ધિ વિનાના જીવનમાં તમે આર્તધ્યાન વિનાના કઈ

રીતે બની શકશે ? કેમ કે બધાય જીવો પુણ્યા શ્રાવક જેવા નથી હોતા તે પણ માનવા જેવી હકિકત છે. આ બધાય કારણોને લઈને પુણ્ય કર્મોની પુષ્ટિ જ પરિણામે સંવરધર્મ માટે કારણભૂત બને છે બેશક! પાપ, શેતાન માર્ગ કે બરાબ કાર્યો સ્વીકારીને પુણ્ય કમાવવાનું નથી. સામાન્ય પુણ્યના કાર્યોને સામાન્ય કે મિથ્યા બુદ્ધિવાળો માનવ પણ કરી શકતો હોય તેવા કાર્યો ઉપર આંખ મિંચામણા કરીને ગરીબ, દીન-દુઃખી આપણા શ્રાવક ભાઈઓને માટે અન્નદાન, ઔષધદાન, વસ્ત્રદાન કે મકાન દાન દેવામાં કચો બાધ ? શક્તિ વધારે હોય તો જિનમંદિર, ઉપાશ્રય, સાત ક્ષેત્ર ઉપરાંત અહિંસા ધર્મનો પ્રચાર કરનાર પંચમહાવ્રતધારી મુનિ, સાધ્વી, તપસ્વી આદિનું વૈયાવચ્ચ કર્મ જે ઉત્કૃષ્ટતમ પુણ્યાનુબંધી કાર્યો છે, તેનો નિષેધ જૈન શાસને કર્યો જ નથી. આપણે વ્યાખ્યાનોમાં રોજ સાંભળીએ છીએ કે આરસપહાણનું જિન મંદિર બનાવવામાં ઉત્કૃષ્ટ પુણ્ય બંધાય છે. આ વાત સાચી હોવા છતાં જૈન બાળમુનિને કે સાધ્વીને મહાપંડિત અને વ્યાખ્યાતા બનાવીને અહિંસા ધર્મનો પ્રચારક બનાવવામાં ઓછું પુણ્ય બંધાતું હશે ? તેવો ભ્રમ પણ ઉંડી વેતરણમાં ફસાવવા જેવું હોવાથી જે કાળે-જે ક્ષેત્રે દ્રવ્ય અને ભાવનો નિર્ણય કરી યથાશક્તિ કંઈક કરી છુટવું તે હિતાવહ છે.

(૨૪) નંદા :-જીવાત્માને ખુશ કરે, આનન્દ આપે અને સમૃદ્ધ બનાવે તેને નન્દા કહેવાય છે. ખૂબ જ વજનદાર સીમેંટના થાંભલા વિના પણ તોતિંગ ઝાડો વર્ષોથી વરસાદ,

ગરમી અને વાવાઝોડાની અસર વચ્ચે પણ ઉભા રહેવાનું કારણ એક જ છે કે, તેના મૂળીઆઓ જમીનની અંદર દૂર દૂર સુધી પથરાયેલા છે, જે જમીનથી પાણી (ખોરાક) લે છે અને આખા ઝાડને લીલું છમ રાખે છે. તેવી રીતે મનુષ્યાવતારમાં આવેલો માનવ પણ યદિ વિચાર કરે કે, મેં પણ કોઇક ભવમાં ગરીબોને રોટલા, તરસ્યાને ઠંડા પાણી, ઠંડીથી ધ્રુજતાને વસ્ત્રો, બીમારીમાં સપડાયેલાઓને ઔષધ તથા કામધંધા વિનાના માનવોને પૈસા ટકાની મદદ કરી હશે, જેનાથી ઉપાર્જન થયેલું પુણ્ય આજે મારા ચાલુ અવતારમાં કામે લાગી રહ્યું છે અને હું પરસેવો ઉતાર્યા વિના પણ લખલુટ લક્ષ્મીનો માલિક બન્યો છું, હેતાળ, પ્રેમાળ અને માયાળુ સ્ત્રી અને પુત્ર પરિવાર મળ્યા છે, તથા નિરોગી શરીર સાંપડયું છે. માટે આવનારા ભવને સુધારવા અને શણગારવા માટે દાન-પુણ્ય દ્વારા હજારો લાખો માનવોના પેટભરી કૃતાર્થ થવા માટે ઉપર પ્રમાણેના વિચારોને અમલમાં મૂકશે, જ્યાં જેની આવશ્યકતા હશે ત્યાં ધનનું વિતીર્ણ કરશે, જેથી આ ભવ સુધરશે અને પરભવ પણ સુધરશે.

અહિંસાને નન્દા કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે, તેની આરાધના થતાં લાખો કરોડો જીવોને અભયદાન મળતાં કેટલાય જીવોનો દિલોજાન મિત્ર બનશે, જે ભવોભવને આનન્દિત કરવાનું મૂળ કારણ છે. કારણ કે માનસિક જીવનમાં અહિંસાની પ્રતિષ્ઠા કર્યા વિના, બીજા જીવો સાથેનું બાંધેલું કે બંધાતું વૈર શમિત થતું નથી, ઇન્દ્રિયો દમિત થતી નથી,

કષાયો મર્યાદીત થતાં નથી, વિષયવાસના સંયમિત થતી નથી. અન્યથા અગણિત માનવો, કુટુંબીઓ કે પશુ પક્ષીઓ સાથે વૈર બંધાયા વિના તથા આવનારા ભવોમાં બદલો ચૂકવ્યા વિના રહેવાનું નથી. માટે વિવેક અને સદ્બુદ્ધિથી વિચાર કરીને અહિંસક બનવાનો પ્રયત્ન કરવો કલ્યાણકારી છે.

(૨૫) ભદ્રા :-શરીરધારીઓનું દ્રવ્ય અને ભાવથી કલ્યાણ કરાવે તેને ભદ્રા કહેવાય છે. પ્રત્યેક માનવ પોતાનું કલ્યાણ ઇચ્છે છે. પરંતુ તેની જાણકારી યથાર્થ ન હોવાના કારણે આજ સુધી પણ તેની પ્રાપ્તિ કરી શકયા નથી. ગત ભવોમાં આચરેલી હિંસાના કારણે સંખ્યાત-અસંખ્યાત-માનવો સાથે વૈરબંધન કરેલું હોવાથી શત્રુરૂપે બનેલા તેઓ ડગલેને પગલે ગમે તે રીતે પણ અંતરાયભૂત થયા વિના રહેતા નથી, જેમને આપણે ગુપ્ત શત્રુઓ કહીએ છીએ. માટે આ ભવમાં અને પરભવમાં સુખી બનવું હોય તો ભગવતી અહિંસાની આરાધના કર્યા વિના છુટકો નથી. કેમકે કલ્યાણ-સુખ-શાંતિ અને સમાધ મેળવવાને માટે અહિંસા જ મૂળ કારણ છે. આન્તરિક સુખ મેળવવાને માટે મૂળ મંત્રો નીચે મુજબ છે :-

(૧) વૈરીની સામે વૈરનો બદલો લેવાનો ભાવ છોડી દેવો.

(૨) ક્રોધ કરવાવાળા પર મૌનધારી બેવું પણ ક્રોધથી જવાબ ન દેવો.

(૩) નિંદાનો જવાબ નિંદા-અદેખાઇ કે ઇર્ષ્યાથી ન દેવો.

(૪) ક્રોધની માત્રા ભડકવા આવે ત્યારે રજાઇ ઓઢીને સૂઇ જવું.

(૫) કોઇનો પણ પ્રતિકાર અને પ્રતિરોધ કરવા મ ટે તૈયાર થશો નહિ.

સારાંશ કે 'अप्पा चेव दमेयव्वो' સંસારસાગરને પાર કરવા માટે અરિહંત પરમાત્માઓએ અજબ-ગજબની શક્તિવાળો મંત્ર આપણને આપ્યો છે, જેની માળા રોજ ગણવી.

(૨૬) વિશુદ્ધિ :-વસ્ત્ર પર લાગેલ મેલને પાણી જ સાફ કરે છે. પણ ભૂલવું ન જોઈએ કે-ઠંડા પાણીમાં, ગરમ પાણીમાં તથા સર્ફવાળા ગરમ પાણીમાં નાખેલ વસ્ત્ર ઉત્તરોત્તર વધારે સાફ થયા વિના રહેતાં નથી. તેવી રીતે અહિંસાની આરાધના પણ સમજવી. કેમ કે જંઘાબળ સર્વથા ક્ષીણ થયેલ માનવ કેવળ શરીરથી અહિંસક છે, મૂગો માણસ વચનથી અહિંસક છે. તેમ બીજા પ્રકારના અશક્ત માણસો પણ અહિંસક હોઈ શકે છે. પણ તેમાં તાકાત કેટલી? જ્યારે એક ભાગ્યશાળી સમજદારીપૂર્વક મન-વચન-કાયાથી હિંસા કરતો નથી, કરાવતો નથી અને હિંસક માનવોના હિંસક કૃત્યોની અનુમોદના પણ કરતો નથી. આવો અહિંસક માણસ નવા પાપોના દ્વાર બંધ કરવાપૂર્વક જૂના પાપોને પણ ખંખેરી દેતા વાર કરતો નથી. કેમ કે અહિંસા સંયમ છે અને સંયમ ચારિત્ર છે અને ચારિત્રમાં જૂના પાપોને ધોવડાવવાની અભૂતપૂર્વ શક્તિ રહેલી જ છે. માટે વિશુદ્ધિને અહિંસાનો પર્યાય માન્યો છે.

(૨૪) લબ્ધિ :-લબ્ધિનો અર્થ પ્રાપ્તિ થાય છે. પૂર્વભવમાં પુણ્યકર્મો જેમણે આરાધ્યા નથી, તેવાઓ કદાચ

માનવાવતાર મેળવે તો પણ ખાનપાન આદિની પ્રાપ્ત પણ મુશ્કેલીથી બને છે, અને પુણ્યની આરાધના કરેલી હોય તો પાંચે ઇન્દ્રિયોના ત્રેવીશ વિષયોની પ્રાપ્તિ સુલભ બને છે. અનન્ત ભવોની રખડપટ્ટીમાં આવા અવતારો અનન્તવાર કર્યા છે અને પુણ્યકર્મોનો ભોગવટો પણ મન ધરાઈને કર્યો છે. તેમ છતાં પણ કયારેય કેવળજ્ઞાન અને કેવળદર્શનની લબ્ધિ પ્રાપ્ત કરી શકયા નથી. માટે તેની પ્રાપ્તિ કરવાની ઇચ્છા હોય તો ઉત્કૃષ્ટ પ્રકારે અહિંસાની આરાધના કર્યા વિના બીજો માર્ગ નથી, જે મુનિમાર્ગ–મુનિધર્મ–સંયમધર્મ સમિતિ–ગુપ્તધર્મથી સરળ બનશે. ગૃહસ્થ ચાહે ગમે તેવો વિદ્વાન, પંડિત ધારાબદ્ધ સંસ્કૃત, પ્રાકૃત, માગધી, ફારસી કે અંગ્રેજી ભાષા બોલનારો હોય તો પણ તેનો વેષ અને વ્યવહાર મુનિ-ધર્મને પૂર્ણ રૂપે આરાધી શકવા માટે યોગ્ય નથી. તેમ અપવાદ સિવાય ધર્માનુષ્ઠાનોમાં પણ એકાગ્ર થઈ શકતો નથી. જ્યારે મુનિધર્મને પોતાના આત્માની આરાધના સિવાય બીજે કયાંય લક્ષ્ય હોતું નથી. માટે લબ્ધિને અહિંસાનો પર્યાય કહ્યો છે.

(૨૮) વિશિષ્ટ દૃષ્ટિ :–તર્કશાસ્ત્રોની કે ષડ્દર્શનની રહસ્યતાને સૂક્ષ્માતિસૂક્ષ્મ રૂપે જાણી લીધી હોય તો પણ અહિંસાની આરાધના વિના તર્કશાસ્ત્રોનું જ્ઞાન આત્મિક ઉત્થા-નને માટે પ્રાયઃ કરી સફળ નથી બનતું. "કેટલાય શ્લોકો આવડતા હોય કે તેની રચના પણ કરી હોય તો પણ તે પંડિતજી મહારાજ યદિ એટલું પણ ન જાણી શકે કે

પરજીવોને મન-વચન-કાયાથી પીડા કરવી મહા પાપ છે.” તું મરી જા આટલું કહેવા માત્રથી પણ સામેવાળાને ઘણું જ દુઃખ થાય છે, તો પછી જીભ-ઇન્દ્રિયને વશ બનીને જીવોને કસાઇખાને મરાવવાં, મારવાં અને મરેલા કે મરાવેલા જીવોનું માંસ ખાવું, ખવરાવવું શા માટે પાપ ન હોય? શાસ્ત્રો ગમે તે કહેતા હોય પણ શાસ્ત્રીજ્ઞાતૃત્વનું ફળ પંડિતાઈ નથી પણ અહિંસા છે, તર્કવાદ નથી પણ સમાધાન બુદ્ધિ છે. છેવટે આરાધના તો અહિંસાની કરવાની છે. જૈન સૂત્રકારોએ તો ત્યાં સુધી કહ્યું છે કે, ગમે તેવા પવિત્ર અને શુદ્ધાનુષ્ઠાનોમાં પણ અહિંસાની આરાધનાનો ખ્યાલ રાખવો, કેમ કે અહિંસાનું શિક્ષણ લેવા માટે જ અનુષ્ઠાનોની રચના થઈ છે.

(૨૯) કલ્યાણ:-જેનાથી ભવબંધન છુટે અને મુક્તની પ્રાપ્તિ થાય તેનું નામ જ આત્મકલ્યાણ છે. મેલા કપડાંઓને ઉજળા કરવા માટે ધોબીને આપ્યા હોય અને કોઈ ધોબી કપડાંઓ પર સફેદો લગાવીને ઉજળા કરે તેને અનાડીનો ઇલ્કાબ (સર્ટિફીકેટ) મળ્યા વિના રહેતો નથી. જ્યારે બીજો ધોબી સમજદાર હોવાથી કપડાં પરના મેલને દૂર કરવા માટે પ્રયત્ન કરે છે. કેમકે વસ્ત્ર સ્વયં ઉજળું જ છે માટે ભાડુતી મેલને દૂર કર્યા વિના બીજો માર્ગ નથી. તેવી રીતે આત્મારૂપી વસ્ત્ર પર કર્મોના મેલ લાગેલા છે, તેને દૂર કરવા માટે અહિંસા અને સંયમ દ્વારા નવા પાપોને રોકવા અને તપસ્યા વડે જૂના પાપોને નાબૂદ કરવા. આનાથી અતિરિક્ત બીજો માર્ગ કયો? માટે અહિંસાની આરાધના જ જીવાત્માને

કેવળજ્ઞાનની મર્યાદામાં લાવી મૂકે છે, ત્યાર પછી આત્મા સ્વયં કલ્યાણમય બની જાય છે.

(૩૦) મંગળ :-'मंगं पुण्यादिकं सूखसंपत्ति च लातीति मंगलम्' જેના વડે, જે અનુષ્ઠાનો કે વિધિવિધાનો દ્વારા પુણ્ય, સુખ અને સંપત્તિ મળે તેને મંગળ કહેવાય છે. જેની ચાહના પ્રત્યેક માણસને રહેલી છે, અને હજારો પ્રકારના પ્રયત્નો પણ કરે છે. પરંતુ પ્રશ્ન થાય છે કે, વસ્તુની ચાહના કરવા માત્રથી કોઇનેય તેની પ્રાપ્તિ થઈ છે? સંસારના લાખો-કરોડો માનવો આપણી આંખ સામે જ છે. જે ભયંકર દુઃખમાં સમય પસાર કરી રહ્યાં છે સાથોસાથ મંદિર-દેવળ, ચર્ચ-મસ્જિદ કે બીજા અનેક ધર્મસ્થાનોમાં કે સાધુ-સંતો પાસે તેની માંગણી પણ કરે છે. આવી સ્થિતિમાં સૂત્રકાર મંગળ શબ્દની વ્યાખ્યા બીજા પ્રકારે સમજાવતાં કહે છે કે, જ્યાં સુધી પાપોનો વ્યવસાય છોડી દેવામાં ન આવે ત્યાં સુધી સુખ મળવાનું નથી. માટે " मं पापं गालयतीति मंगलम् " એટલે કે પાપ ભાવનાઓને સમાપ્ત કરાવે તેને મંગળ કહેવાય છે. સમજવાનું સરળ બનશે કે ઈશ્વરાદિ પાસે પુણ્યની ચાહના કરવી તેના કરતાં મારા પાપો નાબૂદ થાય તેવી પ્રાર્થના વધારે ફળદાયી બનશે, અને તે માટે અહિંસાની આરાધના જ સરળ અને સ્વચ્છ માર્ગ છે. કેમ કે અહિંસાના આરાધકને બધીય જાતના મંગળો મળે જ છે.

(૩૧) પ્રમોદ :—માનવોના બે પ્રકાર છે. એક તો શોક-સંતાપ-આધિ અને વ્યાધિને સાથે લઇને જ જન્મે છે,

મોટા થાય છે અને ક્રમોતે મરે છે. જ્યારે બીજો માણસ સુખ-શાન્તિ અને પ્રસન્નચિત્ત થઇને જન્મે છે, યુવાકાળ પૂર્ણ કરે છે અને હસતાં-કૂદતાં પરલોકે સીધાવે છે. આમાં માનવ-શરીર એકસમાન હોવા છતાં પણ પૂર્વભવોપાર્જિત અદૃષ્ટ કર્મોના કારણે જ આવું બનવા પામે છે. શુભાશુભ કર્મોની ઉપાર્જના અહિંસા અને હિંસાને આભારી છે. કેમ કે અહિંસક માણસ કોઇનો શત્રુ બનતો નથી, બીજાને શત્રુ બનાવતો નથી. તે માટે પોતાની રહેણી-કરણી મર્યાદિત અને સંયમિત રાખે છે, જ્યારે હિંસક માણસ મન-વચન અને કાયાથી અસંયમિત-અમર્યાદિત હોવાના કારણે રહેણી-કરણીમાં વિસંવાદિતા રહેલી હોય છે. માટે તેઓનું જીવન સ્વાર્થપૂર્ણ હોવાથી બીજાઓ સાથે પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે પણ સંઘર્ષ-વૈર-વિરોધમાં ઉતરીને ઘણાઓના શત્રુ બનશે અને પાપોપાર્જનમાં વૃદ્ધિ કરશે. માટે પ્રમોદ એટલે પ્રસન્ન જીવનનું મૌલિક કારણ ભૌતિકવાદ નથી પણ અહિંસકભાવ છે.

(૩૨) વિભૂતિ :-દ્રવ્ય અને ભાવ વિભૂતિ (ઐશ્વર્ય-સંપત્તિ)ના મૂળમાં માનવની ચતુરાઇ-ચાલાકી કે ભણતર નથી, પણ ગત ભવોમાં આરાધેલો અહિંસાધર્મનો ચમત્કાર છે. ત્યારે જ તો દ્રવ્યની વિદ્યમાનતામાં પણ વિવેકી-બુદ્ધિ-સમ્પન્ન અને પ્રસન્નચિત્ત દેખાય છે અને પુણ્યકર્મોની સાથે હિંસાકર્મ દ્વારા ઉપાર્જન કરેલો પાપનો ભારો માથા પર રહેલો હોય ત્યારે તે શ્રીમંત, શરીર-મન અને વચનનો ક્રમજોર-રોગિષ્ટ તથા અસાધ્ય બિમારીઓમાં રીબાઈ રીબાઇને જીંદગી પૂર્ણ કરે છે.

(૩૩) રક્ષા :–અનુભવીઓનું ટંકશાળી વચન છે કે, "ધર્મો રક્ષતિ રક્ષિતઃ" યદિ તમે મન–વચન અને કાયાના શુભ અધ્યવસાયોથી ધર્મની રક્ષા કરનારા છો, તો ચોક્કસ સમજી લેજો કે તે ધર્મ પણ તમારી સર્વાંગીણ રક્ષા કરવાને માટે વચનબદ્ધ છે. બાહ્ય અને આભ્યન્તરરૂપે ધર્મના બે પ્રકાર છે. બાહ્યધર્મ એટલે આત્માના શુદ્ધ કે શુભ અધ્યવસાયોની સંગતિ અપવાદ સિવાય સૌના નસીબમાં નથી હોતી. માત્ર ત્યાં હોય છે ધમાધમ, મિથ્યા આડંબર, મિથ્યા પ્રતિષ્ઠા અને છેવટે વૈર–વિરોધપૂર્વક એક ટોળામાંથી, એક સમાજમાંથી કે એક સંઘમાંથી બીજાએ છુટા થઈ પોતાનું ટોળું, સમાજ અને સંઘની જુદ્દી સ્થાપના કરી અહં પોષણ જેટલો જ લાભ તે મેળવી શકશે.

જ્યારે આભ્યન્તરધર્મની આરાધનામાં અહિંસાધર્મ અગ્રસ્થાને રહેવાથી આત્માના શુદ્ધ અને શુભ અધ્યવસાયો પ્રતિ સમયે વૃદ્ધિ પામશે, વિકસિત થશે, સાથો સાથ આત્માના એક એક પ્રદેશમાં મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, પ્રમોદભાવનો અમૃતાસ્વાદ, કારૂણ્યભાવની પ્રેમાળદૃષ્ટિ અને ઉપેક્ષાભાવનો સાગર લહેરાશે. ફળ સ્વરૂપે અહિંસાધર્મ પ્રત્યેક ભવોમાં તેની રક્ષા કરનાર બનશે. કેમ કે આ ધર્મની પ્રાપ્તિમાં જ લાખો, કરોડો, સંખ્યાત અને અસંખ્યાત જીવોને અભયદાન દેવાય છે. ભૂખ્યા માનવોને અનાજ, પાણી, વસ્ત્ર અને ઔષધ દેવાય છે. તેવી સ્થિતિમાં સૌના મિત્ર બનેલાને અહિંસક ભાગ્યશાળીને આ ભવમાં કે ભવાન્તરમાં પણ દુઃખી બનવાનો

અવસર શી રીતે આવશે ? ગત ભવોની આરાધિત અહિંસા જ્યારે આ ભવમાં ઉદિત થાય છે, ત્યારે તે ભાગ્યશાળી જન્મથી જ અહિંસક ભાવનાવાળો હોવાથી, પોતાની આંખ સામે કોઇ પણ કીડાને, કીડીને કે ચકલીના બચ્ચાને પણ મરવા દેતો નથી. તેમજ પોતાની ખાવાની, પહેરવાની વસ્તુઓને પણ આંખમાંથી પાણી ટપકાવનારા ગરીબોને દીધા વિના રહેતો નથી. થોડા આગળ વધીએ તો લાખોમાં એકાદ દયાળુ માણસ તેવો પણ મળશે કે પોતાના ભાગ્યથી મળેલી સારી વસ્તુને પણ પોતાના ઓટલા પર ઉભા રહીને ખાશે નહિ. જેથી આડોશ-પાડોશમાં રહેનારા પોતાના જાત ભાઇના ગરીબ બચ્ચાઓને તે સારી વસ્તુ જોઇને પોતાની ગરીબી પર આંસુ સારવા પડે અને ખાવાની લાલસાથી તેમને ચોરી કરવાની આદત પડે કદાચ લખવામાં અતિરેક થતો હોય તો માફી માંગતો કહીશ કે, આનાથી ચડિયાતું સ્વામીવાત્સલ્ય બીજું કયું ?

(૩૪) સિદ્ધાવાસો :-કૃતકૃત્ય થયેલા એટલે કે, જન્મ-જરા અને મૃત્યુથી સર્વથા મુક્ત થયેલા સિદ્ધ ભગવંતોનો આવાસ, સિદ્ધાવાસ કહેવાય છે. કર્માણુ માત્ર નાશ પામેલા હોવાથી તજજન્ય દુઃખનો અણુ પણ તેમને નથી. માટે જીવ માત્ર તેવા મોક્ષની ઝંખના કરે છે જે અહિંસાધર્મની આરાધના વિના શકય નથી. માટે જ અહિંસાનો પર્યાય સિદ્ધાવાસ છે. અહિંસા કારણ છે અને સિદ્ધાવાસ કાર્ય છે. ગમે તે જાતનો, નાતનો માનવ યદિ અહિંસક છે તો આજે-કાલે કે પરમ દહાડે પણ " નમો સિદ્ધાણં " પદને પ્રાપ્ત કરશે તે શંકા વિનાની વાત છે.

(૩૫) અનાશ્રવ :–જ્યાં અહિંસાની પ્રતિષ્ઠા છે, ત્યાં પાંચે આશ્રવો રહી શકતા નથી. કેમ કે હૈયાના મંદિરમાં અહિંસાનું પ્રતિષ્ઠાપન હિંસાના નિર્ગમ પછી જ થાય છે. અને અહિંસકને જૂઠ બોલવાનું, ચોરી કરવાનું, મૈથુનાસક્ત બનવાનું કે પરિગ્રહનો આરાધક બનવાનું રહેતું નથી. આ કારણે જ અનાશ્રવ એટલે આશ્રવ વિનાના જીવનના મૂળમાં અહિંસકભાવ રહેલો છે. તેથી તે તેનો પર્યાય બને તે યથાર્થ છે.

(૩૬) કેવળીસ્થાન :—ચારે ઘાતી કર્મોનું નિકંદન કાઢ્યા પછી જ સર્વશ્રેષ્ઠ, પરિપૂર્ણ, બીજા જ્ઞાનોથી સર્વથા નિરપેક્ષ, અસહાય આદિ વિશેષણોથી વિશેષિત, કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં, કરોડોની સંપત્તિ, રૂપગર્વિષ્ઠ યુવાકાળ કે મારક શસ્ત્રોની સજ્જવટવાળું સશક્ત શરીર કામે નથી આવતું. પરંતુ અહિંસાદેવીની નિર્લેપ, નિર્વ્યાજ અને શુદ્ધ તથા પવિત્ર અધ્યવસાયોપૂર્વકની કરેલી આરાધના જ કામે આવે છે. માટે બધાય ઋષિઓ, મહર્ષિઓ, તપસ્વીઓએ પણ પોત પોતાના ગ્રંથોમાં 'અહિંસા પરમો ધર્મઃ', 'અહિંસા ધમ્મસ્સ જણણી', 'दया धर्म का मूल है', 'Do Not Kill Any body', 'માતૃસ્વરૂપા અહિંસા એવ' ઇત્યાદિ વાકયોથી પોતાના અનુયાયીઓને સ્પષ્ટ આદેશ આપ્યો છે કે તમારે કેવળજ્ઞાન મેળવવું હોય, અનંત સુખ જોઇતું હોય તો અહિંસાદેવીનું આરાધન કરશો, જે તમને ઇષ્ટ સ્થાને પહોંચાડી શકશે. અહિંસક માનવનું મન અને ઇન્દ્રિયો સંયમયુક્ત બને છે તથા સંયમી આત્મા જ તપોધર્મની સફળ આરાધના કરી શકે છે.

(૩૭) શિવ :-શિવ એટલે ઉપદ્રવરહિત જીવનની પ્રાપ્તિ. અહિંસાની આરાધના વિના શકય બનતી નથી. સંસારનો કોઈ પણ માનવ રોગ, શોક, દુઃખ, દારિદ્રય, સંતાપ, અપમાન, તિરસ્કાર, નિન્દા, કલેશ આદિ ઉપદ્રવોને ઇચ્છતો નથી. પરંતુ આપણે ન ઇચ્છીએ અને ઉપદ્રવોથી મુક્ત થઈ જઇએ તેવું બનતું દેખાતું નથી, કેમ કે–

संसारात्मा सदा दुःखी व्याधिदुःखप्रपीडितः ।
मनोदुःखादि-सत्रस्तः जन्म-मरण शोकभाक् ।।

અનાદિકાળના અનંત સંસારમાં પ્રતિસમયે બંધાયેલી મોહનીય તથા અશાતાવેદનીય કર્મોની પરંપરા આત્માના પ્રતિપ્રદેશમાં ગાઢરૂપે બંધાયેલી હોવાથી તેનો ઉદયકાળ પણ નિશ્ચિત છે. તેવી અવસ્થામાં તે તે કર્મો જ્યારે ઉદયમાં આવશે ત્યારે સંસારનો કોઈ પણ માનવ મનથી–વચનથી કે કાયાથી અથવા ત્રણેથી પણ ઉપદ્રવ વિનાનો રહી શકે તેમ નથી. આ કારણે જ જૈન સૂત્રકારોએ કહ્યું કે આગામી ભવોમાં દુઃખોની પરંપરા જોઈતી ન હોય તો ફરજીયાત કે મરજીયાત અહિંસા-ધર્મની આરાધના કરવાની જ રહેશે. કેમ કે પૂર્વભવના અહિંસાના આરાધકો જ ચાલુ ભવમાં પ્રસન્નચિત્ત, દામ્પત્ય જીવનમાં શાંતિપૂર્વક હસતાં, હસાવતાં શ્વાસ લઇ રહ્યાં છે. તેમના જીવનમાં સમાધિ, આંખોમાં પ્રસન્નતા, દિલ અને દિમાગમાં ગંભીરતા ઉપરાંત જગતના જીવોના મિત્ર બનીને જીવી રહ્યાં છે, માટે જ સાચો શિવ અહિંસક છે.

(૩૮) સમિતિ :–' સમ્ ' ઉપસર્ગપૂર્વક ' ઇણ્ ' ધાતુથી સમિતિ શબ્દ બન્યો છે. માટે સમ્યક્પ્રકારે મન–વચન અને કાયાની પ્રવૃત્તિને અહિંસક રાખવી તેને સમિતિ કહેવાય છે પશુ–પક્ષી, સાપ–વિચ્છુ, વાઘ, વરૂ, ઘેટાં, બકરા, મરઘા, બતક, પાડા, બળદ, હરણ, સસલા વાંદરા, દેડકા વગેરે જીવોને તિર્યંચ એટલા માટે કહેવાય છે કે ' તિરિ ' અવ્યય પૂર્વક ' અક્ચ ' ધાતુથી તિર્યંચ શબ્દ બને છે, જેનો અર્થ થાય છે વક્ર. ચાલવું, બેસવું, સૂવું, ખાવું અને અસભ્ય રીતે ગ્રામ્યધર્મ (મૈથુનકર્મ) માં મસ્ત બનવું, ઉપરાંત આવા જીવો અવિવેકી અને પોતાના આત્માના ખ્યાલ વિનાના છે. જ્યારે મનુષ્ય પ્રાણી બુદ્ધિ વૈભવનો માલિક હોવાથી વર્તમાન અને ભાવિના દુઃખો અને તેના કારણોનો નિર્ણય કરી શકવા માટે સમર્થ છે. આવી પરિસ્થિતિમાં મૂક પ્રાણીઓને મારવા, મરાવવા કે તેના માંસનું ભોજન કરવું અને તે રીતે ઇશ્વરની સૃષ્ટિનો દ્રોહ કરવામાં બુદ્ધિનો દુર ઉપયોગ કરવો ધર્મ નથી. તેમ છતાં બુદ્ધિપૂર્વક પોતાના હિંસક જીવનને બદલી નાખવા માંગે તો સત્પુરૂષાર્થને સહાયક બનાવીને તેમ કરવામાં વાંધો આવે તેમ નથી. સદ્બુદ્ધિના મૂળમાં મતિજ્ઞાન કામ કરે છે અને દુર્બુદ્ધિનાં મૂળમાં મતિજ્ઞાનાવરણીયકર્મ કામ કરે છે. મતિજ્ઞાન આત્મિક હોવાથી ચેતન છે અને મતિજ્ઞાન જ્ઞાનાવરણીયકર્મ હોવાથી જડ છે. તેથી ભાવિકાળમાં અને ચાલુ ભવમાં વૈર–વિરોધ તથા ક્લેશાદિ રહિત જીવન જીવવું હોય તો દુર્બુદ્ધિ ઉપર આત્માનો કબજો જમાવીને સદ્બુદ્ધિનો

માલિક બની શકે છે. જેના પ્રકાશમાં જીવન જરૂરીયાત બધીય ક્રિયાઓમાં સમિતત્વનો પ્રવેશ સુલભ બનશે જે અહિંસક બનવાનો મુખ્ય માર્ગ છે

(૩૯) શીલ :–ટીકાકારે શીલનો અર્થ સમાધાન કર્યો છે.

ઘણીવાર આપણે અનુભવીએ છીએ કે ઘણા ભાગ્યશાળીઓ પોતાની વાચાળતાથી બીજાઓનું સમાધાન કરવામાં આખી જીંદગી વેડફી નાખે છે. પરિણામે તેમાંથી ઘણા જીવો સાથે વૈર-વિરોધ–અવિશ્વાસ અને અપમાન આદિ સહન કરવાના રહે છે, જે આર્તધ્યાનના જનક છે. આવી પરિસ્થિતિમાં ભાવદયાપૂર્વક શાસ્ત્રકાર આપણને સમજુતી આપે છે કે પારકાઓના સમાધાન માટે તારો જન્મ નથી, પરંતુ તું તારૂં સમાધાન મેળવ. એટલે કે ભૂતકાળમાં ઘણા ભવોમાં તારૂં સમાધાન કરવા જેટલું મતિજ્ઞાન તને મળેલું ન હોવાના કારણે તેમ થઈ શકયું નથી. તે કારણે અત્યારે પણ જાગૃત થવાય અને દૃઢ મનોબળ કેળવી લેવાય તો સંસારમાં મારી રખડપટ્ટી શાથી ? તેણે મારૂં અપમાન કેમ કર્યું ? ઇત્યાદિ પ્રશ્નો દ્વારા પોતાનું સમાધાન સાધી શકાય છે, જે અહિંસકવૃત્તિ અને પ્રવૃત્તિથી સુલભ બને છે. માટે અહિંસા અને સમાધાન એક જ અર્થના વાચક શબ્દો છે. જે ભાગ્યશાળી અહિંસાની આરાધનામાં શ્રદ્ધા ધરાવે છે અને ખૂબ ચીવટથી તેનું પાલન કરે છે તે પોતાનું સમાધાન એટલે પોતાના આત્મામાં જ રમણ કરવા માટે સમર્થ બને છે. જ્યારે ભાંજગડીઓ, પંચાતીઓ માણસ હિંસક અને સ્વાર્થી

હોવાથી પોતાની આત્મસંપત્તિનું દેવાળું કાઢવા માટે તૈયાર થયો છે એમ સમજીને પોતાનું ઉર્ધ્વીકરણ કરવા માટે પોતાનું સમાધાન પોતાની મેળે કરવું.

(૪૦) સંયમ ઇતિ ચ :–હિંસાના કાર્યોથી નિવૃતિ–વિરતિ લેવી તેને સંયમ કહેવાય છે. અનાદિકાળમાં તેની નિવૃતિ લેવાનો પ્રસંગ જીવાત્માને આવ્યો નથી, આવ્યો હશે તો જાણકારીનો અભાવ હોવાથી તેની આરાધનામાં કચાશ, પ્રમાદ, બેદરકારી રહી હશે, અથવા તેની સાધના થાય તેવા પ્રકારના માતા–પિતા, કુટુંબ–કબીલા, જ્ઞાન-ગુરૂ, છેવટે પોતાની પણ તૈયારી ન હોય તો સાધના વાંઝણી રહેવા પામશે, જેથી ધાર્યું ફળ મેળવી ન શકાય તે બનવાજોગ છે. જૈન સૂત્રકારોએ કહ્યું કે, અહિંસાની સાધના માટે સંયમની આરાધના જરૂરી છે. 'अहिंसा-संजमो-तवो' આ ત્રણેમાં સંયમ શબ્દ વચ્ચે મૂકવાનો આશય એટલો જ છે કે તેના વિના અહિંસા અને તપોધર્મ પણ નિષ્ફળ બને છે. કેવળ-જ્ઞાનીઓ પોતાના જ્ઞાનવડે સૂક્ષ્માતિસૂક્ષ્મ વસ્તુને યથાર્થ સ્વરૂપે જાણી લીધા પછી જ ઉપદેશે છે કે સંયમની સાધના જ અહિંસક જીવનનું મૂળ કારણ છે.

(૪૧) શીલ પરિગ્રહ :–શીલ પરીગ્રહનો અર્થ ચારિત્ર સ્થાન છે. ભગવતી અહિંસાદેવીને રહેવાનું સ્થાન કયુ ? ૧૮ પાપસ્થાનકોમાં જેમ પાપનો જ વાસ છે અને ૯ પ્રકારના પુણ્ય સ્થાનોમાં પુણ્યનું સ્થાન જેમ નિર્ધારિત થયેલું છે, તેવી રીતે અહિંસાદેવીને રહેવાનું સ્થાન 'સમ્યક્ચારિત્ર' સિવાય બીજું

એકેય નથી. ચારિત્ર એટલે પાંચે પ્રકારના પાપોનો સર્વથા ત્યાગ પાંચે ઇન્દ્રિયોનું સર્વથા દમન, કષાયોનું મારણ તથા પૃથ્વી–પાણી–અગ્નિ–વાયુ અને વનસ્પતિ કાયાના જીવોથી લઇને ઇન્દ્રપદ કે ચક્રવર્તીપદ પર રહેલા જીવોની મનસા–વચસા અને કાયાથી પણ આશાતના, વિરાધના, અપભ્રાજના, તિરસ્કાર, અપમાન કરવામાં ન આવે તેને સમ્યક્‌ચારિત્ર કહેવાય છે. માટે રૂડી રીતે એટલે શ્રદ્ધા–સંવેગ–નિર્વેદ, અનુકમ્પા અને બધાય જીવો મારા આત્માના સમાન છે તેવી રીતે આરાધાતું ચારિત્ર જ અહિંસા છે. બેશક! બધાય જીવોમાં તે પ્રકારની શક્તિ ન હોય તે માનવા યોગ્ય છે, તો પણ મનમાં હરામખોરી ન હોય, પાપભીરૂતા કેળવાયેલી હોય, અને હવે મારે દુર્ગતિમાં જવું નથી તેવી તમન્ના હોય, તો સર્વાંશે નહિ પણ અલ્પાંશે એટલે કે–શક્તિ અને પરિ-સ્થિતિની તરતમતાનો ખ્યાલ કરીને જે રીતે અને જેટલા પ્રમાણમાં હિંસાના સ્થાનો બંધ કરાશે તો આત્માને, જીવન વ્યવહારને કે સામાજિક વ્યવહારને પણ વાંધો આવે તેમ નથી. સંસારભરના બધાય વ્યવહારો, ખાનપાન, દર્શનો, શ્રવણ, સૂંઘવાનું કે બીજી કેટલીય બાબતોને ધીમે ધીમે ત્યાગ કરવામાં આવે તો આત્માને કે વ્યવહારને પણ હાનિ થાય તેમ નથી, કેમ કે બધાય પદાર્થો એક સાથે ખરીદી શકાવાના નથી. ભોગશક્તિ કમજોર હોવાથી ભોગવી શકવાના નથી તો પછી ભોગ–ઉપભોગના માર્ગો ખુલ્લા રાખીને તેના ભોગોની લાલસાથી મસ્તિષ્કને ઉષ્ણ રાખવાથી પણ કયો

ફાયદો ? માટે જે ખાવામાં ન આવે, ખાવાથી વધારે પાપ લાગે, તેવા પદાર્થોને જાણીબુઝી ત્યાગ કરવાથી પોષાયેલી મોહ-માયા ઓછી થશે અને આત્મહિત પણ સધાશે. આ પ્રમાણે ભાવદયાના માલિક અરિહંત પરમાત્માઓએ જીવ માત્રને સમ્યક્‌ચારિત્રની આરાધના માટે ભલામણ કરી છે.

(૪૨) સંવર :–પાપો, તેના માર્ગો અને સ્થાનકોનો ખ્યાલ ગમે તેટલો હોય તો પણ જ્યાં સુધી તેના સ્થાનકોનો જાણીબુઝીને ત્યાગ કરવામાં ન આવે ત્યાં સુધી એકલા જ્ઞાનથી આત્માનું હિત ધાર્યા પ્રમાણે સધાતું નથી. તેમ સમજીને જેનાથી પાપો આવે તે દ્વાર બંધ કરવા તેને જ સંવર કહેવાય છે. જેનાથી આત્માની રક્ષા થાય તે સંવર છે.

(૪૩) ગુપ્તિ :–જે કાર્યો કરી લીધા પછી કરનારને દુઃખ થાય, સંતાપ અને પશ્ચાતાપ થાય, તેવા કાર્યો કરવા માટે કયારેય ઉત્સાહ લાવવો નહિ, ઉતાવળ કરવી નહિ, કોઇની સાથે શરતમાં પણ બંધાવવું નહિ તથા આચાર-વિચાર અને ઉચ્ચારભ્રષ્ટ માણસો સાથે દોસ્તી પણ કરવી નહિ, કરી હોય તો તોડી નાખવી, તે ગુપ્તિ છે.

(૪૪) વ્યવસાય :–ચરમાવર્તનાં પ્રવિષ્ટ આત્માની જ્યારે આસન્ન ભવિતવ્યતાનો પરિપાક થાય છે, ત્યારે જીવહિંસાનો ત્યાગ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ તેના પરિણામો શુદ્ધતમ બને છે અને પરિણામોની શુદ્ધિ થતાં અહિંસકભાવ પણ નિરતિચાર શુદ્ધતમ બનતો જાય છે. અને છેવટે

દ્રવ્યઅહિંસાની વાત ન કરીએ તો પણ ભાવઅહિંસા ચાહે સ્વની હોય કે પરની હોય તેનો આધાર તો આત્માના પરિણામો પર જ અવલંબિત છે. ત્યારે જ તો સ્વાધ્યાય, ભાવતપ, વૈયાવચ્ચ, કાયોત્સર્ગ, વિનય, વિવેક આદિ આભ્યન્તર તપશ્ચર્યા પણ ભાવોની શુદ્ધિ સાથે સંબંધ રાખે છે, જે ઉત્કૃષ્ટતમ ધર્મ છે. માટે જ અધ્યવસાયને અહિંસા અને અહિંસાને અધ્યવસાય આ બંને શબ્દો એકબીજાના પૂરક છે.

(૪૫) ઉચ્છૂય :–આનો અર્થ ઉન્નતિ થાય છે. મોહ-માયામાં મસ્તાન બનીને અત્યાર સુધીના ઘણા ભવોમાં આ જીવાત્માએ પૌદ્ગલિક ઉન્નતિ ઘણા પ્રકારે કરી છે. પોતાના આત્માને છોડી આંખે દેખાતી, ખવાતી બધીય વસ્તુઓ જેમ કે હાટ–હવેલી, બંગલા–ફર્નીચર, સ્ત્રી–પુત્ર–પરિવાર, વ્યાપાર–રોજગાર, લાખો–કરોડોની માયા છેવટે પોતાનું શરીર, ઇન્દ્રિયો, મન, ચશ્મા, પાયજામા, પેઇન્ટ, પલંગ, ભોગવિલાસો, સ્ટીલના વાસણો, ચાંદીના પ્યાલાઓ, હેન્ડ વોચ, મોટર, બુટ આદિ પૌદ્ગલિક છે, એટલે કે પુદ્ગલોથી બનેલી છે અને પુદ્ગલો વીજળીના ચમકારાની જેમ નાશ પામનારા છે. માટે મળતાં વાર નથી તેમ જતાં પણ વાર નથી. માયાવશ તેમાં લપટાઇને તે પછીના ભવોમાં જીવને દુર્ગતિ સિવાય કંઈ પણ ભાગ્યમાં રહેતું નથી. એકાંતમાં આંખ બંધ કરી થોડુક વિચારીએ કે–મેળવેલા પૌદ્ગલિક પદાર્થો મારા પોતાના આત્માને માટે શા કામના ? જેના માટે મારા પૂર્વભવના પુણ્યો સમાપ્ત

કરવા પડે છે અને દુર્ગતિ ભાગ્યમાં રહે છે, આવી સ્થિતિમાં જૈન શાસન ભાવદયાપૂર્વક કહે છે કે, જીવનના અણુ અણુમાં જેમ જેમ અહિંસાધર્મની આરાધના થતી જશે, તેમ તેમ આત્માના દ્રવ્ય અને ભાવપરિણામો પણ ઉન્નત બનતાં જશે. જે અત્યાર સુધીના એકેય ભવમાં તેની પ્રાપ્તિ સુલભ બનવા પામી નથી. માટે જ ઉચ્છ્વય અહિંસાનો સાર્થક પર્યાય બને છે અને ઉન્નતિ કદાચ કેવળજ્ઞાનનું પણ કારણ બની શકશે. જ્યારે પુણ્યોદયથી મેળવેલા પદાર્થો આંખ બંધ થયા પછી કોઇની સાથે ગયા નથી, જે આપણે સગી આંખે જોઈ રહ્યાં છીએ. રામલીલાના ખેલાડીઓની જેમ આપણો આત્મા આ ભવની માયાને અનિચ્છાએ પણ છોડશે અને બીજા ભવ માટેની માયાને નવેસરથી મેળવશે, ભોગવશે. આ રીતે ' ઘટ કુટ્યા પ્રભાતમ્ ' ની જેમ આપણી દશા થઇ છે. માટે શરીરરૂપી ભાડાના મકાનમાં બિરાજમાન આત્માની ઉન્નતિ અને શુદ્ધિ થાય તેવા કાર્યો કરવા. આનાથી રૂડો માર્ગ બીજો કયો ?

(૪૬) યજ્ઞ :–દેવપૂજા કરવાના અર્થમાં ' યજ્ ' ધાતુથી યજ્ઞ શબ્દ બન્યો છે. દ્રવ્ય અને ભાવરૂપે પૂજાના બે પ્રકાર છે. તેમાંથી સંવરધર્મનો અધિકાર હોવાથી ટીકાકારે પણ ' भावतः पूजा ' એટલે કે યજ્ઞથી ભાવપૂજાનો અર્થ સ્વીકાર્યો છે. અહિંસક માણસના જીવનમાંથી ચાંચલ્ય–વિકૃતિ–સ્વભાવની દુષ્ટતા, બોલવાની વક્રતા આદિ પાપ તત્ત્વોએ વિદાય લીધેલી હોવાથી તેમનું મન સમ્પૂર્ણ અહિંસાના અવતાર, દેવાધિદેવ, પરમાત્માઓના ચરણમાં એકતાન બનેલું હોવાથી પોતાની અહિંસાને પણ શુદ્ધ બનાવશે.

(૪૭) આયતન :–અહિંસાધર્મના પાળનારા મુનિરાજોના સાહચર્યથી તે ભાગ્યશાળીઓ પણ સારા ગુણોનું આયતન એટલે ઘર બનવા પામે છે.

(૪૮) યત્ન :–અહિંસાનું આરાધન સર્વથા નિરવદ્ય હોવાથી સાધકના બધાય પ્રયત્નો, યતના (જયણા) પૂર્વક હોય છે.

(૪૯) અપ્રમાદ :–પુરૂષાર્થ બળે અહિંસા વ્રતને પ્રાપ્ત કરનારા ભાગ્યશાળીઓનું જીવન પ્રમાદ વિનાનું હોય છે. 'પ્ર' ઉપસર્ગપૂર્વક 'મદ્' ધાતુથી પ્રમાદ શબ્દ બને છે. જેનો અર્થ 'ઉન્મત્ત' થાય છે. જેટલા અંશમાં હિંસાની વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ હોય છે તેટલો જ જીવનમાં પ્રમાદ સમજવો. જેથી તેની પ્રત્યેક પ્રવૃત્તિમાં તોફાન, ધમાધમ, બકવાસનો પ્રવેશ હોય જ છે.

(૫૦) આશ્વાસ :—અહિંસાની સેવનાથી જ માણસ માત્ર બીજાને માટે આશ્વાસરૂપ બને છે. કેમ કે હિંસક, જૂઠા બોલો, ચોર, દુરાચારી માણસ કોઇને માટે પણ આશ્વસનીય એટલે કે શરણભૂત બની શકતો નથી.

(૫૧) વિશ્વાસ :–અહિંસકવૃત્તિ અને પ્રવૃત્તિવાળા માણસોને જોઈ પ્રાણી માત્રને તેમના પ્રત્યે વિશ્વાસ ઉત્પન્ન થાય છે. અસ્પષ્ટ કે સ્પષ્ટ ચેતનવાળા જીવાત્માઓને પણ મરણનો ભય અવશ્ય હોય છે. તેથી પોતાને મારવાવાળો સામે ઉભો હોય ત્યારે તેને કંપારી આવ્યા વિના રહેતી નથી.

અત્યંત ક્રોધાવેશમાં આવીને ફણ ચડાવેલ સર્પને આપણે કહીએ કે 'નાગરાજ' આ સામે ઉભેલા માણસો હાથમાં ડંડા લઇને તમને મારવા માટે ઉભા છે. તેથી આ ઘડામાં તમે પોતાની મેળે આવી જાઓ, હું તમને સર્વથા એકાન્ત અને નિર્ભય સ્થાને મૂકી દઇશ અને ભયનો માર્યો સર્પ પોતાની મેળે જ ઘડામાં આવી જાય છે. ઇત્યાદિ પ્રસંગોથી જાણવાનું સરળ બને છે કે જીવમાત્ર મરવા માંગતો નથી. તો પછી કોઇને મારવાનો અધિકાર માણસને શા માટે હોઈ શકે? અને જે બીજાને મારશે તેને પણ વિના મોતે મર્યા વિના છુટકો નથી. ભાવદયાના માલિક તીર્થંકર પરમાત્માઓના સમવસરણમાં સર્પ-નોળીઓ, ઉંદર-બિલાડી, સિંહ મૃગ, કૂતરૂ અને બિલાડી તેમજ વાઘ અને ગાય પરસ્પર જાત વૈરવાળા હોવા છતાં વૈરમુક્ત બનીને પાસે પાસે જ બેસે છે. વનમાં ભયંકર આગ લાગ્યા પછી ભયગ્રસ્ત બનેલા પશુઓને પણ તેટલા સમય પૂરતું વૈર રહેતું નથી. કેમ કે સૌને મરણનો ભય એકસમાન સતાવી રહ્યો હોય છે. આવી સ્થિતિમાં સર્વશ્રેષ્ઠ માનવાવતારને પામેલો જીવ જો હિંસકભાવને કેળવશે તો સૌ એકબીજાના શત્રુ બનીને Man Eats Manને સત્યાર્થ કરતાં સંસારને વૈરઝેર વાળું બનાવવા પામીશું, જે પશુઓ કરતાં પણ નફ્ફાવટ જીવન છે. આનાથી વિપરીત અહિંસક માણસ સૌને માટે વિશ્વસનીય બનતો હોવાથી તેને જોઇ ભસતાં કૂતરા પણ શાંત થાય છે, કબૂતરો પણ ઉડતાં નથી, બળદો પણ લાત મારતાં નથી. કેમ કે અહિંસકવૃત્તિ (જીવન) જ સૌના અણુ અણુમાં વિશ્વાસ ભાવને ઉત્પન્ન કરે છે.

(૫૨) અભય :–ધર્મમય જીવન જીવનારા ભાગ્યશાળીઓ સ્વયં અભય એટલે દસે દિશાઓથી પણ ભયમુક્ત હોય છે. તથા પોતાના જીવન વ્યવહારથી બીજા જીવોને પણ ભયપ્રદ બનતા નથી. આ કારણે જ અહિંસક અને અભય એક જ અર્થના વાચક છે. અનાદિ કાળથી ચારે સંજ્ઞાઓમાં બંધાયેલા જીવો જ્યાં સુધી હિંસા આદિ પાપ કાર્યોથી પર-જીવોનો દ્રોહ કરવાનો છોડતા નથી, ત્યાં સુધી હજારો–લાખો અને કરોડો જીવો સાથેના વૈર–વિરોધ છુટી શકતા ન હોવાથી તેઓ કયારેય ભયમુક્ત થઈ શકતા નથી અને સ્વયં ભયગ્રસ્ત માનવ બીજાઓને શી રીતે ભયમુક્ત કરી શકવાના હતાં! માટે અરિહંતોના શાસનને પ્રાપ્ત કર્યા પછી માણસ પુરૂષાર્થ બળને કેળવી લે તો અહિંસક બનવામાં વાર લાગતી નથી. ફળ સ્વરૂપે તેમના વ્યાપાર, વ્યવહાર, ભાષા, રહેણી–કરણી અને ખાનપાનમાંથી સ્વાર્થાન્ધતા મટશે, લાલસા જશે અને તેમ થતાં એક દિવસ એવો પણ આવશે કે તે ભાગ્યશાળી સૌને માટે અભયપ્રદ બની શકશે.

(૫૩) અમાઘાત :–પર જીવોની 'મા' એટલે ધન–ધાન્ય રૂપી દ્રવ્યલક્ષ્મી અને તેમના પ્રાણ રૂપી ભાવલક્ષ્મીનો ઘાત–નાશ આદિ નહીં કરવાવાળો ભાગ્યશાળી અહિંસક છે.

(૫૪) ચોક્ષા :–સંસારમાં ગમે તેટલા ધર્મો હોય, ધર્માચાર્યો હોય કે સમ્પ્રદાયો હોય, તો પણ સૌનો એક જ અવાજ રહેશે કે, અહિંસાની આરાધના જ સર્વોત્કૃષ્ટ આરાધના છે, કેમ કે–મૃત્યુનો ભય, દુઃખ–દારિદ્રય–રોગ–શોક તથા

આરાધના અધિકતર શ્રેષ્ઠ છે. કારણ કે અતિચાર (દોષ) વિનાની અહિંસાની આરાધના કરવાથી જ પૃથ્વીકાયિક–જળકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, જળચર, સ્થળચર, ખેચર અને ત્રસ આદિ બધાય જીવોનું રક્ષણ થાય છે. માટે અહિંસાથી અતિરિક્ત બીજા બધાય ધર્મો શક્તિસમ્પન્ન નથી. અહિ સરણ–ગગન આદિ જે ઉપમાઓ આપી છે, તેનાથી કદાચ હિત થાય કે ન પણ થાય ! ત્યારે અહિંસાની આરાધના છેવટે મોક્ષપદની પણ પ્રાપ્તિ કરાવી આપે છે.

" જે સ્થળે ગાયોની તૃષા મટે છે, તે સ્થળો બનાવનારના સાત ખાનદાનો તરે છે. માટે જળાશયો, વાવડીઓ, તળાવો બંધાવવા સારા છે. " આ પ્રમાણે લૌકિકોનું કથન ઠીક નથી. કેમ કે વિચાર કરતાં તરસ્યા પશુઓની તૃષા બુઝાવવી તે દયાને તેમના મતે ભલે અહિંસા કહેવાઇ હોય પણ તેના આશ્રયે રહેનારા પૃથ્વી, જળ અને ત્રસ જીવોની હત્યાનું શું થશે ? એક બાજુ દયાનું ધ્યાન રાખતા બીજી તરફ દયાદેવીના પગ જ કપાઈ જતા હોય તો કયો માર્ગ લેવો ? માટે અરિહંત પરમાત્માઓથી પ્રરૂપિત સર્વવિરતી સ્વરૂપ અહિંસા જ એકાન્તિક અને આત્યન્તિક ફળને આપનારી છે જેમાં કોઇનું પણ હનન નથી.

ભગવતીઅહિંસાના આરાધકો કોણ કોણ ?

આગળના સૂત્રોમાં સ્વરૂપ, પર્યાયો અને અહિંસાધર્મની સર્વોત્કૃષ્ટતા કહ્યા પછી સહજ શંકા થઇ શકે છે કે ભૂતપુર્વમાં આ ધર્મની આરાધના કોઇએ કરી છે ? મહાપુરૂષોએ

કરી છે કે સામાન્ય પુરૂષોએ ? આના જવાબમાં આ ત્રીજુ સુત્ર તે તે આરાધક મહાપુરૂષોના નામ લઇને ખૂબજ વિસ્તૃત પ્રકારે કહી રહ્યું છે. તે આ પ્રમાણે :-

(૧) અપરિમિત (અક્ષય અને અનન્ત) જ્ઞાન-દર્શનને ધરનારા, શીલગુણ, વિનય, તપ અને સંયમને પોતાના જીવનમાં અને પરજીવોમાં સ્થાપન કરનારા, સમ્પૂર્ણ સંસારનાજીવો પ્રત્યે વાત્સલ્યભાવ રાખનારા, ત્રિલોકમાં રહેનારા, દેવો-દેવેન્દ્રો નાગેન્દ્રો અને નરેન્દ્રોથી પુજાયેલા, સામાન્ય કેળળીઓમાં-જિનોમાં ચન્દ્ર જેવા શ્રી તીર્થંકર પરમાત્માઓએ પોતાના અનન્ત જ્ઞાનથી ભગવતીઅહિંસાને સ્વરૂપથી, કાર્યથી તથા તેના પ્રયોગથી સારી રીતે દેખીને નિશ્ચત કરી છે. કેમ કે તેઓએ રાગ, દ્વેષ, કામ, ક્રોધ આદિ આત્મિય દૂષણોનું સારી રીતે ઉન્મૂલન કર્યું છે. શીલ અને વિનયાદિ ગુણોનું ઉપદેશ દ્વારા બીજા જીવોમા સ્થાપિત કર્યું છે. ઉત્કૃષ્ટતમ ભાવ અને દ્રવ્ય દયાની આરાધનાથી જગત પર વાત્સલ્યભાવ કેળવ્યું છે. જન્મ-દીક્ષા-જ્ઞાન અને મુક્તિના સમયે બધામ દેવો-દેવેન્દ્રોથી પૂજાયેલા તેવા તીર્થંકરોએ અહિંસાની આરાધના પૂર્ણરૂપે કરી છે અને જીવમાત્રના જીવનમાં તેની સ્થાપના કરી છે. મન-વચન-કાયાથી કરણ-કરાવણ અને અનુમોદનથી પણ આરાધાયેલી અહિંસાના કારણે જ તેમને કેવળજ્ઞાન અને દર્શનની પ્રાપ્તિ થાય છે. ત્યાર પછી ત્રીજા ભવે " સંસારના સર્વે જીવોને હું મારી જેમ કર્મ મેલ વિનાના બનાવું. " તેવી ભાવદયાથી ઉપાર્જિત તીર્થંકર નામકર્મનો ઉદય થતાં જ

દેવ વિકુર્વિત સમવસરણમાં બિરાજમાન થઈને અહિંસાનું સ્વરૂપ અને તેનો પ્રયોગ બતાવે છે. ફળસ્વરૂપે અનેક જીવાત્માઓ તેની આરાધના કરી પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બને છે.

(૨) ગુણપ્રત્યયિક અવધિજ્ઞાનની વિશિષ્ટતાને પ્રાપ્ત કરેલા મુનિરાજોએ અહિંસાને ભેદો અને પ્રભેદોથી જાણી છે અને આરાધી છે. ઇન્દ્રિયોથી સર્વથા નિરપેક્ષ હોવાથી આ જ્ઞાન પારમાર્થિક પ્રત્યક્ષ કહેવાય છે. અહિંસાધર્મની ઉત્કૃષ્ટ આરાધનાના બળે જેમ જેમ ચારિત્રમાં શુદ્ધિ વધે છે, તેમ તેમ અવધિ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થતા આની પ્રાપ્તિ થાય છે, જે ગુણપ્રત્યયિક છે, દેવોને તથા નારકોને આ જ્ઞાન ભવપ્રત્યયિક હોય છે, જ્યારે ભાવદયાપૂર્વક અહિંસાના આરાધકોને ઉત્કૃષ્ટથી ચારે ગતિઓને જોઈ શકે, તથા છદ્મસ્થ તીર્થંકરોને ઉત્કૃષ્ટથી પરમાવધિ જ્ઞાન થાય છે, જે કેવળજ્ઞાનની પ્રાપ્તિની મર્યાદા સુધી સ્થિર રહે છે અને તેની પ્રાપ્તિ થતા જ અવધિ જ્ઞાનાવરણીયનો સર્વથા ક્ષય થાય છે. આમા આત્માની શુદ્ધિ જ મુખ્ય કારણ છે, જે ત્રિકરણયોગે અહિંસાની આરાધના પર અવલમ્બિત છે.

(૩) ઋજુમતિ અને વિપુલમતિ મનઃપર્યવ જ્ઞાનીઓ જેઓ ઉત્કૃષ્ટતમ યોગીઓ હોવાથી કેવળજ્ઞાનની ભૂમિકાની મર્યાદામાં પ્રાયઃ કરી પહોંચી ચૂક્યા છે, તેઓએ પણ અહિંસાને જાણી છે અને આરાધી છે. અવધિજ્ઞાન જેટલી મર્યાદા પૂરતું થયું હોય તેટલા પ્રમાણમાં જ રૂપી પદાર્થોને જાણી શકે છે.

જ્યારે મનઃપર્યવજ્ઞાન મનુષ્યલોકમાં રહેલા મનુષ્યોના કેવળ મનોભાવને જાણે છે. ઋજુમતિનો માલિક 'અમુકે ઘટ ચિંતવ્યો છે' એટલું જ જાણે છે. ત્યારે વિપુલમતિ ઘટના આકાર વિશેષને પણ જાણવા માટે સમર્થ બને છે અને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરાવ્યા પછી નિવર્તિત થાય છે. માટે ઋજુમતિથી વિપુલમતિ સ્પષ્ટ અને વિશેષગ્રાહી છે. આ જ્ઞાન સંયમધારી ૧૪ પૂર્વોના જ્ઞાતાઓને હોય છે. જેઓ અહિંસાની આરાધના દ્વારા અપ્રમતભાવને પ્રાપ્ત થયા હોય છે. તપ, શિયળ, સમિતિ અને ગુપ્તિની આરાધનાના મૂળમાં અહિંસા ની આરાધના જ સમાયેલી હોવાથી આવા ઉત્કૃષ્ટતમ મહામુનિરાજોએ પણ પોતાના છાદ્મસ્થિક જ્ઞાનવડે અહિંસાને સ્વરૂપથી તથા પ્રયોગથી જાણી છે અને જે પ્રમાણે જાણી છે તે પ્રમાણે જ આરાધી છે.

(૪) જેઓ ઉત્પાદ નામના પ્રથમ પૂર્વથી લઇને ૧૪ પૂર્વોના પૂર્ણ અભ્યાસી હોય છે તેવા પૂર્વધરો, જેઓ ઉત્કૃષ્ટ સંયમધારી, અહિંસાની આરાધનામાં ત્રિકરણયોગે એકાગ્ર થયેલા મહા મુનિરાજોએ પણ અહિંસાની સાધના સાર્વત્રિક કરેલી છે. કેવળજ્ઞાની રોમેરોમમાં પૂર્ણ અહિંસક છે જ્યારે પૂર્વધરોને તેની આરાધનામાં પૂર્ણ સાવધાની રાખવાની છે.

(૫) વૈક્રિય લબ્ધિથી લઇને વિદ્યા લબ્ધિના માલિક બની ચૂકેલા મુનિરાજોએ અહિંસાની આરાધના દ્વારા અથવા અહિંસાની આરાધના સિવાય બીજા એકેય માર્ગથી પ્રાપ્ત ન થઈ શકે તેવી લબ્ધિઓને પ્રાપ્ત થયેલા હોય છે.

આરાધના અધિકતર શ્રેષ્ઠ છે. કારણ કે અતિચાર (દોષ) વિનાની અહિંસાની આરાધના કરવાથી જ પૃથ્વીકાયિક–જળકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, જળચર, સ્થળચર, ખેચર અને ત્રસ આદિ બધાય જીવોનું રક્ષણ થાય છે. માટે અહિંસાથી અતિરિક્ત બીજા બધાય ધર્મો શકિત-સમ્પન્ન નથી. અહિ સરણ–ગગન આદિ જે ઉપમાઓ આપી છે, તેનાથી કદાચ હિત થાય કે ન પણ થાય ! ત્યારે અહિંસાની આરાધના છેવટે મોક્ષપદની પણ પ્રાપ્તિ કરાવી આપે છે.

" જે સ્થળે ગાયોની તૃષા મટે છે, તે સ્થળો બનાવનારના સાત ખાનદાનો તરે છે. માટે જળાશયો, વાવડીઓ, તળાવો બંધાવવા સારા છે. " આ પ્રમાણે લૌકિકોનું કથન ઠીક નથી. કેમ કે વિચાર કરતાં તરસ્યા પશુઓની તૃષા બુઝાવવી તે દયાને તેમના મતે ભલે અહિંસા કહેવાઇ હોય પણ તેના આશ્રયે રહેનારા પૃથ્વી, જળ અને ત્રસ જીવોની હત્યાનું શું થશે ? એક બાજુ દયાનું ધ્યાન રાખતા બીજી તરફ દયાદેવીના પગ જ કપાઈ જતા હોય તો કયો માર્ગ લેવો ? માટે અરિહંત પરમાત્માઓથી પ્રરૂપિત સર્વવિરતી સ્વરૂપ અહિંસા જ એકાન્તિક અને આત્યન્તિક ફળને આપનારી છે જેમાં કોઇનું પણ હનન નથી.

ભગવતીઅહિંસાના આરાધકો કોણ કોણ ?

આગળના સૂત્રોમાં સ્વરૂપ, પર્યાયો અને અહિંસાધર્મની સર્વોત્કૃષ્ટતા કહ્યા પછી સહજ શંકા થઇ શકે છે કે ભૂત-પુર્વમાં આ ધર્મની આરાધના કોઇએ કરી છે ? મહાપુરૂષોએ

કરી છે કે સામાન્ય પુરૂષોએ ? આના જવાબમાં આ ત્રીજું સુત્ર તે તે આરાધક મહાપુરૂષોના નામ લઈને ખૂબજ વિસ્તૃત પ્રકારે કહી રહ્યું છે. તે આ પ્રમાણે :–

(૧) અપરિમિત (અક્ષય અને અનન્ત) જ્ઞાન–દર્શનને ધરનારા, શીલગુણ, વિનય, તપ અને સંયમને પોતાના જીવનમાં અને પરજીવોમાં સ્થાપન કરનારા, સમ્પૂર્ણ સંસારનાજીવો પ્રત્યે વાત્સલ્યભાવ રાખનારા, ત્રિલોકમાં રહેનારા, દેવો–દેવેન્દ્રો નાગેન્દ્રો અને નરેન્દ્રોથી પુજાયેલા, સામાન્ય કેળળીઓમાં–જિનોમાં ચન્દ્ર જેવા શ્રી તીર્થંકર પરમાત્માઓએ પોતાના અનન્ત જ્ઞાનથી ભગવતીઅહિંસાને સ્વરૂપથી, કાર્યથી તથા તેના પ્રયોગથી સારી રીતે દેખીને નિશ્ચિત કરી છે. કેમ કે તેઓએ રાગ, દ્વેષ, કામ, ક્રોધ આદિ આત્મિય દૂષણોનું સારી રીતે ઉન્મૂલન કર્યું છે. શીલ અને વિનયાદિ ગુણોનું ઉપદેશ દ્વારા બીજા જીવોમા સ્થાપિત કર્યું છે. ઉત્કૃષ્ટતમ ભાવ અને દ્રવ્ય દયાની આરાધનાથી જગત પર વાત્સલ્યભાવ કેળવ્યું છે. જન્મ–દીક્ષા–જ્ઞાન અને મુક્તિના સમયે બધાય દેવો–દેવેન્દ્રોથી પૂજાયેલા તેવા તીર્થંકરોએ અહિંસાની આરાધના પૂર્ણરૂપે કરી છે અને જીવમાત્રના જીવનમાં તેની સ્થાપના કરી છે. મન–વચન–કાયાથી કરણ–કરાવણ અને અનુમોદનથી પણ આરાધાયેલી અહિંસાના કારણે જ તેમને કેવળજ્ઞાન અને દર્શનની પ્રાપ્તિ થાય છે. ત્યાર પછી ત્રીજા ભવે "સંસારના સર્વે જીવોને હું મારી જેમ કર્મ મેલ વિનાના બનાવું." તેવી ભાવદયાથી ઉપાર્જિત તીર્થંકર નામકર્મનો ઉદય થતાં જ

દેવ વિકુર્વિત સમવસરણમાં બિરાજમાન થઈને અહિંસાનું સ્વરૂપ અને તેનો પ્રયોગ બતાવે છે. ફળસ્વરૂપે અનેક જીવાત્માઓ તેની આરાધના કરી પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બને છે.

(૨) ગુણપ્રત્યયિક અવધિજ્ઞાનની વિશિષ્ટતાને પ્રાપ્ત કરેલા મુનિરાજોએ અહિંસાને ભેદો અને પ્રભેદોથી જાણી છે અને આરાધી છે. ઇન્દ્રિયોથી સર્વથા નિરપેક્ષ હોવાથી આ જ્ઞાન પારમાર્થિક પ્રત્યક્ષ કહેવાય છે. અહિંસાધર્મની ઉત્કૃષ્ટ આરાધનાના બળે જેમ જેમ ચારિત્રમાં શુદ્ધિ વધે છે, તેમ તેમ અવધિ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થતા આની પ્રાપ્તિ થાય છે, જે ગુણપ્રત્યયિક છે, દેવોને તથા નારકોને આ જ્ઞાન ભવપ્રત્યયિક હોય છે, જ્યારે ભાવદયાપૂર્વક અહિંસાના આરાધકોને ઉત્કૃષ્ટથી ચારે ગતિઓને જોઈ શકે, તથા છદ્મસ્થ તીર્થંકરોને ઉત્કૃષ્ટથી પરમાવધિ જ્ઞાન થાય છે, જે કેવળજ્ઞાનની પ્રાપ્તિની મર્યાદા સુધી સ્થિર રહે છે અને તેની પ્રાપ્તિ થતા જ અવધિ જ્ઞાનાવરણીયનો સર્વથા ક્ષય થાય છે. આમા આત્માની શુદ્ધિ જ મુખ્ય કારણ છે, જે ત્રિકરણયોગે અહિંસાની આરાધના પર અવલમ્બિત છે.

(૩) ઋજુમતિ અને વિપુલમતિ મનઃપર્યવ જ્ઞાનીઓ જેઓ ઉત્કૃષ્ટતમ યોગીઓ હોવાથી કેવળજ્ઞાનની ભૂમિકાની મર્યાદામાં પ્રાયઃ કરી પહોંચી ચૂકયા છે, તેઓએ પણ અહિંસાને જાણી છે અને આરાધી છે. અવધિજ્ઞાન જેટલી મર્યાદા પૂરતું થયું હોય તેટલા પ્રમાણમાં જ રૂપી પદાર્થોને જાણી શકે છે.

જ્યારે મનઃપર્યવજ્ઞાન મનુષ્યલોકમાં રહેલા મનુષ્યોના કેવળ મનોભાવને જાણે છે. ઋજુમતિનો માલિક 'અમુકે ઘટ ચિંતવ્યો છે' એટલું જ જાણે છે. ત્યારે વિપુલમતિ ઘટના આકાર વિશેષને પણ જાણવા માટે સમર્થ બને છે અને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરાવ્યા પછી નિવર્તિત થાય છે. માટે ઋજુમતિથી વિપુલમતિ સ્પષ્ટ અને વિશેષગ્રાહી છે. આ જ્ઞાન સંયમધારી ૧૪ પૂર્વોના જ્ઞાતાઓને હોય છે. જેઓ અહિંસાની આરાધના દ્વારા અપ્રમતભાવને પ્રાપ્ત થયા હોય છે. તપ, શિયળ, સમિતિ અને ગુપ્તિની આરાધનાના મૂળમાં અહિંસાની આરાધના જ સમાયેલી હોવાથી આવા ઉત્કૃષ્ટતમ મહામુનિરાજોએ પણ પોતાના છાદ્મસ્થિક જ્ઞાનવડે અહિંસાને સ્વરૂપથી તથા પ્રયોગથી જાણી છે અને જે પ્રમાણે જાણી છે તે પ્રમાણે જ આરાધી છે.

(૪) જેઓ ઉત્પાદ નામના પ્રથમ પૂર્વથી લઇને ૧૪ પૂર્વોના પૂર્ણ અભ્યાસી હોય છે તેવા પૂર્વધરો, જેઓ ઉત્કૃષ્ટ સંયમધારી, અહિંસાની આરાધનામાં ત્રિકરણયોગે એકાગ્ર થયેલા મહા મુનિરાજોએ પણ અહિંસાની સાધના સાર્વત્રિક કરેલી છે. કેવળજ્ઞાની રોમેરોમમાં પૂર્ણ અહિંસક છે જ્યારે પૂર્વધરોને તેની આરાધનામાં પૂર્ણ સાવધાની રાખવાની છે.

(૫) વૈક્રિય લબ્ધિથી લઇને વિદ્યા લબ્ધિના માલિક બની ચૂકેલા મુનિરાજોએ અહિંસાની આરાધના દ્વારા અથવા અહિંસાની આરાધના સિવાય બીજા એકેય માર્ગથી પ્રાપ્ત ન થઈ શકે તેવી લબ્ધિઓને પ્રાપ્ત થયેલા હોય છે.

જનમનરંજનની અમુક ચાલાકીઓ તો હાથ અને જીભની ચાલાકીથી મેળવી શકાય છે, જે કેવળ તેના માલિકોને પેટ ભરાવા સિવાય વધારે કંઈ પણ આપી શકે તેમ નથી. જ્યારે સંસારની અને વિષયવાસનાની માયાને મન-વચન અને કાયાથી ત્યાગી લીધા પછી ભગવતીઅહિંસાની આરાધના યદ્દિ થાય તો આત્મિક જીવનમાં અભૂતપૂર્વ, અદૃષ્ટપૂર્વ અને ઘણા જીવોનું કલ્યાણ કરાવી શકાય તેવી લબ્ધિઓની પ્રાપ્તિ થયા વિના રહેતી નથી. તેમ છતાં તે પરમ પવિત્ર મુનિરાજો કયાંય અને કયારેય પણ તેનો દુરૂપયોગ કરતાં નથી, ગર્વિષ્ઠ થતાં નથી, હિંસકમાર્ગ તરફ જતા નથી. પ્રત્યુત ઉત્તરોત્તર આત્મોન્નતિ તરફ તેમનું પ્રસ્થાન આગળ વધે છે.

આટલું તો સૌ કોઈ પ્રત્યક્ષ અનુભવ કરી રહ્યાં છે કે, સંસારવર્તી અને ગૃહસ્થાશ્રમની માયામાં રચ્યો પચ્યો, અઢળક શ્રીમંતાઈ કે સત્તાનો માલિક હોવા છતાં પણ ગામમાં, નગરમાં, જંગલમાં, ઉદ્યાનમાં, સ્મશાનમાં, કાયોત્સર્ગ, જાપ આદિ દ્વારા સંયમારાધન કરનારા સાધુ સંતોના ચરણે માથું મૂકીને નમન કરે છે. કેટલાકો તેમના ચરણને આંખે લગાડે છે, ત્યારે કેટલાકો તે મુનિઓનું થૂંક પણ પોતાના શરીર પર પડે, કે તેમના આશીર્વાદપૂર્વકનો વાસક્ષેપ કે તેમનો વરદ હાથ પોતાના મસ્તક પર પડે તેવી શ્રદ્ધાવાળા હોવાથી સન્માનપૂર્વક તેમ કરીને પોતાને ધન્ય માને છે. કેમ કે તેમની તેવી શ્રદ્ધા હોય છે કે, અમારા કરતાં મુનિરાજો લાખો વાર ચડિયાતા છે, શ્રેષ્ઠ છે, વંદનીય છે અને પૂજનીય છે,

તેમ માનીને તેમની સેવા, વૈયાવચ્ચ અને હાથ, પગ દબાવીને પણ સંતોષ માને છે.

લબ્ધિઓ કેટલી અને કેવી હોય છે ?

હવે આપણે લબ્ધિઓને શાસ્ત્રાનુસારે જાણવાનો પ્રયાસ કરીએ જેની પ્રાપ્તિ ઉત્કૃષ્ટતમ અહિંસાધર્મની આરાધનાને આભારી છે. કેમ કે અહિંસકને સંસારના સર્વે પદાર્થો પ્રતિ નિર્મમત્વભાવ વર્તતો હોવાથી વૈરાગ્યની પ્રાપ્તિ થયેલી હોય છે. જેના લીધે મન-વચન અને કાયાની એકાગ્રતા સધાય છે. અને સર્વે સંપત્તિઓ એકાગ્રતાને આભારી હોવાથી લબ્ધિઓ સુલભ બને છે.

(૧) आमोसहि पत्तेहिं....

આમર્શનો અર્થ સ્પર્શ છે, જે કેટલાક પ્રસંગોમાં ઔષધિની ગરજ સારે છે. તેની પ્રાપ્તિમાં ભૌતિકવાદ, મંત્રવાદ, તંત્રવાદ, સ્મશાન જાગરણ કે બીજી એકેય ક્રિયાઓ કામે આવતી નથી. પરન્તુ સાત્વિકતમ તપશ્ચર્યા રૂપ ચારિત્રધર્મની નિર્જરા, નિર્દંભ અને નિર્મમ આરાધના જ મૌલિક કારણ છે. આવા તપસ્વી મુનિરાજોના હાથમાં તેવા પ્રકારની લબ્ધિ વિશેષ પ્રાપ્ત થાય છે, જેનો આધિ-વ્યાધિ-રોગ અને સંતાપગ્રસ્ત માનવના શરીરને સ્પર્શ થતાં જ વ્યાધિઓનો અંત આવે છે. આ કારણે જ શ્રીમંતો, સત્તાધારીઓથી લઈ ગરીબ સુધીના માનવો પણ સાધુ સંતોનો હાથ પોતાના માથા પર મૂકાવવાનો ભાવ રાખે છે. કેવળ નાની ઉંમરની બાલિકાઓથી લઈને વૃદ્ધા

સુધીની સ્ત્રીઓનો સ્પર્શ જૈન મુનિઓને સર્વથા ત્યાજ્ય હોવાથી તેમના માથા પર દૂરથી વાસનિક્ષેપ કરે છે.

(૨) ખેલોસહિ પત્તેહિં :- શ્લેષ્મૌષધિ.

ઉપર પ્રમાણેના તપસ્વી મુનીના નાકમાંથી નિકળતો શ્લેષ્મ કે થૂંક વગેરે પણ ઔષધિતુલ્ય બની ગયેલ હોવાથી તેનો સ્પર્શ પણ રોગોનો નાશ કરે છે.

(૩) જલ્લોસહિ પત્તેહિ :- જલૌષધિ લબ્ધિ

શરીર તથા નાક, કાન, આંખ કે મુખમાંથી નીકળતો મેલ ઔષધિરૂપ જ હોવાથી માનવોના રોગની શાન્તિ થાય છે.

(૪) વિપ્પોસહિ પત્તેહિં :- વિપ્રુડૌષધિ લબ્ધિ.

તપસ્વી મુનીરાજોના મુખમાંથી નિઃસરતા થૂંકના છાંટા અથવા ટીકાકારના મતે મૂત્ર અને પુરીષના છાંટાઓ અમુક પ્રકારના રોગીઓને માટે ઔષધિતુલ્ય છે.

(૫) સવ્વોસહિ પત્તેહિં

ઉપરની ચારે લબ્ધિઓ ઉપરાંત મહાતપસ્વી મુનીઓના શરીરનો સ્પર્શ ઔષધસમાન બને છે. (જે મુનિઓ સંસાર અને સંસારી માનવોથી સર્વથા દૂર રહેનારા હોય છે તેવા તપસ્વીઓ લેવાના છે.)

(૬) બીજબુદ્ધિ – જેમ એક બીજમાંથી ધાન્યના ઢગલા થઈ જાય છે તેમ તીર્થંકર પરમાત્માઓની બીજતુલ્ય સૂત્રાત્મક આર્ષિક વાણીને બીજબુદ્ધિની અભૂતપૂર્વ લબ્ધિના માલિક

ગણધર ભગવંતો ૧૪ પૂર્વની કે દ્વાદશાંગીની રચના કરે છે. જેમ કે કેવળજ્ઞાન થયા પછી પૂર્વારાધિત તીર્થંકરપદની પ્રાપ્તિ થતાં ઇન્દ્ર મહારાજના આદેશાનુસાર દેવો સમવસરણની રચના કરે છે અને પૂર્વાભિમુખ બિરાજમાન થયેલા પરમાત્મા શ્રી મહાવીર સ્વામીએ 'ઉત્પાદવ્યય ધ્રૌત્યમ્' અર્થ ગંભીર આ ત્રણ શબ્દો બોલીને પ્રભુએ વિરામ લીધો, સૂત્રના ભાવને આંખના પલકારે સમજી ગયેલા ગણધરોએ તેનો વિસ્તાર કર્યો. તે દ્વાદશાંગી કહેવાય છે. તે 'દધાતુ તુષ્ટિં મયિ વિસ્તરો ગિરામ્' મારૂં કલ્યાણ કરાવનારી બનો.

(૭) કોષ્ઠ બુદ્ધિ–કોઠીમાં નાખેલ ધાન્ય કોઠીની મર્યાદાના કારણે ચલવિચલ થયા વિના સંગ્રહીત રહે છે. તેવી રીતે આ લબ્ધિના સ્વામીઓ પણ એકવાર સાંભળેલુ, ભણેલુ પદ, વાકય, સૂત્ર કે અર્થને કયારેય ભૂલતા નથી. કેમ કે અત્યદ્‌ભુત આ લબ્ધિના કારણે તેમની બુદ્ધિ સર્વથા અસંયમિત હોય છે.

(૮) પદાનુસારી :–સાંભળેલા એક પદ પરથી સેંકડો–હજારો પદોની રચના કરાવી આપે તે આ લબ્ધિને આભારી છે.

(૯) સંભિન્નશ્રોતસ્‌લબ્ધિ :—કોઈ પણ જાતની લબ્ધિ વિનાનો માનવ બીજા કોઇની વાત સાંભળવા માટે પોતાની શ્રવણ ઇન્દ્રિયનો આશ્રય લેતો હોય છે, જ્યારે અષ્ટ પ્રવચન માતાની પૂર્ણ આરાધના કરનાર મહાન તપસ્વીને જેમ જેમ જ્ઞાનાવરણીયાદિ કર્મોનું જોર ઓછું થતું જાય છે તેમ તેમ આત્મિક લબ્ધિઓ પણ મળતી રહે છે. તેમાં આ લબ્ધિના

જનમનરંજનની અમુક ચાલાકીઓ તો હાથ અને જીભની ચાલાકીથી મેળવી શકાય છે, જે કેવળ તેના માલિકોને પેટ ભરાવા સિવાય વધારે કંઈ પણ આપી શકે તેમ નથી. જ્યારે સંસારની અને વિષયવાસનાની માયાને મન-વચન અને કાયાથી ત્યાગી લીધા પછી ભગવતીઅહિંસાની આરાધના યદિ થાય તો આત્મિક જીવનમાં અભૂતપૂર્વ, અદૃષ્ટપૂર્વ અને ઘણા જીવોનું કલ્યાણ કરાવી શકાય તેવી લબ્ધિઓની પ્રાપ્તિ થયા વિના રહેતી નથી. તેમ છતાં તે પરમ પવિત્ર મુનિરાજો કયાંય અને કયારેય પણ તેનો દુરૂપયોગ કરતાં નથી, ગર્વિષ્ઠ થતાં નથી, હિંસકમાર્ગ તરફ જતા નથી. પ્રત્યુત ઉત્તરોત્તર આત્મોન્નતિ તરફ તેમનું પ્રસ્થાન આગળ વધે છે.

આટલું તો સૌ કોઈ પ્રત્યક્ષ અનુભવ કરી રહ્યાં છે કે, સંસારવર્તી અને ગૃહસ્થાશ્રમની માયામાં રચ્યો પચ્યો, અઢળક શ્રીમંતાઈ કે સત્તાનો માલિક હોવા છતાં પણ ગામમાં, નગરમાં, જંગલમાં, ઉદ્યાનમાં, સ્મશાનમાં, કાયોત્સર્ગ, જાપ આદિ દ્વારા સંયમારાધન કરનારા સાધુ સંતોના ચરણે માથું મૂકીને નમન કરે છે. કેટલાકો તેમના ચરણને આંખે લગાડે છે, ત્યારે કેટલાકો તે મુનિઓનું થૂંક પણ પોતાના શરીર પર પડે, કે તેમના આશીર્વાદપૂર્વકનો વાસક્ષેપ કે તેમનો વરદ હાથ પોતાના મસ્તક પર પડે તેવી શ્રદ્ધાવાળા હોવાથી સન્માનપૂર્વક તેમ કરીને પોતાને ધન્ય માને છે. કેમ કે તેમની તેવી શ્રદ્ધા હોય છે કે, અમારા કરતાં મુનિરાજો લાખો વાર ચડિયાતા છે, શ્રેષ્ઠ છે, વંદનીય છે અને પૂજનીય છે,

તેમ માનીને તેમની સેવા, વૈયાવચ્ચ અને હાથ, પગ દબાવીને પણ સંતોષ માને છે.

લબ્ધિઓ કેટલી અને કેવી હોય છે ?

હવે આપણે લબ્ધિઓને શાસ્ત્રાનુસારે જાણવાનો પ્રયાસ કરીએ જેની પ્રાપ્તિ ઉત્કૃષ્ટતમ અહિંસાધર્મની આરાધનાને આભારી છે. કેમ કે અહિંસકને સંસારના સર્વે પદાર્થો પ્રતિ નિર્મમત્વભાવ વર્તતો હોવાથી વૈરાગ્યની પ્રાપ્તિ થયેલી હોય છે. જેના લીધે મન-વચન અને કાયાની એકાગ્રતા સધાય છે. અને સર્વે સંપત્તિઓ એકાગ્રતાને આભારી હોવાથી લબ્ધિઓ સુલભ બને છે.

(૧) આમોસહિ પત્તેહિ....

આમર્શનો અર્થ સ્પર્શ છે, જે કેટલાક પ્રસંગોમાં ઔષધિની ગરજ સારે છે. તેની પ્રાપ્તિમાં ભૌતિકવાદ, મંત્રવાદ, તંત્રવાદ, સ્મશાન જાગરણ કે બીજી એકેય ક્રિયાઓ કામે આવતી નથી. પરન્તુ સાત્વિકતમ તપશ્ચર્યા રૂપ ચારિત્રધર્મની નિર્વ્યાજ, નિર્દંભ અને નિર્મમ આરાધના જ મૌલિક કારણ છે. આવા તપસ્વી મુનિરાજોના હાથમાં તેવા પ્રકારની લબ્ધિ વિશેષ પ્રાપ્ત થાય છે, જેનો આધિ-વ્યાધિ-રોગ અને સંતાપગ્રસ્ત માનવના શરીરને સ્પર્શ થતાં જ વ્યાધિઓનો અંત આવે છે. આ કારણે જ શ્રીમંતો, સત્તાધારીઓથી લઈ ગરીબ સુધીના માનવો પણ સાધુ સંતોનો હાથ પોતાના માથા પર મૂકાવવાનો ભાવ રાખે છે. કેવળ નાની ઉંમરની બાલિકાઓથી લઇને વૃદ્ધા

સુધીની સ્ત્રીઓનો સ્પર્શ જૈન મુનિઓને સર્વથા ત્યાજ્ય હોવાથી તેમના માથા પર દૂરથી વાસનિક્ષેપ કરે છે.

(૨) खेलोसहि पत्तेहिं :- શ્લેષ્મૌષધિ.

ઉપર પ્રમાણેના તપસ્વી મુનીના નાકમાંથી નિકળતો શ્લેષ્મ કે થૂંક વગેરે પણ ઔષધિતુલ્ય બની ગયેલ હોવાથી તેનો સ્પર્શ પણ રોગોનો નાશ કરે છે.

(૩) जल्लोसहि पत्तेहि :- જલૌષધિ લબ્ધિ

શરીર તથા નાક, કાન, આંખ કે મુખમાંથી નીકળતો મેલ ઔષધિરૂપ જ હોવાથી માનવોના રોગની શાન્તિ થાય છે.

(૪) विप्पोसहि पत्तेहिं :- વિપ્રુડૌષધિ લબ્ધિ.

તપસ્વી મુનીરાજોના મુખમાંથી નિઃસરતા થૂંકના છાંટા અથવા ટીકાકારના મતે મૂત્ર અને પુરીષના છાંટાઓ અમુક પ્રકારના રોગીઓને માટે ઔષધિતુલ્ય છે.

(૫) सव्वोसहि पत्तेहिं

ઉપરની ચારે લબ્ધિઓ ઉપરાંત મહાતપસ્વી મુનીઓના શરીરનો સ્પર્શ ઔષધસમાન બને છે. (જે મુનિઓ સંસાર અને સંસારી માનવોથી સર્વથા દૂર રહેનારા હોય છે તેવા તપસ્વીઓ લેવાના છે.)

(૬) બીજબુદ્ધિ – જેમ એક બીજમાંથી ધાન્યના ઢગલા થઈ જાય છે તેમ તીર્થંકર પરમાત્માઓની બીજતુલ્ય સૂત્રાત્મક આર્થિક વાણીને બીજબુદ્ધિની અભૂતપૂર્વ લબ્ધિના માલિક

ગણધર ભગવંતો ૧૪ પૂર્વની કે દ્વાદશાંગીની રચના કરે છે. જેમ કે કેવળજ્ઞાન થયા પછી પૂર્વારાધિત તીર્થંકરપદની પ્રાપ્તિ થતાં ઇન્દ્ર મહારાજના આદેશાનુસાર દેવો સમવસરણની રચના કરે છે અને પૂર્વાભિમુખ બિરાજમાન થયેલા પરમાત્મા શ્રી મહાવીર સ્વામીએ 'ઉત્પાદવ્યય ધ્રૌત્યમ્' અર્થ ગંભીર આ ત્રણ શબ્દો બોલીને પ્રભુએ વિરામ લીધો, સૂત્રના ભાવને આંખના પલકારે સમજી ગયેલા ગણધરોએ તેનો વિસ્તાર કર્યો. તે દ્વાદશાંગી કહેવાય છે. તે 'દધાતુ તુષ્ટિં મયિ વિસ્તરો ગિરામ્' મારૂં કલ્યાણ કરાવનારી બનો.

(૭) કોષ્ઠ બુદ્ધિ–કોઠીમાં નાખેલ ધાન્ય કોઠીની મર્યાદાના કારણે ચલવિચલ થયા વિના સંગ્રહીત રહે છે. તેવી રીતે આ લબ્ધિના સ્વામીઓ પણ એકવાર સાંભળેલુ, ભણેલુ પદ, વાકય, સૂત્ર કે અર્થને કયારેય ભૂલતા નથી. કેમ કે અત્યદ્ભુત આ લબ્ધિના કારણે તેમની બુદ્ધિ સર્વથા અસંયમિત હોય છે.

(૮) પદાનુસારી :–સાંભળેલા એક પદ પરથી સેંકડો–હજારો પદોની રચના કરાવી આપે તે આ લબ્ધિને આભારી છે.

(૯) સંભિન્નશ્રોતસ્લબ્ધિ :—કોઈ પણ જાતની લબ્ધિ વિનાનો માનવ બીજા કોઇની વાત સાંભળવા માટે પોતાની શ્રવણ ઇન્દ્રિયનો આશ્રય લેતો હોય છે, જ્યારે અષ્ટ પ્રવચન માતાની પૂર્ણ આરાધના કરનાર મહાન તપસ્વીને જેમ જેમ જ્ઞાનાવરણીયાદિ કર્મોનું જોર ઓછું થતું જાય છે તેમ તેમ આત્મિક લબ્ધિઓ પણ મળતી રહે છે. તેમાં આ લબ્ધિના

(૨૩) ઉત્ક્ષિપક ચરક, નિક્ષિપ્ત ચરક, અન્ત ચરક, પ્રાન્ત ચરક, રૂક્ષ ચરક, સમુદાન ચરક, અન્નગ્લાયક, મૌન ચરક, સંસૃષ્ટ કલ્પિક, તજ્જાત સંસૃષ્ટ કલ્પિક, ઉપનિહિતક, શુદ્ધૈષણિક, સંખ્યાદત્તિક, અદૃષ્ટ લાભિક, અદૃષ્ટિ લાભિક, પૃષ્ટ લાભિક, આચામ્લિક, પરિમડ્ઢ, એકાશનિક, નિવૃતિક, ભિન્નપિંડ પાતિક, પરિમિતપિંડ પાતિક, અન્તાહારી, પ્રાન્તાહારી, અરસાહારી, વિરસાહારી, રૂક્ષાહારી, તુચ્છાહારી, પ્રાન્તજીવી, રૂક્ષજીવી, ઉપશાન્તજીવી, વિવિક્તજીવી, અક્ષીર મધુ સર્પિક, અમદ્ય માંસાશિક, સ્થાનાતિગ, પ્રતિમાસ્થાયી, સ્થાનોત્કુટુક, વીરાસનિક, નૈષધિક, દંડાયતિક, લગંડ શાયી, એક પાર્શ્વક, અપ્રાવૃત, અનિષ્ઠીવક, અકંડુયક, ધૃત કેશશ્મિશ્રુલોમનખા, સર્વગાત્ર પ્રતિકર્મ વિમુક્ત ઇત્યાદિ ગોચરીપાણીના જુદા જુદા અભિગ્રહોને ધારણ કરનારા તથા જુદા જુદા આસનોથી આત્મ-સંયમિત મુનિરાજો પણ પોતાના આત્મિક જીવનની પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે અહિંસાધર્મની જ આરાધના કરતા હોય છે.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને વિકલેન્દ્રિયાદિ જીવોનું કયાંય હનન, મારણ, તાડન, પીડન ન થાય તેવી રીતે મુનિએ ભિક્ષા લેવી, જેથી લેવાવાળા મુનિને, દેવાવાળા દાતારને તથા બંનેને દોષ લાગવા પામે નહીં. ખરીદેલું, મંગાવેલું, સામેથી લાવેલું, દૂષિત, અર્ધદૂષિત અને વિકૃત આહારને ગ્રહણ ન કરે, તથા ગૃહસ્થોને જ્યોતિષ, મંત્ર, સામુદ્રિક આદિથી આકૃષ્ટ કરી ભોજનનું ગ્રહણ ન કરવું. સારાંશ કે જે કારણે મુનિને અષ્ટ પ્રવચનમાતા, નવ બ્રહ્મગુપ્તિ કે

છકાયના રક્ષણની પ્રતિજ્ઞાથી પતિત થવું પડે તેવી ભિક્ષા કે ભિક્ષાનો વ્યવહાર સદંતર છોડી દેવો જોઇએ. તેમ ગૃહસ્થોને દૃષ્ટિરાગ આદિની પ્રાપ્તિ થાય તેવા પ્રકારનું કર્તવ્ય કરવું મુનિરાજોને માટે ત્યાજ્ય છે. ગૃહસ્થોની પ્રશંસા, સત્કાર આદિના પ્રયોગોથી મુનિ જુદો રહે, મતલબ કે નવકોટિ શુદ્ધ આહારની ગવેષણા કરતો મુનિ સંયમ સ્થાનોમાં આગળ વધે છે.

અહિંસા ધર્મને દૃઢ કરવા માટે પાંચ ભાવનાઓ :–

પૈસા ખર્ચીને બજારમાંથી લાવેલા શાક, ભાજીપાલા કે બીજી કોઇ પણ ખાદ્ય સામગ્રીને સંસ્કારની આવશ્યકતા રહેલી છે. કેમ કે તે વિના રસોઇમાં સ્વાદિષ્ટતા આવતી નથી. સંસ્કારનો અર્થ છે કે શાકાદિમાંથી ન ખવાય તેવી નસો, ડીંટાઓનો ચપ્પુવડે કાપીને ત્યાગ કરે અને ઘી, મરચું, હિંગ, જીરા આદિ ઘટક દ્રવ્યોની ભાવના આપવી, જેથી તે શાકભાજી કે ફળો ખાવા માટે લાયકાતવાળા બનવા પામશે અને ખાનારને તુષ્ટપુષ્ટ કરશે. તેવી રીતે અનાદિ કાળથી કર્મોની માયાના કારણે અધાર્મિક, માયાવી, હિંસક બનેલા આત્માને પણ ભાવનાની આવશ્યકતા રહેલી છે. વૈદ્યક શાસ્ત્રમાં પણ લોહ, સુવર્ણ, આદિ ધાતુઓને અમુક પ્રકારની ઔષધિઓની ભાવના દીધા પછી જ તે લોહભસ્મ, સુવર્ણભસ્મ, પારદભસ્મ, હીરાભસ્મ, બંગભસ્મ આદિ બનવા પામે છે. મતલબ કે ભાવનાના સમયે ધાતુઓમાં રહેલું ગંદુ તત્ત્વ, મારક તત્ત્વ નીકળી જાય છે અને સારતત્ત્વ રહેવા પામે છે. માટે ખાનારને જીવિતદાન

દેનારી બને છે. મતલબ કે ભાવના વિનાના આત્મીય જીવનમાં પડેલા કુસંસ્કારો, પાપ સંસ્કારો તથા ગંદી ચેષ્ટાઓ કયારેય પણ મર્યાદામાં આવી શકતી નથી. માટે દેવ ગુરૂ અને સંઘ સમક્ષ સ્વીકારેલ અહિંસા વ્રતને પાળવાને માટે આત્માના પ્રદેશો સાથે ઓતપ્રોત કરવા માટે ભાવના બળ કેળવ્યા વિના એકેય સાધકને ચાલી શકે તેમ નથી. સૂત્રકાર સુધર્માસ્વામીજીએ અહિંસા ધર્મની રક્ષા માટે પાંચ ભાવનાઓને આ પ્રમાણે કહી છે, તેને ક્રમશઃ જાણવાનો પ્રયાસ કરીએ.

(૧) ઈર્યા સમિતિ....

આનાથી દેવ–ગુરૂ અને સંઘની સાક્ષીએ લીધેલું પ્રાણાતિપાત નામનું પહેલું વ્રત સુરક્ષિત રહેવા પામે છે. અનાદિ કાળથી જીવ માત્રને પ્રાણાતિપાત, જીવહત્યા કરવાની પડેલી આદતને સદંતર રોકી લેવા માટે સાધકે ચાલવાં–ફરવાં–બેસવાં–ઉઠવા, ખાવા–પીવામાં સ્થાવર કે ત્રસ જીવોનું હનન, મારણ, તાડન, ઘાતન–પીડન, રીબામણ વગેરે થવા ન પામે, તેવી રીતે શરીરનું સંચાલન કરવું તેને ઈર્યાસમિતિ કહેવાય છે. ચાલવા આદિમાં જે સ્થળે ચાલકનો પગ પડે ત્યાંથી સામેની સાડા ત્રણ હાથની જમીનથી અતિરિક્ત બીજી બધીય દિશાઓનું અવલોકન, સમ્યગ્જ્ઞાન પૂર્વક છોડી દેવું તથા તેટલી મર્યાદામાં લટ, શંખ, કીડા, પતંગીયા, કીડી, ઉધઇ, લીલકુલ, ઉપરાંત પુષ્પ, ફળ, છાલ, કોંપળ, પાંદડા, કંદમૂળ, ધાન્યના દાણા, પાણી વગેરે પર દ્રવ્ય અને ભાવ દયાનો ઉપયોગ કરી

તેમના પર પગ ન પડે તેમ ચાલવું તે ઇર્યાસમિતિ છે ગત ભવોની વિરાધના તથા હિંસકવૃત્તિ અને પ્રવૃત્તિનાં ફળ સ્વરૂપે ઠેકડા મારીને, જમીન પર પગ ઘસીને, ચાલવાની પડેલી આદત આ ચાલુ ભવમાં પણ ઉદયમાં આવી શકે છે, પરન્તુ થોડુક વિચારીએ કે બરાબ આદતોમાં જીવન પૂર્ણ કરી હિંસક બની ફરીથી આવતાં ભવોમાં કડવા ફળો ભોગવનારો બનવા પામું, તેના કરતાં તો ચાહે મુનિવ્રતધારી હોઉ કે મહાવીરસ્વામી પ્રત્યે શ્રદ્ધાળુ હોઉ બંને સાધકોને ઇર્યાસમિતિ પૂર્વક જેટલું બને અને જે રીતે પણ બને તે રીતે ત્રસ અને સ્થાવર જીવોનું રક્ષણ કરવું, આનાથી બીજો ઉત્તમોત્તમ ધર્મ એકેય નથી. આનાથી જીવનનો અણુ અણુ દ્રવ્ય અને ભાવ દયાળુ બનતાં સર્વ જીવોમાં અને મારામાં ક ઇ પણ ફરક નથી, તેવો ભાવ ઉત્પન્ન થશે. આ કારણે....

(૧) सव्वे पाणा न हीलियव्वा :–અર્થાત્ પ્રાણી માત્રના પ્રાણોની રક્ષા કરવાની પ્રતિજ્ઞા- વાળો અથવા ' અહિંસા પરમો ધર્મ ' ના સિદ્ધાન્તને માનવાવાળો હોવાથી નિગોદવર્તી જીવોથી લઈ ઇન્દ્ર સુધીના જીવોની અવજ્ઞા તેઓ કોઇ કાળે કરશે નહિ.

(૨) न निंदियव्वा :–જાણતાં કે અજાણતાં કોઈની પણ નિંદા, પર પીડાકારક હોવાથી આત્માને દૂષિત કરાવનારી આ ટેવ સાધક માત્રે છોડી દેવી જોઇએ, કેમ કે પર જીવોની સંપત્તિ, પુત્ર પરિવાર. વ્યાપાર, સ્ત્રી તથા તેમના સારા ગુણો

પ્રત્યે જ્યારે અસહિષ્ણુતાનો રોગ જન્મે છે તથા આ રોગ જ્યારે અસાધ્ય બને છે, ત્યારે તે જીવોને નિંદાની આદત પડે છે, વધે છે. જે સ્વપર ઘાતક હોવાથી એકાન્તે ત્યાજ્ય છે. કેમ કે પરનિંદાને ભાવહિંસા કહેલી છે. આવા નિંદકોથી પારકાની હાનિ થાય કે ન થાય તો પણ તેમનો સ્વઘાત થયા વિના રહેતો નથી.

(૩) ન ગરહિયવ્વા :-ઈર્ષ્યા, રોષ અને અસહિષ્ણુતા જ્યારે વૃદ્ધિ પામે છે ત્યારે બીજાઓની વચ્ચે સામેવાળાના છતા કે અછતા દોષોની જાહેરાત કરવારૂપ ભાવપાપને સાધકે પોતાના જીવનમાં કયારેય પણ પ્રવેશ કરવા ન દેવો.

(૪) ન હિંસિયવ્વા :-ચાલવા ફરવાથી, કપડા ઝાટકવાથી, ચિકાસવાળું પાણી ઉપરથી નીચે ફેંકવાથી કે બારી-બારણા બંધ કરવાથી નાના-મોટા જીવની વિરાધના થવા દેવી ન જોઇએ.

(૫) ન છિંદિયવ્વા :-તલવાર, છરી કે ચપ્પુથી કોઇ પણ જીવને રતિ માત્ર પણ હાનિ ન પહોંચે તેનો ખ્યાલ રાખવો.

(૬) ન ભિંદિયવ્વા :-બીજાઓના દ્રવ્યપ્રાણોને કે ભાવપ્રાણોને ભેદવાની નિરર્થક આદતોને તિલાંજલી દેવી જોઇએ.

(૭) ન વહેયવ્વા :-ગાળી, આક્રોશ, પુરૂષવચન કે તાડનતર્જનથી પણ બીજાને નુકશાન થાય, તેવા વ્યવસાય કરવા નહિ.

(૮) न भयं दुःखं च किंचि लब्भा पावेउ :–કોઈ પણ જીવ આપણાથી દુઃખી બને, ભયગ્રસ્ત કે ચિંતિત બને તેવો પ્રયાસ કરવો નહિ.

ઉપર પ્રમાણે દ્રવ્યઇર્યાસમિતિ કે ભાવઈર્યાસમિતિરૂપ ઉત્તમોત્તમ ધર્મનો આરાધક જીવ ભાવિતાત્મા કહેવાય છે અને આત્માની મલિનતા નાશ પામવાથી મનની પવિત્રતા વધે છે, ફળ સ્વરૂપે તે સાધક મુનિ શનૈઃ શનૈઃ સુસાધુ પદનો ધારક બની નિશ્રેયસ પદને પ્રાપ્ત કરે છે.

(૨) મનોગુપ્તિ :–પાંચ ભાવનામાંથી આ બીજી ભાવના છે. માનસિક જીવનની સ્વપર દ્રોહાત્મક પાપભાવનાઓનો સંપૂર્ણ નિગ્રહ કરવો. જેથી દ્રવ્ય અને ભાવઅહિંસાની આરાધના સફળ બનવા પામશે. શરીર અને વચન કરતાં પણ મનને રૌદ્રધ્યાનમાં સરકી જતાં વાર લાગતી નથી. શાસ્ત્રવચન છે કે નદી, સરોવર કે હવાનો નિરોધ કરવો સરળ છે, પરંતુ ભાવમન(સૂક્ષ્મમન)નો નિરોધ ઉપશમિત મોહવાળાઓ માટે પણ દુષ્કર બની શકે છે. તેમ છતાં અહિંસાનો અનુયાયી પોતાના મનને ધર્મધ્યાન કે શુક્લધ્યાનમાં જોડવા માટે પ્રયત્નશીલ રહેશે અને જે માર્ગથી, ભાષણથી, વ્યવહારથી, વ્યાપારથી કે સામાજિક કાર્યોથી પણ આર્તધ્યાન કે રૌદ્રધ્યાન થાય તે બધાય કાર્યોને અવિલંબ છોડી દેશે. સૂત્રકાર ફરમાવે છે કે પાપ, સ્વાર્થ, લોભ કે માયાવશ બનીને તું કોઇને માટે પણ અશુભ, દારૂણ, નૃશંસ, વધ, બંધન અને પરિક્લેશપૂર્ણ

ચિંતવન કરીશ નહિ. કેમકે અશુભ વિચાર દુર્ગતિદાયક છે, દારૂણ વિચાર સામેવાળાને તીવ્ર દુઃખ દેનાર છે, નૃશંસભાવથી પોતાના આત્માનો જ ઘાત થાય છે, વધ–કોઇને મરવું પડે, બીજાને બંધાઈ જવું પડે ઇત્યાદિ પારકાના માટેના પાપ વિચારો તેમજ તારો આત્મા વજનદાર થાય તેવા સંકલ્પોને છોડી દેવા માટે સ્વાધ્યાય, જાપ, ધ્યાન, ગુરૂકુળ-વાસ અને પઠન–પાઠનમાં મનને જોડી દેવાથી અહિંસાધર્મની આરાધના સફળ બનશે.

(૩) ભાષાસમિતિ :—અહિંસાધર્મની આરાધના માટે આ ત્રીજી ભાવના છે. મનને સ્વાધીન કર્યા પછી પણ ભાષા-વર્ગણાના પુદ્ગલોનો ઉપયોગ પરપીડા માટે, સ્વઘાત માટે, વૈર–વિરોધની વૃદ્ધિ માટે તથા બીજા કોઇ પણ જીવને હિંસા, જૂઠ કે દુરાચારના માર્ગે લઈ જવામાં કરીશ નહિ. કેમકે જીભઇન્દ્રિયને પાપમાર્ગે જવામાં અનાદિકાળની કુટેવ પડેલી છે. માટે તેનો અવરોધ કરવો, તથા આગળ કહેવાશે તેવા ભાષાપ્રયોગને સદંતર છોડી દેવો જોઇએ.

(૪) એષણાસમિતિ :–અહિંસાવ્રતની સર્વથા નિરતિ-ચાર આરાધના માટે અને ખાસ કરી પંચમહાવ્રતધારી મુનિરાજોને માટે આહારની ગવૈષણા કેવી રીતે કરવી ? તેના માટે આ ચોથી ભાવના છે. યદ્યપિ મહાવ્રત વિનાના માનવોને માટે લોકૈષણા, ભોગૈષણા અને વિતૈષણારૂપે ત્રણ એષણા કહેલી છે, પણ તેના મૂળમાં પ્રાયઃ કરી અર્થ અને કામની

લાલસા જ રહેલી હોય છે. જ્યારે સંસારના પ્રત્યેક પદાર્થ પ્રત્યે નિર્મમત્વભાવપૂર્વક વૈરાગી, દીક્ષિત અને શિક્ષિત બનેલા જૈન મુનિરાજો અર્થ અને કામથી સર્વથા પર હોવા છતાં પણ અનિવાર્યરૂપે આહારની ગવૈષણા તેમને પણ કરવાની ફરજ પડે છે, પણ આ ગવૈષણામાં વૈરાગ્ય છે, નિર્મમત્વભાવ છે અને કાયાની માયાનો અભાવ છે, તેમ છતાં પૂર્વભવીય મોહજન્ય સંસ્કારોના કારણે ગોચરી જતા મુનિરાજોની કયાંય ભૂલ ન થવા ન પામે, તેવા ઉદ્દેશથી સૂત્રકાર સુધર્માસ્વામીજી ફરમાવી રહ્યાં છે કે, હે સાધક મુનિ! કંચુકીના ભારને ભાર સમજી સાપ જેમ તેને છોડી દે છે, તેવી રીતે ગૃહસ્થાશ્રમ અને તેને લગતી ખાન-પાન, રહેણીકરણી, વ્યાપાર, વ્યવહાર તેમજ સગા સંબંધીઓની માયાને પાપનોભારો સમજીને તમે છોડી દીધી છે. તો હવે તે પાપના ભારાને સ્મૃતિમાં લાવવાની જરૂરત રહેતી નથી. તેથી ગોચરી પાણીએ જતાં-આવતા તારી ખાનદાની, શ્રીમંતાઈ, તારા સંસારી પિતા તથા ભાઇ આદિનો લાખો-કરોડોનો વ્યાપાર, ઘરમાં આવેલી-પીધેલી સારામાં સારી ભોજન સામગ્રીને કોઈ પણ શ્રાવકને કે શ્રાવિકાને કહેવાની આવશ્યકતા રહેતી નથી. જેમ ગળા સુધી આવેલી કડવી ચીજને પાછી જીભ પર લાવતાં તે કડવી લાગ્યા વિના રહેતી નથી, તેવી રીતે કડવા તુંબડા જેવી કડવી સાંસારિક માયાને યાદ કરતાં તારા ચારિત્રધનને તથા એષણાસમિતિને ધક્કો લાગ્યા વિના રહેશે નહિ. પ્રત્યેક ગૃહસ્થને ત્યાંથી થોડું થોડું વહોરજે, લાભાન્તરાય કર્મ ક્ષયોપશમના કારણે

ગૃહસ્થીને જેમ ઓળખાણ દેવાની રહેતી નથી, તેમ લાભાન્તરાય કર્મના ઉદયે કદાચ નબળી ગોચરી મળી તો દાતાની કે ગામની નિંદા પણ ન કરવી જોઇએ. પ્રત્યેક સમયમાં પોતાનો વિનયગુણ વધે તેમ જીવન બનાવવું. પોતાની મંડળીમાં રહેલા બાળ, ગ્લાન, વૃદ્ધ તેમજ ભણતા–ગણતા મુનિરાજોની વૈયાવચ્ચનો ઉત્તમોત્તમ લાભ મેળવવાનો ઉત્સાહ રાખવો અને ગોચરી લઇને પોતાના ગુરૂ પાસે આવે, માર્ગમાં જતાં–આવતા લાગેલા અતિચારોની શુદ્ધિ અર્થે ઇરિયાવહી કરે, આલોચના કરે અને ફરીથી ઉદ્‌ગમાદિ દોષો ન લાગે તેવી ભાવના રાખે. આલોચના કર્યા પછી શાન્ત થઈ બેસવું, ગોચરી જતાં લાગેલ પરિશ્રમ, થાક આદિનો વિચાર ન કરે પણ 'મારા અહોભાગ્ય છે કે, પંચ મહાવ્રતધારી, તપસ્વી, બાળ, ગ્લાન, આદિ મુનિરાજોની સેવાનો અવસર મળ્યો, પછી મુહૂર્ત માત્ર ધ્યાનસ્થ બને. ત્યાર પછી અરસ, વિરસ, નિરસ કે સરસ ભોજન પ્રત્યે સમચિત્ત બની જ્યાં ગોચરી વાપરવાની છે, ત્યાં કાજો લઇ ભૂમિ શુદ્ધિ કરે, આસન પાથરે તથા ગુરૂઓને તથા સમાનધર્મી મુનિઓને ગોચરી વાપરવા માટે આમંત્રણ આપે અને ગુરૂની આજ્ઞા મેળળીને પ્રસન્ન ચિત્તે ગોચરી વાપરે. આ રીતે ભિક્ષાચર્યાની શુદ્ધતાનો ખ્યાલ રાખવાથી ઇન્દ્રિયોનો તથા શરીરનો મોહ ઘટવા પામશે.

(૫) આદાનનિક્ષેપ :–જેનાથી આપણો આત્મા અહિંસા-ધર્મની આરાધનામાં કયાંય સ્ખલિત ન થાય તે માટે આ પાંચમી ભાવના છે. કેમકે જમીનનો ઇંચ જેટલો ભાગ પણ

જીવરહિત નથી. તેથી વસ્તુ માત્ર મૂકતી વખતે જીવ ન દેખાય પણ અનજાનમાં કોઈ જીવ ચગદાઈ ગયો તો ? ઉતાવળમાં પુસ્તકના પાનાને બંધ કરતાં વચ્ચે માખી, મચ્છર દબાઈ ગયા તો ? ઇત્યાદિ કારણોને લઈ આ પાંચમી ભાવનામાં પાટ, પાટલા, શય્યા, વસ્ત્ર, પાત્રા, તરપણી, ઝોળી, પળા, પુસ્તક, ટેબલ, ડાંડો, ડંડાસન, ઓઘો, ચોલપટ્ટો આદિ ઉપધિને પવન, ગરમી, બિમારીથી થતાં આર્તધ્યાનથી બચવા માટે રાખવી પડે. માટે તેને લેતી વખતે કે મૂકતી વખતે તે સ્થાનનું પડિલેહણ કરવું, બેસવા-ઉઠવામાં ઓઘાથી જમીન પુંજવી, ગુરૂને વંદન કરતી વખતે મુહપત્તિનું પડિલેહણ કરી તેનાથી શરીર પુંજવું પછી વંદનાદિ ક્રિયાઓ કરવી જોઇએ. મતલબ કે પ્રમાર્જન-પડિલેહણ કર્યા વિના કોઇ પણ વસ્તુને ઉપયોગમાં લેવી નહિ.

આ પ્રમાણેની પાંચ ભાવનાઓથી અહિંસા નામના પ્રથમ સંવરધર્મની આરાધના કરતો તે મુનિ આશ્રવરહિત, ક્લેશરહિત, પાપરહિત બનીને સંસારને ટૂંકો કરવાવાળો થશે અથવા કર્મોની સંપૂર્ણ નિર્જરા કરીને સિદ્ધશિલાનો વાસી બનશે. જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરસ્વામીએ ઉપર પ્રમાણે સંવરધર્મ કહ્યો છે.

卐 પ્રથમ સંવરદ્વાર પૂર્ણ 卐

બીજું સંવરદ્વાર :-

પાંચ સંવરોમાં અહિંસાસંવરનું વિવરણ કર્યા પછી ક્રમાગત બીજા સંવરની વ્યાખ્યા કરવામાં આવે છે. કેમ કે પ્રાયઃ કરીને મૃષાવાદપૂર્વકના વચનોનો ત્યાગી જ અહિંસા-ધર્મની આરાધના કરી શકે છે. માટે અહિંસક બનવાવાળા ભાગ્યશાળીએ સત્યધર્મ સ્વીકાર કરવો જ જોઇએ. સત્ય શું છે? તેનું સ્વરૂપ શું છે? તે જણાવવા માટે સૂત્રકાર ફરમાવે છે કે, હે જમ્બૂ! સમવસરણમાં બિરાજમાન દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીએ સત્યનું સ્વરૂપ જે રૂપે કહ્યું છે તે હું તને કહીશ.

(૧) સત્યવચન :–માનવીય ગુણોના ધારક, પાપભીરૂતા પ્રાપ્ત સજ્જન પુરૂષોને જે હિતકારક હોય, સદ્‌ગુણોનો જેમાં અપલાપ ન હોય તથા યથાસ્થિત પદાર્થોને વિપરીત પ્રકારે કહેવામાં ન આવે તેને સત્યવચન કહેવાય છે. અથવા હિંસક–જૂઠા અને દુરાચારી માનવોને છોડી જે સત્પુરૂષો છે, તેમની જીભથી બોલાતું વચન સત્યવચન છે. અથવા પરજીવોનું રક્ષણ કરનાર, તેમનું આત્મહિત કરનાર તથા કોઇને પણ ઉદ્‌વેગ, અશાન્ત, અપમાનિત, તિરસ્કૃત કે પીડિત કરનાર ન હોય તે સત્યવચન છે.

(૨) શુદ્ધ :–સ્વપર દ્રોહાદિ દોષોથી રહિત ભાષા, શુદ્ધ ભાષા છે.

(૩) શુચિક :–જે ભાષામાં કોઈ જાતની અપવિત્રતા નથી હોતી તે શુચિક ભાષા છે.

(૪) શિવ :–જે ભાષા વ્યવહારથી બોલનાર કે સાંભળનારને મોક્ષ તરફ પ્રસ્થાન કરવાની ઈચ્છા થાય તેને શિવ-ભાષા કહેવાય છે.

(૫) સુજાત :–પવિત્રભાવથી બોલાયેલ વચન તે સુજાત છે.

(૬) સુભાષિત :–સાંભળનારને પ્રમોદ કરનારૂં વચન સુભાષિત છે.

(૭) સુકથિત :–પક્ષપાત રહિત વચનને સુકથિત વચન કહે છે.

(૮) સુવ્રત :–સર્વ પ્રકારના વ્રતોમાં અને નિયમોમાં મુખ્ય વ્રત સત્ય હોવાથી તેને પુષ્ટ કરાવનારૂ વચન સુવ્રત-વચન છે.

(૯) સુદિટ્ઠું :–અતીન્દ્રિય જ્ઞાનીઓએ સત્યવચનને મોક્ષપ્રાપક કહેલું હોવાથી તે સુદિટ્ઠું છે.

(૧૦) સુપ્રતિષ્ઠિત :–અનુમાન, પ્રત્યક્ષ, પરોક્ષ અને આગમથી પણ પ્રમાણભૂત હોવાથી સુપ્રતિષ્ઠિત છે.

(૧૧) સુપ્રતિષ્ઠિત જસ :–સત્યવાદી, સત્યવ્યવહારી અને સત્યવ્યાપારી ત્રણે માનવો લોકમાં યશસ્વી બનતા હોવાથી સુપ્રતિષ્ઠિત યશ કહેવાય છે.

આ ઉપરાંત સુસંયમિત વચન દેવેન્દ્રો અને નરેન્દ્રોથી પ્રશંસિત છે ક્રિયાશીલ મુનિરાજોનું ધર્માચરણ છે. તપ અને નિયમોથી ગૃહીત છે. અર્થાત્ સત્યથી તપ અને નિયમો ફળીભૂત બને છે વિદ્યાધરોની આકાશગામિની વિદ્યાનું મૂળકારણ છે, મોક્ષનું સોપાન છે. અર્થાત્ સત્યધર્મની આરાધના જ મોક્ષની આરાધના છે, મિથ્યાભાવ અને મિથ્યાત્વથી સર્વથા રહિત છે, સરળતાનું પ્રવર્તક છે, કૌટિલ્યથી દૂર છે, યથાર્થનું પ્રતિપાદક છે. પારમાર્થિક દૃષ્ટિએ સત્યવચન પરમ શુદ્ધ છે. સર્વે દ્રવ્યોના યાથાર્થ્યનો પ્રકાશક છે. વિસંવાદ અને દુર્વાદથી દૂર છે. આત્મકલ્યાણને માટે મધુર છે, સાક્ષાત્ દેવ સ્વરૂપ જ છે. ઘણા સ્થળે મનુષ્યોને આશ્ચર્ય પમાડનાર છે. જેમકે, સત્યના મીઠા ફળોની પ્રાપ્તિ જ્યારે થાય છે, ત્યારે સૌ આશ્ચર્યચકિત થઈ જાય છે. સમુદ્રમાં ડુબવાની અણી પર આવેલી નૌકાઓ પણ સત્યના પ્રભાવથી ઉગરી જાય છે. પાણીના ઉંડા વમળમાં ફસાયેલા માણસો સત્યથી ઉદ્ધરિત થાય છે, અગ્નિથી બચાવ થાય છે. ઉકળતા તેલમાં પણ બળતા નથી. લાલચોળ લોઢાના ગોળાને પણ સત્યવાદી હાથમાં પકડી લે છે તો પણ હાનિ થતી નથી. પર્વત પરથી પડતાં જીવો પણ અખંડિત રહેવા પામે છે. માનવસમૂહના ધક્કામુકાઓથી પડી ગયેલા વૃદ્ધો અને બીજાઓ પણ બચી જાય છે. યુદ્ધમાં જય અપાવે છે. રણમેદાનમાં લાગેલા 'ઘા' પણ રૂઝાય જાય છે. વધબંધન કે કારાવાસમાંથી સત્યના પ્રભાવે જ નિરાબાધ મુક્ત થાય છે. શત્રુઓની વચ્ચે પણ યશસ્વી બને છે. દેવો પણ

સત્યવાદીનું સાન્નિધ્ય સ્વીકારે છે. આ પ્રમાણે પ્રસ્તુત આગમમાં સત્ય નામના સંવરધર્મનું વર્ણન કરવામાં આવ્યું છે.

સત્યનું માહાત્મ્ય....

ઉપર પ્રમાણેનું સત્ય નામનું બીજું મહાવ્રત ભૂત-ભવિષ્ય અને વર્તમાનકાળના તીર્થંકર પરમાત્માઓથી ઉપદિષ્ટ છે. જનપદસત્ય, સંમતસત્ય, સ્થાપનાસત્ય, નામસત્ય, રૂપ-સત્ય, પ્રતીત્યસત્ય, વ્યવહારસત્ય, ભાવસત્ય, યોગસત્ય અને ઉપમા સત્યરૂપે દસ પ્રકારે સત્યને દસવૈકાલિક આદિ ગ્રંથોથી જાણવું. ૧૪ પૂર્વધરોએ સત્યવાદ પૂર્વરૂપે જાણ્યું છે. દર્શન-જ્ઞાન અને ચારિત્રની આરાધનામાં ચરમસીમાએ પહોંચેલા મહર્ષિઓએ પણ સત્ય વચનને સિદ્ધાંતરૂપે સ્વીકાર્યું છે. ઇન્દ્રો તથા ચક્રવર્તીઓએ પોતાના આત્મિક પ્રયોજનમાં ઉપાદેયરૂપે માન્ય કર્યું છે. વૈમાનિક દેવોએ પોતાની સાધના માટે સત્યનું સેવન કર્યું છે. મંત્ર-ઔષધિ આદિ વિદ્યાઓની સાધનામાં મૌલિક કારણ સત્ય છે. આની આરાધનાથી મહાન અર્થોની પ્રાપ્તિ પણ સુલભ બને છે. ચારણ મુનિઓને આકાશગામિની વિદ્યા અને મુનિઓને વૈક્રિયાદિ લબ્ધિઓની પ્રાપ્તિ સત્યથી થાય છે. મનુષ્યોને માટે વંદનીય, અસુરોને માટે પૂજનીય હોવાથી પ્રત્યેક ધર્માવલંબીઓએ પણ સત્ય-ધર્મને સર્વશ્રેષ્ઠ ધર્મ કહ્યો છે. ત્રણે લોકમાં સારભૂત છે. આવું સત્યવચન અક્ષોભ્ય હોવાથી સમુદ્રની જેમ ગંભીર છે, મેરૂપર્વતની જેમ સ્થિર છે, ચંદ્રની જેમ શીતળ છે. માટે

સત્યવાદીને કયાંયથી પણ સંતાપ થતો નથી. સૂર્યમંડળની જેમ પદાર્થના સત્ય સ્વરૂપને પ્રકાશિત કરે છે. શરદ ઋતુની જેમ નિર્મળ છે. ગંધમાદન પર્વતની જેમ સુગંધી છે, આ પર્વત મહાવિદેહ ક્ષેત્રમાં ગજદંત આકારે છે, જે અત્યંત સુગંધમય છે. મંત્રો, જંત્રો અને રોહિણી પ્રજ્ઞપ્તિ વિદ્યાઓ આદિ માટે સત્યધર્મ જ આરાધ્ય ધર્મ છે. મતલબ કે ત્રણે લોકમાં છેવટે કેવળજ્ઞાનની પ્રાપ્તિ પણ સત્યને જ આધીન છે.

સ્વપર ઘાતક સત્ય પણ ત્યાજ્ય છે.

માનવ જીવનમાં સુખ-શાન્તિ અને સમાધિને ચાહનારા ભાગ્યશાળીઓએ સદૈવ સત્યભાષાનો જ ઉપયોગ કરવો જોઇએ. જેથી સમ્યક્ત્વની પ્રાપ્તિ સુલભ બનશે, શરીરના સાતે ધાતુઓ સાત્વિક થશે, મન પવિત્ર બનશે, આત્માનું ઉર્ધ્વીકરણ થશે અને છેવટે તે મનુષ્યના ખોળીયામાં જ દેવ જેવો બનશે. જે સર્વથા ઉપાદેય એટલે જીન્દગીના પ્રારંભ કાળથી સ્વીકાર કરવા લાયક તથ્ય છે. જે પુરૂષાર્થી ભાગ્યશાળીઓ મૃષાવાદનો સંપૂર્ણ ત્યાગ કરી સત્ય સંવર ની પૂર્ણ આરાધના કરવા માટે તૈયાર થયેલા છે, તેમણે પોતાના સંયમધર્મનો જ ખ્યાલ રાખીને મૃષાવાદનો ત્યાગ કરવો જ જોઇએ. તથા જે આંશિક વ્રતવાળા હોય તેમને અનિવાર્ય પ્રસંગને છોડીને સ્વપરઘાતક મૃષાવાદના ત્યાગ માટે પ્રયત્ન કરવો જોઇએ, અને તે વિનાના જીવાત્માઓએ પણ જેનાથી વ્યવહાર બગડે, પુત્ર પરિવાર બગડે, પારકા જીવોને ભૂખે મરવું પડે

કે તેમના બાળ બચ્ચાઓને રીબાવવું પડે, તેવા પ્રકારના જૂઠ વ્યવહાર છોડવા માટે પ્રયત્નશીલ થવું, જેનાથી દેવ-દુર્લભ માનવાવતાર ઘણા પાપોથી બચવા પામશે અને આવનારા ભવો પણ સુખદાયક બનશે.

સમ્યગ્જ્ઞાનના અભાવમાં માનવમાત્રના જીવનમાં ભ્રમજ્ઞાન, વિપરીત જ્ઞાન અને અજ્ઞાનનું સામ્રાજ્ય હોવાથી તેઓ કાંણા ને કાણો કે દુરાચારીને દુરાચારી કહેવામાં તથા ભ્રમજ્ઞાનના માલિકો પારકા જીવોનું ભલું કરવાના અતિ ઉત્સાહમાં આવીને પણ સ્વઘાતક કે પરંપરાએ પરઘાતક જૂઠ ભાષાનો ઉપયોગ કરવામાં વાંધો જોતા નથી. આ કારણને લઇ જીવ માત્રના અનાદિ કાળના અજ્ઞાનજન્ય કુસંસ્કારોને નાબૂદ કરાવવામાં ભાવદયાળુ સૂત્રકાર શ્રી સુધર્માસ્વામીજીએ કહ્યું કે– વ્યવહાર નયે ભાષા વ્યવહાર સત્ય હોવા છતાં પણ જેના મૂળમાં હિંસા, પ્રપંચ, સ્વાર્થ, ઇર્ષ્યા, અદેખાઇ કે સ્વોત્કર્ષતા આદિ ગંદા તત્ત્વો રહેલા હોય તેને સત્યભાષા કહેવાય જ નહિ. કેમ કે જેનાથી અહિંસાની પુષ્ટિ થાય તેને જ સત્યભાષા કહેવામાં આવી છે. પરન્તુ ૧૭ પ્રકારના સંયમને બાધા કરે, હિંસાના પાપ માર્ગે બીજાઓને પ્રસ્થાન કરાવે, વિકથા રૂપ પાપકથાઓથી ચારિત્રનો ભેદ કરાવે, સર્વથા નિરર્થક અને નિષ્ફળ વચનોથી પરસ્પર કલહ–વાદવિવાદ વધવા પામે, જે વચન ન્યાયરહિત હોય, બીજાને કલંક લાગે, વૈર – વિરોધ ભડકાવે, તેમ સામેવાળાઓને વિડંબના થાય તેવી સત્યભાષા પણ આત્મ-

કલ્યાણાર્થીઓએ છોડી દેવી જોઇએ તથા પોતાનું અહં પોષાય, રોષ વધે, ધિક્કાર વધે તેવી ભાષા પણ ન બોલવી. બોલનાર તથા સાંભળનારને શરમ લાગે અથવા બીજાઓની શરમ તુટે, સામેવાળો આપણી નિંદા કરે કે સામે ઘૂરકે, જેમ કે "મુનિરાજોથી આવી ભાષા, આવી ગાળો, આવા અસભ્ય વચનો બોલાતા હશે?" આવી ભાષાને મહાવ્રતધારીઓએ છોડી દેવી. બીજાના કે બોલનારના દુશ્મનના પણ દોષો, મર્મો ઉઘાડા પડે તેવી ભાષા ન બોલવી. અસ્પષ્ટ, અજ્ઞાત કે પોતાની પ્રશંસા અને બીજાની નિંદા થાય તેવી ભાષા પણ છોડી દેવી. જેમ કે "તમે મેધાવી નથી, ધન્યવાદને લાયક નથી, ધર્મનો છાંટો પણ તમારી પાસે નથી, જ્ઞાનદાની પણ તમારામાં દેખાતી નથી, દાનેશ્વરીપણું પણ તમારામાં નથી, કાયર છો, દેખાવમાં પણ તમે સારા નથી, સૌભાગ્યત્વ પણ તમને મળ્યું નથી, પંડિતાઇથી હજારો માઈલ દૂર છો, બહુશ્રુત નથી, તપસ્વી નથી, પરલોકને બગાડવાવાળા છો, જૈન શાસનની શ્રદ્ધા વિનાના છો, તમારું જ્ઞાનદાન સારૂં નથી, તમે કોઢિયા જેવા છો, ગંદા છો, રોગિષ્ટ છો." ઉપર પ્રમાણે બોલીને બીજાઓને કયારેય પણ નિંદવા નહિ જોઇએ. નિંદા, હીલના, અપમાન કે તિરસ્કાર પણ ન કરવા. યદ્યપિ કંઇક અંશે સત્યપણું દેખાતું હોય તો પણ બીજાને દુઃખદાયી બનવા પામે તેવી ભાષા મુનિઓએ ન બોલવી.

ત્યારે વ્રતધારીઓ કેવી ભાષા બોલે?

દ્રવ્ય, ગુણ અને પર્યાયની યથાર્થતા જેમાં હોય તેવી ભાષા બોલવા લાયક છે. કેમ કે દ્રવ્યના આશ્રય વિના ગુણો અને પર્યાયો તથા ગુણો અને પર્યાયો વિનાનું દ્રવ્ય સંસારભરમાં કયાંય જોવા મળી શકે તેમ નથી. તેમ દ્રવ્યથી ગુણ અને પર્યાયો સર્વથા ભિન્ન પણ નથી અને અભિન્ન પણ નથી. તૃણથી લઈ સિદ્ધાત્મા સુધીના દ્રવ્ય માત્રને ગુણ અને પર્યાય હોય છે. ગાય નામના દ્રવ્યમાં શબલત્વ, શુક્લત્વ કે કૃષ્ણત્વાદિ ગુણો અને નાના મોટા આકાર આદિ પર્યાયો તાદાત્મ્ય સંબંધથી રહેલા હોવાથી અભિન્ન છે, અને ભિન્ન એટલા માટે કે ત્રણેના નામ અને કર્મ જૂદા જૂદા છે. વ્રતધારીઓ આ ત્રણેનું યાથાર્થ્ય સર્વ પ્રથમ જાણે અને પછી તેવી ભાષા બોલે, જેથી ભાષાસમિતિ દૂષિત થવા પામશે નહિ. બોલાતી ભાષામાં ક્રિયા વિશેષણોને યથાયોગ્ય સ્થાને મૂકે તથા આગમ ને અબાધિત ભાષા બોલે. નામ, ક્રિયા, અવ્યય, ઉપસર્ગ, તદ્ધિત, સમાસ, સન્ધિ, પદ, હેતુ, યોગ, ઉણાદિ પ્રત્યયો, ધાતુ, સ્વર, વિભક્તિ અને વર્ણોનો પ્રયોગ યથાયોગ્ય કરવો, જેથી બોલનાર, સાંભળનાર, લખનાર કે વાંચનારને મતિભ્રમ થવા ન પામે. અમુક ગામના બધા માણસોની કંજુસાઈ માટે કહેવું હોય ત્યારે 'જ' નો પ્રયોગ કયાં કરવો. જેમ કે :-

(૧) અમુક જ ગામના બધાય માણસો કંજુસ છે.
(૨) અમુક ગામના જ બધાય માણસો કંજુસ છે.
(૩) અમુક ગામના બધા જ માણસો કંજુસ છે.
(૪) અમુક ગામના બધાય માણસો જ કંજુસ છે.

(૫) અમુક ગામના બધાય માણસો કંજુસ જ છે.

(૬) અમુક ગામના બધાય માણસો કંજુસ છે જ.

ઉપરના છ વાકયોમાં એક ' જ ' અવ્યય જૂદા જૂદા સ્થાનોમાં કેવી રીતે અર્થ ફેર કરે છે તે સહજ જણાઈ આવે છે, તેથી સાંભળનારને કે વાંચનારને મુનિઓની ભાષામાં વિસંવાદિતા ન થાય તેવી ભાષા બોલવી.

જે વસ્તુને સિદ્ધ કરવાની છે તે સાધ્ય કહેવાય. તેને સિદ્ધ કરવા માટે હેતુનો પ્રયોગ પણ આવનાભાવી એટલે કે, હેતુ અને સાધ્યનો સંબંધ બીજે કયાંય ન હોવો જોઈએ. જેમકે ગાય કેવી ? કાળી કહીએ તો લેંસ પણ કાળી હોય છે. સિંગ પણ હોય છે. એક બકરીનો હેતુ પણ ગાયને સિદ્ધ કરી શકે તેમ નથી. આવી સ્થિતિમાં ગાયનું બરૂ લક્ષણ, તેના ગળામાં લટકતી ચામડી-કોબલો (સાસ્નાદ્વિમત્વં) જ બરૂ લક્ષણ છે, કેમ કે તે ગાય અને બળદને છોડી બીજે કયાંય હોતું નથી. તેવી રીતે જીવનું લક્ષણ શું ? ઓસવાલ, પોરવાલ, મારવાડી, ગુજરાતી, શ્રીમાળી, પૈસાવાળો, સાધારણ વગેરે ન હોઈ શકે. ત્યારે ' ઉપયોગ ' એ જીવનું લક્ષણ છે, એટલે કે સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર, પરાક્રમ આદિ જીવમાં જ હોય છે, અજીવમાં હોતા નથી. મુનિઓએ પોતાની ભાષા સમિતિને અકબંધ રાખવા માટે હેતુનો ઉપયોગ સત્ય સ્વરૂપે કરવો. બોલાતી ભાષામાં વચન, વિભક્તિ, વાકય આદિનો ઉપયોગ ઠીક રૂપે કરાય તેવી ભાષા બોલવી જોઈએ તથા

કાવ્યની અર્થ ઘટના યથાયોગ્ય કરવી જોઈએ કે "ગુણ સઘળા અંગે કર્યા...." ઋષભદેવ પ્રભુના શરીરનું વર્ણન આ સ્તવનમાં કરાયું છે. સમવાયાંગ સૂત્રમાં નિર્દિષ્ટ શારીરિક લક્ષણો ઋષભદેવમાં હતાં અર્થાત્ બધાય ગુણો અંગ અર્થાત્ શરીરમાં હતાં માટે અંગે કર્યા પાઠ જ ઠીક છે. 'અંગી કર્યા પાઠ' અસંગત છે. તેવી રીતે "ભાખે સાર વચન તો...." આ કાવ્યમાં સાર શબ્દથી કાવ્યાલંકારની સંગતિ ટકી શકશે, પણ 'ભાખે ચાર વચન તો' આવો ફેરફાર કર્ણ કટુતાને ઉભી કરશે. મરૂદેવી કે મરૂદેવા ઋષભદેવ પ્રભુની માતાનું નામ છે, તેને અપત્ય અર્થમાં પ્રત્યય લગાડવાથી "मरुदेव्या अपत्यं पुत्रान् मारुदेवः" એટલે મરૂદેવીનો પુત્ર મારૂદેવ શબ્દનો અર્થ ઋષભદેવ થાય છે, પરંતુ કોઈ 'મારૂદેવીનો નંદ લાલ રે....' બોલે તો કેવું થશે ? કેમકે મારૂદેવી ઋષભપ્રભુની માતા નથી પણ બહેન છે અને યુગલિયા હોવાથી પત્ની છે. આ બધાય અનર્થોથી બચવાને માટે સૂત્રકારે સત્યભાષાનું સ્પષ્ટીકરણ કરતાં કહ્યું કે 'હે જમ્બૂ! આ સત્યભાષા તીર્થંકરોપદિષ્ટ છે તથા પોતાના જીવનમાં સત્યનો પ્રત્યક્ષ ચમત્કાર સર્જેલો છે તેથી મુનિરાજોને પણ તેનો આગ્રહ રાખવો હિતાવહ છે. પરંતુ અસત્ય સાંભળનારને કઠોર કે કટુ લાગે તેવું ભાષણ કે લખાણ ન કરે, પ્રવચન પણ ન કરે પણ સમજદારીપૂર્વક આત્માનું હિત સધાય, જન્માન્તરમાં લાભ થાય તેવું શુદ્ધ, સ્પષ્ટ, નીતિન્યાયયુક્ત, સરળ, શ્રેષ્ઠ વચન બોલે જેથી સર્વે પાપોનું દુઃખોનું ઉપશમન થાય.'

સત્યવચનની રક્ષા માટે પાંચ ભાવનાઓ :—

ખૂબ જ શ્રદ્ધાપૂર્વક, આત્માને દુર્ગતિથી બચાવવાને માટે તથા "સાચામાં સમકિત વસે...." આ ઉક્તિથી સમ્યક્ત્વને પ્રાપ્ત કરવા માટે, પ્રાપ્ત થયેલાને ટકાવવાને માટે, ટકાવેલાને પરિશુદ્ધ બનાવવાને માટે, સ્વીકારેલ વ્રતને સુરક્ષિત રાખવાને માટે સૂત્રકારે પાંચ ભાવનાઓનો નિમ્નલિખિત નિર્દિષ્ટ કર્યો છે તે આ પ્રમાણે :–

(૧) અનુવિચિંત્યસમિતિ :—અનાદિ કાળથી અલિક એટલે જૂઠ બોલવાની આદત જીવાત્માને પડેલી છે. તેને સર્વથા બદલી નાખવાને માટે પંચ મહાવ્રતધારી ગુરૂઓ પાસેથી સૌથી પહેલા સંવરનો અર્થ સમજી લેવાનું અને સમજદારીપૂર્વક પોતાના આત્મકલ્યાણનું ધ્યાન રાખી વેગમાં, ત્વરામાં આવીને કે ચંચળ બનીને કડવા, કઠોર, કર્કશ, અવિચારિત, પરપીડાકારી, સાવદ્ય વચનોને બોલવા ન જોઇએ. સારાંશ કે સ્વ(આત્મા)ની પણ દ્રવ્યહિંસા થાય અને ભાવહિંસા થાય, તેમજ સંસારમાં રહેલા બીજા જીવોની પણ દ્રવ્યહિંસા તથા ભાવહિંસા થાય તેવી ભાષા, વ્યવહાર, ચેષ્ટા, સંકેત પણ પ્રયત્નપૂર્વક છોડી દેવા જોઇએ. જેથી લીધેલ વ્રત ખંડિત, વ્યતિચરિત, અતિચરિત થવા પામશે નહિ. તેમ છતાં બોલવું પડે તો સત્ય બોલવાનો જ આગ્રહ રાખવો. સત્ય ભાષા પણ ટૂંકામાં પતાવવી તથા સાંભળનારને હિતકારી હોય, પ્રીતિ ઉત્પન્ન કરાવનારી હોય, દોષ રહિત હોય, સ્પષ્ટ હોય, બોલતા પહેલા સમ્યગ્બુદ્ધિથી વિચાર્યું હોય, તેવી ભાષા બોલવી જોઇએ જેથી ભાષાસમિતિ સચવાશે.

(૨) ક્રોધ નિગ્રહ :–સત્યવાદી બનવા માટે આ બીજી ભાવના છે. સંયમધારીઓએ ક્રોધનું સેવન કયારે પણ ન કરવું. કેમ કે તેને રૌદ્ર સ્વરૂપી બનતા વાર લાગતી નથી. પરિણામે તે જે કંઈ બોલશે, તે બીજાના દોષોને, મર્મોને પ્રગટ કરવાવાળી ભાષા બોલશે, કઠોર અને કર્કશ બોલશે, વૈર વર્ધક, કલહકારી, લડાઈ ઝઘડા કરાવનારી અને સત્યતાનો અપલાપ કરનારી ભાષા બોલશે. ક્રોધાન્ધ માનવ બીજાનો દ્વેષ, અનાદર, તિરસ્કાર કરશે. આ કારણે જ ક્રોધ અને સંયમને હાડવૈર છે.

(૩) લોભ નિગ્રહ :–સત્ય ભાષીને લોભનો નિગ્રહ કરવો સર્વથા અનિવાર્ય છે, અન્યથા પુત્ર, સ્ત્રી, ધન, યશ, પ્રતિષ્ઠા, શિષ્ય, વિષયવાસના, સત્તા, વેષભૂષા આદિના લોભમાં ફસાયેલા સાધકને જૂઠું બોલવાનું ભાગ્યમાં રહેશે જે અનાદિ કાળના અજ્ઞાનજન્ય કુસંસ્કારોનું ફળ છે. સૂત્રકાર ફરમાવે છે કે– ખેતર, મકાન, હવેલી, ફ્લેટ આદિના માટે, કીર્તિ અને યશ માટે, જુદા જુદા લાભ મેળવવા માટે, ઋદ્ધિ, સમૃદ્ધિ, સુખ સાહેબી તથા મનગમતા ભોજન પાણી માટે, પાટ, પાટલા, ટેબલ, ડેસ્ક, સારા સંથારિયા, શય્યા, રજોહરણ, આસન, મુલાયમ વસ્ત્રો, પાત્રા, તરપણી, કામળી, પેન, ચશ્મા, ઘડિયાળ આદિ માટે અત્યન્ત આસક્ત બનેલા સાધકને જૂઠ બોલ્યા વિના શી રીતે ચાલશે ? તેવી રીતે પોતાના, પોતાના પક્ષના સાધુઓ કે સાધ્વીઓ, ભક્તો કે ભક્તાણીઓ પ્રત્યે અંધશ્રદ્ધાળુ બનેલો સાધક જૂઠ બોલશે. આ બધીય વાતોનો ખ્યાલ રાખ્યા

પછી જ ભાવ દયાલુ તીર્થંકર પરમાત્માઓ સત્યવાદી બનવાના મૂળમાં લોભનો ત્યાગ ફરજીયાત કહે છે. જેથી જીવનમાં સંતોષ આવશે અને સંયમના સ્થાનો શુદ્ધ બનશે.

(૪) ભય નિગ્રહ ભાવના :– સત્યવ્રતની રક્ષા માટે આ ચોથી ભાવના છે. કેમ કે ભયગ્રસ્ત માનવને જૂઠનો આશ્રય સ્વીકાર્યા વિના છુટકો નથી, માટે સૂત્રકાર ફરમાવે છે કે "न भाइयव्व" તમે ભય પામશો નહિ. કયાંયથી પણ ભય આવે તેવું કાર્ય કરશો નહિ, બોલશો નહિ, તમારા સ્વાર્થોને પણ ઠોકર મારી દેશો પણ ભયસંજ્ઞા ઉત્પન્ન થાય, વધે તેવા કાર્યોને પરિગ્રહ, મૈથુન કે આહારસંજ્ઞાને તાબે થઈ કરશો નહિ. કેમ કે ભયના માર્યા બીકણ બનેલાઓને ચારે તરફથી ભયોની ભૂતાવળો વળગ્યા વિના રહેવાની નથી. તેવી સ્થિતિમાં જીવન સત્ત્વહીન બનશે. કોઇને પણ છેવટે સગા બાપને કે ધર્મપત્નીને પણ સહાયક બની શકાશે નહિ. આકાશમાં રહેનારા ભૂતો, પ્રેતો, શાકિનીઓ, ડાકિણીઓ અને વ્યંતરો પણ જેમના હૈયા ડરપોક હોય, બુઝદિલ હોય, મડદાલ હોય અથવા સેવાઈ ગયેલા પાપાચરણોથી ભયગ્રસ્ત બન્યા હોય તેમને જ વળગે છે, નજર પણ તેમને જ લાગે છે. ડરપોક બનેલો માનવ બીજાઓને પણ ડરપોક જ બનાવે છે. તેવા ભાગ્યશાળીઓ ત્યાગ–તપ અને સંયમમાં પણ શિથિલ બને છે તથા તેને પોષવા માટે હજારો પ્રકારે જૂઠ બોલે છે. "महाजनो येन गतः स पन्थाः" આ સૂત્રને બોલનારા જ હોય છે પણ તે માર્ગે ચાલી શકવા જેટલી

સમર્થતા મરી પરવારેલી છે, માટે ભયોત્પાદક કાર્યો કરશો નહિ. દુષ્ટોથી, તિર્યંચોથી અને મનુષ્યોથી કદાચ ભય ઉત્પન્ન થાય અથવા અસાતાવેદનીય કર્મોથી બિમારી આદિ થાય તો પણ સમતાભાવે સહન કરશો તો જીવનમાં ધૈર્ય, સ્થૈર્ય અને દાર્ઢ્યભાવની વૃદ્ધિ થશે, જે સંયમી બનવા માટે આવશ્યક ગુણો છે.

(૫) હાસ્યનિગ્રહ :–પાંચમી ભાવનાનું સ્પષ્ટીકરણ કરતાં સૂત્રકાર ફરમાવે છે કે હે સાધક! તમે હાસ્ય, મશ્કરી, મજાક, ઠઠ્ઠા, ગપ્પાસપ્પા આદિનું સેવન કરશો નહિ. ચારિત્ર-મોહનીય કર્મના કષાય અને નોકષાયરૂપે બે ભેદ છે. જે કષાયોની સાથે રહે અથવા તેમને ભડકાવે તે નોકષાય છે. તેમાં હાસ્યમોહકર્મ પ્રત્યક્ષ અને પરોક્ષરૂપે પણ સાધકને સાધ્યમાર્ગથી ખસેડીને અસત્ય, જૂઠ અને મૃષાવાદ તરફ લઈ જાય છે. ઘણીવાર આપણે અનુભવીએ છીએ કે હસવાનું કારણ મળે કે ન મળે તો પણ હાસ્યમોહકર્મનો ઉદયવર્તી સાધક મોઢું ખોલીને, દાંત દેખાડીને, હી–હી–ખી–ખી કરીને પોતે એકલો હોય કે પાંચ માણસોની વચ્ચે બેઠો હોય તો પણ હસતાં હસતાં લોથપોથ થઈ જાય છે. સંયમશીલ મુનિ-રાજોએ તેવી રીતે હસવાની આદત છોડી દેવી જોઇએ. કેમ કે સહનશીલતા જ્યારે મર્યાદાને ઉલ્લંઘી જાય છે ત્યારે અહિંસા આદિ યથાર્થ તત્ત્વોને છુપાવી હિંસા–જૂઠ–ચોરી–મૈથુન અને પરિગ્રહના ગીતડા ગાવા લાગી જાય છે, જે સત્યવ્રતને કલંકિત કરનાર છે. ૫–૧૦ માણસોની વચ્ચે જ્યારે ગપ્પાઓની

મહેફીલ જામે છે ત્યારે તેને શું બોલવું ? અને હું શું બોલી રહ્યો છું ? તેનું ભાન પણ તેમને રહેતું નથી. મશ્કરી કરવાની આદતવાળાને બીજાઓનું અપમાન કરતાં, બે ગાળો ભાંડતા અને અનાપસનાપ બોલતા વાર લાગતી નથી. બીજાઓના દૂષણોનો ઉદ્‌ઘાટક અને પારકાઓને પીડાકારક હાસ્ય છે, મશ્કરી છે. કોઈક નબળી ક્ષણ આવતાં ચારિત્રને મૂકી દેવામાં પણ વાર લાગતી નથી. જ્યારે મશ્કરી, મજાક કે ગપ્પાઓનો નશો ચડે છે ત્યારે સંયમીને ન શોભે તેવી ગંદી વાતો, મૈથુનકર્મની વાતો ઉપરાંત ચારિત્ર ભ્રષ્ટ થવા માટેની પ્રતિજ્ઞાઓ પણ લઈ લેવાય છે. અને જ્યારે પાપાચરણ સેવાઈ જાય છે ત્યારે પોતાનું પાપ પ્રકાશિત થવા ન પામે ત્યારે જૂઠ પ્રપંચોને રમ્યા વિના બીજો માર્ગ કયો ? પરસ્પર સાંકેતિક ચેષ્ટા, ભાષા અને આંખના ઈશારાથી થતી વાતોના મૂળમાં કોણ ? માટે જ સૂત્રકાર મહર્ષિ ફરમાવે છે કે આવા જીવો કદાચ દેવલોકમાં જાય તો પણ કાંદર્પિક, આભિયોગિક અથવા અસુર અને કિલ્બિશિયા દેવલોક જ તેમના ભાગ્યમાં રહે છે, માટે સંયમધારી મુનિરાજોએ, દેશવિરતિધર શ્રાવકોએ તથા પાપભીરૂ સજ્જનોએ પણ હાસ્ય કર્મ છોડી દેવું હિતાવહ છે. તથા મૌનવ્રત સ્વીકારીને જે રીતે પણ સત્યવ્રત દીપી ઉઠે તે પ્રમાણેની આદત કેળવવી જોઇએ.

ઇતિ દ્વિતીય સંવર દ્વાર

ત્રીજું સંવર દ્વાર :—

બીજા અધ્યાયમાં મૃષાવાદ વિરમણ રૂપ બીજો સત્ય નામે સંવર કહ્યો છે. જે અદત્તાદાન વિરમણ વિના શકય નથી, માટે ક્રમ પ્રાપ્ત અદત્તાદાન વિરમણ રૂપ ત્રીજું સંવર દ્વાર કહેવાય છે. શોભનીય વ્રતોના ધારક શ્રી જમ્બૂસ્વામીને આર્ય સુધર્માસ્વામી ફરમાવે છે કે જેમાં દાતા દ્વારા દીધેલું અન્નપાન અને અનુજ્ઞાત એટલે પાટ-પાટલા આદિની અનુજ્ઞા દેવામાં આવે, તે દત્તાનુજ્ઞાન નામે ત્રીજું સંવર દ્વાર કહેવાય છે, જે લીધેલા સમસ્ત વ્રતોની આરાધનામાં ઉપકારક હોવાથી ગુણ વ્રત પણ કહેવાય છે. અનાદિકાળથી પ્રવાહરૂપે પારકાની ચોરી કરવાની આદત જીવને પડેલી હોવાથી પ્રચ્છન્નપણે કે પ્રગટપણે પણ પર દ્રવ્યાદિને ચોરવાની ભાવના થયા વિના રહેતી નથી. પરંતુ સમ્યક્‌જ્ઞાનના પ્રકાશમાં જીવાત્માનો પ્રવેશ જ્યારે થાય છે, ત્યારે વિરતિધર્મના માધ્યમથી ચૌર્યકર્મનો ત્યાગ સુલભ બને છે. પરદ્રવ્યાદિની અપરિમિત તથા દુઃખોથી ક્ષય પામે તેવી તૃષ્ણાથી વ્યાપ્ત માનવના કલુષિત મન-વચન તથા હાથ પગને મર્યાદામાં લાવનાર આ સંવર છે. આની સમ્યગ્ આરાધનાથી જ માનવની ચોરી કરવાની વૃત્તિ અને પ્રવૃત્તિ મર્યાદામાં આવે છે. સમાજ તથા રાજભયથી પણ હાથ-પગમાં સંયમ લાવી શકાશે. પરંતુ આશા-તૃષ્ણા અને પર-દ્રવ્ય પ્રત્યેની મહેચ્છા જે આત્મા અને મન સાથે સંબંધિત છે તેને વશ કરવા માટે તો અદત્તાદાન વિરમણ નામના સંવરધર્મ સિવાય બીજા કોઇનો પણ ગજ વાગે તેમ નથી.

મતલબ કે ચૌર્યકર્મને મર્યાદિત, સંયમિત કે સર્વથા ત્યાગી દેવા માટે વ્રતોની મર્યાદા અર્થાત સમ્યક્‌જ્ઞાનપૂર્વક વ્રતોનો સ્વીકાર કરવો સીધો, સાદો અને નિર્વિઘ્ન પવિત્ર માર્ગ છે. બાહ્ય તથા આભ્યન્તર પરિગ્રહની ગ્રંથિઓને તોડાવી દેનાર આ વ્રતને નિર્ગ્રન્થધર્મ કહ્યો છે. આનાથી મૃષાવાદ અને પ્રાણાતિપાતનું વિરમણ શકય અને સફળ બનશે તથા ચોરી કરવાની આદત મર્યાદામાં આવતાં પરિગ્રહ તથા તેના સહચર મૈથુન પાપ પણ મર્યાદિત બનશે. માટે જ અદત્તાદાન વિરમણ સર્વે ધર્મોમાં શ્રેષ્ઠતમ ધર્મ છે. આ કારણે જ અરિહંત પરમાત્માઓએ પણ તેને ઉપાદેય કહ્યો છે. સર્વે પાપોના દ્વાર બંધ કરાવનાર છે. આરાધકને નિર્ભય બનાવે છે. લોભ રાક્ષસ કન્ટ્રોલમાં આવે છે તથા તીર્થંકરો, વાસુદેવો, ચક્રવર્તીઓ તથા સુવિહિત મુનિરાજોએ તેને માન્ય કર્યો છે. તપસ્વીઓને માટે સર્વથા ધર્માચરણ છે. ઇત્યાદિ કારણોથી ગામ – નગર, આકર – નિગમ, ખેટ – કર્બટ, મડંબ–આશ્રમ આદિ સ્થાનોમાં રહેલ મણી, મોતી, શિલા, પ્રવાલ, કાંસ્ય, વસ્ત્ર, સુવર્ણ, રજત અને રત્નો કોઇના પડી ગયા હોય, માલિક ભૂલી ગયો હોય, તેમને શોધવા છતાં ન મળ્યા હોય, તેને વ્રતધારી ઉપાડે નહિ તેમજ બીજા પાસે ઉપડાવે નહિ કેમકે વ્રતધારી મુનિરાજો તેના ત્યાગી હોવાથી માટી અને સુવર્ણમાં એકબુદ્ધિ એટલે સમાનભાવવાળા છે. તેથી બળામાં–ખેતરમાં–વનમાં રહેલ ગમે તે દ્રવ્ય હોય; પછી તે પુષ્પ, ફળ, છાલ, કુંપલ, સુરણ, તૃણ, કાષ્ઠ કે કાંકરા હોય, થોડા કે ઘણા હોય, નાના કે મોટા હોય, માલિકને પૂછ્યા વિના

લેવાનું કલ્પી શકે તેમ નથી. પ્રતિદિનમાં વપરાતા દ્રવ્યો પણ માલિકને પૂછીને સ્વીકારે. અવિશ્વાસુના ઘેર મુનિએ ગોચરી પાણી માટે જવું નહિ તેમજ તેમની પાસેથી પાટ-પાટલા-શય્યા-વસ્ત્ર-કામળી પણ સ્વીકાર કરે નહિ. (નોંધ-સંપ્રદાયાન્તર કે બીજા કોઇ કારણે કલંક લાગવાનો ભય રહે છે તે કારણે નિષેધ કરેલ છે.) કોઇના દોષ બોલે નહિ. બાળ ગ્લાન કે બીજા કોઈ મુનિરાજ માટે લાવેલી આહાર આદિ વસ્તુઓને તે તે મુનિઓને આપી દેવી જોઇએ. પોતાને વાપરવાનું કલ્પતું નથી. પારકાના પુણ્ય કર્મોનો નાશ થાય, દાતાને દાન દેવામાં અંતરાય પડે, દાનધર્મનો વિનાશ થાય તેવી ભાષા મુનિઓએ બોલવી જોઇએ નહિ. તેમજ બીજાની ચાડી કે ઈર્ષ્યા પણ કરવી નહિ.

કયા મુનિઓ આ વ્રતને આરાધી શકતા નથી ?

ગૃહસ્થોને ત્યાંથી યાચના કરી લાવેલા પાટ-પાટલા, ટેબલ, સંથારિયા, વસ્ત્ર, પાત્ર, કામળી, ઓઘો, ડંડ, ડંડાસન, આસન, ચોલપટ્ટા, મુખવસ્ત્રિકા, પગ પૂછવા માટે વસ્ત્ર વિશેષ આદિ વસ્તુઓને સાથે રહેનારા મુનિરાજોને આપ્યા વિના પોતે એકલો જ વાપરે, પાસેની વસ્તુમાંથી બીજા મુનિને કંઈ પણ ન આપે, તેઓ આ ત્રીજા વ્રતની આરાધના કરી શકતા નથી. યદ્યપિ પોતાને સંગ્રહ કરવાની ઇચ્છા નથી તો પણ "મારે બીજાની ચિંતા શા માટે કરવાની ?" તેવા ભાવથી બીજા મુનિઓ થનારા, કે થતા લાભમાં અંતરાય કરે, તેવો મુનિ સંગ્રહની અનિચ્છાવાળો હોવા છતાં પણ આરાધક

નથી, ધર્મોપકરણો પ્રત્યે મુનિને મૂર્ચ્છા ન હોવાના કારણે વસ્તુઓનો નિષેધ નથી, તો પણ બીજાના લાભમાં અંતરાય-ભૂત થતા લાભાન્તરાય કર્મ બંધાય છે જે ભાવ પરિગ્રહ છે, તથા તપચોર, વાણીચોર, રૂપચોર, સમાચારીચોર અને ભાવચોર મુનિ પણ આ વ્રતનો આરાધક બની શકતો નથી. જેમ કે પોતાની મંડળીમાં કે ઉપાશ્રયમાં રહેનારા કોઈ મુનિરાજે માસક્ષમણ કર્યું હોય, કોઈ વ્યાખ્યાન વાચસ્પતિ હોય, કોઈ રૂપવાન હોય, કોઈ શુદ્ધ સમાચારીનો આરાધક હોય અને કોઈ જ્ઞાની હોય, તેવી સ્થિતિમાં કોઈ ગૃહસ્થ અનજાન હોવાથી પૂછે કે 'શું આપશ્રી તપસ્વી છો? વ્યાખ્યાતા છો? રૂપવાન છો? શુદ્ધ સમાચારીના પાલક આપ જ છો? અને જ્ઞાની છો?' ત્યારે ભાવચોરીની આદત પડેલી હોવાથી પૂછાયેલો મુનિ જવાબ આપતા કહે છે કે "ભલા માણસ! સાધુઓ તો તપસ્વી જ હોય છે, વ્યાખ્યાન કરનાર જ હોય છે, રૂપાળા જ હોય છે, સાધુ માત્ર શુદ્ધ ક્રિયા કાંડી જ હોય છે અને જ્ઞાન-ધ્યાનમાં રત હોય છે." આ પ્રમાણે પોતે તપસ્વી આદિ ન હોવા છતાં પણ ઉપર પ્રમાણે જવાબ આપનાર મુનિને જૈનશાસન ભાવચોર કહે છે, જે દ્રવ્યથી નહિ પણ ભાવથી વ્રતનો વિરાધક બને છે તથા મોડી રાત્રે પણ જોર જોરથી બોલનાર, લડાઈ-ઝગડા કરનાર, સાથે રહે-નારા મુનિઓમાં પરસ્પર ભેદ કરાવનાર, કલહ-કંકાસ કરનાર, વૈર-વિરોધ ઉત્પન્ન કરનાર, જ્યારે ને ત્યારે દેશ કથા, રાજ કથા, ભોજન કથા અને સ્ત્રી કથા કરનાર, બીજા મુનિઓને અસમાધિ

ઉદ્વેગ કે આર્તધ્યાન કરાવનાર, અપરિમિત ભોજન કરનાર અને સદૈવ ક્રોધ આદિ કષાયમાં ધમધમતો મુનિ ત્રીજા વ્રતનો વિરાધક બને છે.

ત્યારે આ વ્રતના આરાધક કોણ ?

કયા મુનિરાજો આ વ્રતના આરાધક બની શકશે ? આ પ્રમાણે જમ્બૂસ્વામીના પૂછવાથી સુધર્માસ્વામીએ કહ્યું કે ગૃહસ્થો પાસેથી ધર્મોપકરણો, ભોજન–પાણી, દવા વગેરે માંગી લાવેલા પદાર્થોને જે જે મુનિઓને જે જે વસ્તુઓ જોઇતી હોય તેના વિતરણ કરવામાં કુશળ હોય એટલે કે બધી વસ્તુઓને પોતાના કબાટમાં મૂકી ન દેતા તત્કાળ મુનિઓને આપી દેનાર સાધુ આ વ્રતનો આરાધક બનવા પામે છે. બાળમુનિ, ગોચરી પાણી જવામાં અશક્ત મુનિ, વૃદ્ધ મુનિ, તપસ્વી મુનિ, પ્રવર્તક, આચાર્ય, ઉપાધ્યાય તથા નવદીક્ષિતની પ્રશસ્તભાવે વૈયાવચ્ચ કરનાર હોય, ગચ્છ, સમુદાયરૂપ કુળ, સમુદાય, ચન્દ્રાદિક ગણ, તેમનો સમુદાય, કોટિકાદિ સંઘ તથા જિનેશ્વરદેવની પ્રતિમારૂપ ચૈત્ય આદિનો આરાધક હોય, તેમની સેવા–વૈયાવચ્ચ કરનાર હોય, કર્મનિર્જરાનો અભિલાષી હોય તથા દશ પ્રકારે વૈયાવચ્ચ કરવામાં પણ કીર્તિ આદિનો ઇચ્છુક ન હોય તથા જે ગૃહસ્થને મુનિઓ પ્રત્યે રાગ નથી, પ્રશસ્તભાવ નથી તેવાઓના ઘરેથી વસ્ત્ર, પાત્ર તથા ભિક્ષા આદિ પણ લેનાર ન હોય, બીજા મુનિઓની અર્થાત્ સ્વસમુદાયના કે પર સમુદાયના, સ્વગચ્છના કે પરગચ્છના મુનિઓની નિંદા, ગર્હા કે તિરસ્કાર કરનાર ન હોય,

બાળમુનિઓને કે કાચા મુનિઓને તેમના ગુરૂથી વિમુખ કરતો ન હોય તેવા મુનિરાજો આ ત્રીજા વ્રતના આરાધક બનવા પામે છે. આ વ્રતને દેવાધિદેવ મહાવીરસ્વામીએ પ્રરૂપ્યું છે. જે અનાદિકાળની ચોરી કરવાની આદતને છોડાવી દેવા માટે સમર્થ છે, જૈન પ્રવચન સ્વરૂપ છે, આત્માનું કલ્યાણ કરાવનાર છે, આવનારા ભવોમાં શુભ ફળોને આપનાર છે, વીતરાગ ભાષી હોવાથી ન્યાયથી અનપેત છે, સરળ ભાવોને ઉત્પન્ન કરાવનાર છે, સર્વે ધર્મોમાં શ્રેષ્ઠ છે, જ્ઞાનાવરણીયાદિ કર્મોનો નાશક છે, જેનું નામ અદત્તાદાન વિરમણ છે.

ખેતરની રક્ષાને માટે કાંટાની વાડની, બંગલાની રક્ષાને માટે કિલ્લાની, મોટરની રક્ષાને માટે ગેરેજની જેમ અત્યાવશ્યકતા અનિવાર્ય છે, તેવી રીતે સ્વીકારેલા વ્રતોની રક્ષા કરવા માટે ભાવનામય જીવન બનાવવું અત્યંત આવશ્યક છે. આનાથી આત્મામાં જાગૃતિ આવે છે, વ્રતોની આરાધના સરળ બને છે. આ વ્રતની ભાવના પાંચ છે તે આ પ્રમાણે :-

(૧) વિવિક્તવસતિવાસ :—એટલે કે દેવકુળ, મહાજનોને યોગ્ય સ્થાન, પાણી પીવાની પરબ, પરિવ્રાજકોનો આશ્રમ, વૃક્ષોની નીચે, માધવી લત્તાઓથી શોભિત બગીચા, ગૃહસ્થોને માટે રમવાના સ્થાન, પર્વતની ગુફા, લોહાદિની ખાણ, લુહાર આદિની શાળા, ઉદ્યાન, રથાદિ રાખવાના સ્થાન, યજ્ઞાદિના સ્થાન, શૂન્ય ઘર, સ્મશાન, પર્વતની તલાટી, દુકાન આદિના સ્થાનો, જ્યાં ગેંહું-ચણા આદિના બીજો, દુર્વા આદિની વનસ્પતિઓ, અળસીયા આદિ ત્રસજીવો ન હોય, ગૃહસ્થોના

નિમિત્તે બનેલા હોવાથી નિર્દોષ હોય, સ્ત્રી, પશુ અને નપુંસકોનો વાસ ન હોય, પવિત્ર હોય, આધાકર્મી એટલે મુનિરાજે માટે જ બનાવેલા ન હોય તેવા સ્થાનોમાં મુનિરાજોએ રહેવું જોઇએ, પરન્તુ જ્યાં પાણીના છાંટા નાખ્યા હોય, વધારે પાણી નાખેલ હોય, મુનિઓને અનુલક્ષી કચરો વગેરે તત્કાળમાં જ સાફ કરેલ હોય, પુષ્પોની માળાઓ લટકતી હોય, લીંપણ કરેલી હોય, ચૂના આદિથી સંસ્કારિત હોય, તેવા સ્થાનોમાં મુનિઓએ રહેવું જોઇએ નહિ. કલ્પનીય સ્થાનોમાં પણ અવગ્રહાદિની રૂચિ રાખીને રહેવું. સારાંશ કે ભવભવાન્તરના સેવેલા, વધારેલા, પુષ્ટ કરેલા, નિકાચિત કરેલા કે અતિનિકાચિત કરેલા કષાયોને તથા નોકષાયોને કંટ્રોલમાં લેવા માટે, વ્રતધારી શ્રાવકો કરતાં પણ મહાવ્રતધારી મુનિરાજે વધારે પુરૂષાર્થ બળી હોય છે. તેમ છતાં પણ ઉપશમિત કરેલો મોહ નામનો નટરાજ છળાન્વેષી હોવાથી ગમે ત્યારે પણ સાધકને અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ કરવા માટે સમર્થ છે. અગ્યારમા ગુણસ્થાનક સુધી પણ આ પરિસ્થિતિ નકારી શકાય તેમ નથી. માટે જ તીર્થંકર પરમાત્માઓએ, જૈન મુનિઓને માટે આરાધનાના માર્ગો કડક બનાવ્યા છે. કેમ કે અનાદિ કાળનો જીવ માત્ર મોહકર્મી છે, વેદના ઉદયવાળો છે તથા હજી પણ આ કર્મો સત્તામાં પડેલા હોવાથી દબાયેલો નાગ અવસર આવ્યે ફૂંફાડા માર્યા વિના જેમ રહેવાનો નથી, તેમ ભોગવેલી માયા ગમે તે નિમિત્તે પણ સાધકને સ્મૃતિમાં ન આવે તે માટે ઉપાશ્રયનું સ્થાન પવિત્ર હોય, ભોગ કર્મની મર્યાદા વિનાના

પશુઓ, પક્ષીઓ, નપુંસકો ઉપરાંત ભોગી પુરૂષો કે સ્ત્રીઓ ન રહેતા હોય, સાંસારિક વાતાવરણ મુદ્દલ ન હોય, તેમજ તેમનો સહવાસ પણ સતાવતો ન હોય, તેવાં એકાંત સ્થાનમાં મુનિઓને રહેવાનું ફરમાન છે, જેથી દીક્ષા પહેલાના પોતાના બંગલાઓ, હવેલીઓ, પલંગો કે માતા, પિતા, ભાઈ, બ્હેન વગેરે પરિવાર પણ યાદ આવવા ન પામે તો ધીમે ધીમે પણ સાધક પોતાની વ્રત સાધનામાં આગળ વધી શકશે પેટમાં પડતું ગરિષ્ઠ ભોજન, સુષુપ્ત કામદેવને પણ ઉદ્દીપ્ત કરવાની શક્તિ ધરાવતું હોવાથી, ગોચરી પાણીના સખ્તમાં સખ્ત કાયદાઓ દાખવતાં કહ્યું કે હે સાધક! જેનાથી તમારી સમિતિ-ગુપ્તિની વિરાધના થવા ન પામે, દાતાર ગૃહસ્થને પણ કોઇ જાતની આરંભાદિ ક્રિયા લાગવા ન પામે, મુનિઓ પ્રત્યે દાતાને નફરત થવા ન પામે તે પ્રમાણે ગોચરી પાણીમાં વિવેક રાખે, તથા દેનાર-લેનાર બંનેને દોષ લાગે અથવા એકેન્દ્રિયાદિ જીવથી પંચેન્દ્રિય જીવ સુધીની હત્યા થાય કે ગોચરી વાપરતાં રતિ અને અરતિ થાય તે પ્રમાણે ગોચરી લાવવી નહિ, કરવી નહિ, અને બીજાઓ પાસે મંગાવવી નહિ. શરીર પ્રત્યેનો સાતાગારવ ઓછો થવા પામે, કાયાની માયા ઘટવા લાગે તે રીતે જ વસ્ત્રોની અલ્પતા પ્રત્યે બેદરકાર રહીશ નહિ. કેમ કે દ્રવ્યપરિગ્રહ ભાવપરિગ્રહની વૃદ્ધિ કરાવ્યા વિના રહેતો નથી. માટે બાહ્ય અને આભ્યન્તર પરિગ્રહને કાળો નાગ સમજીને જેમ બને તેમ ઓછો કરવાનો ભાવ રાખવો. કોઇ પણ વસ્તુ પર માલિકીનો હક્ક રહેવા ન પામે તેની કાળજી રાખજે.

(૨) અનુજ્ઞાતસંસ્તારક ગ્રહણ નામની બીજી ભાવના છે. પહોર–બે પહોર નિદ્રાધીન થવા માટે માધવીલતા કે વન વૃક્ષોથી આચ્છાદિત ઉદ્યાન આદિ સ્થાનોમાં પાથરવા માટે ઢંઢણ, કઠિનક, જળાશયમાં થનાર ઘાસ, પરા, મુંજ, સારિકા, કુવિન્દ, પલાલ, મેદપાટ દેશમાં થનાર મૂયક, વલ્વજ આદિ તૃણ વિશેષની યાચના કર્યા પછી તેનો ઉપયોગ કરવો. સારાંશ કે ઉપાશ્રયનો અવગ્રહ માંગતી વખતે ઘાસ આદિનો અવગ્રહ પણ માંગી લેવો જોઇએ.

(૩) શય્યાપરિકર્મવર્જન–અદત્તાદાન વિરમણ વ્રતની ત્રીજી ભાવના છે. સુવા–બેસવા માટે કામમાં આવનારા પાટ–પાટલા આદિના કારણે જૈન મુનિઓએ વૃક્ષોને કપાવવા નહિ, તેમનું છેદન–ભેદન પણ કરાવવું નહિ. જે મકાનમાં રહે તેના માલિક પાસેથી અથવા બીજા કોઈ ગૃહસ્થ પાસેથી તે વસ્તુઓની માંગણી કરવી અને જે ભૂમિ પર સુવા માટેની આજ્ઞા મળી હોય તે ઉંચી–નીચી હોય તો પણ તેને સરખી ન કરવી. ઠંડીની મોસમમાં પવન વિનાની અને ઉષ્ણઋતુમાં પવનવાળી જગ્યાની ચાહના ન કરવી. ડાંસ–મચ્છરોથી ક્ષોભ પામવો નહિ તેમજ તેમને દૂર કરવા માટે ધૂપ–ધૂમાડો પણ કરાવવો નહિ. જીવોના રક્ષણરૂપ સંયમ અને સંવરની આરાધનાથી સમાધિમય બનેલા મુનિઓ સદૈવ પોતાના ધ્યાનમાં સ્થિર રહેવા માટેનો પ્રયત્ન કરે. વૃક્ષોનું છેદન–ભેદન પોતે કરે નહિ, બીજા પાસે કરાવે નહિ તથા અનુમોદન પણ કરે નહિ. માટે યાચના કરતાં જે વસ્તુ જે રીતે મળી હોય તેનો ઉપયોગ કરે.

(૪) અનુજ્ઞાન ભોજન પાણી નામની ચોથી ભાવના છે. અદત્તાદાન વિરમણ વ્રતની ચોથી ભાવનાનો અર્થ સૂત્રકારે આ પ્રમાણે કર્યો છે.

ગરીબ-મધ્યમ અને ધનવંતના ઘરે ગોચરી પાણીની ગવેષણા તથા વસ્ત્ર-પાત્રની પણ યાચના કરે, અદત્તાદાનના દોષોથી બચવા માટે મુનિઓએ શાક-દાળ આદિ વધારે ન વાપરવા જોઇએ. કેમ કે મસાલેદાર, ચટકેદાર શાકાદિનો ઉપયોગ કરતાં મુનિઓને માટે મર્યાદા બાંધેલા, કર કોળીયાઓથી વધારે ભોજન લેવાય છે જે અદત્તાદાન છે. માટે વધારે પડતાં શાકાદિનો ત્યાગ કરવો. ઝડપથી ખાવું નહીં. શરીરના અવયવોને અર્થાત્ ડોક, માથુ, આંખ કે હાથ આદિને ડોલાવતાં ભોજન ન કરે, જેનાથી પર જીવોને પીડા થાય તેવા ભોજનની ઇચ્છા ન કરે. સારાંશ કે ત્રીજું વ્રત ખંડિત ન થાય તે રીતે ગોચરી પાણીથી લઇ તેને વાપરવા સુધીમાં સંયમી બનતો મુનિ વ્રતનો આરાધક છે.

(૫) વિનય ભાવના :-પોતાનાથી દીક્ષા પર્યાયમાં વધારે હોય, તેમનો બહુમાનપૂર્વક વિનય રાખવો. ગ્લાનાદિ મુનિઓના પારણાની ચિંતા રાખવી, સ્વ અને પરનો ઉપકાર થાય તેવું જીવન બનાવવું, સૂત્રની વાંચના તથા પરિવર્તન કરવામાં ગુરૂ કે વડિલ સાધુઓનો વન્દન વ્યવહારરૂપ વિનય રાખવો. લાવેલી ગોચરી પાણીનો સમ્યક્ પ્રકારે વિતરણ કરે. સ્વાધ્યાયમાં, ગુરૂઓના આગમનમાં કે પ્રવેશનમાં વિનયની મર્યાદા ભૂલાય નહીં તેનું ધ્યાન રાખવું.

ઉપર પ્રમાણે અદત્તાદાન વિરમણરૂપ સંવરને સારી રીતે પાળવું. મન-વચન અને કાયાથી સુરક્ષિત વ્રત મુનિઓને આશ્રવ માર્ગનો ત્યાગ કરાવી સંવર ધર્મમાં સ્થિર કરશે.

આ વાત જ્ઞાતનન્દન ભગવાન મહાવીરસ્વામીએ કહી છે.

卐 ત્રીજું સંવર દ્વાર પૂર્ણ 卐

ચોથું સંવર દ્વાર :-

આના પહેલા ત્રીજા સંવર દ્વારમાં અદત્તાદાન વિરમણ વ્રતની વિવેચના તેના ફાયદાઓ અને તેની આરાધનાથી આત્મિક જીવનની ઉત્ક્રાન્તિને કહી લીધા પછી ક્રમ પ્રાપ્ત ચોથા સંવર દ્વારના વિવેચન માટે આર્ય સુધર્માસ્વામીએ કહ્યું કે હે જમ્બૂ ! મૈથુનવિરમણપૂર્વક આ બ્રહ્મચર્યવ્રત વ્યક્તિત્વનું સર્વાંગીણ કલ્યાણ કરાવનાર, સામાજિક જીવનમાં સુખ-શાંતિ અને સમાધિને અપાવનાર, ધાર્મિક જીવનમાં સંયમની આખરી સીમાને પ્રાપ્ત કરાવનાર અને દેશમાંથી દુઃખ, દારિદ્રય, વ્યાધિ અને વૈર-વિરોધ તથા ક્રોધાદિ કષાયોને અંતિમ શ્વાસમાં લાવી મૂકાવનાર માટે સર્વ માન્ય, સર્વ શ્રેષ્ઠ આ વ્રતને માટે દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીએ જે કહ્યું હતું તે તને અક્ષરશઃ કહીશ, તે તું સાવધાનીપૂર્વક સાંભળજે. અનાદિ કાળથી આ જીવાત્મા પુદ્ગલાનંદી, પુદ્ગલ-સંગી અને પુદ્ગલસેવી રહેલો હોવાથી તેનો સંસાર ટૂંકો થઈ શકયો નથી. ચારે ગતિઓના માનસિક, આધ્યાત્મિક અને વ્યાવહારિક ત્રાસમાંથી મુક્ત થયો નથી. માટે જ પુણ્ય

પ્રકૃતિના ઉદયકાળના સમયે પૌદ્ગલિક સુખોમાં રચ્યો પચ્યો અને તેના ભોગવટામાંથી ઉત્પન્ન થયેલા રોગ–શોક–હાડમારી, જૂદી જૂદી બિમારીઓ અને છેવટે દુર્ગતિના અસહ્ય દુઃખોને ભોગવતાં આ જીવાત્માના માથા પરથી અનંત કાળચક્રો પૂર્ણ થવા પામ્યા છે.

ભવિતવ્યતાના યોગે કોઇક સમયે માનવજીવનમાં સંસારની અમુક પરિસ્થિતિઓમાંથી કંટાળી ગયેલા જીવો જ્યારે બ્રહ્મચારી સદ્‌ગુરૂઓના સહવાસથી સન્માર્ગે આવે છે ત્યારે તેમનું માનસિક જીવન જાગૃત બને છે, જે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરાવવા માટે પ્રથમ સોપાન છે. તેમાંથી સમ્યગ્જ્ઞાનની પ્રાદુર્ભૂતિ થતાં સમ્યક્‌ચારિત્ર તરફ તેનું પ્રસ્થાન થાય છે અને તેમ થતાં પોતાના દુઃખોનું, પાપોનું, ભૂલોનું અને અપરાધોનું જ આ ફળાદેશ છે તેમ સમજવામાં આવતાં જ જીવની દિશા બદલાય છે અને સંપૂર્ણ સચ્ચરિત્રોનું મૂળ બ્રહ્મચર્યવ્રત છે તેની સમજ આવે છે. ત્યાર પછી તેના સ્વીકાર માટે અણીશુદ્ધ અથવા મર્યાદિત–સંયમિત તેની આરાધના કરવાના ભાવ જાગે છે અને ત્યાર પછી જીવનનું ઉર્ધ્વીકરણ સરળ અને સફળ બનવા પામે છે.

આ બ્રહ્મવ્રત કેવું છે? તેનું સ્વરૂપ શું છે?

વિશેષ્યપદને શોભાવવા માટે, તેને ઠીક ઠીક સમજવા માટે તથા તેનું માહાત્મ્ય અને રહસ્ય જાણવા માટે વિશેષણ-પદો જ વધારે મહત્ત્વના છે. કેમ કે સંઘ કે સમાજ એક જ વ્યક્તિનો હોતો નથી, પણ અનેકાનેક માનવોનો હોય છે.

જેઓ જાડી તથા પાતળી બુદ્ધિવાળા હોવાથી કોઇક શીઘ્રતાથી અને કોઇકવાર લગાડ્યા પછી સમજે છે. માટે ભાવદયાના માલિક તીર્થંકર પરમાત્માઓ એક જ વાતને જૂદા જૂદા શબ્દોથી વિશેષિત કરે છે. જેથી બ્રહ્મચર્યનો અર્થ સમજવાને માટે કોઇને પણ વાંધો આવતો નથી.

શારીરિક કે વ્યાવહારિક ગુણો તો સ્વાર્થવશ પણ પ્રાપ્ત કરી શકીએ કે ટકાવી શકીએ છીએ, પણ આત્મિક ગુણો તો પુરૂષાર્થ વિશેષથી જ ઉત્પન્ન કરવા પડે છે, ટકાવવા પડે છે. ત્યારે જ આત્મા પોતાની અનંત શક્તિઓ મેળવવાને માટે આગેકૂચ કરે છે અને છેવટે કેવળજ્ઞાનની મર્યાદામાં આવીને તથા તેને મેળવ્યા પછી કૃતકૃત્ય બની જાય છે. બ્રહ્મચર્યધર્મને પ્રાપ્ત કરવામાં, ટકાવવામાં પુરૂષાર્થ જ વિશેષ કામે આવશે. કેમ કે તેના સદ્ભાવમાં આત્માના ઉત્તમોત્તમ તપ-નિયમ-જ્ઞાન-દર્શન-ચારિત્ર સમ્યક્ત્વ અને વિનયાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે.

(૧) તપ :-અનશનાદિ બાહ્ય અને પ્રાયશ્ચિતાદિ અભ્યંતર તપો ગુણ.

(૨) નિયમ :-પિંડ વિશુદ્ધિ આદિ ઉત્તર ગુણો.

(૩) જ્ઞાન :-સમ્યગ્જ્ઞાન તથા જીવાદિ તત્ત્વોની સૂક્ષ્મતા જાણવી.

(૪) દર્શન :-સામાન્ય જ્ઞાનની સ્પષ્ટતા.

(૫) ચારિત્ર :-પાપ માર્ગોની સમ્પૂર્ણ નિવૃત્તિ.

(૬) સમ્યક્ત્વ :–અનાદિકાળથી આઠ રૂચક પ્રદેશોને છોડી બાકી બધાય આત્મ પ્રદેશો પર ગાઢ–તીવ્ર અને દીર્ઘ-સ્થિતિક સત્તા જમાવીને બેઠેલા મિથ્યાત્વ મોહનીય કર્મના ક્ષયથી, ક્ષયોપશમથી કે ઉપશમથી ઉત્પન્ન થયેલો જીવ પરિણામ તે સમ્યક્ત્વ કહેવાય છે.

(૭) વિનય :–બહુમાનપૂર્વક અભ્યુત્થાનાદિ ઉપચાર.

ઇત્યાદિ આત્મિક ગુણોના મૂળમાં, રૂડું રૂપાળું શરીર કે પૌદ્ગલિક પદાર્થો કારણરૂપ બની શકે તેમ નથી. ત્યારે બ્રહ્મચર્યવ્રત જ એક અમોઘ શસ્ત્ર છે. જેનાથી ઉપરના ગુણો પ્રગટે છે અને ટકવા પામે છે. મતલબ કે આઠ પ્રકારના મૈથુનનો ત્યાગ કરી શુદ્ધ ભાવે આરાધિત બ્રહ્મચર્યની હાજરીમાં જ તપોગુણાદિની હાજરી હોય છે. જીવનમાં સર્વાંશે કે અલ્પાંશે સ્થિત બ્રહ્મચર્ય વડે જ તે ગુણોની ઉત્પત્તિ શાસ્ત્રમાન્ય અને અનુભવગમ્ય છે, માટે જ શાસ્ત્રોમાં કથન છે કે, " સાધક ચાહે કાયોત્સર્ગી, ધ્યાની, મૌની, વલ્કલ પહેરનારો હોય, યદિ તે પોતાના મનમાં ગુપ્ત અબ્રહ્મસેવી હોય તો સાક્ષાત્ વૃદ્ધ ઉંમરના બ્રહ્માજી હોય તો પણ મને ગમતા નથી. " " હજારો શ્લોકોને ભણનાર હોય, ભણાવનાર હોય તથા આપદ્ગ્રસ્ત હોય કે રૂપરૂપના અંબારસમી સ્ત્રીઓથી આમંત્રિત હોય તો પણ અકાર્ય(મૈથુન)નું સેવન ન કરે કે ન અભિલષે તે સૌને ગમશે. "

બ્રહ્મચારી માનવ જ સર્વશ્રેષ્ઠ અહિંસાદિયમોને તથા જૂદા જૂદા દ્રવ્યોના અભિગ્રહરૂપ નિયમોને ધારી શકે છે.

અર્થાત્ મૈથુનાદિ પાપોમાંથી પોતાના આત્મપ્રદેશોને ખેંચી લઈ જે ભાગ્યશાળીઓ બ્રહ્મચર્યધર્મની આરાધનામાં એકાગ્ર થશે તો અનાદિકાળથી વળગેલા હિંસાદિ પાપોનો નિરોધ કરવા માટે સમર્થ બનશે. તેમજ ખાનપાન, રહેણીકરણી, વ્યાપાર-વ્યવહારમાં ઓતપ્રોત થયેલી અશુદ્ધતાને દૂર કરવા માટે સંયમી જીવન જીવશે. જેથી પાંચે ઇન્દ્રિયોના ૨૩ વિષયોમાં બેભાન બનેલો આત્મા ખરા અર્થમાં જિતેન્દ્રિય, નિરારંભી અને નિષ્કષાયી બનશે.

ભારત દેશના બધાય પર્વતોમાં હિમવાન્ પર્વત જેમ મોટો અને પ્રભાવશાળી છે, તેવી રીતે કે તેનાથી પણ વધારે ગુરૂ અને પ્રભાવશાળી બ્રહ્મચર્યધર્મ છે.

व्रतानां ब्रह्मचर्यं हि, निर्दिष्टं गुरुकं मतम् ।
तज्जन्य पुण्यसभार, संयोगाद् गुरुरुच्यते ॥

મતાન્તરોમાં પણ કહેવાયું છે કે "એક બાજુ ચારે વેદ હોય અને બીજી તરફ બ્રહ્મચર્યવ્રતનું પાલન હોય, તો વેદોના અભ્યાસ કરતાં પણ બ્રહ્મચર્યની સાધના સર્વશ્રેષ્ઠ છે. પાપકાર્યોમાં એક તરફ દુનિયાભરના પાપોની રાશિ હોય અને બીજી તરફ શરાબપાન અને માંસભોજન હોય તેમાં બધાય પાપો કરતાં શરાબ અને માંસનું પાપ મોટું છે."

જેની સાધનાથી માનવનું મન પ્રશસ્ય એટલે કે દેવ દાનવોના દેવાવાસો કરતાં વધારે પ્રશસ્ય, ગંભીર, અચંચલ અને સ્થિર બનવા પામે છે. ગંભીરતાનો અર્થ :-

यस्य प्रभावात् आकाराः, क्रोधभयहर्षादिषु ।
विकारा नोपलभ्यन्ते, तद्गांभीर्यमुदाहृतम् ।।

સ્થિરતાનો અર્થ :–

स्थिरता वाङ्मनकायैर्यषामंगागितां गता ।
योगिनः समशीलास्ते ग्रामेऽरण्ये दिवा निशि ।।

વાચનાન્તરમાં પ્રશસ્ત, ગંભીર (દૈન્યાદિ વિકારરહિત) સ્તિમિત (શરીર ચંચલતારહિત) મધ્યસ્થ (રાગ–દ્વેષથી અસ્પર્શ) સરળ બનેલા મુનિજનોથી બ્રહ્મચર્યધર્મ સેવિત છે, જે મોક્ષમાર્ગનું આદિ કારણ છે.

" જીવ અરિહંત સ્વરૂપ છે ", " આત્મા તે પરમાત્મા " આ અને આના જેવા બીજા શાસ્ત્રીય વચનો સત્ય હોવા છતાં અત્યારે તો તે કેવળ સત્તામાં જ અકબંધ પડેલું છે. તેનું ઉદ્‌ઘાટન કરવું જ હોય તો બ્રહ્મચર્યધર્મની નિરતિચાર આરાધના સિવાય બીજો એકેય ધર્મ કામમાં આવી શકે તેમ નથી, કેમ કે રાગ દ્વેષનો ક્ષય કે ક્ષયોપશમ પ્રાયઃ કરીને બ્રહ્મચર્યને જ આભારી છે. આ કારણે જ જૈન મહર્ષિઓ કહે છે કે " જીવનની કૃતકૃત્યતા એટલે કે સિદ્ધિગતિ જ જીવનું અન્તિમ લક્ષ્ય હોવાથી તેને પ્રાપ્ત કરવા માટે બ્રહ્મચર્ય જ 'સુરક્ષિત નિલય' એટલે ઘર છે." અથવા સર્વે સિદ્ધોને રહેવાનું સ્થાન સિદ્ધિગતિ છે. પરન્તુ તેને પ્રાપ્ત કરાવનાર કોણ ? આના જવાબમાં માનવાનું જ રહ્યું કે, બ્રહ્મચર્ય જ તેને પ્રાપ્ત કરાવનાર છે. શાશ્વત સુખોને આપનાર, ભવભવાન્તરના માયા બંધનને તોડાવી અપુનર્ભવને આપનાર, આત્માને પૂર્ણ

માસીના ચન્દ્રની જેમ ઉજ્જવળ કરાવનાર, એકાન્તિક સુખને દેનાર, સંસારના બધાય દ્વન્દ્વોને નિર્મૂળ કરાવનાર બ્રહ્મચર્ય છે. જે સુખ અને કલ્યાણનું કારણ છે. આત્માના પ્રદેશોમાં અચલતા (ચાંચલ્ય રહિતતા) તથા આત્માને અક્ષય શાન્તિ દેનાર બ્રહ્મ છે. શ્રેષ્ઠ મુનિઓએ જેનું ત્રિકરણ યોગે રક્ષણ કર્યું છે. આનાથી બીજું એકેય અનુષ્ઠાન ન હોવાથી મુનિવરોએ બ્રહ્મચર્યનું જ પ્રતિપાદન કર્યું છે; તીર્થંકરોએ, વિશિષ્ટ મુનિવર્યોએ, અત્યન્ત સાહસ ધનના માલિકોએ તથા ધૈર્યવન્તોએ પણ કુમારાવસ્થાથી જીન્દગીની છેલ્લી ક્ષણ સુધી પણ બ્રહ્મચર્યની સુરક્ષા કરી છે, આ સૂત્રથી જેઓએ

'अपुत्रस्य गतिर्नास्ति स्वर्गो नैव च नैव च ।
तस्मात् पुत्र मुखं दृष्टवा पश्चाद् धर्मं चरिष्यसि ।। '

અર્થાત્ " પુત્ર પ્રાપ્તિ વિનાના માનવોની સદ્ગતિ પુત્ર પ્રાપ્તિ વિના થતી નથી. માટે પુત્રના મુખને જોઇને ધર્મનું આચરણ કરીશ. " તેનું ખંડન થઈ જાય છે, કેમ કે પુત્ર તથા સદ્ગતિને રતિમાત્રનો પણ સંબંધ નથી. તેમની સ્મૃતિઓ આ વાતની સાક્ષી આપે છે કે :-

अनेकानि सहस्राणि कुमार ब्रह्मचारिणाम् ।
दिवं गतानि विप्राणामकृत्वा कुल संततिम् ।।

એટલે કે, વિપ્રોના, ભૂદેવોના, ત્રિવેદી અને ચતુર્વેદીઓના હજારોની સંખ્યામાં પરણ્યા વિનાના કુમારો બ્રહ્મચર્યની આરાધનાથી સદ્ગતિને પામ્યા છે બ્રહ્મની આરાધના

વિઘ્નોપશામક હોવાથી કલ્યાણદાયી છે, કેમ કે બ્રહ્મચારી જીવન પ્રત્યે કોઇનેય શંકા રહેતી નથી.

છિલકા વિનાના શુદ્ધ ચોખાની જેમ બ્રહ્મચર્ય પણ ઉજ્જવળ છે. કેમ કે તેના પાલનમાં કોઈ પણ જાતના પ્રયાસ, પરિશ્રમ, છેતરપિંડી કે વિશ્વાસઘાત કરવાના હોતા નથી. જેમ જેમ આની આરાધના થતી જશે તેમ તેમ સ્નેહીઓ પ્રત્યેનો રાગ કમ થશે, માટે જ ચિત્તની સ્વસ્થતાને પ્રાપ્ત કરાવનાર બ્રહ્મની સાધના છે. રાગી માણસને જ ' ક્યાં જઇએ ? ક્યાં ઉભા રહીએ ? શું કરીએ ? શું ન કરીએ ? ' ઇત્યાદિ ચિંતાઓની પરંપરા એક પછી એક સતાવતી હોય છે. જ્યારે બ્રહ્મચારીના આત્માનો અણુઅણુ રાગ વિનાનો હોવાથી સદૈવ સુખમગ્ન હોવાથી ચિંતામુક્ત છે. બીજા વ્રતોમાં અપવાદ સંભવી શકે છે પણ બ્રહ્મચર્યની આરાધનામાં કોઇપણ જાતનો અપવાદ નથી. તપ અને સંયમ માટે મૌલિક કારણ આ વ્રત છે પાંચે મહાવ્રતોની નિરતિચાર આરાધના બ્રહ્મચર્ય વિના શકય નથી. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ અને નવ પ્રકારે નવ બ્રહ્મચર્યની વાડ દ્વારા આ વ્રત યુક્ત છે, રક્ષિત છે. સારાંશ કે કાંટાની વાડ વિના ખેતરની રક્ષા જેમ અશકય છે તેવી રીતે બ્રહ્મની આરાધના માટે નવ વાડો નક્કી થઈ છે. અથવા " ब्रह्मणि आत्मनि चरणमिति ब्रह्मचर्यम् " પૌદ્ગલિક ભાવોમાંથી જીવનધનને બચાવી લીધા પછી જ શરીરધારી પોતાના આત્માનો ખ્યાલ આવતાં મન-વચન અને કાયાથી પણ બ્રહ્મચર્ય ધર્મની રક્ષા માટે પાંચ સમિતિઓથી સમિત,

ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત બનવા પામે છે જે સાધનામાં ધ્યાતા અને ધ્યેયની એકરસતાનો પુટ લાગ્યો છે, તેવું ઉત્કૃષ્ટ ધ્યાન-રૂપી કબાટ (બારણું) જે ઘણા સુકૃત્યોથી વિરચિત છે તેની રક્ષાને માટે બ્રહ્મચર્યધર્મ અર્ગલા (ભુંગળ) સમાન છે. જેવી રીતે અર્ગલાથી દ્વાર મજબુત બને છે અને મકાન પણ સુરક્ષિત રહે છે તેવી રીતે ધ્યાતા, ધ્યેય અને ધ્યાનમાં એકાગ્રતા લાવનાર બ્રહ્મચર્યની સાધના સિવાય બીજું એકેય અનુષ્ઠાન કામે આવતું નથી બ્રહ્મચારીના મનમાં ચંચલતા, અસમાધિતા, અને અસ્થિરતા આદિનો નાશ થયેલો હોવાથી સ્વસ્થચિત્ત બનેલા તે સાધકનું વચન અને શરીર પણ સ્વસ્થ એટલે આત્માને આધીન બન્યા વિના રહેતા નથી જે સમ્યક્-ચારિત્ર જ કહેવાય છે. નરકગતિ અને તિર્યંચગતિનું દ્વાર બંધ કરવા માટે તથા મનુષ્ય અને દેવગતિના દ્વાર ઉદ્‌ઘાટિત કરવા માટે બ્રહ્મચર્ય ધર્મની સાધના જ ઉત્તમોત્તમ સાધના છે. સમ્યક્‌ચારિત્ર વિનાના દેવ–દાનવ ઇન્દ્રોને માટે અત્યંત દુષ્કર બ્રહ્મચર્યધર્મ છે માટે લોકોત્તમધર્મમાં બ્રહ્મચર્ય જ સર્વશ્રેષ્ઠ કહેવાયો છે. શાસ્ત્રોક્ત વચન છે કે દેવ–દાનવ–ગન્ધર્વ–યક્ષ–રાક્ષસ–કિન્નર વગેરે દેવો પણ બ્રહ્મચારીને નમન કરે છે. તથા બીજા માનવોને માટે સર્વથા દુષ્કર હોવાથી સમ્યગ્‌દૃષ્ટિસમ્પન્ન માનવો જ આ વ્રતની આરાધના કરવા સમર્થ બને છે.

બ્રહ્મચર્યધર્મની સર્વ શ્રેષ્ઠતા :–

જૂદા જૂદા રંગોના કમળોવડે શોભિત સરોવર અને તળાવ, જેમ સૌને સુખદ, પ્રમોદ કરાવનાર અને મનોહર

લાગે છે, પરન્તુ તેની સુન્દરતા અને આદેયતા, સુન્દર અને મજબુત પાળ વડે જ છે, તેવી રીતે જીવમાત્રને આધ્યાત્મિક સુખ દેનાર ધર્મ અને ધાર્મિકતા છે. જેની પ્રાપ્તિ, બ્રહ્મચર્ય વિના શકય નથી અને બ્રહ્મચર્યની સુરક્ષા નવ વાડોનેજ આભારી છે. માટે સર્વે આત્મિકધર્મોની પાળ જેવું બ્રહ્મચર્યવ્રત છે. સારાંશ કે પાળથી જેમ સરોવર સુરક્ષિત છે તેમ અહિંસા, સત્ય, અચૌર્ય આદિ ધર્મો બ્રહ્મચર્યથી સુસાધ્ય છે. બળદ ગાડાના પૈડાની વચ્ચે જેમ લોખંડની ધરી હોય છે, જેથી પૈડા અને ગાડાને હાનિ થતી નથી તેમ મુનિ ધર્મના ગુણોને ધારી રાખનાર બ્રહ્મચર્ય ધર્મ છે, મતલબ કે બ્રહ્મચારી સાધક જ ક્રોધ કષાયનો શમક, હૈયાનો સરળ અને પવિત્ર બને છે. આન્તર પરિગ્રહનો ત્યાગી, તપોધર્મનો સાધક, સંયમનો પાલક અને ગુરૂકુળનો ઉપાસક બનવામાં તેને કયાંયથી પણ વાંધો આવતો નથી. પોતાની શાખાઓથી વડવૃક્ષ પોતાના આશ્રિતોને જેમ સુખપ્રદ બને છે, તેમ ધર્મની જેટલી શાખાઓ છે તે બ્રહ્મચર્યવ્રત પર આધારિત છે. શહેર–નગર આદિ જેમ ચારે તરફ કિલ્લો, દ્વાર અને અર્ગલા વડે સુરક્ષિત હોય છે તેમ ધર્મ નામના મહાનગરની રક્ષા બ્રહ્મચર્ય વડે જ સુરક્ષિત રહી શકે છે. મહામહોત્સવમાં આગળ ચાલનાર ઈન્દ્ર-ધ્વજ જેમ દોરડાવડે સુરક્ષિત અને શોભિત બને છે, તેમ બાકીના બધાય વ્રતોને એક દોરડામાં બાંધી રાખનાર બ્રહ્મચર્યવ્રત છે. આ રીતે જે સાધક પાસે એક જ બ્રહ્મચર્યધર્મ સુરક્ષિત હશે તેના બધાય ગુણો ઉત્તરોત્તર શુદ્ધતમ બનવા પામે છે.

બ્રહ્મચર્યવ્રતની આરાધના જ સર્વ શ્રેષ્ઠ કેવી રીતે ?

દ્રવ્ય પ્રાપ્તિ, રૂપ પ્રાપ્તિ શારીરિક શક્તિ પ્રાપ્તિ, કીર્તિ કે યશની પ્રાપ્તિ, છેવટે ઉત્તમ જાતિ, ખાનદાન, કે માતાપિતાની પ્રાપ્તિમાં પૂર્વનું પુણ્યકર્મ જ કામ કરી રહ્યું હોય છે, એટલે કે આત્માથી પર ભૌતિકવાદના ભોગવટાના બધાય સાધનો પુણ્યાધિન છે. જ્યારે સર્વાંશે કે અલ્પાંશે બ્રહ્મચર્યધર્મની આરાધનામાં પુણ્યબળ કામે નથી આવતું પરન્તુ જાગૃત આત્માની સંયમવૃત્તિ અને પ્રવૃત્તિ જ મુખ્ય કામ કરી રહી હોય છે. તે માટે સારા કે નરસા, ગમતા કે અણગમતા ભૌતિક-પદાર્થોનો મનસા-વચસા અને કાયાથી ત્યાગ કરવો સર્વથા અનિવાર્ય છે. તેનો સરળાર્થ આ છે કે જે શબ્દો, ગન્ધો, રસો અને સ્પર્શોથી માનવનો આત્મા, મન, બુદ્ધિ, ઇન્દ્રિયો કે શરીર મદાન્ધ બનવા પામે તેવો સહવાસ અને ભોગ-વટામાં અત્યાસક્તિનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્યની સાધના છે. બ્રહ્મનો અર્થ આત્મા થાય છે, જે અનાદિકાળથી ભૌતિકવાદ, પૌદ્ગલિકવાદનો કીડો બનીને યોગ કે યોગની સાધનાથી ભ્રષ્ટ થયેલો છે, માટે બ્રહ્મચર્યની ભાવનાને આચરણમાં લાવ્યા વિના, કેળવ્યા વિના કે તેની ભાવના રાખ્યા વિના અથવા બ્રહ્મચારી પુરૂષોનો સહવાસ કર્યા વિના બ્રહ્મની આરાધના શકય બનતી નથી. અનાદિકાળથી પરપદાર્થોમાં રસમગ્ન બનેલા આત્માને ઓળખવા માટે, તેને પ્રાપ્ત કરવા માટે અથવા આત્મામાંથી પરમાત્મા, જીવમાંથી શિવ, નરમાંથી નારાયણ, ખુદમાં ખુદા અને છેવટે DOG ડોગ એટલે કૂતરાવેડાઓનો

ત્યાગ કરી GOD ગોડ બનવા માટે પણ વાક્‌પટુતા, વાચાળતા કે કોરા સિદ્ધાંતવાદો કામે નથી આવતા પરંતુ બ્રહ્મચર્યધર્મની શુદ્ધ કે શુભભાવે કરેલી આરાધના જ કામે આવશે. એકેય મંત્ર-તંત્ર, રૂદ્રાક્ષમાળા, ટીલા-ટપકા કે ઉંધા માથે લટકવાથી પણ આત્મા પરમાત્મા બનવાનો નથી. આત્મામાં રમણુતા કરવી તે કેવળ પોથીઓના પાઠ કરવાથી કે ચર્ચા-વિતંડાવાદ અને શાસ્ત્રોની પંક્તિઓને રટવા માત્રથી બની શકે તેમ નથી, પરંતુ આત્મા માત્ર ચૈતન્ય સમ્પન્ન હોવાથી તેને ચૈતન્યની આરાધના જ કામે લાગશે. બ્રહ્મચર્યધર્મ આત્માનો ગુણ હોવાથી તેનું આચરણ જ આત્મામાં રમણુતા, સ્વાધ્યાયમાં લીનતા, ધ્યાનમાં મગ્નતા, કાયોત્સર્ગમાં દૃઢતા, સામાયિકમાં સ્થિરતા, ચતુર્વિંશતિસ્તવમાં એકરસતા, ગુરૂવંદનમાં શ્રદ્ધાળુતા, અને છેવટે પ્રત્યાખ્યાન(વિરતિ)માં પરિપક્વતા પ્રાપ્ત કરાવશે. કેમ કે બ્રહ્મચર્યની સાધના જ ચૈતન્યની સાધના છે, જે દેવલોકાદિના પૌદ્‌ગલિક સુખો કરતાં પણ અનંતગુણા વધારે સુખ-શાન્તિ અને સમાધિને દેનાર છે. આનાથી રજનીશજીનું 'ભોગમાંથી મુક્તિ' એટલે કે સ્ત્રીસંભોગના સમયે વીર્યસ્ખલન જેમ જેમ મોડું થશે તેમ તેમ મુક્તિનો રસાનુભવ થશે. આ કથન સર્વથા મૂર્ખતાભર્યું અને યુવાધનને અવળે માર્ગે લઈ જનારૂં હોવાથી તથા આત્મા-પરમાત્મા-મહાવીર-ગીતા-ઉપનિષદ્‌ આદિ શાસ્ત્રોનો દ્રોહ કરનાર હોવાથી ત્યાજ્ય છે.

જબ્બરદસ્ત આત્મિક પુરૂષાર્થવડે પ્રાપ્ત થયેલી આત્મિક-શક્તિનું નિવર્તન-નિર્ગમન ન થવા પામે તેને અનિવૃતિકરણ

કહેવાય છે જે સમ્યગ્દર્શનમાં મૌલિક કારણ છે અને જેના કારણે ૭૦ કોડાકોડી જેટલી મોહકર્મની દીર્ઘ સ્થિતિમાંથી ૬૯ કોડાકોડી કર્મના ભૂક્કે ભૂક્કા ઉડ્યા વિના રહેતા નથી, તેમ છતાં પણ તેને પ્રથમ ગુણસ્થાક કહેવાનો આશય એટલો જ છે કે, સમ્યગ્દર્શન થવાના એક સમય પહેલાના આ સ્થાને પણ એટલે કે મિથ્યાત્વ ગુણસ્થાનકના અન્તિમ સમયે પણ આત્મા પોતે ૬૯ કોડાકોડી કર્મોને ખપાવી દે છે, ત્યારપછી સમ્યગ્દર્શનનો માલિક બનતા તેનું સમ્પૂર્ણ મિથ્યાજ્ઞાન, સમ્યગ્જ્ઞાનમાં પરિવર્તિત થતાં જ સમ્યક્ ચારિત્ર તરફ પ્રસ્થાન કરવાની ભાવના બળવતી બને છે જેના કારણે શેષ રહેલા કોડાકોડી સાગરોપમમાંથી પણ પલ્યોપમના પલ્યોપમ જેટલા નિર્જરિત થતાં જાય છે. છેવટે અનિવૃત્તિકરણ વડે તે નામના જ ગુણસ્થાનકમાં પ્રવિષ્ટ આત્મા ક્ષપક શ્રેણિની મર્યાદામાં યદિ આવી ગયો છે તો દશમા ગુણસ્થાનકે કષાયોની ભૂંગળ (અર્ગલા) નો ખાતમો બોલાવે છે, બારમે ગુણસ્થાનકે દેવ-દાનવોને પણ અધોગામી બનાવનાર મોહકર્મના સમ્પૂર્ણ મૂળીયાઓને સમૂળ નાશ કરી તેરમાં ગુણસ્થાનકે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરવા માટે ભાગ્યશાળી બનવા પામે છે. આ બધાય કાર્ય કારણોને જાણ્યા પછી જાણવું સરળ બનશે કે, કેવળજ્ઞાનની સાધનામાં બ્રહ્મચર્યધર્મની સાધના સિવાય બીજું એકેય મૌલિક કારણ નથી.

સ્ત્રી માત્રનું અવાચ્ય સ્થાન રક્ત અને મૂત્રથી ખરડાયેલું હોવાથી, તેમાં પ્રતિક્ષણે ઉત્પન્ન થનારા અને જઘન્ય, મધ્યમ

તથા ઉત્કૃષ્ટ શક્તિને ધારણ કરનારા બેઇન્દ્રિયાદિ લાખોની સંખ્યામાં સંમૂર્ચ્છિમ જીવોના ઉત્પાદનને કામ સૂત્રના પ્રણેતા વાત્સ્યાયન મુનિએ પણ નકાર્યા નથી તથા શુક્ર અને રજના મિશ્રણમાં બે લાખથી નવ લાખ સુધી ગર્ભ જ પંચેન્દ્રિય જીવોને જૈનશાસ્ત્રને કબૂલ કર્યા છે. આવી સ્થિતિમાં મૈથુનકર્મી આત્માના એકવારના મૈથુનમાં લાખો જીવોની હત્યા થતી હોય તો તે સાધક અહિંસક–પૂર્ણ અહિંસક કેવી રીતે બની શકશે ? માટે તે સ્થિતિને પ્રાપ્ત કરવા માટે બ્રહ્મચારી સાધક જ સફળ બનવા પામે છે તેમાં કોઇને પણ સંદેહ રહેતો નથી. મૈથુન સેવીનો આત્મા, સંયમની મર્યાદામાં ન હોવાથી ગમે ત્યારે પણ અસત્ય ભાષણ, ખોટી સાક્ષી, મિથ્યા ઉપદેશ ઉપરાંત કર્કશ–કઠોર અને ઇર્ષ્યામયી ભાષાનો ઉપયોગ કરવાવડે સત્ય ધર્મનો ઘાત કરશે. કેમ કે જે સત્યવાદી નથી તે અહિંસક પણ નથી. આ કારણને લઇને પણ તે સાધક યદિ પૂર્ણ અહિંસક કે સત્યવાદી બનવા માંગતો હોય તો બ્રહ્મચર્યધર્મની ટ્રેઇનિંગ સૌથી પ્રથમ લેવા સિવાય બીજો માર્ગ નથી. મુનિધર્મનો સ્વીકાર કરનારા જૈન મુનિઓને ઉપર્યુક્ત બ્રહ્મચર્યધર્મનું પાલન કરવું સર્વથા અનિવાર્ય છે.

હવે જાણવાનું રહેશે કે બ્રહ્મચર્યની વિરાધના (ખંડન) અને આરાધના (સંરક્ષણ) કરવાથી આત્માને, આત્માના વિકાસને કે ઉત્થાનને કઈ રીતે ? કેટલા પ્રકારે ? કયા નિમિત્તે અને કેટલા પ્રમાણમાં હાનિ કે લાભ થાય છે તે પ્રસંગને ભાવદયાના માલિક સુધર્માસ્વામીજી કયાંય પણ થાકયા વિના

જમ્બૂસ્વામીને કહે છે કે હે જમ્બૂ! સમવસરણમાં બિરાજમાન દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીએ જે કહ્યું હતું તેને જ હું કહું છું.

બ્રહ્મચર્યના ખંડનમાં કે રક્ષણમાં હાનિ કે લાભ કઈ રીતે?

સ્વભાવથી જ જીવોના બે પ્રકાર છે. જેમાંથી પહેલા પ્રકારના જીવો આવનારા ભવોમાં દેવલોકના પૌદ્ગલિક સુખોની પ્રાપ્ત્યર્થે વિષયવાસનાના સુખોને માટે ન ગણી શકાય કે ન માપી શકાય તેટલા પ્રમાણની ઋદ્ધિ-સમૃદ્ધિની આકાંક્ષાર્થે ઇજ્જત-આબરૂ કે માનમરતબો મેળવવાના લોભાર્થે, બળ-પરાક્રમ-રૂપ-જ્ઞાન અને વિજ્ઞાન દ્વારા પ્રસિદ્ધિની ઝંખના અર્થે, ખાવા-પીવા કે ભોગવવાની અશક્તિ છતાં પણ થોડી ઘણી માયા હોય તો સારૂં તેવી મિથ્યા લાલસાને માટે પણ થોડું ઘણું કરનારા હોય છે. જ્યારે બીજા પ્રકારના માનવો આત્માના કલ્યાણ માટે, પુણ્યાનુબંધી પુણ્ય વધારવા માટે, કર્મોની નિર્જરાને માટે, ભવભવાન્તરમાં પણ જૈન શાસન મળે તે માટે, અથવા જન્મ-જરા અને મૃત્યુના દુઃખોથી મુક્ત બની સિદ્ધ-શિલા નિવાસી બનવા માટે પણ ધર્મધ્યાનાદિ કરનારા હોય છે. તેથી નીચે લખેલી આત્મસિદ્ધિઓ તેમને પ્રાપ્ત થાય છે.

(૧) વિનય:—" विशेषेण अभूतपूर्वं आत्मशक्त्या, अनादिकालापतितान् आत्मनः प्रतिप्रदेशे सलग्नान् मायाजन्य कुसस्कारान् नयति अपनयति दूरीकरोतीति विनयः " અભૂતપૂર્વ આત્મશક્તિ વિશેષવડે, અનાદિ કાળથી આત્માના

પ્રતિપ્રદેશ પર લાગેલા, મજબુત કરેલા, માયાના કુસંસ્કારોને નાબૂદ કરાવે, ઢીલા કરાવે, ખપાવી નખાવે તથા નવા કુસંસ્કારોના દ્વાર બંધ કરાવે તેને વિનય કહેવાય છે, જેની પ્રાપ્તિ સદ્‌ગુરૂઓના સંસર્ગથી, તેમની વૈયાવચ્ચથી, અરિહંત પરમાત્માઓની મૂર્તિઓના દર્શન-પૂજન તથા દ્રવ્ય અને ભાવભક્તિ વિશેષથી, વ્યાખ્યાનોથી, વાંચનથી પ્રાપ્ત થયેલી આત્માની સરળતાને વિનય કહેવાય છે. અનાદિકાળથી પરિભ્રમણ કરનારા આત્માને કોઈક જ ભવમાં રાધાવેધની સમાન તે વિનયની પ્રાપ્તિ થાય છે, જે મોક્ષપ્રાપ્તિનું આદ્ય સોપાન છે.

(૨) શીલ :-લોક, વડિલ, સમાજ, ધર્મગુરૂ, વિદ્યાગુરૂ, ખાનદાની અને ભણતરના કારણે આત્મિક જીવનમાં ઉત્પન્ન થયેલી લજ્જા વડે માનવને સદાચાર-સત્પ્રવૃત્તિ અને સદ્‌વ્યવહારની પ્રાપ્તિ થાય છે, કોઇક ભાગ્યશાળીને પૂર્વભવીય સત્સંસ્કારોના કારણે પણ લઘુ વયથી સદાચારના સંસ્કારોની પ્રાપ્તિ થતાં, તેના જીવનમાં આ ગુણ જેમ જેમ વિકસિત થાય છે તેમ તેમ સૌને માટે આદરણીય થાય છે, માટે માનવ માત્રનું ભૂષણ સદાચાર છે.

(૩) તપ :-અનાદિકાળના કુસંસ્કારોના કારણે વિકૃત બનેલા આત્માને, મનને, બુદ્ધિને, ઇન્દ્રિયોને તથા શરીરની સાતે ધાતુઓને તપાવી નાખે તે તપ કહેવાય છે. જેની પ્રાપ્તિ થતાં સાધકની ભોગૈષણા ઉપર સંયમનું સામ્રાજ્ય સ્થપાય છે.

(૪) નિયમ :-ઉપર બતાવેલા વિનય-સદાચાર અને તપશ્ચર્યાને ટકાવી રાખવા માટે, તેમનામાં શુદ્ધતા અને

નિરતિચારિતા લાવવા માટે જીવનમાં જૂદા જૂદા અભિગ્રહો સ્વીકારવા, તેને નિયમ કહેવાય છે. આવો નિયમબદ્ધ આત્મા જ લીધેલી પ્રતિજ્ઞાઓને પાળી શકવા માટે સમર્થ બને છે.

(૫) ગુણસમૂહ :–પ્રાપ્ત થયેલા જ્ઞાનાદિ ગુણોમાં અવગુણ, અવળચંડાઇ, અસભ્યતા, દાંભિકતા આદિનો પ્રવેશ કરવા ન દેવો, જેથી ઉંચાઇ પર ચડેલા આત્માને દ્રવ્યથી, ભાવથી કે બંનેથી નીચે ઉતરવાનો પ્રસંગ આવવા પામે નહિ. આ પાંચેમાં વિનય–સદાચાર–તપ અને નિયમનો સમાવેશ ક્રિયામાં થશે, જ્યારે ગુણ સમૂહ જ્ઞાન કહેવાય છે આ બંનેની પ્રાપ્તિ થવામાં આત્માનો અદમ્ય, અથાક અને અવિરત પુરૂષાર્થ જ કામે આવે છે, જે બ્રહ્મચર્યધર્મની સાધનાથી સુસાધ્ય બને છે.

હવે સૂત્રકાર બીજા પ્રકારે ફરમાવે છે કે, જે સાધક પ્રમાદી કે વ્રતો પ્રત્યે બેદરકાર બનશે, તેના જીવનમાં પ્રમાદાદિ દુર્ગુણો છદ્મવેષે એક પછી એક જ્યારે પ્રવેશ કરે છે ત્યારે સાધકનું આન્તરજીવન શિથિલ બનશે અને એક દિવસે મનથી, વચનથી, કાયાથી, મન–વચનથી, મન–કાયાથી, વચન–કાયાથી કે મન–વચન–કાયાથી બ્રહ્મચર્યનું ખંડન કરવાના માર્ગે પ્રસ્થાન કરશે. કેમ કે શિથિલતામાં પણ અજબ ગજબની શક્તિ રહેલી હોવાથી નિમિત્ત કારણોની વિચિત્રતાઓને લઇ કોઇક સમયે હાસ્ય–મશ્કરીથી, કોઇક સમયે કુતૂહલથી, કોઇક સમયે સામેવાળાની આંખની શરમથી કે બીજા કોઇ આર્થિક લાલસાના ગમે તે કારણે પ્રવેશ પામેલી શિથિલતાનો ત્યાગ

કરવો સાધક વિશેષને માટે પણ દુષ્કર બનવા પામે છે અને તેમ થતાં સ્વાધ્યાય બળથી કેળવાયેલા વિનયના સ્થાનમાં અવિનય, સદાચારના સ્થાને દુરાચાર, તપશ્ચર્યાના સ્થાને ભોગલાલસા જીવનના ગુપ્ત કે અગુપ્ત પ્રસંગોમાં વધવા પામશે. પરિણામે નિયમો તથા ગુણો એક પછી એક અલવિદા લેવા માંડશે અને છેવટે હાથમાંથી નીચે પડીને ટૂકડે ટૂકડા થયેલા ઘડાની જેમ, દહિં વલોવવાની હાંડી ફૂટતાં દહિંની જેમ, પત્થરથી કૂટાયેલા ચણાની જેમ, પેટના આંતરડામાં ઘુસાડેલી વક્ર છરી કે કાતરથી જેમ હાડકા ચુરાઈ જાય છે તેની જેમ, પર્વતના શિખરથી ગબડી પડેલા પત્થરની જેમ, બ્રહ્મચર્યરૂપ કિલ્લાના કાંગરા ધીમે ધીમે ખરતાં ખરતાં, મોહરાજાના સૈનિકોથી ઘેરાયેલા આત્માને અધોગતિ જ ભાગ્યમાં રહેવા પામશે. જેમ કે તૂટેલા ઘડાના શેષ રહેલા ઠીકરા મૂલ્ય વિનાના થાય છે, તેમ બ્રહ્મચર્યથી ખંડિત માણસનું જીવન કેવળ ચામડી અને વાચાલતાથી સારૂં રહેશે પણ આત્મા ઠીકરા તુલ્ય થતાં તેમના આત્મિક જીવનની કિંમત સમાજ, દેશ કે ધાર્મિક સંપ્રદાયોમાંથી નહિવત્ રહેવા પામશે. તૂટેલી હાંડીમાંથી દહિં ઢોળાઈ જતાં તેની કિંમત કોડીની પણ ઉપજતી નથી, તેમ ખાવા માટે કે માખણ માટે કામ આવતું નથી તેમ બ્રહ્મચર્યથી ખંડિત માનવનું ઓજ, ચૈતન્ય તથા લાવણ્ય પણ સમાપ્ત થશે. ઘંટીમાં નાખેલા ચણાની જેમ આત્મિકશક્તિઓ પણ ચૂરેચૂરા થઈ જતાં જીવનમાંથી સાત્વિકતાનો હ્રાસ થશે અને તામસિકતા તથા આડંબર પ્રિયતા શેષ રહેશે. વાવાઝોડા કે ધરતીકંપથી ભ્રષ્ટ થયેલી પર્વતની શિલાની જેમ વીર્યહીન

આત્મા પોતાના ગુણોથી ગબડી પડશે એટલે કે પ્રાપ્ત થયેલા ગુણો તથા તેમનો સંગ્રહ, વર્ધન અને સંરક્ષણ કરવાની શક્તિ તેમની પાસે રહેવા પામશે નહિ. મકાનની ભીંતો કે થાંભલાઓ જ્યારે પડવા માંડે છે, ત્યારે તેના ઉપરી ભાગમાં રહેલ કળશ કેવી રીતે સ્થિર રહેશે ? તેમ નષ્ટ થયેલા કે કરેલા વીર્યની અસર માનવના લોહી અને જઠરાગ્નિ પર પડતાં ક્રમે ક્રમે તેની માઠી અસર શરીર પર પડે છે. અને મડદાલ થયેલા શરીરમાં આત્મા પણ કમજોર, બુઝદિલ, ભયગ્રસ્ત, બનતાં તેમનો દેવદુર્લભ મનુષ્યાવતાર રોગોનું ઘર બનશે. અગ્રભાગથી વક્રશસ્ત્ર માનવના હાડકાને બહાર કાઢ્યા વિના રહેતું નથી, તેમ મૈથુનભાવ–કામાસક્તિ કે દુરાચારી ભાવનાઓ પણ વક્ર-શસ્ત્રની જેમ હોવાથી આત્માને ખંડિત–પતિત બનાવીને દુર્ગતિ તરફ પ્રસ્થાન કરાવ્યા વિના રહેવાના નથી. કુષ્ટ, દમ–ક્ષય–બ્લડપ્રેશર કે કેન્સર જેવા રોગોથી શરીર અને તેના અવયવો જેમ લાવણ્ય વિનાના થઇ જાય છે તેમ વીર્યનાશ નામનો રોગ આત્માની શક્તિઓને કદરૂપી, પરદ્રોહાત્મક, હિંસક, બનાવ્યા વિના રહેતો નથી. આ કારણે બ્રહ્મચર્ય વિનાના વિનયાદિ ગુણો પણ ક્રમશઃ નાશ પામે છે.

" आकर्षणं मनुष्यस्य सौन्दर्यं कायिके बलम् ।
स्मृतिर्द्युतिस्तथास्फूर्तिः नश्यन्ते ब्रह्मनाशतः ।। १ ।।
आलस्यमंगजाड्यञ्च शैथिल्यं सत्त्वहीनता ।
ब्रह्मचर्ये न विद्यन्ते दोषा मैथुनजातकाः (लेखकीयौ श्लोकौ)

સારાંશ કે માનવ જાતિમાં જન્મ ધારણ કરેલા બાલક

કે બાલિકા સૌને એટલા માટે જ પ્રિય હોય છે કે તેમનાં શરીરમાં વીર્યનો સંગ્રહ સુરક્ષિત હોય છે. પરન્તુ જેમ જેમ શરીરના અવયવો વિકસિત થાય છે તેમ તેમ તેમના માતા-પિતાના કુસંસ્કારો, ગંદા અને અવળા માર્ગે ચડેલા મિત્રોના સહવાસ આદિના કારણે બાકળને પુરૂષવેદ અને કન્યાને સ્ત્રીવેદની ઉદીરણા કરવાની ઇચ્છા થાય છે, વધે છે અને એક દિવસે શરીરરૂપી મકાનમાં થાંભલાની ઉપમાને ધારણ કરતાં વીર્યથી સ્ખલિત થવાનો સમય આવી જાય છે. પછી ચાહે હસ્તમૈથુન હોય, સૃષ્ટિ વિરૂદ્ધ હોય કે વિજાતીય ભાગીદાર હોય તેના માધ્યમથી માનવનું મન કમજોર થશે અને વીર્ય સ્ખલનાનો મહાભયંકર રોગ તેને લાગુ પડ્યા વિના રહેવાનો નથી. ફળ સ્વરૂપે શરીરનું આકર્ષણ, ચામડી અને ચહેરાની સુન્દરતા, શરીરના બાંધાની દૃઢતા, સ્મરણશક્તિ, ધીરતા, ગંભીરતા અને શરીરનું ચૈતન્ય ધીમે ધીમે ઘટતું જશે અને આળસુપણું વધશે. સાંધાઓ, સાથળો અને પગની પિંડીઓ વાતે વાતે દુઃખવા લાગશે. શિયળવંતાની શરીરની ચામડી માંસ સાથે ચોંટેલી હોવાથી, ૫૦-૬૦ વર્ષની ઉંમરે પણ કચાંય કરચલી પડતી દેખાતી નથી. જ્યારે વીર્યનાશની પરંપરા પછી, તે ચામડી માંસથી ધીમે ધીમે છુટી પડે છે અને ૩૦-૪૦ વર્ષે તો શરીર વૃદ્ધાવસ્થાનું રૂપ ધારણ કરે છે. ત્યારે શરીરની ચામડી, માંસલતાનો અભાવ, સ્નાયુબદ્ધતામાં કમજોરી, ચાલતા ફરતાં પણ હાડકાનો દુઃખાવો અને મજ્જા (સાંધાઓની વચ્ચે ચીકણો પદાર્થ) માં કમજોરી આવતાં

હાડકાંઓ તૂટવા માંડશે. ગાઉ બે ગાઉ ચાલતા પણ આકાશે તારા દેખાશે. આ પ્રમાણે વીર્યનાશના રોગીના શરીરની દશા થશે. મશીનમાં પીલાતી સેરડીમાંથી રસ નીકળી જતાં તેના કૂચાની કિંમત રહેતી નથી તેમ વીર્યહીન માનવનું શરીર સૌને દયાપાત્ર જેવું લાગશે.

સારાંશ કે તેના શરીરમાં ક્રમશઃ કે એકી સાથે ફીકાશ, સાંધાનો દુઃખાવો, આંખોમાં ચક્કર, માથાનું દુઃખાવું, લોહીના વિકારો, ફેફસાની કમજોરી હાર્ટએટેક, ભગંદર, બ્લડપ્રેશર, ડાયાબીટીશ, ક્ષય તથા દમનો અસહ્ય વ્યાધિ અને છેવટે કેન્સર જેવા અસાધ્ય રોગોથી તેનું સુન્દર શરીર સર્વથા ખેડોળ થયા વિના રહેતું નથી.

પ્રત્યેક માનવ પોતાના અનુભવોથી જ નિર્ણય કરી શકે છે કે, હસ્તમૈથુનાદિ કે વિજાતીય ભાગીદાર સાથે પણ મર્યાદાતીત વીર્યની સ્ખલનાના પરિણામે વૃદ્ધાવસ્થામાં કેવા પરિણામો ભાગ્યમાં રહે છે. વિધવા બનનારી કે વિધુર બનેલાની ગુપ્ત વાતો દુનિયાભરનો કોઈ પણ માનવ ભલે જાણી શકતો નથી તો પણ વિધવા બનેલી નારી જાણે છે કે ન કરવાની ભૂલો મેં કેવી રીતે કરી છે, તેમ વિધુર બનનારો પણ જાણે છે કે મારા અતિશય મૈથુનકર્મના પાપે મારી પત્ની મૃત્યુ પામી છે. આ પ્રમાણે માંડેલા ગૃહસ્થાશ્રમની બાજી ખેલ ખતમ થયા પછી આંખોમાંથી પાણી ટપકવાનું શેષ રહે છે.

પરમદયાળુ પરમાત્મા ફરમાવે છે કે, બ્રહ્મચર્યનો નાશ કરવો તે આત્માના નાશ તુલ્ય છે.

બ્રહ્મચર્યધર્મને ઉપમાઓ કેટલી ?

મૈથુનપાપની ભયંકરતા બતાવ્યા પછી, શાસ્ત્રકાર હવે બ્રહ્મચર્યધર્મની મહિમાને લગતી ઉપમાઓ દ્વારા વિષયને ઉદારતાપૂર્વક સ્પષ્ટ કરે છે, તેને આપણે ક્રમશઃ જાણીએ અને હૃદયંગમ કરીને યથાશક્ય, યથાપરિસ્થિતિ ચોથા સંવરધર્મની આરાધના તરફ આગળ વધવાનો પ્રયાસ કરીએ.

(૧) ભગવન્તં–નો અર્થ ટીકાકારે ' ભટ્ટારક ' કર્યો છે. જે બહુ પૂજનીય વ્યક્તિમાં સાર્થક બને છે. જેમ મોટી શાંતિમાં " અર્હદ્ભટ્ટારકં ગૃહીત્વા.... " દેવ–દાનવ અને માનવોથી પૂજ્ય અરિહંત પરમાત્માને લઈ ઇન્દ્ર મેરૂપર્વત તરફ પ્રસ્થાન કરે છે.

આ પ્રમાણે સમ્પૂર્ણ વ્રતોમાં ' બ્રહ્મચર્યવ્રત ' ભટ્ટારક જેવું છે, કેમ કે આની અણીશુદ્ધ આરાધના જ બધાય વ્રતોની આરાધનાનું મૌલિક કારણ છે.

(૨) સ્વચ્છ :–એટલે વાદળાઓ વિનાના આકાશમાં આછા ચમકતા તારાઓ છે. તેનાથી વધારે ચમકતા અશ્વિની આદિ નક્ષત્રો છે. તેના વધારે ચમકતાં મંગળ–બુધ–ગુરૂ–શુક્ર અને શનિ આદિ ગ્રહો છે, જ્યારે ચન્દ્રને ઉડુપતિ કહેવાયો છે, કેમ કે સોળે કળાએ ખીલેલા ચન્દ્રની આગળ ગ્રહાદિ નિસ્તેજ બને છે. તેવી રીતે બ્રહ્મચર્યધર્મનો યદિ શરીર–મન અને આત્માના અણુઅણુમાં પ્રવેશ કરાવી દેવામાં આવે તો અહિંસાદિ વ્રતોને હાજર થયા વિના બીજો માર્ગ નથી.

(૩) ચન્દ્રકાન્તાદિ :–મણિ, પ્રવાલ, પદ્મરાગાદિની ઉત્પત્તિ (ખાણ) ગમે તે હોય, તેમાં સમુદ્રને શ્રેષ્ઠ કહ્યો છે. કેમ કે તેમાંથી નીકળતા મોતી ચમકદાર વધારે હોય છે, તેમ બ્રહ્મચર્યધર્મની હાજરીમાં અહિંસાદિ વ્રતો પણ ચમકદાર બન્યા વિના રહેતા નથી. બધી જાતના મણિઓમાં વૈકુર્ય મણિની જેમ, આભૂષણોમાં મુગટની જેમ, રંગવાળા કે સફેદ વસ્ત્રોમાં ક્ષૌમયુગલની જેમ, ચન્દનમાં હરિચંદનની જેમ, ઔષધિઓના ઉત્પન્ન થવાના પર્વતોમાં હિમાચલ પર્વતની જેમ, નદીઓમાં સીતોદા નદીની જેમ, સમુદ્રોમાં સ્વયંભૂરમણ સમુદ્રની જેમ, નાના મોટા પર્વતોમાં રૂચક પર્વત જેમ શ્રેષ્ઠ છે, તેવી રીતે બધાય નિયમો, પ્રતિજ્ઞાઓ, આખડીઓ કે વ્રતોમાં બ્રહ્મચર્યવ્રત શ્રેષ્ઠ મનાય છે. વૃક્ષની ચારે તરફ માટીના કયારા ગમે તેટલા હોય તો પણ પાળી (પાળ) વિના તેમનાથી વધારે ગરજ સરતી નથી, તેમ બધાય વ્રતો રૂપી કયારાઓના માટે બ્રહ્મચર્ય પાળની જેમ મનાયેા છે. હાથીઓમાં ઐરાવત હાથીની જેમ, મૃગાદિ બધાય જાનવરોની વચ્ચે સિંહની જેમ, સુપર્ણ દેવોમાં વેણુ દેવની જેમ, કાળા–ધોળા–કાબરચિતરા નાના–મોટા સર્પોમાં ધરણેન્દ્રની જેમ, દેવલોકોમાં પાંચમા બ્રહ્મલોકની જેમ, સભાઓમાં સુધર્માસભાની જેમ, આયુષ્યની સ્થિતિ (મર્યાદા) માં અનુત્તર વિમાન (લવસત્તમદેવ) નું આયુષ્ય શ્રેષ્ઠ મનાય છે. તેવી રીતે બ્રહ્મચર્ય વ્રતની સ્થિતિ પણ સર્વ શ્રેષ્ઠ માનવામાં આવી છે. ૪૯, ઉચ્છવાસનું એક લવ થાય છે. અથવા વ્રીહિના સ્તંબ(છોડ)ને એક ઝાટકે કાપતાં જે સમય થાય તેને લવ કહેવાય છે, તેવી

રીતે મુક્તિને પ્રાપ્ત કરવા માટે સાત લવ જેટલું આયુષ્ય ખુટતાં તે ભાગ્યશાળીઓ અનુત્તર દેવલોકમાં અવતરે છે માટે તેઓ લવ સત્તમ દેવો કહેવાયા છે. મુક્તિના અનંત સુખ પછી બીજા નંબરના સુખી આ દેવો છે, તેમ બધાય વ્રતોમાં બ્રહ્મચર્યધર્મની સ્થિતિ શ્રેષ્ઠ માનવામાં આવી છે. જ્ઞાનદાન–ધર્મોપકરણદાન અને અભયદાન આ ત્રણે દાનોમાં અભયદાન સર્વશ્રેષ્ઠ દાન કહેવાય છે, તેવી રીતે દ્રવ્યદયા અને ભાવદયાની ચરમસીમા બ્રહ્મચર્યવ્રતમાં સુરક્ષિત છે.

બધાય રંગોમાં લાલ રંગની જેમ, સંઘયણોમાં વજ્ર ઋષભનારાચ સંઘયણની જેમ, સંસ્થાનોમાં સમચતુરસ્ર સંસ્થાનની જેમ, ધ્યાનમાં શુક્લધ્યાનની જેમ, લેશ્યાઓમાં શુક્લલેશ્યા, જ્ઞાનોમાં કેવળજ્ઞાન, મુનિઓમાં તીર્થંકર, ક્ષેત્રોમાં મહાવિદેહ ક્ષેત્ર, પર્વતોમાં મેરૂ પર્વત, વનોમાં નન્દન વન, વૃક્ષોમાં જમ્બૂ વૃક્ષની જેમ બ્રહ્મવ્રત શ્રેષ્ઠ મનાયેલ છે.

ઉપર્યુક્ત ઉપમાઓને ધારણ કરતાં બ્રહ્મચર્યધર્મની આરાધના કરનાર ભાગ્યશાળીએ પ્રવ્રજ્યા અર્થાત્ સમિતિ ગુપ્તિ ધર્મ (દીક્ષા ધર્મ)ને પણ આરાધિત કર્યો છે. સાથોસાથ સત્ય–શીલ–તપ–વિનય–સંયમ–ક્ષાન્તિ–ગુપ્તિત્રય–મુક્તિ (નિર્લોભતા) વર્તમાન અને ભાવી કાળ માટેનો યશ તથા કીર્તિ પણ ઉપાર્જિત કરી છે. તથા " આ મુનિરાજ સંયમી છે. " તેવી ખ્યાતિ પણ પ્રાપ્ત કરી છે. માટે સાધકમાત્રે નિર્મળભાવે બ્રહ્મચર્યધર્મની આરાધના કરવી જોઇએ. ગમે તેવા વિઘ્નો આવે કે શરીરની ગમે તેવી સ્થિતિ થાય તો

પણ આ વ્રતમાં અતિચાર લગાડવો નહિ. તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીરસ્વામીએ ઉપર પ્રમાણે કહ્યું છે. જે પાંચે મહાવ્રતોનું મૂળ છે, પવિત્રતમ મુનિરાજોથી સેવિત છે. આ વ્રતના પાલકના જીવનમાંથી વૈર-વિરોધ અને કષાય-ભાવો પણ નિર્મૂળ થાય છે. કહેવાયું છે કે "બ્રહ્મચર્યના પ્રભાવથી ભયંકર કાળો નાગ પણ પુષ્પમાળા જેવો થાય છે, વિષનો પ્યાલો પણ અમૃત તુલ્ય બને છે, શત્રુઓ મિત્ર સમાન થાય છે." સંસાર સમુદ્રને પાર કરવા માટે આ વ્રત નૌકા (જહાજ) સમાન છે. આવા પવિત્રતમ ધર્મને તીર્થંકર પરમાત્માઓએ પોતાના જીવનમાં આરાધ્યો છે અને ત્યારપછી જગતના જીવ માત્રના કલ્યાણ માટે ઉપદેશિત કર્યો છે. દુર્ગતિના દરવાજા બંધ કરવા હોય તો આ વ્રતને આરાધવા માટે સૌ કોઇએ પ્રયત્ન કરવો જોઇએ. આ વ્રતના ધારક મુનિરાજોને દેવો-દેવેન્દ્રો-ચક્રવર્તીઓ, વાસુદેવો અને રાજા-મહારાજાઓ પણ નમસ્કાર કરે છે. ત્રણે લોકમાં ઉત્તમોત્તમ મંગળદાયી છે. અર્થાત્ બ્રહ્મવ્રતધારીને કરેલો નમસ્કાર, તેમનું વૈયાવચ્ચ, સત્કાર-બહુમાન પણ મંગળ કહેવાયું છે. તેથી તેવા મુનિઓનો પરાજય દેવો પણ કરી શકતા નથી. છેવટે મોક્ષના સુખોને અપાવનાર આ વ્રતના આરાધકો જિનેશ્વર દેવની આજ્ઞાના આરાધક બનવા પામે છે.

ભાવ સંયમથી પતિત થવાનાં કારણો કયા ?

ઉત્કૃષ્ટ વૈરાગ્યથી સંયમ સ્વીકાર્યા પછી પણ જીવદલની કમજોરી હોય, આસન્ન ભવ્યતા પાકી ન હોય, પુરૂષાર્થબળ

કે સહકારબળની ખામી હોય ત્યારે તે સાધકને એક તરફથી લોકૈષણા, બીજી તરફથી લોકૈષણા અને ત્રીજી બાજુથી વિત્રૈષણાનું જોર સતાવશે. પરિણામે શરીરની સુકુમારતા, ઇન્દ્રિયોની પોષણતા, ખાનપાનની સુન્દરતા, વ્યવહારની મોહકતા અને પરિણામોમાં ક્રમશઃ પ્રત્યક્ષ કે પરોક્ષ શિથિલતાઓથી તે સંયમી આક્રાન્ત થશે. પ્રારંભમાં જે ગુરૂકુળની શ્રદ્ધા હતી, સ્વાધ્યાયનો પ્રેમ હતો, પઠન-પાઠનની લાગણી હતી અને તપોધર્મમાં આસક્તિ હતી, તે બધાય ગુણો (ભાવ સંયમિતતા) ધીમે ધીમે ઘટતાં ઘટતાં કેવળ દ્રવ્ય સંયમ જ તેમની પાસે રહેશે. વડિલોની શરમ તથા ખાનદાનીની લજ્જામાં પણ ઓટ આવતી જશે. ફળ સ્વરૂપે પાસત્થા તેમજ સંયમપતિતોનો સહવાસ ગમશે અને પાંચે ઇન્દ્રિયોના સુવિષયો તરફનું આકર્ષણ વધવા પામશે. સગાઓનો સ્નેહ રાગ, અણગમતા માનવો સાથે દ્વેષ અને અજ્ઞાન (મોહ) ની માત્રા વધશે. પ્રમાદનું આચરણ વધતાં ગોચરી પાણીનો વિવેક પણ ભૂલાઇ જશે. અમુક શ્રીમંતના ઘરની ગોચરી પ્રત્યે માયા વધશે, તેમના ઘરોમાં જતા પહેલા શરીરની ટાપટીપ કરશે, તે આ પ્રમાણે-ઘી, તેલ આદિ દ્રવ્યોથી માલીશ અને ત્યારપછી સ્નાન, વારંવાર બગલ-માથું, હાથ-પગ અને પોતાના મુખને ધોવાની આદત વધશે, પુનઃ પુનઃ વસ્ત્રોને ધોવા, હાથ અને પગ દબાવવા, શરીર મર્દન કરાવવું, સુગંધી પદાર્થોનું વિલેપન તથા તેવા પદાર્થોથી વસ્ત્રો પણ સુગંધી બનાવવા, ઓઢવા-પાથરવાના વસ્ત્રોને સુગંધી ધુપવડે વાસિત

કરવાં, શરીરને શૃંગારિત કરવું, નખ–કેશ અને વેષને અપટુડેટ બનાવવા, મોહક હાસ્ય, વ્યંગ કે વિકૃત ભાષા બોલવી, નાટક પ્રેક્ષણ, ગીત–સંગીત–વાજિંત્ર–નટ, નૃત્યક, દોરડા પર ખેલનારા, મલ્લ, વિદૂષક, ઇત્યાદિ કર્મો પ્રત્યે રાગ વધારશે તથા તપ–સંયમ અને બ્રહ્મચર્યનો દેશથી કે સર્વથી ઘાત થાય તેવા કાર્યો અપનાવશે. આ રીતે તે સંયમી ક્ષણે ક્ષણે ભાવ-સંયમથી ભ્રષ્ટ થતો જશે. કારણ કે ઉપરના કારણોને અપનાવવાથી બ્રહ્મચર્યની સુરક્ષા લગભગ અશકય છે.

બ્રહ્મચર્યધર્મને ફળિત કરવા માટે કયો માર્ગ ?

સૂત્રકાર શ્રી સુધર્માસ્વામી ફરમાવતા કહે છે કે જ્યાં જ્યાં બ્રહ્મચર્ય સુરક્ષિત રહે છે ત્યાં ત્યાં ૧૭ પ્રકારનો સંયમ પણ રક્ષિત થશે. જેમ જંબૂસ્વામી મનસા–વચસા અને કાયાથી પણ શિયળવંતા હતાં માટે કેવળજ્ઞાનના માલિક બન્યા અને શાલીભદ્રજી અનુત્તર દેવલોકના સ્વામી બનવા પામ્યા છે. માટે સંયમના સ્થિરીકરણાર્થે બ્રહ્મચર્યધર્મની રક્ષા જ અમોઘ કારણ છે. તેની આરાધના માટે આત્માની પ્રતિક્ષણની જાગૃતિ, મનની સંયમિતતા, ઇન્દ્રિયોના વિલાસોનો સર્વથા ત્યાગ તથા સંસાર અને સંસારવાસીઓ પ્રત્યે સર્વથા ઉદાસીનતાને સ્વીકાર્યા વિના છુટકો નથી. તેના માટે નીચેના નિયમો સ્વીકારવાના અને ચૂસ્ત પાળવાના રહેશે.

(૧) લોચ અને શરીરની અશુચિ સિવાય સ્નાનનો સર્વથા ત્યાગ.

(૨) રોગ આદિના કારણ સિવાય દન્ત પ્રક્ષાલન છોડી દેવું.

(૩) ગરમી આદિથી શરીર પર લાગેલા મેલને સાફ કરવાની વૃત્તિ છોડી દેવાની.

(૪) કેશલોચ સર્વથા અનિવાર્ય છે.

(૫) ક્રોધ કષાયનો નિગ્રહ કરવો.

(૬) પાંચે ઇન્દ્રિયોના ઘોડાઓને કાબૂમાં રાખવા.

(૭) વસ્ત્રો જીર્ણ શીર્ણ રાખવા.

(૮) ધર્મોપકરણો સાવ થોડા રાખવા.

(૯) કાષ્ઠ કે ભૂમિ પર સુવાનું રાખવું, કદાચ અમુક કારણ પ્રસંગે શય્યા સંથારિયું, ઉપકરણો, જોઈતા હોય તો ગૃહસ્થો પાસેથી માંગીને લેવા મળી જાય તો અભિમાન અને ન મળે તો દૈન્ય ધારવું નહિ.

(૧૦) ભૂખ તરસ સહન કરવાની આદત કેળવવી.

(૧૧) ડાંસ મચ્છર આદિના ઉપદ્રવને સહન કરવાની ભાવના રાખવી.

(૧૨) જુદા જુદા નિયમોને ધારવા.

(૧૩) વિનય વિવેકની મર્યાદાને પ્રાણાન્તે પણ છોડવી નહિ.

આ પ્રમાણે અને બીજા પ્રકારે પણ બ્રહ્મચર્યવ્રત ખંડિત થવા ન પામે તે પ્રમાણે જીવન બનાવવું શ્રેયસ્કર છે.

ઉપરની વાતોને તીર્થંકર પરમાત્માઓએ કહી છે જે આ ભવ તથા પરભવને માટે હિતકર છે, શુદ્ધ છે, ન્યાય્ય છે અને મોક્ષ મેળવવાને માટે સરળ અને સ્વચ્છ માર્ગ છે.

બ્રહ્મચર્યને આરાધવા માટે પાંચ ભાવનાઓ :

ભાવના એટલે વાસના, જે પાપની વાસના અને વ્રતોની વાસના રૂપે બે પ્રકારની છે. મશ્કરી જાણી બુઝી કે લોભ આદિના કારણે અમુક પાપ સેવાઇ ગયું કે તરત જ જીવતી ડાકણ અથવા રાક્ષસીની જેમ તેની વાસના (માયા–ધારણા) આત્મા પર લાગી જાય છે અને અનિચ્છા હોવા છતાં પણ આંખ–કાન–જીભ કે શરીર ગમે તેવા પવિત્ર સ્થાનોમાં પણ શેતાની ચાલાકી કરીને આત્માના પુણ્યોને સમાપ્ત કે પાપમાં પરિવર્તિત કરી દે છે. પછી તો તે વાસના સમયે સમયે મજબુત થતી જાય છે અને આત્માને તેવી રીતે પોતાના વશમાં કરે છે, જેનાથી પરવશ બનેલો આત્મા તેને છોડી શકવા માટે સમર્થ બની શકતો નથી. ત્યારે જ તો કેટલીય ઉત્સર્પિણીઓ અને અવસર્પિણીઓ આપણા માથા પર પૂર્ણ થઇ ચૂકી છે. ઉચ્ચ સ્થાને પહોંચેલા મુનિઓને કે બીજા સાધકોને માટે ભયંકરમાં ભયંકર પાપની વાસના જ નડતર રૂપ બનીને ૧૧માં ગુણસ્થાનકેથી પણ પટકી પાડે છે. તો બીજા સાધકોની વાત જ કયાં કરવાની ? તેમ છતાં શુક્લપક્ષમાં કે ચરમાવર્તમાં પ્રવેશ પામેલા આત્માને કોઇક સમયે પાપોની વાસનાના માર્ગોને બંધ કરવાની ભાવના જાગે છે અને તેને અવરોધવા માટે તેના પ્રતિસ્પર્ધિ વ્રતોનો સ્વીકાર કરે છે, તેમાં સર્વે

વ્રતોને સફળીભૂત બનાવવા માટે બ્રહ્મચર્યવ્રત જ શિરોમણિ સમાન છે. આ વ્રત યદિ સુરક્ષિત ન રહી શકયું કે જબરદસ્ત પુરૂષાર્થ શક્તિવડે તેનું રક્ષણ કરવાની વૃત્તિ તથા પ્રવૃત્તિને સ્વીકારવામાં ન આવે તો ગમે ત્યારે અને ગમે તે માર્ગે પણ બ્રહ્મચર્યધર્મથી ચલાયમાન થયા વિના છુટકો નથી. જીવનના અણુઅણુમાં કે લોહીના બૂંદ બૂંદમાં બ્રહ્મચર્યના સંસ્કારો કરતાં પણ અનંતા જીવો સાથે સેવેલા મૈથુનકર્મના સંસ્કારો એટલા બધા ગાઢતમ થઇને પોતાની સત્તા જમાવી બેઠા છે, જેના કારણે ગુરૂકુલવાસ, સ્વાધ્યાય તપ અને ધ્યાનની કમજોરી થતાં જ આન્તર જીવનમાં મૈથુનની લાલસા ભડકે બળ્યા વિના રહેવાની નથી. તેવી સ્થિતિમાં વ્રતોની સાધના કેટલી બધી કષ્ટ સાધ્ય બનતી હશે તે વાતને તેનો અનુભવી સાધક જ જાણી શકે છે, આ કારણે જ સૂત્રકાર આર્ય સુધર્માસ્વામીજી પોતે જ બ્રહ્મચર્યધર્મની પાંચ ભાવનાઓનો હેતુ સમજાવતાં ફરમાવે છે કે " अबंभचेर विरमण परिरक्खणठ्ठयाए " અર્થાત્ આ પાંચ ભાવનાઓથી–અબ્રહ્મ–મૈથુન અને દુરાચારી ભાવના તથા સજાતીય કે વિજાતીય સંભોગની ઇચ્છાઓ ઉપર સખ્ત કંટ્રોલ આવશે. કેમકે હૃદયમંદિરમાં કાં તો બ્રહ્મચર્યની ભાવના અથવા મૈથુનભાવના આ બંનેમાંથી એકની પ્રતિષ્ઠા કરાશે. કારણ કે આ બંને ભાવનાઓમાં કટ્ટર-વૈર કે હાડવૈર હોવાથી બંનેને એક સાથે પોષવાની વૃત્તિ જ અજ્ઞાન છે, મોહ છે કે પાપોની ગુલામીનો ચમત્કાર છે.

વ્રતોનો સ્વીકાર ગમે તે કારણે જ્યારે કરાઈ ગયો છે, તો પછી તેના સ્વીકાર સમયે જે ભાવના કે પુરૂષાર્થ પ્રગટ થયો હતો તેને ટકાવી રાખવામાં કે વૃદ્ધિ કરવામાં જ આત્માનું કલ્યાણ છે. તે માટે વ્રતોની વિરૂદ્ધના પાપોને છોડવા માટેની ટ્રેઇનિંગ લેવાની કે વધારવાની આવશ્યકતાને કોઈ કાળે પણ નકારી શકાય તેમ નથી.

હવે આપણે સૂત્રાનુસારે બ્રહ્મચર્યવ્રતની પાંચ ભાવનાઓને જાણી લઇએ.

(૧) સ્ત્રી સંસક્તાશ્રય વર્જન....

અનાદિકાળથી સત્તાસ્થાને રહેલા મૈથુન, દુરાચાર અને કુકર્માદિના પાપ સંસ્કારોનો ત્યાગ કરી શુદ્ધ બ્રહ્મચર્યવ્રત પાળવા માટેની આ પહેલી ભાવના છે. યથાહિ જે મકાનમાં, બગીચામાં, ઉપાશ્રયમાં, સ્ત્રી, પશુ, પક્ષી કે નપુંસકો રહેતા હોય, કે અવર જવર કરતા હોય, તે સ્થાનોને પ્રયત્નપૂર્વક શિયળવ્રતધારીઓએ છોડી દેવા જોઇએ, કેમ કે સ્ત્રીનું શરીર તથા બોલવાની, હસવાની, બેસવાની કે વાતો કરવાની ઢબ જ તેવા પ્રકારની હોય છે જેનાથી સાધુ પુરૂષોને મોહ ઉત્પન્ન થવાનો પ્રસંગ આવે છે. પશુ, પક્ષીઓ સ્વભાવતઃ અવિવેકપૂર્ણ હોય છે અને નપુંસકવેદ તથા નપુંસકલિંગના માલિકોના રોમેરોમ મોહકર્મથી ઘેરાયેલા હોવાથી તેનો સંસર્ગ ગમે તેવાને પણ મોહભાવનાને ઉત્પન્ન કરાવનાર હોય છે. માટે પથારી, બેસવાનું આસન, મકાન, બારણું, આંગણું,

ખુલ્લી જમીન, ઝરૂખા (અટારી) પડસાલ આદિમાં સ્ત્રીઓ, કન્યાઓ, બેસતી હોય, સુતી હોય, તે સ્થાનો તરફ સાધુ પુરૂષોએ નજર પણ કરવી ન જોઇએ, તથા ટેબલ, ખુરશી કે બીજા કોઈ પણ સાધન પર ચડીને તે સ્થાનો પર દૃષ્ટિ કરવાની છોડી દેવી જોઇએ. મકાનની પાછળ રહેલા સ્ત્રીઓનાં સ્નાનાગાર, વસ્ત્રપરિધાન કે શણગાર કરવાના સ્થળોને પણ બ્રહ્મચારીઓએ જોવા નહિ. વેશ્યાઓના સ્થાન તથા જ્યાં બેસીને સ્ત્રીઓ વાતે કરતી હોય, ગપ્પાસપ્પા મારતી હોય, આંખોને નચાવતી, તાળીઓ પર તાળીઓ પાડતી હોય, લટકા મટકા કરતી હાસ્યના ફુવારા ઉડાડતી હોય, મોહજનક ચેષ્ટાઓ કરતી હોય ઇત્યાદિ સ્થાનો પર દૃષ્ટિ કરવાની પણ છોડી દેવી જોઇએ. તથા જે દૃશ્યોને જોયા પછી બ્રહ્મચારીના મનમાં મોહ જાગે, વાસના જાગે કે આંખોમાં ચંચળતા જાગે તેવા દૃશ્યો તથા સ્થાનોને પણ છોડી દેવા જોઇએ. પોતાના વ્રતોની રક્ષાને માટે મુનિરાજોએ સદૈવ પાપભીરૂ બનીને યતનાપૂર્વક પાપોત્પાદક સ્થાનોમાં જવું ન જોઇએ.

ઉપર્યુક્ત વાતોને ધ્યાનમાં રાખીને મુનિરાજોએ જે રીતે પોતાના શિયળની રક્ષા થાય તેવા પવિત્ર સ્થાનોમાં રહેવા માટે આગ્રહ રાખવો.

જે વાત મુનિરાજોને માટે કહી છે અને કહેવામાં આવશે તે સાધ્વીજી મહારાજોને માટે વિપરીત રૂપે સમજવી એટલે પુરૂષોના સહવાસથી દૂર રહેવું જોઇએ.

(૨) સ્ત્રી કથાનો ત્યાગ રૂપ બીજી ભાવના....

કુશીલતાના કુસંસ્કારોને છોડ્યા વિના સુશીલતાના સત્સંસ્કારો પ્રાપ્ત કરવા મુશ્કેલ છે. તેમ છતાં પૂર્વભવના પુણ્યોદયે કે સદ્‌ગુરૂઓના સહવાસે ચારિત્રધર્મની પ્રાપ્તિ થઈ ગઈ હોય તો તેના મૂળ સ્વરૂપ બ્રહ્મચર્યવ્રતને ટકાવવા માટે સ્ત્રી કથાના ત્યાગમાં જ મન અને આત્મા દૃઢ બનવા પામશે તે વિના ભવભવાન્તરના પાપસંસ્કારોને મર્યાદિત કરવા અશકય છે. સ્ત્રી કથા એટલે કે તેમની વચ્ચે બેસીને ચિત્ર-વિચિત્ર, હાસ્ય કે મોહજનક કથા, વાર્તા ટચુકડા કહેવાની વૃત્તિ બ્રહ્મચારીઓએ છોડી દેવી જોઇએ. જેમ કે જે કથાઓથી જુવાન સ્ત્રીઓને ઉત્પન્ન થયેલા તેવા પ્રકારના મોહજન્ય ગર્વના અતિરેકથી શૃંગારરસ સિવાય બીજાનો અનાદર કરતી થાય અને તેની પૂરતી કરવા માટે પોતાનું જીવન વિલાસમય બનાવે, વિલાસ અર્થાત્ સ્થાન-આસન, ચાલ, હાથની આંગળીઓના ઈશારા, આંખોનું નૃત્ય અને ભ્રકુટીમાં માદકતા એટલે શૃંગારરસ ભડકે બળવા માંડે તે રીતે મુનિઓએ કથા કહેવી ન જોઇએ. કેમ કે તેમની વિલાસી ચેષ્ટાઓ જોઇને મુનિને રાગ થવાથી શિયળ પાલનમાં વિઘ્નો આવ્યા વિના રહેતા નથી. જુવાન સ્ત્રીઓ કે કન્યાઓને વ્યાખ્યાનમાં હસવું આવે તેવી મોહને ઉત્પન્ન કરાવવામાં માતૃતુલ્ય શૃંગારની કથા કે ચેષ્ટાઓ પણ કરવી નહિ. નવા પરણેલા વરવધૂને લગતી કથાઓ પણ કરવી નહિ. અમુક સ્ત્રીઓ સારી અથવા તેના કાન, નાક, આંખો

સરસ છે અને બીજી સ્ત્રીના સારા નથી. કામસૂત્રમાં વર્ણિત ૬૪ પ્રકારના આલિંગનાદિ તથા તેમના ગુણોને પણ ન કહેવા. અમુક દેશની જાતિની, કુળની, કે તેમના વેષ, હાસ્ય, ચાલ કે રૂપાદિ તથા વસ્ત્રપરિધાન કે પરિજનોની કથાઓ કહેવી નહિ. તેમના યૌવનનું, શૃંગારનું કે મેકઅપનું મોહક વર્ણન કરવાનું ત્યાગી દેવું. વ્યાખ્યાતા બ્રહ્મચારી મુનિઓએ ઉપર પ્રમાણેની કથા આદિને કહેવાનો અખતરો પણ કરવો નહિ તેમજ વ્યાખ્યાનશ્રવણ કરનારા શિયળપ્રેમી ભાઈ-બ્હેનોને ઉપર પ્રમાણેની કથાઓ સાંભળવી પણ ન જોઇએ. કેમ કે જન્મ જન્માન્તરોની પડેલી આદતોને છોડવા માટે સ્ત્રીકથાના ત્યાગ નામની બીજી ભાવના પ્રયત્નપૂર્વક સ્વીકારવી જે સંવરધર્મ છે.

(૩) સ્ત્રીરૂપ નિરીક્ષણ ત્યાગરૂપ ત્રીજી ભાવના....

તીર્થંકર પરમાત્માઓ, ચતુર્વિધ સંઘ, તેમજ પોતાના આચાર્યાદિ ગુરૂઓની સમક્ષ સ્વીકારેલ બ્રહ્મચર્યધર્મને સુરક્ષિત રાખવાની ભાવનાવાળા મુનિઓએ મદમાતી, યૌવન ગર્વિષ્ટ, સ્ત્રીઓનું હસવું, બોલવું, હાવભાવનું, લટકા મટકાનું, ચાલનું, વિલાસવતી ચાલનું, આંખ કે આંગળીઓના ઈશારે વાતો કરવાનું, જુવાન પુરૂષોને જોઇને પોતાની સખીઓ સાથે તાળીઓ પાડવાનું, નૃત્યનું, ગીતોનું, સંગીતનું, તેમના શરીરના બાંધાનું, પ્રસાધનોનું, હાથ, આંગળી તથા ચહેરાની સુંદરતાનું, રૂડારૂપાળા રૂપનું, યૌવનથી થનગનતા સ્તનોનું, લચકતી કમરનું, આભૂષણોનું તથા તેમના ગુપ્તાંગોનું અવલોકન,

પુરૂષોને ચંચલ, અસ્થિર અને કામદેવનો નશો ચડાવનાર હોવાથી સર્વથા છોડી દેવું જોઇએ. કેમ કે નિમિત્તની પ્રાપ્તિ થાય કે ન થાય તો પણ કોઇકિ સમયે સર્વથી તો કોઇક સમયે દેશથી પણ જોખમ રૂપ બને છે. માટે મુનિરાજોએ રાગપૂર્વક સ્ત્રીઓનું રૂપ વગેરે જોવાનું જે રીતે પણ બને તે રીતે પ્રયત્નપૂર્વક છોડી દેવું જોઇએ.

(૪) પૂર્વ ક્રીડિત સ્મરણ વિરતિ નામે ચોથી ભાવના ...

દીક્ષા લીધા પહેલા ગૃહસ્થાશ્રમમાં સ્ત્રીઓ સાથે કરેલા વિલાસો, ક્રીડાઓ, ચેષ્ટાઓ, કે સંભોગ આદિને તથા સાળા સાળીઓ કે મિત્રો સાથે કરેલી શૃંગારરસથી પૂર્ણ મશ્કરીઓ, પાડેલી તાળીઓ, નચાવેલી આંખો, તેના ઇશારાઓ અથવા બીજા પ્રકારે પણ થયેલા બ્રહ્મચર્ય ભંગના પ્રકરણોને મુનિઓએ યાદ કરવા ન જોઇએ. કેમ કે પૂર્વરત કે પૂર્વક્રીડિત યાદ આવતાં જ ચિત્તમાં ચંચલતા, હૃદયમાં અસ્થિરતા, મસ્તિષ્કમાં રસિકતાનો પ્રાદુર્ભાવ થતાં જ ગુરૂઓની લજ્જા, વડિલોનું બહુમાન, દેવોની શ્રદ્ધા, ધર્મની આરાધના, ક્રિયાઓમાં શિથિલતા આવશે અને છેવટે દેશથી પણ સંયમભ્રષ્ટતા ભાગ્યમાં રહેશે. તથા મેળામાં, ખેલ તમાશામાં, મદનત્રયોદશી કે બીજા તહેવારોમાં કે ગમે તે સ્થાનોમાં કે ગમે તે નિમિત્તોમાં, જોયેલી મદમાતી અને પૂર્ણ શૃંગાર કરેલી તથા હાવભાવ, વિલાસ અને વિક્ષેપથી શોભતી સ્ત્રીઓની સાથે અનુભવ કરેલા વિલાસોને, મોજશોખને, સ્થાન કે વેષ પરિધાનને, સુગન્ધિત અત્તર-પુષ્પાદિના લેવડદેવડને મુનિરાજોએ

સ્મરણમાં પણ લાવવા ન જોઇએ. ભોગવેલા ભોગોને બીજાની સામે કહેવા નહિ, રસપૂર્વક સંભળાવવા નહિ (અહિં હાવ ભાવ વિલાસ વિક્ષેપ આદિ જે શબ્દો આવ્યા છે તેને ટીકા સૂત્રથી જાણવાની મજા લેવી જોઇએ.) આ ઉપરાંત સંગીત–નૃત્ય–નાટક–સીનેમા, મલયુદ્ધો, આદિને પણ યાદ ન કરવા કેમ કે તેમની સ્મૃતિ પણ સંયમી જીવનમાં અવરોધ કરાવનારી છે. તપ–ત્યાગમાં હ્રાસ, સ્વાધ્યાયમાં ભંગ કરાવનારી છે અને જીવનમાં વૈરાગ્યનો રંગ પણ ઘટાડનારી છે.

(૫) પ્રણીત ભોજન વિરતિ નામે પાંચમી ભાવના....

પ્રણીત એટલે જે ભોજનમાંથી ઘીના કે મધુરરસના બુંદો ટપકતા હોય અને ખાધા પછી ઇન્દ્રિયોમાં ભોગવેલા ભોગોની ચમક આવતી હોય, તેવા ઘીમાં તરબોળ થયેલા, સાકર ગોળની ચાસણીમાં તરબોળ થયેલા ભોજનીયાનો સ્વાદ મુનિરાજોએ છોડી દેવો જોઇએ. મોક્ષાભિનંદી મુનિરાજોએ દૂધ, ઉકાળેલું દૂધ, કેસર–કસ્તુરી–બદામ નાખેલું દૂધ, મલાઈ, રાબડી, બાસુંદી, માવાના બનેલા ગુલાબ જાંબુ, રસગુલ્લા, બરફી, ચાસણીમાં તરબોળ થયેલી જલેબી, અમરતી, દહિંની બનાવટવાળો શ્રીખંડ, રાઇતું, દહીંવડા, માખણ, વેડમી આદિ ખાદ્ય પદાર્થોનું ભોજન કારણ વિના કે વારંવાર ન કરવું. ચટકેદાર ગરમાગરમ ભજીયા, કચોરી, સમોસા જેવા ફરસાણો, મનગમતા વઘારેલા શાક, દાળ, ઓસામણ, કઢી સાથે વધારે પડતા રોટલા, રોટલીઓ ખાવી નહિ. કેમ કે તેવા ભોજનોથી ઇન્દ્રિયોની પુષ્ટિ થતાં મનમાં ખરાબી આવ્યા વિના રહેતી

નથી. ઉપસંહાર કરતા કહે છે કે જેનાથી સંયમમાં કોઈ જાતે પણ વાંધો ન આવે તેવું ભોજન કરીને જીવન પવિત્ર બનાવવું જોઇએ.

હવે ચોથા સંવરદ્વારનો ઉપસંહાર કરતાં સુધર્માસ્વામીએ કહ્યું કે હે જમ્બુ! જે ભાગ્યશાળી આ વ્રતને મન, વચન અને કાયાથી પાળશે તેનું જીવન સ્વસ્થ, આશ્રય વિનાનું અને અશુભ અધ્યવસાય વિનાનું થશે. તેના પાપોના સ્રોત બંધ થશે, અસમાધિ ભાંગી જશે. કેમ કે અરિહંત પરમાત્માઓએ પોતાના જીવનના અણુઅણુમાં આ વ્રતનું નૈષ્ઠિકરૂપે આરાધન કર્યા પછી જ જગતના જીવોના કલ્યાણાર્થે આનું પ્રકાશન કર્યું છે. તેથી જે કોઇ આ ચોથા સંવરને —

फासियं – શરીરના અણુઓ સાથે સ્પર્શ કરાવશે.

पालियं – નિરંતર ઉપયોગપૂર્વક પાલન કરશે.

सोहियं – અતિચારોને લાગવા દેશે નહિ.

किट्टियं – બીજાઓને તે વ્રતનો ઉપદેશ કરશે.

सम्मं आराहियं – સમ્યક્પ્રકારે આરાધશે.

તેઓ તીર્થંકર પરમાત્માઓની આજ્ઞાને પાળવાવાળા બનશે. આ વાત ચોવીશમાં તીર્થંકર શ્રી મહાવીર સ્વામીએ કહી છે તેને હું તને કહી રહ્યો છું.

卐 ચોથા સંવરનું વર્ણન પૂર્ણ કર્યું. 卐

પંચમ સંવરદ્વાર

નિષ્પરિગ્રહ ધર્મ પ્રતિપાલક શ્રી મહાવીર સ્વામીને નમઃ
શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરાય નમો નમઃ

આનાથી પહેલા ચતુર્થ સંવરદ્વારમાં બ્રહ્મચર્યનું વર્ણન કર્યા પછી ક્રમ પ્રાપ્ત પાંચમાં સંવરદ્વારનું વર્ણન વિસ્તાર પૂર્વક કરવામાં આવે છે. કેમ કે સાધક જીવનમાં જ્યાં સુધી દ્રવ્ય અને ભાવ અથવા બાહ્ય અને અભ્યન્તર પરિગ્રહનો ત્યાગ નથી થતો ત્યાં સુધી બ્રહ્મચર્યની આરાધના પણ અધુરી રહેવા પામે છે. જેમકે શબ્દ, રસ, ગંધ, રૂપ અને સ્પર્શ પ્રત્યેની અત્યાસક્તિ પરિગ્રહ વિના થતી નથી અને જ્યારે તે આસક્તિ વધી પડે છે ત્યારે ભાવ મૈથુનની હાજરીને નકારી શકાય તેમ નથી. પક્ખિસૂત્રમાં ફરમાન છે કે " सदा रूवा रसा गंधा फासाणं पवियारणे " એટલે કે પાંચે ઇન્દ્રિયોના ૨૩ વિષયોની સીમાતીત આસક્તિ ભાવ મૈથુન છે. અને તે ભાવપરિગ્રહ જ કહેવાયો છે. આર્ય સુધર્માસ્વામીએ ફરમાવ્યું કે 'હે જમ્બુ! દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીએ પરિગ્રહની ભયંકરતા જે પ્રમાણે બતાવી છે, તેને હું કહું છું.' પંચમહાવ્રતધારી મુનિરાજોએ જ્ઞાન અને શ્રદ્ધા પૂર્વક—

(૧) બાહ્ય અને આભ્યન્તર બંને પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરવો જોઇએ.

(૨) પાંચે ઇન્દ્રિયોના આશ્રવમાર્ગનો સદંતર ત્યાગ કરવો.

(૩) આરંભ અને પરિગ્રહની વિરતી કરવી.

(૪) ક્રોધ, માન, માયા અને લોભના સંસ્કારો ત્યાગવા.

(૫) જેનાથી અહિંસા અને સંયમ ધર્મની સાધના નિર્બાધ થાય અથવા તેમાં સહાયક બને તે ધર્મોપકરણ પ્રત્યેની મૂર્ચ્છાનો ત્યાગ કરવો જોઇએ. આરંભ એટલે પૃથ્વીકાય, અપકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતીકાય, અને ત્રસકાયનું હનન, મારણ, તાડન તર્જન અને દ્રાવણ કરવું તે આરંભ છે. આ પ્રમાણે આરંભ અને પરિગ્રહને બાહ્યપરિગ્રહ કહેયો છે. જ્યારે મિથ્યાત્વ, અવિરતી, કષાય, પ્રમાદ અને મન, વચન તથા કાયાનું દુષ્પ્રણિધાન, આન્તર (ભાવ) પરિગ્રહ છે. તત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે જ્યારે જ્યારે સાધક કષાયાધિન બને છે ત્યારે ત્યારે જ્ઞાનાવરણીયાદિ કર્મોના પુદ્ગલોને ગ્રહણ કરે છે, નિકાચીત કરે છે, અતિનિકાચીત કરે છે જે પરિગ્રહ છે.

સાધક પરિગ્રહ વિનાનો કયારે બને ?

સંસારની, સગાઓની તથા કુટુંબીઓની માયા જ્યારે કાળી નાગણ જેવી ભયંકર લાગે, શણગારેલો સંસાર અસાર તથા વિશ્વાસઘાતક લાગે ત્યારે તેમાંથી વૈરાગ્યની પ્રાપ્તિ થતાં સાધક માત્ર જ્ઞાનપૂર્વક બધાઓને ત્યાગી સમિતિ ગુપ્તિ સ્વરૂપ ધર્મની આરાધના માટે સમ્યક્ ચારિત્રનો સ્વીકાર કરે છે, તે સમયે માતા-પિતા-પુત્ર-પત્ની-કુટુંબી તથા પોતાના શરીર પર રહેલા મખમલ કે મલમલના સૂક્ષ્મ વસ્ત્રો તથા આભૂષણોને પણ ત્યાગી દે છે અને ત્યારપછી તેની સ્મૃતિ કે પત્ર વ્યવહાર પણ છોડી દેવા માટે ભિન્નભિન્ન દેશોમાં, ગામોમાં,

શહેરોમાં પરિભ્રમણ કરીને સ્વીકારેલ ચારિત્રને શુદ્ધતમ બનાવવા માટે ભાગ્યશાળી બને છે. મતલબ કે સંયમી સાધક પાસે દ્રવ્ય પરિગ્રહનો સર્વથા અભાવ હોય છે. પરન્તુ જૈન શાસન તેવા ત્યાગને સમ્પૂર્ણ ત્યાગ માનવા તૈયાર નથી. કહ્યું પણ છે કે–

" कंचुकी त्याग मात्रेण सर्पो त्यागी न मन्यते ।
विष त्यागं तु कुर्याश्चेत् स त्यागी मन्यते खलु ॥ "

મતલબ કે-જેનાથી સર્વરાજને કંઈ પણ હાનિ થતી નથી તેવી કંચુકીના ત્યાગથી તે ત્યાગી કહેવાતો નથી, પરન્તુ પોતાને તથા પારકાને ભયંકર હાનિ થાય તેવું કાતિલ વિષ હજી પણ તેની દાઢમાં રહેલું છે. જે વિષ દ્વારા પરજીવોની દ્રવ્ય અને ભાવ હિંસા તથા પોતાની પણ દ્રવ્ય અને ભાવ હિંસાનો માલિક ગમે ત્યારે પણ બની શકે છે. સાધકના અન્તરાત્માની આ બધીય પરિસ્થિતિઓનો ખ્યાલ રાખનારા જૈન સૂત્રકારોએ ભાવ પરિગ્રહના ત્યાગનો ખાસ આગ્રહ રાખ્યો છે. કેમ કે કેવળજ્ઞાનમાં રૂકાવટ કરનાર દ્રવ્ય પરિગ્રહ નથી પણ ભાવ પરિગ્રહ છે. માન્યુ કે દ્રવ્ય પરિગ્રહ દ્વારા ભાવ પરિગ્રહ પ્રાયઃ કરીને ભડકી શકે છે. પણ તે એકાન્તિક કથન નથી, તેથી મૂર્ચ્છા વિનાના દ્રવ્ય પરિગ્રહને પરિગ્રહ ન કહેતાં " मुच्छा परिग्गहो वुत्तो " કહ્યું છે.

દ્રવ્ય પરિગ્રહ કરતાં પણ વધારે ખતરનાક, કાતિલ, ભયંકર, દુર્ગતિદાયક, કેવળજ્ઞાનાવરોધ, સદ્ગતિનાશક, સંયમ

સ્થાનોથી નીચે પડનાર ભાવપરિગ્રહ મનાયો છે. આ કારણે જ સંયમધારી માત્રને દૈવસિક અને રાત્રિક પ્રતિક્રમણમાં ફરજિયાત રૂપે "પગામ સજ્ઝાય"માં ભાવપરિગ્રહનું પ્રતિક્રમણ કરવું પડે છે. 'પંડિક્કમામિ એગવિહે અસંજમે' થી લઈ 'તેતીસાએ આસાયણાહિં' સુધી એટલે કે એક સંખ્યાથી લઈ તેત્રીસ સંખ્યા સુધીના ભાવપરિગ્રહનું મિચ્છામિ દુક્કડં આપીને અતિતનું પ્રતિક્રમણ કરે છે, વર્તમાનમાં સંવર કરે છે અને ભવિષ્યમાં ફરીથી ભાવપરિગ્રહનું સેવન થવા ન પામે તે માટે તેનું પ્રત્યાખ્યાન કરે છે. "અઇઅં નિંદામિ, પડિપુન્નં સંવરેમિ, અણાગયં પચ્ચક્ખામિ સવ્વં પરિગ્ગહં" હવે જાણવાનું સરળ બનશે કે ભાવપરિગ્રહ કેટલો ભયંકર છે. માટે જ કહેવાયું છે કે દ્રવ્યપરિગ્રહનો ત્યાગ સુલભ છે, જ્યારે ભાવપરિગ્રહનો ત્યાગ કષ્ટ સાધ્ય છે.

વસ્ત્ર માત્રના સર્વથા ત્યાગી કે પરિમીત વસ્ત્રધારી જૈન મુનીરાજોને માટે આન્તર પરિગ્રહનો ત્યાગ સ્વીકૃત હોવા છતાં આત્મ પ્રદેશો સાથે નિકાચીત થયેલી કર્મોની વર્ગણાઓના કારણે યદ્યપી અનન્તાનુબંધી, અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની કષાયો લગભગ ઉપશમીત થયેલા છે. તો પણ સંજ્વલન કષાયના કારણે ક્રોધ, માન, માયા અને દશમે ગુણસ્થાનક સુધી લોભની સત્તા વિદ્યમાન હોવાથી, ૧૪ પ્રકારનો આન્તર પરિગ્રહ તેમને સતાવ્યા વિના રહેતો નથી, ત્યારેજ તપસ્વી, ધ્યાની, જ્ઞાની અને સ્વાધ્યાયી મુનિરાજ પણ નિમિત્ત મળતા ક્રોધ કષાયથી ધમધમી જાય છે. માનવશ

બનીને આઠે પ્રકારના મદના નશામાં કાળાનાગની જેમ ફુંફાડા મારતા હોય છે. માયા નાગણના જોરદાર ડંખના કારણે સ્વીકૃત વ્રતોની મર્યાદા પણ ઉલ્લંઘાઈ જાય છે. લોભ રાક્ષસની દાઢમાં ફસાઈને એ મર્યાદ જીવનના સ્વામી બને છે. મિથ્યાત્વ નામના શેતાનના કારણે ગુરૂકુલવાસથી પ્રાપ્ત કરેલી હોય અને ઉપાદેયની બુદ્ધિમાં ભ્રમ પેદા થાય છે. ત્રણે વેદકર્મો પોતપોતાના શિકારને મૈથુન કર્મની અવળી વિચારધારામાં ગોથા ખવડાવી દેતા હોય છે. રતિ અને અરતિ નામની કુતરીઓ સમતા દુધને તથા જ્ઞાનઅમૃતને બગાડી દેતી હોય છે. ભય, મોહ, કર્મ જીવનની સદાનન્દી મસ્તી અને નિર્ભયતાને દેશવટો અપાવે છે, હાસ્ય નામનો પિશાચ ધ્યાનાવસ્થાને દેખાવ પૂરતી જ રહેવા દે છે. શોક નામનો મોહ કર્મસમાધિને કેવળ વાણી વ્યવહાર પૂરતી જ રહેવા દે છે અને જુગુપ્સા કર્મના પ્રતાપે મૈત્રીભાવને વિદાય લેવી પડે છે. આટલા માત્રથી સહજમાં સમજી શકાય છે કે અન્તર, અભ્યન્તર કે ભાવપરિગ્રહમાં અજબ ગજબની કેટલી બધી શકિતઓ છુપાયેલી છે. આ કારણે જ સાધકમાત્રના પરમ હિતેચ્છુ તીર્થંકર પરમાત્માઓએ મુનિરાજોને જાગૃત કરતાં ફરમાવ્યું કે હે મુનિ! દીક્ષા ગ્રહણ કરવાના સમયે બાહ્ય-પરિગ્રહના ત્યાગમાં જે પુરૂષાર્થ ફોરવ્યો છે તેના કરતાં હજારો ગણો વધારે પુરૂષાર્થ આન્તરપરિગ્રહથી બચવાને માટે કરવાનો છે.

પ્રતિક્રમણ સૂત્રમાં પગામસજ્જાય સૂત્ર વડે એકથી લઇ તેંત્રીશ સ્થાનકો દ્વારા જે પરિગ્રહ સેવાયો હોય, આરાધાયો હોય, ચિંતવન કરાયો હોય તેનું પ્રતિક્રમણ કરવું સર્વથા અનિવાર્ય છે. તેમાં કેટલોક પરિગ્રહ સર્વથા હેય હોવાથી છોડવા લાયક જ છે. જ્યારે પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ પાંચ મહાવ્રત આદિ પરિગ્રહ ઉપાદેય હોવાથી તેનો આશ્રય સ્વીકારી લીધા પછી જ માનસિક ખરાબી, આધ્યાત્મિક અવનતિ, કાયિકી, ચંચલતા, વાચિક દુષ્ટતા, આદિ ગંદા તત્વો ધીમે ધીમે ઘટવા પામશે. અને એક દિવસે સમ્પૂર્ણ દોષોથી રહિત બનેલ મુનિ પરમપદને પ્રાપ્ત કરશે.

પ્રસ્તુત આગમના માધ્યમથી તથા શ્રમણસૂત્ર અને ઉત્તરાધ્યયનના એકત્રીશમાં અધ્યયનથી ભાવપરિગ્રહ ક્રમશઃ જાણી લઇએ.

(૧) एगे असंजमे (पडिक्कमामि एगविहे असजंमे)....

જૈન સૂત્રકારો કહે છે કે–" સંયમ એ આત્મા છે અને આત્મા જ સંયમ છે. " ' आत्मैव दर्शन, ज्ञान, चारित्राणि ' પરન્તુ અનાદિકાળના પ્રત્યેક ભવોમાં સ્વભાવથી – સ્વધર્મથી પરમાત્મતત્ત્વથી વિમુખ બનેલો આત્મા અસંયમમાં રચ્યોપચ્યો હોવાથી ઇન્દ્રિય સંયમ અને પ્રાણી માત્રના પ્રાણોનો સંયમ કરી શકયો ન હોવાથી અષ્ટવિધકર્મોનું ગ્રહણ પ્રતિસમય કરતો રહ્યો છે. જે ભાવપરિગ્રહ છે. માટે જાગૃત બનેલાં સાધકને માટે સર્વથા ત્યાજ્ય છે. સંયમના જેમ ૧૭ પ્રકારો છે. તેમ અસંયમના પણ ઘણા પ્રકાર છે. છતાં અહિ બીજા

ભેદોની અવિવક્ષા કરી અવિરત લક્ષણથી લક્ષિત એક જ ભેદ સ્વીકાર્યો છે. કેમ કે જ્યાં જ્યાં માનસિકી, વાચિકી અને કાયિકી અવિરતિ છે ત્યાં ત્યાં અસંયમની જ વિદ્યમાનતા સ્વીકારવામાં આવી છે.

(૨) દો ચેવ રાગ દોસા (पडिक्कमामि दोहिं बंधणेहिं रागबंधणेणं दोसबंधणेणं)....

રાગ દ્વેષની તાત્ત્વિકી વ્યાખ્યા મારા ભગવતીસૂત્ર સાર-સંગ્રહના ત્રીજા ભાગમાં જોઈ લેવાની ભલામણ છે.

(૩) તિન્નિય દંડ ગારવાય ગુત્તીઓ તિન્નિ તિન્નિય વિરાહણાઓ....

ત્રણ ત્રણની સંખ્યામાં રહેલા દંડ, ગારવ, ગુપ્તિ અને વિરાધનાઓનો સમાવેશ કર્યો છે. શ્રમણસૂત્રમાં ત્રણ શલ્યો વધારે છે. ચાતુર્ગતિક સંસારમાં આત્માને દંડાવે અથવા મન, વચન અને કાયાને વક્રતા, ક્ષુદ્રતા, દરિદ્રતા અનનુકમ્પિતા, શઠતા, માયાવિતાના માર્ગે લઈ જાય તે દંડ કહેવાય છે. તે મનદંડ, વચનદંડ અને કાયદંડ રૂપે ત્રણ પ્રકારે છે. ગારવ એટલે અલ્પકાલીન અને મન્દતમ રસવાળા બાંધેલા કર્મોને, ગૃદ્ધિ અને અભિમાન વડે દીર્ઘકાલીન અને તીવ્રતમ રસવાળા બનાવવા તેને ગારવ કહેવાય છે. ઐન્દ્રિયક સુખોને ભોગવવા માટે જેમ જેમ કંચન અને કામિનીનો પરિગ્રહ વધે છે, તેમ તેમ અત્યાસક્તિ અને અભિમાનની માત્રા પણ વધવા પામે છે, જે અનિકાચિત કર્મોને પણ નિકાચિત કરવાનું કામ કરે છે.

ઋદ્ધિગારવ, રસગારવ અને સાતાગારવ રૂપે તેના ત્રણ પ્રકાર છે. મન, વચન અને કાયાને નિરવદ્ય એટલે નિર્દોષ, સરળ, માર્દવ, પવિત્ર, નિર્લોભ, સત્ય અને સદાચારના માર્ગે લાવવા અથવા તે માટેનો પ્રયત્ન કરવો તેને ગુપ્તિ કહેવાય છે. તોફાન કરતા અશ્વને લગામ અને ચાબુક દ્વારા વશ કરી શકાય છે, તેવી રીતે અનાદિકાળથી મોહમાયાના કારણે અવળે માર્ગે ગયેલા મન, વચન તથા કાયા નામના ત્રણે યોગને સવળે માર્ગે લાવનાર તથા આશ્રવનો માર્ગ બંધ કરાવીને સંવરના માર્ગે લાવનાર ગુપ્તિ ધર્મ છે, જે મુનિઓને માટે પરમ ઉપાદેય છે. જ્યારે ગૃહસ્થોને પણ તેની આરાધના નિરર્થકરૂપે કરતાં ઢગલાબંધ પાપોમાંથી બચાવશે. સંયમધારી ગુરૂઓના અભાવે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્રની આરાધના ન કરી શકવાથી જ્ઞાન વિરાધના, દર્શન વિરાધના અને ચારિત્ર વિરાધના રૂપ ત્રણ વિરાધના છે. માયા શલ્ય, નિદાન શલ્ય અને મિથ્યાત્વ શલ્ય રૂપે શલ્યના ત્રણ પ્રકાર છે.

(૪) चतारि कसाया ज्ञाण सन्ना विकहा तहाय हुंति चउरो....

ચારચાર સંખ્યાના આશ્રવો, કષાય, ધ્યાન, સંજ્ઞા અને વિકથા છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુકલધ્યાનનું અત્યન્ત વિસ્તૃત અને વિશદ વર્ણન ભગવતીસુત્ર સાર–સંગ્રહના ચોથા ભાગમાં પેઇજ ૧૮૦ થી ૨૨૮ સુધીમાં કરાયેલું છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના પાપ

સંસ્કારોને નેસ્ત નાબુદ કરવા માટે ધર્મધ્યાન અને શુકલ ધ્યાનનો આશ્રય સ્વીકાર્યા વિના બીજો એકેય માર્ગ નથી. નયવાદે કષાયોનું વર્ણન પ્રથમ ભાગમાં અને તેની ભયંકરતા ત્રીજા ભાગમાં વર્ણિત કરેલી છે.

(૫) પંચય કિરિયાઓ સમિતિ ઇન્દ્રિય મહવ્વયાઇં....

પાંચ પાંચની સંખ્યામાં ક્રિયાઓ, સમિતીઓ, ઇન્દ્રિયો અને મહાવ્રતોનો સમાવેશ છે. શ્રમણસૂત્રમાં ઇન્દ્રિયોના સ્થાને પાંચ કામ ગુણો મુકયા છે. બંનેનો ભાવ એક જ છે કેમ કે સ્પર્શેન્દ્રિયનો કામ ગુણ સ્પર્શ, ચક્ષુનો રૂપ, ઘ્રાણનો ગંધ, જીભનો સ્વાદ (રસ) અને કાનનો ગુણ શબ્દ છે. આ બધાયની વ્યાખ્યાઓ ભગવતી સૂત્રમાં કરાઈ ગઈ છે. મહાવ્રતોની આરાધના ઉપાદેય હોવાથી હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહના પાપોનો અવરોધ કરાવે છે. જયારે સમિતિઓ જીવન વ્યવહાર, ભાષણ, ખાનપાન આદિને સમિત (નિર્દોષ) બનાવે છે.

(૬) છજીવ નિકાયા છજ્જલેસાઓ...

૧૪ બ્રહ્માંડ અને ૧૪ રજ્જુલોક સંસારમાં રહેલા અનંતાનંત જીવોનો નિકાય એટલે રહેઠાણની સંખ્યા છ ની છે, તે આ પ્રમાણે. પૃથ્વીકાય, જળકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય. આનું શાસ્ત્રીય વિવેચન ભગવતી સૂત્ર–સાર સંગ્રહના ચોથા ભાગમાં પેજ ૩૪૦ થી ૩૫૬ સુધીમાં કરાયેલું છે. લેશ્યાઓનું વર્ણન પણ ભગવતી સૂત્રમાંથી જાણવું.

(૭) સત્તભયા (પડિક્કમામિ સત્તહિં ભયઠાણેહિં) :

આત્માને ભયગ્રસ્ત બનાવીને આશ્રવોનું સેવન કરાવવામાં સમર્થ સાત સંખ્યામાં ભયો છે.

(૧) ઇહલોક ભય :—પોતાની જાતિના મનુષ્યાદિથી મનુષ્યોને જ ભય ઉત્પન્ન થાય તે ઇહલોક ભય છે.

(૨) પરલોક ભય :—મનુષ્યેતર તિર્યંચ આદિ પ્રાણીઓથી જે ભય લાગે તે પરલોક ભય કહેવાય છે.

(૩) આદાન ભય :—અમુક દ્રવ્યોના કારણે ઉત્પન્ન થતો ભય આદાન ભય છે.

(૪) અકસ્માત ભય :—બાહ્ય અકસ્માતોની અપેક્ષાથી અકસ્માત થવાનો ભય.

(૫) આજીવિકા ભય :—પોતાની જીવિકાના સાધનો મેળવવામાં જે ભય થાય તે.

(૬) મરણ ભય :—મકાન, ટ્રેઇન, પ્લેન, ટ્રાફીક આદિની હોનારતના કારણે મરણ ભય બન્યો રહે છે.

(૭) અપયશ ભય :—અપકીર્તિનો ભય.

(૮) અટ્ઠયભયા (પડિક્કમામિ અટ્ઠહિં ભયઠાણેહિં) :

જાતિ, કુળ, રૂપ, બળ, તપ, ઐશ્વર્ય, જ્ઞાન અને લાભ. જ્યારે નામકર્મ, વીર્યાન્તરાયકર્મ, જ્ઞાનાવરણીયકર્મ, ગોત્રકર્મ

અને લાભાન્તરાયકર્મનો ક્ષયોપશમ કોઇક ભવમાં થાય છે ત્યારે માનવને ઉચ્ચ જાતિ, પ્રધાનદાન, પરાક્રમ, રૂપ, ઐશ્વર્ય અને જ્ઞાનાદિની પ્રાપ્તિ થાય છે. પરંતુ તેમનું પાચન ન થતાં જ્યારે અજીર્ણ થાય છે ત્યારે આત્માને મદ ચઢે છે, જેનાથી પોતાથી ઓછી જાતિ, કુળ, બળ, રૂપ, તપ, ઐશ્વર્ય, જ્ઞાન અને લાભવાળા માનવોનો તિરસ્કાર, અપમાન, બેઇજ્જતી, પાંચ-પચ્ચીસ માણસોની વચ્ચે તેમની મશ્કરી કરવાની ભાવના થાય છે, જે ભાવઆશ્રવ છે માટે સર્વથા ત્યાજ્ય છે, સ્વપ્નમાં પણ સેવન કરવા લાયક નથી.

સંસારને કદરૂપો બનાવવામાં, વૈષમ્યવાદનો રાક્ષસ ઉભો કરવામાં, માનવ જાતનું વર્ગીકરણ કરવામાં, જાતિ આદિના ભેદ પડાવી માનવને માનવ સાથે દુશ્મની કરાવવામાં અને અવસર આવ્યે વાગ્યુદ્ધ, ડંડાડંડી યુદ્ધ અને છેવટે રણ-મેદાનમાં લાખો કરોડો નિર્દોષ માનવોને મૃત્યુના મુખમાં ધકેલી દેનાર મદસ્થાનો છે. માટે જ આશ્રવ છે-ભાવઆશ્રવ છે, કોઈ કાળે અને ગમે તેવા અને કેટલાય તર્કોથી કે શાસ્ત્રીય પંક્તિઓથી પણ સંવર બની શકે તેમ નથી.

(૯) નવ चेव बंभचेर वयगुत्ती (नवहिं बंभचेर गुत्तीहिं)

સ્વીકારેલ બ્રહ્મચર્યધર્મની સુરક્ષાને માટે નવ પ્રકારની ગુપ્તિ કહેલી છે, તેની ગાથા

" वसहिकह निसज्जिदिय कुड्डितरं पुव्वकीलिए पणीए ।
अतिमायाहार विभूसणाय णव बंभचेर गुत्तीओ ।। "

અર્થવાળું પંચેન્દ્રિય સૂત્ર જોઇ લેવું.

(૧૦) દસવ્વકારે ય સમણધમ્મે.

નવ તત્ત્વ પ્રકરણની ગાથાથી દસ પ્રકારનો શ્રમણધર્મ જાણી લેવો.

ખંતી મદવવજ્જવમુત્તી તવ સંજમે અ બોદ્ધવ્વે ।
સચ્ચં સોયં અકિંચણં ચ બ ભેચ જઇ ધમ્મે ।।

(૧૧) એક્કારસ ય ઉવાસગાણ (ઇગારસહિ ઉવાસગ પડિમાહિં)

(૧૨) બારસ ય ભિક્ખુપડિમા (બારસહિં ભિક્ખુ પડિમાહિં)

શ્રાવકધર્મની ઉત્કૃષ્ટતમ આરાધના માટે અગ્યાર પ્રતિમાઓ છે. તેમ શ્રમણધર્મની આરાધના માટે બાર પ્રતિમાઓ છે. જેમાં જૂદા જૂદા અભિગ્રહો ધારણ કરવાના હોય છે. પ્રતિમાનો અર્થ ટીકાકારે કાયોત્સર્ગ કર્યો છે. કાયા પરની મોહ મૂર્છા ઉતારીને આત્મામાં સ્વસ્થ રહેવું તે પ્રતિમા છે.

(૧૩) કિરિય ઠાણાય (તેરસહિં કિરિયાઠાણેહિં)

મન-વચન-કાયાથી ક્રોધ-માન-માયા અને લોભ વશ બનીને કરાતી, કરાવાતી અને અનુમોદાતી ક્રિયાઓની સંખ્યા ૧૩ની છે જે ક્રમશઃ નીચે પ્રમાણે છે.

(૧) અર્થદંડ ક્રિયા :-પોતાના શરીરને માટે, સ્વજનોને માટે તથા સ્વજાતિને માટે અથવા બીજાઓના કહેવાથી, ત્રસ કે સ્થાવર જીવોને હણવા, મારવા, કૂટવા, ચપ્પુ કે કુહાડાથી

કાયવા. ધારિયા કે ડંડાથી ફટકારવા આદિ ક્રિયાઓને અર્થ-દંડ ક્રિયા કહેવાય છે.

(૨) અનર્થદંડ ક્રિયા :–કોઈ પણ જાતના કારણ વિના જ દ્વેષ મોહ કે અજ્ઞાનવશ બનીને, સર્વથા નિરૂપદ્રવ કીડીઓ, ઉધઈ, મંકોડા, ઝાડ, ડાળ, ફળ, પુષ્પ પ્રમાદિને તથા સાપ-વિછુ. ઉંદરડા, મૃગ, સસલા આદિને મારવા. ડી. ડી. ટી. ઔષધથી મારવા, પત્રાદિને તોડવા-તોડાવવા આદિ ક્રિયાઓ અનર્થદંડ ક્રિયા છે.

(૩) હિંસાદંડ ક્રિયા :–અમુક માણસો મારા શત્રુ જ છે, મને ગાળો ભાંડે છે, મારે છે, હાનિ કરે છે, ભવિષ્યમાં પણ મને મારશે, અથવા સાપ-વિચ્છુ, વાઘ, દીપડા આદિ જીવોને મારી નાખવા જેથી કોઈને પણ હાનિ કરનારા ન બને, તેવા ભાવથી તેમને હિંસારૂપ દંડ દેવો તે હિંસાદંડ ક્રિયા છે.

(૪) અકસ્માતદંડ ક્રિયાઃ–અમુક હિંસક પ્રાણીને કે માણસને મારવા જતાં બીજાને માર લાગ્યો કે પત્થર લાગ્યો તે અકસ્માતદંડ ક્રિયા છે.

(૫) દૃષ્ટિવિપર્યાસ ક્રિયાઃ–મિત્ર, સ્વજન અથવા બીજા કોઈ નિર્દોષ માણસને ઉતાવળ કે ભ્રમવશ બનીને મારી નાખવા કે તેને મરણતુલ્ય દશામાં પહોંચાડી દેવા તે દૃષ્ટિ-વિપર્યાસ ક્રિયા છે.

(૬) મૃષાદંડ ક્રિયાઃ–લોભાન્ધ, મોહાન્ધ, વિષયાન્ધ તથા રોષાન્ધ બનીને પોતાના સ્વાર્થને માટે કે પારકાને માટે પણ જૂઠ બોલવું, જૂઠી સાક્ષી દેવી, ભગવાનના સોગન ખાઈને પણ તેમને છેતરવા કે શીશામાં ઉતારવા તે આ ક્રિયાને આભારી છે.

(૭) અદત્તાદાનદંડ ક્રિયાઃ–પોતાના, પારકાના કે ઉભયને માટે ભેળસેળ કરવી, ત્રાજવા ખરાબ રાખવા, હિસાબ-કિતાબના ગોટાળા કરવા તે અદત્તાદાન ક્રિયા દંડ કહેવાય છે.

(૮) અધ્યાત્મ ક્રિયાદંડઃ–કારણોના અભાવમાં પણ બીજાઓ પ્રત્યે રોષ, નફરત, ઘૃણા, શોક–સંતાપ કરતા રહેવું અથવા વ્હેમના ચકાવે ચઢીને બળતરા કરતા રહેવું તે હિંસા-જનક સ્વભાવ હોવાથી અધ્યાત્મદંડ છે.

(૯) માનપ્રત્યયિકી ક્રિયાઃ—પોતાના જ જાતિ, કુળ, ખાનદાન, રૂપ, બળ, ઐશ્વર્ય અને વિદ્વત્તા આદિને શ્રેષ્ઠ માનીને બીજાઓનો તિરસ્કાર, અપમાન, નિંદા, અવહેલના કરતા રહેવું તે માનદંડ ક્રિયા છે.

(૧૦) માયાપ્રત્યયિકી ક્રિયાઃ—બોલવા-ચાલવા આદિની માયાને વશ બની બીજાઓને ઠગવા, છેતરવા તે માયા-પ્રત્યયિકી ક્રિયા છે.

(૧૧) અમિત્ર ક્રિયાઃ–બીજાઓના મામુલી અપરાધોને મોટું રૂપ આપીને તેમને દંડવા, હેરાન-પરેશાન કરવા તે અમિત્ર ક્રિયા છે.

(૧૨) લોભદંડ ક્રિયાઃ–લોભાન્ધ બનીને હત્યા કરવી તે લોભદંડ ક્રિયા છે.

(૧૩) ઇર્યાપથિકી ક્રિયાઃ–પંચ મહાવ્રતધારી મુનિરાજોને ચાલતા–ફરતા જે ક્રિયા લાગે તે ઇર્યાપથિકી ક્રિયા છે.

ઉપર પ્રમાણેની ક્રિયાઓ ભાવપરિગ્રહ છે.

(૧૪) ભૂયગામા (चउद्दसहिं भूयगामेहिं) :

જીવો ચૌદ (૧૪) પ્રકારના છે. ભૂત એટલે જીવ કહેવાય છે કેમ કે ત્રણે કાળમાં જીવો પોતાના જીવત્વથી નાશ પામ્યા નથી, પામતા નથી અને પામશે પણ નહિ. માટે જીવનો પારિભાષિક શબ્દ ભૂત છે.

તેમના નીચે પ્રમાણે ૧૪ ભેદો પડે છે :–

(૧) એકેન્દ્રિય સૂક્ષ્મ પર્યાપ્ત, (૨) એકેન્દ્રિય સૂક્ષ્મ અપર્યાપ્ત, (૩) એકેન્દ્રિય બાદર પર્યાપ્ત, (૪) એકેન્દ્રિય બાદર અપર્યાપ્ત, (૫) બેઇન્દ્રિય પર્યાપ્ત, (૬) બેઇન્દ્રિય અપર્યાપ્ત, (૭) તેઇન્દ્રિય પર્યાપ્ત, (૮) તેઇન્દ્રિય અપર્યાપ્ત, (૯) ચતુરિન્દ્રિય પર્યાપ્ત, (૧૦) ચતુરિન્દ્રિય અપર્યાપ્ત, (૧૧) પંચેન્દ્રિય સંજ્ઞી પર્યાપ્ત, (૧૨) પંચેન્દ્રિય સંજ્ઞી અપર્યાપ્ત, (૧૩) પંચેન્દ્રિય અસંજ્ઞી પર્યાપ્ત, (૧૪) પંચેન્દ્રિય અસંજ્ઞી અપર્યાપ્ત.

ઉપર પ્રમાણેના જીવોની હિંસા (હત્યા) શરીર દ્વારા દ્રવ્યહિંસા અને મન દ્વારા ભાવહિંસા થશે. પંચ મહાવ્રતધારી

સાધુ મહારાજોને દ્રવ્યહિંસાનો સંભવ નથી તો પણ સ્વાધ્યાયાદિ વિનાના અસંયમિત મન દ્વારા જે હિંસા થશે તે ભાવહિંસા છે, માટે સર્વથા ત્યાજ્ય છે.

(૧૫) પરમાધમ્મિઆ (પન્નરસહિં પરમાહમ્મિએહિં) :

પરમ અધાર્મિક (પરમાધામી) દેવો નીચે પ્રમાણેના ૧૫ પ્રકારે છે :–અંબ, અંબરીષ, શ્યામ, સબળ, રૂદ્ર, ઉપરૂદ્ર, કાળ, મહાકાળ, અસિપત્ર, ધનુ, કુંભ, વાલુક, વૈતરણી, ખરસ્વર (ઘોષ), મહાઘોષ.

એમના કાર્યો ભગવતી સૂત્ર સાર–સંગ્રહમાંથી જોઈ લેવા.

(૧૬) ગાહા સોલસયા (સોલસહિં ગાહાસોલસએહિં) :

સ્વ સમય પર સમયજ્ઞ (સમય–શાસ્ત્ર), વૈતાલિક, ઉપસર્ગ પરિજ્ઞા, સ્ત્રીપરિજ્ઞા, નરક વિભક્તિ, વીરસ્તવ, કુશીલભાષા, વીતરની, ધર્મમાર્ગ, સમાધિ, સમવસરણ, યથાતથિક, ગ્રન્થાધ્યયન, સંયમમાર્ગ, માર્ગાધ્યયન, ગાથાધ્યયન. આ પ્રમાણે સૂત્રકૃતાંગ સૂત્રના ૧૬ અધ્યયનોને જાણવા અને તેમાં રહેલ હેય તથા ઉપાદેય તત્ત્વોનો નિર્ણય કરવો.

(૧૭) અસંજમ (સત્તરસવિહે અસંજમે) :

અસંયમના ૧૭ પ્રકાર છે તે આ પ્રમાણે :–(૧) પૃથ્વીકાય અસંયમ. (૨) અપ્કાય અસંયમ. (૩) તેજસ્કાય અસંયમ. (૪) વાયુકાય અસંયમ. (૫) વનસ્પતિકાય

અસંયમ. (૬) બેઇન્દ્રિય અસંયમ. (૭) તેઇન્દ્રિય અસંયમ. (૮) ચતુરિન્દ્રિય અસંયમ. (૯) પંચેન્દ્રિય અસંયમ. (૧૦) અજીવ અસંયમ. (૧૧) પ્રેક્ષા અસંયમ. (૧૨) ઉપેક્ષા અસંયમ. (૧૩) પ્રમાર્જના અસંયમ. (૧૪) પરિષ્ઠાપના અસંયમ. (૧૫-૧૬-૧૭) મન-વચન અને કાય અસંયમ. એક થી નવ પ્રકારના જીવો પ્રત્યે માનસિકી હિંસાભાવ આશ્રવ છે. અજીવ અસંયમ અર્થાત્ પુસ્તક, પાના, વસ્ત્ર આદિનો પરિગ્રહ રાખવો તેમાં પણ પુસ્તકનો પરિગ્રહ વધારે પડતો એટલા માટે છે કે, તેની વચ્ચે આવેલી માખી, મચ્છર, માંકડ કે બીજા કોઈ પણ જીવ બચી શકે તેમ નથી. ઉપાશ્રય કે ઉપધિનું પડિલેહન ન કરવું અથવા અવિધિથી કરવું તે પ્રેક્ષા અસંયમ છે. પ્રમાર્જન કર્યા વિના વસ્તુનો ઉપયોગ કે ઉપભોગ કરવો તે પ્રમાર્જના અસંયમ છે. મલ-મૂત્ર, પાત્રાનું કે કાપનું પાણી વિધિપૂર્વક ન પરઠવું તે પરિષ્ઠાપના અસંયમ છે. માનસિક જીવનમાં કારણે-અકારણે ઈર્ષ્યા-અદેખાઇ, વૈર-રોષ કે વાસનાના ભાવો રાખવા તે મન અસંયમ છે. તેવી ભાષા બોલવી તે ભાષા અસંયમ અને શરીરને ઉપયોગમાં ન રાખવો તે કાય અસંયમ છે.

(૧૮) અબ્રહ્મ (અઠારસવિહે અબંભે) :

ઔદારિક શરીર (મનુષ્યને માટે મનુષ્યસ્ત્રી અને તિર્યંચ-સ્ત્રી, તથા સ્ત્રીને માટે પુરૂષ કે તિર્યંચ પ્રાણી) સાથે મન-વચન અને કાયાથી અબ્રહ્મ (મૈથુન) કરવું નહિ, કરાવવું નહિ અને અનુમોદવું નહિ. તે પ્રમાણે પુરૂષ સાધકને માટે

દેવી અને સ્ત્રી સાધકને માટે દેવ સાથે અબ્રહ્મ. આ પ્રમાણે ત્રિવિધે ત્રિવિધે ૯ + ૯ = ૧૮ પ્રકારે અબ્રહ્મ કહેવાય છે. જે ભાવપરિગ્રહ હોવાથી ત્યાજ્ય છે.

(૧૯) નાય (એગુણવિસાએ નાયજ્ઝયણેહિં) :

જ્ઞાતાધર્મ કથાના ૧૯ અધ્યાયો છે. તે આ પ્રમાણે :-

(૧) ઉત્ક્ષિપ્ત અધ્યયનમાં મેઘકુમારનું વર્ણન છે. (૨) સંઘાટમાં ધન્ય સાર્થવાહ અને વિજય ચોરની વાત છે. (૩) અંડમાં મોરના ઈંડાનુ રૂપક છે. (૪) કૂર્મમાં કાચબાના રૂપ કે ઇન્દ્રિયોના સંવરણ અને અસંવરણનો મહિમા છે. (૫) શૈલકમાં રાજર્ષિ શૈલકનું વર્ણન. (૬) તુંબમાં માટીના લેપથી ભારી બનેલો તુંબડો ડૂબે છે અને આવરણ વિનાનો તુંબડો પોતાની મેળે જળ પર આવે છે તેનું સરસ વર્ણન છે. આ પ્રમાણે ક્રમશઃ રોહિણી, મલ્લિનાથ, જિન રક્ષિત અને જિન પાલિત, ચંદ્રની ચાંદની, દાવદ્વ, ઉદક, મંડુક, તૈતલી, નંદીફળ, દ્રૌપદી, અશ્વ, સુષમા અને પુંડરિક અધ્યયનો છે જેમાંથી હેય-ઉપાદેયનો વિવેક કરવો.

(૨૦) અસમાહિ (વીસાએ અસમાહિ ઠાણેહિં) :

વ્રતધારી જીવનમાં પણ અસમાધિના સ્થાનો વીસની સંખ્યામાં કહ્યાં છે. જેના સેવનથી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તને હાનિ થાય, ગુરૂઓની આજ્ઞા લોપાય, જિનેશ્વરો પ્રત્યે અશ્રદ્ધા થાય, શાંત થયેલા વિષય કષાયોના તોફાનો ભડકે

અને જીવન સમાધિમાંથી બહાર નીકળીને અસમાધિ તરફ પ્રત્યાવર્તન કરે તેવા સ્થાનો છોડી દેવા અથવા છોડવા માટેના પ્રયત્નો કરવા. તે સ્થાનો આ પ્રમાણે જાણવા :-

(૧) દ્રુત ચારિત્વ-સંયમ જીવન પ્રત્યે બેદરકાર થઈને અથવા ઇર્યાસમિતિનો ખ્યાલ રાખ્યા વિના ઉતાવળે ઉતાવળે અથવા દેડકાની જેમ કૂદકા મારી મારીને ચાલવું તે અસંયમ છે.

(૨) અપ્રમાર્જિત ચારિત્વ-રજોહરણ કે ડંડાસનથી જમીન પુંજ્યા વિના ચાલવું, ફરવું, બેસવું, ઉઠવું વિગેરે અસંયમ છે.

(૩) દુષ્પ્રમાર્જિત ચારિત્વ-અવિધિએ જમીનને પુંજવી, અથવા જમીન પર ડંડાસનની દશીઓ ફરવી જોઇએ. તેના બદલે જમીનથી બે વેંત ઉપર ફરી રહ્યું છે જે અસંયમ છે.

(૪) અતિરિક્ત શય્યાસનિકત્વ-આચરંગાદિ સૂત્રોની મર્યાદાથી બહાર જઈ સંથારિયા-આસન આદિનો પરિગ્રહ વધારવો.

(૫) આચાર્ય પરિભાષિત્વ-ચારિત્રમાં દીર્ઘ પર્યાયના માલિક આચાર્ય ભગવંતની સામે અવિનય અને અવિવેકપૂર્વક યદ્વા તદ્વા બોલવું.

(૬) સ્થવિરોપઘાતિત્વ-આચાર્યાદિના દોષો તથા તેમના શિયળ માટે ખોટું અને કલ્પિત દોષારોપણ કરવું.

(૭) ભૂતોપઘાતિત્વ-એકેન્દ્રિયાદિ જીવોનું હનન કરવું.

(૮) સંજ્વલનત્વ–પ્રતિક્ષણ રોષ કરવો અથવા બીજાઓ પ્રત્યે મનમાં કલુષિત ભાવ રાખવો.

(૯) કોપનત્વ–નજીવા કારણોને લઈને અતિશય ક્રોધ કરતાં રહેવું.

(૧૦) પૃષ્ઠિમાંસકત્વ–સામેવાળાની પીઠ પાછળ નિંદા-બુરાઈ અને અસત્ કે સત્ દોષોનું ઉદ્ઘાટન કરવું.

(૧૧) અભીક્ષ્ણ મધારકત્વ, યા અપહારકત્વ-શંકાવાળી વાતને પણ 'જ' લગાડીને વાત કરવી જેમકે–મારી વાત જ સાચી છે અથવા બીજા ગુણીયલ પુરૂષના ગુણોનો અપલાપ કરવો.

(૧૨) અધિકરણોત્પાદક–વાતે વાતે જૂદા જૂદા પ્રકારે કલહ, લડાઈ કે ઝીકાઝોડી કરતાં રહેવું.

(૧૩) પુરાતનાધિકરણ ઉદીરણા–ટોળામાં, સંઘાડામાં કે સમાજમાં ઠંડી પડી ગયેલી વાતોને ફરીથી તોફાને ચડાવવી.

(૧૪) સરજસ્ક પાણીપાદત્વ–સચિત ધૂળ આદિથી ખરડાયેલા હાથોથી ગોચરી સ્વીકારવી.

(૧૫) અકાલ સ્વાધ્યાયકરણ–સ્વાધ્યાય માટે નિર્ણીત ટાઈમની પરવાહ કર્યા વિના ગમે ત્યારે સ્વાધ્યાય કરવા બેસી જવું. અથવા ચાલતા વિહાર કરતાં સ્વાધ્યાય કરવો.

સારાંશ કે ચાલતી વખતે ઈર્યાસમિતિનો જ ખ્યાલ રાખવાનો હોય છે.

(૧૬) કલહ કરત્વ–તેવા પ્રકારે અકાર્યો કરવા જેથી પરસ્પર ઝગડા વધે અને કલેશ–કંકાસમાં સંયમ હારી જવાય.

(૧૭) શબ્દ કરત્વ–રાત્રિના સમયે જોરજોરથી શબ્દો બોલવા.

(૧૮) ઝંઝા કરત્વ–ટોળામાં કે મંડળીમાં વિરોધ કે વૈરની પ્રાદુર્ભૂતિ થાય તેવા પ્રયત્નો કરવા અથવા સંઘને પીડા થાય તેમ રહેવું.

(૧૯) સુરપ્રમાણ ભોજિત્વ–સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી કંઇને કંઈ ખાતા રહેવું. છેવટે સોપારી, ધાણાની દાળ પણ ફાંકતા રહેવું.

(૨૦) એષણા અસમિત્વ–ગોચરી પાણીની મર્યાદા છોડીને દોષો લગાડતા રહેવું.

ઉપર પ્રમાણેના દોષો અસમાધિજનક હોવાથી ભાવપરિગ્રહ છે.

(૨૧) સબલા (इकविसाए सबलेहिं) :

જેનાથી ભાવસંયમ ખરડાય અને સમયે સમયે સંયમ સ્થાનોથી નીચે પડવાનું થાય તે શબલ કહેવાય છે, જેની સંખ્યા એકવીશની છે.

૧. હસ્તકર્મ–ભાષામાં હસ્તમૈથુન કહેવાય છે. બાહ્ય કારણોથી ઉદીર્ણા કરેલા મોહકર્મથી પુરૂષવેદને કે સ્ત્રીવેદને જ્યારે બેકાબુ બનાવાય છે ત્યારે અત્યંત ક્લિષ્ટ ભાવમૈથુનમાં

ફસાઈ ગયેલો સાધક હસ્તમૈથુન દ્વારા પોતાના બ્રહ્મનો, આત્માનો, સદ્‌બુદ્ધિનો અને સચ્ચારિત્રનો ઘાત કરે છે.

૨. અનાચાર સુધી પહોંચી શકે તેવું સજાતીય કે વિજાતીય પાત્ર કદાચ ન મળે તો અતિક્રમ-વ્યતિક્રમ અને અતિચાર સુધીનું મૈથુન સેવવું.

૩. અતિક્રમ-વ્યતિક્રમ અને અતિચારપૂર્વક રાત્રિમાં ભોજન કરવું. પણ આગળ વધવાની અનુકૂળતા ન હોવાથી હાથમાં લીધેલ ખોરાક, પીપરમેન્ટ, ચોકલેટને મોઢામાં મૂકી શકાતી નથી. કેમ કે તે સમયે જ પાસે સૂતેલો સાધુ જાગી જતો હોય છે તેથી અનાચાર સુધી પહોંચી શકાતું નથી.

૪. માંદગી, અશક્તિ આદિના કારણ વિના પણ પોતાને ગમતાં મિષ્ટાન્નો-ફરસાણો બનાવવા માટેની આજ્ઞા ગૃહસ્થોને આપવી.

૫. શય્યાતર ગૃહસ્થને ત્યાંથી ગોચરી વહોરવી.

૬. બજારમાંથી વેચાતી લાવેલી ભોજ્ય સામગ્રી વહોરવી.

૭. પ્રતિજ્ઞા દ્વારા છોડી દીધેલા ખાવાના પદાર્થોને વારંવાર ખાવા.

૮. દીક્ષા લીધા પછી છાસવારે ને છાસવારે ગુરૂઓ બદલતા રહેવું.

૯. મહિનામાં ત્રણ વાર નદી ઉતરવી.

૧૦. પોતાના ગુરૂઓ સાથે યા બીજાઓ સાથે મહિનામાં ત્રણવાર બદ્ધઈરાદાથી માયાચરણ કરવું.

૧૧. રાજાઓને ત્યાંથી ભોજન-પાણી લાવવું.

૧૨. જાણી બુઝીને બેધ્યાન બની પૃથ્વીકાયાદિ જીવોને મારવા.

૧૩. જાણી બુઝીને જૂઠ બોલવું. ૧૪. ચોરી કરવી. ૧૫. સચિત્ત ભૂમિ પર બેસવું. ૧૬. હરિયકાય-બીયકાય જમીન પર બેસવું. ૧૭. જમીન કંદ ખાવા. ૧૮. વર્ષમાં દસવાર નાભી પર્યંત જળનું ઉલ્લંઘન કરવું. ૧૯. વર્ષમાં દસવાર માયાચરણ કરવું. ૨૦. સચિત્ત પાણીનો ઉપયોગ કરવો. ૨૧. સચિત્ત ભૂમિ પર કાયોત્સર્ગ કરવો. આ પ્રમાણેના દોષો ભાવ પરિગ્રહ છે.

૨૨. પરિસહા-બાવીશ સંખ્યાના પરિષહો નવ તત્વથી જાણવા.

૨૩. સૂત્રકૃતાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના ૧૬ અધ્યાય કહેવાયા છે. બીજા શ્રુતસ્કંધના પુંડરિક ક્રિયા સ્થાન, આહાર પરિજ્ઞા, પ્રત્યાખ્યાન ક્રિયા, અનગાર શ્રુત, આર્દ્રકુમાર તથા નાલંદ આદિ સાત અધ્યાય ઉમેરવાથી ૧૬+૭=૨૩ અધ્યાયો સૂત્રકૃતાંગ સૂત્રના થાય છે તે જાણીને હેય-ઉપાદેયની તારવણી કરવી.

૨૪. દેવોની સંખ્યા ચોવીશની કહી છે. ૧૦ ભવનપતિ, ૮ વ્યંતર, ૫ જ્યોતિષ અને ૧ વૈમાનિક. ૧૦+૮+૫+૧=૨૪. અથવા અરિહંત પરમાત્માઓની ચોવીસી પણ જાણવી, કેમકે પરિગ્રહ ત્યાગમાં પ્રેરક હોવાથી લૌકિક દેવોને જ્ઞેય જાણવા. અને લોકોત્તર દેવોને ઉપાદેય જાણવા.

૨૫. એક એક મહાવ્રતની પાંચ પાંચ ભાવનાઓ છે. તેથી તેમની પચ્ચીસની સંખ્યા થાય છે. આનું વર્ણન પ્રસ્તુત ગ્રન્થમાં સ્વ સ્વ પ્રસંગે કરાઈ ગયું છે. બાહ્ય અને આભ્યંતર પરિગ્રહના ત્યાગ માટે આ ભાવનાઓ ઉપાદેય છે.

૨૬. ઉદ્દેશાઓ ૨૬ છે. તેમાં દશાશ્રુતસ્કંધના ૧૦ ઉદ્દેશા, બૃહત્કલ્પના ૬ ઉદ્દેશા, વ્યવહાર સૂત્રના ૧૦ ઉદ્દેશા મળીને ૧૦+૬+૧૦=૨૬ ઉદ્દેશા થાય છે.

૨૭. ગુણા (सत्ताविसेहिं अणगार गुणेहिं)

૫ મહાવ્રત, ૫ ઇન્દ્રિયનિગ્રહ, ૪ કષાય શમન, ૧ ભાવ સત્ય, ૧ કરણસત્ય, ૧ યોગસત્ય (મન-વચન અને કાયનું એકરૂપ્ય) ૧ ક્ષમા, ૧ વૈરાગ્ય, મન-વચન અને કાયાનો નિરોધ, જ્ઞાન-દર્શન અને ચારિત્રની સમ્પન્નતા, વેદનાદ્વિ, કર્મોની સહનતા, મારણાન્તિક કષ્ટ સમયે સમભાવ.

૨૮. પકપ્પા (अट्ठावीसाए आयारकप्पेहिं)

આચારાંગ સૂત્રના ૨૫ અધ્યાય અને નિશીથ કલ્પના ૩ અધ્યાય છે. તેમાંથી આચારાંગ પ્રથમ શ્રુતસ્કંધ શસ્ત્રપરિજ્ઞા,

લોકવિજય, શીતોષ્ણીય, સમ્યક્ત્વ, આવંતિ, ધુવ, વિમોહ, ઉપધાનશ્રુત અને મહાપરિજ્ઞા. બીજા શ્રુતસ્કંધના ૧ પિંડૈષણા, ૨ શય્યા, ૩ ઈર્યા, ૪ ભાષા, ૫ વસ્ત્રૈષણા, ૬ પાત્રૈષણા, ૭ અવગ્રહ, પ્રતિમા ૮ થી ૧૪ સાત સપ્તિકા, ૧૫ ભાવના, ૧૬ વિમુક્તિ, ૯ + ૧૬ = ૨૫ અને ઉદ્‌ઘાતિક, અનુદ્‌ઘાતિક, આરોપણ. આ નિશીથના ત્રણ અધ્યાય છે. બધાય મળી ૨૫ + ૩ = ૨૮.

(૨૧) પાવસુત (एगुणतीसाए पावसुअप्पसंगेहिं) :

પાપશ્રુત ૨૯ પ્રકારે છે. જેના મનનથી, શ્રવણથી, વાંચનથી, સંયમધારીના સમ્યગ્‌જ્ઞાનની સાધનામાં અને પરિણામે સમ્યક્‌ચારિત્રની આરાધનામાં ભંગ પડે, વિઘ્ન આવે, ચિત્તમાં ચંચલતા આવે તે પાપશ્રુત કહેવાય છે. માટે ભાવપરિગ્રહનો સહચારી હોવાથી સર્વથા ત્યાજ્ય છે. તેના ૨૯ ભેદો છે :– ભૌમ, ઉત્પાત, સ્વપ્ન, અન્તરિક્ષ, અંગ, સ્વર, લક્ષણ અને વ્યંજન, આ અષ્ટાંગ નિમિત્ત કહેવાય છે. તેના પ્રત્યેકના સૂત્ર, વૃતિ અને વાર્તિકના ભેદથી ૮ × ૩ = ૨૪ ભેદ થાય છે. વિકથાનુયોગ, વિદ્યાનુયોગ, મંત્રાનુયોગ, યોગાનુયોગ અને અન્ય તીર્થિક પ્રવૃત્તાનુયોગ. આ પાંચ ભેદોને મેળવતા ૨૪ + ૫ = ૨૯ ભેદ પાપશ્રુતના થયા. તેને ક્રમશઃ જાણીએ.

૧. ભૌમસૂત્ર–જેમાં ભૂમિ અને ભુકંપ આદિનું વર્ણન હોય.

૨. ઉત્પાતસૂત્ર–આકાશમાંથી રૂધિરની વૃષ્ટિ, તારાઓનું ખરવું આદિ વર્ણિત હોય.

૩. સ્વપ્નસૂત્ર–જેમાં કયા સ્વપ્નો કયારે આવે તો તેનું ફળ શું ? આદિ વાતોનું વર્ણન હોય.

૪. અન્તરિક્ષસૂત્ર–આકાશમાં થનારા ચંદ્ર સૂર્યનું ફળ કયા દેશમાં વધારે અને કયાં ઓછું થશે તેનું વર્ણન હોય.

૫. અંગસૂત્ર–શરીરના અમુક અવયવોનું, નાના મોટા પ્રમાણનું ફળ અથવા પુરૂષોના જમણા અંગનું અને સ્ત્રીઓના ડાબા અંગોનું સ્ફૂરણનું ફળ શું ?

૬. સ્વરસૂત્ર–અમુક પશુ કે પક્ષી, ઘરથી કે દુકાનથી નીકળતી વખતે બોલે તો તેનું ફળ શું મળશે ? તેનું વર્ણન કરવાવાળું શાસ્ત્ર.

૭. લક્ષણસૂત્ર–હાથ–પગ–જીભ અને લલાટની રેખાઓના વર્ણનવાળું શાસ્ત્ર.

૮. વ્યંજનસૂત્ર–તલ, મસા આદિના વર્ણનવાળું શાસ્ત્ર.

ઉપર પ્રમાણેના આઠે શાસ્ત્રોના વિષય, તેની ટીકાઓ અને વાર્તિકોમાં ખૂબ ખૂબ ચર્ચાયો છે. માટે ૮×૩=૨૪ ભેદ થયાં.

૨૫. વિકથાનુયોગ–જેમાં પૈસો કઈ રીતે કમાવવો ? કયો વ્યાપાર કરવો ? ઉપરાંત લક્ષ્મીની પ્રાપ્તિ, તેનું વર્ધન અને રક્ષણ કરવાના ઉપાયો તથા કામશાસ્ત્રમાં વાત્સ્યાન મુનિ અને કામંદક મુનિના કામસૂત્રો, કોકશાસ્ત્રો આદિના વિષયો ચર્ચાયા હોય છે.

૨૬. વિદ્યાનુયોગ–રોહિણી–પ્રજ્ઞપ્તિ–કાળી–મહાકાળી–અંબિકા આદિ વિદ્યાઓ તેના મંત્રો, તંત્રો અને યંત્રો હોય તેનું વર્ણન.

૨૭. મંત્રાનુયોગ–જેમાં સાપ–વિચ્છુ, ડાકણ–ભૂત, નજર આદિ મંત્રોનું વર્ણન હોય.

૨૮. યોગાનુયોગ–બીજાઓને વશ કરવા જેમ કે–

મોહન–બીજાઓને મોહ ઉત્પન્ન કરાવી સામેવાળાને ભ્રમિત કરી દેવાના પ્રયોગો, દોરાઓ, ધાગાઓનું વર્ણન હોય.

મારણ–સામેવાળા શત્રુને પાગલ, અર્ધપાગલ કે મારી નાખવાના પ્રયોગો હોય.

ઉચ્ચારણ–સામેવાળામાં કે તેના ઘરના મેમ્બરોમાં તોફાન, મસ્તી, લડાઈ, ઝઘડા, વમન, ઝાડા, તાવ, એકાન્તરીયા તાવ આદિ બીમારીઓનો યોગ જેમાં હોય તે શાસ્ત્ર.

૨૯. અન્યતીર્થિક પ્રવૃત્તાનુયોગ–લૌકિક કપિલ મુનિ આદિના શાસ્ત્રોના આચાર–વિચાર, અથવા શાકતોના મદ્ય, માંસ, મૈથુન, મદિરા અને મુદ્રા આદિનું વર્ણન હોય તેવા શાસ્ત્રો ભાવ આશ્રવ છે.

૩૦. મોહણિજ્જે (तिसाए मोहणियट्ठाणेहिं)

મહાભયંકર મોહકર્મને બાંધવામાં ૩૦ કારણોનો સંગ્રહ પ્રસ્તુત ગ્રંથમાં કરાયો છે. અનાદિકાળના ગાઢતમ મિથ્યાત્વના

કારણે જીવાત્માને જ્યારે પોતાના આત્માને જ ઓળખવાની ગરજ હોતી નથી તો પછી તેના શુદ્ધિકરણ માટે અહિંસાદિની ભાવના પણ ન ઉદ્ભવે તે માની શકાય તેવી હકિકત છે. તેવી પરિસ્થિતિમાં હિંસા–ક્રૂર હિંસા, જૂઠ–મહાજૂઠ, ચોરી–ભયંકર ચોરી, મૈથુન, દુરાચાર અને વ્યભિચાર પૂર્ણ મૈથુન, પરિગ્રહ અને મહાપરિગ્રહના પાપ તત્ત્વો માનવીના જીવનમાં નકારી શકાતા નથી. પરિણામે દેવદુર્લભ મનુષ્યાવતાર પુનઃ પુનઃ મોહકર્મને બાંધવામાં અને ન કલ્પી શકાય તેવા પાપ કાર્યોને કરવામાં ઉપયુક્ત થાય છે અને સમાપ્ત થાય છે. તે મોહસ્થાનોને ક્રમશઃ જાણીએ.

૧. નિકટ ભૂતકાળમાં પ્રસૂતા કૂતરી આદિના બચ્ચાઓને, પૂંછડીથી બંધાયેલા ઉંદર આદિ ત્રસ જીવોને, પાણીમાં ડૂબાડી તેના પ્રાણોને ગૂંગળાવવાનું હિંસક કાર્ય કરતાં તેમને ઘણો જ આનન્દ આવે છે. પાસે ઉભેલા માણસો તાળીઓ પાડીને હસે છે. આ અને હવે પછીના કહેવાતા કાર્યો, આત્માના નિકૃષ્ટતમ પાપના અધ્યવસાયો વિના કે અજ્ઞાન વિના થતાં નથી. માટે આવા જીવો અતિનિકાચિત મોહકર્મના બંધક છે.

૨. કુતૂહલ, મશ્કરી અથવા દ્વેષાન્ધ બનીને આગળ બેઠેલા માણસના મુખ અને નાક આદિને તેવી રીતે દબાવે છે જેથી સામેવાળો શ્વાસ પણ લઈ શકતો નથી.

૩. પાણીમાં ભીંજાવેલી ચામડાની દોરડીથી શત્રુનું માથું તેવી રીતે બાંધે છે જેનાથી તેની નસો તણાવા લાગે છે, આંખો બહાર આવે છે અને મૃત્યુના મુખમાં જાય છે.

૪. લોભ, વૈર અને સ્વાર્થના કારણે રોષે ભરાયેલો માણસ સામેવાળાના માથા પર ડંડો કે ધારિયું ફટકારીને મોતના ઘાટે ઉતારે છે.

૫. સેંકડો–હજારો ગરીબો, રોગીઓ અને અનાથોનું ભરણ–પોષણ કરનારા પુણ્યશાળીની ફજેતી કરવી, ગાળો ભાંડવી, છેવટે ભયંકર આપત્તિમાં ફસાવી મારે છે.

૬. પૈસાની, બુદ્ધિની અને શરીરની શક્તિ હોવા છતાં કૃપણતાના પાપે દેશ–સમાજ કે કુટુંબમાં રહેલા ગ્લાન, રોગી, બીમાર આદિને ઔષધ આદિની વ્યવસ્થા નહિ કરનાર પણ મોહકર્મનો બંધક છે. આ પ્રસ્તુત આગમ દ્વાદશાંગીમાં દસમું અંગ છે અને ટીકાકાર મહાન તપસ્વી અભયદેવસૂરિજી છે. તેઓના કથનથી જાણવાનું સરળ બને છે કે બીમાર માણસ ગમે તે જાતનો હોય કે પોતાની જાતનો હોય, ગરીબ હોય, તેવાઓને રોગમુક્ત કરવામાં બેદરકાર રહેવું તે મહાપાપ છે.

૭. તપસ્વીઓને દબદબાવી તેમની તપશ્ચર્યાનો ભંગ કરાવવો.

૮. સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગનો અપલાપ કરીને બીજાઓને ઉંધે માર્ગે દોરવા.

૯. અરિહંત, સમવસરણ, જિનેશ્વરદેવ કે તેમના શાસનની નિંદા કરવી.

૧૦. આચાર્ય ભગવંતોની મશ્કરી, નિંદા, ચાડી અને ફજેતી કરવી.

૧૧. જ્ઞાન, દર્શન અને ચારિત્ર આપનાર આચાર્ય ભગવંતોથી નારાજ રહેવું.

૧૨. "જે રણમેદાન કે પ્રોગ્રામમાં લાખો પ્રાણીઓ મરી જવાના છે" તેવા દિવસોને માટે રાજાદિને મુહૂર્તો જોઈ આપનાર અથવા રાજાઓના રણમેદાનની પ્રશસ્તિઓ ગાનાર પણ મોહકર્મનો બંધક છે.

૧૩. વશીકરણાદિ, મંત્ર–જંત્ર કે ઔષધવડે બીજાઓને વશ કરવાના ગોરખધંધામાં પડેલા પણ મોહબંધક છે.

૧૪. હજારો માણસોની વચ્ચે કે પોતાના મનથી પણ ત્યાગી દીધેલી વસ્તુઓની કે ભોગોની ચાહના કરનાર મોહ-બંધક છે.

૧૫. બહુશ્રુત ન હોવા છતાં પણ વારંવાર પોતાને બહુશ્રુત તરીકે જાહેર કરવો.

૧૬. તપસ્વી નથી પણ તપસ્વી તરીકેની પ્રસિદ્ધિ મેળવવા પ્રયાસ કરવો.

૧૭. ધૂમાડા કે અગ્નિથી કે બીજા પ્રયોગોથી પણ ઘણા જીવોને મૃત્યુનું ઘર દેખાડવું.

૧૮. પોતે પાપ, દુરાચાર કર્યો છે પણ તે પાપનો ભાર બીજા પર મૂકી દેવાનો પ્રયત્ન કરવો.

૧૯. અતિ ગુપ્ત માયા ચરણવડે બીજાઓને ઠગવા, શીશામાં ઉતારવા.

૨૦. બીજાઓનું બોલવું, માનવું સાચે સાચું હોવા છતાં પણ પોતાના અશુભ અધ્યવસાયોવડે ભરસભામાં તેમને જૂઠા તરીકે સાબિત કરાવવા.

૨૧. વારંવાર ક્લેશ, કંકાસ આદિ કરવાની આદત રાખનાર.

૨૨. બીજાઓને વિશ્વાસ આપીને તેમનું ધન પચાવી પાડનાર.

૨૩. તેવી રીતે સામેવાળાને વિશ્વાસમાં લઈ તેમની પત્નીઓને અને બાળકુમારીકાઓને ભોળવવી, ફોસલાવવી અને તેના શિયળ તોડાવવા.

૨૪. પોતાનું કુમારત્વ નાશ પામેલું હોવા છતાં પણ પોતાની જાતને કુંવારા તરીકે જાહેર કરવી.

૨૫. તેવી રીતે બ્રહ્મચારી નથી તો પણ બ્રહ્મચારીની છાપ ઉભી કરવી.

૨૬. જેની પાસેથી દ્રવ્યાદિ મેળવેલું હોય તેમને જ શીશામાં ઉતારવાની દાનત રાખનાર. —

૨૭. જેમનાં પુણ્ય પ્રતાપે ખ્યાતિ, યશ, વિદ્યા કે માન-મરતબો મેળવ્યો હોય, સ્વાર્થ સધાયા પછી તેમના માટે શિરદર્દ થઈને રહેવું.

૨૮. રાજાને, સેનાપતિને, માન્ય માનવને કે બીજા ઘણા માનવોને મરાવી નાખવાના ઘાટ ઘડવા કે ઘડાવવા.

૨૯. કોઇની ચોરી, છીનાલી જોઈ નથી તો પણ સાક્ષી આપવી કે 'મેં જોયું છે.'

૩૦. કોઇક દેવનો પ્રત્યક્ષ કે પરોક્ષ નથી છતાં કહેતાં ફરવું કે 'મને તો ઘંટાકર્ણ, ભૈરુજ્ઞ, પદ્માવતી, અંબિકા આદિ સ્વપ્નમાં પ્રત્યક્ષ આવે છે.'

卐 卐 卐

૩૧. સિદ્ધ પરમાત્માઓના ૩૧ ગુણો હોય છે. તે આ પ્રમાણે :-

૫-મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાનાવરણીય કર્મનો ક્ષય.

૯-ચક્ષુદર્શનાદિ ૪, નિદ્રાદિ ૫, મળી દર્શનાવરણીય કર્મનો સમૂળ ક્ષય.

૪-દેવ, મનુષ્ય, નરક અને તિર્યંચ ગતિઓનું આયુષ્ય કર્મનો સંપૂર્ણ ખાતમો.

૫–દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યરૂપે અન્તરાય કર્મના મૂળીયા બાળી નાખ્યા છે.

૨–સાતા, અસાતારૂપે વેદનીય કર્મ સાથે અપુનવર્તનીય રીતે છુટાછેડા લીધા છે.

૨–દર્શન અને ચારિત્રરૂપે મોહનીય કર્મના ગુંડાને મૂળમાંથી ઉખેડી દીધેલ છે.

૨–ઉચ્ચ, નીચ ગોત્રકર્મને મારી મારીને કૂટા કાઢી નાખ્યા છે.

૨–શુભ, અશુભ નામકર્મના બીજોને સંપૂર્ણ બાળીને ખાખ કર્યા છે.

૫+૯+૪+૫+૨+૨+૨+૨=૩૧ સિદ્ધાત્માઓના ગુણો છે.

બીજી રીતે પણ ૩૧ ગુણો આ પ્રમાણે જાણવા.

૫ સંસ્થાન (ત્र્યસ્ર, ચતુરસ્ર, વૃત્ત, મંડળ, આયત્ત)નો અંત.

૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ, ૩ વેદનો અંત.

૧ અકાય, ૧ અસંગ, ૧ અરૂહ. સિદ્ધશિલા પ્રાપ્ત કરતાં પહેલાં જ આ ગુણો પ્રગટ થઈ જાય છે, જે આત્યન્તિક છે.

પહેલા પ્રકારના ગુણોનો સંબંધ કર્મક્ષય સાથે છે, બીજાઓનો શરીરક્ષય સાથે સંબંધ છે. કેમ કે "સિદ્ધાણં નત્થિ દેહો" આ ઉક્તિના અનુસારે શરીર અને તેની સાથે સંબંધિત વર્ણ–ગંધ–રસ અને સ્પર્શનો પણ અંત થાય છે.

પાંચ શરીરમાં કર્મોના સમુદાયરૂપ કાર્મણ શરીર છે. તેનો નાશ થતાં ફરીથી શરીરને ધારણ કરવાપણું રહેતું નથી.

ભાવપરિગ્રહનો અંત લાવવા માટે સિદ્ધોના ગુણોને યથાશક્ય આત્મસાત્ કરવાના રહેશે.

(૩૨) બત્તીસાએ જોગસગહેહિં :

જૈન શાસને મન-વચન-કાયાને યોગ કહ્યો છે જે પૌદ્ગલિક હોવાથી જડ છે. માટે જ કેળવાયેલા કે અણ-કેળવાયેલા આત્મા દ્વારા તેનું સંચાલન થાય છે. સંવરધર્મી આત્મા કેળવાયેલો અને આશ્રવમાર્ગી આત્મા અણકેળવાયેલો કહેવાય છે. મુનિધર્મ પ્રાપ્ત સંવરમાર્ગી હોવા છતાં પૂર્વ-ભવના આરાધિત આશ્રવમાર્ગના સંસ્કારોની સત્તા પણ સમયે સમયે મુનિને સતાવતી હોય છે. માટે જાગૃત સંયમધારી મુનિ યોગમાં (મન-વચન-કાયામાં) શુભત્વ લાવવા માટે ૩૨ પ્રકારના યોગનો સંગ્રહ કરશે જે નીચે પ્રમાણે છે :-

૧ પોતાની ભૂલોની, અપરાધોની આચાર્યશ્રી પાસે આલોચના કરશે. ૨ આચાર્યોએ પણ એકની આલોચનાને બીજા પાસે પ્રગટ ન કરવી. ૩ વિપદ્ગ્રસ્ત અવસ્થામાં પોતાના મુનિધર્મમાં દૃઢ રહેવું. ૪ ફળની ઇચ્છા રાખ્યા વિના ક્રિયા-નુષ્ઠાનોમાં જાગૃતિ રાખવી. ૫ સૂત્ર અને અર્થ, અથવા ગ્રહણ અને આસેવના શિક્ષા લેવામાં ઉત્સાહી રહેવું. ૬ શરીરની શુશ્રૂષા ન કરવી. ૭ કરાયેલ તપને બીજા પાસે જાહેર ન કરવું. ૮ ઉપધિ પ્રત્યે પણ લોભનો ત્યાગ કરવો. ૯ પરિષહોને સહન

કરવા માટેની ધીમે ધીમે તાલીમ લેવી. ૧૦ કુટિલતાનો ત્યાગ કરી સરળ ભાવ કેળવવા માટે કટિબદ્ધ રહેવું. ૧૧ મહાવ્રતોમાં અતિચાર લાગવા ન દેવા. ૧૨ સમ્યગ્દર્શનની શુદ્ધિ પ્રત્યે લક્ષ્ય રાખવું. ૧૩ મનમાં અસમાધિ થાય તેવા બધાય પ્રસંગો છોડી દેવા. ૧૪ આચારોમાં મલિનતાનો પ્રવેશ થવા ન દેવો. ૧૫ વિનયભાવમાં પ્રમાદ ન કરવો. ૧૬ ધૈર્યભાવ જાળવી રાખવો. ૧૭ સંસારની માયા પ્રત્યે ઉદાસીનતા વધારવી. ૧૮ માયાવિતાનો સંસર્ગ થવા ન દેવો. ૧૯ ધર્માનુષ્ઠાનોમાં સદૈવ ઉદ્યમવંત રહેવું. ૨૦ સંવર ભાવોને આત્મસાત્ કરવાં. ૨૧ આત્મિક દોષોનું ઉપશમન કરવું. ૨૨ આશ્રવના સર્વે પ્રપંચોને છોડી દેવા. ૨૩ મૂળ ગુણોને વારંવાર સ્મૃતિમાં લાવવા. ૨૪ ઉત્તર ગુણોમાં અપવાદ સેવવો નહિ કે વધારવો નહિ. ૨૫ કાયોત્સર્ગમાં દ્રવ્ય અને ભાવની શુદ્ધિ રાખવી. ૨૬ પાંચે પ્રકારના પ્રમાદોને છોડવાનો પ્રયાસ કરવો. ૨૭ દસ પ્રકારની સમાચારીનું પ્રતિક્ષણ સ્મરણ કરવું. ૨૮ આર્ત્તધ્યાન કે રૌદ્રધ્યાનમાંથી આંખના પલકારે જ બહાર નીકળી જવું. ૨૯ મારણાંતિક ઉપસર્ગોને પણ સહન કરવાની ટ્રેનિંગ લેવી. ૩૦ જ્ઞ અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાનું પાલન કરવું. ૩૧ દોષની સંભાવનામાં પ્રાયશ્ચિત કરવું. ૩૨ સમાધિમરણની ચાહના કરવી.

ઉપર પ્રમાણેના ૩૨ પ્રકારના યોગ સંગ્રહ કરવાથી માનસિક જીવન શુદ્ધ બનશે, વાચિક જીવન સત્યવાદી બનશે અને કાયિક જીવન સાત્ત્વિક બનશે.

૩૩ પ્રકારની ગુરૂ સંબંધીની આશાતના ભાષ્ય ગ્રન્થોથી જાણી લેવી.

ઉપર્યુક્ત એકથી તેત્રીસ સુધીના જે પદો છે, તેમાં હેય તથા ઉપાદેય કયો ? તેનો વિવેક કરી હેય પદોને ત્યાગવા અને ઉપાદેય તત્ત્વોને સ્વીકારવાનો આગ્રહ રાખવો. આ ઉપરાંત જિનોપદિષ્ટ બીજા પણ પદો ઉપર શંકા–આકાંક્ષા રહિત બનીને જીવન જીવવાનો પ્રયત્ન કરવો જોઇએ જેથી ભવ-ભવાન્તરની પરિગ્રહ સંજ્ઞાથી મુક્તિ મળશે.

શ્રેષ્ઠ વૃક્ષથી ઉપમિત પાંચમું સંવરદ્વાર.

પરિગ્રહની નિવૃતિ–વિરમણ કે ત્યાગરૂપ પાંચમા સંવરને એક વૃક્ષ સાથે સરખાવવામાં આવ્યો છે. ઝાડને મૂળ–સ્કંધ–કંદ–ડાળ–મોટીડાળ–પુષ્પ અને ફળ આદિ હોય છે. તેમ ત્યાગ અને વૈરાગ્ય પૂર્વક બાહ્ય અને આન્તર પરિગ્રહના ત્યાગી સાધક મુનિના આન્તર જીવનમાં કેવી કેવી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે ? તે વાતને આર્ય સુધર્માસ્વામીજી આ પ્રમાણે ફરમાવી રહ્યા છે કે, આસન્ન ભવ્ય મહાપુરૂષોનો, ધનધાન્યાદિ બાહ્ય અને કાષાયિક ભાવરૂપ આન્તર પરિગ્રહનો ત્યાગ જ સંવરરૂપી વૃક્ષનો વિસ્તાર છે. ઘેઘૂર વૃક્ષ રમણીય અને શીતલ છાયાનો આપનાર છે, તેવી રીતે જેમ જેમ પરિગ્રહનો ત્યાગ થતો જાય છે તેમ તેમ આત્મામાં રમણીયતા અને સૌને વિશ્રામ દેવાની આધ્યાત્મિક શક્તિનો પ્રાદુર્ભાવ થાય છે. પરિગ્રહ ત્યાગીનું જીવન અહિંસક, તપસ્વી અને ત્યાગપૂર્ણ હોવાથી વિરતૃત

ઝાડની જેમ સૌને માટે વિશ્વસનીય અને વિશ્રામસ્થાનીય બનવા પામે છે. વિશુદ્ધ સમ્યગ્દર્શન કંદની નીચે રહેનાર મૂળ છે. ચિત્તની સ્વસ્થતારૂપ ધૃતિ કંદ છે. મોક્ષ સાધક વિનય વેદિકા સમાન છે. ત્રૈલોકય વ્યાપી યશ સ્કંધરૂપ છે. મહાવ્રતોની આરાધનારૂપ વિસ્તીર્ણ શાખાઓ છે. મન-વચન અને કાયાના સાત્ત્વિક વ્યાપારો અંકુરા સ્થાનીય છે. જૂદા જૂદા ઉત્તર ગુણો પુષ્પ છે અને અનાશ્રવ ફળ સ્થાનીય છે. મેરૂપર્વતની શિખાની જેમ સિદ્ધશિલાની પ્રાપ્તિ સંવરવૃક્ષનો સાર છે. આ સૂત્રથી જાણવાનું સરળ થશે કે આત્મિક જીવનમાં સમ્યગ્દર્શન, ચિત્તની સ્વસ્થતા, મોક્ષસાધક વિનય, અનિત્યાદિ ભાવના તથા સદ્વ્યાપાર આદિ મેળવવા હોય, મેળવેલા રક્ષિત રાખવા હોય તો પરિગ્રહ તો સર્વથા અનિવાર્ય છે. તેમાં પણ આન્તર પરિગ્રહ સર્વથા ત્યાગ કરવા લાયક છે, જે મિથ્યાત્વ, ત્રણ વેદ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા અને કષાયોરૂપે ૧૪ પ્રકારનો છે.

નિષ્પરિગ્રહીને માટે સર્વથા અકલ્પનીય શું છે ?

અરિહંત પરમાત્માઓના માર્ગે ચાલીને કેવળજ્ઞાન મેળવવાની ભાવનાવાળા મુનિરાજોએ પણ નિષ્પરિગ્રહી ધર્મની જ આરાધના કરવી જોઇએ. તે કેવી રીતે સફળ બને ? જવાબમાં સૂત્રકાર ફરમાવે છે કે મુનિઓને તેવા પ્રકારની વસ્તુઓ કલ્પતી નથી. જેમ કે ગ્રામ, આકર, નકર, ખેટ, કર્બટ, મડમ્બ, દ્રોણમુખ, પત્તન, આશ્રમ આદિ સ્થાનોમાં રહેલા મૂલ્યથી થોડી કે વધારે, નાની કે મોટી, ચેતન કે અચેતન,

શંખ, કોડી, કોડા, સ્થાવરકાયરૂપ મણિ, રત્ન, હીરા આદિ દ્રવ્યોને ગ્રહણ કરે નહિ. બીજાઓના દાસ-દાસી, નોકર-ચાકર, હાથી-ઘોડા, ગાય-વાછરડા આદિ પશુઓ, રથ, ગાડી, સાયકલ, બગી આદિ તથા છત્ર, કમંડલુ, બડાઉ, મયૂર પિચ્છ, પંખા, લેવાની ચાહના ન કરે. લોખંડ, તાંબુ, કાન્તાદિક મણિ, છીપ, શંખ, હાથી દાંત, સિંગ, પત્થર, સારી જાતના કાચ, વસ્ત્ર, ચામડાની બનાવટના પદાર્થો મૂર્ચ્છાજનક હોવાથી ગ્રહણ ન કરે. તથા મૂળ ગુણોથી સમ્પન્ન મુનિઓને પુષ્પ, ફળ, કંદ, મૂળ, ધાન્ય, ઔષધ, ભૈષજને ન ઇચ્છે. અમુક રોગને માટે એક જ વનસ્પતિ કામે આવે તે ઔષધ અને બે ત્રણ આદિથી દવા બને તે ભૈષજ કહેવાય છે.

તીર્થંકર પરમાત્માઓએ બધાય પુષ્પો, ફળો અને ધાન્યોમાં સચિતત્ત્વ હોવાથી ત્રસ જીવોને ઉત્પન્ન થવા માટે યોનિરૂપે માન્યા છે. સારાંશ કે જીવ માત્રને ઉત્પન્ન થવાનું સ્થાન યોનિ છે, માટે જ્યાં સુધી યોનિત્વ નાશ ન પામે ત્યાં સુધી તેમાં જીવોત્પત્તિની યોગ્યતા છે. માટે જ ગેહું ચણા આદિમાં અંકુરોત્પત્તિ પ્રત્યક્ષ અનુભવાય છે. માટે પુષ્પો, ફળો કે ધાન્યાદિનો સંગ્રહ જૈન મુનિને માટે અકલ્પનીય છે. કેમ કે કારણ વિશેષને માટે કોઇનો યોનિચ્છેદ કે ધ્વંસ કરવો અહિંસકને માટે નિષેધ છે. જૈન સૂત્રકારે કહ્યું કે જીવન નિર્વાહ માટે સર્વથા અનિવાર્ય હોવાથી સ્વીકારાતી ભિક્ષામાં રાંધેલા ભાત આદિ દ્રવ્યો પણ સંગ્રહ ન કરે તે આ પ્રમાણે-ભાત બાફીને મસાલાવાળા કરેલા અડદ કે મગ, સ્વાદિષ્ટ ખાદ્ય પદાર્થ, સત્થુ,

બોર (બદરી) ના ચૂર્ણથી સ્વાદિષ્ટ કરેલા શાક–દાળ આદિ, મકાઇ, ચોખા કે જુવારની ધાણી, સાકર–ગોળથી મિશ્રિત બાંડેલા તલ, મગ કે તુવેરનું બોસામણ, લોટમાં તલ નાખી કરેલી પુરી, ચણાના લોટ નાખીને કરેલી કચોરી–સમોસા, શ્રીખંડ, મસાલાના વડા, મોતીચૂરના લાડવા, ખીર–દૂધપાક, સાકરના ગાંગડા, દહિં મિશ્રિત ભાત (કરબો) રાબ, મરચા નાખીને વઘારેલા શાક, કઢી, રાઇતા, ચટણી આદિનો પરિગ્રહ રાખવાની ભાવના ન કરે. મતલબ કે પોતાની ક્ષુધાની શાંતિથી અતિરિક્ત–એકેય દ્રવ્યો ન રાખે તથા ઔદ્દેશિક, આધાકર્મી, સંગ્રહિત, સામે લાવેલો, અંધકાર, ઓરડા કે અગાશીમાં રહેલા ભિક્ષાન પૂર્વકર્મ કે પશ્ચાત્કર્મ ન લાગે તેવી ભિક્ષાનો સ્વીકાર કરે, આ પ્રમાણે આચારાંગ સૂત્ર બીજા શ્રુત સ્કંધના પિંડૈષણ અધ્યાયમાં બતાવેલી ભિક્ષા લેવી તથા દશવૈકાલિક સૂત્રમાં પણ ભિક્ષા વિધિ નિર્દિષ્ટ છે.

આન્તર પરિગ્રહ ત્યાગીની આત્મ સમૃદ્ધિ કેવી હોય છે ?

મન–વચન અને કાયા પૂર્ણ રૂપે જેમને સ્વાધીન હોય તે સંયમી, ધનધાન્યના પરિગ્રહનો ભાવ જેમણે ત્યાગી દીધો છે તે વિમુક્ત–પરિગ્રહની રૂચિ જ ખતમ થઇ હોય તે નિઃસંગ આ મારૂં અને આ તારૂં તેવું મમત્વ વિનાનો નિર્મમ તથા ચેતન, અચેતન પ્રત્યેનો સ્નેહ સંબંધ રહિત, દ્રવ્ય અને ભાવ પાપ રહિત, અપકાર અને ઉપકાર કરનાર વાંસલા અને ચન્દન પ્રત્યે એક સમાન ભાવ રાગદ્વેષ વિનાનો, તૃણ–મણિ–મોતી–પત્થર અને સુવર્ણ પર તુલ્ય પરિણામ, સત્કાર અને અપમાન પ્રત્યે

હર્ષ–શોક વિનાનો, વિષય વાસનાનો ઉપશમક, ઉત્સુકતા અને ચંચલતા રહિત, સમદર્શી, જીવમાત્ર પ્રત્યે સમાનભાવ, ભાવ-શ્રમણ, શ્રુતધારક, અવક, આળસ વિનાનો, મોક્ષસાધક, પૃથ્વ્યાદિ જીવોનો રક્ષક, વાત્સલ્યમય, સત્યભાષી, સંસાર સમુચ્છેદક, મરણ રહિત એટલે કે પરિગ્રહ ત્યાગીના જન્મ–મરણના ફેરા ઘટી જાય છે. સર્વે સંશયો છેદાઇ જાય છે. અષ્ટ પ્રવચન માતાનો પાલક, મદરહિત, સુખ દુઃખાદિમાં એક સમાન, સૂક્ષ્મકાર્મણ શરીરને તપાવે તે આભ્યન્તર તપ અને સ્થૂલ ઔદારિક આદિ શરીરને તપાવે તે બાહ્યતપ, આ બંને તપો અપરિગ્રહીને સદૈવ હોય છે. ઇત્યાદિ ગુણો નિષ્પરિગ્રહીના આત્માની સમૃદ્ધિ રૂપે કહેવાયા છે. તદુપરાંત તે મુનિ કાંસ્ય-પાત્રની જેમ સ્નેહ સંબંધ રહિત, શંખની જેમ રાગાદિ કાળાશ રહિત ને કષાયાધીન થવા ન દેવો જોઇએ. જ્યાં પોતાની કમજોરી દેખાય ત્યાં ગુરૂદેવોની અથવા ગીતાર્થોની મદદ પણ મેળવવી જોઇએ.

હવે આપણે અપરિગ્રહ વ્રતને સ્થિર કરવા માટે પાંચ ભાવનાઓને પણ જાણીએ.

(૧) શબ્દ નિસ્પૃહતા :—

મનગમતી પ્રશંસા તથા ખુશામત કરનારા શબ્દોને સાંભળીને આન્તર પરિગ્રહના ત્યાગ પ્રત્યે શ્રદ્ધા રાખનારા મુનિઓએ આગળ કહેવાશે તેવા શબ્દો પ્રત્યે નિસ્પૃહભાવ કેળવવો જોઇએ. તેમાં આસક્તિ કે મોહાવસ્થાને છોડી દેવી

જોઇએ. તથાહિ મધુર સ્વરોને કરનારો ઉત્તમ ઢોલ, મૃદંગ, નાની સાઇઝનો ઢોલ, ચામડાથી મઢેલ કળશ, કાચબાના આકાર જેવું વાદ્યિંત્ર, વીણા, વિપંચી, વલ્લકી, સુઘોષ (ઘંટ વિશેષ) નંદિ (જેમાં ભંભા, મુકુંદ, મર્દલ, કદંબ, ઝાલર, હુડુક્ક, કંસાલ, કલહ, તલીમા, વસ, શંખ અને ઢોલ), દીલરૂબા, બંસરી, તૂણક, વાંસનું વાદ્યિંત્ર, તન્ત્રી, સારંગી, તાળીઓ, મંજીરા, ત્રુટિત આદિ વાદ્યિંત્રો સાંભળવામાં અત્યાસક્ત ન થવું. તથા નટ, નૃત્ય, દોરી પર નાચનારા, મલ્લયુદ્ધ કે મુષ્ટિયુદ્ધ કરનારા, હાંસી-મજાક કરનારા વિદૂષકો, ગાન્ધર્વો, વિદ્યાના ઉસ્તાદો, કુદકા મારનારા, કથા કહેનારા, રાસડા કે ગરબા લેનારા ભાંડ, ભવૈયા તથા ખેલકૂદમાં મસ્ત ન બનવું. તથા કાનમાં કુંડળ, ગળામાં હાર, હાથમાં ખણખણાટ કરતી બંગડીઓ, કમરમાં પટ્ટો, પેડમાં કંદોરો, ઘુઘરીઓથી મુખરિત થયેલા ઝાંઝરો આદિ આભૂષણોને ધારણ કરેલી, મસ્ત ચાલથી ચાલતી સ્ત્રીઓની વાતોને, મજાકને, હાસ્યને કે તાળીઓ પાડતી શૃંગારની વાતો કરનારી મુગ્ધાઓને સાંભળે નહિ, તેની ઇચ્છા પણ કરે નહિ, ઇત્યાદિક મનોજ્ઞ અર્થાત્ મનમાં મસ્તી, આંખોમાં ખુમારી, દિલ અને દિમાગને ભગાડનારી સ્ત્રીઓની વાતો સાંભળવી નહિ. સારાંશ કે રાગને વધારનારા, ઉદીર્ણા કરાવનારા શબ્દોમાં આસક્તિ, ગૃદ્ધિ, મોહ કે રાગ રાખવો નહિ. દીક્ષા પહેલા સાંભળેલા ગીતો, નૃત્યો, રાસડાઓ, ગરબાઓ આદિને સ્મૃતિમાં પણ લાવવા નહિ, તેવી જ રીતે અમનોજ્ઞ એટલે મનને ન ગમતાં શબ્દો પર દ્વેષ-રોષ પણ

કરવો ન જોઇએ. જેમ કે આક્રોશ, પરૂષ, નિંદાત્મક, અપમાનાત્મક, તર્જનકારી, નિર્ભર્ત્સના કરતાં શબ્દો કદાચ સાંભળવામાં આવે તો રોષ ન કરતાં પોતાના કર્મોના ફળનું ચિંતવન કરવું જેથી સ્વીકારેલી દીક્ષા દીપી ઉઠશે, જ્ઞાનધ્યાનમાં વૃદ્ધિ થશે, સંયમભાવ સ્થિર થશે અને સંવરભાવ તથા નિર્જરાભાવ તરફ આત્માને આગળ વધવાનો અવસર મળશે.

(૨) ચક્ષુરિન્દ્રિય સંવર.

ભાવપરિગ્રહને ત્યાગવા માટે તથા તેના સંસ્કારોને પણ નાબુદ કરવા માટે આંખ ઇન્દ્રિયનો સંવર કરવારૂપ આ બીજી ભાવના છે. આંખને ગમતા જેમ કે આપણાથી આગળ ચાલતા બે રૂપાળા છોકરાઓને કે છોકરીઓને અથવા જુવાનીની મદમસ્ત ચાલે ચાલનારા સ્ત્રી-પુરૂષોના જોડલાઓને જોઈ તેમાં આસક્ત ભાવ રાખવો નહિ. સ્ત્રી-પુરૂષ સચિત્ત છે. જ્યારે તેમના બેસવાના સ્થાનો, શયન ગૃહો, હાંસીમજાકના સ્થાનો, આંખોને નચાવતા અને તાળી પર તાળી પાડતા તેમના ફોટાઓ અચિત્ત છે. અને શણગારેલા સ્ત્રી-પુરૂષો મિશ્ર છે. તેમનાં ચિત્રો કાષ્ઠમાં, પાટીઆમાં, પુસ્તકોમાં, પત્થરમાં, હાથી દાંતમાં કંડારેલા હોય કે રંગોલીમાં, કોડીમાં, ભીંતમાં, બાલી શીશીમાં બનાવેલા હોય, તેમને જોઇ આંખમાં આવેલી ચંચલતાને રોકવી તે સંવર છે. શણગારેલા ગામડા, શહેરો, ગલીઓ, દુકાનો, જળાશયો, કમળયુક્ત ચોખંડી કે ગોળ વાવડીઓ, સરોવરોને જોઇ રાજી ન થવું. જ્યાં સ્ત્રી-પુરૂષોના

યુગલો રમતા હોય, બેસતા હોય, હિંચોલે હિંચતા હોય, તે સ્થાનોને છોડી દેવા. મંડપો, તોરણો, પડદાઓ ઉપરાંત બાગ-બગીચા, દેવોની પ્રતિમાઓ, પરબો જોવી નહિ. જૂદા જૂદા વેષ પરિધાન કરનારી નાટક મંડળીઓ પણ જોવી નહિ, જોવાઈ ગયા હોય તો તેમાં આસક્ત થવું નહિ, તેમજ અણગમતા (અમનોજ્ઞ) રૂપ જેવા કે ગંડરોગવાળા, કોઢીઆ, કંઠ રોગી, પેટના રોગી, ખાજખરજવાળા, લંગડા, કાણા, ઠુંઠા, આંધળા, બાડા, હિંગણા, માણસોને જોઈ મન બગાડવું નહિ, હોઠને ફફડાવવા નહિ, તેમ સડી ગયેલા પશુ, પક્ષી કે માનવના મડદાને જોઇ જુગુપ્સા કરવી નહિ, તે ચક્ષુરિન્દ્રિયનો સંવર કહેવાય છે.

(૩) ઘ્રાણેન્દ્રિય સંવરની ત્રીજી ભાવના.

જેના વડે સુંઘાય, સુંઘવાનું થાય તે ઘ્રાણેન્દ્રિય છે. અનાદિ કાળનો આત્મા, ઇન્દ્રિયાધીન હોવાથી પુણ્ય અને પાપોના ફળો ભોગવી રહ્યો છે. તેમાં ઘ્રાણેન્દ્રિય દ્વારા કોઇક સમયે સુગંધ અને બીજા સમયે દુર્ગંધને ભોગવતો તથા તેમાં આસક્ત થતો જીવાત્મા ફરી ફરીથી કર્મોનું બંધન કરે છે. પરંતુ જ્યારે ત્યારે પણ તે આત્મા મોહ રાજાની છાવણીનો ત્યાગ કરી વૈરાગ્ય રાજાનો આશ્રય સ્વીકારે છે, ત્યારે બેકાબૂ બનેલી ઇન્દ્રિયોને કાબૂમાં લઈ તેના પર પોતાનું સામ્રાજ્ય સ્થાપન કરી લીધા પછી શ્રમણધર્મનો માલિક બનવા પામે છે. તેવા સમયે મનોજ્ઞ અને અમનોજ્ઞ પદાર્થો પ્રત્યે રાગ-દ્વેષની પરિ

ણુતિને થવા દેતો નથી. પ્રત્યેક ઇન્દ્રિયો પોતપોતાનું કામ ભલે કરતી રહે પણ આત્માને તેમાં રાગ-દ્વેષ, રતિ, અરતિ, થવા ન પામે તે વાત વૈરાગ્યવંતોએ ખ્યાલમાં રાખવી જોઇએ. સંસારના પ્રત્યેક સ્થળો કે પદાર્થોમાં સુગંધ કે દુર્ગન્ધ રહેલા જ છે અને આત્માને તેનો સ્પર્શ થવાનો પણ છે, ત્યારે સુગંધમાં રાજી ન થવું અને દુર્ગંધના સ્થાને કે સમયે પ્રાણાયામ દ્વારા તે સમયને જતો કરીએ તો વાંધો આવે તેમ નથી.

(૪) રસનેન્દ્રિય સંવર.

જેનાથી વસ્તુમાત્રનો રસ આસ્વાદ લેવાય તે રસના (જીભ) કહેવાય છે. સિદ્ધાવસ્થા પ્રાપ્ત થતા પહેલા છદ્મસ્થ કે કેવળીને પણ ભોજન લેવાનું રહે છે. માન્યું કે કેવળી ભગવંતો ઐર્યાપથિક આશ્રવના માલિક હોવાથી રાગ-દ્વેષ, મોહ, લાલસા માત્રનો નિર્મૂળ નાશ તેમને થયેલો છે. છતાં પણ વેદનીય કર્મ શેષ હોવાથી ભોજનેચ્છા માત્ર બની રહે તેમાં વાંધો નથી. જ્યારે છદ્મસ્થ માત્ર સાંપરાયિક આશ્રવી હોવાથી મોહકર્મની સત્તા તેમને રહેલી છે. માટે મનોજ્ઞ કે અમનોજ્ઞ પ્રત્યેનો રાગ કે દ્વેષ ઉદયમાં ન આવવા દે તે આ ભાવનાનો આશય છે.

(૫) સ્પર્શેન્દ્રિય સંવર.

મસ્તક પર રહેલી ચોટલીના મૂળથી લઇને પગના તળીયા સુધીની ચામડીને સ્પર્શેન્દ્રિય કહેવાય છે. જેમાં ઉપસ્થ

(પુરૂષ અને સ્ત્રી લિંગ) ગુદા (મળ દ્વાર) હાથ–પગ અને ઉદરનો પણ સ્પર્શેન્દ્રિયમાં સમાવેશ થઇ જવાના કારણે ઉપસ્થ–ગુદા–હાથ–પગ કે ઉદરને જૂદી જૂદી ઇન્દ્રિયોને માનવાનું રહેતું નથી. કેમ કે સંસારમાં રહેલા દ્રવ્યમાત્રના સ્પર્શનું જ્ઞાન સ્પર્શેન્દ્રિયથી થઇ જાય છે. મોહ મદિરાના નશામાં જ્યાં સુધી આત્મા બેભાન છે, ત્યાં સુધી ઇન્દ્રિયોની ગુલામી જીવાત્માને સતાવતી હોય છે. ફળ સ્વરૂપે પૌદ્ગલિક ઇન્દ્રિયોથી મારો આત્મા સર્વથા ભિન્ન છે, તેનો ખ્યાલ પણ જીવને હોતો નથી અને મિથ્યાત્વના જોરદાર હુમલાથી જ્યાં સુધી પોતાના અસ્તિત્વનું પણ ભાન જેમને ન હોય, તેઓને ઇન્દ્રિયો પૌદ્ગલિક હોય છે તેનું જ્ઞાન પણ તેમને હોતું નથી. તેમ છતાં નદી પાષાણના ન્યાયે વધારે પડતી અકામ નિર્જરાના કારણે આત્મામાં ભદ્રિકતા તથા ભેદજ્ઞાન એટલે ઇન્દ્રિયો અને શરીરથી મારો આત્મા ભિન્ન છે તેવું અસ્પષ્ટ જ્ઞાન પણ થાય છે અને આત્મા પોતાના ભાનમાં આવે છે તથા ભવિતવ્યતાનો સથવારો યદિ મળી જાય તો જાગૃત બનેલો આત્મા મુક્તિપદ મેળવવાને ભાગ્યશાળી બને છે. અને એક દિવસે આશ્રવોનો ત્યાગ કરી સંવરદ્વારની આરાધનામાં આગળને આગળ વધતો જાય છે.

આ પ્રમાણે તીર્થંકર પરમાત્માઓએ આ વાત કરી છે તેને હે જમ્બૂ! મેં તને તથાપ્રકારે જ સંભળાવી છે.

ગ્રન્થકારનું સમાપ્તિ વચન

દ્વાદશાંગીમાં દસમા અંગ તરીકે પ્રતિષ્ઠિત થયેલ પ્રશ્નવ્યાકરણ (પણ્હાવાગરણં) ગ્રન્થનો એક શ્રુતસ્કંધ છે. જેમાં દસ અધ્યયન છે, એક સરખા પાઠો છે. જે દસ દિવસની તપશ્ચર્યાપૂર્વક ઉદ્દેશા કરી શકાય છે, એટલે કે ભણી શકાય છે. એકાંતરે આયંબિલ કરવા, શેષ વિધિ આચારાંગ સૂત્રની જેમ જાણવી. આજે પણ ૧૪ કાળગ્રહણ દ્વારા દસ દિવસના દસ ઉદ્દેશા અને ચાર આકસંધિ અર્થાત્ ચારે દિવસના લગાતાર આયંબિલ દ્વારા સમુદ્દેશો અને અનુજ્ઞા કરાય છે.

આ પ્રશ્નવ્યાકરણ અત્યુત્તમ આગમીય ગ્રન્થ હોવાથી ખૂબ જ શ્રદ્ધા, ઉપયોગ અને ભાવપૂર્વક તપશ્ચર્યા સહિત તેની આરાધના કરવી, જેથી કલ્યાણમાળા પ્રાપ્ત થાય છે.

समाप्तोऽयं आगमीय ग्रन्थः

卐 卐 卐



લેખકનું સમાપ્તિ વચન

ઉપરિયાળા તીર્થોદ્ધારક, પાલીતાણા ગુરૂકુળના સંસ્થાપક, નવયુગ પ્રવર્તક, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય ૧૦૦૮ શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી (કાશીવાળા) મહારાજના શિષ્યતમ, શાસન દીપક, સ્વ. મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજના શિષ્ય, ભગવતી સૂત્ર સાર–સંગ્રહના ચાર ભાગોમાં ભગવતી સૂત્રને પૂર્ણરૂપે વિવેચિત કરનારા, ન્યાય–વ્યાકરણ–કાવ્યતીર્થ પંન્યાસ શ્રી પૂર્ણાનન્દવિજયે (કુમાર શ્રમણ) પોતાને આશ્રવ સંવરનું જ્ઞાન થાય, આશ્રવનો ત્યાગ થાય, સંવર તરફ પગલા મંડાય તેવા આશયથી જ આ ગ્રન્થને વિવેચિત કર્યો છે.

સૌ જીવો કલ્યાણ પામો,
અહિંસા તત્ત્વની જાણકારી મેળવો. અને
કેવળજ્ઞાન તરફ આગળ વધો એ જ શુભ કામના....

વિજયધર્મસૂરિ સ્વર્ગારોહણ તિથિ
ભાદરવા શુદિ ૧૪
વિ. સં. ૨૦૪૦ : ધર્મ સં. ૬૨
મલાડ (વેસ્ટ)

લિ.
પં. પૂર્ણાનંદવિજય
(કુમાર શ્રમણ)



વાંચકની નોંધ

લેખકના
ઉત્તમોત્તમ ગ્રન્થો....

	કિંમત
ભગવતી સૂત્ર સાર સંગ્રહ ભાગ-૩ (ગુજરાતી) શતક ૧૨ થી ૨૦ સુધી	૧૦-૦૦
ભગવતી સૂત્ર સાર સંગ્રહ ભાગ-૪ (ગુજરાતી) શતક ૨૧ થી સંપૂર્ણ સુધી	૧૦-૦૦
પ્રશ્નવ્યાકરણ (ગુજરાતી) પાના ૬૫૦+૪૦	૧૫-૦૦
બારવ્રત : આવૃત્તિ પાંચમી (સિદ્ધશીલાના સોપાન સાથે)	૩-૦૦
નારી નારાયણી (ગુજરાતી)	૩-૦૦
ભગવતી સૂત્ર સાર સંગ્રહ ભાગ-૩ (હિન્દી)	૧૦-૦૦
જીવન સુખી કેમ બને ? (ગુજરાતી)	૨-૫૦
જીવન સુખી કૈસે બને ? (હિન્દી)	૧-૫૦

: પ્રાપ્તિસ્થાન :

સંઘવી જગજીવનદાસ કસ્તુરચંદ શાહ
Po. સાઠંબા ૩૮૩ ૩૪૦ (સાબરકાંઠા)

યશો વિજય જી ગ્રંથ માળા
ગાંધીચોક, ભાવનગર ૩૬૪ ૦૦૧

સોમચંદ ડી. શાહ
'સુઘોષા કાર્યાલય'
પાલીતાણા ૩૬૪ ૨૭૦ (સૌરાષ્ટ્ર)

સાધના મુદ્રણાલય : દાણાપીઠ, ભાવનગર ૩૬૪ ૦૦૧